મહાભારતમાં યુદ્ધદર્શન



- હિમા યાજ્ઞિક

VISIT…

LANZAROTE Caliente.com

મહાભારતમાં યુદ્ધદર્શન

મહાભારત યુદ્ધ - મહાકવિ વેદવ્યાસની દૃષ્ટિએ

હિમા યાજ્ઞિક

પ્રવીણ પબ્લિકેશન
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
Website : www.pravinprakashan.com
E-mail : pravinprakashan@yahoo.com

MAHABHARAT YUDDH - MAHA KAVI VEDVYASNI DRUSHTIE
By : HIMA YAJNIK
Published by : PRAVIN PUBLICATION, RAJKOT - 360 001

પ્રકાશક :
પ્રવીણ પબ્લિકેશન
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે
ઢેબર રોડ, રાજકોટ
ફોન : (0281) 2232460 / 2234602

પ્રથમ આવૃત્તિ : 2016

ISBN : 978-93-81462-95-9

કિંમત : રૂ. 650

ટાઇપસેટિંગ : મિતેશ પટેલ, 97246 44934

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર)
જિલ્લો : રાજકોટ.

અર્પણ

એકબીજાનાં ભાવો, ભાવનાઓ અને ભૂલોને સ્વીકારીને,
જેમની સાથે ૫૦ વર્ષોની હરખભેર દડમજલ કરી છે તેવા
ડૉ. વિપુલ યાજ્ઞિકને તથા
જેઓને અનેકવિધ વાર્તાઓનો રસાસ્વાદ કરાવી
સંસ્કાર-સિંચન કર્યું છે તેવાં
કૃશાન, ધન્વિન, ઈશાની, કેનિશાને
સસ્નેહ...

'મહાભારત'રૂપી
મહાસાગરનું મહામંથન

મહાકવિ માઘે એક મૌલિક અને માર્મિક ચિંતન કહ્યું છે : "પર્વતમાં ઊંચાઈ તો હોય છે, પણ ઊંડાઈ નથી હોતી, તો મહાસાગરમાં ઊંડાઈ હોય છે, પણ ઊંચાઈ નથી હોતી, પરંતુ સર્વોત્તમ કવિમાં અર્થની ઊંડાઈ અને શબ્દની ઊંચાઈ બંને એકસાથે હોય છે." 'शब्दार्थौ सत्कविरेव द्वयम् विद्वान् अपेक्षते ।' 'મહાભારત' મહાકાવ્યની રચના કરનાર ભગવાન વેદવ્યાસ આવા ક્રાન્તદ્રષ્ટા, સર્વોત્તમ કવિ છે, એટલે એમની વિશ્વવંદ્ય વાણીમાં અર્થોની અતલ અગાધતા અને શબ્દોની ગિરિશૃંગ જેવી ગગનગામી ઊંચાઈ જોવા મળે છે. આ વિધાનને પ્રમાણિત કરનાર વિદુષી લેખિકા બહેન શ્રી હિમા યાજ્ઞિકે લખેલા અને સોળ પ્રકરણોના પ્રલંબ પટ પર વિસ્તરતા અને 'મહાભારત'નાં મોંઘા મૂલનાં પ્રસંગરત્નોથી ઝળહળતા સુંદર ગ્રંથ 'મહાભારત યુદ્ધ - મહાકવિ વેદવ્યાસની દૃષ્ટિએ' હું સાદ્યંત વાંચી ગયો. લેખિકા બહેન શ્રી હિમા યાજ્ઞિક આપણા જૂની પેઢીના વિદ્યાવ્યાસંગી, વિદ્વાન સાહિત્યકાર, ચિંતક અને વક્તા સ્વ. જયસુખરાય પુરુષોત્તમ જોષીપુરાનાં સુપુત્રી છે. શ્રી જોષીપુરા તત્કાલીન વડોદરા રાજ્યના શિક્ષણાધિકારી હતા. તેઓશ્રીએ ઈ. સ. ૧૯૦૪થી ૧૯૧૭ સુધીમાં અનેક ગ્રંથો લખ્યા હતા, વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને અગણિત વિષયો ઉપર લેખો લખ્યા હતા. તેમાં લોકાદર પામેલા ગ્રંથોમાં 'Life and Teaching of Narsinh Mehta', તેનો ગુજરાતી અનુવાદ

'ભક્તકવિ નરસિંહ મહેતા : જીવન અને કવન', 'કવિરત્ન નરસિંહ મહેતા' અને 'ભક્ત કવિ ભોજલ' વગેરે મુખ્ય છે. એક સદી ઉપરાંતનો સમય વીત્યો છે, છતાં આ ગ્રંથરત્નોની રોશનીની ચમક સહેજ પણ ઝાંખી નથી પડી !

લેખિકા હિમા યાજ્ઞિક આવા પ્રતિભાસંપન્ન પિતાનાં સુપુત્રી છે, તેથી આનુવંશિક રીતે સાહિત્યસર્જનના સદ્‌ગુણો એમનામાં સહજ રીતે ઊતરી આવ્યા છે. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રીઓએ એક સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે : 'गद्यम् कवीनाम् निकषम् वदन्ति ।' ગદ્ય લખવું એ સાહિત્યકારો માટે કસોટીનો પથ્થર છે. એમાં એની કુશળતાની કસોટી થઈ જતી હોય છે. પદ્યની અપેક્ષાએ ગદ્યલેખન અઘરું છે; અને વાચકોને મંત્રમુગ્ધ કરે એવું આકર્ષક ગદ્યલેખન તો વિશેષ અઘરું છે. 'મહાભારત યુદ્ધ - મહાકવિ વેદવ્યાસની દૃષ્ટિએ' ગ્રંથમાં હિમા યાજ્ઞિક એમની ગદ્ય-કસોટીમાં શત-પ્રતિશત સફળ થયાં છે. એમ કહેવાય છે અને એમાં તથ્ય પણ છે કે પ્રશિષ્ટ ગદ્ય 'ઉત્કલિકા-પ્રાય' હોવું જોઈએ. 'ઉત્કલિકા-પ્રાય' એવું ગદ્ય હોય છે, જેમાં વચ્ચેવચ્ચે લલિત-કોમલ શબ્દાવલિઓની સુકોમળ કળીઓ ફૂટતી હોય ! કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ વિના હું કહું છું કે હિમા યાજ્ઞિકનું ગદ્ય આ પ્રકારનું છે.

તાજેતરમાં જ પ્રવીણ પ્રકાશન - રાજકોટ નામની પ્રકાશનસંસ્થાએ વિદ્વાન લેખક શ્રી દિનકર જોશીના સફળ સંપાદનમાં આધારભૂત વાચના સાથેના સંપૂર્ણ 'મહાભારત'ના ગુજરાતી અનુવાદ સાથેના કુલ વીસ ભાગ પ્રકાશિત કર્યા છે. વિશ્વવંદ્ય કથાકાર પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે મુંબઈમાં એની લોકાર્પણવિધિ સંપન્ન થઈ હતી. એના છ અનુવાદકોમાં હું પણ એક અનુવાદક છું એનો મને ગૌરવમિશ્રિત આનંદ છે. લેખિકા હિમાબહેને આ સમગ્ર 'મહાભારત'નો સાદ્યંત, સૂક્ષ્મ અને સંવેદનાપૂર્વક અભ્યાસ કર્યો છે. બહેનશ્રીના આ સારસ્વત કાર્યને હું 'મહાભારતરૂપી મહાસાગરનું મહામંથન' કહું છું અને તેમાં ઔચિત્ય પણ છે. પૂર્વ કાળમાં દેવો અને દાનવોએ ભેળા મળીને સમુદ્રમંથન કર્યું ત્યારે એમાંથી ચૌદ રત્નો નીકળ્યાં હતાં. બહેન શ્રી હિમાએ 'મહાભારત'ના મહાસાગરનું એવું મહામંથન કર્યું છે કે એમાંથી અસંખ્ય ઝળહળતાં રત્નો પ્રગટ્યાં છે. 'મહાભારત'માં મહારથી અર્જુન 'સવ્યસાચી' હતો, બંને હાથે કુશળતાથી બાણવર્ષા કરી શકવાની અપૂર્વ ક્ષમતા ધરાવતો હતો. હિમાબહેન જુદા સંદર્ભમાં 'સવ્યસાચી' છે. એમની વાણીનો રથ સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષાઓનાં ક્ષેત્રોમાં વેગપૂર્વક દોડે છે !

આ પુસ્તકમાં તેમણે 'મહાભારત'ના યુદ્ધનાં માત્ર છ પર્વોને જ પોતાના

ગ્રંથનો વિષય બનાવ્યાં છે. આ છ પર્વો એટલે ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સૌપ્તિકપર્વ અને સ્ત્રીપર્વ. કહેવાય છે કે 'युद्धस्य वार्ता रम्या ।' (યુદ્ધની વાતો સાંભળવી કે વાંચવી ગમે છે.) બહેન હિમાએ લખ્યું છે : "મહાભારતયુદ્ધકથા આપણને વાંચવી ખૂબ ગમે છે, પરંતુ એ પણ સત્ય છે કે યુદ્ધકથા રમ્ય હોય છે, પરંતુ યુદ્ધ ક્યારેય રમ્ય ન જ હોઈ શકે. તેના વિશે ઊંડાણથી વિચારીશું તો સમજાશે કે યુદ્ધમાં કેવળ કરુણતા અને ગ્લાનિ હોય છે, ભય, ભયાનકતા અને દુ:ખો જ હોય છે; માણસો, પશુઓ અને પ્રાણીઓને મારવાથી બળતું અંતઃકરણ હોય છે. શૌર્યકથાના ધસમસતા પ્રવાહ નીચે વેદનાનું ઝરણું વહેતું જ રહે છે."

ગ્રંથના આરંભે હિમાબહેન 'આર્ષદ્રષ્ટા મહાકવિ વેદવ્યાસ'નું અત્યંત રોચક, પ્રભાવક અને પ્રસન્નકર શબ્દચિત્ર આપે છે. એ વાંચીને આપણી સમક્ષ ભગવાન વેદવ્યાસની ભવ્ય અને દિવ્ય મૂર્તિ ખડી થાય છે. એમણે કરેલા આ પાત્રાલેખનના 'મધુકોષ'માંથી બેએક મધુબિંદુઓ ચાખીએ તોપણ આખા મધુપાત્રની મીઠાશનો ખ્યાલ આવી જશે. કેવી રોમહર્ષણ છે આ વ્યાસજીની પ્રતિભા ? "બોરસલ્લીનાં ફૂલની માંજર જેવી મધુર શબ્દગૂંથણી કરી જાણનાર વ્યાસજી એટલે જગતનાં અનેક રહસ્યોને સાચવીને બેઠેલા શાંતમુદ્રાધારી ઋષિ, જેમણે 'મહાભારત'રૂપી જ્ઞાનદીપ પ્રગટાવીને ભારતનો અંધકાર દૂર કરવા મશાલ હાથ ધરી છે. અલખના ઓટલે ધૂણી ધખાવીને બેઠેલા આ મહામુનિનાં વચનો મંત્રોના જેવું કામ કરે છે." એક બીજું શબ્દચિત્ર જુઓ :

"વ્યાસજી ખરા અર્થમાં સંપૂર્ણ સાહિત્યકાર છે, કારણ કે ભાંગેલા, ઘવાયેલાં, દુભાયેલાં કે દુણાયેલાં સહુકોઈને પ્રેરણાસ્રોત પહોંચાડીને નવજીવન બક્ષી શકે છે તે જ ખરો સાહિત્યકાર ! એ જ ખરો કલાકાર ! વ્યાસવાણીના પ્રેરણાસ્રોતનો જલપ્રવાહ એવો તો ધસમસતો વહે છે કે જેમ નદીકાંઠે ઊગેલાં વૃક્ષોને નદીનાં પૂરપાણી ઉખેડી નાખે, તેમ વ્યાસજીની બળૂકી વાણી આપણાં મનની બધી દ્વિધાઓને સમૂળી ઉખેડી નાખે છે." વળી, લેખિકાએ કરેલું આ આલેખન પણ અવલોકવા જેવું છે : "'મહાભારત'માં જેટલો વૈરાગ્ય છે, તેટલો શૃંગાર પણ છે. અર્થશાસ્ત્ર જેટલું જ કામશાસ્ત્ર પણ છે. તત્ત્વજ્ઞાનની ધીરગંભીર વાણી સાથે મન ડોલાવી દેતી કાવ્યધારાની વિવિધ ગતિએ દોડતી સરવાણીઓ પણ રમ્યતા ખડી કરી દે છે. આ ધરતીની ધીર ગાથાની સાથે આકાશની અગાધતા પણ આલેખી છે. વ્યાસજી ભૂગોળમાં ભમ્યા છે તો ખગોળમાં પણ અદ્ભુત પ્રવાસ ખેડ્યો છે." મહામુનિ વ્યાસજીના ચરિત્રચિત્રણ પછી એક પ્રકરણમાં હિમાબહેન 'મહાભારત' ગ્રંથની મહત્તાનું મનભાવન ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે, જેમાં

સ્થળે-સ્થળે તેમણે કરેલા 'મહાભારત'ના ગહન અભ્યાસની પ્રતીતિ થાય છે. હું અહીં અવતરણો ટાંકીને લેખનો અનાવશ્યક વિસ્તાર કરું એના કરતાં સુજ્ઞ વાચકો સ્વયં એનું રસપાન કરે એમાં વિશેષ મજા પડશે.

પછીનાં પ્રકરણોમાં મહાભારત-યુદ્ધની વિશિષ્ટતા, રાત્રિદ્વંદ્વોનું સોહામણું અને બિહામણું દર્શન, મહારથીઓના રથોની વિશેષતાઓ, યુદ્ધમાં સંમિલિત કરવામાં આવેલા જાતવાન અશ્વો, મદોન્મત્ત અને ગૌરવશીલ ગજરાજો અને જાતજાતનાં અને ભાતભાતનાં માનવસર્જિત તેમ જ દિવ્ય અસ્ત્રશસ્ત્રોનું વર્ણન કુલ આઠ પ્રકરણોમાં ખૂબ જ ઝીણવટથી અને વિગતવાર દર્શાવ્યું છે. 'મહાભારત'-મહાસાગરનું બહેન શ્રી હિમાએ જે મહામંથન કર્યું તેમાંથી પ્રગટેલાં આ બધાં પ્રકાશિત રત્નો આપણી આંખોમાં આશ્ચર્ય અને અહોભાવનું અંજન આંજે છે.

નવમું પ્રકરણ, જેમાં બહેનશ્રીએ ભીષ્મપર્વથી શરૂ કરીને સ્ત્રીપર્વ સુધીનાં યુદ્ધનાં છ પર્વોનું નિરૂપણ કર્યું છે તે ભલે લંબાણપૂર્વકનું હોય છતાં પણ તે વાંચવું ગમે તેવું છે. યુદ્ધનાં આ છ પર્વોનું વર્ણન માર્મિક, મોહક અને મનભાવન રસદર્શન કરાવીને ગ્રંથની શ્રદ્ધેયતા વધારે છે.

પ્રકરણ અગિયારમાં 'મહાભારત-યુદ્ધની હાનિ, ગ્લાનિ અને નિરર્થકતા બહુ જ ચોટદાર અને દમદાર શબ્દોમાં નિરૂપી છે. પ્રકરણ બારમાં વ્યાસજીનું ભાષાસૌંદર્ય અને પ્રકરણ તેરમાં પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે. તે ઝીણામાં ઝીણી વિગતો અને રસભરી વર્ણનકલાથી વધુ આસ્વાદ્ય બન્યાં છે. યુદ્ધના ભીષણ અને ભયાનક સંજોગોમાં પણ પ્રકૃતિનાં તત્ત્વો માનવ સાથે કેવું તાદાત્મ્ય સાધીને એકરૂપ બની જતાં હોય છે તેની વિગતવાર વાતો શ્રી હિમાબહેને કરી છે. આ રહ્યું તેમનું એક ચિંતનમોતી : ''મહાભારતકથામાં વ્યાસજીએ સનાતન યા ચિરંતન એવાં તત્ત્વોને કુશળતાથી વણ્યાં છે. મનુષ્યજીવન કેવું હોવું જોઈએ તેના વિકાસમાં કેટલાં તત્ત્વો અનિવાર્ય છે તે મહાકવિની આર્ષદષ્ટિએ અદ્ભુત રીતે ચિત્રિત કર્યું છે. વ્યાસજીનો હેતુ જ જીવનમાં આનંદની વસંત ખીલવવાનો છે. તે માટે આ મહર્ષિએ આપણને 'ઋષિચાવી' બતાવી છે અને તે છે - 'પ્રકૃતિદર્શનમાં રસ લેવાની'. પ્રકૃતિને ઈશ્વરની દેણ સમજીને આંતરિક શુચિતા કેળવવાની છે, બાહ્ય આડંબરમાંથી છુટકારો મેળવવાનો છે. આ જ છે રાજમાર્ગ ! વ્યાસજીના 'મહાભારત'માં જાણે કે વિશ્વપ્રકૃતિનું મહાસંમેલન ભરાયું છે !''

હિમા યાજ્ઞિકે તેમના ગ્રંથના ચૌદમા પ્રકરણમાં વ્યાસવાણીમાં ગૂંથાયેલાં પશુઓ, પક્ષીઓ અને વનસ્પતિઓનું જે સવિસ્તર તથા સુંદર શબ્દાવલિથી શોભતું

વર્ણન કર્યું છે તે સંખ્યા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ અનુપમ છે. વૃક્ષો અને પુષ્પોનો ક્યાં, કેવી રીતે અને કેટલી વાર ઉલ્લેખ થાય છે તે દર્શાવ્યું છે. જેમ કે કમલનો સાઠ વાર, ચંદનનો બત્રીસ વાર કેસૂડાંનો પચીસ વાર, તાડનો તેર વાર, સાલવૃક્ષનો નવ વાર - આમ બધાં જ વૃક્ષો અને પુષ્પોનો ઉલ્લેખ કર્યો છે. એ જ રીતે સ્થળચર પ્રાણીઓમાં સિંહનો સહુથી વધુ એકસોતેત્રીસ વખત ઉલ્લેખ થયો છે. વાઘ, ચિત્તો, દીપડો, વરુ, શિયાળ, રીંછ, ઝરખ, રોઝ, ગેંડો અને શરભ પણ એમની કલમની પકડમાંથી છટકી શક્યાં નથી. આમ કીડીથી કુંજર સુધીનાં જીવો અને જંતુઓ અને ગરુડથી શરૂ કરીને કોયલ-પોપટ સુધીનાં આકાશમાં વિહરનારાં વિહંગમોની વિશિષ્ટ વાતો તેમણે કરી છે.

આ બધા જ પશુ-પક્ષીઓ, વૃક્ષો, વનસ્પતિઓ, ફૂલો તથા ફળોનું માત્ર શુષ્ક વર્ણન જ નથી, મહાકવિએ એમને કોઈ ને કોઈ શબ્દ-અર્થના અલંકાર સાથે સાંકળીને વધુ દર્શનીય બનાવ્યાં છે. જેમ કે કર્ણપર્વમાં 'કમળ'નું વર્ણન આ રીતે છે : "ભીમના બાણથી કપાયેલું શૂરવીર સત્યસેનનું ચંદ્ર જેવા મુખવાળું મસ્તક, જાણે દાંડીથી છૂટેલું કમળ જમીન ઉપર પડીને શોભે તેમ શોભતું હતું." તો આ જ કર્ણપર્વમાં યુદ્ધભૂમિનું વર્ણન કરતાં કવિએ 'રક્તચંદન'(લાલ ચંદન)ને સાંકળ્યું છે : "જેવી રીતે સોળ વર્ષની શ્યામા યુવતી સફેદ વસ્ત્રને લાલ ચંદનથી રંગીને પહેરે ત્યારે એ જેવી લાગે તેવી યુદ્ધભૂમિ લાગતી હતી." અને શલ્યપર્વમાં 'કેસૂડા' સાથે યોદ્ધાઓની સરખામણી પણ માણવા જેવી છે : "ભીમ અને દુર્યોધન ગદાયુદ્ધ કરી રહ્યા છે. તેઓનાં અંગેઅંગ લોહીથી લથબથ છે. હાથમાં ભારેખમ ગદાઓ ઉપાડીને લડતા આ બે મહાન યોદ્ધાઓ એવા દેખાતા હતા, જાણે ફૂલોથી ખીલી ઊઠેલાં કેસૂડાનાં વૃક્ષો !" આ આખા પ્રકરણમાં લેખિકા શ્રી હિમા યાજ્ઞિકે યુદ્ધનાં જુદાંજુદાં પર્વોમાં અલંકારો સાથે પ્રકૃતિ, પશુઓ, પક્ષીઓ, પુષ્પો, વૃક્ષો વગેરેની જે ઉપમા અને ઉત્પ્રેક્ષા દર્શાવી છે, તેથી આ પુસ્તકની ઉપાદેયતા વધી જાય છે.

ભગવાન વેદવ્યાસને અઢાર(૧૮)નો અંક અતિ પ્રિય છે તેની એક સવિસ્તર યાદી લેખિકા આપે છે તે જાણવા જેવી છે. અંકવિદ્યાનું આ રહસ્ય પણ આશ્ચર્ય પમાડે છે. 'મહાભારત'માં ૧૮ પર્વ છે. 'મહાભારત'-યુદ્ધ ૧૮ દિવસ ચાલ્યું. 'મહાભારત'માં ૧૮ અક્ષૌહિણી સેનાએ ભાગ લીધો. 'મહાભારત'-અંતર્ગત આવતી 'ભગવદ્‌ગીતા'માં ૧૮ અધ્યાય છે. વ્યાસજીએ ૧૮ પુરાણો તથા ૧૮ ઉપપુરાણોની રચના કરી. તેમાંનું સર્વશ્રેષ્ઠ ગણાતું મહાપુરાણ 'શ્રીમદ્‌ ભાગવત' ૧૮૦૦૦ (અઢાર હજાર) શ્લોકોમાં નિબદ્ધ છે. મુખ્ય ઉપનિષદો પણ અઢાર છે. તેમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા

'ઈશાવાસ્યોપનિષદ'માં કુલ ૧૮ મંત્રો છે. આ બધી વાતો લગભગ બધા જાણે છે, પરંતુ અઢાર અક્ષૌહિણી સેનામાં ચતુરંગી સેનાની વિગતોમાં જે અઢાર અંકનું રહસ્ય પ્રગટ થાય છે તેની ખબર બહુ જ ઓછાને હશે. હિમા યાજ્ઞિકે તેની યાદી આપી છે. એક અક્ષૌહિણી સેનામાં નીચે પ્રમાણે હાથીઓ, અશ્વો અને પદાતિઓની સંખ્યા હોય છે :

૧. રથોની સંખ્યા ૨૧૮૭૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ = ૧૮)

૨. દરેક રથ ઉપર એક સારથિ અને એક યોદ્ધો હોય. તેમની સંખ્યા નીચે પ્રમાણે છે : ૪૩૭૪૦ = (૪ + ૩ + ૭ + ૪ + ૦ = ૧૮)

૩. હાથીઓની સંખ્યા ૨૧૮૭૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ = ૧૮)

પ્રત્યેક હાથી ઉપર એક મહાવત અને એક યોદ્ધા હોય. તેમની સંખ્યા નીચે પ્રમાણે છે : ૪૩૭૪૦ = (૪ + ૩ + ૭ + ૪ + ૦ = ૧૮)

૪. અશ્વોની સંખ્યા ૬૫૬૧૦ (૬ + ૫ + ૬ + ૧ + ૦ = ૧૮)

૫. પદાતિઓની સંખ્યા ૧૦૯૩૫૦ (૧ + ૦ + ૯ + ૩ + ૫ + ૦ = ૧૮)

૬. કુલ સંખ્યા ૨૧૮૭૦૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ + ૦ = ૧૮)

અંકવિદ્યાનું અતિ ગહન રહસ્ય સમજાતું નથી. આ ૧૮ સંખ્યાને હિમાબહેને આગળ પણ વિસ્તારી છે તે હું અહીં વિસ્તારભયે આલેખતો નથી, પણ સુજ્ઞ વાચકોએ એ જાણવા જેવી છે અને રસપ્રદ છે.

'ભગવદ્ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે ભલે કહ્યું : "ધર્મયુદ્ધથી અન્ય કાંઈ પણ ક્ષત્રિય માટે શ્રેષ્ઠ નથી." અને "હે અર્જુન ! સુખી ક્ષત્રિયો જ આ પ્રકારનું ધર્મયુદ્ધ પ્રાપ્ત કરે છે", પરંતુ હકીકતમાં કોઈ યુદ્ધ 'ધર્મયુદ્ધ' નથી જ, એ વિનાશકારી અધર્મ જ છે. શૂરવીરો (ક્ષત્રિયો) એમાં જોડાય છે, તેઓનો નાશ થાય જ છે, પરંતુ પાછળ સમગ્ર પ્રજા માટે દુ:ખો, વેદનાઓ અને વ્યાધિઓ તથા ઉપાધિઓનો સર્વસંહારક દાવાનળ સળગતો રહે છે. માટે ધર્મયુદ્ધ મહાસંહારક છે. ધર્મ જ ધારણ કરનારો, પાલનપોષણ કરનારો અને સુખશાંતિ આપનારો છે. 'મહાભારત'કારે સાવ સાચું કહ્યું છે : "હું હાથ ઊંચા કરીકરીને કહી રહ્યો છું, પણ મારું કોઈ સાંભળતું જ નથી. ધર્મથી જ જગતના સર્વ અર્થો સરે છે અને ધર્મથી જ બધી ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે. હે માનવો ! તમે આવા ધર્મનું સેવન કેમ કરતા નથી ?"

આજના માનવીએ મહાભારત યુદ્ધ કરતાં પણ અત્યંત ભયાનક અને એક

ક્ષણમાં આખી પૃથ્વીનો સંહાર કરી નાખે એવાં શસ્ત્રો શોધ્યાં છે. આખી દુનિયા જાણે કે યુદ્ધમાં હોમાવા તૈયાર થઈને બેઠી છે ત્યારે જેઓની પાસે સંહારક શસ્ત્રો છે તેઓ ભગવાન વેદવ્યાસની આ સાર્થક અને સંતર્પક વાણી સાંભળશે ? મને લાગે છે કે પાંચ હજાર વર્ષોમાં કોઈને ન સંભળાણી, તો આજે તો ક્યાંથી સંભળાશે ?

હિમા યાજ્ઞિકે યુદ્ધની નિરર્થકતા અંગે વાત કરતાં ચર્ચિલના બહુચર્ચિત પુસ્તક 'The Follies of the Victors' (૧૯૧૯-૧૯૨૯) - 'વિજેતાઓની બેવકૂફી'માંથી એક પ્રસંગ ટાંક્યો છે : ''એક દિવસ અમેરિકાના પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે મને (ચર્ચિલને) કહ્યું કે તેઓ જાહેર રીતે બધા પાસેથી બીજા વિશ્વયુદ્ધનાં સૂચનો માગે છે કે આ યુદ્ધને શું કહી શકાય ? મેં તરત જ જવાબ આપ્યો : 'Unnecessary War' (બિનજરૂરી, અનાવશ્યક યુદ્ધ). વિશ્વનાં તમામ યુદ્ધો બિનજરૂરી છે. જરૂરી છે માત્ર શાંતિ, આનંદ અને સુખાકારી.''

'મહાભારત'રૂપી મહાસાગરનું મહામંથન કરીને લેખિકા બહેન શ્રી હિમા યાજ્ઞિકે આપણો ખોબો ભરાય એટલાં મોંઘામૂલનાં સુભાષિતરૂપ મોતીઓ, પ્રસંગરત્નો અને વ્યવહારજ્ઞાનના પારસમણિઓ, જે આપણા લોખંડ જેવા જડ જીવનને શુદ્ધ સોના જેવું બનાવવાની ચમત્કારિક શક્તિઓ ધરાવે છે તે આપ્યાં છે. 'મહાભારત યુદ્ધ - મહાકવિ વ્યાસની દૃષ્ટિએ' ગ્રંથ આપીને લેખિકા હિમાબહેને આપણને ઉપકૃત કર્યા છે. હું આ ગ્રંથને વંદન કરું છું, લેખિકાને અભિનંદન આપું છું, ગ્રંથને ભાવપૂર્વક આવકારું છું અને આ ગ્રંથની મંજૂષામાં સંગ્રહાયેલાં મહામૂલાં મોતીઓની વિરાસતને સંભાળવાની વિનંતી કરું છું.

- મનસુખલાલ સાવલિયા

'ભોજલસ્મૃતિ', રવિપાર્ક
શેરી નં. ૩, બ્લૉક ૧૬૫/૧
ચંદ્રશેખર આઝાદ બાગ સામે
પ્રેમમંદિર પાસે, કાલાવડ રોડ
રાજકોટ - ૩૬૦૦૦૫
મો. ફોન ૯૮૭૯૩૧૨૪૫૪

મનોભાવ

પા-પા પગલી ભરવા શીખતા બાળકને વાર્તાપ્રદેશમાં રમવા લઈ જવું એ માતા-પિતાની હોંશ હોય છે. ભલે સૌ પોતપોતાની કક્ષાએ ભ્રમણ કરતાં હોય, પણ વાર્તાવૈભવમાં બાળકને ઉછેરવું એ પ્રત્યેક માતા-પિતા કે દાદા-દાદી જેવાં વડીલોની મધુર જવાબદારી છે.

કલ્પનાજગતમાં રમમાણ રહેતાં વિહરવું એ બાળકનું સહજપણું છે. વાર્તાઓએ ખીલવેલા ભાવજગતના વટવૃક્ષની વડવાઈઓ ઝાલીને વિચારવિશ્વમાં હીંચકવું અને એ રીતે પોતાના ભાવિ કલ્પનાજગતને આંબવા કોશિશ કરવી એ જ માનવનો કર્તવ્યપંથ.

મારું તો દઢપણે માનવું છે કે પ્રત્યેક ભારતીય માતામાં ઓછાવત્તા અંશે જીજાબાઈનો અણસાર વર્તાય જ છે, જે પોતાનાં બાલુડાંને 'રામાયણ'-'મહાભારત'ની રસલહાણ કરાવી, સંસ્કારસિંચન કરી, પારણિયે ઝૂલતા બાળની માનવવેલને વિકસાવે છે, નવપલ્લવિત - પ્રફુલ્લ બનાવે છે અને જીવનપંથની પગદંડીને હોંશેથી ખેડવાની હામ ભીડે છે.

'સમજે ગીતાસાર અભણ ખેડૂતની જાતિ' - અજ્ઞાનમાં અજ્ઞાન ભારતીયનું પણ આ જીવનસત્ય છે. 'રામાયણ'-'મહાભારત' તો આપણી કરોડરજ્જુ. એ બંને મહાકાવ્યો વિના તો આપણે પાંગળાં બની જઈએ, અંધારે અટવાઈ જઈએ. આપણી ગળથૂથીમાં આ બંને મહાકાવ્યોની મધમીઠી વાતો અને વાસ્તવિકતાની

કડવાણી પાવામાં આવે છે એમ કહીએ તો તે અતિશયોક્તિ નથી. ભારતીય સંસ્કૃતિની આ જ તો છે વિશેષતા.

આપણી સંસ્કારભૂમિની ધરોહર એવાં 'રામાયણ' અને 'મહાભારત' એ તો ક્ષણને શાશ્વતી અર્પતું સૌંદર્યગાન છે. આપણા ડી.એન.એ.માં તેના કેટલા અંશ હશે ? તપાસવા જેવું છે.

જેમ બે ફૂલ મળે ત્યારે તેઓ સિદ્ધાંતોની ગરમાગરમ ચર્ચાઓ કરવામાં લાગી જતાં નથી, પણ મૂક મને અને મુક્ત મને પોતપોતાની સુવાસ જ પ્રસરાવે છે, તેમ 'રામાયણ'-'મહાભારત' બંને અનાયાસ જ પોતપોતાની સુવાસ ફેલાવે છે અને તેથી જ આ બંને મહાકાવ્યોને જરા અને મૃત્યુ સ્પર્શી શક્યાં નથી.

ઘરઆંગણેથી આરંભાતી પ્રત્યેક વ્યક્તિની જીવનયાત્રામાં હું અપવાદરૂપ ક્યાંથી ?

પિતાએ બક્ષેલ કવિતાદર્શન અને તત્ત્વદર્શનની બંને પાંખો વડે મારું ઉડ્ડયન આરંભાયું, ત્યારે માતાએ મારી જીવનયાત્રા સુખદ બને તે માટે સરળતા, સફળતા અને શક્તિ આપતું સંસ્કારભાતું બાંધી આપ્યું અને ગુરુજનોએ દીધેલી ઇતિહાસદર્શનની આંખે આજ સુધીનાં વર્ષોના જગતજીવનના અનુભવો માણ્યા.

જેમ બંને હાથમાંનો એક હાથ વધુ સબળ હોય છે, તેમ બાળપણથી મને 'મહાભારત' વધુ આકર્ષતું રહ્યું છે, તેના પ્રત્યે વધુ લગાવ રહ્યો છે, તેથી 'મહાભારત'ને લગતું જે કાંઈ સાહિત્ય હાથે ચડ્યું તે વાંચ્યું. બાળપણ શ્રી નાનાભાઈ ભટ્ટ અને શ્રી રાજગોપાલાચારી જેવા, સંસ્કારસિંચન કરવા સજ્જ એવા મહાનુભાવોનાં પુસ્તકો વાંચવામાં વીતી ગયું. જિજ્ઞાસા જગાડી, કુતૂહલ પોષાયું, નિજાનંદ માણ્યો. 'મહાભારત'ની કોઈ પણ કૃતિ વાંચતાં ક્યારેય થાક કે કંટાળો વર્તાયો નથી, એકતાનતા પણ લાગી નથી, કારણ, માનસદેશે તો હું વ્યાસ, ધર્મરાજ, દ્રોણ, ભીષ્મ કે ભીમ, કર્ણ કે એકલવ્ય, પાર્થ કે પૃથા, કૃષ્ણ અને કૃષ્ણા એ બધાંના સંગમાં જ રહેતી.

કૌટુંબિક જવાબદારીમાંથી થોડી મુક્ત થઈ અને ઝંખના જાગી આત્મશિક્ષણ અર્થે 'મહાભારત'કાર વ્યાસજીનાં ચરણે બેસવાની.

જેમની કવિતાને જરા કે મૃત્યુ સ્પર્શી શકે તેમ નથી એવા વ્યાસજીના ગ્રંથનો રસાસ્વાદ કરવો અને કરાવવો એ જ વ્યાસજી પાસેથી શિક્ષણ મેળવવાનો ઉત્તમ ઉપાય છે, એમ સમજી આ પુસ્તકનું સંકલન કરવાનો વિચાર કર્યો.

પરંતુ જેમજેમ લખાતું ગયું તેમતેમ મને મારા અધિકાર વિશેની શંકાનું તીવ્ર ભાન થતું ગયું.

ખલીલ ધનતેજવીના શબ્દો યાદ આવ્યા :

ભરબપોરે તું કદી માપી જો તારો છાંયડો,
કેટલું ઊંચું છે તારું કદ, ખબર પડશે તને.

પરંતુ તરત જ કવિ ન્હાનાલાલના શબ્દો મનમાં પડઘાયા :

શ્રીહરિએ કદી કોઈની સાચી શ્રદ્ધાને નંદવી નથી.

મેં મારી મર્યાદા સમજી લીધી અને શ્રદ્ધા ટકાવી રાખી. આખરે મહાભારત યુદ્ધ દરમિયાન ફક્ત અઢાર દિવસો દરમિયાન વ્યાસજીએ જે વાણીવૈભવ વિસ્તાર્યો છે તેની પ્રસાદી આસ્વાદી લેવાનો મનસૂબો કર્યો.

શ્રીકૃષ્ણની પૂજા કરતાં આપણે આચરણ અને અનુકરણ તો દુર્યોધનનું કરીએ છીએ - એ વિચાર આવે છે ત્યારે જીવન જીવવાની કલાને સર્વ કલાઓમાં મુખ્ય ગણતા વ્યાસજી થોડાઘણા સમજાય છે. વ્યાસજીને પૂર્ણ રીતે સમજવાનું તો આપણું ગજું ક્યાંથી ? એટલું ભાન થાય છે કે આપણે કોઈ ખોટા પથ પર ચાલી રહ્યાં છીએ અને ત્યારે ભૂતકાળ સાથે આપણને જોડી દેતો અને ભવિષ્ય માટે પથદર્શક બનતો 'મહાભારત'-ગ્રંથ કેટલો ભવ્ય, ઉત્તમ અને ઉમદા છે તે સમજાય છે.

રાગ-તૃષ્ણા-રહિત કૃષ્ણદ્વૈપાયન એટલે સર્વજ્ઞ અને સર્વ કવિજનોના વિધાતા, જેમણે બદરિકાશ્રમમાં ઘોર તપ કરી, વિષ્ણુની મર્યાદિત માનવઆકૃતિ ધારણ કરી, તેથી ભગવાન બાદરાયણ કહેવાયા. એવા વ્યાસજીરચિત 'મહાભારત' એટલે સાંસ્કૃતિક આત્માનો પરિચય કરાવતી, અનેકત્વમાં અતૂટ એકત્વની ભાવનાભરેલી ભારતની ગૌરવગાથા, જેમાં માનવસ્વભાવની સંસ્કૃતિ સાથે વિકૃતિ પણ હોઈ શકે. મહાન માનવીઓની પણ અમુક મર્યાદાઓને વ્યક્ત કરતી સમર્થ વાણી એ 'મહાભારત'ની પ્રભુતા.

ચહેરા અને મહોરાં વચ્ચેના સંઘર્ષને વ્યક્ત કરતા 'મહાભારત'માં જેવું છે તેવું, સારું કે નરસું, માનવજીવન અને સંસારસ્વરૂપને આલેખ્યું હોવાથી, તેમાં વેદના, વ્યથા, વિલાપ, વલોપાત અને વેર વગેરેના ગાઢ સંબંધોના વાવેતરનું વિહંગાવલોકન કરાવ્યા પછી પણ મંગલ જીવન ભણી દૃષ્ટિ રાખી રહેલ આ મહાકાવ્ય છે. શારદસિદ્ધ મહાકવિએ આપણને જગતયાત્રા કરાવવા સાથે પ્રારબ્ધ

અને પુરુષાર્થની સોગઠાંબાજીની હારજીતનો જાણે સ્વાનુભવ કરાવ્યો છે. તેમના કાળમાં પણ ઈર્ષ્યા, દ્વેષ, રાજકીય ખટપટો, લોહીની નદીઓ વહેવડાવનારાં યુદ્ધો હતાં, છતાં પણ ભગવાન શિવની જેમ વ્યાસજીએ પણ મંથનમાંથી ઉદ્‌ભવેલ વિષનું પાન કરી, જે અમૃત મળ્યું તેનું આપણને પ્રદાન કર્યું છે. વ્યાસવાણી સતત અમૃતઝરાને વહેવડાવતી રહી છે.

અને તેથી જ આ વિરાટ કાવ્યની શબ્દઘોષણા આજે પણ જગતભરના વાતાવરણમાં ગોરંભાતી - પડઘાતી અનુભવાય છે. વ્યાસજીની વાણીના શબ્દપડછંદાનો ઊઠતો મહાઘોષ આપણા કાનમાં ઊઠતો જ રહ્યો છે.

જગદ્‌ગુરુ વ્યાસજીએ માનવને પ્રારબ્ધ, પુરુષાર્થ અને મોક્ષનો માર્ગ ચીંધ્યો હોવાથી આપણે સહજભાવે કહી શકીએ કે હિમાલય વિરાટ છે, તો 'મહાભારત' કાવ્યકથા પણ તેટલી જ વિરાટ છે. એમાં પણ 'શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા' તો 'અનંતા' છે. શાસ્ત્રવિદો અણુમાં વિશ્વદર્શન કરે છે, તેમ 'ગીતાજી'રૂપ મહાઅણુમાં આપણે 'મહાભારત'ને નીરખીએ અને પારખીએ એમાં જ આપણો મોક્ષદાયી કલ્યાણમાર્ગ છે.

વ્યાસજીના ભાષાસૌંદર્યને માણતાં મન, હૃદય અને મસ્તિષ્કને જ્ઞાનની જ્યોત-મશાલ પ્રકટતી હોવા છતાં અત્યંત શાતા પણ મળે છે. અજ્ઞાનનું તિમિર હરાતું જાય છે અને જ્ઞાનયજ્ઞવેદીની જ્વાલાઓ ઝળહળી ઊઠે છે, માટે જ વ્યાસજીને સરસ્વતીના વહેણના પરખંદા કહેવા પડે. એમના જેટલા બીજા સમર્થ કવિવર શોધવા એટલે સૂરજ ઉપર પાણીની સરવાણી શોધવી. એમની કાવ્યશક્તિ કોઈ જડત્વભરેલી જણસ નથી. આ તો હસતું, ગાતું, કલ્લોલ કરતું, પર્વત પરથી રમતું-રમતું, રૂમઝૂમ કરીને દડી આવતું ઝરણું છે. એ ઝરણાના વિવિધ ધ્વનિઓ એટલે કાવ્યશાસ્ત્રના વિવિધ આસ્વાદ્ય રસો અને અગણિત ભાવોર્મિઓ.

'મહાભારત'માં કાવ્યપંક્તિઓની, વર્ણનોની તથા અલંકારોની પુનરુક્તિ થાય છે, પણ સ્થળ-સંજોગને લક્ષમાં લઈએ તો એ બધી જ કાવ્યપંક્તિઓ મનભર માણી શકીએ, કારણ, પ્રત્યેક શ્લોક કે શબ્દપંક્તિ રત્નોજ્જ્વલ હોવાથી અત્યંત પ્રભાવિત કરે છે.

'મહાભારત' તો જગત્કવિતાનું મહાવન છે. અહીં કઠોર વાસ્તવિકતા છે, આદર્શોભરેલાં અડાબીડ વ્યક્તિત્વો છે, કાંટાળા તાજ ખાતર જાન ખોઈ નાખવા તૈયાર થતા માનવીઓના અહંકારનો હુંકાર કરતી સિંહગર્જના છે અને ક્રોધભર્યા ફણાધરના ફૂંફાડા પણ છે. સાથે મૃગલાં સમા ચંચળ અને બાલિશ લાગે તેવાં

સત-અસતના નાનાં-નાનાં તત્ત્વો પણ છે. અહીં પ્રણય-શૃંગારરસનું નિર્ઝરણ છે, તો સામે યુદ્ધવર્ણનનો જાહ્નવીવેગે ધસમસતો પ્રવાહ પણ છે, દ્વંદ્વયુદ્ધની ધીંગી ધમાલ પણ છે અને આંખને છલકાવી દેતા કરુણરસનાં અશ્રુબિંદુઓ પણ છે.

તેથી તો કાવ્યના પ્રાણ સમી કર્ણરસાયણથી ભરેલી વ્યાસજીની શૈલીનો પ્રત્યેક શબ્દ સહેતુક વર્તાય છે. પ્રાણીમાત્રનું સમગ્ર હિત સમાયું હોય તે જ સત્ય અને લોકયાત્રા સુખરૂપ ચાલતી રહે તે જ ધર્મ એવું માનતા વ્યાસજી ક્ષણેક્ષણે પોતાની અપાર વિચક્ષણ દૃષ્ટિ વડે ધર્માનુસાર જીવનશૈલી અપનાવવા આપણને જાગૃત કરતા રહે છે.

પ્રકૃતિના આ પ્રેમાળ પૂજારીને જગતમાં કશું જ જડ નથી લાગતું, તેથી ચૈતન્યની ઊર્મિઓનાં ધસમસતાં મોજાંઓનાં ભરતીઓટ તેઓ માણતા રહ્યા છે. પ્રકૃતિની મનોહર લીલાના શબ્દચિત્રમાં પણ માનવહૃદયના વિવિધ ભાવોની રંગોળી પૂરી નિસર્ગની નિરાળી તસવીર તેઓ સર્જતા રહ્યા છે.

સુંદરતા કેવળ બગીચામાં જ હોય એવું નથી. વગડાને પણ એનો પોતીકો વૈભવ હોય છે, ખાસ જાતનો ઠસ્સો હોય છે. કેટલીય ચીજો એવી હોય છે, જે આપણને તદ્દન અર્થહીન લાગે, ક્ષુલ્લક લાગે, પરંતુ તેમાંથી સૌંદર્ય શોધી કાઢવાની કલાકારની - શિલ્પકારની દૃષ્ટિ રાખી વ્યાસજીએ મહાયુદ્ધના જુગુપ્સાપ્રેરક પ્રસંગોમાં પણ અદ્‌ભુત શિલ્પકૃતિ કંડારી જાણી છે. પથ્થરની મોટી શિલામાં પણ શિલ્પકારને પથ્થર નથી દેખાતો, પરંતુ કોઈ નટરાજ, કોઈ બાલકૃષ્ણ, કોઈ પનિહારી, કોઈ વટવૃક્ષ જ દેખાય તેવી વ્યાસજીની દૃષ્ટિ છે.

વ્યાસજીનો સંદેશ છે કે તમારી સન્મુખ પાથરેલાં સુખ અને સૌંદર્યને, તેના પ્રત્યેક પાસાને માણજો અને પ્રત્યેક ઇન્દ્રિયનો પૂરેપૂરો ઉપભોગ કરજો, કારણ, 'સઘળું સારું, સઘળું સુંદર, ફેર પડે છે નજરનજરનો.'

આ ટાણે એક હિબ્રુ કહેવત યાદ આવે છે : 'મૌન એ શાણપણની શરૂઆત છે. બીજું પગથિયું છે ધ્યાનથી સાંભળવું તે.'

યુદ્ધવર્ણનમાં પણ જે અલંકૃત ભાષા છે તે માણવા અને મમળાવવા જેવી છે.

'મહાભારત'માં પાત્રોનું આલેખન એટલે મહાકાય માનવરાજનું વ્યક્તિચિત્રણ. જેમ 'મહાભારત'ના સાગરશબ્દો, શબ્દઘોષણાઓ અને શબ્દના મહાનાદને ધ્યાન ધરીને સાંભળી, વાગોળવા જેવાં છે, તેમ તેમાંનાં પાત્રોના પડછંદા પાડતાં

વાગ્યુદ્ધો, દિશાઓ ગજવી મૂકીને લીધેલી પ્રતિજ્ઞાઓ, હુંકાર કરતા પ્રતિધ્વનિઓ પણ માણવા જેવાં છે. માનવમનની નિગૂઢ પ્રક્રિયાને ધૃતરાષ્ટ્ર, ગાંધારી, શકુનિ, ભીષ્મ, કુંતી કે કર્ણ જેવાં પાત્રોથી એવી તો સચોટતા દર્શાવી છે કે તે પાત્રોના મનની આંતરખોજ કરવી આપણા માટે કદાચ અશક્ય જ !

આજે આપણને પ્રશ્ન ઊઠે જ કે આવું મહાભીષણ, કરાલકાળની ઘોષણા કરતું યુદ્ધ થયું કયા કારણે ? કોઈ એકાદ કારણ તો ન જ હોય. મુશળધાર વરસાદ, પવનની મારમાર કરતી ભયંકર ગતિ, પર્વતોની ઊંચી ગરવાઈને કારણે નીચે ધસી આવતાં ઝરણાં અને એ ઝરણાંઓનો 'જ્ઞાતિમેળો' એટલે નહીં. એ નદીઓનું આત્મસમર્પણ એટલે સાગર.

તે જ પ્રમાણે અનેક વ્યક્તિઓનાં અનેકવિધ ચિત્રવિચિત્ર માનસને પરિણામે ઉદ્‌ભવેલું મહાભારત (યુદ્ધ) એટલે વિરાટના ઝાકમઝોળ હીંડોળાનું અટકસ્થાન !

જીવન-જગતના પ્રત્યેક વ્યવહારમાં માણસે ક્યાં, ક્યારે અને કેવી રીતે અટકવું જરૂરી છે એનો અંગુલિનિર્દેશ કરતું મહાકાવ્ય તે જ મહાભારત !

જુઓ ને, ભીષ્મે સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ જડ પ્રતિજ્ઞાબદ્ધતા ન રાખી હોત તો કેટકેટલા પ્રસંગો નિવારી શકાયા હોત ! અને એમાંય યુદ્ધનાં મંડાણ તો ન જ મંડાત, કારણ, ઇચ્છામૃત્યુને વરેલા અજેય મહાયોદ્ધા ભીષ્મ યુદ્ધ લડવા તૈયાર ન થાત તો યુદ્ધ શરૂ થવું જ અશક્ય. કાર્ય-અકાર્યના ભેદને ન જાણનાર અથવા તો તે માટે દુર્લક્ષ રાખનાર ગર્વિષ્ઠ દ્રોણે દ્રુપદના અપમાનને ગળી ખાવાનું હતું. મનમાં ભલે ભંડારી રાખે, પણ તેમણે બદલો લેવા ખાતર શિષ્યોનો ઉપયોગ કર્યો. અટકસ્થાને અટક્યા હોત તો ?

યજ્ઞજ્યોતમાંથી ઉદ્‌ભવેલી યાજ્ઞસેનીએ ભડભડતી જ્વાલાના લપકારા સમા અટ્ટહાસ્ય સાથે 'અંધના દીકરા અંધ' કહી ઉપાલંભ આપ્યો ન હોત તો અપમાનની ચિનગારી ચંપાઈ ન હોત.

યુધિષ્ઠિર 'અશ્વત્થામા હતઃ' કહીને અટકી ગયા હોત તો સત્યધર્મનિષ્ઠાને ઊની આંચ ન આવત અને લાંછન ન લાગત.

વિષ્ટિ કરવા આવેલા શ્રીકૃષ્ણે ભરસભામાં વિરાટદર્શન કરાવ્યું, છતાં ઉદ્દંડ, અભિમાની, અવિચારી, સત્તાભૂખ્યો દુર્યોધન અટક્યો નહીં અને તેણે સોયની અણી જેટલી ભૂમિ પણ ન આપવાનાં વચનો કાઢ્યાં.

ધૃતરાષ્ટ્ર તો જગતનું ઉત્તમમાં ઉત્તમ ખલપાત્ર છે, એટલે એણે ક્યાં અટકવાનું હતું તે શોધવું જ મુશ્કેલ.

આવાં તો અનેક ઉદાહરણો છે, જેમાં વ્યક્તિએ અટકી જવાનું હતું, પણ...

'મહાભારત' વિશે અપાર લખાયું છે. તે મહાસમંદરમાં વ્યાસજીનો યુદ્ધના અઢાર દિવસો દરમિયાનનો વાણીવૈભવ દર્શાવતું એકાદ બિંદુ ઉમેરી કૃતાર્થ થઉં છું.

બાકી તો મારી દૃષ્ટિએ...

દિનકર જોષીએ વેદવ્યાસની વાચા કંડારતું સંસ્કૃતિનું સુવર્ણમંદિર રચ્યું છે. મંદિરના આંગણમાં કરસનદાસ માણેક પિત્તળની ઝગમગતી માણ લઈને રસભરી-રમતિયાળ શૈલીથી આખ્યાનકથા ગાય છે; ગુણવંત શાહ ભવ્યાતિભવ્ય 'મહાભારત'-ગ્રંથ અને વ્યાસજીની ગરિમાયુક્ત આરતી ઉતારી આપણને આશકા લેવા આમંત્રે છે. હરીન્દ્ર દવે વિષ્ણુ-અવતારી શ્રીકૃષ્ણ સહિત સર્વ પાત્રોને સોળે શણગારે સજાવી અલંકૃત કરી આકર્ષે છે અને ન્હાનાલાલ તો મહાભારતયુદ્ધની પરાક્રમગાથા ગાઈને કાળરમણે 'ચ્હડેલી' મહાશક્તિનાં દર્શન કરાવે છે અને બહાર ઊભેલા ઓશો હાથ ફેલાવીને તર્કશુદ્ધ દૃષ્ટિથી સંસ્કૃતિમંદિર મધ્યે રહેલા શ્રીકૃષ્ણના બુદ્ધિચાતુર્યને પ્રણિપાત કરી રહ્યા છે, ત્યારે સાથેસાથે અન્ય અગણિત સંસ્કારસિદ્ધ શ્રદ્ધાળુઓ ગગનભેદી જયઘોષ કરી રહ્યા છે.

આ પુસ્તકમાં દિનકર જોષી દ્વારા સંપાદિત 'વેદવ્યાસ-રચિત મહાભારત' પુસ્તકમાંના યુદ્ધવર્ણનમાં પ્રયોજાયેલી અલંકૃત ભાષાનો પણ ઉપયોગ કર્યો છે તે માટે તેમનો આભાર માનું છું.

સંતની સદ્‌ભાવના સત્કાર્યને સામર્થ્ય બક્ષે છે, તે સંદર્ભે પૂ. મોરારિબાપુનાં આશીર્વચને ગ્રંથના લખાણને ઝાઝું બળ પૂરું પાડ્યું છે અને પ્રકાશનને વધુ ઊજળું બનાવ્યું છે. અતિ આદરસહિત અહીં એમનો ઋણસ્વીકાર કરું છું.

- હિમા યાજ્ઞિક

૨૦, બાલાજી બંગલોઝ,
રામાકાકાની દેરી સામે,
છાણી, વડોદરા, ૩૯૧ ૭૪૦
મો. ૯૮૯૮૩ ૦૦૩૪૪, ૯૮૯૮૮ ૩૧૦૦૩

॥ રામ ॥

મહાભારત [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]. [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]. મહાભારતનાં
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]. [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible]!

રામ સ્મરણ સહ,

[illegible]

[illegible]
21-12-2015

લેખિકાની અન્ય કૃતિઓ

1. પર્વ (ગુજ. સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત) : 1983, 1985
2. ખટમધુરાં : 1984, 1988
3. મેં પ્રાર્થ્યું કે... : 1989
4. વહાલાને વઢીને કહેજો રે... : 1990
5. આપણા સંતકવિઓ : 1990
6. માદક દ્રવ્યો : 1990
7. કહેવત-મંજૂષા : 1993, 2015
8. મધ્યકાલીન ભક્તકવિઓ : 1997
9. સંર્વપ્રથમ પ્રદાન : 2000
10. વેદકાલીન વ્યવસ્થા : 2014

અ-નુ-ક્ર-મ

1. આર્ષદ્રષ્ટા મહાકવિ વેદવ્યાસ 23
2. 'મહાભારત'ગ્રંથ એટલે... 30
3. મહાભારત યુદ્ધની વિશિષ્ટતા 41
4. રાત્રિયુદ્ધ 57
5. મહારથીઓના રથ 63
6. જાતવાન અશ્વો 79
7. ગૌરવશીલ હાથીઓ 92
8. વૈવિધ્યપૂર્ણ અસ્ત્રશસ્ત્ર 111
9. યુદ્ધવર્ણનમાં શબ્દલાલિત્ય 120
   i ભીષ્મપર્વ 120
   ii દ્રોણપર્વ 181
   iii કર્ણપર્વ 249
   iv શલ્યપર્વ 311
   v સૌપ્તિકપર્વ 338
   vi સ્ત્રીપર્વ 342
10. સંવેદનાજગવતી યુદ્ધનદીઓ 354
11. યુદ્ધહાનિ, ગ્લાનિ, નિરર્થકતા 361
12. વ્યાસજીનું ભાષાસૌંદર્ય 388
13. પ્રશિષ્ટ પ્રકૃતિનિરૂપણ 396
14. વ્યાસવાણીમાં ગૂંથાયેલાં પશુપક્ષી, વનસ્પતિ 404
15. વ્યાસજીને વહાલો 18નો અંક 419
16. ઉપસંહાર 429
17. સંદર્ભગ્રંથો 447

□

મહાભારત યુદ્ધ -

મહાકવિ વેદવ્યાસની દૃષ્ટિએ



હિમા યાજ્ઞિક

1

આર્ષદ્રષ્ટા મહાકવિ વેદવ્યાસ



જેનું મૂળ નામ 'જય' છે તેના રચયિતા મહર્ષિ વેદવ્યાસથી કોણ અપરિચિત હોય ?

વ્યાસજી એટલે મહર્ષિ વસિષ્ઠના પ્રપૌત્ર, શક્તિના પૌત્ર, પરાશરના પુત્ર અને શુકદેવના પિતા - આ એક ઓળખ. બીજી ઓળખ છે - પરાશર મુનિ અને મત્સ્યગંધાના ઋષિવર્ય પુત્ર. તો વળી કુરુવંશની વેલને સજીવન રાખી, વંશવૃદ્ધિ કરનાર બીજક્ષેપક બની ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના પિતા થયા એ એમની ત્રીજી ઓળખ.

આમ, વ્યાસજીને ચાર પુત્રો છે : એક શુકદેવ, જે મહાજ્ઞાની. બીજા ધૃતરાષ્ટ્ર, જે મહાશઠ. ત્રીજા પાંડુ, જેઓ મહાવૈભવવિલાસી અને મહત્ત્વાકાંક્ષી અને ચોથા વિદુર, જેઓ મહાવિશુદ્ધહૃદય, પરમ વૈષ્ણવ અને ધર્મનો અવતાર. વ્યાસજીનાં પત્ની તે અરણિદેવી.

વ્યાસજી માટે કહ્યું છે : "એમને ચાર મુખ નથી છતાં બ્રહ્મા છે; એમને બે જ બાહુ છે છતાં બીજા હરિ છે; એમના કપાળે ત્રીજું નેત્ર નથી, પરંતુ શંભુ છે."

વ્યાસજી એટલે જ્ઞાન અને સર્ગશક્તિમાં બ્રહ્મા અને જેમણે બદરિકાશ્રમમાં ઘોર તપ કરી વિષ્ણુની મર્યાદિત માનવઆકૃતિ ધારણ કરી, તેથી 'ભગવાન બાદરાયણ' તરીકે વિખ્યાત થયા. પરાશરના પુત્ર હોવાથી 'પારાશર્ય' કહેવાયા અને શ્યામનીરા યમુનાના બેટ પર જન્મ્યા હોવાથી 'કૃષ્ણદ્વૈપાયન' તરીકે જાણીતા થયા. વળી, ભારતીય સંસ્કૃતિના પુરાણપ્રસિદ્ધ ઉદ્દગાતા છે, તેથી તેઓ 'વેદવ્યાસ' કહેવાયા.

'વ્યાસ' એટલે વિસ્તૃત કરનાર. વેદને વિસ્તૃત રીતે સમજાવી શકનાર વ્યાસમુનિ એટલે ભારતીય સાહિત્ય અને ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રણેતા. અનુશ્રુતિના મત પ્રમાણે મહર્ષિ વ્યાસ તેમના પૂર્વે થઈ ગયેલા ઋષિઓ દ્વારા રચાયેલા વેદમંત્રોને સંહિતાનું સ્વરૂપ આપનાર મહાસમર્થ કવિ છે. 'બ્રહ્મસૂત્ર', 'શ્રીમદ્ ભાગવત', મહાપુરાણો આદિના કર્તા વ્યાસ 'વેદસંહિતા' રચનાર પ્રથમ સંપાદક છે. વાલ્મીકિને બાદ કરતાં વ્યાસજી સમસ્ત વિશ્વના પ્રથમ સાહિત્ય-ઉપાસક છે એમ કહીએ તો અતિશયોક્તિ ન કહેવાય.

મંત્રજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ભક્તિનો શબ્દબદ્ધ ત્રિવેણીસંગમ તેમણે રચ્યો છે, છતાંયે ભારતની પ્રજા તો તેમને 'મહાભારત'ના રચયિતા તરીકે જ વધુ ઓળખે છે. વ્યાસજી ન હોત તો 'મહાભારત'નું અસ્તિત્વ જ શક્ય બન્યું ન હોત. એથી જ આપણે તેમને અતિ આદર સાથે વંદનીય ગણીને સન્માનીએ છીએ.

વ્યાસજી વિશ્વકવિ છે, જેમની મહાકૃતિનો પ્રત્યેક શબ્દ સહેતુક છે. કઠોર વાસ્તવિકતા સાથે આદર્શભરેલા અડાબીડ વ્યક્તિત્વનો અહંકારભર્યો હુંકાર દર્શાવવા અનેક પ્રસંગો યોજીને જગતનાં સત-અસત તત્ત્વોને તેમણે વ્યક્ત કર્યાં છે.

'મહાભારત'કથા આમ તો એમની કુળકથા જ છે, તેથી જ કદાચ પહેલેથી છેલ્લે સુધી આ મહર્ષિ સારામાઠા પ્રસંગે ઉપસ્થિત થતા રહે છે, યોગ્ય સલાહ-સૂચન પણ આપે છે. એમને પરિવારજનો માટે માનવસહજ પ્રીતિ છે.

વ્યાસજી પરિવારના અને ધર્મના મોભી છે, કર્ણધાર છે. મોભને તો બંને બાજુથી ખીલાનો માર સહેવો પડે છે, તેમ વ્યાસજી કૌરવ-પાંડવ બંને તરફ સહાનુભૂતિ અને સ્નેહ રાખતા હોવાથી બંને તરફનાં દુઃખ અનુભવે છે.

એવા આ ભગવાન બાદરાયણ મહાજ્ઞાની, લોકોત્તર, તત્ત્વજ્ઞાની અને પ્રખર માનસશાસ્ત્રજ્ઞ છે. માનવજાતિ માટે અંતઃકરણમાં અત્યંત પ્રેમ છે, તેથી તો કોઈનું

પણ રૂડું થાય તેમાં તેઓ રાજીપો બતાવે છે અને ભૂંડું થાય ત્યારે તેમના મન પર ભાર વરતાય છે.

જીવન અને ધર્મ વચ્ચે સુમેળ રાખવાનું આર્ય પ્રજાએ અનિવાર્ય ગણ્યું છે, કારણ, આનંદશંકર ધ્રુવ કહે છે તેમ : 'માનવજીવન અને ધર્મને નાડી-પ્રાણનો સંબંધ છે. ધર્મની નાડીમાં પ્રજાનો પ્રાણ ટકી રહ્યો છે.' વ્યાસજીએ 'મહાભારત'માં જીવન જીવવાની કલા સાથે જ આદર્શમાં વ્યવહાર અને વ્યવહારમાં આદર્શના તાણાવાણા ગૂંથીને અદ્ભુત ભાતીગળતા ઊભી કરી છે. ધર્મને ખરી લેવાદેવા ભગવાન સાથે નહીં, માણસ સાથે હોવી જોઈએ, જેથી તે જાગૃતિપૂર્વક જીવે અને સાચો આસ્તિક બને. આ હેતુને ધ્યાનમાં રાખીને જ વ્યાસજીએ ધર્મને જીવનવ્યવહાર સાથે આલેખ્યો છે. જેમના શબ્દજળથી આપણે ધર્મભીના રહી શક્યા છીએ તેવા કવિના આ માનસને પ્રણામ.

જીવન, જગત, ધર્મ અને આસ્તિકતા - બધુંય માનવ સાથે, ઉપરાંત પ્રકૃતિનાં તમામ તત્ત્વોને પણ ગૂંથી લઈને વ્યાસજીએ પોતાનો સર્વ જીવો સાથેનો સ્નેહતંતુ અણતૂટેલો રાખ્યો છે.

બોરસલ્લીનાં ફૂલની માંજર જેવી મધુર શબ્દગૂંથણી કરી જાણનાર વ્યાસજી એટલે જગતનાં અનેક રહસ્યોને સાચવીને બેઠેલા શાંતમુદ્રાધારી ઋષિ, જેમણે 'મહાભારત'રૂપી જ્ઞાનદીપ પ્રગટાવીને ભારતનો અંધકાર દૂર કરવા મશાલ હાથ ધરી છે. અલખના ઓટલે ધૂણી ધખાવીને બેઠેલા આ મહામુનિનું વચન મંત્ર જેવું કામ કરે છે.

વ્યાસજી એટલે એક સંસ્કૃતિપુરુષ, જેમણે જીવનની સત્યરૂપી સતત વહેતી નદીને ધ્યાનસ્થ થઈને દિવ્યતા અને ભવ્યતાપૂર્ણ આલેખી છે. જીવનધર્મની રસમીમાંસાથી વ્યાપ્ત એવા 'મહાભારત'ગ્રંથમાં જીવનનાં તમામ પાસાંઓનાં દ્વંદ્વને ખૂબ સહજતાથી તેમણે આલેખ્યાં છે અને આપણને જીવનસત્ય સમજાવ્યું છે કે અંધશ્રદ્ધા વિના ડૂબવું એટલું કઠિન છે જેટલું શ્રદ્ધા વિના તરવું કઠિન છે.

જે બાળકને જન્મતાંની સાથે જ વેદપ્રાપ્તિ થઈ હતી એવા આ કવિજનના મુખમાં જ જાણે સરસ્વતીદેવી રહેવા ટેવાયેલાં છે, તેવા વિશ્વકોષરૂપ વ્યાસજી પુરાણપુરુષ વિષ્ણુના માનસ-અવતાર મનાતા હતા. જેઓ જન્મથી જ જ્ઞાની છે તેઓ 'અંધ બની પરંપરાની પૂજા કરનારનો ઉદ્ધાર થતો નથી' તેવો પોતાનો મત દૃઢપણે જાહેર કરે તેમાં શું આશ્ચર્ય ! અને તેથી જ બ્રહ્માએ જણાવ્યું છે :

"હે વ્યાસ ! તમે રહસ્યજ્ઞાન જાણવાથી અને વિશિષ્ટ તપ કરવાથી બધા મુનિઓમાં શ્રેષ્ઠ છો."

મહર્ષિ વ્યાસજી એટલે જગદ્ગુરુ. કોઈ પણ સમસ્યાનું સુપેરે માર્ગદર્શન કરાવે તેને ગુરુ કહેવાય. વ્યાસજીએ આપણી તમામ સમસ્યાઓનો ઉકેલ આપી દીધો છે. તેમણે જેટલો પુરુષાર્થ શીખવ્યો છે તેટલો જ મોક્ષમાર્ગ ચીંધ્યો છે. આ લોક અને પરલોકના તેઓ પથદર્શક છે. વ્યાસજીના કારણે તો જગત-આખું પ્રકાશિત છે. એમની હૃદયવાણી પ્રમાણે જ જાણે બધું બનતું આવતું હોય તેવી પ્રતીતિ થતી રહે છે, કારણ, વ્યાસજી સ્વભાવે સત્યવાદી, તટસ્થ અને ન્યાયી છે.

ખીલેલા કમળપુષ્પ સમાં નેત્રવાળા, કાંતિમાન, પવિત્ર, વિશાળ પ્રતિભા ધરાવનાર વ્યાસજી એટલે તટસ્થ અવલોકન કરી, જ્ઞાનભરી વાતો સાથે વ્યવહારદક્ષ ડહાપણ શીખવનાર ઇલમી જણ. નિત્ય-નિરંતર સાવધાન રહેનાર આ મહાકવિ અનેક બોધકથા, જ્ઞાનકથા અને દૃષ્ટાંતકથાઓ વડે વીંટળાયેલી તેમની કુળકથા - કુટુંબકથા એટલી તો સચોટતાથી કહે છે કે શિલાલેખની જેમ તેમના શબ્દો આપણા માનસ પર કોતરાઈ જાય છે.

પોતાના જ પરિવારજનોના ગુણ-દોષ રજૂ કરનાર અને સ્વજનોની સારી-માઠી વાતો તટસ્થભાવથી વ્યક્ત કરવાનું ગજું ધરાવનાર આ મહાકવિએ જેમ વીરકાવ્ય રચ્યું છે, તેમ તેમનામાં રહેલી સત્યનો સામનો કરવાની વીરતા પણ જેવીતેવી નથી. કહેવાય છે કે સત્ય બોલવાનો આગ્રહ રાખનારે સત્ય સાંભળવાની પણ તૈયારી રાખવી પડે. સ્વજનોની પણ કડવી સત્ય વાત સાંભળવી એ એક પ્રકારની વીરતા છે, ખેલદિલી છે, ન્યાયસંગત દૃષ્ટિ છે.

'ઐતરેયોપનિષદ'માં પ્રાર્થના છે : "હે પરમાત્મા ! મારી વાણી મારા મનમાં સ્થિર થાઓ અને મારું મન મારી વાણીમાં સ્થિર થાઓ."

ભગવાન વ્યાસજીએ આ પ્રાર્થના અહર્નિશ કર્યા કરી હશે અને તેથી જ માનવમનના અને પ્રકૃતિના ગૂઢ કોયડા તેઓ ઉકેલી શક્યા છે, તમસભર્યા સર્વ જીવોને ઉજમાળી દૃષ્ટિનું દાન દઈ શક્યા છે.

વિચારપુરુષ વ્યાસજી અમર થઈ ગયા છે, કારણ, તેઓ વચનસિદ્ધ છે અને વચનસિદ્ધ હોવાનું કારણ તેમની સત્યવાદિતા છે. વ્યાસજી વાણીની સિદ્ધિનો વેણુનાદ છે. જેમ શ્રીકૃષ્ણનો વેણુનાદ આજે પણ આપણા કાનમાં ગુંજતો રહ્યો છે, તેમ વ્યાસજીનું કાવ્યગાન પણ ગમે તેટલો કાળપ્રવાહ વહે છતાં ક્યારેય ઝાંખું કે

પાંખું થવાનું નથી. વાણીના સંગીતરૂપી મહાસાગરને પેલે પાર બે જ પહોંચ્યાં છે : એક સરસ્વતીદેવી અને બીજા વાગ્દેવીનું વરદાન લઈને અવતરેલા વ્યાસજી.

વ્યાસજીના લેખનમાં એક તપશ્ચર્યા છે, જે તેમનાં વેદપુરાણો, ઉપનિષદો અને 'બ્રહ્મસૂત્રો'માં આપણે અનુભવીએ છીએ. માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન જેવા અનેકવિધ વિષયોને પ્રકાશિત કરવામાં એમણે જે ફાળો આપ્યો છે તેના પરથી આપણે ફક્ત એટલું જ બોલી શકીએ : "વ્યાસજી જેવી વ્યક્તિ - ન ભૂતો ન ભવિષ્યતિ."

વ્યાસજી ખરા અર્થમાં સંપૂર્ણ સાહિત્યકાર છે, કારણ, ભાંગેલાં, ઘવાયેલાં, દુભાયેલાં કે દુણાયેલાં - સૌકોઈને પ્રેરણાસ્રોત પહોંચાડી નવજીવન બક્ષી શકે તે જ ખરો સાહિત્યકાર, તે જ ખરો કલાકાર. વ્યાસવાણીના પ્રેરણાસ્રોતનો જલપ્રવાહ એવો તો ધસમસતો વહે છે કે જેમ નદીના કાંઠે ઊગેલા વૃક્ષને નદીનાં પૂરપાણી ઉખેડી નાખે, તેમ વ્યાસજીની બળૂકી વાણી આપણાં મનની બધી દ્વિધાઓને સમૂળી ઉખેડી નાખે છે. માટે જ સરસ્વતીસેવન કરીને જેમણે ભરતખંડને પવિત્ર કરેલો છે તેવા વ્યાસજી એટલે સાહિત્યજગતનું અણમોલ આભૂષણ અને તેથી જ છીપમાં છુપાયેલા મોતીની જેમ તેમનો આદર થતો રહ્યો છે.

સહુનાં સુખ-દુઃખમાં સહભાગી બનતા વ્યાસજી સૌના મિત્ર છે, કારણ, તેઓ સૌની સાથે સૂક્ષ્મ સ્નેહતંતુથી જોડાયેલા છે. 'મનુષ્યત્વ વિના આ જગતમાં કશું જ વધુ શ્રેષ્ઠ નથી' તેવું કહેતા વ્યાસજી માનવજીવનમાં રહેલી અનેક સારપો અને અધૂરપો ઉપરાંત માનવમસ્તિષ્કમાં રહેલી અપાર શક્યતાઓમાં પણ દૃઢ શ્રદ્ધા ધરાવે છે. પ્રત્યેક પરિસ્થિતિની અંદર સંગોપાયેલા કાવ્યને ઓળખી કાઢનારા આ ઇલમી પોતાને જે સત્ય લાગે તે કહી શકવા સમર્થ હોવાથી ખરા શૂરા પણ છે. પોતાને બેધડક રજૂ કરનારાં પાત્રો આલેખ્યાં હોવાથી તેમનું મહાકાવ્ય માણસના મનની આરપાર સોંસરવું પસાર થતું હોય તેવું ધારદાર જણાય છે.

વિચારધારાનો ધોધ વરસાવનાર 'મહાભારત'કાર વર્ણન કરવામાં અજોડ છે, તેમ તેમની વાણીમાં પ્રગટતી માણસાઈ અને અવર્ણનીય આનંદની સરવાણી પણ અદ્ભુત છે.

આચારયોગ વિનાનો વાંઝિયો વિચારયોગ સાધવો આ સાચુકલા જીવને ક્યાંથી ગમે ? તેથી પોતે ભલે ઋષિજીવન જીવે છે, છતાંય 'મહાભારત'ના આદિથી અંત દરમિયાન યથાયોગ્ય સમયે પરિસ્થિતિને અનુરૂપ હાજર થાય છે

અને સૂચનો સૂચવે છે. તેઓ સિદ્ધપુરુષ અને આર્ષદ્રષ્ટા છે, તેથી ભવિષ્ય ભાખી શકે છે અને એ રીતે સૌને ચેતવે છે, મીઠો ઠપકો પણ આપે છે અને આશ્વાસન પણ આપે છે. પોતાના કર્તવ્યને અદા કરવાના આશયથી આ નિર્મોહી, નિઃસ્પૃહી, નિઃસ્વાર્થી વ્યાસજી અવારનવાર રાજઘરાનામાં, રણમેદાનમાં અને પાંડવોના વનવાસ દરમિયાન અરણ્યમાં પણ પહોંચી જાય છે. અનોખું, નિરાળું આ વ્યક્તિત્વ !

યુદ્ધના અંતે નથી એમને પાંડવોની જીતનો આનંદ કે નથી કૌરવોની હારનો ક્ષોભ. રહી છે એમના હૈયે કેવળ વેદના, કારણ, તેઓ મર્મસ્પર્શી છે. 'ગમે તે પક્ષ જીતે, અંતે તો યમરાજનું સામ્રાજ્ય જ વિસ્તરતું હોય છે' એ સત્ય વ્યાસજી જેવી સ્થિરચિત્ત વ્યક્તિ ન વિચારે એવું બને ખરું ?

રસેશ જમીનદાર કહે છે : "વ્યાસ સક્ષમ દ્રષ્ટા છે, વરેણ્ય તત્ત્વજ્ઞ છે, સર્વગ્રાહી દર્શનવિદ છે. તેઓ જીવનનું માધુર્ય, સંસારની સારપ, સમાજની સમદૃષ્ટિ પારદર્શક રીતે મૂકી શકે છે, કારણ, માણસને ટટ્ટાર ઊભો રાખવાનો તેમનો અભિગમ છે. દુષ્ટ તત્ત્વોને સમૂળાં છેદી નાખવાની વાત 'મહાભારત'કારે સતત કર્યા કરી છે."

સરસ્વતી વડે જેમણે ભારતભૂમિને પવિત્ર કરી છે એવા સર્વજ્ઞ વ્યાસજી 'સ્વર્ગારોહણપર્વ'ના પાંચમા અધ્યાયના બાસઠમા શ્લોકમાં પોતાની વેદનાને વાચા આપતાં કહે છે : "હું હાથ ઊંચા કરીને બાપોકાર કહું છું કે ધર્મથી અર્થ અને કામ પ્રાપ્ત થાય છે, તો તમે ધર્મનું સેવન કેમ નથી કરતા ?"

'મહાભારત' દેખીતી રીતે ભલે યુદ્ધકથા છે, પણ એકંદરે વ્યાસજી વેરભાવનાના શમનની જ વાત કરે છે. વિચારની ભાષા એવી વાણી અને જીવનની ભાષા એવા આચાર, બંનેને હારોહાર વ્યક્ત કરવાનું કાઠું ધરાવનાર વ્યાસજી મહાન છે.

વ્યાસજીને બ્રહ્માજી પાસેથી વરદાન મળ્યું છે કે તેઓ જે પાત્ર વિશે વિચારશે તે પાત્રનાં આંતરબાહ્ય બધાં રૂપો તેમને હાથમાંના ફળ કે ફૂલની માફક પ્રત્યક્ષ જોઈ શકશે. કદાચ તેથી જ વ્યાસજીની પાત્રાલેખનની કળાની તોલે વિશ્વસાહિત્યની કોઈ કૃતિ આવી શકે તેમ નથી.

છતાં વ્યાસજી તો પાત્રોના મનોવિશ્લેષણમાં પડવાને બદલે તેમના કાર્યને વર્ણવી, જે-તે પાત્રની મનોગત વૃત્તિને વર્ણવે છે.

સર્વ કાળે સમજવું અને સમજીને આચરવાના ધર્મનું પ્રતિપાદન કરનાર

આ સંસ્કૃતિપુરુષને ધન્ય છે, જેમણે હજારો વર્ષોથી તેમની મધુર વાણી, પ્રગાઢ જ્ઞાન, વિશાળ અનુભવભાથું, કુશળ રાજનીતિજ્ઞતા પામવાનો રાજમાર્ગ ચીંધ્યો છે.

'મહાભારત'કાર વ્યાસજીની પ્રફુલ્લિત પરિમલ પ્રસરાવતી પ્રબોધિની વાણી યુગયુગાન્તર સુધી સુવાસ ફેલાવતી રહેશે. કવિ ભલે સ્વર્ગે સિધાવ્યા છે, પરંતુ તેમની અનેકગુણયુક્ત વાણી અમર છે. 'મહાભારત' થકી કવિ ત્રણેય લોકને રમાડે છે, જગાડે છે, જિવાડે છે.

જગતના પ્રત્યેક ઘટનાચક્રમાં વ્યાસજી એક ધરીરૂપે વસ્યા છે. સ્થિરતાના પ્રતીક એવા આ મહામના, કૃષ્ણની જેમ જ નિષ્કપટ, ધર્મરત, ધર્મના પક્ષપાતી, સંસારીઓ માટે કરુણા રાખનાર - માનવમાત્ર જ શું કામ, પ્રાણીમાત્રને માટે સ્નેહઝરણું વહેતું રાખનાર - આપણા જગદ્‌ગુરુને વંદન !

□

2

'મહાભારત'ગ્રંથ એટલે...



જ્યાં મહાભીષણ, મહાવિનાશક યુદ્ધ ખેલાયું એ કુરુક્ષેત્રને પણ ધર્મક્ષેત્ર કહેવાયું છે. સ્વાભાવિક પ્રશ્ન થાય કે મહાયુદ્ધની આ જગ્યા ધર્મક્ષેત્ર કેવી રીતે ?

બંને પક્ષકારોને યુદ્ધના પરિણામનો અંદેશો હતો જ અને છતાંય બધા યુદ્ધ કરવા માટે તૈયાર હતા, એટલું જ નહીં, તત્પર પણ હતા. શ્રીકૃષ્ણના વિષ્ટિ માટેના પ્રયત્ન છતાંય યુદ્ધ બંધ રહે એવી કોઈ શક્યતા જ ન હતી, કારણ, પાંડવોએ ફક્ત પાંચ જ ગામની માગણી કરી, છતાંય દુર્યોધનસહિત સૌ કૌરવો સોયની અણી જેટલી જગ્યા આપવા તૈયાર ન થયા. પાંડવો પણ પોતાના હક્કને માટે લડી લેવા કટિબદ્ધ થયા.

યુદ્ધ વખતે ધૃતરાષ્ટ્રે સંજયને પ્રશ્ન પૂછ્યો : "તેઓએ શું કર્યું ?" ખરેખર તો "તેઓ કેવી રીતે લડે છે ?" એમ પૂછવાની આપણે અપેક્ષા રાખીએ, પરંતુ પ્રશ્ન જુદો પુછાય છે, કારણ એ જ કે અંદરખાને ધૃતરાષ્ટ્રને આશા હતી કે ધર્મરાજ યુધિષ્ઠિરના નેતૃત્વ હેઠળના પાંડવો યુદ્ધ રોકવા છેવટે પ્રયાસ કરશે જ.

આ યુદ્ધભૂમિ, કુરુકુળના પૂર્વજ કુરુરાજની ભૂમિ, ધર્મક્ષેત્ર તરીકે ઓળખાતી હતી, જ્યાં આવવાથી ધર્માચરણ કરવાનું જ મન થાય. આવી પવિત્ર ભૂમિ પર

આવતાં, ભૂમિના પ્રતાપે કૌરવો-પાંડવોમાં સદ્વૃત્તિ જાગૃત થશે. તેમાંય ખાસ તો ધર્મરાજ પાસે આ અપેક્ષા વધુ હતી, એથી ધૃતરાષ્ટ્ર અયુદ્ધ માટેની શ્રદ્ધા રાખી રહ્યા હતા.

પોતાના પુત્રોને રાજગાદી મળે એવી ઇચ્છા ધરાવતા ધૃતરાષ્ટ્રને પાંડવો મરી પરવારે એવી દુષ્ટ ભાવના લગીરેય ન હતી. પાંડુપુત્રો માટે પણ ધૃતરાષ્ટ્રને સ્નેહ તો હતો જ. તુલનાત્મક રીતે વિચારતાં કૌરવો હણાશે એવી પણ તેમને દહેશત હતી. આ બંને કારણથી ધૃતરાષ્ટ્ર યુદ્ધ ઇચ્છતા ન હતા, તેથી 'યુદ્ધ કેવી રીતે થાય છે ?' એવો પ્રશ્ન તેમની જીભે ચડતો જ નથી.

'વામનપુરાણ'માં 'કુરુ આખ્યાન' છે. તેમાં આલેખન થયા મુજબ સંવરણ નામનો ધાર્મિક અને પરાક્રમી રાજા સૂર્યપુત્રી તપતીને પરણ્યો. અધ્યાત્મદાતા સૂર્યની દીકરીનો વંશ પણ અધ્યાત્મવાદી અવતર્યો. નામ હતું કુરુ, જે તેના રાજ્યકાળ દરમિયાન રાજ્યપાલ, પશુપાલ અને અજપાલ બન્યો.

એક વખત કુરુએ પોતાનું ખેતર ખેડવા શિવ પાસે નંદીની માગણી કરી. શંકરે કહ્યું : "ખેતર ખેડવા પૃથ્વી પર ઘણા બળદો છે." ત્યારે કુરુરાજે કહ્યું : "મારે ખેતરમાં અનાજ નથી વાવવું. મારે તપ, સત્ય, ક્ષમા, દયા, શૌર્ય, બ્રહ્મચર્ય, યોગાદિ ગુણો વાવવા છે." શિવે નંદી આપ્યો. ખેડ શરૂ થઈ. ઇન્દ્રે કુરુને વૈભવો ભોગવી ભોગવિલાસમાં જીવન વિતાવવાની સલાહ આપી. ત્યારે કુરુરાજે કહ્યું : "હું રાજ્યપાલ છું. પ્રજા આત્મકલ્યાણના માર્ગે વળે તે માટે ચારેય પુરુષાર્થો દ્વારા સત - ઋતને વાવવું જ છે, જેથી પ્રજા સુખી થાય." નાખુશ થયેલા ઇન્દ્ર તો ચાલ્યા ગયા, પણ હરિએ આ વાર્તાલાપ સાંભળ્યો, એટલે ખુશ થઈને મદદ કરવાની ઇચ્છાથી માનવદેહ ધારણ કરીને આવ્યા અને પૂછ્યું : "કુરુરાજ ! તમારે જે ચાર પુરુષાર્થ વાવવા છે તેનાં બીજ ક્યાં ?"

દૃઢનિશ્ચયી કુરુરાજે કહ્યું : "બધાં બીજ મારા પંડમાં છે. તમે હળ હાંકો, હું વાવતો જઈશ."

રાજાએ પોતાનો જમણો હાથ ધર્યો. પ્રથમ પુરુષાર્થમાં તપ, સત્ય, ક્ષમા અને દયાનાં બીજ રોપવા શ્રીહરિએ જમણો હાથ કાપી નાખ્યો. ત્યારબાદ એક પછી એક અંગને - છેવટે મસ્તક સુધ્ધાં રાજાએ શ્રીહરિને અર્પિત કર્યું અને શૌર્ય, બ્રહ્મચર્ય, યોગાદિ ગુણોનું આરોપણ કર્યું.

પ્રસન્ન થયેલા શ્રીહરિએ વરદાન માગવા કહ્યું ત્યારે રાજાએ માગ્યું : "મેં જેટલી જમીન ખેડી છે તેટલા વિસ્તારમાં ધર્મક્ષેત્ર થાઓ, વાવેલાં બીજ ઊગો

અને પ્રજાને ઉપયોગી થાઓ. જે કોઈ આ ક્ષેત્રમાં આવી સ્નાન કરે, મૃત્યુ પામે તેને મહાપુણ્ય પ્રાપ્ત થાય અને અહીં આવનારની વૃત્તિ ધર્મપરાયણ થાય.''

આ ધર્મક્ષેત્રનું ફલદાયિત્વ એટલું બળવાન ગણાતું કે ધૃતરાષ્ટ્રને દુર્યોધનમાં ધર્મભાવના ઉદ્‌ભવશે એવી શ્રદ્ધા છેક સુધી રહી છે.

પરંતુ આ ધર્મક્ષેત્ર પણ આખરે કુરુક્ષેત્ર જ રહ્યું. મહાભારત-યુદ્ધ ખેલાયું જ. વિધિની વક્રતા અને માનવીનાં કર્મોનું ફળ આખરે મહાસંહારમાં પરિણમ્યું.

જગતની નિષ્ઠુર અને કરુણ વાસ્તવિકતા જેમાં વર્ણવી છે એવું 'મહાભારત' ઘટનાઓના આલેખનના કારણે ઇતિહાસ કહેવાય છે, પરંતુ મહાકવિ વ્યાસજીએ તો તેને મહાકાવ્ય તરીકે જ ઓળખાવ્યું છે.

કહેવાય છે કે જ્ઞાન એ આકાશ છે, તો પુસ્તકો આકાશમાં શોભતા ચમકતા તારલાઓ છે. જો જ્ઞાન સમંદર છે, તો ગ્રંથો સંસારસાગરને પાર ઉતારનાર ભવ્ય તરણિ છે. જો જ્ઞાન સોનાની ખાણ છે, તો પુસ્તકો આભૂષણો છે. જ્ઞાનને જો સૂર્યની સાથે સરખાવીએ તો પુસ્તકો આપણા આંગણાને અજવાળતાં સૂર્યકિરણો છે. અગર જ્ઞાનને આપણું ધન સમજીએ તો પુસ્તકો વ્યવહાર જાળવતું ચલણી નાણું છે. હવામાં રહેલો પ્રાણવાયુ એ જ્ઞાનભરેલાં પુસ્તકો છે. જ્ઞાનને ધરતી જેવું અચલ માનીએ તો પુસ્તકો આપણા બિસ્તરની ગરજ સારે છે. જ્ઞાન મેઘ છે તો જ્ઞાનવર્ષા કરાવતાં પુસ્તકો પણ હોવાનાં જ. ટૂંકમાં, રસોઈમાં જે સ્થાન લૂણનું છે - સબરસનું છે, તે સ્થાન જ્ઞાનસંપાદન કરનારા માટે પુસ્તકનું છે, માટે જ પુસ્તક પરમેશ્વરના રાજ્યમાં પહોંચાડનાર પ્રદીપ્ત જ્ઞાનજ્યોત છે, ઊર્ધ્વરેતસ અગ્નિ છે, દેવદૂત છે.

કોઈ પણ સંસ્કૃતિનો વિકાસ કેવળ શાસનથી થતો નથી. સંસ્કૃતિ, જ્ઞાન અને જીવનવ્યવહારની વાત કરીએ એટલે એ સર્વ બાબતોને સમાવતો મહામૂલ્ય વિરાટ ગ્રંથ 'મહાભારત' જ યાદ આવે. 'મહાભારત'ની અખંડ જલતી જ્ઞાનજ્યોત એટલે જગપ્રકાશિત કરનાર મહાજ્યોત.

સાત-સાત પેઢીઓને સમાવતો આ સકલગ્રંથ વીરરસ અને શૃંગારરસને સમાંતરે વહેવરાવતો બહુવિધ રસભર્યો ગ્રંથ છે. ભીતર આધ્યાત્મિક અને દૈવી શક્તિનો નિરંતર સ્રોત પણ વહેતો રહ્યો છે. સમસ્ત પૃથ્વીમંડલ પરના સમર્થ કવિ વ્યાસજીની સરસ્વતીની ઉપાસનાનું આ જ તો ફળ છે.

'મહાભારત' એટલે સમયના વિશાળ સાગરમાં દિશાસૂચન આપતી દીવાદાંડી, જેમાં ધર્મરૂપી તેલસિંચનથી ઝળહળતો દીપક યોજનો દૂરના અંધકારમાં

માર્ગદર્શક બનીને હૈયાધારણ આપતો રહ્યો છે, જેની મશાલ વર્ષોનાં વર્ષથી આપણો જીવનપથ અજવાળે છે, જેની અદ્‌ભુત વાણી અમૃતપાન કરાવતી-કરાવતી સહજતાથી જ્ઞાનજ્યોત પ્રગટાવી આપણું ત્રીજું નેત્ર ખોલવાનો પ્રયત્ન કરે છે. એક દીપક એવો અજવાળે છે કે તેમાંથી જ આખી દીપમાળ રચાય છે.

'મહાભારત' મહા-ઇતિહાસ છે તે કરતાંય વધુ તો એ માનવની જીવનશૈલી, પ્રાણ અને પ્રકૃતિને આબેહૂબ આલેખતી સંસ્કૃતિગાથા છે. પંચમવેદ સમું આ બૃહત્ સંસ્કૃત કાવ્ય એટલે જીવન-જગતનું પ્રતિબિંબ પાડતું દર્પણ.

જગતહિતેચ્છુ, કરુણાસભર અને સરસ્વતી-ઉપાસક કવિ-શાર્દૂલ વ્યાસજીએ રચેલ આ ગ્રંથ જીવન ઉજાગર કરનાર છે. જો આ ગ્રંથ ઘરઘરમાં વસ્યો હોય અને સમજીને વાંચ્યો-પચાવ્યો હોય તો પછી જીવન જીવવાનું માર્ગદર્શન મેળવવા બીજે ક્યાંય દોડવાની જરૂર ન પડે. 'મહાભારત' તો ઊગતી પેઢીનું પોષક તત્ત્વ છે. આપણામાં જે-જે ખૂટે છે તેનું દર્શન અહીં શક્ય છે. આપણી શક્તિ અને અશક્તિ બંનેનું ભાન તે કરાવે છે. જેણે 'મહાભારત' નથી વાંચ્યું તે આત્માની અગાધતાને પામી શકે તેમ નથી, કારણ, માનવ-સમસ્યાઓની અહીં મૂળગામી વિચારણા થઈ છે.

શાશ્વત મૂલ્યસભર આ ગ્રંથ સંસ્કૃતિનો પ્રાણ છે અને સમૃદ્ધ સમાજની આરસી છે. જેમ મેઘધનુષ મેઘને શોભા આપે છે, તેમ જગતનું હિત ઇચ્છનાર આ કવિની વાણીમાં સત્ય, સ્નેહ અને જગત પ્રતિની કરુણાના મેઘ વરસે છે અને વાણીવૈભવનાં મેઘધનુષ છવાય છે.

પુષ્પના પમરાટથી જેમ ઓરડો મઘમઘી ઊઠે, તેમ 'મહાભારત'ની શૌર્યકથા વાંચતાં યુવાનોની રગેરગમાં વીરરસ દોડવા લાગે, તો કોઈ દુઃખી અને અસહાય વ્યક્તિને હૈયાધારણ આપનારો આધારસ્તંભ પણ મળી જાય અને જ્ઞાન, દાન, પ્રેમ, શૌર્ય, વચનબદ્ધતા, ન્યાયસંગતતા પ્રાપ્ત કરવા ઇચ્છનારને પોતાને જોઈતું ભાતું પણ મળી જાય. ધર્મજિજ્ઞાસુને ધર્મમાર્ગ શોધવો આ ગ્રંથમાં અઘરો નથી, કારણ, મહાભારતનો રાજમાર્ગ કેવળ ધર્મ જ છે. વ્યવહારદક્ષ બનવા ઇચ્છનારને વ્યવહારુ વાતનો ચરુ હાથ લાગી જાય. જેવા પથિક તેવું ભાથું. માર્ગ ભૂલેલાને રાહ ચીંધનાર ભોમિયો એટલે ઇતિહાસ અને ધર્મનું સાયુજ્ય સાધી આપતું વિરાટ મહાકાવ્ય 'મહાભારત'.

મંગલ પ્રસાદ સમું 'મહાભારત' ધર્મ અને સંસ્કૃતિનું પુણ્યતીર્થ છે, રક્ષાકવચ પણ છે. 'મહાભારત'ની દઢ વાણી એટલે સબળ નિધિભંડાર, જ્ઞાનનો અગાધ

સમંદર. વેદોનું ગહન જ્ઞાન વિવિધ કથાઓ દ્વારા એટલું તો સરળ બનાવી દીધું છે કે સૌકોઈ તેને સમજી શકે અને સ્વીકારી શકે અને છતાંય માણસનો સ્વભાવ એવો છે કે સવળી વાત સમજવાને બદલે અવળા અર્થ કાઢીને જાણ્યે-અજાણ્યે મહાભારત-યુદ્ધનો લઘુ અંશ આપણે સર્જતા જ રહીએ છીએ.

'મહાભારત'કારને માનવજીવનમાં પડેલી સારપો અને અધૂરપો ઉપરાંત માનવમસ્તિષ્કમાં ઊભરાતી અપાર શક્યતાઓમાં પણ દૃઢ શ્રદ્ધા હતી. મનુષ્યત્વ વિના આ જગતમાં કશું જ વધુ શ્રેષ્ઠ નથી તેવો તેઓનો સ્પષ્ટ અભિપ્રાય વર્તાય છે.

માણસનું મન ક્યારેય એકસરખું રહેતું નથી. ક્યારેક ખરી નિષ્ઠા પર પણ લોભ અને મોહનું આવરણ આવી જાય છે, પરંતુ ત્યારે 'મહાભારત'માંથી જ તેનો ઉકેલ મળે છે. જેમજેમ આ જ્ઞાનકોષ વાંચીએ તેમતેમ તેમાંથી પ્રશ્નો ઉદ્ભવતા જાય છે અને તેમાંથી જ સમાધાન પણ મળતાં જાય છે અને અમુક પ્રશ્નોના જવાબ તો દૈવને આધીન છે તેમ વિચારી મન મનાવતાં પણ શીખી જઈએ છીએ.

કથાના અંતે એટલું તો સમજાઈ જ જાય છે કે જીવન નિરર્થક છે. જય કે પરાજય કશાનું મહત્ત્વ જ નથી, કારણ, કાળ સર્વોપરી છે અને જીવન તો અનાયાસે પ્રાપ્ત થયેલી અવસ્થા છે. આ બધી વાતોનો થોડો અંશ પણ જો આપણા ગળે ઊતરે તો બેડો પાર થયો સમજવું અને આપણે પુરુષાર્થ કરતાં નિયતિના વિધાનપ્રાબલ્યને સ્વીકારતાં થઈશું.

'મહાભારત' એક એવું વર્તુળ છે, જેનું મધ્યબિંદુ સર્વત્ર છે અને પરિઘ ક્યાંય નથી ! સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ના ત્રિવેણીસંગમ સમા આ ગ્રંથમાં નૈતિક અને આધ્યાત્મિક સત્યના પાયા પર શિવતત્ત્વનો મહિમા ઊભો કર્યો છે અને છતાંય સુંદરમ્‌ની માનવભૂખને ઓળખીને 'મહાભારત'કારે આખી કથા એટલી તો સુંદર અને કલાત્મક રીતે ગૂંથી છે કે આપણી દૃષ્ટિ એ કલાત્મકતાને નીરખતાં-નીરખતાં અનાયાસ જ્ઞાનપ્રાપ્તિ કરી લે છે. આધ્યાત્મિક ઉન્નતિપથ પર દોરી જવાનો આ ઋષિવરનો પુરુષાર્થ અદ્ભુત અને અકલ્પનીય છે.

જેનું મૂળ નામ 'જય' હતું તેવા ૮૦૦૦ શ્લોકોના આ ગ્રંથમાં પાછળથી બીજા અનેક વ્યાસોએ તેનું સંસ્કરણ કર્યું અને એમ કરતાં એક લાખ શ્લોકોનું 'મહાભારત' નામનું સમૃદ્ધ મહાકાવ્ય બન્યું છે. પ્રથમ દૃષ્ટિએ ઇતિહાસ-ગ્રંથ લાગે છે, પરંતુ ઇતિહાસના સત્ય સાથે મૈત્રી અને માનવતા, ત્યાગ અને ભોગ, વેર અને સ્નેહ જેવાં અગણિત દ્વંદ્વોનો મહિમા પણ તેમાં ગવાતો સંભળાય છે.

અહીં જેટલો વૈરાગ્ય છે તેટલો જ શૃંગાર છે, અર્થશાસ્ત્ર જેટલું જ કામશાસ્ત્ર છે, તત્ત્વજ્ઞાનની ધીરગંભીર વાણીની સાથે મન ડોલાવી દેતી કાવ્યધારાની વિવિધ ગતિએ દોડતી સરવાણીઓની રમ્યતા પણ તેઓ ખડી કરે છે. પૃથ્વીની ધીર ગાથાની સાથે આકાશની અગાધતા પણ તેમણે આલેખી છે. તેઓ ભૂગોળમાં ભમ્યા છે અને ખગોળનો અદ્ભુત પ્રવાસ પણ તેમણે ખેડ્યો છે.

આ બધા ઉપરાંત સૌની નજરે ચડે છે 'મહાભારત'નું નીતિશાસ્ત્ર. 'મહાભારત'ના નીતિશાસ્ત્રને જાણ્યા પછી જગતનું કોઈ પણ નીતિશાસ્ત્ર ઊણું અને અધૂરું જ લાગે.

વિદુર, સંજય, કણિક અને નારદ જેવાં પાત્રોનાં મુખેથી બોલાયેલાં નીતિસૂત્રોને આજે પણ આપણે ઉવેખી શકીએ તેમ નથી અને છતાંયે ખૂબી એ છે કે આવા શુષ્ક વિષયને પણ એવી સરળ અને સહજ રીતે તેમણે મૂક્યો છે કે તદ્દન સામાન્ય જ્ઞાનકક્ષા ધરાવતી વ્યક્તિને પણ સમજવું અઘરું પડે તેમ નથી, એમાંથી જ તે પોતાનું વ્યવહારચાતુર્ય કેળવી લઈ શકે છે.

વિદુર જેવાની નીતિ ગરીબ અને સામાન્ય પ્રજાજનોને ધ્યાનમાં રાખે છે, તો કણિક જેવો નીતિજ્ઞ સામ્રાજ્યવિસ્તારની વાતને પ્રાધાન્ય આપે છે, એટલે જેને જે જાણવું હોય, જે કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તે પ્રાપ્ત કરી શકે તેવો સુલભ આ ગ્રંથ છે.

રાષ્ટ્રીય નિર્માણ અને તેનું સંસ્કરણ કરનાર નીતિસૂત્રો વડે જીવનના પ્રત્યેક અંગને સમાવી લેતો આ ઘેઘૂર વડલો વાસ્તવિકતાની ધરતીમાં ઊંડાં મૂળ ફેલાવી અડીખમ ઊભો છે અને તેની વિવિધલક્ષી વડવાઈઓ આપણને ઝુલાવવા સમર્થ છે.

વિશ્વના સારરૂપ, વંદન કરવાનું મન થઈ આવે એવું આ રાષ્ટ્રીય મહાકાવ્ય છે, જેમાં આર્ય સંસ્કૃતિ, આર્ય સભ્યતા અને આર્ય જીવનનું સ્વચ્છ પ્રતિબિંબ ઝિલાયું છે. જેમ શુક્રાચાર્યની સંજીવનીવિદ્યા સર્વ દાનવોને સુખ આપનારી બનીને મૃતને સજીવન કરે છે, તેમ 'મહાભારત'નું આ કથાનક પોતાની શબ્દશક્તિ, વર્ણનશક્તિ, અલંકારમંડિત વાણીપ્રવાહથી નિરંતર પ્રફુલ્લિત બનાવનાર છે અને એ જ ખરું કાવ્ય, જેમાં વર્ણનોની અને વિષયોની બહુલતા, કોમલ-કઠોર બંને ભાવોને અનાયાસ રીતે વાણીમાં વણી લે. 'મહાભારત'ની જેટલી પ્રચંડ કીર્તિ છે તેટલી જ પ્રચંડ તેના પ્રતિની આપણી પ્રીતિ છે, તેથી જ્યાં સુધી આર્ય ધર્મનો સૂરજ તપતો રહેશે ત્યાં સુધી 'મહાભારત'ની કીર્તિ યાવચ્ચંદ્રદિવાકરૌ તપતી જ રહેશે.

વ્યાસગ્રથિત અને વચ્ચે કૃષ્ણકથિત આ જ્ઞાનગ્રંથ સૌનો પથદર્શક અને ઉત્સાહપ્રેરક, આશ્વાસક છે. વળી તે જ્ઞાનસંપુટ હોવાથી મોક્ષદાયક પણ છે, કારણ, જીવનપ્રણાલી અને વિચારપ્રણાલી સાથે આધ્યાત્મિક એવી ઉપાસનાપ્રણાલી પણ ભારોભાર છે. મહાભારત યુદ્ધ દરમિયાન પણ સમરાંગણમાં એક પણ પ્રમુખ વ્યક્તિ ઉપાસના- વિમુખ થઈ નથી, તેથી તો આ ગ્રંથ બહુવિધ પ્રજાનો આદર પામવા સમર્થ છે.

કહે છે કે 'સુંવાળો દરિયો કુશળ નાવિક પેદા ન કરી શકે'. 'મહાભારત' પણ સુંવાળો દરિયો નથી. એને સમજવું અતિ દુષ્કર છે, કારણ, જગતના સર્વ વિષયોને એકસાથે આવરીને લખાયેલો આ રત્નાકર ઇતિહાસ છે, જેણે ભારતની પ્રજાને ઓજસ્વી, સશક્ત અને નવપલ્લવિત બનાવી છે, જાણે આપણને મરજીવા બનાવ્યા છે. અરે, આખા વિશ્વની પ્રજાને પણ પોતાનાં તેજસ્વી સૂર્યપ્રકાશિત કિરણો પહોંચાડી, જીવનનું સમગ્ર તત્ત્વજ્ઞાન તેણે સમજાવ્યું છે. અહીં માનવજીવન અને વાસ્તવિક જગત જ આલેખાયાં છે. કોઈ અતિમાનવ કે કપોળકલ્પિત વાતો કરીને આંજી દેવાનો પ્રયત્ન નથી. કૃષ્ણ જેવા કૃષ્ણ પણ માનવસહજ ભાવોથી ભરેલા છે. એમને પણ ક્રોધ થઈ આવે છે, તેઓ વ્યથિત પણ થાય છે.

અહીં માણસ પોતાનું માણસપણું જ દર્શાવે છે. વિવેકપૂર્ણ કે વિવેકહીન બધા જ આવેગો તે અનુભવે છે. દરેક પાત્ર પોતપોતાની પરિસ્થિતિમાંથી જન્મતાં મનોમંથનોમાંથી પસાર થાય છે. જે કૃષ્ણે અર્જુનને 'ગીતા'જ્ઞાન આપ્યું એ જ કૃષ્ણ જ્યારે યાદવાસ્થળી વખતે સાત્યકિ અને પ્રદ્યુમ્ન હણાયા ત્યારે અત્યંત ક્રોધ અને દુઃખ અનુભવે છે અને યાદવસંહાર પછી ગ્લાનિ અનુભવતાં કહે છે : "મેં ક્યારેય મારું પોતાનું હિત જોયું નથી, સ્વાર્થ સાધ્યો નથી, યાદવકુળના હિતમાં જીવન પસાર કર્યું છે, છતાં આજે આ કૃષ્ણ લાચાર છે !"

ગૂઢાર્થોથી યુક્ત આ કાવ્યની રહસ્યખાણ જેટલી ખોદો એટલું ખનીજ નીકળે તેવી સભર છે, સમૃદ્ધ છે. એમાં જે નકારાત્મક બાબતો છે તે પણ હકારાત્મક બાજુને દૃઢ કરવા માટે છે, કારણ, ઉદ્દેશ ઊર્ધ્વીકરણનો છે. અવિનાશી કીર્તિ પામેલું આ મહાકાવ્ય ગમે તેટલી વખત વાંચીએ, કાંઈક નાવીન્ય જ ડોકાય. આ જ છે એની કલાત્મક કાવ્યગૂંથણીની ખૂબી.

જેનાં અઢારેય પર્વો જીવનધર્મની રસમીમાંસાથી વ્યાપ્ત છે તેવા આ 'મહાભારત'ને મહાઅરણ્ય સાથે સરખાવી શકાય, જેમાં અડોઅડ ઊભેલાં પ્રસંગવૃક્ષો સાથે લતારૂપી અનેકવિધ કથાઓ વીંટળાયેલી છે, અનેકરંગી પુષ્પોના પમરાટથી વાતાવરણમાં સુગંધી પરિમલ પ્રસરે છે, અનેક પંખીઓના કલશોર સાથે ભયાનક

પશુઓની દિશાઓ ધ્રુજાવી દેતી ત્રાડો પણ સંભળાય છે. તો ક્યાંક ઝેરી નાગ અને ભોળાં પારેવાં એકમેકની ઓથે જીવે છે. કોઈ મહાઅરણ્યમાં ભૂલાં પડી જવાય તેવું લાગે; દેશકાળ, દિન-દિશાનું ભાન રાખવું પણ મુશ્કેલ થઈ પડે.

અહીં ત્યાગ અને ભોગની પરાકાષ્ઠા છે, વેર અને સ્નેહની શૃંખલાઓ છે, ડંખ-દ્વેષ છે, તેની જ સાથે ઉદારતા અને વાત્સલ્ય પણ છે. અન્યાયોની વચ્ચે પણ દુશ્મન સુધ્ધાં પાસેથી ન્યાયની અપેક્ષા રખાય છે અને ન્યાય મળે છે પણ ખરો. ખાર અને ખેલદિલી, ખુમારી અને ખાનદાની દેખાય છે, તેમ નિમકહરામી અને નિમકહલાલી બંને અનુભવાય છે.

'મહાભારત' એટલે સુખાંત-કરુણાંત કથાઓની પરંપરા-પ્રસંગોની હારમાળા, ઘટનાઓનો મહાપુંજ, કાવ્યસાહિત્ય, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય, નાટ્ય-નૃત્ય જેવી અનેક શાખા-ઉપશાખાઓથી પાંગરેલું સંસ્કારવૃક્ષ.

રાજકારણની અટપટી આંટીઘૂંટીના આટાપાટાની રમત રમાડતું 'મહાભારત' ભવ્ય અને વિશાળ મહાક્ષેત્ર છે. 'મહાભારત'કાળમાં દરેક સશક્ત માણસ યોદ્ધો જ હતો, તેથી 'મહાભારત'માં યુદ્ધકથાનું પ્રાધાન્ય જણાય છે, છતાં આ જેમ વીરકાવ્ય છે તેમ ધીરકાવ્ય પણ છે. શઠતા અને સાત્ત્વિકતા કડીબદ્ધ હોય તેવું લાગે છે. કામશાસ્ત્ર અને કર્મશાસ્ત્ર બંનેનું મહત્ત્વ અંકાયું છે. સત-અસતનો સુંદર સમન્વય થયો હોવાથી જ તો એ લોકવેદ કહેવાયું છે.

અહીં નથી એકલી સંસ્કૃતિ કે સંસ્કારગાથા, નથી એકલી રાજપટુતા કે આદર્શ-ઘેલછા, નથી એકલી વ્યવહારજડતા કે નથી એકલી શ્રદ્ધા અને અશ્રદ્ધા. અહીં તો ઈશ્વરસર્જિત ચહેરા અને માનવસર્જિત મહોરાં બંને છે. યુદ્ધનિર્ધાર સાથે યુદ્ધગ્લાનિ પણ છે. પરાજયમાં પડકાર છે અને વિજયમાં ઔદાર્ય પણ છે.

'મહાભારત'કાર કહે છે : ''યુદ્ધ પોતે જ અધર્મ છે. જો એ અધર્મ આચરીએ તો ધર્મની મર્યાદા કેટલીક જળવાય ? છતાંય જો યુદ્ધ કરો તો ધર્મયુદ્ધ કરો.'' એકંદરે 'મહાભારત' વેદનાનું કાવ્ય છે.

બાકી તો ભારતીય સંસ્કૃતિમાં 'શાંતિ' શબ્દનો ખ્યાલ કેવળ 'અયુદ્ધ' નથી. બે માનવી, બે દેશ, બે જાતિ વચ્ચે સભ્યશાંતિ હોવી જોઈએ. યુદ્ધ પહેલાંની નીરવ શાંતિ એ શાંતિ નથી. અને કેવળ માનવીની વાત શું કામ ? પ્રકૃતિનાં તમામ તત્ત્વો વચ્ચે સંવાદિતા સચવાય એ જ સાચી શાંતિ છે. અનેક સંસ્કૃતિઓનાં આક્રમણ છતાંય ભારતીય ચહેરો ઝંખવાયો નથી એના મૂળમાં 'રામાયણ'-'મહાભારત' જેવાં આર્ષ કાવ્યોનો સિંહફાળો છે.

મૈત્રીનો મહિમા ગાતા આ કાવ્યના નિર્માણનો ઉદ્દેશ યુદ્ધકથા આલેખી યુદ્ધનું સમર્થન કરવાનો નથી, પરંતુ કુટુંબક્લેશનાં પીડાદાયક અને શોકદાયક પરિણામોથી બચી શાંતિનું સ્થાપન કરવાનો છે. જેટલા પ્રમાણમાં કુટુંબકથા છે તેટલા જ પ્રમાણમાં યુદ્ધકથા છે, એથી જ આપણે આપસમાં તકરાર કરતા લોકો માટે 'ત્યાં મહાભારત થયું છે' એવો શબ્દપ્રયોગ કરીએ છીએ. હકીકત એ છે કે કૌરવ-પાંડવ વચ્ચેનો કુસંપ અને તેનાં માઠાં પરિણામ આલેખીને આવેલી પરિસ્થિતિ વ્યાસજીએ તાદૃશ કરી છે, જેથી આપણે કુસંપનાં કડવાં બીજ ન ઉગાડવાનું શાણપણ કેળવીએ.

'અથર્વવેદ' કહે છે : ''ભાઈએ ભાઈનો દ્વેષ ન કરવો અને બહેને બહેન સાથે તકરાર ન કરવી.'' કલ્યાણની ભાવના કલ્યાણમુદ્રા-સ્વરૂપે રહી આર્ય સભ્યતાની આગવી ઓળખ બની રહી છે.

કુટુંબકથા અગ્રસ્થાને હોવા છતાં ધર્મની ધરી ઉપર સમાજજીવન, રાજનીતિ, સૌંદર્યદૃષ્ટિ, શૌર્યગાથા - બધું જ અંકાયું છે. 'મહાભારત' વાંચીને આપણે આપણી જાતને પૂછીએ કે આ ગ્રંથમાં કયો વિષય અને સાહિત્યનો કયો રસ પ્રાધાન્ય ભોગવે છે ? તો મને લાગે છે આપણને જવાબ શોધતાં ફાંફાં પડી જાય. એ જ રીતે કથાનાયક કોણ ? - એ પ્રશ્નનો જવાબ પણ ન જડે, કારણ, અહીં કોઈ એક નાયક નથી કે જેની આસપાસ આખી કથા વીંટળાયેલી હોય. વ્યાસ પોતે, ભીષ્મ, કર્ણ, કૃષ્ણ - બધાં જ મુખ્ય પાત્ર લાગે છે ખરાં, પરંતુ કોઈને કથાનાયકપદ મળ્યું નથી. નાયક તો છે કેવળ સમય - કેવળ કાળચક્ર.

વ્યાસજી વારંવાર પરિવારજનોની મુલાકાત લે છે, પરંતુ તેમની સળંગ હાજરી નથી. બધાને સલાહસૂચન આપે છે, પણ તેમની સલાહ માન્ય રહે જ એવું નથી. કૃષ્ણ તો છેક દ્રૌપદીસ્વયંવર વખતે જ તખતા પર આવે છે અને ભીષ્મ ભલે છેક યુદ્ધના અંત સુધી કાર્યરત રહ્યા, પિતામહ છે, કુટુંબના મોભી છે, પરાક્રમી છે, પરંતુ તેમનો પડ્યો બોલ ઝિલાતો નથી. આથી તેઓ પ્રમાણમાં સાક્ષીભાવથી જીવે છે. એમના વ્યક્તિત્વની ઊંચાઈ ગમે તેટલી હોય, પણ તેઓ સર્વકાલીન મહત્ત્વ ધરાવતા નથી.

વેર-પ્રતિવેર અને વેરની વસૂલાતની આ કથા હોવાથી યુદ્ધકથા વારંવાર આવે છે, પરંતુ યાદ રહે, વ્યાસજીએ ક્યારેય યુદ્ધને સમર્થન આપ્યું નથી. યુદ્ધની નિષ્ઠુરતા અને માઠાં પરિણામો તથા તેના પરિણામે સૌએ ભોગવતી પડતી ગ્લાનિ અને વેદના, વ્યથા અને વલોપાતનું આ કાવ્ય છે. માનવીની મર્યાદાઓની આ વાત છે અને ખૂબી એ છે કે એકબીજાના અનેક જાતના વિરોધ છતાં પણ

સૌમાં સહઅસ્તિત્વની ભાવના વર્તાયા વિના રહેતી નથી. દુષ્ટોનો કાયમ પરાજય જ થયા કરે તેવું પણ બનતું નથી. મેધાવી દષ્ટિવાળી વ્યક્તિઓ કાળનાં પરિણામો ઓળખી શકે છે, પરંતુ કોઈ તેને રોકવા સમર્થ નથી. કાળનાં બંધનો સ્વીકારવાં પડે છે, કારણ, કાળ અને દૈવ જ સર્વોપરી છે. 'दैवं चैवात्र पंचमम् ।' ('ભગવદ્દગીતા' : ૧૮-૧૪)

કર્મની ગતિને નાથી શકવાનું ગજું તો ખુદ ભગવાન પણ ધરાવતા નથી. કર્મના ફળ પાસે તો સૌકોઈ લાચાર. આ સત્ય 'મહાભારત'કાર વારંવાર દોહરાવતા રહ્યા છે.

પરસ્પર અનેક વિરોધો દેખાવા છતાં વૈરાગ્નિ ભડભડ બળતો દેખાય છે, છતાં મૈત્રીનો મહિમા પણ ઓછો નથી આંક્યો. નર-નારાયણની અતૂટ-અભિન્ન મૈત્રીનો ઉલ્લેખ અનેક વખત આવે છે. ભીષ્મ, દ્રોણ, વિદુર, સંજય, કૃષ્ણ જેવા મહામનાઓનાં મુખમાં નર-નારાયણની જોડીની વાત આવ્યા વગર રહેતી નથી. વળી, દુર્યોધન-કર્ણની મૈત્રી ભલે થોડા સ્વાર્થ સાથેની છે, પરંતુ છે અતૂટ. બંને કાર્યાર્થી મિત્રો છે, પણ મિત્ર માટે લંબાવેલો હાથ મિત્રનું કાર્ય કરી છૂટવા તત્પર બને છે. બંને એકબીજા પર અવલંબિત હોવા છતાં પ્રેમ, વિશ્વાસ, નિષ્ઠા અને નિમકહલાલી જેવીતેવી નથી. તો દ્રોણ અને દ્રુપદની બાળપણની નિખાલસ મૈત્રી મોટપણે અહંથી દૂષિત થઈ છે. દ્રુપદમાં ધન, જોબન ને ઠાકરી ઉપરાંત અવિવેક સવાર થયો છે, તો દ્રોણનું અહં વૈરાગ્નિથી ભભૂકેલું છે. અહં ટકરાવાથી ઝરેલા તણખાએ આખરે ભયાનક આગના ગોળા વર્ષાવ્યા છે.

મહાભારત-યુદ્ધમાં વેરની વસૂલાત માટે જેટલો અસ્ત્રશસ્ત્રનો ફાળો છે, તેટલો જ મહત્ત્વનો ભાગ મહેણાં-ટોણાએ પણ ભજવ્યો છે. કટુ-વચન-મંડિત રાજકારણે અને વક્રોક્તિઓએ ભારે ખળભળાટ મચાવ્યો છે, કારણ, માણસના અહંકારનું અમોઘ શસ્ત્ર છે વક્રોક્તિ. મહેણાં મારવાં એ માણસનો સ્વભાવ છે અને મહેણાંથી છંછેડાયેલી વ્યક્તિ એટલે મધમાખી, જેનો ડંખ ક્યારેક જીવલેણ પણ નીવડે.

આર્ષ કાવ્યને રચનાર ઋષિ જ હોઈ શકે અને તેથી તે ત્રિકાલાબાધિત ચિરંતન સત્ય રજૂ કરે છે. સંસ્કૃતિનો આ વિશ્વકોષ પ્રાચીન-અર્વાચીન એટલે કે સર્વકાલીન કવિઓ, લેખકો, વિવેચકો, સંપાદકો - સૌનો પ્રેરણાસ્રોત છે, તેથી તો કહેવાય છે કે "જે 'મહાભારત'માં છે તે જગતમાં છે, જે 'મહાભારત'માં નથી તે ક્યાંય નથી." ભારતીય સંસ્કૃતિનું આ કેવળ કલેવર જ નથી, કલ્પવૃક્ષ પણ છે. ઇચ્છો તે વિષયને તેમાંથી શોધી કાઢો, માર્ગદર્શન મેળવો અને ચેતોવિસ્તાર કરો.

જેનાં પાત્રો ક્યારેક તદ્દન અનાવૃત લાગે છે, જેમનામાં નથી હોતો દંભ કે

નથી પહેરાવેલા સંસ્કૃત સભ્યતાના વાઘા અને મનમાં હોય તે વ્યક્ત થઈ જતું હોવાથી આ મહાકાવ્ય નવેય રસોથી છલકાતું છતાં વીરરસ પ્રાધાન્ય ભોગવે છે. અહીં સાધારણ વાતો લંબાવી નથી અને અસાધારણ ઘટનાઓને અવગણી નથી. જાણે લૌકિક અને અલૌકિક વાતોથી વણાયેલું ભાતીગળ વસ્ત્ર. પ્રત્યેક કાર્યને અંતે ભોગવવું પડતું સારું કે માઠું ફળ ચખાડવાનું પણ વ્યાસજી ભૂલતા નથી.

કહે છે કે વ્યાસજીને બ્રહ્માજી પાસેથી વરદાન મળ્યું છે : "પોતે જે પાત્રને આલેખે તેનાં આંતરબાહ્ય બધાં જ સ્વરૂપોને હાથમાં રાખેલા ફળ કે ફૂલની માફક જોઈ-સમજી શકાશે."

શ્રીકૃષ્ણને દુર્વાસામુનિએ વરદાન આપેલું : "જ્યાં સુધી માનવજગતને અન્ન ઉપર ભાવ રહેશે ત્યાં સુધી તમારા (કૃષ્ણના) ઉપર સૌનો ભાવ રહેશે."

'મહાભારત'ને પણ કંઈક આવું જ વરદાન છે. આહાર વિના જીવવું શક્ય બને તો 'મહાભારત'નો આશ્રય ન લેવાનું શક્ય બને, કારણ, આ ગ્રંથ તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્રનો ગુરુ છે, વ્યવહાર શીખવનાર પીઢ અનુભવી છે, સદાચારના પાઠ શીખવનાર શિક્ષક છે, છતાંય રસક્ષતિ ન થાય તેની કાળજી રાખીને અદ્‌ભુત આનંદમાં રાખનાર પરમ મિત્ર પણ છે.

ઈશ્વર પેટલીકરે સાચું જ કહ્યું છે : "માનવી વેદ, ઉપનિષદ, 'ગીતા' વગેરે ગ્રંથોના અધ્યયનથી જ્ઞાની અને પંડિત થઈ શકે, પરંતુ 'મહાભારત'ને આત્મસાત્ કર્યા વિના વિચક્ષણ ન બની શકે." કારણ સ્પષ્ટ છે - 'યન્ન ભારતમ્ તન્ન ભારતે'.

આ તો અવિરત વહેતું ઝરણું છે, જેના ઝરણની અંજલિ પામ્યા વિના કોઈ પાછું વળતું નથી. આ મહાકાવ્યની કાવ્યદીપ્તિ તેમાં રજૂ થતી તમામ હકીકતોમાં જ છે. તથ્ય અને કલ્પનાનો અદ્વિતીય સમન્વય તેમાં થયો છે. રાગ-વૈરાગ્ય બંનેમાં કવિની કલમ એકસરખી ચાલે છે. ભારતભૂમિમાં ઉદ્‌ભવેલી એકેએક વિચારધારા અહીં પ્રવાહિત થઈ છે અને તેથી જ તે સત્ત્વશીલ છે.

વ્યાસજીનાં વચનોરૂપી સરોવરમાં પ્રકટેલું, ગીતારૂપી ઉત્કટ સુગંધભર્યું, અનેક આખ્યાનોરૂપી પાંખડીઓથી શોભતું, શ્રીકૃષ્ણ અંગેની અનેક કથાઓનાં કિરણો વડે ખીલેલું, સજ્જનોરૂપી ભમરો વડે જેનું રોજેરોજ રસપાન થાય છે એવું અને કલિકાળની તમામ અસ્વચ્છતાને હડસેલી દેતું 'ભારત'રૂપી અમલ કમલ આપણા સૌ માટે કલ્યાણકારી નીવડો !



3

મહાભારત યુદ્ધની વિશિષ્ટતા



કહેવાય છે કે યુદ્ધ એ જ માનવ-ઇતિહાસ છે; શાંતિ એ તો માનવીનું કેવળ સ્વપ્ન જ છે.

અને એ પણ સત્ય છે કે યુદ્ધકથા રમ્ય હોય છે, પરંતુ યુદ્ધ ક્યારેય રમ્ય ન હોઈ શકે અને ખરેખર નથી જ હોતું.

મહાભારતની યુદ્ધકથા પણ આપણને વાંચવી ખૂબ ગમે છે, પરંતુ તેના વિશે ઊંડાણથી વિચારીશું તો સમજાશે કે આ યુદ્ધમાં કેવળ કરુણતા અને ગ્લાનિ જ છે, ભય અને દુઃખ છે, સ્વજનોને મારવાથી બળતું અંતઃકરણ છે. શૌર્યકથાના પ્રવાહ નીચે વેદનાનું ઝરણું વહેતું રહ્યું છે.

સ્પષ્ટ છે કે મહાભારત યુદ્ધ વર્તમાનકાળનાં યુદ્ધો જેવું નથી, મહાભારત મહાસંગ્રામ એક અલગ જ પ્રકારનો સંગ્રામ છે. અનેક વિશિષ્ટતાઓથી ભરેલા આ યુદ્ધના કલેવરને - આયોજનને માણવા અને જાણવા જેવું છે.

સૌપ્રથમ તો અહીં કુલક્ષય છે. ભાઈ-ભાઈ અંદરોઅંદર ઝઘડે છે. દ્વેષના કારણે બંધાયેલું વેર હોવાથી વેર સાથે ઝેર પણ ભળ્યું છે. સ્વજનો સાથે જ વિનાશકારી યુદ્ધ થાય એવું તો કોઈ જ ન ઇચ્છે, તેથી જ પિતામહ ભીષ્મ,

આચાર્ય દ્રોણ, મહામંત્રી ધર્મજ્ઞ વિદુર - બધા જ યુદ્ધ ટાળવા ભગીરથ પ્રયત્નો કરે છે. ગાંધારી જેવી ઠરેલ માતા પણ દુર્યોધનને યુદ્ધ ન કરવા સમજાવે છે અને ભલે કંઈક દંભ-દેખાડા ખાતર, કંઈક હાર થવાની દહેશત વગેરે કારણે ધૃતરાષ્ટ્ર પણ ભલે ખોટા મોંએ પણ યુદ્ધ ન કરવાની તરફેણમાં છે.

વળી શ્રીકૃષ્ણ જેવી મહામના અને દૈવી અંશ ધરાવતી વ્યક્તિ પણ વિષ્ટિ કરે છે અને તે નિરર્થક જાય છે. 'સોયની અણી જેટલી' પણ જમીન આપવા તૈયાર નથી એવો કૃપણ દુર્યોધન યુદ્ધ માટે જવાબદાર છે. દુભાતા દિલથી કરેલી સમજાવટ છતાંય ગર્વિષ્ઠ, સત્તાલાલસુ, અતિ સમૃદ્ધિને કારણે આવેલી ઉદ્દંડતાને કારણે દુર્યોધન યુદ્ધ કરવા તરફ ખેંચાય છે અને ઊંડા પાણીમાં રમતો ધૃતરાષ્ટ્ર પણ પરોક્ષ રીતે સંમતિ આપે છે, તેથી તે પણ આ યુદ્ધને માટે એટલો જ જવાબદાર છે.

હવે પ્રશ્ન એ થાય કે આ મહાભીષણ થનારા યુદ્ધનાં બીજ કોણે રોપ્યાં ? ક્યારે રોપાયાં ? જવાબ સ્પષ્ટ છે.

એક તો બાળપણથી કૌરવ-પાંડવોની હુંસાતુંસી હતી જ. આચાર્ય દ્રોણ વિદ્યાદાન આપવામાં શ્રેષ્ઠ, પણ આપણને સવાલ થાય કે જે દ્રોણ દ્રુપદરાજા સામે વેર લેવાની ભાવના હૃદયમાં ભરીને કૌરવ-પાંડવોને વિદ્યા શીખવે તેમાં જાણ્યે-અજાણ્યે વેરવૃત્તિ, અપમાનના ડંખનું પણ સિંચન થતું હશે, કારણ, દ્રોણે દ્રુપદરાજાને બાંધીને પકડી લાવવાનું કાર્ય શિષ્યોને સોંપ્યું છે.

વળી ધનુર્વિદ્યામાં શ્રેષ્ઠ અર્જુન પ્રતિ દ્રોણને પક્ષપાત હતો, જે તેજોદ્વેષ ઊભો કરવાનું એક નિમિત્ત હોઈ શકે અને તેથી જ કૌરવોને આંખમાં કણાની જેમ પાંડવો ખૂંચતા.

અને પેલા દ્રૌપદીસ્વયંવર વખતે કોણ વીંધાયું હતું ? - મત્સ્ય કે કર્ણ ? અંતઃકરણમાં અદેખાઈનો તાપ તે દિવસથી જ ભડભડ બળતો હતો, જ્યારે કર્ણ દ્રૌપદીને પામી ન શક્યો અને ઉપરથી પાછો ભરસભામાં 'સૂતપુત્ર' તરીકે અવહેલના પામ્યો. પાંડવોને પછાડવાનો લાગ શોધતા કર્ણને દુર્યોધનનો બધી જ રીતે સાથ મળી ગયો. 'દુશ્મનનો દુશ્મન તે મિત્ર' એ ન્યાયે કર્ણ અને દુર્યોધન પરમ મિત્ર બની ગયા. એમાં બળતામાં ઘી હોમનાર ખટપટી મામા શકુનિ મળ્યા અને આખરે મહાભારત મહાયુદ્ધનાં બીજ ધીરેધીરે વધતાં-વધતાં વિષવૃક્ષ સમાં બની ગયાં.

યુદ્ધનો ઉદ્ભવ પ્રથમ તો માણસના મનમાં થાય છે અને પછી સમય પાકતાં તે રણભૂમિમાં વાંસના વૃક્ષની જેમ અચાનક પ્રત્યક્ષ થાય છે.

આમ, વેરનાં બીજ તો ક્યારનાં વવાયાં હતાં, પણ જ્યારે યુદ્ધના ભણકારા વાગવા શરૂ થયા ત્યારે પણ ભીષ્મ, દ્રોણ વગેરે ભાવિ ભાખી શકતા અનુભવીઓએ યુદ્ધ ન કરવાની ફરીફરીને સમજાવટ કરી, તેમ છતાંય વિપક્ષો વચ્ચેનાં પારસ્પરિક વાટાઘાટોના દરવાજા દેવાઈ ગયા. 'હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'નાં પડઘમ વાગવા લાગ્યાં.

અને યુદ્ધનું નિર્માણ થયું. બંને પક્ષો સાબદા થઈ ગયા. સજ્જ સૈનિકો 'આક્રમણ'નો આદેશ સાંભળવા અધીરા થઈ ગયા.

અલબત્ત, યુધિષ્ઠિરે તો શાંતિના ભોગે રાજ્યની ઝંખના રાખી જ નથી. ફક્ત પાંચેય ભાઈઓ માટે પાંચ ગામ માગીને તેમણે સંતોષ રાખ્યો હતો. વિષ્ટિ કરવા નીકળતા શ્રીકૃષ્ણને ભીમ જેવો ઉગ્ર અને ઉતાવળિયો પણ શાંતિ સ્થપાય તે માટે પ્રયત્ન કરવા વીનવે છે. ભલે ભીમે દુઃશાસનનું લોહી પીવાની પ્રતિજ્ઞા લીધી હોય, છતાં યુદ્ધ વડે ખુવારી વહોરવાની તેની વૃત્તિ નથી.

પરંતુ દુર્યોધન ?

जानामि धर्मं न च मे प्रवृत्तिः जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि दैवेन हृदि स्थितेन यथा प्रयुक्तोऽस्मि तथा करोमि ।।

'ધર્મ જાણું છું, પણ આચરી શકતો નથી, અધર્મ જાણું છું છતાં છોડી શકતો નથી.'

આવું કહેતા દુર્યોધનનું ભાવિ મિથ્યા થતું નથી. ભાગ્યનો દોરવાયો દોરાતો હોય તેમ દુર્યોધન ગર્વિષ્ઠ બની યુદ્ધ માટે થનગની રહ્યો છે અને બળેલાઝળેલા સ્વભાવના ધૃતરાષ્ટ્રનું તેને પીઠબળ મળે છે.

યુદ્ધનું નિર્માણ થયું. નિરુપાયે સૌ યુદ્ધ કરવા તૈયાર થયા. એક આદર્શ કે સિદ્ધાંતની રક્ષા કાજે, ધર્મસંસ્થાપન માટે શ્રીકૃષ્ણ પણ અંદરખાને યુદ્ધ ઇચ્છે છે. ભલે મનમાં વ્યથા છે, છતાં સમાજને સ્વસ્થ રાખવા, સડો દૂર કરવા શ્રીકૃષ્ણને યુદ્ધ એ જ કલ્યાણનો માર્ગ લાગ્યો છે. અગાઉ વિષ્ટિના પ્રયત્નો નિષ્ફળ ગયા પછી શ્રીકૃષ્ણ કુંતીને મળવા જાય છે ત્યારે કુંતી પણ કહે છે : "પાર્થને કહો ચ્હડાવે બાણ !" તે પણ યુદ્ધ ઇચ્છે છે.

કૌરવોએ આચરેલા અન્યાય અને અધર્મ સામે ધર્મયુદ્ધ મેદાને પડ્યું છે. જોકે ગુણવંત શાહ કહે છે તેમ "'મહાભારત'માં જે લડાઈ હતી તે લડાઈ પરિશુદ્ધ ધર્મ અને અમિશ્રિત અધર્મ વચ્ચેની નહીં, પરંતુ ધર્માનુકૂલ જીવનશૈલી

અને ધર્મવિરોધી જીવનશૈલી વચ્ચેની હતી. પાંડવો પૂર્ણ માનવો ન હતા, કૌરવો સંપૂર્ણપણે પ્રતિમાનવો ન હતા.''

જો તટસ્થ રીતે વિચારીશું તો સ્પષ્ટ સમજાશે કે વર્તમાન યુગમાં જે નાનાં-મોટાં યુદ્ધો થાય છે, અગર તો નજીકના ભૂતકાળમાં જે યુદ્ધો થયાં છે તેના કરતાં મહાભારતનો મહાસંગ્રામ અનેક રીતે અલગ તરી આવે છે.

આખરે ધર્મક્ષેત્ર એવા આ કુરુક્ષેત્રમાં ખેલાયેલ આ યુદ્ધ છે. સમરાંગણનાં નીતિનિયમોને વિસારે પાડી દઈ અધર્મયુક્ત યુદ્ધ આદરે એટલાં બધાં જડતા, સ્વાર્થ, ઝનૂન - કશું જ બેમાંથી એક પણ પક્ષમાં પ્રવેશ્યાં નથી.

એકંદરે આ કૌટુંબિક ઝઘડાનું મોટું ને ભયંકર સ્વરૂપ છે. સૌને અંદરથી એકબીજા માટે માન, પ્રેમ, સદ્ભાવ, પૂજ્યભાવ, સખ્યભાવ છે જ. આત્મીયતા નથી એવું નથી. આથી બંને પક્ષમાંથી કોઈ કરતાં કોઈ મન મૂકીને લડ્યા જ નથી. સૌનાં હૈયાંમાં ઊંડેઊંડે પણ સ્નેહ છે જ. મહાભારત યુદ્ધની આ વિશિષ્ટતા નોંધનીય છે.

ધર્મ અને નીતિના સર્વગ્રાહ્ય સિદ્ધાંતો અને નિયમોની મર્યાદામાં રહીને યુદ્ધ ખેલાયું છે. 'ભીષ્મપર્વ'ના પ્રથમ અધ્યાયના વર્ણનમાં યુદ્ધ વિશેની ચર્ચાવિચારણા અને વાટાઘાટોનું સુંદર વિવરણ આપ્યું છે.

મહાભારત યુદ્ધની આસપાસના સમયનું સ્પષ્ટ ખગોળદર્શન વ્યાસજીએ તાદશ આલેખ્યું છે. સૂર્ય, ચંદ્ર, રાહુ, શનિ, ગુરુ, મંગળ અને શુક્ર ગ્રહોની ગતિ, તેમનું આકાશમાં સ્થાન, નક્ષત્રદર્શન, સૂર્ય-ચંદ્રનાં ગ્રહણો, તિથિના લોપ, તેર દિવસનું પખવાડિયું વગેરેનું વ્યાસજીએ આબેહૂબ વર્ણન કરેલું છે. હવે 'શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર'ના પુસ્તકાલયની સામગ્રીની સહાયથી અર્જુનભાઈ લાલભાઈએ સંશોધન દ્વારા વિસ્મય પમાડે તેવી માહિતી રજૂ કરી છે. અર્જુનભાઈનું તારણ છે કે ગ્રહો અને નક્ષત્રોનું આવું આકાશદર્શન હિંદુ પંચાંગમાં અવલોકીએ અને તે પરિસ્થિતિને જુલિયન કેલેન્ડરમાં વર્ણવેલી માહિતી સાથે સરખાવીએ તો મહાભારત યુદ્ધને લગતી ચોક્કસ તારીખો મળી શકે છે.

માગશર મહિનામાં પૂર્વાષાઢા નક્ષત્ર દરમિયાન બંને પક્ષની સેનાઓ કુરુક્ષેત્રમાં હિરણ્યનદીના સામસામા કાંઠે એકત્રિત થઈ. પાંડવો નદીના પશ્ચિમ કિનારે, કૌરવો નદીના પૂર્વ તટે. લાગલગાટ દસ દિવસ સુધી તંબુઓ તણાયા, વૈભવી આરામ- શિબિરો રચાઈ, શસ્ત્રસરંજામ સજાવાયા-આરાધાયા. યોદ્ધાઓએ યુદ્ધ માટેની જરૂરી એવી માનસિક તેમ જ શારીરિક તાલીમ શિસ્તબદ્ધ રીતે શરૂ

કરી. દુર્યોધનને તો યુદ્ધ કરવાની ખજવાળ ઊપડેલી જ હતી, તેથી તેણે માગશર સુદ દશમના રોજ શકુનિપુત્ર ઉલુક સાથે પાંડવોને સંદેશો પાઠવ્યો : ''અસ્ત્રશસ્ત્રનું વિધિપૂર્વક પૂજન અમારા પક્ષે પરિપૂર્ણ થયું છે. યુદ્ધ માટે અમે તૈયાર છીએ. યુદ્ધ આરંભવામાં હવે કોની વાટ જોવાઈ રહી છે ?'' ત્યારપછીનો દિવસ એટલે માગશર સુદ એકાદશી. ત્યારે કૃત્તિકાનક્ષત્ર હતું. જુલિયન કેલેન્ડર પ્રમાણે ઈ. સ. પૂર્વેની ૩૧૩૯ની ૨૨ નવેમ્બરે સવારે સાડાછ વાગ્યે મહાભારત યુદ્ધ શરૂ થયું અને આ જ દિવસ તે ગીતાજયંતી. શ્રીકૃષ્ણે અર્જુન સમક્ષ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું ગાન કર્યું.

ધર્મનો જ જય થશે તેની સૌને ખાતરી છે, આશિષ પણ તેવી જ મળી છે, છતાં બધા યુદ્ધ માટે કટિબદ્ધ છે. વિધિની વક્રતાથી જ આ યુદ્ધ ઉદ્ભવ્યું છે અને ભાવિના દોરવાયા સૌ દોરવાયા છે એ આ યુદ્ધની દુઃખદ ઘટના જ ગણાય !

યુદ્ધ પહેલાંના દસ દિવસ દરમિયાન કૌરવો, પાંડવો અને સોમકોએ સાથે મળીને યુદ્ધના નિયમો ઘડ્યા, તેમ જ ધર્મના - નીતિનિયમોના આ પ્રમાણે નિર્ણયો નક્કી કર્યા. કેવા સરસ, સબળ અને શૂરવીરને છાજે તેવા એ ઉદારદિલ નિયમો હતા !

'રાત્રે યુદ્ધ બંધ પડે એટલે આપણી વચ્ચે પરસ્પર પ્રેમભાવના ટકી રહેવી જોઈએ.'

'સમાન બળવાળાએ સમાન બળવાળા સાથે જ યુદ્ધ કરવું.'

'રથી સાથે રથીએ યુદ્ધ કરવું, ગજારોહી સાથે ગજારોહીએ સંગ્રામ ખેલવો, ઘોડેસવાર સાથે ઘોડેસવારે યુદ્ધ કરવું તેમ જ પદાતિએ પદાતિ સાથે યુદ્ધ કરવું.'

'યોગ્યતા, ઇચ્છા, ઉત્સાહ અને બળમાં યોગ્ય હોય તેવા યોદ્ધાને આહ્વાન આપીને પછી જ એના પર પ્રહાર કરવો. વિશ્વાસે રહી યુદ્ધ માટે તૈયાર ન હોય તેવા પર વિશ્વાસઘાતથી પ્રહાર કરવો નહીં. વિહ્વળ, બેધ્યાન પર વાર કરવો તે કાયરતા છે.'

'કોઈ પણ કારણસર યોદ્ધો સેનાની બહાર નીકળી જાય, રણમેદાન છોડી દીધું હોય, આરામ કરતો હોય તેવા યોદ્ધા પર ઘા કરવો નહીં.'

'સંધિથી જોડાયેલા, શરણાગત, યુદ્ધવિમુખ બનેલા, શસ્ત્રહીન, કોઈનું કવચ ભેદાઈ ગયું હોય કે શિરસ્રાણ પડી ગયું હોય ને મસ્તક ખુલ્લું હોય તેના પર હુમલો કરવો નહીં.'

'શસ્ત્રથી હુમલો કરવાને બદલે કોઈ વાણીપ્રહાર કરે, મુખેથી ઉપાલંભના શબ્દો કાઢે, મહેણાં-ટોણા મારે તો તેનો જવાબ વાણીથી જ આપવો. "ઈંટનો જવાબ પથ્થરથી" એ અધર્મ છે.'

'દૂતો, સૂતો, રાવતો, શસ્ત્રસરંજામ પહોંચાડનાર, રણભૂમિ પર રણને યોગ્ય વાજિંત્રો વગાડનારાઓ, સારથિઓ વગેરેને અવધ્ય છે. તેઓ પર હુમલો થવો ન જોઈએ. તેઓ ઘાયલ પણ થવા ન જોઈએ.'

'સંધ્યાટાણે યુદ્ધ બંધ કરવાનું.' રાત્રિયુદ્ધ ન કરવાનો નિર્ણય લેવાયો.

રણભૂમિ પર સ્ત્રીઓએ ભાગ લેવાનો પ્રતિબંધ હતો, તેમ સ્ત્રીઓને હણવા જેવું હીન કર્મ ન કરવા પણ ક્ષત્રિયો પ્રતિજ્ઞાબદ્ધ હતા.

રાત્રે શિબિરમાં આરામ કરતા યોદ્ધા પર છાપો મારવાની મનાઈ રાખેલી.

યુદ્ધકાળમાં કોઈ સમસ્યા પેદા ન થાય તે માટે સર્વે યોદ્ધાઓ માટે ઓળખચિહ્નો, સંજ્ઞાઓ અને આભૂષણો નક્કી કરી અપાયાં હતાં.

આમ, ક્ષત્રિયોની યુદ્ધપ્રવીણતા સાથે ખેલદિલી, વટ-રખાવટ જાણે તેઓની ડાબી-જમણી આંખ હતી. સ્ત્રી-સન્માનની ભાવના પણ વ્યક્ત થાય છે. કલંકરૂપ છે એક દ્રૌપદીવસ્ત્રાહરણ.

વળી, સર્વ યોદ્ધાઓ સવારે સ્નાન, સંધ્યાવંદન અને સૂર્ય-ઉપાસના કરીને જ યુદ્ધે ચડતા. તેને માટે ચોક્કસ સમય ફાળવવામાં આવેલો. ઘમસાણ યુદ્ધ ખેલતા યોદ્ધાઓ પણ ઈશ્વરસ્તુતિ કરવાનું ચૂકી જતા નથી.

આ પ્રકારના નિયમો ઘડવા અને તેમને આચરણમાં શક્ય તેટલા મૂકવા તે આ યુદ્ધનું ગૌરવ છે. મહાભારતમાં જેટલાં નીતિનિયમો સાથે યુદ્ધ શરૂ થયું છે તેવું અન્ય કોઈ યુદ્ધ થયું નથી એ આ મહાભારત યુદ્ધની વિશિષ્ટ શિસ્ત.

યુદ્ધ-નિયમોની જેમ યુદ્ધસ્થાન પણ નક્કી કરવામાં આવ્યું હતું. જેમ કે દુર્યોધન-ભીમનું આખરી ગદાયુદ્ધ થવાનું હતું, તે બંને પ્રતિસ્પર્ધીઓની સંમતિથી યુદ્ધસ્થાન નક્કી કર્યું હતું અને અત્યંત ઘવાયેલો હોવા છતાં દુર્યોધન ચાલતો-ચાલતો નિશ્ચિત સ્થળ પર ગયો હતો.

વિશાળ વસ્તી ધરાવતાં ગામ-નગરને યુદ્ધવિસ્તારમાંથી બાકાત રાખ્યાં હતાં અને પ્રજામાં પણ જે વ્યક્તિ યુદ્ધવિમુખ રહેવા ઇચ્છે તે યુદ્ધવિમુખ રહી શકતી. એથી તો મહાસંગ્રામમાં ક્ષત્રિયોનો કચ્ચરઘાણ નીકળ્યો, છતાં અમુક ક્ષત્રિયો પૃથ્વી પર જીવિત રહ્યા. દ્વારિકાથી આવેલી નારાયણી સેનામાં પણ જેઓ યુદ્ધમાં

જોડાવા ઇચ્છતા ન હતા તેઓ દ્વારિકામાં જ રહ્યા. શ્રીકૃષ્ણના પુત્રો સુધ્ધાં દ્વારિકામાં જ રોકાયા હતા. ફક્ત શ્રીકૃષ્ણ પોતે અને પ્રિય સાથી-મિત્ર સાત્યકિ સિવાયના કોઈ યાદવ પાંડવપક્ષે રહીને લડવા આવ્યા નથી.

આ એક જ યુદ્ધ એવું છે, જેમાં પાંડવપક્ષી શ્રીકૃષ્ણની જ નારાયણી નામની યાદવસેના કૌરવપક્ષે રહીને યુદ્ધ ખેલે છે.

યુદ્ધવિરામ વખતે બંને પક્ષના સૈનિકો એકબીજાની છાવણીમાં આવ-જા કરી શકતા અને ઘવાયેલા યોદ્ધાઓની સારસંભાળ રાખતા. વેર અને યુદ્ધ બધું જ રણમેદાનમાં મૂકીને આવતા.

ત્યારે આજના યુદ્ધમાં રહેલી અમાનુષિતા ખૂંચે છે, મન વિષાદથી ભરાઈ જાય છે, ખાનદાનીની ખુટામણ ખટકે છે. આજે યુદ્ધના નિયમો ઘડાય છે ખરા, પણ કાગળ ઉપર જ રહે છે અને ઉપરથી આસુરી તત્ત્વ વધ્યું હોય તેમ અનાજ અને પાણીમાં ઝેર નાખવું, નદીઓ અને ખેતરો ઉપર વિનાશકારી પદાર્થોનો છંટકાવ કરવો, હૉસ્પિટલોના દર્દી પ્રત્યેની રહેમદિલી છોડી તેના પર જ હુમલો થાય છે. શાળાનાં નિર્દોષ બાળકોનો વગર કારણે ભોગ લેવાય છે. શાળાઓ પણ કેદ અને કતલના ભયથી મુક્ત નથી. આવા અનેક પાશવી આનંદ સાથે આધુનિક યુદ્ધો ખેલાય છે. ધાર્મિક સ્થળો તો સામૂહિક હત્યા કરવાનું હાથવગું સાધન થઈ પડ્યાં છે !

માનવસંહાર માટેનાં આધુનિક વૈજ્ઞાનિક શોધસાધનો તો બૂમરૅંગ સાબિત થયાં છે. આજકાલનાં યુદ્ધોમાં આ વ્યક્ત થયું છે. મહાભારત યુદ્ધમાં નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણ સામે શ્રુતાયુધે વાપરેલી અજેય ગદા શ્રીકૃષ્ણને તો ન વાગી, પણ પાછી ફરીને શ્રુતાયુધના જ મૃત્યુનું નિમિત્ત બની, તેવું જ કંઈક આજે બની રહ્યું છે. મહાભારત યુદ્ધમાં એવાં પણ કેટલાંક બાણો હતાં, જે ધારેલી વ્યક્તિને વાગે નહીં તો પાછું ફરી અસ્ત્ર ફેંકનાર વ્યક્તિને જ હણી નાખતું !

'રામાયણ'-'મહાભારત'કાળનાં યુદ્ધો હોય કે પછીના તરતના સમયનાં યુદ્ધો હોય, હિન્દમાં યુદ્ધો થતાં, પરંતુ તે ધર્મના વિવેક સાથે થતાં; જ્યારે આજનાં યુદ્ધો તો ઘટોત્કચ અને અલાયુધ જેવી રાક્ષસપ્રજાઓએ ખેલેલાં યુદ્ધો કરતાંય હીણાં સાબિત થયાં છે.

આ બધા પછી પણ એક વાત કાયમ રહે છે કે યુદ્ધ એ આખરે યુદ્ધ જ છે, વૈરાગ્નિને શાંત કરવાનું એક સાધન છે. આપણને સૌને મહાવિનાશ કબૂલ છે, પણ વેર વાળવાની વૃત્તિનો નાશ કરવાનું કોઈને સૂઝતું નથી અને સૂઝે છે

તોય તેને અમલમાં મૂકવું જ નથી. ક્યારેક થાય કે માણસ સતયુગનો હોય કે કળિયુગનો, અમુક વખતે તે અમર્યાદ બને જ છે. અવિવેકનું આધિપત્ય સર્જાય જ છે. કદાચ 'વિનાશ એ ઉત્પત્તિનું પ્રથમ લક્ષણ છે' એ સૃષ્ટિસિદ્ધાંતને કારણે જ માણસનું મન યુદ્ધની દિશામાં દોડતું હશે.

જ્યારે વેર વાળવાની દાનતથી માણસની મર્યાદાની પાળ તૂટે છે ત્યારે માણસ વરવો દેખાતો હોય છે. હિંસા અને પ્રતિહિંસાનો દોર પેઢી-દર-પેઢી ચાલ્યા જ કરે, જો અવેરવૃત્તિ જાગૃત ન કરીએ તો. ત્યારે 'અવેરે શમે વેર, ન શમે વેર વેરથી' એ સત્ય જેટલું જલદી સમજાય ને સ્વીકારાય એટલું વહેલું પૃથ્વી પર સ્વર્ગ અવતરશે.

મહાભારત યુદ્ધની એક અને અદ્વિતીય વિશિષ્ટતા છે યુદ્ધની શરૂઆતમાં જ શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને પ્રબોધાયેલું 'ગીતા'જ્ઞાન. જગતનું અજોડ અને ચિરંજીવ એવું 'ગીતાજી'નું શ્રીકૃષ્ણના મુખે વ્યક્ત થયેલું જીવનનું સમસ્ત તત્ત્વજ્ઞાન એ આ યુદ્ધની અનેરી વિશિષ્ટતા છે. 'ગીતા ગાનાર ! તેં તો મનુજ-ઉર-વ્યથા ગાઈ સર્વસ્વ મોંઘી'.

વધુ એક વિશિષ્ટતા તે સારથિની અગત્ય. સારથિનું પદ મહત્ત્વનું હતું. તે રથીનો મિત્ર, હિતેચ્છુ, માર્ગદર્શક અને મંત્રદાતા બની રહેતો. આથી દરેક રથી કુશળ સારથિની શોધમાં રહેતો અને એને જ યુદ્ધમાં પોતાની સાથે લઈ જતો, કારણ, રથી અને સારથિ બંનેનું એકબીજા સાથે તાદાત્મ્ય કેળવાયેલું હોય.

મહાભારત યુદ્ધ વખતના સારથિઓનું સંચાલન કંઈક વિશેષરૂપે થાય છે. અશ્વસંચાલન આવડે એથી કાંઈ સારથિપણું સાર્થક નથી થતું. સારથિમાં સ્વસ્થતા, નિર્ભયતા, સાહસિકતા સાથે ચપળતા પણ જોઈએ. રથી અસ્વસ્થ બને, ઘાયલ થાય કે તરત તેને રણભૂમિથી દૂર લઈ જવાની ચપળતા, માર્ગ કાઢવાની સૂઝ હોવી ખૂબ જરૂરી છે. રથીને પ્રોત્સાહિત કરવાની આવડત પણ એટલી જ અગત્યની છે. શ્રીકૃષ્ણ જેવા સારથિએ અર્જુન જેવા હતાશ યોદ્ધાને પ્રોત્સાહિત કરવા જે શબ્દો વાપર્યા તે તો આજે આખા જગતને 'ગીતા'જ્ઞાન આપનારા નીવડ્યા, જ્યારે શલ્યે શરૂઆતમાં કર્ણને કવળાં વેણ સંભળાવી હતોત્સાહ કર્યો. અલબત્ત, કર્ણની ખરી મુશ્કેલી વખતે શલ્યે કુશળ સારથિને શોભે તેવી રીતે પ્રોત્સાહિત પણ કર્યો છે. સારથિ તો યોદ્ધાનું જમણું અંગ છે, તેથી તો શલ્યને સારથિ તરીકે ફરજ બજાવવાનું કહેવા માટે દુર્યોધન શલ્યની કેટલી બધી ખુશામત કરે છે ! ઈન્દ્રના સારથિ માતલિ સાથે સરખાવીને દુર્યોધન શલ્યને પોરસાવે છે. આ છે સારથિની અગત્ય.

સારથિને ઘાયલ અશ્વોની માવજત કરવાનું પણ આવડવું જોઈએ હોં ! તો રણભૂમિ પર ઢગલો થઈને અને માર્ગ અવરોધીને પડેલા ઘાયલ કે હણાયેલા યોદ્ધાઓ, હાથી, અશ્વોનાં શરીરો તેમ જ ભાંગી-તૂટી પડેલા રથો, ધ્વજપતાકાઓ તેમ જ શસ્ત્રોની વચ્ચેથી સડસડાટ રથ દોડાવી નિર્ધારિત સ્થળે પહોંચવાનું કૌશલ્ય પણ તેણે દાખવવાનું !

તો બીજી રીતે જોતાં સારથિની આ મહાયુદ્ધમાં કેવી ભયંકર દશા હશે ! જે પ્રત્યક્ષ લડતો નથી, કોઈ શસ્ત્ર ધારણ કર્યું નથી એની સાથે યુદ્ધ જ ન હોય, છતાં એને ન હણવાના નિયમનો છડેચોક ભંગ થયો છે. કેટલાય સારથિઓ ઘાયલ થઈ રથ પરથી ગબડી પડ્યા છે, બેહોશ થયા છે, હણાયા છે. સારથિને તો રથી કરતાં પણ વધુ જોખમ, કારણ, દુશ્મનનો ઘા પહેલાં તો નિઃશસ્ત્ર સારથિને વાગવાની જ શક્યતા રહે છે. વળતો ઘા કરવા નથી તેની પાસે શસ્ત્ર કે નથી અધિકાર. હાથમાં તો ઘોડાની લગામ છે. કોઈ પણ લડનારા કરતાં આ ન લડનાર એવો સારથિ ક્યારેક દુશ્મનોનું પહેલું લક્ષ્ય બને છે. સારથિ જાણે બલિદાન આપવા માટે જ યુદ્ધમાં જતો ન હોય !

આમ, રથી અમુક જ વ્યક્તિને સારથિ તરીકે પસંદ કરે અને સારથિ માનમોભા સાથે રથીની હારોહાર સાહસ ખેડે એ બંને બાબતો મહાભાંરતકાળના યુદ્ધની વિશેષતા ધ્યાન ખેંચે તેવી છે.

મહાભારત યુદ્ધ પૂર્વે નિયમો તો આમ ઘણાય ઘડાયા હતા, ભીષ્મ હતા ત્યાં સુધી નિયમપાલન થયું પણ છે, છતાંય માનવસ્વભાવ છે કે સ્વાર્થ સાધવા, શત્રુને માત કરવા, વેર વાળવા કે વળતો ઘા ઝીંકવાના ઝનૂનમાં માણસ નીતિનિયમોને નેવે મૂકી દેતો હોય છે. મહાભારતમાં પણ તેમ જ થયું. યુદ્ધ જેમજેમ આગળ વધતું ગયું તેમતેમ નિયમો તૂટતા ગયા.

આ યુદ્ધકથા તો વ્યાસજીના સર્જનની જ વિસર્જિત કથા છે, કારણ, ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર તેમના જ સંતાનો છે અને તેઓનો જ પરિવાર આજે મરણિયો થઈને રણમેદાને પડ્યો છે.

સૂર્યાસ્ત થતાં લડાઈ બંધ કરવી તેવો ઉભયપક્ષમાન્ય સામાન્ય નિયમ શરૂઆતના દિવસોમાં લાગુ પડાયેલો રહ્યો, પણ રાત્રિયુદ્ધો દ્રોણપર્વમાં, દ્રોણાચાર્ય સેનાપતિપદે રહ્યાના ચોથા દિવસથી, યુદ્ધના આરંભના ચૌદમા દિવસથી શરૂ થયાં.

રાત્રિના અંધકારમાં કોણ પોતાના અને કોણ સામા પક્ષના છે તેનો નિર્ણય

કર્ણેન્દ્રિય દ્વારા કે પછી અનુમાનથી અંદાજે જ કરવાનો રહેતો, તેથી ભૂલ થવાની પૂરેપૂરી સંભાવના રહેતી. આના ઉપાય માટે મશાલોનો ઉપયોગ થવા માંડ્યો. 'દ્રોણપર્વ'માં રાત્રિયુદ્ધ દરમિયાન આવી મશાલોનો ઉપયોગ બંને પક્ષોએ પદ્ધતિસર કરેલો. બંને પક્ષના પાયદળના બધા જ સૈનિકોએ મશાલચીની કામગીરી નિભાવી. બંને પક્ષે પ્રત્યેક રથ દીઠ પાંચ-પાંચ પ્રદીપિકાઓ રાખવામાં આવી. કૌરવપક્ષે પ્રત્યેક હાથી દીઠ ત્રણ, જ્યારે પાંડવપક્ષે પાંચ-પાંચ પ્રદીપિકાઓ અજવાળી. મશાલો અને પ્રદીપિકાઓને કારણે વાતાવરણ ભવ્ય લાગતું હતું. જાણે નભનું તારામંડળ ધરતી પર ઊતરી આવ્યું ન હોય ! પરંતુ તેથી ખુવારી કરવામાં કોઈ જાતનો વિવેક જળવાતો ન હતો. આખરે તો અંધારી રાતનું જ સામ્રાજ્ય રહેવાનું ને ?

મહાભારત યુદ્ધમાં જેવાં રાત્રિયુદ્ધો થયાં છે તેવાં ક્યારેય કોઈએ કર્યાં નથી. કદાચ રડ્યાખડ્યા કોઈએ નાનકડો છાપો માર્યો હશે, પરંતુ વ્યવસ્થિત રાત્રિયુદ્ધો તો ફક્ત મહાભારત સંગ્રામમાં જ !

માનવમનના અંતસ્તલને ઓળખી શકેલા વ્યાસજી માનવસ્વભાવને આબેહૂબ આલેખે છે.

એક વખત નિયમોનાં બંધન તૂટ્યાં, શિસ્તનો અભાવ થયો એટલે બધા જ બેકાબૂ બનવાના. મર્યાદાનો દોર છૂટ્યો તે છૂટ્યો. બધા જ બેફામ બન્યા. રથના ઘોડાઓને પાડી નાખવા કે રથનાં પૈડાં તોડી રથીને રથભંગ કરવો; રથ, ધજા, રથની બેઠક, રથીના હાથમાં રહેલાં હથિયાર - બધાને તોડીફોડી નાખવાં, નીચે પછાડી કચ્ચરઘાણ વાળી નાખવો એ બધું સહજ થઈ પડ્યું. યોદ્ધાઓને પણ હાથી કે અશ્વ પરથી ગબડાવી નાખવા લાગ્યા અને નિયમવિરુદ્ધ પ્રહારો ઝીંકવા લાગ્યા. તેથી તો જુઓ ને, આચાર્ય દ્રોણને મારી નાખ્યા પછી પણ તેમની જટાના વાળ ખેંચવાની ધૃષ્ટતા ધૃષ્ટદ્યુમ્ન જેવો મહારથી પણ કરતાં અચકાતો નથી.

જે ગુરુ છે, આદરણીય છે, જેના માટે પૂજ્યભાવ છે, તેના પ્રત્યે પણ આ રીતે વાળ ખેંચી ઘૃણા દર્શાવવી એ પણ મહાભારત યુદ્ધની વિશિષ્ટતા અને મહાભારતકારની આ વર્ણનશક્તિ એટલે અખિલાઈ, આત્મીયતા સાથે અવગણના, અવહેલના અને અપમાનની વાતોની ભરમાર ! માનવસ્વભાવના અફર નિયમોનું અનોખું આલેખન !

રાત્રે શિબિરમાં સૂતેલાને ન મારવાનો નિયમભંગ કર્યો અને તે પણ સૌથી

ઘૃણાસ્પદ કાર્ય કર્યું અશ્વત્થામાએ. છેક યુદ્ધના અંતે અશ્વત્થામાએ અંધારી રાતે શિબિરમાં પ્રવેશી, નિદ્રાગ્રસ્ત દ્રૌપદીપુત્રો, ધૃષ્ટદ્યુમ્ન વગેરેનો સંહાર કર્યો. ધર્મયુદ્ધમાં પણ આટલી અધર્મ્ય અને હિચકારી - હીન ઘટના બની ! 'અંતની કાળજી પણ આરંભ જેટલી જ રાખી હોત તો પાંડવપુત્રો હણાયા ન હોત !'

પરંતુ પાંડવો પણ દુશ્મનની તાકાત ઓછી આંકવાની મૂર્ખતા કરી બેસે છે. આ જ છે માનવસ્વભાવની સહજવૃત્તિ. પાંડવો રહીરહીને પ્રમાદમાં પડ્યા કે શું ?

અભિમન્યુ પણ અનેકોના સહિયારા આક્રમણ સામે હાર્યો છે, જે અવિસ્મરણીય વેદના ઉપજાવનારો બનાવ છે.

'મહાભારત'કાર સદ્-અસદ્ બંને વૃત્તિઓને વ્યક્ત કરીને જગતનું વરવું વાસ્તવદર્શન કરાવવામાં પણ પાછા પડતા નથી.

એ જ રીતે દુર્યોધનવધ પણ યુદ્ધની નિંદનીય વિશિષ્ટ ઘટના છે. તેમાં ખાસ તે શ્રીકૃષ્ણચરિત્રને ઝાંખપ લાગે તેવું છે. ગદાયુદ્ધમાં અખાડાના દ્વંદ્વયુદ્ધમાં પળાતા નિયમનો છડેચોક ભંગ થયો છે અને એને માટે શ્રીકૃષ્ણે કરેલો ઇશારો જવાબદાર છે. તેમાં શ્રીકૃષ્ણના ભાઈ દાઉ - બલરામ જ મોખરે રહી વિરોધ વ્યક્ત કરે છે, ત્યારે હાજરજવાબી શ્રીકૃષ્ણ સમજાવે છે કે આ ગદાયુદ્ધ આનંદ કે વ્યાયામ માટે નથી, હારજીતનો ફેંસલો આપનાર નિર્ણાયક યુદ્ધ છે, જીવલેણ યુદ્ધ છે, તેથી શત્રુને હણવો એ જ ઉદ્દેશ હોઈ શકે. શ્રીકૃષ્ણની દલીલ અવગણી શકીએ તેમ નથી, પરંતુ યુદ્ધનિયમનો ભંગ થતો રહ્યો છે તે મહાભારત યુદ્ધનું એક નબળું છતાં આગવું પાસું છે.

યુદ્ધના મેદાનમાં શત્રુની છેતરામણી સહજ છે. દેવોએ અસુરો પર વિજય આ રીતે જ મેળવ્યો હતો. 'અન્યાયીને અન્યાયથી જ મારવો જોઈએ' એવું નીતિશાસ્ત્ર કહે છે.

આ યુદ્ધમાં નિયમભંગની વાત આંખમાં ખટકે છે, છતાં નોંધનીય છે. તેમ જ આ મહાભારત યુદ્ધમાં વીરતા, ખેલદિલી, ખાનદાની પણ આંખના ખૂણા ભીંજવી દે તેવા સંવેદનશીલ પ્રસંગો પણ છે.

યુદ્ધના પાંચમા દિવસે અશ્વત્થામાએ અદ્ભુત પરાક્રમ દાખવ્યું. શ્રીકૃષ્ણ અને અર્જુન પર ઝનૂનથી ધસી આવી તેણે બંનેને વીંધી નાખ્યા. ઘવાયેલો, વીંધાયેલો હોવા છતાં અર્જુન શત્રુને પણ બુલંદીથી વધાવતાં કહે છે : ''રણભૂમિ પર આ પરાક્રમી વીર સર્વદા નિર્ભયપણે જ ઝઝૂમે છે.'' દુશ્મનના મુખે દુશ્મનની ખુલ્લા દિલે કરેલી પ્રશંસા પણ વીરતા માગી લે છે.

એવી જ રીતે જે અભિમન્યુને ચક્રવ્યૂહમાં સંડોવવા તલપાપડ છે, અભિમન્યુને યેન-કેન-પ્રકારેણ માત કરવા કટિબદ્ધ થયા છે તેવા આચાર્ય દ્રોણ પણ અભિમન્યુના પરાક્રમની પ્રશંસા કરતાં થાકતા નથી. કર્ણને તેઓ કહે છે : "જુઓ તો ખરા, આ પાંડવપુત્ર કેટલો રણચતુર છે ! આના જેવો બીજો ધનુર્ધારી મળવો મુશ્કેલ છે ! તમારામાં કોઈ એવો પુરુષ છે, જે આ અભિમન્યુની કોઈ એકાદી નબળાઈ જાણતો હોય ?"

બીજાની સફળતા સહન કરવા ખુદને ખૂબ શક્તિશાળી બનવું પડે.

મહાભારત યુદ્ધની એક વિશિષ્ટતા છે મહેણાં-ટોણાની વર્ષા. યુદ્ધવીરો ગમે તેટલા ધીર, વીર, પરાક્રમી હશે, પરંતુ સમય વર્તીને ગમ ખાઈ જઈ ચૂપ રહેતાં શીખ્યા નથી. મહેણાં મારવાનો માનવસ્વભાવ વ્યાસજી આલેખવાનું ચૂકે ખરા ?

અહીં ભીષણ યુદ્ધ ખેલતા ભીષ્મપિતામહને દુર્યોધન મહેણું મારે છે કે પિતામહ મૃદુ યુદ્ધ કરે છે, પાંડવો માટે સ્નેહભાવ હોવાથી પક્ષપાત રાખે છે. તે જ પ્રમાણે દુર્યોધન આચાર્ય દ્રોણને પણ છોડતો નથી. અર્જુન પ્રતિના આચાર્યના પક્ષપાતને તે વખોડે છે. અરે, યુધિષ્ઠિર જેવી શાણી વ્યક્તિ પણ અર્જુનને મહેણાં મારે છે. મહાભારત યુદ્ધમાં અસ્ત્રશસ્ત્રનો જેટલો ફાળો છે તેટલો જ ફાળો મહેણાં-ટોણાનો છે.

તો સામા પક્ષે મહેણાંના માર્યા મરવા તૈયાર થનારા પણ ઓછા નથી. યુધિષ્ઠિરના મહેણાને કારણે અર્જુન જેવી ઋજુ વ્યક્તિ પણ 'મારું કે મરું'ના આવેશમાં આવી જાય છે. જાતજાતની પ્રતિજ્ઞાઓ લેવામાં યોદ્ધાઓ શૂરાપૂરા છે. કર્ણની પ્રતિજ્ઞા એક એ કે ભીષ્મ રણમેદાનમાં હોય ત્યાં સુધી પોતે રણભૂમિ પર ગેરહાજર. બીજું કે અર્જુન સિવાયના પાંડવોને ન મારવાનાં કુંતીને આપેલ વચન અને પ્રતિજ્ઞા. દિવસ પૂરો થતાં પહેલાં જયદ્રથને મારી નાખવાની ઉતાવળ અને આંધળૂકિયાં કરીને લેવાયેલી અર્જુનની પ્રતિજ્ઞા. ભીમની પ્રતિજ્ઞા છે દુઃશાસનની છાતી ચીરી લોહી પીવું. તો શ્રીકૃષ્ણે વળી હથિયાર ધારણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી પણ છે ને તોડી પણ છે.

વળી આ બધા જ યોદ્ધાઓની ખૂબી એ છે કે એક વ્યક્તિએ લીધેલી પ્રતિજ્ઞા પૂરી કરાવવા માટે થઈને લાગમાં આવતા દુશ્મનને પણ જતો કરી દે છે.

ધરતીમાં રથનું પૈડું ખૂંચી ગયું. અર્જુન કર્ણ પર પ્રહાર કરે છે ત્યારે કર્ણ જ કહે છે : "આ વીરોચિત નથી. પ્રસિદ્ધ અને ખરો શૂર આવું ન કરે."

હથિયાર હેઠાં મૂકીને બેઠેલા ભૂરિશ્રવાને સાત્યકિએ માર્યો ત્યારે ભૂરિશ્રવાનો પિતા સોમદત્ત સાત્યકિને કહે છે : "આવું દસ્યુ જેતું કામ તેં શા માટે કર્યું ?"

યુદ્ધનું ઝનૂન માણસના મન પર કેવું સવાર થાય છે ! ક્યારેક તો આ ઝનૂન ક્રૂરતાની પરાકાષ્ઠાએ પહોંચે છે. આટલા વીર યોદ્ધાઓ, નીતિનિયમો જાળવવા ઇચ્છતા છતાં, જ્યારે વિવેકભાન ભૂલે છે ત્યારે આપણને પણ દુઃખની લાગણી ઘેરી વળે છે. મહાભારત યુદ્ધનું આ એક નબળું સોપાન પણ નોંધનીય છે.

આ તો બધી યુદ્ધ દરમિયાન પાળવાના નિયમો અને યોદ્ધાઓએ ન પાળેલી રણનીતિની વાત થઈ, પરંતુ જ્યારે મહાભારત યુદ્ધની વિશિષ્ટતાઓની વાત કરીએ ત્યારે યુદ્ધ ફરતે વીંટળાયેલી શક્ય તેટલી અન્ય હકીકતોને પણ સંભારી લઈએ.

યાદ રહે, માણસ ગમે તેટલો ફરજપરસ્ત હોય, કાર્યદક્ષ હોય, છતાંય થાક, કંટાળો અને પ્રમાદ સેવતો ક્યારેક તો થઈ જ જાય.

યુદ્ધમેદાનની લગોલગ છવાયેલી શિબિરો જેવાં વિરામસ્થાનોમાં યોદ્ધાઓ થાક ઉતારતા, ઘવાયેલા શરીરની માવજત કરતા, રાત્રિની નિદ્રા લેતા અને આરામ સાથે બે ઘડી આનંદ પણ કરી લેતા. યુદ્ધવિરામ જાહેર થતાં સૌ પોતપોતાની છાવણીમાં જઈ, ઘાવ સાફસૂફ કરી, સ્નાનાદિથી સ્વચ્છ અને સ્વસ્થ થઈ આરામ કરતા અને પ્રફુલ્લિત મનથી સંધ્યાવંદન કરતા.

આ શિબિરો કેવી હતી ? વાણી અને વર્ણનના સમર્થ સ્વામી વ્યાસજી એમના મધુર શબ્દાલંકાર દ્વારા વાસ્તવિકતાનું માધુર્ય પાથરે છે. જેમના હૈયામાં કવિત્વ ધબકે છે તેવા વ્યાસજીએ શિબિરોને મહેલોના જેવી વૈભવી આલેખી છે. શિબિરમાં પણ મહામોંઘા પલંગો બિછાવ્યા હતા. સ્નાનાગૃહોની પણ વિશિષ્ટ વ્યવસ્થા હતી. સફેદ વસ્ત્રો પહેરેલા પંદર-વીસ તરુણો ચંદનયુક્ત પાણીભરેલા સુવર્ણકુંભો લઈ તહેનાતમાં ઊભા રહેતા. સ્નાન કર્યા બાદ યોદ્ધાઓ શરીરે ચંદનલેપ કરતા અને ફૂલોની માળા ધારણ કરતા. ત્યારબાદ સેવકો મહામૂલ્યવાન અને ઝળહળતાં આભૂષણો પહેરાવતા. પછી ચંદ્રકિરણો સમાન ઉજ્જ્વળ અને સુવર્ણદંડવાળી કમનીય ચામરો ઢોળવામાં આવતી. સૌ રાજવીઓ બંદીજનો વડે લલકારાતી બિરદાવલીઓ સાંભળવામાં મશગૂલ થઈ જતા. ગીતો અને વાદ્યોના

કારણે વાતાવરણ સ્વર્ગીય બની જતું. નૃત્યાંગનાઓ નૃત્ય વડે રાજવીઓને મનોરંજન પીરસતી.

વ્યાસજી શિબિરવર્ણનમાં પણ પૂરેપૂરી સંસ્કારિતા જાળવીને, ક્યાંય રસક્ષતિ ન થાય તેની કાળજી રાખીને, વ્યક્તિ અને પ્રસંગને શિબિરના માહોલમાં વર્ણવીને પોતાની વાચા સિદ્ધ કરે છે.

મહાભારત યુદ્ધની કેટકેટલી વિશેષતાઓ વર્ણવી શકાય ? અહીં વીરતા છે, ખેલદિલી અને ખાનદાની છે. નિંદા અને પ્રશંસા બંને છે. આ યુદ્ધની ખેલદિલી તો જુઓ ! યુધિષ્ઠિર ભીષ્મ અને દ્રોણ જેવા મહાયોદ્ધાઓને, તેમને કેવી રીતે હરાવવા તેનું રહસ્ય પૂછે છે અને સમર્થ અને વિશ્વમાં અજેય એવા ભીષ્મ અને દ્રોણ પોતપોતાનાં રહસ્ય કહે છે પણ ખરા ! અહીં દુર્યોધનની ભીષ્મ-દ્રોણ માટેની નિંદા પણ છે, કર્ણના સારથિ એવા શલ્યના ઉપાલંભો પણ છે અને એ જ યોદ્ધાઓ અશ્વત્થામા, અભિમન્યુ, સાત્યકિ, કર્ણ વગેરેની પ્રશંસા પણ કરે છે. ભલે વિપક્ષી યોદ્ધા હોય, છતાંય તેઓને બિરદાવવામાં પણ કોઈ ક્યાંય કચાશ રાખતું નથી.

આ યુદ્ધની ગણાવતાં થાકીએ તેટલી નોંધનીય વાતો છે. અહીં ભીષ્મ જેવા વીર આખરે ઇચ્છામૃત્યુને વરી બાણશય્યા પર ઓગણસાઠ દિવસ ગુજારે છે. અહીં અનેક યોદ્ધાઓને દેવી-દેવતા તરફથી અસ્ત્રશસ્ત્ર અને યુદ્ધવિદ્યાઓ મળ્યાં છે. અર્જુન-સહદેવ જેવાઓને દૈવી અશ્વો પ્રાપ્ત થયા છે. અગ્નિ કે પરશુરામે આપેલા, વિશ્વકર્માએ બનાવેલા, ઇન્દ્ર વગેરે દેવોના આશીર્વાદયુક્ત દિવ્ય રથો છે. અહીં શાપ અને વરદાન પ્રમાણે પણ પ્રસંગો બને છે, આકાશવાણી પણ થાય છે અને ભીષ્મ, દ્રોણ કે દુર્યોધન જેવાના પતન વખતે દેવો-વસુઓ પુષ્પવૃષ્ટિ પણ કરે છે. અહીં દ્વેષ છે, છળકપટ છે ને સત્યપ્રિયતા પણ છે. અહીં શ્રીકૃષ્ણ પાંડવપક્ષે છે અને તેમની સેના - નારાયણી સેના કૌરવપક્ષે છે અને કૌરવોનો એક ભાઈ યુયુત્સુ પાંડવપક્ષેથી યુદ્ધ ખેલે છે. સહદેવ-નકુળના મામા શલ્ય ફક્ત ને ફક્ત દુર્યોધનની વિનંતીને માન આપીને વચનબદ્ધ થઈ કૌરવપક્ષે રહે છે અને નિષ્ઠાપૂર્વક યુદ્ધ કરે છે.

અહીં સમૃદ્ધિની છાકમછોળ વરતાય છે. રાજાઓ તો અલંકૃત છે જ, પરંતુ તેમના રથ, હાથી, ઘોડા - બધું જ સુવર્ણથી અલંકૃત છે, રત્નોથી ઝગમગે છે. અરે, ધનુષ્ય, બાણ, ગદા વગેરે આયુધોમાં સમૃદ્ધિની છાંટ વરતાય છે.

અહીં શિવ, ઇન્દ્ર, વરુણ જેવા દેવોએ અસ્ત્રશસ્ત્ર આપ્યાં છે, યુદ્ધવિજયના પાંડવોને આશીર્વાદ પણ મળ્યા છે. અનેક યોદ્ધાઓને વરદાન પણ મળ્યાં છે

અને શાપ પણ મળ્યા છે ! વ્યાસજીની કૃતિ એટલે અખિલાઈ અને આત્મીયતાનું મહાકાવ્ય. કુદરતના અફર નિયમોનું પ્રભુત્વ દર્શાવવાનું અને ધર્મપ્રાધાન્ય વર્ણવવાનું કવિ ભૂલે તેમ નથી.

આ યુદ્ધમાં ભારતના પ્રત્યેક ખૂણેથી ભાગ લેવા ક્ષત્રિયો ઊમટી પડ્યા છે, છતાં નોંધનીય છે કે બે મુખ્ય વ્યક્તિઓ યુદ્ધમાં સામેલ નથી : એક છે બલરામ, જેમનો મત છે કે કૌરવો-પાંડવો બંને યાદવોના સંબંધી છે. બલરામની પુત્રી દુર્યોધનના પુત્ર સાથે પરણાવી છે અને શ્રીકૃષ્ણના પુત્ર સાંબને દુર્યોધનની પુત્રી પરણાવી છે. તેઓ યુદ્ધ ઇચ્છતા નથી અને શ્રીકૃષ્ણની ઇચ્છા વિરુદ્ધ વર્તવા પણ માગતા નથી, તેથી બલરામ તીર્થાટને ચાલ્યા ગયા છે. અને બીજો યોદ્ધો છે રુક્મિ - રુક્મિણીનો ભાઈ, જે ઉદ્દંડ ને અભિમાની છે. એણે કૌરવ-પાંડવ બંનેને કહાવ્યું : "મદદની જરૂર હોય તો મદદ કરવા આવું." એના આ ઘમંડી શબ્દોના કારણે કૌરવ-પાંડવ બંનેએ તેને યુદ્ધમાં ભાગ લેવાની ના પાડી. બાકી તો આખું ભારતવર્ષ યુદ્ધના ઘમસાણમાં સંડોવાયું છે.

સાથેસાથે ઘટોત્કચ, અલાયુધ જેવી રાક્ષસી પ્રજાએ પણ યુદ્ધમાં સક્રિય ભાગ લીધો. તેમનાં માયાવી અસ્ત્રશસ્ત્ર અને રથ ખેંચનારાં વિશિષ્ટ પ્રાણીઓએ યુદ્ધભૂમિમાં આગળપડતો ભાગ ભજવ્યો.

ભીમ દુઃશાસનનું લોહી પીવાની પ્રતિજ્ઞા પૂરી કરે છે અને અર્જુન જ્ઞાતિ-સમાગમ નિહાળી વ્યામોહ પામે છે.

અહીં શ્રીકૃષ્ણે વિશ્વદર્શન કરાવ્યું છે અને આપણું સૌનું અંધારું ટાળવા ગીતાજ્ઞાનનો દીવડો પણ પ્રગટાવ્યો છે.

અહીં ભીષ્મ અને કર્ણનો વિખવાદ પહેલેથી જ શરૂ થયો છે. જેમ દેવદાર અને સાગ એકબીજાની છાયામાં ઊગતાં નથી, તેમ ભીષ્મ અને કર્ણ એકસાથે રણભૂમિ પર ઊભા રહેવા તૈયાર નથી. તે છતાં બાણશય્યા પર સૂતેલા ભીષ્મને કર્ણ આંસુભરી આંખે મળવા જાય છે. ભીષ્મ પણ કર્ણ પ્રત્યે વાત્સલ્યભાવ દર્શાવે છે ત્યારે થાય કે વ્યક્તિ ગમે તેટલી મહાન હોય, જિંદગીમાં ક્યારેક ને ક્યારેક તો એણે પશ્ચાત્તાપની આગમાં શેકાવું જ પડે છે. અહીં ભીષ્મ અને કર્ણ બંને આ સંજોગોમાંથી પસાર થતા લાગે.

આ બધી વિશિષ્ટતા ઉપરાંત એક એવી વિશિષ્ટ ઘટના બની છે, જે વાંચીને આપણે અવાચક થઈ જઈએ. અઢાર-અઢાર દિવસના યુદ્ધને અંતે યુધિષ્ઠિર શું કરે છે ?

બુદ્ધિહીન (અને છતાં નસીબદાર !) યુધિષ્ઠિર અઢાર દિવસના મહાયુદ્ધ બાદ પાંડવોને મળેલા વિજયને, દુર્યોધન સાથેના દ્વંદ્વયુદ્ધમાં હોડમાં મૂકી, પાંડવોના શિરે ફરી પાછી લટકતી તલવાર ઝુલાવે છે. હદ થઈ ગઈ છે ક્ષત્રિયોની જુગારલતની !

યુદ્ધ દરમિયાન પણ વ્યાસજી કોઈની ઊણપ, દોષ કે વિવેકહીનતાને ઢાંકવાની ચેષ્ટા નથી કરતા, કારણ, વ્યાસજી ધર્મ અને સત્યના ઉપાસક છે.

યુધિષ્ઠિરની આ હોડ સાંભળી અત્યંત ગુસ્સે થયેલા માનવસ્વભાવી શ્રીકૃષ્ણ કહે છે : "દુનિયામાં કોઈ એવો મૂર્ખ હશે ખરો, જે તમામ શત્રુઓને જીતી લીધા પછી એક જ દુશ્મનના હાથમાં આખરી દાવ સોંપી દે ?"

મહાભારતની યુદ્ધભૂમિ એટલે વિશિષ્ટતાથી ભરેલું રણાંગણ, જેમાં રોમાંચ ખડાં કરી દેતું દ્રોણપર્વ અને બીભત્સરસભર્યું સૌપ્તિકપર્વ નોંધનીય બન્યાં છે.

આ યુદ્ધભૂમિ એટલે કલ્પનાતીત શૌર્ય, ઔદાર્ય, વચનબદ્ધતા, પ્રતિજ્ઞાબંધન, સ્નેહ અને વેરના સામસામા છેડા. ધર્મ અને અધર્મનાં જ જાણે દ્વંદ્વયુદ્ધ.

પરંતુ આખરે સ્વીકારીએ કે -

"જ્યાં ધર્મ છે ત્યાં શ્રીકૃષ્ણ છે અને જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં જય છે."

મહાભારત યુદ્ધની એક વાત યાદ રાખવા યોગ્ય છે કે યુદ્ધના અંતે માણસને કાંઈ જ મળતું નથી, કારણ, યુદ્ધ પોતે જ નિષ્ઠુર છે, કરુણ ઘટના છે. યુદ્ધના અંતે તો સૌને મળે છે વિષાદ, વિષાદ અને વિષાદ !

□

4
રાત્રિયુદ્ધ



આપણે પૃથ્વી પર રહીએ છીએ અને દેવો તો સ્વર્ગમાં રહે છે, તો આપણે કોને પૂછીએ કે કાવ્યરસ સ્વાદિષ્ટ છે કે અમૃત સ્વાદિષ્ટ છે ? શોધીએ તો જવાબ કંઈક આવો મળે કે કાવ્યનો આસ્વાદ પામવો હોય તો 'મહાભારત' મહાકાવ્યનો આસ્વાદ લેવો, જે અમૃતતુલ્ય જ છે.

સાચું જ કહ્યું છે કે કુશળ કવિ ઉત્તમ કાવ્ય રચી જાણે છે, પરંતુ તેની ખ્યાતિ તો કાવ્યનો આસ્વાદ પારખનારા સુજનો વડે જ ફેલાય છે.

'મહાભારત' એવું આસ્વાદ્ય કાવ્ય છે કે તે ગમે તેટલી વખત વાંચો, કાંઈક તો નાવીન્ય દરેક વખતે અનુભવાય જ, તેથી જ છીપમાં છુપાયેલા મોતીની માફક તેનો આદર થતો રહ્યો છે, તેની અણમોલતા ઓળખાઈ છે.

શુક્રાચાર્યની સંજીવનીવિદ્યા દાનવોને પણ સુખ આપનારી હતી અને મૃતને પણ બેઠા કરવાની ક્ષમતા ધરાવતી હતી, તેમ 'મહાભારત'કથા પણ સંજીવનીનું કાર્ય કરે છે, તેથી જ 'મહાભારત'ની જેટલી પ્રચંડ કીર્તિ છે તેટલી જ પ્રચંડ આપણી તેના પ્રતિની પ્રીતિ છે.

સત્ય છે કે ધર્મયુદ્ધના નિયમો શાંતિના સમયમાં ઘડાય છે, એટલે તે વાંચવા,

સાંભળવા કે સમજવા ગમે છે; પરંતુ એક વાર યુદ્ધ શરૂ થાય પછી બધા જ નિયમો એક પછી એક ભુલાવા લાગે છે. યુદ્ધના નિયમો યુદ્ધ શરૂ થતાં પહેલાં બંને પક્ષની સંમતિથી જ ઘડાયા હોય છે, છતાં કોઈ એક પક્ષ અધીરતાથી કે ઉદ્દંડતાથી નિયમભંગ કરવો શરૂ કરે છે અને પછી બંને પક્ષે એ પરંપરા ચાલુ રહે છે.

મહાભારત યુદ્ધમાં પણ એમ જ બન્યું. સૂર્યાસ્ત પછી યુદ્ધ ન કરવાનો નિર્ણય લેવાયો હતો, પરંતુ જેમજેમ યુદ્ધ ખેલાતું ગયું તેમતેમ એક પછી એક નિયમો કોરાણે મુકાતા ગયા અને યુદ્ધમાં આકસ્મિક વળાંક આવ્યો.

'દ્રોણપર્વ'માં જયદ્રથના વધ પછી અર્જુન, ભીમ અને સાત્યકિના અતુલ્ય પરાક્રમને કારણે કૌરવસેના સતત હારતી રહી. કૌરવપક્ષે નિરાશા છવાઈ ગઈ. દ્રોણાચાર્યે સેનાપતિપદ ગ્રહણ કર્યાના ચોથા દિવસની રાત્રિથી, એટલે કે યુદ્ધના ચૌદમા દિવસ પછીની રાત્રિથી અચાનક રાત્રિયુદ્ધ શરૂ થઈ ગયું.

અને જાણે વેર છોડી શકાતું જ ન હોય તેમ કેવળ સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છાથી મરણિયા બનીને બંને પક્ષના વીર યોદ્ધાઓ યુદ્ધ ખેલવા લાગ્યા. ભયાનક યુદ્ધનું વાતાવરણ જામ્યું. રણભૂમિ અંધકાર અને ધૂળના ગોટેગોટાથી એવી તો ઢંકાઈ ગઈ કે બંને પક્ષના યોદ્ધાઓ પરસ્પર ઓળખી પણ શકતા ન હતા, એટલે કોણ પોતાના પક્ષનું અને કોણ સામા પક્ષનું તે કળવું મુશ્કેલ બની ગયું. ફક્ત કર્ણેન્દ્રિય પર આધાર રાખીને યુદ્ધ લડાતું હતું. યોદ્ધાઓ કેવળ નામોચ્ચાર કરતા કે ગોત્રનું નામ બોલીને પોતાની ઓળખ આપતા હતા, એટલે આખેઆખું રાત્રિયુદ્ધ કેવળ અનુમાન પર આધારિત જ બની ગયું. ભૂલ થવાની સંભવિતતા પૂરેપૂરી !

એમાંય પાછી ઊડતી રજને કારણે દૂષિત થયેલી દિશાઓ, રણભેરીના હૃદયભેદી નાદના પડઘાઓને કારણે સમગ્ર વાતાવરણ વધુ ભયાનક બની ગયું.

ઘોર અંધકારભર્યા વાતાવરણના કારણે ભયભીત બનેલા ચિત્તવાળા મહારથી યોદ્ધાઓ ભાન ભૂલીને અંદરોઅંદર જ એકબીજાનો વધ કરવા લાગ્યા - તે એટલે સુધી કે પિતાએ પુત્રને માર્યા અને પુત્રે પિતાને માર્યા. મિત્રે મિત્ર સામે હથિયારનો વાર કર્યો. અંધકાર એટલો ગાઢ હતો કે સૌએ આત્મીય જનોને પણ ભ્રમિત બનીને રહેંસી નાખ્યા.

યોદ્ધાઓ સંગ્રામક્રીડામાં અતિ ચતુર હોય છે, પણ અંધકારના સામ્રાજ્ય પાસે સૌ લાચાર થઈ ગયા, છતાં યુદ્ધઝનૂન એટલું પ્રબળ હતું કે કશું જ દેખાતું ન હોવા છતાં કોઈ યોદ્ધો અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ કરવામાં પાછો પડતો ન હતો.

બંને પક્ષે સૈન્યમાં અમુક પ્રમાણમાં નાસભાગ પણ થતી હતી, જેથી પોતે બચી શકે અને શત્રુદળ પર છાપો મારી સંહાર પણ કરી શકે.

પાતાળગુહામાં ઢગલો થઈને પડતી તિમિરભરી રાત્રિ એટલી બધી ગાઢ અંધારભરી બની હતી કે કૌરવપક્ષના સેનાપતિ દ્રોણાચાર્યે પદાતિઓ પાસે પ્રજ્વલિત દીવાઓ ધારણ કરાવ્યા.

કૌરવસેનાના દરેક રથ ઉપર પાંચ-પાંચ દીપકો મૂક્યા, હાથીઓ ઉપર ત્રણ-ત્રણ અને ઘોડાઓ આગળ એક-એક દીવો રાખવામાં આવ્યો. આખી કૌરવસેના ઝળહળી ઊઠી અને સેનામધ્યે ઊભેલા દ્રોણાચાર્ય અગ્નિની જેમ પ્રકાશી રહ્યા.

કૌરવસેનાએ દીપકો પ્રગટાવ્યા તે જોઈને યુધિષ્ઠિરે પણ પાંડવસેનાના પાયદળના યોદ્ધાઓને દીવા પ્રગટાવવાની આજ્ઞા કરી. રથ ઉપર દસ-દસ, હાથી ઉપર સાત-સાત અને ઘોડાઓ આગળ બબ્બે દીવાઓ રખાવ્યા. તે ઉપરાંત પદાતિઓ મોટી મશાલો હાથમાં રાખીને સેનાની પાછળ તથા મધ્યે ગોઠવાઈ ગયા. ખૂબી તો એ હતી કે પદાતિ એક હાથમાં દીવો કે મશાલ ઝાલતો અને બીજા હાથે શસ્ત્રપ્રહાર પણ કરતો હતો.

સ્વભાવે શૂરવીર, શસ્ત્રપ્રયોગ જાણનાર, સ્વામી પર સ્નેહ રાખનાર, શ્રમ કરવામાં વિજયી અને વિશેષ કરીને તો ક્ષત્રિય હોય તેવું શ્રેષ્ઠ પાયદળ પહેલાં યુદ્ધ કરે છે, પછી સઘળા સૈન્યનું પાલન કરે છે અને ત્યારબાદ દિશા અને માર્ગ શોધી પોતાના અને સામા પક્ષના યોદ્ધાને શોધી કાઢે છે.

હવે રણમેદાન કેવું બન્યું ?

સ્થળે-સ્થળે દીવાઓની જ્યોત પ્રગટવાથી શ્યામ રાત્રિ મધ્યે કપિલ જ્યોતિ જેવાં ઝબૂકતાં શસ્ત્રો વડે આકાશ ઢંકાઈ ગયું. યોદ્ધાઓનો ઉત્સાહ બમણો થઈ ગયો. "ચંદ્ર ખીલે અને કુમુદિની પ્રફુલ્લિત થાય તેમ યોદ્ધાઓનો વીરરસ સ્પષ્ટ ખીલતો દેખાયો."

યોદ્ધાઓ મરણિયા બનીને પથ્થર કે પૈડાં, જે કાંઈ હાથમાં આવ્યું તેનો પણ ઉપયોગ કરવા લાગ્યા. 'હાથે ચડ્યું તે હથિયાર' ધારણ કરીને ક્રોધાગ્નિથી એકબીજાનાં મસ્તકને છેદી ધરાશાયી કરી નાખતા. અમુક યોદ્ધા તો શત્રુનું શિર કપાય કે તેને હાથમાં ધરી રાખી યુદ્ધ લડવાનું ચાલુ રાખતા. યોદ્ધાઓનાં મોઢાં પણ લોહીથી ખરડાયેલા હોવાથી રાત્રિને કારણે અત્યંત વિકરાળ દેખાતાં હતાં.

રાત્રિયુદ્ધનું વર્ણન ટૂંકું છતાં રસભર્યું છે. એમ જ કહી શકાય કે રાત્રિયુદ્ધમાં

વીરતા કરતાં ક્રૂરતાનો પડછાયો મોટો પડતો હતો. ચારેય બાજુથી સેનાનો ભયંકર અવાજ આવતો હતો અને વડવાનલ ફાટ્યો હોય તેવા ક્રોધે ભરાયેલા સૈનિકોના હાકોટા-પડકારાના ઘોષ-પ્રતિઘોષ અથડાતા હતા.

યુદ્ધભૂમિમાં પણ આ કવિને શૂરવીરોની શોભા વર્ણવવી ગમે છે. કવિ કહે છે : "ક્રોધથી કંપતા, લાલચોળ આંખોવાળા અને લોહીથી ખરડાયેલા શૂરવીરોનાં મુખ વાયુથી ડોલતાં મોટાં કમળોની જેમ શોભતાં હતાં."

ઘડીક પહેલાં કમળની કોમળતાની વાત કરતા વ્યાસજી અચાનક ભયાનક વાતાવરણ ખડું કરી દે છે. તેઓ કહે છે : "મહાવનમાં દાવાનળ ભભૂકે ત્યારે તેનું તેજ જેમ સૂર્યપ્રભાને પણ ઝાંખી પાડી દે, તેમ પ્રકાશથી પ્રદીપ્ત એવી તે બંને સેના ભયંકર દેખાવની થઈ ગઈ." પાછું તેઓ ઉમેરે છે : "સૂર્યના તેજનો સંપર્ક થવાથી અગ્નિનું તેજ અતિશય વધી જાય, તેમ મશાલોના પ્રદીપ્ત પ્રકાશથી સેનાઓનો પ્રકાશ પણ અત્યંત વધી ગયો."

ઉપરાઉપરી બે શ્લોકોમાં સૂર્યની દાવાનળ તથા અગ્નિ સાથે સુંદર સરખામણી કરી છે, છતાં પુનરાવર્તન દોષ હોય તેવું અનુભવાતું નથી, કારણ કે ક્ષણેક્ષણે અવનવા રંગો ધારણ કરી માનવમનના ખૂણેખૂણાને પ્રગટ કરતી કથા હોવાથી તે નિત્યનવીન જ લાગે છે.

"દીપકોના તેજથી સર્વ સેનાઓ પ્રકાશિત થઈ રહી હતી. સુવર્ણનાં મહામૂલ્યવાન આભૂષણોમાં, શુદ્ધ સુવર્ણકંઠીઓમાં, ધનુષ્યોમાં અને પાણી પાયેલાં શસ્ત્રોમાં અગ્નિની પ્રભા પ્રતિબિંબિત થઈ ઝબકવા લાગી ગઈ..." "ઋષ્ટિ, શક્તિ, ગદા, મુશળ, ફરસી, પટ્ટીશ જેવાં ચળકતાં અસ્ત્રશસ્ત્રને કારણે ભડભડ અગ્નિ બળી રહ્યો હોય તેવું દૃશ્ય નજર સમક્ષ ખડું થયું." આમ, સમગ્ર રીતે જોતાં પ્રદીપ્ત શસ્ત્રોને કારણે યુદ્ધભૂમિ તેજલિસોટાથી ઝગમગતી હતી.

ચોપાસ ઘૂમી રહેલા રાજાઓનાં છત્ર, કેશમાંથી બનાવેલી ચામરો, પ્રજ્વલિત ઉલ્કા જેવાં શસ્ત્રો, હાલકડોલક થતી સુવર્ણમાળાઓ - એ બધું જ પેલા દીપપ્રકાશથી ઝબકતું હતું.

રથોનાં શીંકાંઓ ઉપર રહેલી ગદાઓ, પરિઘો અને શક્તિઓમાં ઝબકતી ઉજ્જ્વળ દીપપ્રભા તેનાં કિરણોના ફેલાવાના કારણે જાણે કે નવા-નવા પ્રદીપ્ત થતા દીપકો ઉપજાવી રહી હતી.

પ્રલયવાયુથી એકબીજા સાથે અથડાતાં વાદળોના ગોટેગોટ જેવી ધૂળથી પણ રણભૂમિ છવાઈ જતી હતી અને જાણે વાદળોના અથડાવાથી ઉત્પન્ન થતી

વીજળીની જેમ શસ્ત્રો પણ ઝગારાં મારતાં હતાં, પરંતુ વીજળીના ચમકારાથી રાત્રિના અંધકારની ભીષણતા તૂટતી નથી, ઊલટી વધુ તીવ્ર બને છે.

"વીરોએ ઉછાળેલાં લોહીભીનાં પાણીદાર શસ્ત્રો અને યોદ્ધાઓનાં કવચો વર્ષાકાળે આકાશમાં ચમકતી વીજળી જેવી પ્રભા ઉત્પન્ન કરતાં હતાં." દુંદુભિનો ઘેરો ઘોષ, હાથીઓની ચિંઘાડો, ઘોડાઓના હણહણાટો, ધનુષ્યના ટંકારવ અને યોદ્ધાઓનાં મસ્તક રણમાં રોળાય ત્યારે ઊઠતી મરણચીસના ક્લેશમય અવાજોથી રણભૂમિ ભયાનક ભાસતી હતી. કાળ જાણે પોતાનું મુખ ફાડીને ઊભો હતો અને યોદ્ધાઓનાં મસ્તકો તેમાં હોમાતાં જતાં હતાં.

વ્યાસજી પોતે આ રાત્રિયુદ્ધ કેવુંક વર્ણવે છે તે વાંચો : "જાણે મેઘાચ્છાદિત દિવસ જેવું, શસ્ત્રોના સંઘાતરૂપી પ્રચંડ વાયુથી વ્યાકુળ, વિશાળ રથોરૂપી વાદળોથી છવાયેલું, મેઘગર્જના જેવા લાગતા રથોના ગડગડાટભર્યું, ઘોડાઓના હણહણાટથી ધમધમતું તેમ જ શસ્ત્રોથી વીંધાયેલાઓના રુધિરરૂપી વરસતી જલધારાથી તે ભરપૂર હતું."

વ્યાસજી આ એક જ વાક્યમાં કેટકેટલાં ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક જેવા અલંકારોથી વાણીને શણગારે છે !

"યુદ્ધ તે છે જેમાં ચિત્તની સ્થિરતા, બુદ્ધિની ચપળતા અને અસ્ત્રશસ્ત્રનું જ્ઞાન જોઈએ" એવું કહેતા વ્યાસજી એક સર્જક તરીકે પ્રયોગશીલ રહીને આપણને કથાપ્રવાહમાં સતત વહેતા રાખે છે, કથાતંતુ સાથે જકડી રાખે છે અને એ જ છે એમની શૈલી સાથેનું ગઠબંધન.

વન, પ્રાણી, પક્ષી જેવાં પ્રકૃતિનાં તમામ તત્ત્વોને હૃદયસ્થ રાખનાર વ્યાસજીને ખૂંખાર જંગ ખેલતા યોદ્ધાને જોઈને પણ વચ્ચેવચ્ચે કમલપુષ્પો, મેઘઘટા, વાદળ અને વીજળી જેવી અનેક લલિત-કોમલ અને કરાલ ઉપમાઓ હૈયે ચઢે છે.

વ્યાસજી કાવ્યમાં અસામાન્યપણું દર્શાવતા નથી, પણ તેઓ સામાન્યથી કેટલા પર છે તે બતાવીને પોતાની અસામાન્યતા પુરવાર કરે છે.

વ્યાસજીને રાત્રિયુદ્ધ દરમિયાન પણ એકએકથી ચડિયાતી ઉપમાઓ હૈયે ઊભરાય છે : ચારેય બાજુએ હજારો દીવાઓ પ્રકાશિત હતા ત્યારે રણભૂમિ કેવી લાગતી હતી ? "નક્ષત્રોથી પ્રકાશતા આકાશ જેવી અથવા તો પ્રલયકાળે લોકોના વિનાશસમયે બળી રહેલી પૃથ્વી જેવી અથવા તો વર્ષાકાળે રાત્રિઓમાં આગિયાઓનાં ઝુંડથી યુક્ત વૃક્ષોના જેવી દેદીપ્યમાન."

પૃથ્વી જાણે વીરભોગ્યા બની હોય તેમ આખી રણભૂમિ મુડદાંઓના ઢગથી ઊભરાઈ ગઈ હતી.

રાત્રિયુદ્ધ દરરોજ ચાલુ જ રહે છે. વ્યાસજીની વર્ણનશક્તિની કમાલ માણીએ : "ઘોર અંધકાર અને સુસવાટા મારતા પવનમાં એ વિશાળ રણભૂમિ પર ઊંબાડિયાંની માફક બળતી સેંકડો મશાલો સાથે ઘૂમતા યોદ્ધાઓને લીધે જાણે સમગ્ર પૃથ્વી સળગી ઊઠી હોય તેવું દેખાતું હતું." "તે મહારાત્રિઓ ગ્રહો, નક્ષત્રો, તારાઓથી ઝળાંહળાં થઈ ઊઠી, જાણે આકાશનું મહામૂલ્યવાન વસ્ત્ર હોય તેમ ! ચારેય તરફ પ્રેક્ષણીય વાતાવરણ છવાઈ ગયું !"

વ્યાસજીને મહાભારતના ભયંકર યુદ્ધમાં અને તેમાંય રાત્રિયુદ્ધના અતિ ભયાનક, રૌદ્ર અને ભલભલા વીરોની છાતીનાં પાટિયાં બેસી જાય તેવા ભયંકર વાતાવરણને વર્ણવવામાં પણ કેવી-કેવી ઉપમાઓ સૂઝે છે ! વળી તેઓ ઉમેરે છે : "મણિઓ અને સુવર્ણના અલંકારોથી વિભૂષિત સૈન્ય નક્ષત્રોથી શોભતા આકાશ જેવું શોભતું હતું !" "બાજુબંધ, કુંડળો, કવચો અને શસ્ત્રોથી સૈન્ય રાતે પણ ચમકતું !" યુદ્ધકાળે પણ અલંકારોને વિભૂષિત કરી દાખવે છે આ સૌંદર્યસ્નેહી મહાકવિ. એમને તો માત્ર માણસમાં જ રસ છે એવું ક્યાં છે ? એમને તો સુવર્ણથી વિભૂષિત હાથીઓ, રથો, ઘોડાઓ, શસ્ત્રો - બધુંય વીજળીના ઝબકારાથી ચમકતાં વાદળાં જેવાં દેખાય છે.

યુદ્ધનું અને સૈન્યનું વર્ણન એવું તો આબેહૂબ આલેખ્યું છે કે જાણે સૈન્ય ચિત્રવત્ સ્તબ્ધ બનીને આપણી સામે ઊભું ન હોય ! સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ બાબતનું વર્ણન કરીને વ્યાસજીએ પોતાની સૂક્ષ્મ કલાદૃષ્ટિ અને અદ્‌ભુત કાર્યસિદ્ધિનાં આપણને દર્શન કરાવ્યાં છે.

અનુકંપાભરેલા આ કાવ્યમાં રાત્રિયુદ્ધ જેવી ભીષણ બાબતને પણ કલાત્મક રીતે વણીને આપણને રસતરબોળ કર્યાં છે, તે જ વ્યાસજીની શબ્દસિદ્ધ આત્મજ્યોત.

ખટરાગની તરડ સાંધી દેવાની ગુંજાઈશવાળા આ ઉત્તમ કલાકારે ભીષણતામાં પણ માધુર્ય ભેળવીને અનોખું આકર્ષણ જમાવ્યું છે.



5

મહારથીઓના રથ



વાગ્દેવીનું વરદાન પ્રાપ્ત કરીને અવતરેલા મહામના મહર્ષિ વેદવ્યાસ એટલે વિશ્વકવિ, જેમણે વિશ્વની તમામ વાતોને વણી લઈને ભાતીગળ 'મહાભારત' રચ્યું. ખૂબી તો એ છે કે તેમાં એક પણ પ્રસંગ કે વર્ણનને તેમણે અકારણ લંબાવ્યું નથી કે નથી કોઈ પ્રસંગ કે પ્રાપ્ત પરિસ્થિતિને ઉવેખી. વ્યાસજીની કૃતિનો પ્રત્યેક શબ્દ સહેતુક જ છે.

જેમ યોદ્ધાઓનાં અડાબીડ વ્યક્તિત્વ આલેખ્યાં છે, તેમ મહાભારત યુદ્ધ દરમિયાન વપરાયેલા રથો અને તેમનું વર્ણન, સારથિઓ, આયુધો, ધજાપતાકા - સર્વનું પણ યથાયોગ્ય મહત્ત્વ તેમણે આંક્યું છે. ચિત્તને આકર્ષિત કરવાની શક્તિ ધરાવતા 'મહાભારત'ના કર્તાને મન વ્યક્તિ અને વસ્તુ - બધું જ મહત્ત્વનું છે. કોને વખાણવા અને કોને વખોડવા એવી દ્વિધા એમને ક્યાંથી ? સ્થાવર-જંગમ દરેક પરની પ્રીતિ એ વ્યાસજીનો સ્થાયી સ્વભાવ હોવાથી રથ વગેરેના વર્ણનમાં પણ પ્રસન્નતા જ ઊભરાય છે.

યુદ્ધકથા ભલે રમ્ય અને રોમાંચિત લાગતી, પણ નિષ્ઠુર યુદ્ધ ક્યારેય રમ્ય લાગતું નથી, કારણ, યુદ્ધના અંતે હારેલો પક્ષ કે જીતેલો પક્ષ - કોઈ સંપૂર્ણ આનંદ ભોગવી શકતો નથી, કારણ, વિજય પણ મફતમાં મળ્યો હોતો નથી.

અનેક પ્રકારના અપાર ખુવારી પછી જ વિજય મળે છે. એવો વિજય ખરેખર તો કોને પ્રિય લાગે ?

શાંતિના ભોગે કાંઈ પણ ન કરવું એ સિદ્ધાંત પ્રતિપાદિત કરતા મહર્ષિ વ્યાસજી માનવપ્રેમી હોવાથી વ્યક્તિને ગૌરવ આપે છે, તે જ રીતે નિર્જીવ ગણાતી રથ, ધજાપતાકા જેવી વસ્તુઓને પણ યથોચિત ગૌરવ આપવું તેઓ ચૂકતા નથી.

તેથી જ જુઓ ને, મહાયોદ્ધાઓના રથની શોભાને કેટકેટલી રીતે વર્ણવી છે ! પોતાની કૃતિને મધુર અને રોચક બનાવવા નાની-નાની બાબતોને વર્ણવવામાં પણ તેમણે ભારે જહેમત લીધી છે. બહેલાવીને વાત કહેવાની તેમની આગવી શૈલી છે.

શ્રીકૃષ્ણનો રથ

નોંધનીય છે કે 'મહાભારત'માં આમ જોઈએ તો કોઈ એક મુખ્ય નાયક જ નથી. ભીષ્મ, કૃષ્ણ, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, અર્જુન, યુધિષ્ઠિર - બધા જ નાયક જેવા લાગે છે, છતાંય એ પણ સ્પષ્ટ વર્તાય છે કે જેમણે ક્યારેય રાજવીપદ પ્રાપ્ત કરવાની સ્પૃહા રાખી નથી, રાજવીપદ સ્વીકાર્યું નથી, એવા શ્રીકૃષ્ણ ભલે છેક દ્રૌપદીસ્વયંવર વખતે તખતા પર આવ્યા છે, છતાંય આખી 'મહાભારત'કથામાં તેઓ છવાઈ ગયા છે. એક રાજા કરતાંય વધુ માનનીય બની રહ્યા છે એવા શ્રીકૃષ્ણના રથનું પણ આગવું ગૌરવ આલેખી વ્યાસજીએ પોતાની કૃષ્ણપ્રીતિ જ દર્શાવી છે.

સ્વચ્છ-ધવલ કાન્તિ ધરાવતા ચંદ્રકાન્તમણિ અને જેણે સઘળી દિશાઓના છેડા શણગાર્યા છે એવા તેજસ્વી સૂર્યકિરણો ફેલાવતા સૂર્યકાન્તમણિ, મરકતમણિ વગેરેથી ચોપાસ જેનું જડતર થયું છે તેવો ઝળહળતો શ્રીકૃષ્ણનો રથ સર્વાંગે સુવર્ણથી મઢેલો હોવાથી અત્યંત આકર્ષક લાગતો હતો. રથનાં ચક્રો પણ સુવર્ણમઢ્યાં હોવાથી એમની આભા અનોખી દીપી ઊઠતી હતી. રથની અંદરનો ભાગ પણ સુવર્ણસાજને કારણે સૂર્યપ્રકાશમાં એવો તો ઝગમગતો હતો, જાણે ધરતી પર નભનું તારામંડળ ઊતરી આવ્યું.

અનેક પ્રકારના મણિઓથી વિભૂષિત કર્યો હોવાથી આખો રથ નવોદિત સૂર્ય સરખો પ્રતાપી અને અદ્ભુત દેખાતો હતો.

વિશ્વકર્માએ બનાવેલી દિવ્ય ધ્વજની યષ્ટિ (દંડ) વિવિધ રત્નોથી સુશોભિત તથા જાણે કે ઊંચે ઊઠેલી માયા જેવી દેખાતી હતી. ધ્વજદંડના ઉપરના ભાગમાં

પ્રભામંડળનાં કિરણોથી યુક્ત સર્પશત્રુ ગરુડરાજ સત્યનિષ્ઠ શ્રીકૃષ્ણના ચિહ્નરૂપે દેખાતો હતો.

આ રથની ગતિ પણ કેવી હતી ? જેટલી શીઘ્રતાથી શ્રીકૃષ્ણ પોતાના નિર્ણયો અને વિચારો વ્યક્ત કરતા હતા, તેટલી જ ઝડપથી આ રથ પણ ગતિમાન રહેતો, કારણ ?

કારણ એ જ કે આ રથને ખેંચતા અશ્વો પણ વિશિષ્ટ હતા. મનોવેગી અશ્વો હતા. બલાહક, મેઘપુષ્પ, સુગ્રીવ અને શૈબ્ય નામધારી અશ્વોમાં એક અશ્વ લીલા રંગનો, એક રાખોડી રંગનો, એક બરફ જેવો શ્વેત અને એક આકાશી રંગનો હતો અને તેથી દરેકનો દેખાવ એકબીજાથી અલગ તરી આવતો હતો.

રથની જમણી ધૂંસરીને શૈબ્ય ઊંચકીને ચાલતો હતો, તો સુગ્રીવ ડાબા ભાગની ધૂંસરીને સંભાળતો હતો. બંને પડખે મેઘપુષ્પ અને બલાહક ભાર વહન કરતા હતા.

ચારેય અશ્વો જાણે આકાશને ગળી જવા માગતા હોય તેમ અત્યંત વેગથી પૃથ્વીને ખરીઓ વડે ખોદી નાખતા હતા. બળવાન અને ચપળ અશ્વો આગળ વધવા થનગનતા હતા.

આ દેદીપ્યમાન રથનો સારથિ દારૂક હતો, જે શ્રીકૃષ્ણના મનોભાવોને ક્ષણમાં વાંચી લેનારો કુશળ સારથિ હતો અને રથસંચાલનમાં અત્યંત પ્રવીણ હતો.

કહે છે કે શ્રીકૃષ્ણ અને બલરામ જે ધ્વજોની પૂજા કરતા હતા તે તાલ અને ગરુડ નામવાળા મહાધ્વજો, જ્યારે યાદવાસ્થળી થઈ ત્યારે અપ્સરાઓ આવીને લઈ ગઈ અને રથ, અશ્વો તથા સારથિ દારૂક સમુદ્રમાં સમાઈ ગયા હતા.

અર્જુનનો રથ

મહાભારત યુદ્ધને યાદ કરીએ કે તરત 'ગીતા'જ્ઞાન આપતા રથારૂઢ શ્રીકૃષ્ણ અને ધ્યાનપૂર્વક શ્રવણ કરતો વિનમ્ર અર્જુન જ આપણી આંખ સામે તરવરે છે અને એટલું જ ધ્યાન ખેંચે છે પેલો દિવ્ય રથ અને તેને જોડેલા પ્રતિભાવાન અશ્વો.

શિલ્પસ્થાપત્યનિષ્ણાત વિશ્વકર્માએ સત્યયુગમાં સ્વર્ગલોક રચ્યું, ત્રેતાયુગમાં રાવણની લંકા બનાવી, એ જ વિશ્વકર્માએ દ્વાપરયુગમાં પાંડવો માટે હવામાં ઊડી શકે તેવા શક્તિમાન રથો અને બીજાં આયુધોનું તાંત્રિક નિર્માણ કર્યું હતું.

જેણે શિવ, ઇન્દ્ર વગેરે દેવતાઓને તપ કરીને રીઝવ્યા છે, અનેક અસ્ત્રશસ્ત્ર

અને વરદાનોની પ્રાપ્તિ કરી છે તેવો ધીર, વીર, પરાક્રમી અને છતાંય અત્યંત ઋજુ સ્વભાવનો અર્જુન જ્યારે રથ મધ્યે શોભતો હોય ત્યારે રથની શોભામાં ચાર ચાંદ ઉમેરાય છે, કારણ ? કારણ, શ્રીકૃષ્ણ જેવા સારથિના હાથમાં રથના અશ્વોની લગામ શોભે છે.

એથી તો રથના વર્ણનમાં વ્યાસજીના કવિત્વને ખીલવાનો ઉત્સાહ દ્વિગુણિત વર્તાય છે. ચંદ્રની કાંતિથી જેમ સમુદ્રના પાણીમાં ભરતી આવે, તેમ અર્જુનના રથવર્ણનમાં વ્યાસજીના સમુદ્ર સરખા કવિત્વમાં પણ ભરતી આવે છે.

હજાર સૂર્ય ઊગ્યા હોય તેવો તેજસ્વી રથ તેનાં સુંદર પૈડાંઓને કારણે વધુ શોભતો હતો. સેંકડો ઘૂઘરીઓથી ઘમકતો, અત્યંત કિંમતી મણિરત્નોથી સુશોભિત રથ સૌકોઈનું મન હરી લેતો હતો.

અને પેલા બગલાની પાંખ જેવા શ્વેત અશ્વોની રાશ જ્યારે શ્રીકૃષ્ણના હાથમાં રમતી હોય ત્યારે તો એ રથની આભા કાંઈક અલગ જ હોય ને ! જેની ધજામાં હનુમાન બિરાજતા હતા, તે રથમાં હાથમાં ગાંડીવ ધનુષ્ય સાથે બાણ લઈને બેઠેલો અર્જુન જાણે ઇન્દ્ર સમો શોભતો હતો.

ઇન્દ્રધ્વજ જેવી ઉન્નત અને વાનરશ્રેષ્ઠ હનુમાનના ચિહ્નવાળી રથની ધજા ઇન્દ્રધનુષ અને વજ્રના જેવી તેજસ્વી હતી. (જ્યારે કોઈ પણ ઉત્સવ ઊજવાતો ત્યારે તેના શુભારંભ સમયે એક ખૂબ ઊંચો સ્તંભ વિધિપૂર્વક રોપવામાં આવતો અને તેના પર ધજા ફરકાવવામાં આવતી. આવી ધજાને ઇન્દ્રધ્વજ કહેવામાં આવતી.)

ભવિષ્યમાં અતિ પરાક્રમ કરીને યશ અને વિજય પ્રાપ્ત કરનારા અર્જુનના રથની ધજાને 'ઇન્દ્રધ્વજ' તરીકે ઓળખાવી વ્યાસજી એક ખાસ સંકેત આપે છે. આ જ છે કવિનું જ્ઞાન અને કવિત્વકૌશલ. વાણી અને વર્ણનના સમર્થ સ્વામીને આવી ઉપમા જ સાંભરે.

અર્જુન અખૂટ બાણોનું વરદાન પામેલો છે, એથી એનો રથ બાણોથી ભરેલો હોય તેમાં શી નવાઈ ! પરંતુ સૌંદર્યઝરણું વહેતું રાખનાર કવિ કહે છે : "સુંદર પૂંખોવાળાં તીક્ષ્ણ બાણોથી છવાયેલો અર્જુનનો તે રથ સેંકડો ઉલ્કાઓથી ઝળહળતો અને ધરતી ઉપર પડેલા વિમાન જેવો લાગતો હતો."

બાણોના ઢગલાને પણ રળિયામણો આલેખી બાણની કઠોરતા અને પીંછાની કોમળતાને એક સ્થાને બેસાડી કવિ કેવું મનોરમ્ય દૃશ્ય ખડું કરે છે ! કવિને આકાશી ઉલ્કાની કલ્પના સાથે જ ધરતી પરનું વિમાન પણ યાદ આવે છે. કવિની કલ્પના જાણે ત્રણેય લોકમાં ઘૂમતી રહે છે.

મેઘધનુષના જેવા રંગોવાળી પતાકાઓથી શોભતો અર્જુનનો રથ આકાશમાં રહેલા ગંધર્વનગર જેવો લાગતો હતો. કવિકલ્પના આકાશપાતાળ એક કરવા શબ્દબ્રહ્મની આરાધના કરે છે કે શું !

સુંદર પૈડાંઓને કારણે રણમેદાનમાં સતત ઘૂમ્યા કરતો એ રથ મનોવેગી ઘોડાઓને કારણે જાણે નૃત્ય કરતો હોય તેમ ફરતો હતો અને મેઘ સમાન ગર્જના કરી સૌનું ધ્યાન આકર્ષિત કરતો હતો. "અર્જુન જે બાણો છોડે તે બાણો શત્રુઓ પાસે પહોંચી તેમનાં અંગોને ચોંટે તે પહેલાં તો તેનો રથ ક્યાંય નીકળી ગયો હોય. શ્રીકૃષ્ણ-સંચાલિત રથનો વેગ અર્જુનના બાણના વેગ કરતાં પણ વધારે છે."

આ રથનાં કેટલાં વખાણ કરવાં ! પરંતુ રથ ક્યાં જેવોતેવો હતો ! સાક્ષાત્ અગ્નિએ આપેલો સુવર્ણભૂષિત દિવ્ય રથ ચારેય બાજુથી અભેદ્ય હતો. આ એ રથ હતો, જેના ઉપર પૂર્વે બ્રહ્મા, શિવ, ઇન્દ્ર અને વરુણ આરૂઢ થઈ ગમન કરતા હતા. આજે આ રથ ઉપર શ્રીકૃષ્ણ અને અર્જુન - નર-નારાયણની જોડી આરૂઢ થઈ છે, જે વિજય પ્રાપ્ત કરવાના ધ્યેયથી આગળ વધે છે.

વ્યાસવાણી તો જુઓ ! તે કહે છે : "ઇન્દ્રમણિ, નીલમણિ, પદ્મરાગમણિ, પ્રવાલમણિ, સ્ફટિકમણિ, સુવર્ણ, રજત અને હીરાજડિત આ અદ્ભુત લાગતા રથમાં બેઠેલો અર્જુન નક્ષત્રોથી રમણીય લાગતા ચંદ્રની જેમ શોભતો હતો અને હાથમાં રાખેલા રત્નોથી મઢેલા ગાંડીવને કારણે સૂર્ય વડે શોભતા બ્રહ્માની જેમ પરમ શોભાયમાન લાગતો હતો."

રત્નોની ખાણ સમા અર્જુનના રથનું મૂલ્ય કેવું અદકેરું આલેખ્યું છે ! જે રથનું નામ નંદીઘોષ આપવામાં આવ્યું છે, તે રથને ધરતીની મદદથી દૈવી તત્ત્વ ભૌમને સૌંદર્ય આપ્યું હતું. દિવ્ય ધજાપતાકાવાળો તે રથ એવો ભ્રમ ઊભો કરતો કે તેની ધજા એક યોજન ઊંચે અને આસપાસ ફરકતી દેખાય. ધજાનો રંગ અને આકાર જાણે બદલાતા. રથને કોઈ વજન ન હતું કે તેને કોઈ અટકાવી શકતું ન હતું. વળી, આ રથ માટે ચિત્રસેને મનોવેગી સો અશ્વો આપેલા અને આશિષ આપેલી કે કોઈ ઘોડો મરશે તોપણ સોના સો ઘોડા જ રહેશે. આપણે વિચારીએ કે કદાચ સો ઘોડા ન પણ હોય, પરંતુ આજની રીતે વિચારીએ તો સો હોર્સપાવરવાળા ઘોડાઓ હશે !

અર્જુનના રથવર્ણનમાં વ્યાસજીની રત્નાકર સમી સમૃદ્ધ વાણીનો ઝગમગાટ પણ જેવોતેવો નથી.

કર્ણનો રથ

કહે છે કે કવિજન કાવ્ય કરે છે અને ગુણીજન તેને લાડ લડાવે છે, જેમ વૃક્ષો ફૂલ ઉત્પન્ન કરે છે અને તેની સુગંધ પવન ફેલાવે છે. પરંતુ વ્યાસજી કાવ્યના ખરા તત્ત્વના જાણતલ છે, સાથે પુષ્પના પમરાટ અને વૃક્ષ-ફળના રસાસ્વાદના પારખુ છે, એટલે મહાભારત અને તેના કર્તા બંનેની મહેક આપમેળે જ પ્રસરે છે.

વ્યાસજીને મન તો સૌ સરખા હોવાથી જેટલાં વખાણ અર્જુનના રથનાં કરે છે તેટલાં જ કર્ણના રથનાં પણ વખાણ કરે છે, કારણ, કર્ણ પણ ક્યાં ઊતરતો છે ? કર્ણની વીરતા, દાનવીરતા, નિષ્ઠા, મિત્રધર્મ માટેની સજાગતા, વફાદારી જેવા અનેક ગુણોની પ્રશંસા કરવી ચુકાઈ જાય તો આપણે અને વ્યાસજીએ તેને અન્યાય કર્યો ગણાય.

વ્યાસજીએ યુદ્ધવર્ણન દરમિયાન કર્ણને લાડ લડાવ્યાં છે.

સૂર્યના કુળના કર્ણના રથને મહત્ત્વપૂર્ણ દર્શાવી કવિએ કર્ણ માટેની સંવેદના વ્યક્ત કરી છે ને સ્નેહવર્ષા વરસાવી છે. કર્ણ અને અર્જુન વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે પણ વ્યાસજી કેટલી અદ્‌ભુત ઉપમા આપી બંનેને નવાજે છે ! તેઓ કહે છે : ''જાણે પૃથ્વી પર બે સૂર્ય ઉદીયમાન થયા !''

વ્યાસજીએ ધરમકાંટો હાથમાં રાખ્યો છે. તેઓ સુવર્ણકાંટાથી સૌને ન્યાય આપે છે, તેથી તો સૂતપુત્ર તરીકે ઓળખાતા કર્ણના રથને પણ કેવી સરસ રીતે વર્ણવે છે !

કર્ણના ગુરુ પરશુરામે આપેલો આ શ્રેષ્ઠ રથ હતો. વ્યાઘ્રચર્મથી મઢેલો હોવાથી તે કંઈક વિશિષ્ટ લાગતો હતો. સોનાનાં ત્રણ આસનો રથમધ્યે રાખ્યાં હતાં અને રૂપાના ત્રિવેણુઓ પણ ઝગમગ શોભતા હતા. રથનો પાછલો ભાગ સોનાથી મઢેલો હોવાથી સૂર્યપુત્રનો રથ સૂર્યપ્રકાશમાં એવો તો ઝળહળતો હતો કે જોનારની આંખ અંજાઈ જાય.

સૂર્યોદય થતાં જેમજેમ તેજ વધે તેમતેમ પતાકાઓથી શોભતો રથ વધુ ને વધુ કાન્તિમાન બનતો જતો હતો.

અને પેલી ફરકતી ધજા ! જે કૌરવોને માટે ગૌરવ અને વિજયના પ્રતીક રૂપ હતી તે ધજા ઉત્તમ કારીગરીને કારણે ઓપતી હતી. શ્વેતરંગી તે ધજામાં આલેખેલા હાથી અને તેની સાંકળને કારણે તેની શાલીનતા અદ્‌ભુત લાગતી હતી - જાજરમાન, ગર્વીલી, ભવ્ય અને ઉદાત્ત.

વળી રથનાં ચક્રો એટલાં કાર્યરત હતાં કે ધૂંસરીનો અવાજ સરખો આવતો ન હતો, પરંતુ જ્યારે રથ પુરપાટ દોડતો ત્યારે કવિને મેઘગર્જના સાંભરે છે. આ તો યુદ્ધનો રથ છે, તેથી યુદ્ધની ભીષણતા દર્શાવવા કવિ કહે છે : ''જાણે પર્વતના કડાકા બોલતા હોય તેવો મહાઘોષ સંભળાતો હતો.''

રથ ભવ્ય અને વિશાળ હતો, અનેક શસ્ત્રોથી સજ્જ હતો. ગદા, શતઘ્ની, કિંકિણી, શૂળ, શક્તિ, તોમર, બાણોથી ભરેલો ભાથો, વગેરે આયુધોની મધ્યે 'વિજય' નામના ધનુષ્યને હાથમાં ધારણ કરેલો કર્ણ રથારૂઢ થતો ત્યારે રથને ઊગતા સૂર્ય જેવા તેજસ્વી ઉત્તમ અશ્વો ઘુઘવાટ કરતા દોડાવતા હતા અને ત્યારે શલ્ય કર્ણના રથનું સારથિપણું સાચવતા ઘોડાની લગામ ઝાલી ઘોડાઓ વડે રથને યથાસ્થાને વાળતા હતા.

કેટલું આબેહૂબ વર્ણન ! સૂર્યપુત્રના રથને સૂર્ય સમાન કાન્તિમાન દર્શાવ્યો, અશ્વોને સૂર્ય સમાન તેજસ્વી અને શક્તિમાન વર્ણવ્યા. વ્યાસજીએ સૂર્યપુત્ર કર્ણની જવનિકામાં ઢંકાયેલી ઓળખને જાણે ખુલ્લી કરી છે, કારણ, વ્યાસજી સર્વજ્ઞ છે. કર્ણના ખરા વ્યક્તિત્વને તેઓ ન જાણતા હોય એવું તો ક્યાંથી સંભવે ?

ભીષ્મનો રથ

રથ, આયુધો અને રથની શોભા એ તો યુદ્ધની શાલીનતા છે. સમૃદ્ધ સમાજમાં ઉદ્‌ભવેલું આ મહાયુદ્ધ છે, તેથી મહારથીઓનાં રથ અને આયુધોમાં પણ સમૃદ્ધિ છલકાય છે.

કહે છે કે એકલી ઘટનાઓનું આલેખન એ ઇતિહાસ છે, પરંતુ જ્યારે એમાં માનવમનનાં વિવિધ ભાવો અને ઊર્મિઓનું આલેખન ભળે ત્યારે તે જ કથન ઇતિહાસ ન રહેતાં કાવ્યમય કથા બની જાય છે.

જેમને અદ્‌ભુત વાણીવૈભવ વરેલો છે એવા વ્યાસજી સિદ્ધ મહાકવિ છે. અલંકાર વિનાની વાણીમાં કોઈને રુચિ રહેતી નથી. વ્યાસજી જેવા શબ્દબ્રહ્મના સુજાણની વાણી અલંકૃત ન હોય એ તો સંભવિત જ નથી.

વ્યાસજીએ દરેક પાત્રને અને તેના વ્યક્તિત્વને એટલો યથોચિત ઓપ આપ્યો છે કે તે વાંચતાં જ વ્યક્તિ આપણી નજર સમક્ષ તરવરતી થાય છે. હસ્તિનાપુરની ગાદીને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેનાર ભીષ્મપિતામહની વાત થાય એટલે આ મહાકવિના આલેખનમાં આપોઆપ ગરવાઈ છવાઈ જાય છે. આખા પરિવારનો આ વડલો છે અને વાણી-વર્તનમાં વડીલને છાજે તેવું તેમનું વ્યક્તિત્વ છે

અને એમનો ઠાઠ પણ એવો જ નરવોગરવો છે. સાદાઈમાં પણ એમનું ગૌરવ અદકેરું દેખાય છે.

ભલે ભીષ્મપિતામહ કૌરવસેનાના સેનાપતિ છે, અજેય હોવાથી સર્વ રીતે નિર્ભય છે, છતાંય એમની વય અને એમના પદને છાજે તેવો સાદાઈથી શોભતો એમનો રથ પણ વ્યાસજીએ એવો જ રૂડો આલેખ્યો છે.

શ્વેત કેશથી વૃદ્ધત્વ દીપાવતા ભીષ્મ શ્વેત વસ્ત્રોના કારણે વધુ પ્રભાવશાળી લાગતા હતા અને તેમાં તેમનો શ્વેત રથ ચંદનવૃક્ષની જેમ સર્વના ચિત્તને આનંદ અને શાતા આપનાર બની રહ્યો હતો. શ્વેત કવચ ધારણ કરીને રથના આસન ઉપર દઢતાથી ટટ્ટાર બિરાજેલા ભીષ્મ બંને સેનામાં પોતાનો પ્રભાવ ફેલાવતા હતા.

રથના અશ્વો પણ અત્યંત વેગથી ધસમસતા જાતવાન શ્વેત અશ્વો હોવાથી આખો રથ એવો તો રૂડો લાગતો હતો, જાણે ચંદ્રકાન્તમણિની સ્વચ્છ-ધવલ કાન્તિનાં વલયોની પરંપરા. ભલભલા સુવર્ણરથોની કાન્તિને પણ ઝંખવાણી પાડી દે તેવો આ રથ પંચતારક અને સોનાનાં પાંચ તાડવૃક્ષના ચિહ્નવાળી ફરકતી ધજાવાળો જ્યારે સૌની નજરે પડતો ત્યારે સૌનાં હૈયે પિતામહની હાજરીની હૂંફ વર્તાતી હતી.

વાત્સલ્ય-નીતરતી દૃષ્ટિથી બંને પક્ષનાં સૈન્યને નિહાળતા ભીષ્મપિતામહ પોતાના સારથિ અધિરથને દઢ છતાં મૃદુ વાણીથી રથને સેનામધ્યે લઈ જવા સૂચના આપતા કલ્પવા એ પણ એક લહાવો છે.

દ્રોણાચાર્યનો રથ

જેવું ગૌરવાન્વિત પાત્ર પિતામહ ભીષ્મનું તેવું જ માનનીય પાત્ર છે આચાર્ય દ્રોણનું.

ભીષ્મની જેમ જ આચાર્ય પણ અજેય છે. કવિએ દ્રોણને તથા તેમના યુદ્ધકાળ દરમિયાન પરાક્રમને એટલાં તો સત્ત્વશીલ વર્ણવ્યાં છે કે આચાર્ય દ્રોણ બ્રાહ્મણ મટીને ક્ષત્રિય યોદ્ધા જ હોય તેવા જણાય છે. અજેય અને અસ્ત્રશસ્ત્રવિશારદ દ્રોણાચાર્યના રથને વ્યાસજી કેવો વર્ણવે છે ?

જાણે કેસરિયાં કરવા નીકળેલો રણઘેલો રાજપૂત યુદ્ધ માટે અધીરો બન્યો હોય તેવા રણશૂરા દ્રોણાચાર્ય પોતાના પરાક્રમથી સૌને ધ્રુજાવતા હતા. કેસરિયા રંગના પાણીદાર તેજી તોખારનો તરખાટ પણ જબ્બર હતો. યુદ્ધમધ્યે સોનાનો

એમનો રથ સૌને ધ્યાનાકર્ષિત કરતો હતો. પોતાનામાં આગ લાગે છતાંય દસેય દિશામાં સૌને સુગંધથી ભરી દેતા અગરચંદનની જેમ દ્રોણનો રથ અને તેમના કેસરિયા અશ્વો યુદ્ધભૂમિમાં નોખી જ હવા ફેલાવવા સમર્થ હતા.

છતાંય શબ્દવિવેકી વ્યાસજી દ્રોણનો મૂળ બ્રાહ્મણધર્મ ભૂલ્યા નથી. ભગવો રંગ સાધુતાનો પણ ખરો જ ને ? આખરે તો દ્રોણ અસ્ત્રશસ્ત્રના પ્રખર જ્ઞાતા આચાર્ય જ ને ? કૌરવ-પાંડવ, ધૃષ્ટદ્યુમ્ન - સૌના માનનીય ગુરુ છે, તેથી તેમની રથધ્વજામાં સોનેરી વેદી, કમંડલુ અને ધનુષ્યનાં નિશાન આલેખ્યાં છે.

વ્યાસજી એકંદરે સંવેદનાના સંગાથી છે. દ્રોણના રથ અને અશ્વોના વર્ણનમાં એક એવી સંવેદના મૂકી છે કે આપણને સર્વ જીવોના ચાહક વ્યાસજી માટે માન થઈ આવે.

કવિ વર્ણવે છે કે જ્યારે દ્રોણ રણમેદાનમાં યુદ્ધ કરતાં પડ્યા અને આખરી શ્વાસ લેતા હતા ત્યારે પોતાના માલિક, પોતાના શૂરવીર યોદ્ધા અસવારની આવી બૂરી હાલત જોતાં મૂક પ્રાણી ગણાતા અશ્વો પણ અશ્રુપાત કરતા હતા.

કવિની સંવેદનાભરી અને ઉત્તમ ભાવભરેલી, ભાવજગતને ઝંકૃત કરતી વાણી અવિસ્મરણીય બની રહે છે.

ભીમસેનનો રથ

ન્યાયકુશળ વ્યાસજી ભીમસેનના રથને ન્યાય આપવા રથની વિશાળતા અને ભવ્યતાને મહત્ત્વ આપે છે. જેવા મહાબલી એવા જ મહાબલી છે એમના રથ.

કહે છે કે ભીમ દેખાવે ઊંચો, પડછંદ અને વિશાળકાય હતો, તે છતાં એનું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક હતું. વીરતાના પર્યાય સમો તેના શરીરનો બાંધો હતો. પુષ્ટ-પડછંદ છતાંય સુદૃઢ હોવાના કારણે ભીમ પાંચેય ભાઈઓમાં સૌથી વધુ આકર્ષક હતો.

ભીમસેનનો રથ પણ ઘૂઘરીઓના સમૂહના કારણે ઝંકાર કરતો હતો. કંકણ ખણકે, તેમ રથ ફરતે રાખેલી ઘૂઘરીઓ મંજુલ સ્વરે ખણકતી હતી. સિંહગર્જના કરતો ભીમનો રથ જાણે યુદ્ધપડકારને ભલકારા દેતો હોય તેમ પ્રતિઘોષ પાડતો હતો.

જેમ સૂર્યપુત્ર કર્ણનો રથ સૂર્ય સમાન કાન્તિમાન હતો, તેમ વાયુપુત્ર ભીમસેનનો રથ પણ વાયુવેગથી દોડતો હતો. ભીમ અને તેની લોખંડની મહાકાય ગદા અને અન્ય શસ્ત્રોથી ભરેલા વજનદાર રથને દોડાવવા સમર્થ એવા ઊંચા, કદાવર

અને સશક્ત સમર્થ અશ્વો યથાયોગ્ય સમયે મળતાં સૂચનોનો અમલ કરવાની સમયસૂચકતા વાપરે તેવા ચતુર હતા. સાથે ભીમસેનનો સારથિ વિશાંક પણ સાનમાં સમજી જાય તેવો સુજાણ હતો અને ભીમની મુરાદ પાર પાડવામાં સહાયક બની રહેવા સમર્થ હતો.

જ્યારે ભીમસેનનો રથ વાયુવેગે પુરપાટ દોડતો ત્યારે રથ ઉપરની ઊડતી ધજામાં શું દેખાતું હતું ? સિંહગર્જનાથી દશેય દિશાઓમાં પડછંદા પાડતી ભીમસેનની ધજામાં સિંહની આકૃતિ ન મૂકે તો અલંકૃત વાણીની દુનિયાના વ્યાસજી શાના ?

જેમ અર્જુન કપિધ્વજ છે, તેમ ભીમસેન સિંહધ્વજ છે. કવિનું યથાર્થ ચિત્રણકૌશલ આથી વધુ સુંદર ક્યાં શોધવા જઈએ ?

ભીમસેનના અશ્વ સાથેના રથને "જાણે સપ્તર્ષિનું ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તેવું લાગતું હતું" એવું કહેતા વ્યાસજી અર્જુનના અશ્વો કરતાંય ભીમસેનના અશ્વોને વધુ શક્તિશાળી આલેખી ભીમસેન અને તેના રથાદિને આગવું મહત્ત્વ આપી રહ્યા છે.

ઘટોત્કચનો રથ

મહાબલી ભીમસેનની વાત કરીએ એટલે હારોહાર ભીમસેનનો અતિ બળવાન અને માયાવી શક્તિ ધરાવતો હિડિંબાપુત્ર ઘટોત્કચ યાદ આવ્યા વિના રહે જ નહીં. વ્યાસજી ઘટોત્કચના રથવર્ણનમાં એટલો જ રસ દાખવે છે, જેટલો રસ અન્ય મહાયોદ્ધાઓના રથને બહેલાવવામાં દાખવે છે. કેવો હતો ઘટોત્કચનો રથ ?

અન્ય યોદ્ધાઓનો હોય તેવો રથ આ માયાવી હિડિંબાપુત્રનો ન જ હોય. યથોચિત વર્ણન કરવામાં વ્યાસજીને કોણ પહોંચે ?

જેવો વિશાળકાય ઘટોત્કચ એવો જ વિશાળકાય તેનો રથ. સંપૂર્ણપણે લોખંડના બનેલા આ રથને રીંછના ચામડાથી મઢ્યો હોવાથી તે થોડો ભયાનક પણ લાગતો હતો. રથ એટલો મોટો હતો કે આ વિશિષ્ટ રથને આઠ પૈડાં રાખવામાં આવ્યાં હતાં. જબ્બર મોટા રથને ખેંચવાનું કોનું ગજું ?

પણ ઘટોત્કચ પાસે અન્ય યોદ્ધાઓ પાસે હતા તેવા પાણીપંથા અશ્વો ન હતા, પરંતુ હાથી જેવા મહાકાય છતાંય કંઈક વિચિત્ર દેખાવનાં પશુઓ રથમાં જોડ્યાં હતાં. એ ન હતા હાથી કે ન હતા ઘોડા. ઘટોત્કચના એ રથને જોડેલાં તે કોઈક પશુ જ હતાં કે પછી પિશાચ હતા એવો સૌને પ્રશ્ન ઊઠતો હતો,

પરંતુ વ્યાસજીએ તો ઘટોત્કચના રથને બરાબર બંધબેસતા એવાં પશુઓ દર્શાવીને અખંડ ઔચિત્ય જાળવ્યું છે. ક્યાંય અસુરોની વાત કરીને ડરામણી કરી નથી કે ક્યાંય ઘટોત્કચની નિર્બળતા દેખાય તેવી નબળી વાત કરી અસંગતતા જણાવી નથી.

રથ ઉપર ઉન્નત દંડવાળો ધ્વજ પણ કેવો હતો ? એ પણ ભયાનક જ હોય ને ? લાલ રંગનું મસ્તક ધરાવતા માંસાહારી અને આંખ તથા મોં વિકસિત કરીને બેઠેલા વિશાળકાય ગીધને કારણે ધજા પણ ભય પમાડનારી હતી. આ ધજા એક હાથ પહોળી અને બાર હાથ લાંબી હતી. લોહીભીની પતાકાઓથી અને આંતરડાંની માળાઓથી શણગારેલો આ રથ કંઈક જુગુપ્સાપ્રેરક પણ હતો.

વિરૂપાક્ષ જેવો બાહોશ સારથિ અને મજબૂત પ્રત્યંચા ધરાવતું ધનુષ્ય ધારણ કરેલો ઘટોત્કચ કાંસાનું કવચ બાંધીને યુદ્ધ મધ્યે તરખાટ મચાવતો હતો. માયાવી એવો આ યોદ્ધો રણમેદાનમાં એવો તો છવાઈ ગયો હતો કે રથની જુગુપ્સા પણ ઘડીભર વિસારે પડી ગઈ હતી.

વ્યાસજી જેમ દેવો અને માનવોનાં સૌંદર્યસભર વર્ણનો કરી જાણે છે, તેમ તેટલા જ કૌશલથી રાક્ષસકુળના માયાવી લોકનું પણ અસલ ચિત્રણ કરી જાણે છે. આ જ છે વ્યાસજીની શબ્દસિદ્ધિ અને શબ્દકૌશલ.

અલાયુધનો રથ

વ્યાસજીની વાણી ક્યારેક નૃસિંહના નખ જેવી કઠોર અને ક્યારેક પારિજાતના પુષ્પ સમી કોમળ હોય છે, કારણ, જેવી વ્યક્તિ, જેવો પ્રસંગ અને જેવી પરિસ્થિતિ તે પ્રમાણે વાણી અને વર્ણનના સમર્થ સ્વામી વ્યાસજી એમના શબ્દાલંકાર, અર્થાલંકાર, દૃષ્ટાંતો અને ઉપમાઓથી વાસ્તવિકતાસભર ચિત્રો રજૂ કરે છે. વાણીને ચડાવ-ઉતાર આપવાની એમની કલા ઠેરઠેર વર્તાય છે.

કવિની વાણીમાં કાયમ વેણુનાદ જ વાગતો રહે એ સમર્થ કવિ શાનો ? યથાતથ પ્રસંગાલેખન વખતે વાણીને વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ રીતે બહેલાવે નહીં તો કાવ્યરસની મજા શી ?

તેથી તો અલાયુધ જેવા માયાવી રાક્ષસરાજના રથને વર્ણવવામાં કવિના શબ્દો પણ ભયાનક ઘોષ કરતા સંભળાય છે. પરાક્રમી આ રાક્ષસરાજનો રથ પણ ઘટોત્કચના રથ જેવો જ મહાકાય અને તેજસ્વી હતો. રીંછના ચર્મથી મઢેલો હોવાથી રણક્ષેત્રના અન્ય રથો કરતાં તે કંઈક વિશેષ અને વિચિત્ર લાગતો હતો. જેમ ઘટોત્કચ અને અલાયુધ પોતે અન્ય યોદ્ધાઓ કરતાં અલગ દેખાતા

હતા, તેમ તેઓનાં રથ, ધજા, પતાકા, રથ દોડાવનારાં પશુ - બધું જ અલગ પ્રકારનું હતું.

મહામેઘની ગર્જના જેવા અતુલ ઘોષવાળો આ મહારથ અનેક તોરણોથી સુશોભિત હતો, પરંતુ આ રથ પોતે જ કેવડો હશે તે આપણે કલ્પવા જેવું છે, કારણ, મહારથને એકસો મહાકાય ઘોડાઓ જોડવામાં આવ્યા હતા, પરંતુ શું આ શીઘ્રગામી પડછંદ અશ્વો જ હતા કે પછી ઘટોત્કચનાં હતાં તેવાં જ, નહીં હાથી કે નહીં ઘોડા એવાં પડછંદ કોઈ અન્ય પશુઓ હતાં ? હા, એમ જ હતું, કારણ, આ પશુઓનો કર્કશ અવાજ સાંભળીને જ સૌના છક્કા છૂટી જતા હતા ! અને તે પશુઓનો આહાર પણ કેવો ? ફક્ત ને ફક્ત લોહી-માંસનું જ ભક્ષણ કરનારાં આ વિચિત્ર પ્રાણીઓ હતાં, તેથી જ તો ચારસો હાથની લંબાઈ અને તે પ્રમાણેની પહોળાઈવાળો જબ્બર રથ તેઓ દોડાવી શકતાં હતાં.

સૂર્ય સમાન તેજસ્વી અને ગીધડાંઓથી અંકિત વિશાળ ધજાવાળા આ મહારથને જોતાં જ સૌના હૈયે ધ્રુજારી ફરી વળતી.

મહાકવિ બીભત્સરસને પણ કેવો બહેલાવી શકે છે ! સર્વ રસોનો આસ્વાદ જેમાં માણી શકાય છે તેવા આ મહાકાવ્યમાં વ્યાસજીનો વાણીવૈભવ તત્કાલીન સમૃદ્ધિ અને ધનવૈભવને પણ ઝાંખી પાડી દેવા સમર્થ છે ને ?

સાત્યકિનો રથ

શ્રીકૃષ્ણનો પ્રિય સખા અને નિત્યનો સાથી એવો સાત્યકિ એક જ એવો હતો કે જે શ્રીકૃષ્ણની સાથે રહીને પાંડવપક્ષથી યુદ્ધ ખેલવા દ્વારિકાથી કુરુક્ષેત્રમાં આવ્યો હતો. શ્રીકૃષ્ણની નારાયણી સેના દુર્યોધનની માગણીના કારણે કૌરવપક્ષેથી યુદ્ધ ખેલવા આવી હતી, પરંતુ બીજા કેટલાય યાદવ-યોદ્ધાઓ દ્વારિકામાં જ રોકાઈ રહ્યા હતા.

સાત્યકિ એટલે બળવાન, અતિ પરાક્રમી, અતિ બાહોશ, શ્રીકૃષ્ણના વ્યક્તિત્વને અને તેમના વિચારોને પૂરેપૂરું સમજી ચૂકેલો વીર અને ચપળ યોદ્ધો.

આ સાત્યકિનો રથ પણ વિશિષ્ટ જ હોય ને ? આખરે તો એ શ્રીકૃષ્ણની અતિ માનીતી વ્યક્તિઓમાંની એક વ્યક્તિ.

વિમાનતુલ્ય અને સુસજ્જ એવા આ રથમાં વિધિપૂર્વક વિભૂષિત કરેલાં, યુદ્ધમાં ઉપયોગી એવાં સાધનોથી ભરેલાં સુવર્ણનાં પાત્રો હોવાને કારણે આખો રથ ભરચક ભરેલો અને ભવ્ય દેખાતો હતો. લોખંડ અને સુવર્ણના પાટડાઓ

જડેલા ઊંટડાઓ હતા અને સુશોભનાર્થે તેમાં હજારો નાની-નાની ફૂદડીઓ ધ્યાનાકર્ષિત કરતી હતી. મેઘગર્જન કરતો, ધીરસ્વભાવી એ રથ અસંખ્ય ઘૂઘરીઓને કારણે રણઝણતો હતો, જેનો રણકાર સૌને કર્ણપ્રિય લાગતો હતો.

રથમાં શક્તિ, તોમર જેવાં શસ્ત્રાયુધો એવાં તો ચમકતાં કે જાણે આકાશી વીજળી ધરતી પર ઊતરી આવી.

વ્યાસજી ઉપમા અલંકાર વાપરે કે ઉત્પ્રેક્ષા, દષ્ટાંત અલંકાર વાપરે કે અતિશયોક્તિ, પણ એટલું તો સમજાય જ છે કે વ્યાસજીની વાણી પોતે જ એક અલંકાર બનીને શોભે છે.

પ્રજ્વલિત અગ્નિ અને સૂર્ય સમાન તેજસ્વી આ રથ ઉપરની ધજા પણ અન્ય યોદ્ધાઓને શેહમાં નાખી દેવા સમર્થ હતી. સુવર્ણમય કેશવાળીવાળા સિંહના ચિહ્નથી યુક્ત મહાધ્વજ હવામાં ફરકતો અને તેની ફરતે સુવર્ણ, મણિ અને પરવાળાંઓથી ગૂંથેલી અનેક નાની-નાની ધજા-પતાકાઓ જાણે પોતાના નાનકડા હાથ ઊંચા કરીને વિજયસ્મિત લહેરાવતી હતી. બાકીનો આખો શ્વેતવર્ણ રથ ચળકતી પતાકાઓથી શણગારવામાં આવ્યો હતો.

રથની ઉપર સુવર્ણદંડ શોભતો હતો અને તેના પરનું છત્ર અન્ય રથો કરતાં કંઈક અલગ ભાત પાડતું હતું.

ભરચક ભરેલા વજનદાર રથને વાયુવેગે દોડાવી શકે તેવા મહાબલી, જાતવાન, માલિકના અણસારને પલકવારમાં પામી જાય તેવા ચતુર અશ્વો હતા. ચંદ્રની કાન્તિનું અનુસરણ કરતા હોય તેવા અશ્વો જાણે આકાશને પી જવા ઇચ્છતા હોય તેમ મોભાદાર રથને રણમેદાનમાં ચોમેર ઘુમાવતા હતા. 'દૂધ, કુન્દ, ઇન્દુ અને હિમ જેવા ધવલ તેમ જ સોનેરી સાંકળીવાળી ઝૂલ વડે શોભતા તેના જાતવંત ઘોડાઓ તેને, તેના રથને, તે જ્યાંજ્યાં જવા માગતો હતો ત્યાંત્યાં લઈ જતા હતા. વીર સાત્યકિની ઇન્દ્રિયો તેના આત્માને વશ હતી, એટલે લક્ષ્યપ્રાપ્તિની આડે કોઈ અંતરાય ન હતો, તેવો સ્પષ્ટ ધ્વનિ અહીં ગુંજિત થાય છે.

પાણીપંથા આ અશ્વોની લગામ કોના હાથમાં હતી ? શ્રીકૃષ્ણના અત્યંત વફાદાર સારથિ દારૂકનો નાનો ભાઈ, શ્રીકૃષ્ણના નાના ભાઈ સમાન સાત્યકિના રથના સારથિ તરીકે હતો. 'મહાભારત'કારે શ્રીકૃષ્ણ-સાત્યકિની આત્મીયતાને પણ પરોક્ષ રીતે અહીં વણી લીધી છે.

અર્થગંભીર વાણીની ખૂબી એટલે વ્યાસજીની લેખનછટા.

અન્ય યોદ્ધાઓના રથ

મુખ્ય-મુખ્ય યોદ્ધાઓના રથનું વર્ણન કરવામાં મહાકવિએ ઘણો શ્રમ ઉઠાવ્યો છે. કુશળ ચિત્રકારની જેમ સૂક્ષ્મ દૃષ્ટિથી વિગતો વર્ણવીને તાદશ ચિત્ર રજૂ કરવામાં વ્યાસજીનો કસબ ગજબનો છે.

જેવો મહારથી શલ્ય પરાક્રમી છે, તેવા જ ઉત્તમ અશ્વો સાથેના રથમાં તે શોભતો હતો. રથની શોભા અનેરી હોય જ, પણ સાથે અત્યંત તેજસ્વી અને ઘનઘોર મેઘ જેવી ગર્જનાથી વાતાવરણ ભરી દેતો રથ શત્રુઓનાં રૂંવાડાં ખડાં કરી દેતો.

અનેક પ્રકારના શસ્ત્ર-સરંજામથી સુસજ્જ મદ્રદેશી આ રથ ઉપર સીતા, એટલે કે હળના ચિહ્નવાળી ધજા ફરકતી હતી.

પાંડવોને દૈવી તત્ત્વોએ ઘોડા આપેલા, તે રીતે દ્રૌપદીના પુત્રો તથા અભિમન્યુને પણ દેવોએ અશ્વો આપેલા હતા. નકુળને તો ખુદ ઇન્દ્રે ઘોડા આપેલા હતા. તે સૌના અશ્વોની તો ગરિમા જ કાંઈક ઔર હતી.

અશ્વત્થામાના રથની ધજા સિંહના પુચ્છના ચિહ્નવાળી શોભતી હતી અને દુર્યોધનના રથની ધજામાં મણિજડિત હાથીનું નિશાન હતું. રાજવૈભવ ભોગવતા દુર્યોધનની ધજામાં હાથી જેવું ઐશ્વર્યયુક્ત શુકનવંતું પ્રાણી જ શોભે અને તેનો ધ્વજ ઇન્દ્રધનુષની માફક આકાશમાં રેખા ખેંચી રહ્યો હતો.

યોગ્ય પસંદગી કરી વર્ણવવામાં વ્યાસજીનું વ્યવહારજ્ઞાન અને તેમની આંતરિક સૂઝ ડોકાયા વિના રહેતાં નથી.

હજુ હમણાં જ કુમારાવસ્થા વટાવી છે તેવો નવલોહિયો અભિમન્યુ પોતાની ધજામાં કરેણના પુષ્પનું નિશાન રાખે તે યૌવનસહજ છે: તે વીર હતો, યોદ્ધો હતો, પણ હજુ યુવાવયની કોમળતા એવી ને એવી જ સચવાઈ હતી. આથી સોનેમઢેલા સુશોભિત રથ ઉપર કરેણપુષ્પ જ શોભે.

વળી એ પણ કલ્પી શકાય કે કરેણપુષ્પ મહાદેવનું પ્રિય પુષ્પ છે અને મહાદેવના શિરે તેમનો પ્રિય ચંદ્ર પણ શોભે છે. કહેવાય છે કે અભિમન્યુ ચંદ્રનો અંશાવતાર હતો. જ્યારે યુધિષ્ઠિર સદેહે સ્વર્ગમાં પહોંચ્યા ત્યારે અભિમન્યુને તેઓ ચંદ્રલોકમાં જુએ છે.

અભિમન્યુના આ વ્યક્તિત્વને લક્ષમાં રાખી તેના રથની ધજામાં કરેણનું પુષ્પ મૂકી વ્યાસજીએ પોતાની સૂક્ષ્મ દૃષ્ટિ વ્યક્ત કરી છે.

ત્યારે આ કબૂતરી રંગના અશ્વો કોના રથને ખેંચી રહ્યા છે ? કોવિદાર (કાંચનાર)વૃક્ષના નિશાનવાળી ફરકતી ધજાવાળો, સોનેમઢેલો રથ એ જ ધૃષ્ટદ્યુમ્નનો રથ, જેને પેલા સર્વના ચિત્તને આનંદ આપનારા કબૂતરી રંગના અશ્વો જાણે આકાશને ગ્રસી લેવા મથતા હોય તેમ ધસી રહ્યા છે.

ધૃતરાષ્ટ્રનો જમાઈ અને દુઃશલાનો પતિ જયદ્રથ, જે યુદ્ધમાં અતિ પ્રવીણ હતો તેનો રથ પણ કેવો ભવ્ય છે !

વ્યાસજીએ દરેકના રથમાં કોઈક ને કોઈક વિશેષતા વર્ણવી છે. એકધારું વર્ણન કરીને રસક્ષતિ કરે તો તેમાં વ્યાસજીની ગરિમા નંદવાય. પ્રયોગશીલ સર્જકની કૃતિ 'મહાભારત' એટલે ભારતનું ગૌરવ, પરંતુ 'મહાભારત'માં વ્યક્ત થતી અદ્ભુત શબ્દયોજના એ વ્યાસજીનું ગૌરવ.

જયદ્રથનો રથ ગંધર્વનગર સમાન આકારવાળો હતો. આપણે કલ્પના કરવી રહી કે ગંધર્વનગર વિશાળ, વ્યવસ્થિત અને બહુમૂલ્ય હશે.

આકાશમાં તારાઓ શોભે તેમ તે રથ શ્વેત છત્ર, પતાકાઓ, ચામરો અને વીંજણા જેવાં રાજચિહ્નોથી સુશોભિત હતો. સાથે હીરા, મોતી અને સુવર્ણથી અલંકૃત કર્યો હોવાથી રથ એટલો તો આકર્ષિત લાગતો હતો કે જાણે ગંધર્વનગર ધરતી પર ઊતરી આવ્યું હોય.

જેની પતાકામાં રીંછની આકૃતિ રાખવામાં આવી છે તેવા જયદ્રથનો રથ અતિ મૂલ્યવાન હતો. હા, અન્ય યોદ્ધાના રથ તૈયાર કરવામાં કોઈ વિધિ કરવામાં આવી ન હતી કે તેની સ્પષ્ટતા નથી, પરંતુ જયદ્રથનો રથ શાસ્ત્રોક્ત વિધિથી તૈયાર કરવામાં આવ્યો હતો.

સુરક્ષા અર્થે રથ લોહના આવરણવાળો બનાવ્યો હતો અને નક્ષત્રોથી છવાયેલા આકાશની જેમ તે શોભતો હતો. તેમાંય વરાહના ચિહ્નવાળી ઉત્તમ ધજાને કારણે દૂરથી પણ જયદ્રથનો રથ સૌની નજરે ચડતો હતો.

કૃપાચાર્યના રથદંડમાં નંદી હતો અને સહદેવનો રથદંડ રૂપેરી હંસથી શોભતો હતો. તે ચાંદીની કાન્તિ ધરાવતો, સૌમ્યતાભર્યો અધિક સુંદર લાગતો હતો.

યુધિષ્ઠિરની રથધજામાં સોનેરી ચંદ્રની આભા છવાઈ હતી અને ચંદ્રની આસપાસ તારા-નક્ષત્રોને કારણે આખું નભોમંડળ વરતાતું હતું. વળી રથની બંને બાજુ બે મોટાં પડઘમ લગાડેલાં હતાં, જે તાંત્રિક રીતે વાગે તેવી વ્યવસ્થા હતી. પડઘમનો મધુર ધ્વનિ દશેય દિશાને ગજવતો હતો. યુધિષ્ઠિરના રથને જોડેલા શ્વેત અશ્વો જાણે શાંતિની ઝંખના કરતા ન હોય તેવા દીસતા હતા.

એકંદરે રણમેદાનમાં ઘૂમતા અનેક રથોને સર્વસામાન્ય દૃષ્ટિએ જોઈએ તો યુદ્ધભૂમિ પર સતત અને સખત વેગથી દોડતા પુષ્ટ અને પાણીદાર અશ્વો જાણે કે ખરીથી ખોદાઈ ગયેલી પૃથ્વીને આશ્વાસન આપતા હોય તે રીતે આલિંગન આપતા હતા અને રથનો ધીર-ગંભીર મેઘ સમાન ગર્જના કરતો ઘોષ મહાસાગરના ઊછળતા લોઢ જેવો નાદ ગજવતો હતો.

અઢાર-અઢાર અક્ષૌહિણી સેના જ્યાં પથરાઈ છે તેવા આ રણાંગણમાં યોદ્ધાઓનો મહેરામણ છલકાતો હતો. મહાસાગરના ઘુઘવાટ અને મેઘગર્જના પણ જાણે ઝાંખાં પડતાં હતાં.

યુદ્ધ દરમિયાન અને યુદ્ધ પૂરું થયા પછી એ રથ, એ અશ્વો એ બધાની શી હાલત હતી ? મહાકવિ જાણે આ યુદ્ધભૂમિ જોઈને વેદનાથી પીડાતા હોય તેમ કહે છે : "તૂટેલા રથનો ભંગાર કેવો દેખાતો હતો ? કોઈ ધનિકનાં ભવનો અગ્નિ અને પાણીના મારથી નષ્ટ થઈ ગયાં હોય તેવા કિંમતી, સુશોભિત, છતાંય વેરવિખેર દશાને પામેલા હોય તેવા તે દેખાતા હતા." યુદ્ધમાં વપરાયેલ શસ્ત્રોથી આખી ભૂમિ છવાઈ ગઈ હતી અને પાછળ બચ્યો હતો એકલો ઘેરો વિષાદ - ફક્ત વિષાદ જ.

□

6

જાતવાન અશ્વો



માનવીના જીવનકાળ દરમિયાન અનેક વ્યક્તિઓ સાથે પરિચય, આત્મીયતા અને પ્રીતિ બંધાય છે, તેવી જ રીતે અનેક પશુ-પક્ષીઓ અને વનસ્પતિ સાથે પણ લગાવ થાય છે અને તેઓનો પ્રભાવ પણ આપણાં જીવન ઉપર પડ્યા વિના રહેતો નથી.

આપણો વિકાસ એ કેવળ આપણો એકલાનો જ પુરુષાર્થ છે એમ માનવું ભૂલભરેલું છે. તેમાં અનેક જાણ્યાં-અજાણ્યાં તત્ત્વોનો સહિયારો પુરુષાર્થ અને સહિયારી સફળતા હોય છે.

મનુષ્ય એવું પ્રાણી છે, જે એકલું જીવી શકતું નથી. ક્યારેક સાથ છૂટી જાય, પણ સંબંધ છૂટતો નથી. આપણે સમજીએ છીએ કે સખ્ય એ મધુર જવાબદારી છે, તકસાધુતા નથી. આથી જ આપણે પ્રાણી-પક્ષી સાથે પણ મિત્રતા નિભાવીએ છીએ.

સાથે એ પણ એટલું જ સત્ય છે કે અબોલ પશુઓ જે વફાદારી જાળવે છે તેવી વફાદારી જાળવતાં શીખવાનું માનવીને હજુ બાકી છે; અને વહેમ છે કે તે કદાચ ક્યારેય નહીં શીખી શકે.

પ્રાણીઓ ઘણા સારા મિત્ર બની શકે છે, કારણ, તેઓ સામી દલીલ કરતાં નથી, બુદ્ધિનાં આડંબરી હવાતિયાં મારતાં નથી. તેમાંયે અશ્વ એટલે માલિકનો વફાદાર મિત્ર. અશ્વ તો ગુલામ પણ ખરો અને ખૂબ ખરાબ માલિક પણ ખરો. અશ્વ સાથેનો સંબંધ એટલે કાચનાં કે માટીનાં વાસણ - સાચવો તેટલાં સચવાય.

અશ્વો ક્યારેય અવગણના કે અવહેલના સહી શકતા નથી. માલિક સાથેનો વર્ષોનો સ્નેહસંબંધ અવગણનાના એક ઝાટકે કાપી નાખતાં પણ એમને આવડે છે.

ગમે તેમ પણ અશ્વ તો છે મહાસાગરનું ફરજંદ. સમુદ્રમંથન કરતાં જે ચૌદ રત્નો નીકળ્યાં તેમાંનું એક રત્ન તે ઉચ્ચૈઃશ્રવા ઘોડો, જે ઇન્દ્રે પોતાની પાસે રાખ્યો અને સ્વર્ગનું રાજ્ય ભોગવ્યું, અપાર ધનસંપત્તિનો વૈભવ ભોગવ્યો અને દેદીપ્યમાન સ્વર્ગમાં નિવાસ કર્યો, તેથી તો...

તેથી તો 'સુભાષિતરત્નભાંડાગાર'માં અશ્વોનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે :

"જેમની પાસે ઘોડા છે તેમનો જય છે, જેમની પાસે ઘોડા છે તેમને યશ મળે છે, જેમની પાસે ઘોડા છે તેમની પૃથ્વી છે અને જેમની પાસે ઘોડા છે તેમને જ સુવર્ણ મળે છે."

ઘોડાઓને લીધે તો "રાજ્ય ઇન્દ્રના રાજ્ય જેવું સમૃદ્ધ બને છે અને રાજ્યની લક્ષ્મી બધા પ્રકારની કામનાઓ પૂર્ણ કરે છે. રાજાઓને ઘણો યશ પણ મળે છે."

ઉચ્ચૈઃશ્રવાના વંશવારસ એવા જાતવાન ઘોડાઓ જેમના દ્વારે બાંધેલા હોય તેમને સદાય યશપ્રાપ્તિ થતી હોવાથી ઘોડાને શુકનવંતું પ્રાણી માનવામાં આવે છે. ક્યારેક લાગે છે કે હાથી જેવું સમજુ અને બુદ્ધિમાન, મહાકાય પ્રાણી પણ ઘોડાની તોલે આવી શકે તેમ નથી, કારણ, ઘોડાની ચપળતા, સ્વામીનિષ્ઠા અને શક્તિનું પ્રમાણ અદ્‌ભુત હોય છે.

'મહાભારત'માં વર્ણવાયેલા મહાસંગ્રામ દરમિયાન કૌરવોની તથા પાંડવોની મળીને ૧૮ અક્ષૌહિણી સેના હતી. દરેક અક્ષૌહિણીમાં ૬૫,૬૧૦ અશ્વો હોય. તે જોતાં પાંડવપક્ષે ૪,૫૯,૨૭૦ અને કૌરવપક્ષે ૭,૨૧,૭૧૦ અશ્વો હોઈ શકે, જેમણે યુદ્ધ દરમિયાન અત્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. યુદ્ધ હોય અને ઘોડાઓ ન હોય એ વાત જ એ કાળે અસંભવિત હતી.

આવા જાતવંત ઘોડાઓની શોભા વર્ણવવામાં 'મહાભારત'કાર જાણે હૈયું

હાલવે છે. એમને ઘોડાઓ કેવા લાગે છે ? "જાણે આકાશને પકડતા ન હોય ! દિશાઓ પી જતા ન હોય ! વાયુને પણ ચોરી લેતા ન હોય ! પોતાની ફરફરતી ચમરીથી જાણે પવન ખાતા ન હોય !" એવી રીતે શોભતા ઘોડાઓ દોડી રહ્યા છે.

મહાભારત યુદ્ધ દરમિયાન જે અશ્વો ઉપર કૌરવ-પાંડવ બંને પક્ષના યોદ્ધાઓએ સવારી કરી હતી એ અશ્વો તો જાણે પોતાના રથને લઈને આકાશના સીમાડે આંબી જવું હોય તેમ ઊંચાઊંચા ઠેકડા મારીને દોડતા હતા. અશ્વની પુરપાટ દોડના કારણે તથા ઊછળતા લોઢ જેવી છલાંગ મારતા એ અશ્વોને કારણે રથચક્રનો માર્ગ પણ આડોઅવળો થઈ જતો.

આવા પાણીપંથા અશ્વોનાં વર્ણનો પણ માણવા જેવાં છે. વળી ભીમ, ધૃષ્ટદ્યુમ્ન વગેરે જેવા યોદ્ધાઓ ક્રોધાયમાન થઈને દ્રોણ પર આક્રમણ કરવા ધસી રહ્યા હતા ત્યારે એ પાંડવસેનામાં રથો, ઘોડાઓ, ધ્વજ વગેરેનાં ચિહ્નો કેવાં હતાં ? સમગ્ર દેખાવ કેવો હતો ? એવો સહજ ઉદ્‌ભવેલો ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન છે અને સંજય તે પ્રશ્નનો ઉત્તર આપે છે ત્યારે વિગતવાર વર્ણન કરતાં જાણે સંજય થાકતો જ નથી. જાણે આખું 'દ્રોણપર્વ' ઘોડાઓના વર્ણનથી સભર છે.

એક તો ક્ષત્રિયબચ્ચો હોય અને તેમાંય રાજવી ઘરાનાનો, એટલે એ તો જાણે ઘોડા અને ઘોડેસવારી વિના અધૂરો જ લાગે. જાણે કાંઈક ખૂટતું હોય તેમ ઊણપ વર્તાય. રણસંગ્રામમાં ઝુકાવનાર સૌને ઘોડા સાથે પાકી ભાઈબંધી.

ધૃતરાષ્ટ્રના સવાલના જવાબસ્વરૂપે સંજય ગુલતાન થઈને ઘોડાઓનું વર્ણન કરવામાં મગ્ન થઈ જાય છે. તે કહે છે : સહદેવના રથમાં "વાદળ જેવા કૃષ્ણવર્ણના વાયુવેગી" ઘોડાઓ છે અને યુધિષ્ઠિરના રથના અશ્વો "સુવર્ણમંડિત ઉત્તમ આવરણોવાળા, વાયુ સમાન ગતિ કરનારા" છે. યુધિષ્ઠિરપુત્ર પ્રતિવિંધ્યના અશ્વો "આખા શ્વેતવર્ણના અને શ્યામ-કમનીય ગ્રીવા"ના કારણે અલગ જ તરી આવતા હતા. સારથિને વશ વર્તનારા તેના અશ્વો પણ મનોવેગી હતા.

હરણની દોડની ઈર્ષા કરતા હોય કે પછી હરણની દોડ સાથે હરીફાઈ માંડી બેઠા હોય તેવા આ અશ્વો દોડવામાં અજોડ હતા. વ્યાસજી કહે છે : "આ બધા વેગીલા ઘોડાઓ દોડતા હરણની પાછળ ને પાછળ દોડે છે. તેઓ જાણે કે મૃગની નાભિમાં રહેલી કસ્તૂરીની ગંધથી લોભાયેલ પવનો હોય તેવું લાગે છે."

વ્યાસજીને દૃષ્ટાંત અલંકાર આપવા માટે ક્યાં કશી મથામણ કરવી પડે

તેમ છે ? સર્વ જીવો સાથે તાદાત્મ્ય હોવાના કારણે તેઓ જાણ્યે-અજાણ્યે સરખામણી પણ કરી લે છે ને ?

અને પેલા રોચમાનના અશ્વોની શોભા જાણે આકાશને આંબતી હોય તેમ તે અશ્વો "તારાઓથી સુશોભિત નીલા આકાશ જેવા" અદ્‌ભુત દેખાતા હતા : જ્યારે નીલરાજના અશ્વો પોતાના માલિક સાથે પૂરેપૂરો મનમેળ ધરાવતા હોય, તેમ જ તેને ઐક્ય દર્શાવવાના કોડ જાગ્યા હોય તે રીતે 'નીલવર્ણના' જ હતા. અને શુક્લના 'શુક્લવર્ણના અશ્વો' ઘવાયેલાઓના ઘા રૂઝવનારા હોય તેવા સલૂણા સહભાગી બની યુદ્ધમાં પરાક્રમ દર્શાવતા હતા.

નીલ આકાશની વાત હોય, વાદળોની ઉપમા આપી હોય, ત્યારે ઉપમા આપવામાં અદ્વિતીય એવા મહાકવિ વ્યાસજી આકાશના ઇન્દ્રધનુષને કેમ ભૂલે ? "કુંતીભોજના અશ્વો એટલે જાણે સાક્ષાત્ ઇન્દ્રધનુષ."

આ બધા અશ્વો વેગવાન તો ખરા જ, પણ સાથે તેમનો કમનીય અંગમરોડ પણ લોભામણો. સ્ફૂર્તિ અને ચપળતા તો જાણે મેઘછાયા આકાશની ચપલા ! કેવો સોહામણો એ અશ્વોનો વળોટ ! "ગોળ કૂંડાળું કરતાં પોતે ગોળાકાર બની જાય, સીધી રેખા આવતાં રેખાકાર બને અને ડાબે-જમણે ફરતાં તેઓ બે મુખવાળા નોળિયા જેવા બની જાય !"

ચંદ્રદેવના અશ્વો જાણે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા પેલા ઉચ્ચૈઃશ્રવાના સીધા જ વંશવારસો. "ચંદ્ર સમાન સૌમ્ય, શાંત, મધુર મુખમુદ્રા ધરાવતા તે અશ્વો પોતાની ચંચળ કેશવાળી શોભાવતા" રણભૂમિ પર થનગનતા હતા.

વ્યાસજીને કેટકેટલા રંગો વર્ણવવામાં રસ છે ! કાશીરાજના અશ્વો 'સુવર્ણરંગી' હતા અને એમાં પાછી સુવર્ણમાળાઓ ધારણ કરી હોવાથી આખો અશ્વ જાણે સોનાનો હોય તેવો ભાસતો હતો.

અને "જેના પગ દડાની જેમ ઊછળે છે, જેની સ્થિતિ પર્વત જેવી સ્થિર છે, જેનો હણહણાટ મેઘ જેવો ગંભીર છે, જેની આંખ કમળ જેવી વિશાળ છે, જેનો વેગ પવનની જેમ તીવ્ર છે, જેને કૂદકો સિંહના જેવો લાંબો છે, જેનાં અંગોનું ઠેકવું નટ જેવું કલામય છે અને જેનું મુખ કુલીન સ્ત્રીના મુખ જેવું ગંભીર છે" એવો અભિમન્યુનો 'પિંગલવર્ણો' પાણીદાર અશ્વ યુદ્ધ ખેલતો હતો. ઘણના ઘા ઝીલતો હોય તેવો હારેલો-થાકેલો કે ત્રસ્ત નહીં, પણ નાચતા-કૂદતા જળના સંગીત જેવી ચપળતાથી તે દુશ્મનોનો સંહાર કરવામાં અભિમન્યુને સહાય કરતો હતો.

ત્યારે સૌચિતીના ''શ્યામ ચરણવાળા'' અશ્વો સારથિને વશ વર્તી પોતાનું કૌશલ દાખવતા હતા. ''સુવર્ણકવચથી સજ્જ હોવાથી હેમવર્ણા શોભતા'' તે અશ્વો આંખો આંજી નાખે તેવા ચમકતા હતા.

જરાસંધના પુત્ર સહદેવના અશ્વોની પીઠ ''કાબરચીતરા રંગની અને પગ બિલકુલ શ્યામવર્ણા'' હતા અને સત્યધૃતિના અશ્વો ભલે ''કાબરચીતરા'' ખરા, પણ તેમાં લાલ વર્ણની બહુલતાને કારણે તેઓ વધુ સુંદર લાગતા હતા.

પડછંદ કાયા ધરાવતા, ઊંચા, સશક્ત અને કેળવાયેલા તે અશ્વો જાણે ખરીઓના અથડાવાથી પૃથ્વી ઉપરની ઊડેલી રજ કોઈ એક જગ્યાએ વાદળના સમૂહ જેવી કાબરચીતરી લાગે છે, ક્યાંક સુવર્ણકણીઓના સમૂહ જેવી લાગે છે, તો ક્યાંક શરદચંદ્રના ટુકડા જેવી સફેદ લાગે છે. આવા સુંદર ઘોડાની લગામ ઢીલી મૂકી હોય ત્યારે તે કેવો લાગે ?

કવિ કયા ખૂણેથી, કેટલા અંશના ખૂણેથી દૃષ્ટિ ફેરવે છે ? કયો અશ્વ, કયા સમયે, કયા કારણે, કેવો લાગે - એ બધું જ અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ-વિચારી આપણી સમક્ષ કેવાં-કેવાં કલ્પનો મૂકે છે !

અલંકારના ઓઘ ઉછાળતાં આ મહાકવિ કહે છે : ''ઘોડાનો આગળનો ભાગ લાંબો દેખાય, વાળની ચમર કંપ્યા વગરની સ્થિર લાગે, કાન ઊંચા ને ટટ્ટાર રહે, પોતાના જ પગથી ઉડાડેલી ધૂળ પણ એને અડકી ન શકે અને જાણે હરણની દોડની ઈર્ષા કરતી હોય'' તેવો દેખાવ વ્યક્ત કરતા વ્યાસજીનું સૂક્ષ્મ અવલોકન દાદ માગી લે તેવું છે.

એવા જ ''કાબરચીતરા વર્ણના'' ઘોડાઓ તો ઘટોત્કચના પણ હતા, પરંતુ ખરેખર તે અશ્વો જ હતા કે બીજું કોઈ પ્રાણી ? માયાવી ઘટોત્કચના અશ્વો પણ માયાવી હોવાથી વિવિધ રૂપ અને વિવિધ વર્ણવાળા દેખાતા હતા. આ અશ્વો તો જાણે ક્યારેક અશ્વ જેવા અને ક્યારેક હાથી જેવો વિચિત્ર દેખાવ ધારણ કરતા મહાબલી હતા. ઘટોત્કચનો રથ પણ ઘડીક અધ્ધર અને ઘડીક ધરતી પર ધણધણતો ફરતો હતો ત્યારે રથના વેગના કારણે ઘોડાઓ ધરતીને ભેટવા અધીરા થયા હોય તેવા દેખાતા હતા.

બધા અશ્વોના રંગવૈવિધ્યમાં દ્રુપદના અશ્વનો દેખાવ ન્યારો હતો. ''લલાટમાં સફેદ ચંદનનું તિલક કર્યું હોય તેવો તે ભાલચંદ્ર સમો શોભતો હતો.'' મહારાજ દ્રુપદનો ઉત્તમ પ્રકારનો અશ્વ હોય એટલે યુદ્ધમાં સંભળાઈ રહેલા સર્વ પ્રકારના અવાજોને ઓળખવાનું અને સહન કરવાનું કૌશલ કેળવાઈ જ ગયું હોય.

દંડકેતુના "શરદંડ સમાન, ધોળી પીઠવાળા, શ્વેત વૃષણવાળા, કૂકડાના ઈંડા જેવા શોભતા, રૂપકડા અશ્વો" જોઈને કોઈ પણ તેના પર મોહિત થયા વિના ન રહે.

રંગવૈવિધ્ય અને પુષ્ટ દેહયષ્ટિના કારણે મોહક લાગતા આ અશ્વોનો પ્રભાવ જ એટલો હોય કે ઘોડેસવાર એકલો હોય તોપણ ધનુષધારીઓથી ભરેલી યુદ્ધભૂમિ પર વિદ્યુતવેગથી, ચપળતાથી આગળ વધી જઈને, શત્રુનો વધ કરીને પાછો ફરે છે.

વ્યાસજીનું કવિત્વ ફક્ત યુદ્ધકથાપ્રવાહમાં જ ખીલે છે તેવું ઓછું છે ? યુદ્ધમાં સામેલ અશ્વો, હાથીઓ કે રથો પણ આ મહાકવિના સ્વજન જ જાણે !

ભીષણ સંગ્રામ ખેલાય છે. રણઘેલુડાના હાકલા-પડકારાનો શોર મચ્યો છે, રથોનો ગંભીર ઘોષ, મંથન કરતાં સમુદ્રના જેવો ખળભળાટ મચાવી રહ્યો છે ત્યારે પણ સદાના સ્વસ્થ, પ્રકૃતિપ્રેમી આ મહાકવિ પ્રકૃતિને વિસારે પાડતા નથી. પુષ્પની પ્રત્યેક પાંખડી એકસરખી જ ખીલે છે, તેમ કવિનું કવિત્વ પ્રત્યેક સંજોગમાં સંપૂર્ણ જ ખીલે છે.

વિરાટરાજાના રથને જોડેલા અશ્વો એટલે જાણે "પાટલપુષ્પની ગુલાબી રંગચ્છાયા" અને બાહ્લિક દેશમાં ઉત્પન્ન થયેલા સુશોભિત અશ્વો એટલે "પદ્મવર્ણથી છવાયેલું રમ્ય સરોવર". અદ્ભુત નીરખીને ધન્ય બની જવાય તેવા અશ્વો લઈને નકુલનો પુત્ર શતાનિક પોતાનું પરાક્રમ દર્શાવતો નીકળ્યો હતો. કેવા મજાના હતા એ અશ્વો ? "શાલપુષ્પ જેવા વર્ણવાળા" તો ખરા, પણ તેમની આભા પણ કેવી ? "ઊગતા સૂર્યની કાન્તિ ધરાવતા" અશ્વો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અને આકર્ષણ કેમ ન થાય ? વ્યાસજી કહે છે : "જેટલા સમયમાં છૂટો-છૂટો વાતો વાયુ એકદમ એકઠો થઈ જાય, તેટલા સમયમાં આ પવનવેગી ઘોડાઓ આવ્યા ને ગયા જ સમજો એવી તેજ ગતિથી ઘોડાઓ યુદ્ધરમણે ચડ્યા હતા."

શૈબ્યના "નીલકમલ સમા વર્ણવાળા" પાણીદાર અશ્વો પવનગતિને પણ જાણે પછાડવા નીકળ્યા હતા.

ઘોડા ખેલવતા રણશૂરા ક્ષત્રિયોની વાત થતી હોય ને કેસરિયો રંગ મહાકવિ વ્યાસજીથી ભુલાય ખરો ? ચિત્રાયુધના ઘોડાઓને જોતાં જ કવિને કેસૂડાનાં ફૂલો સાંભરી આવ્યાં. એ ઘોડાઓ એવા તો છટાદાર હતા કે એમને જોતાં જ શૂરજનોની આંખમાં કેસરિયો રંગ અંજાઈ જતો.

રાજા હેમવર્ણના "કમલપત્ર સમાન દેખાતા" અશ્વો શું ખરેખર જલકમલવત્ હતા ? ના, એ અશ્વોનો દેખાવ કમલપત્ર જેવો વિસ્તૃત રીતે છવાઈ જનારો પાણીદાર હતો.

વ્યાસજી પાસે સૂક્ષ્મ અવલોકનશક્તિ અને તેને વ્યક્ત કરવાની કલા અદ્ભુત છે. આ કવિ કેવળ પુષ્પોથી મોહિત થનારા નથી. અનેક પ્રકારની વનસ્પતિનો પણ તેમને સુપેરે પરિચય છે અને વનસ્પતિજગત સાથે આત્મીયતા પણ એટલી જ છે, તેથી તો ઘોડાઓનું વર્ણન કરતાં-કરતાં પણ તેમને જાતજાતની વનસ્પતિઓ નજર સામે તરવરે છે.

ઉત્તરના રથને દોરી જનારા ઘોડાઓ "હળદર જેવા રંગના" હતા અને સાથે સુવર્ણની સાંકળો ડોકમાં બાંધી હોવાથી ઘોડાઓની કાન્તિ સુવર્ણ જેવી જ દેદીપ્યમાન લાગતી હતી.

ભારતવર્ષની સમૃદ્ધિની યશોગાથા મહાકવિએ ગાઈ-વગાડી નથી, પરંતુ યુદ્ધરમણે ચડેલા અશ્વો પણ સુવર્ણથી અલંકૃત થયેલા વર્ણવીને મહાકવિએ ધનવૈભવની કલ્પનાતીત રેલમછેલ દર્શાવી છે.

કૈકેયદેશના પાંચેય ભાઈઓના ઘોડાઓ "સુવર્ણમાળા ધારણ કરેલા" હોવાથી "ઇન્દ્રગોપ" જેવા લાલ રંગના એવા તો શોભતા હતા કે સમગ્ર સેનામાં તેઓ આગવા જ તરી આવતા હતા અને "એકમેક સાથે ભીંસમાં આવી ગયેલા તે ઘોડાઓએ રજને ઉપર જવાનો માર્ગ રોકી લીધો હતો." પરસ્પર સાથોસાથ રહેતા ઘોડાઓને જાણે અતિશયોક્તિ અલંકારથી વિભૂષિત કર્યા હોય તેમ કવિ આગળ કહે છે : "આછા-આછા થતા ડાબલાઓના પગલે-પગલે અથડાતી તે રજ, લાંબા કાળ સુધી ત્યાં ને ત્યાં જ ભમ્યા કરતી હતી." કેવું હશે ધૂળછાયું મેદાન ? પગની ખરીઓથી ધરતી ખોદાય અને રજ ઊડે તેનું પણ કેવું રસપ્રદ વર્ણન !

વ્યાસજી આપણી કલ્પનાની કસોટી કરે છે કે શું ? બૃહત્ક્ષેત્રના ઘોડાઓ પરાળને બાળવાથી જે રંગના ધુમાડા થાય તેવા રંગના હતા. (ઘઉંના સુકાયેલા છોડ તે પરાળ, જેનો ધુમાડો ઘેરો રાખોડી રંગનો થાય.) પરાળ ઓળખીએ એટલે પરાળની દાંડીનો રંગ પણ ઓળખાઈ જાય. એકદમ આછા બદામી રંગની સુંવાળી દાંડી જેવી વાર્ધક્ષેમીના અશ્વોની ત્વચાની મુલાયમતા દર્શાવવા જ કવિએ તેમને આ ઉપમાથી અલંકૃત કર્યા છે. ઘોડાની સુંવાળી ગરદન પર હાથ પસવારતાં રહીએ તેવો ભાવ જાગે છે.

સિંધુદેશના ઘોડાઓ એટલે અત્યંત તીવ્રવેગી ઘોડા. મહાકવિ તેઓને વર્ણવતાં કહે છે : "તીવ્રવેગથી દોડતો ઘોડો, પોતાના પડછાયામાં જે ઘોડો સાથે-સાથે દોડતો દેખાય છે તેના કારણે તે લજ્જા અનુભવે છે, તેથી પોતાની ખરીઓથી ઉડાડેલી રજોટીથી સૂર્યને ઢાંકી દે છે કે જેથી કરીને પોતાનો પડછાયો દેખાય નહીં." વ્યાસજી તો અશ્વોના મનોભાવોને પણ પકડી પાડવા તલપાપડ થઈ જાય છે.

અડદનાં ફૂલોનો રંગ જોયો છે ? બસ, બરાબર એ જ રંગના ઘોડાઓ સુતસોમના હતા. સુતસોમ એટલે ધૌમ્યઋષિ પાસે યાચના કરીને પાર્થે જે પુત્ર પ્રાપ્ત કર્યો હતો તે. સુતસોમના ઘોડાના ડાબલા પડવાથી ધરતી ખોદાય છે ત્યારે રણભૂમિ બગીચા જેવી લાગે છે, કારણ, યોદ્ધાઓના લોહીથી ત્યાં જળસિંચન થતું હતું. આવા બગીચામાં જ જયલક્ષ્મી નામનાં મિષ્ટ ફળો પાકે છે ને ?

જનમેજયના અશ્વો સરસવનાં પુષ્પો સમાન કમનીય લાગતા અને પાંચાલવીરોના અશ્વો અડદ જેવા વર્ણના, વિશાળકાય, વેગીલા અને તરવરિયા હતા. એ અશ્વોની પીઠ દહીં જેવી શ્વેત હોવાથી, તેઓને પહેરાવેલી સુવર્ણમાળાઓ અધિક શોભતી હતી.

પાંચાલના અશ્વોમાં તો શું વખાણવું ને શું નહીં ? જેવું રૂપ તેવી જ છટા ! જેવી તાકાત તેવી જ ચતુરાઈ ! ઘોડાઓ પોતાની ચકોર નજર ફેરવતા નાચી રહ્યા હતા. સવાર થયેલા રાજાના લલાટ પરથી ટપકતાં પ્રસ્વેદબિંદુથી ઘોડા ચંચળ બની જતા અને દુંદુભિ તથા ધનુષટંકારના નાદથી યુદ્ધ માટે અધીરા બની જઈને પૃથ્વીને ક્ષોભ પમાડતા, ડાબલા ચમકાવતા, હાવળો નાખતા વર્ણવી વ્યાસજી અશ્વની ગરિમાને બિરદાવે છે.

નકુલનો પુત્ર શતાનિક શાલપુષ્પની યાદ અપાવે તેવા વર્ણના અશ્વોને સોનેરી દોરડાથી સજ્જ કરીને આવ્યો હતો, જ્યારે રાજા દંડધાર તો ભદ્રકદેશમાં ઉત્પન્ન થયેલા "શરકાંડ જેવા અને કમળના કેસર જેવા રંગના" ઘોડાને યુદ્ધભૂમિ પર લાવ્યો હતો. રથસેનના ઘોડાઓ "કલાય", એટલે કે વટાણાના પુષ્પ સમા રંગના અને "શ્વેત તથા લાલ કેશવાળીવાળા" ઉત્તમ અશ્વો લઈને આવ્યો હતો. જ્યારે પાંડ્યરાજના અનુગામી મહારથીના અશ્વો "અરડૂસીનાં પુષ્પની આભાવાળા" દેખાતા હતા.

કેટલાં પુષ્પોને યાદ કર્યાં છે આ મહાકવિએ ! રૂપમાં અદ્વિતીય અને ગુણમાં પણ અજોડ એવા આ બધા જ અશ્વો સારી રીતે કેળવાયેલા હતા. મૃગલાના

વેગને પણ સહન કરી શકતા ન હોય એમ રણમેદાન પર દોડતા અશ્વોનું તાદશ ચિત્રણ કરવામાં કવિનું કવિત્વ પ્રબળ છે કે અશ્વો પ્રત્યેનો લગાવ પ્રબળ દેખાય છે ?

આવા પરાક્રમશીલ અશ્વોના કારણે તો રાજાઓનાં કાર્યો ક્ષણવારમાં સિદ્ધ થતાં હોય છે, જે કાર્યો ક્યારેક હાથીઓથી કે યોદ્ધાઓના પરાક્રમથી પણ સિદ્ધ નથી થતાં. યુદ્ધમાં ક્યારે કેવી ઠેક મારવી, ક્યારે સામાનો ઘા ચુકાવી દેવા માટે નીચે ઝૂકી જવું, ક્યારે બે પગે ઝાડ થઈને દુશ્મન પર હુમલો કરવો એ તો કેળવાયેલા અશ્વોની ખૂબી છે.

જ્ઞાનસમૃદ્ધ વ્યાસજી જેમ વનશ્રીની ઉપમાઓ વડે અશ્વોને નવાજે છે, તેમ પશુપક્ષીઓને પણ વિસારે પાડતા નથી. વિશ્વપ્રેમી વ્યાસજીને તો પશુ, પક્ષી, વનસ્પતિ, નદી, પર્વત - સઘળું સ્વજન છે. જુઓ ને, આપણે ભીમના અશ્વથી શરૂઆત કરીએ.

ભીમના અશ્વો "રીંછ જેવા વર્ણવાળા, કદાવર અને શક્તિથી ભરપૂર" હતા. આવા અશ્વો દોડતા હોય ત્યારે કેવા લાગતા હતા ? જેવો યુદ્ધભૂમિમાં ભીમનો ધગધગતો ઉગ્ર મિજાજ, એવા જ એના અશ્વો. કવિ તેમને વર્ણવતાં કહે છે : "જાણે ધગધગતા અંગારા હોય તે રીતે ખરીઓથી પૃથ્વીને અડકીને ઊંચા પગ લેતા હોય, દોડતી વખતે હરણાંની જેમ પોતાના શરીરને સંકોચી લેતા હોય અને આકાશનું આંગણું થનગનાટ કરીને વિહાર કરવાની ભૂમિ છે તેમ વિચારી ધરણીમંડળને ઓળંગી રહ્યા હોય" તેવા ઘોડાઓને ભીમના મનોરથને સાકાર કરવા થનગનતા દર્શાવી કવિ જેવો અસવાર તેવા અશ્વની સત્યતા પુરવાર કરી રહ્યા છે.

તો શિશુપાલનો પુત્ર પેલા "સારંગ મૃગ સમાન કાબરચીતરા" અશ્વો લઈને યુદ્ધમેદાને પડ્યો હતો.

કવિ ક્યારેક મર્માળું હાસ્ય પણ કરી લે છે ! જુઓ ને, રાજાનું નામ હતું સિંહસેન અને તેના અશ્વો હતા "સસલાની સફેદીવાળા" અને પાછી લાલ-સફેદ મિશ્રણવાળી તેઓની રુવાંટીને કારણે જાણે મખમલના ગાલીચા હોય તેવી તેમની પીઠ શોભતી હતી.

નકુલના રથના અશ્વો કેવા હતા ? વ્યાસજી એને "પોપટની પાંખ જેવા રંગના સુંદર અને કંબોજદેશીય પાણીદાર અશ્વો" હતા એમ કહીને દેશકાળ પ્રમાણે અશ્વ નવાન હોવાની પ્રતીતિ કરાવે છે.

શિખંડીના પુત્ર ક્ષત્રદેવના અશ્વો "મલ્લિક પક્ષીની આંખ જેવા" દેખાતા હતા અને કાશીરાજ અભિભૂતા સુકુમાર મહારથી પુત્રના અશ્વો "ક્રૌંચપક્ષી જેવા વર્ણવાળા" દીપી ઊઠતા હતા.

વ્યાસજી કેટલાં પક્ષીઓ સાથે અશ્વોને સરખાવી જાણે છે ! જાણે આ બધાં પક્ષીઓ પણ એમના ચિરપરિચિત મિત્રો. કવિની વર્ણનશક્તિ ઉપમાઓ, દૃષ્ટાંતો આપીને સરખામણી કરી આપણી દૃષ્ટિ સમક્ષ આબેહૂબ દેખાવ રજૂ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેથી તો તેઓ શબ્દસ્વામી કહેવાયા છે.

દ્રૌપદીપુત્ર શ્રુતકર્માના અશ્વોની શી છટા હતી ! "મોરની ગરદન સમા વર્ણવાળા" અને ઉપર "સોનાની દોરીઓથી સજ્જ" દ્રૌપદીના બીજા પુત્ર શ્રુતકીર્તિનો અશ્વ જાણે "ચાષપક્ષીનાં પીંછાંનો જ બન્યો હોય તેવો" આબેહૂબ રંગ ધરાવતો હતો. સરસેનાપતિના સ્થાનને શોભાવતા ધૃષ્ટદ્યુમ્નનો અશ્વ "કબૂતરી રંગનો" હોવાથી અન્ય અશ્વો કરતાં કંઈક અલગ જ તરી આવતો હતો. સુક્ષત્રના અશ્વો જોઈને મહાકવિને "ચક્રવાકપક્ષીના ઉદરનો રંગ" યાદ આવે છે.

આ બધા જ વીર, પરાક્રમી અને જય મેળવવાના મનોરથથી ભરેલા યોદ્ધાઓના અશ્વો પણ કેવા સમર્થ ! વ્યાસજી અશ્વવેગને અતિશયોક્તિ અલંકારથી સજાવી વર્ણન કરતાં કહે છે : "વેગને કારણે રથે જોડેલા ઘોડા ખરીથી ખોદાઈ ગયેલી પૃથ્વીને જાણે કે આશ્વાસન આપતા હોય તેવી રીતે તેને આલિંગન આપે છે, તેમ જ તેમનાં ચરણ જાણે મુખમાંથી નીકળ્યાં હોય તેમ દેખાય છે."

જ્યારે શિખંડીના અશ્વનું વર્ણન થાય છે ત્યારે આ શબ્દસ્વામી અશ્વોને "માટીના કાચા વાસણ સમા" વર્ણવે છે. "તાંબા જેવા લાલ અને તેજસ્વી ઘોડાઓ" સાથે ભીષ્મ જેવા મહારથી સામે શિખંડી યુદ્ધ ખેલવા આવ્યો હતો ત્યારે એ બંનેના અશ્વો કેવા લાગતા હતા ? વ્યાસજીને જ શોભે તેવું વર્ણન છે :

"વેગના પ્રવાહથી આકાશને પડિયો, નદીને પાતળી દોરી, સમુદ્રને ખાબોચિયું, વનનાં વૃક્ષોને એક ડાળી જેવું, પૃથ્વીમંડળને ઢેફું અને પર્વતને સરસવ જેવો કરી નાખે છે." આગળ કહે છે : "એકબીજાને મારું કે મરુંના ખેલ ખેલતા આ બંને યોદ્ધાના અશ્વો દિશાને ચપળ બનાવે છે તેમ જ ત્રણેય લોકને કબજામાં લઈ લે છે." અતિ વેગને ધારણ કરતો આવો ઘોડો વર્ણવવો એ વ્યાસજી સિવાય બીજા કોનું ગજું ?

રેસકોર્સના મેદાનમાં ખેલાતી હોર્સરિસમાં વ્યાસજી અંતિમ ક્ષણોમાં વિજ્યી હરણફાળ ભરી મેદાન મારી જાય છે. વ્યાસજીને અશ્વો સાથે કેટલો બધો લગાવ

હશે ! ક્યારેક દેખાવની, ક્યારેક દોડની, ક્યારેક ઊડતી રજની, તો ક્યારેક ત્વરિત ગતિની વાત કરતાં તેઓ થાકતા નથી.

ભીષ્મપિતામહ જેવા અજેય યોદ્ધાને પાડવા શિખંડીએ અને તેના અશ્વે આવી અને આટલી ચપળતા દાખવવી જ પડે ને !

શ્રેણીમાનના ઘોડા પર સોનેરી આવરણ છે. ''કૌશેય (રેશમી) વર્ણવાળા અને ઉપર સોનાની સાંકળોથી શણગારાયેલા છે'' તેવી જ રીતે ચેકિતાનના અશ્વો ''બદામી અને શ્વેત એવા બંને પ્રકારના રેશમ જેવા વર્ણવાળા'' ઉત્તમ કોટિના અશ્વો છે, જે સુવર્ણમાળાઓથી વિભૂષિત થયેલા પ્રસન્નચિત્ત અશ્વો યોદ્ધાઓને પ્રોત્સાહિત કરતા હતા.

અનેક યોદ્ધાઓના અશ્વોનું વર્ણન કરવામાં કવિનું કૌશલ ખીલ્યું છે ત્યારે યાદ આવે છે અર્જુનનો રથ અને સારથિસ્થાને બેઠેલા શ્રીકૃષ્ણના જાતવાન, પાણીદાર, વિદ્યુતવેગી અને માલિકનો મર્મ પકડવા સમર્થ એવા બુદ્ધિમાન અશ્વો. ''વાયુ જેમ મેઘને દોડાવે, તેમ કૃષ્ણ અર્જુનના ઘોડાને દોડાવતા હતા.''

આવા રૂડા અશ્વોને વર્ણવતાં વ્યાસજી કહે છે : ''જેનું મુખમંડળ માંસ વિનાનું પાતળું, મધ્યભાગ પરિમિત, બંને કાન નાના, ખાંધ વિશાળ, ઊંચીનીચી થતી પહોળી છાતી, રૂંવાડાં સુંવાળાં, પડખાં જાડાં અને પહોળી પીઠ.''

આવા અશ્વોનું કલ્પનાચિત્ર દોરીએ એટલે સેનામધ્યે ઊભેલા રથમાં બિરાજમાન શ્રીકૃષ્ણ અને અર્જુન તો નજર સામે આવે જ, સાથે પેલા હણહણતા, આભને આંબવા મથતા ચારેય અશ્વો આપણી આંખમાં અંજાઈ જાય.

મહાયુદ્ધમાં ભાગ લેનારા સર્વ યોદ્ધાઓના વિવિધ વર્ણના અશ્વો એવા તો જાતવાન હતા કે તેઓને માલિક મળે ત્યારે જ આઝાદીનો અનુભવ થતો હોય તેમ માલિકની હાજરીમાં તેઓ ઔર ખીલતા અને પરાક્રમી બનતા.

અશ્વને આપણે એક મૂંગા છતાં ઉપયોગી પ્રાણી તરીકે જ ઓળખીએ તે યોગ્ય નથી. જડત્વભરેલું ચેતન છે એવું પણ નથી. અશ્વમાં સૂક્ષ્મ ચેતના છે. તે સમજુ અને વફાદાર પ્રાણી છે. એની ચતુરાઈ પણ કેવી ? માલિકના હાથમાં રહેલી લગામ કઈ રીતે પકડાય છે, અસવાર કઈ રીતે બેસે છે, તે કળી જતાં એને વાર લાગતી નથી. 'તેજીને તો ટકોરો જ બસ'. એની સંવેદનશીલતા પણ કેટલી બધી ! કદાચ માલિક તેની સાથે સહિષ્ણુતાથી ન વર્તે કે તેનો આદર ન જાળવે તો એ પણ માલિકનો આદર જાળવતો નથી. પ્રેમથી વશ વર્તનાર

આ પ્રાણીને ઓળખવું અઘરું છે. ઘોડાને મન તો માલિકની વેદના એ જ એની સંવેદના. જુઓ ને ! આચાર્ય દ્રોણ હણાયા ત્યારે તેમના રથમાં જોડાલા અશ્વો પણ અશ્રુપાત કરવા લાગેલા !

પ્રત્યેક અશ્વની વિવિધ વિશિષ્ટતા તો હતી જ, પણ એકંદરે રણમેદાનમાં રહેલા બધા જ અશ્વો અદ્ભુત હતા. "ગરુડ જેવા અત્યંત વેગીલા અશ્વો ઉપર અસવાર થયેલા યોદ્ધા" શત્રુસેનામાં ત્રાટકતા ત્યારે અશ્વોની ખરીઓના પ્રહારથી ધરણી ધ્રૂજવા લાગતી. ખરીઓનો પ્રચંડ અવાજ "પર્વત ઉપર સળગી રહેલા વાંસવનના અવાજ જેવો" સંભળાતો. "અશ્વોના પાદપ્રહારથી ઊડતી ધૂળની ડમરીથી આકાશનો સૂર્ય ઢંકાઈ જતો અને ધૂળનાં નાનાં વાદળો છવાઈ જતાં."

"જેવી રીતે ઊડીને આવતા વેગવાન હંસોના ટોળાને કારણે સરોવરનું જળ ખળભળી ઊઠે", તેમ વેગથી ધસી આવતા અશ્વોના કારણે ક્યારેક પાંડવસેના ખળભળી ઊઠતી, ક્યારેક કૌરવસેના ભયના કારણે નાસભાગ કરવા લાગતી.

દુર્યોધને દસ હજાર અશ્વારોહી વીર યોદ્ધાઓનું સૈન્ય યુધિષ્ઠિર, સહદેવ અને નકુળ સામે મોકલ્યું ત્યારે અશ્વઘોષ સાંભળતાં જ પાંડવસેના થરથરી ગઈ હતી.

અશ્વોની પ્રશંસા કરવામાં વ્યાસજી કેટલા તન્મય બની જાય છે ! તેઓ કહે છે : "આ બધા ઘોડાઓ જાણે કે પૃથ્વી તપી ગઈ હોય તે રીતે ત્વરિત ગતિએ તેને અડકે છે, વારંવાર આકાશમાં ઊછળે છે, પવનોને પોતાના શિષ્યો બનાવીને તેમને વેગરૂપી વેદની શ્રુતિઓ ભણાવે છે, તેમ જ પોતાની ખરીઓના આગલા ભાગથી પૃથ્વી ખોદાય છે, તેથી જે ધૂળ ઊડે છે તેનાથી આકાશ ભરી દે છે અને એ રીતે ઇન્દ્રનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો પણ નૃત્યકલા શીખે છે."

વ્યાસજીને અશ્વો માટે કેટલો બધો આદરભાવ છે ! કેટલી પ્રીતિ છે ! તેઓ કહે છે : "યુદ્ધભૂમિમાં ગોળ કૂંડાળામાં ઘૂમી રહેલો આ ઘોડો પૃથ્વીને માટે કેડની મેખલા જેવો, દિશાઓ માટે હાથના કંકણ જેવો અને જગતને માટે તે કુંડલ સમાન લાગે છે." વ્યાસજીનો શબ્દ-અલંકાર-વૈભવ !

વ્યાસજી અશ્વોની બિરદાવલિઓ ગાતા હોય તેમ કહે છે : "હણહણતા અશ્વોના ડાબલાના અવાજોથી જાણે દિશાઓ બહેરી થઈ જાય છે; ધૂળ એવી તો ઉડાડે છે કે આકાશમાં ફરતા ગંધર્વોની આંખો બંધ થઈ જાય છે, વેગના પ્રભાવથી વાયુને લંગડો કરી મૂકે છે, પોતાના વિશેષ ગુણોની પ્રશંસા કરનારાઓને મૂંગા કરી દે છે, તેમ જ જગતના પ્રજાજનોને ધર્મની આરાધનાઓમાં જોડનાર

એવો રાજા ઘોડાની પીઠ પર બેઠો છે, તેના કારણે અશ્વ ઊંચીઊંચી ફાળ લઈને આકાશમાં ઠેક્યા કરે છે કે જેથી પૃથ્વીરૂપી ગાયનો સ્પર્શ થાય તો પાપ લાગશે તેમ માનીને પગથી પૃથ્વીનો સ્પર્શ કરતો નથી.''

જાતવાન, વફાદાર, ચતુર અને કાર્યદક્ષ અશ્વો કે જેમનાં મસ્તક તલવારથી કપાયાં છે, છતાં પડતાં-પડતાં પણ વેરીજનને પાડીને પછી જ પોતે રામશરણ થાય છે, એવા અશ્વો માટે ખીલેલી વ્યાસજીની કલ્પના અને વાણીવૈભવ, અલંકૃત ભાષાની છટા જાણ્યા અને માણ્યા પછી જગતની બાકીની બધી વાણી જાણે વૈખરી લાગે છે.

□

7

ગૌરવશીલ હાથીઓ



'સુભાષિતરત્નભાંડાગાર'માં સુંદર શ્લોકો છે : "જ્યાં સત્ય હોય છે ત્યાં ધર્મ હોય છે, જ્યાં ધર્મ હોય છે ત્યાં ધન હોય છે, જ્યાં રૂપ હોય છે ત્યાં શીલ હોય છે અને જ્યાં હાથીઓ હોય ત્યાં વિજય હોય છે."

"જેવી રીતે વન સિંહ વિનાનું હોય તે નકામું, રાષ્ટ્ર - રાજ્ય રાજા વિનાનું હોય તે નકામું, શૌર્ય-પરાક્રમ હોય તે શસ્ત્ર વિના નકામું, તેવી જ રીતે સેનાઓ હોય તે હાથી વિનાની નકામી છે."

સંગ્રામમાં હાથીની કેટલી બધી અગત્ય ? યુદ્ધભૂમિ ઉપર હાથીઓ ચિત્કાર કરતા જાણે નર્તન કરે અને મદમસ્ત બનીને પોતાના સ્વામી અને તેના યોદ્ધાઓને મોજ કરાવે, તો ક્યારેક અત્યંત પ્રૌઢ-ગંભીર બનીને રણમેદાનમાં પોતાની સેનાની સમગ્રતા-વિશાળતાને સંપૂર્ણપણે દર્શાવી શત્રુદળને કંપાવે. સૂંઢરૂપી દંડના પ્રહારોથી તેમ જ લોખંડના થાંભલા સમાન પગ નીચે કચડી નાખીને શત્રુદળને હંફાવે પણ ખરા. સેનાનું સામર્થ્ય તેના હાથીઓમાં છે. હાથી વડે રક્ષાયેલ સેનાના બળથી અધિક બળ બીજું શું હોઈ શકે ?

આ મહાભારતકાળની વાત છે.

કોઈએ કહ્યું છે : "પ્રસંગને શોભે તે રીતે હેતુસહિત કાવ્યો જે કોઈ પણ પ્રકારની શંકા વિના રચી શકે છે, તે જ સાચો કવિ; તે જ કાવ્યો અને કાવ્યમાં પરિશ્રમ પણ તેનો જ સફળ જાણવો."

વ્યાસજીનું શબ્દલાલિત્ય એ જ સરસ્વતીના વિલાસની જન્મભૂમિ. તેથી જ સરળ કાવ્યરચના વ્યાસજી જેવા કૃતકૃત્ય કવિજનના હૃદયમાં પ્રગટ થાય છે. વ્યાસજીનું આ મહાકાવ્ય શોભાયમાન અક્ષરોરૂપી અમૃતથી ભરેલું છે. તેમની વાણી સાહિત્યસૃષ્ટિની અમૃતઝરાને સતત વહેવડાવતી રહે છે.

વ્યાસજીએ મહાયુદ્ધમાં વિવિધ યોદ્ધાઓનું શૌર્ય દિલથી બહેલાવ્યું છે, અશ્વો અને રથોનું વર્ણન મનમોહક શૈલીમાં કર્યું છે, રણભૂમિ અને યુદ્ધનદીઓનું હૃદયદ્રાવક વર્ણન કર્યું છે, તો પછી 'હસ્તીશાસ્ત્ર'માં નિપુણ એવા વ્યાસજી હાથીઓના પ્રદાનનો ઉલ્લેખ કરવાનું ચૂકી જાય ખરા ?

મહાભારત સંગ્રામમાં હાથીઓ વિશે કેટલું બધું વિસ્તારથી જણાવ્યું છે - પછી તે યુદ્ધપ્રારંભે શક્તિનું પ્રદર્શન કરવા થનગની રહેલો હાથી હોય કે હાથીની શોભા હોય, રણમેદાનમાં પરાક્રમ દર્શાવતી હકીકત હોય કે હાથીની ઘાયલ અવસ્થાનું વર્ણન હોય, ડરથી ભાગતો, ક્રોધથી વીફરેલો કે ભૂમિ પર મરણશરણ થયેલો હોય તેનું યથાર્થ ચિત્ર અથવા તો તેનાં મર્મસ્થાનોનો ઉલ્લેખ કર્યો હોય, આ બધાનું આબેહૂબ ચિત્ર આપણી આગળ 'મહાભારત'કાર ખૂબ ખૂબીથી વર્ણવીને, તેમના જ્ઞાનથી, તેમની અવલોકનશક્તિથી, તેમની કાવ્યાત્મક વર્ણનાત્મક શૈલીથી આપણને આશ્ચર્યચકિત કરી દે છે.

યુદ્ધસંગ્રામ શરૂ થાય તે પહેલાં -

હવે ગમે ત્યારે યુદ્ધનો આરંભ થશે. સેનાઓ સામસામે ગોઠવાઈ ગઈ છે, ત્યારે વાતાવરણ કેવું જામ્યું છે ?

"અત્યંત મદોન્મત્ત બનેલા સેંકડો હાથીઓના ચિત્કારથી, ઊંચા ઘોડાઓની હણહણાટીઓથી તેમ જ ડોલતી ધજાઓવાળા રથોનાં પૈડાંઓના અવાજોથી આકાશ એટલું બધું ભરપૂર બની ગયું, જાણે કે તે ઉચ્છ્વાસ પણ લેતું ન હતું અને આકુળ-વ્યાકુળ બન્યું હતું."

'મહાભારત'કારે રણભૂમિ પરનું દૃશ્ય કેવું બતાવ્યું છે ? "મોટા-મોટા ગજરાજોના ચિત્કારોથી, અશ્વોની હણહણાટીથી, રણશિંગાં અને શંખના ધ્વનિઓથી ભારે અવાજ થવા લાગ્યો."

नदद्‌भिश्च महानागैर्हेषमाणैश्च वाजिभिः ।
भेरीशंखनिनादैश्च तुमुलः समपद्यत ।।

યુદ્ધપ્રારંભે યુધિષ્ઠિર રણમેદાનમાં જવા પ્રયાણ કરે છે ત્યારે "સોનાની ઝૂલોથી શોભાયમાન, કમળના જેવી સુગંધવાળા મદઝરતા હાથીઓ, જળધારા વરસાવતાં વાદળો જેવા, યુધિષ્ઠિરની પાછળ, ગતિમાન પર્વતોની જેમ ચાલતા હતા."

હાથીઓની શોભા

રાજવી ઠાઠને અનુરૂપ એવું હાથીઓની શોભાનું કેવું ભવ્ય વર્ણન ! હાથીઓની શોભા - સૌંદર્યના પૂજારી વ્યાસજી હાથીઓની શોભાને પણ અલંકૃત ભાષામાં વર્ણવે છે :

"વિશાળકાય સેનાઓથી ઊડેલી રજ દિશાઓના પાલક એવા હાથીઓનાં મુખ ઉપર ચોંટી જાય છે ત્યારે હાથીઓના મદજળની રેખાઓ કોયલની હાર જેવી શ્યામલતાનો ફેલાવો કરે છે."

રાજા ભગદત્ત, જે સુપ્રતીક નામના ગજરાજ ઉપર આરૂઢ થયેલો, તે હાથીના શરીરમાંથી મદની સાત ધારાઓ ઝરી રહી હતી. "જાણે કે પર્વત ઉપરથી ઝરણાંઓ પડી રહ્યાં ન હોય !"

ભગદત્ત અને ભીમસેન વચ્ચે 'ભીષ્મપર્વ'માં ખેલાયેલા ભીષણ દ્વંદ્વયુદ્ધ દરમિયાન આ વર્ણન આવે છે.

અભિમન્યુ, યુયુત્સુ, ધૃષ્ટકેતુ અને દ્રૌપદીપુત્રો દ્વારા વીંધાયેલો ભગદત્તનો હાથી "સૂર્યકિરણોથી વ્યાપ્ત પ્રચંડ મેઘની જેમ શોભવા લાગ્યો" ત્યારે પણ એ બળવાન હાથી "ભ્રમરોની હાર જેવી શ્યામ કાન્તિવાળાં બાણોના સમૂહથી સઘળા શરીરે વીંધાયેલો, તોપણ નિર્ભયપણાને લીધે, યુદ્ધમાં અપ્રતિહત ઇચ્છાવાળો, ઊભાં થયેલાં રૂંવાડાંવાળો હોય તે રીતે શોભતો હતો."

એ જ હાથીનું આગળનું વર્ણન કેટલું બધું મનમોહક ! "જ્યારે પાણીથી ભરાયેલ મેઘમંડળના જેવી શ્યામતા ધરાવતા તે હાથીના મંડળમાં લોહીની ધારાઓથી તેના દંતૂશળ રાતા થઈ ગયા હતા, ત્યારે તે દંતૂશળ સમુદ્રના જળમાં પ્રગટ થયેલા પરવાળાના અંકુરની જેમ શોભવા લાગ્યા."

ઘટોત્કચે પોતાની માયાથી ઉત્પન્ન કર્યો હતો તેવા ઐરાવત હાથી ઉપર

બેસીને તે આવ્યો. બીજા દિગ્ગજ હાથીઓ પણ તેની પાછળ ચાલ્યા આવતા હતા.

અંજન, વામન અને તેજસ્વી મહાપદ્મ - આ ત્રણેય મહાગજરાજો "મહાકાય, મદોન્મત્ત, મહાબળવાન, મહાપરાક્રમી અને તેજથી તેમ જ શક્તિથી યુક્ત હતા."

ઘટોત્કચ અને તેની રાક્ષસી સેનાનું દુર્યોધનની સેના સામે અતિ ભયાનક અને રૂંવાડાં ખડાં કરી દે તેવું તુમુલ યુદ્ધ જામ્યું, ત્યારે ક્રોધે ભરાયેલા રાક્ષસો હાથમાં શસ્ત્રો લઈને, સામેથી આવતી હાથીની સેના તરફ દોડ્યા. હાથીઓની તે સેના રાક્ષસોને કેવી દેખાઈ ?

"જાણે મેઘઘટા ચડી આવી હોય તેવી."

કવિએ હાથીઓની શ્યામલતાને મેઘઘટા સાથે સરખાવી, એવી જ સરખામણી અન્ય સ્થળે પણ તેમણે કરેલી છે : "હાથીઓ જાણે કે ભારે પવનના બળથી ઊખડેલા પર્વતો હોય એ રીતે આકાશ સુધી પહોંચી જતા હતા, તેમ જ પોતાના ભારથી પૃથ્વીને ખૂબ જ નમાવતા હોવાથી જલથી ખૂબ જ ભરાયેલા મેઘ હોય એવા લાગતા હતા."

હાથીના શ્યામવર્ણ અને વિરાટ કાયાને માન આપી, વ્યાસજીએ પોતાના અસંખ્ય અલંકારોમાં હાથીને પર્વત સમાન વર્ણવ્યા છે.

ભયાનક યુદ્ધ દરમિયાન બધા ગજરાજોનાં કુંભસ્થળોમાંથી લોહી નીકળતું હતું. તેઓ પતાકાઓથી શોભતા હતા અને એકબીજા સાથે અથડાય ત્યારે કેવા દેખાતા હતા ?

"વીજળીવાળાં વાદળાં જેવાં !"

ફરીથી પર્વત સાથે સરખામણી કરવાનો લોભ છોડી ન શકતા વ્યાસજી કહે છે : "જેમ દાવાનળથી સળગતો ઔષધિવૃક્ષોવાળો પર્વત રાત્રે શોભે, તેમ અર્જુનનાં બાણોથી રાજા દંડધરના સોનાના કવચથી આભૂષિત હાથી શોભવા લાગ્યો."

स: पार्थबानैस्तपनीय भूषणै: समारुचात्कान्यनवर्मभृद्दिद्वय: ।
तथा चकाशेनिशि पर्वतो यथा दवाग्नि प्रज्वलितौषधिद्रुम: ।।

હસ્તીયુદ્ધમાં વિશારદ એવો અંગદેશનો રાજા મૃત્યુ પામ્યો ત્યારે અંગદેશના મહાવતોએ "તેજસ્વી પતાકાસહિત, સુંદર મુખવાળા, સુવર્ણની દોરી અને

કવચવાળા, પર્વત સમાન પ્રદીપ્ત હાથીઓને દોડાવી નકુળને કચડી નાખવા ભીષણ આક્રમણ કર્યું.''

કર્ણે સેનાપતિપદ ગ્રહણ કર્યું ત્યારે યુદ્ધારંભે હાથીઓ કેવા શોભતા હતા ? ''ધ્વજ, વૈજયંતીમાળા, ચમકતાં અસ્ત્રશસ્ત્ર અને મહાવત સહિતના તે હાથીઓ 'વૃક્ષોવાળા પર્વતો' જેવા શોભવા લાગ્યા.''

શલ્યવધ બાદ શાલ્વ રાજાના હાથીનું વર્ણન છે : ''આ હાથી મહાન ભદ્રકુળમાં જન્મ્યો હતો. ધૃતરાષ્ટ્રપુત્ર દુર્યોધન હંમેશાં તેનો સત્કાર કરતો. વળી તે હાથીને 'હસ્તીશાસ્ત્ર' જાણનારા, તાલીમ પામેલા પુરુષોએ સારી રીતે સજ્જ કર્યો હતો. તે મદોન્મત્ત ગજરાજ ઐરાવત પર્વત જેવો વિશાળ અને શત્રુઓનો સંહાર કરવામાં સમર્થ હતો.''

રણભૂમિ ઉપર ઘવાયેલો કે હણાયેલો હાથી પડ્યો છે ત્યારે પણ તે કેટલો બધો શોભાયમાન છે ! વ્યાસજી તેનું આલંકારિક ભાષામાં હૃદયંગમ વર્ણન કરે છે : ''અનેક પ્રકારના રંગવાળા કામળાઓ અને હાથીઓને ઓઢાડવાની ઝૂલોથી તથા વૈદૂર્યમણિના હાથાવાળા સરસ અંકુશોથી આખી રણભૂમિ છવાયેલી હતી. ત્યાં ચારેય તરફ ગજરાજોના ઘંટ પડ્યા હતા તેમ જ હાથીઓની પીઠ ઉપર બિછાવવામાં આવનારી રંગબેરંગી ઝૂલો અને અંકુશો પણ નીચે પડ્યાં હતાં. ગજરાજોના ગળામાં બાંધવામાં આવતાં આભૂષણો અને સોનેરી દોરીઓ તેમ જ અનેક પ્રકારનાં તૂટી પડેલાં યંત્રો તથા તોમરો અને કંપન જેવાં આયુધો પણ જ્યાં-ત્યાં પડ્યાં હતાં.''

અને હવે વ્યાસજીની ટી-૨૦ મેચમાં સુપર સિક્સ : ''મોટા-મોટા હાથીઓના કુંભસ્થળ પરથી ખરી પડતાં મોતીઓના સમૂહથી વિશેષ ચમકતા વિરોધી રાજાઓના મુકુટોના મણિઓથી સઘળી રણભૂમિ વિશેષ દીપી રહી હતી.''

હાથીઓનું પરાક્રમ

શક્તિશાળી, બળવાન, મદોન્મત્ત, ગર્જના કરતા, કેળવાયેલા હાથીઓએ યુદ્ધમાં કેવું પરાક્રમ દાખવ્યું ? વ્યાસજી વિવિધ અલંકારો પ્રયોજી પોતાનો હસ્તીસ્નેહ વ્યક્ત કરે છે.

''રાજા ભગદત્ત વડે પ્રેરાયેલો મદઝરતો તે હાથી પ્રલયકાળે ઘૂમી રહેલા મહાકાળની જેમ પાંડવ સૈનિકોની પાછળ દોડતો હતો, તે વખતે તેના બમણા વેગથી ધરતી પણ ધ્રૂજતી હતી.''

યુદ્ધક્ષેત્રમાં દોડી આવતા દશાર્ણરાજના હાથીને ભગદત્તના ગજરાજ સુપ્રતીકે રોક્યો. કેવી રીતે ? ''સાગરનો કિનારો દોડી આવતા મહાસાગરને રોકે તેમ.''

યુદ્ધકલામાં વિશારદ અને તાલીમ મેળવેલા એવા ખાસ પ્રકારથી કેળવાયેલા હાથીઓ વચ્ચે પણ દર્શનીય યુદ્ધ થતું. 'દ્રોણપર્વ'માં સુંદર વર્ણન છે : ''પ્રાચીન સમયમાં બે પર્વતો સામસામા ટકરાયેલા, તેમ ભયાનક દેખાવવાળા પ્રાગ્જ્યોતિના રાજા ભગદત્તનો હાથી અને દશાર્ણરાજનો હાથી એકબીજા સામે પ્રહાર કરવા લાગ્યા અને એકબીજા સામે લડી રહેલા આ ગજરાજોના દંતૂશળ અથડાવાથી ધુમાડાની સાથે ચારેય તરફ અગ્નિ પ્રગટતો દેખાતો હતો.''

અન્ય સ્થળે આવી જ ઘટનાને અલગ પ્રકારે વર્ણવી છે :

''પરસ્પર અથડાતા ગજરાજોના દંતૂશળ અથડાવાથી અગ્નિ પેદા થાય છે, તેથી ઉદ્વેગ પામેલા તે ગજરાજો પોતાની સૂંઢના ફુત્કારથી અગ્નિને ઓલવી નાખતા હતા.''

''ગજયુદ્ધમાં કુશળ ક્ષત્રિયો દ્વારા પાર્ષ્ણિ, અંગુષ્ઠ અને અંકુશોથી વારંવાર પ્રેરિત થતા હાથીઓએ વાદળો સૂર્યને ઘેરી લે તેવી રીતે ધૃષ્ટદ્યુમ્નને ઘેરી લીધો.'' 'કર્ણપર્વ'માં આ વર્ણવાયું છે, જ્યારે 'ભીષ્મપર્વ'માં જણાવે છે : ''જેને યુદ્ધમાં યમરાજ કે વરુણ પણ જીતી ન શકે તેવા પ્રખ્યાત, પૌરુષવાળા, પૂરા પરાક્રમી ઘટોત્કચને ભગદત્તે જીતી લીધો.'' અને ત્યારબાદ પોતાના ગજરાજ સાથે રાજા ભગદત્તે પાંડવી સેનાને એવી રીતે ધમરોળી નાખી ''જેવી રીતે જંગલી હાથી કમલિનીને કચડી નાખે.''

''એક બાજુ જ્યારે ધનુષ્યધારીઓ કઠોર, સ્થૂળ અને ગોળ મંડળ ધારણ કરતા, ધનુષ્યોને અત્યંત ટંકાર થાય તે રીતે ખેંચતા હતા, ત્યારે બીજી બાજુએ હાથી પર બેઠેલા યોદ્ધાઓ કઠોર, સ્થૂળ અને ગોળ મંડળવાળા હાથીઓનાં મસ્તકોને થાબડતા હતા.'' કવિએ કેવી સરસ રીતે અહીં ધનુષ્યોને અને હાથીઓનાં મસ્તકોને સરખાવ્યાં છે !

તેમાં પણ ''પૂર્વે પાંખવાળો કોઈ પર્વત ભય પમાડતો હતો કે ખળભળી ઊઠેલો સમુદ્ર જેમતેમ પ્રવાસ કરતા વેપારીઓને ભયભીત કરતો હોય, તેમ જોરદાર અંકુશનો પ્રહાર પામતો ભગદત્તનો ગજરાજ શત્રુઓને અત્યંત ભય ઉપજાવતો હતો.

કપટ અને કૂટયુદ્ધ કરનાર રાક્ષસ અલંબૂસને અભિમન્યુએ જીત્યો અને પછી કૌરવસેનાને ધમરોળી નાખી ત્યારે : ''જેવી રીતે મદોન્મત્ત જંગલી હાથી

ખીલેલાં કમળવાળી કમલિની તરફ દોડે, તેવી રીતે શાંતનુપુત્ર ભીષ્મ નાસી જતા સૈન્યને નિહાળીને, મોટી રથસેનાને સાથે લઈને અભિમન્યુને ઘેરી લેવા દોડ્યા.''

અહીં કઠોરતા અને કોમળતા બંને વિરોધી ગુણોને આવરી લઈ વ્યાસજીએ આગવું કાવ્યકૌશલ વણી લીધું છે.

રણભૂમિમાં હાથીઓએ શું કર્યું ?

''સૂંઢ કપાયેલા હાથીઓએ અનેક માનવી, હાથી, રથ અને અશ્વોને કચડી નાખ્યા.'' હકીકતના ઔપચારિક આલેખન બાદ વ્યાસજીનું આલંકારિક ભાષાવર્ણન આવે છે :

''જેમ ઊંચે ઊડેલી પવનની ડમરીઓ કેળનાં વૃક્ષોને ઉખેડીને ફેંકી દે છે, તેમ હાથીઓના જૂથના ગજરાજો રણભૂમિ પર રથ, યોદ્ધા અને ઘોડાઓને પાડી નાખે છે.''

બીજા સેંકડો હાથીઓ યોદ્ધાઓનાં આંતરડાંઓને દાંતોમાં ભરાવીને, એ આંતરડાંઓ સાથે જ સેંકડો મનુષ્યોનો ઘાણ વાળતાં-વાળતાં રણભૂમિમાં આમતેમ ઘૂમવા લાગ્યા.'' તો ''જળઝરણને વહાવતા પર્વત સમાન કોઈ મદઝરતા હાથીએ કોઈ રથીને, સારથિ અને ઘોડાસહિત પોતાના પગથી કચડી નાખ્યો અને પછી પોતે એમ જ ત્યાં ઊભો રહી ગયો.'' હાથીની નિર્દયતા પણ કેવી કમકમાટીભરી વર્ણવી છે !

ભીષ્મપિતામહના અપ્રતિમ પરાક્રમથી પાંડવસેના હતપ્રભ થઈ ગઈ, રણભૂમિ રુદ્રનું ક્રીડાંગણ બની ગઈ ત્યારે કેટલાક ગજરાજો નર હોવાના કારણે તથા મદ ઝરવાને કારણે મદોન્મત્ત થવાથી અશ્વારોહી સાથેના અશ્વોને પોતાની સૂંઢથી તેમ જ ચરણોથી કચડી નાખતા હતા. કેટલાય મદોન્મત્ત હાથીઓએ અસવાર સહિત ઘોડાને પોતાના દાંતથી ચીરી નાખ્યા કે પગથી કચડી નાખ્યા. અતિશય બળવાન હાથીઓએ બીજા ઘોડાને પોતાની સૂંઢથી પકડી વેગપૂર્વક દૂર ફેંકી દીધા એ દશ્ય અત્યંત બિહામણું લાગતું હતું.''

હાથીઓએ મચાવેલા આતંકનું વર્ણન પણ વ્યાસજી કેટલી સહજતાથી આલેખી રહ્યા છે !

અને હાથીઓ ભય પણ કેવો પમાડતા ! 'ભીષ્મપર્વ'માં કહે છે : ''સૈન્યોના સમૂહમાં જ્યારે ઉત્તમ ગજરાજો દોરવાઈને ત્યાં આવી રહ્યા હતા ત્યારે ત્યાં યુદ્ધમાં ધજાઓ અને યોદ્ધાઓવાળા રથો હાથીઓના હુમલાથી ભાગી જતા હતા.''

હાથીઓ પરસ્પર પણ ઝનૂનથી લડતા. વ્યાસજી આગવી શૈલીમાં આનું વર્ણન કરે છે :

"સેનાથી ઊડેલી પ્રગાઢ બનેલી રજ નજરના માર્ગને રોકી દેતી હતી, તેમ જ હાથીઓનાં મુખ ઉપર મોટામોટા પડદા જેવી બની જતી હતી, તોપણ વસંતઋતુમાં ખીલેલા આંબાના મહોર જેવી સુગંધવાળા મદઝરતા પવનોથી આકર્ષાઈને હાથીઓ સામા હાથીઓ ઉપર બળાત્કારે આક્રમણ કરતા હતા."

આ જ પ્રકારનું વર્ણન અન્ય સ્થળે 'ભીષ્મપર્વ'માં 'મહાભારત'કારે કર્યું છે.

વિવિધ દ્વંદ્વયુદ્ધોએ મચાવેલાં રમખાણોને પરિણામે "રણભૂમિમાં હાથીદળનાં અનેક હાથીઓનાં ઝુંડો એકઠાં થતાં ત્યારે તેમાંના મદઝરતા હાથીઓના મદની સુગંધ લઈ કેટલાક ગજરાજો નિર્બળ હાથીઓ ઉપર હુમલો કરતા."

શલ્યે સેનાપતિપદ ગ્રહણ કર્યું અને યુદ્ધ શરૂ થયું ત્યારે "રણમેદાનમાં સેનાના રથો, હાથીઓ અને અશ્વો પાયદળના સૈનિકોને ધૂળમાં રગદોળી નાખતા અને ત્યારે ભારે ખળભળાટ મચાવતા દેખાતા હતા." ત્યારપછી "ઇન્દ્રના હાથી જેવો શાલ્વ રાજાનો ગજરાજ જોકે એકલો ઘૂમતો હતો, તોપણ પાંડવોને, સોમકોને અને સૃંજ્યોને તેઓની નજીકમાં ચારેય તરફ જાણે હજારો હાથીઓ ઘૂમતા હોય તેવું દેખાવા લાગ્યું." શાલ્વનો એ ગજરાજ કેટલો બધો શક્તિશાળી હશે ! શત્રુઓને કેવો ત્રાસ પહોંચાડતો હશે ! અને એ જ ગજરાજે હવે કેવો વિનાશ વેર્યો ?

ધૃષ્ટદ્યુમ્ને જોયું કે શાલ્વનો ગજરાજ તેના તરફ ધસી રહ્યો છે, આથી તે પોતાના રથમાંથી ઝડપભેર ઊતરી ગયો. ભયથી વિહ્વળ બનેલા તે શૂરવીરે હાથમાં ગદા લીધી અને રણભૂમિ ઉપર ઊભો રહી ગયો ત્યારે -

"શાલ્વ રાજાના તે ગજરાજે ધૃષ્ટદ્યુમ્નના સોને મઢેલા તે રથને તેના અશ્વો તથા સારથિની સાથે કચડી નાખ્યો અને એ મોટા હાથીએ પોતાની સૂંઢથી રથને ઉપાડીને જમીન ઉપર પછાડ્યો."

વળી બીજા બંને યોદ્ધાઓ ઉપર આફરીન થઈને વ્યાસજી જણાવે છે : "જેમ મદઝરતા બે મદોન્મત્ત હાથીઓ એકબીજા સામે લડતા હોય, તેવું યુદ્ધ સમરાંગણમાં ધૃષ્ટદ્યુમ્ન અને દુર્યોધન વચ્ચે આખરી દિવસે જામ્યું."

'મહાભારત'કાળમાં યુદ્ધમાં મૃત્યુ પામતાં ક્ષત્રિયો સ્વર્ગમાં પહોંચશે એમ મનાતું. ભૂમિ પર ખેલાતા ભીષણ યુદ્ધને રસપૂર્વક નિહાળવા દેવો, ગંધર્વો, અપ્સરાઓ ઉત્સાહથી એકઠાં થતાં. વ્યાસજીએ એને અનુલક્ષીને નીચેનો શ્લોક રચ્યો હશે :

"હાથીઓએ જ્યારે પોતાની સૂંઢોથી ઉપાડીને વીર યોદ્ધાઓને દૂર ફેંકી દીધા ત્યારે તે યોદ્ધાઓના જીવાત્માઓએ અપ્સરાઓના કંઠમાં આલિંગન મેળવ્યાં હતાં."

ક્રોધે ભરાયેલા હાથીઓનું પરાક્રમ

ક્રોધથી વીફરેલો હાથી શું-શું કરે ? વ્યાસજી તો એનું પણ આકર્ષક વર્ણન કરે છે :

"ક્રોધે ભરાયેલા હાથીઓએ દાંતના અગ્રભાગથી કેટલાકને ચીરી નાખ્યા. કેટલાક યોદ્ધા તેમના દાંતની વચ્ચે ભેરવાઈને ભીષણ અવસ્થામાં નીચે પડ્યા. સૂંઢથી પકડીને અનેક વીરોને દૂર ફેંકી દીધા. કોઈ વીરોને પગ નીચે કચડી નાખ્યા."

"નાસી જતા પાયદળે ફેંકેલા વિવિધ અલંકારોને, મોટા હાથીઓ પોતાની ઉપરનો પ્રહાર સમજીને તેમને ઉપાડીને દાંતથી તોડી નાખતા હતા." "રથની ધૂંસરી પકડી રથને સૂંઢમાં ઉપાડી દૂર ફેંકી દેવો એ તેમને માટે રમતવાત હતી. તો શત્રુપક્ષના સૈનિકો પ્રાસ, તોમર અને શક્તિથી હાથીના ગંડસ્થલ અને દાંતની વચ્ચે મારીને તેમને વશમાં લાવતા હતા."

'ભીષ્મપર્વ'માં 'મહાભારત'કાર સુંદર ઉપમા અલંકાર યોજે છે. અર્જુનનાં તીક્ષ્ણ બાણોથી ઘવાઈને ક્રોધે ભરાયેલા તે હાથીઓ "રણક્ષેત્રમાં પોતાની નાગરાજ વાસુકિ જેવી સૂંઢો વડે ભાંગી ગયેલા રથની બેઠકોને ઉપાડી-ઉપાડીને ફેંકતા દેખાતા હતા. દંતૂશળથી રથના સમૂહને તોડી નાખતા હતા. રથ-યોદ્ધાઓને વાળથી ખેંચીને "ઝાડની ડાળીઓની જેમ ઝંઝેડી નાખીને પગ નીચે કચડી નાખતા હતા." "રથની ધૂંસરી સાથે જોડાયેલા રથોને ખેંચીને બધી દિશાઓમાં દોડી રહેલા ઉત્તમ ગજરાજો જ્યાં-જ્યાં શબ્દો સંભળાતા હતા ત્યાં-ત્યાં દોટ મૂકતા હતા." આ રીતે રથોને ખેંચી રહેલા હાથીઓનો દેખાવ "સરોવરમાંથી કમળનાં ઝુંડોને ખેંચી બહાર લઈ આવતા હોય તેવો લાગતો હતો."

"પર્વત અને મેઘ જેવા તેમ જ સોનાનાં આભૂષણો ધારણ કરેલા મદોન્મત્ત હાથીઓ અશ્વો ઉપર હુમલો કરી તેમને પગ નીચે કચડી નાખતા."

તે જ પ્રમાણે આ મહાસંગ્રામમાં ક્રોધે ભરાયેલા મદાંધ ગજરાજો સામસામા આવીને "અણિયાળા અને સાંબેલા જેવા દંતૂશળોથી અન્યોન્યને ઘાયલ કરતા હતા."

રણભૂમિ ઉપર કાંસાનાં અને લોખંડનાં કવચો પહેરેલા અનેક યોદ્ધાઓ

તેમના રથો, અશ્વો અને હાથીઓ સહિત ભૂમિ પર પડ્યા હતા. વીફરેલા ગજરાજો તે સહુનું શું કરતા ? "વાંસના ભારાની જેમ તે સૌને મસળી નાખતા."

ગજરાજો ઉપર આરૂઢ થયેલા ભગદત્ત અને દશાર્ણરાજ વચ્ચેના દ્વંદ્વયુદ્ધનું સચોટ વર્ણન કરાયેલું છે : "અંકુશના પ્રહારથી પ્રેરાયેલો ભગદત્તનો શત્રુસંતાપક ગજરાજ યુદ્ધમાં ક્રોધથી વીફરીને એ ક્ષણે એવો બની ગયો, જેવો પ્રલયકાળમાં બધું ભસ્મીભૂત કરી નાખનાર સંવર્તક અગ્નિ - વડવાનલ અગ્નિ બને."

अंकुशाङ्गुष्ठनुदितः स गजप्रवरो युधि ।
तस्मिन्क्षणे समभवत्संवर्तक इवानलः ।।

"સમરભૂમિમાં ચારેય તરફ ભાગતા ક્રોધી ગજરાજે રથો, હાથીઓ, અશ્વો, ઘોડેસવાર સૈનિકો અને પાયદળ યોદ્ધાઓને સેંકડો અને હજારોની સંખ્યામાં કચડી નાખ્યા." તેથી શું થયું ? "જેમ અગ્નિમાં પડીને ચામડું સંકોચાઈ જાય, તેમ આ હાથીના ક્રોધાગ્નિમાં મસળાતું પાંડવસૈન્ય સંકોચાઈને ક્ષીણ થઈ ગયું."

तेन संलोड्यमानं तु पाण्डुनां तद्‌बलं महत् ।
संचुकोच महाराज चर्मेवाग्नौ समाहितम् ।।

હાથીઓનાં મર્મસ્થાન

હાથીને વશ કરવા તેના શરીરના કયા ભાગ ઉપર પ્રહાર કરવો જોઈએ તેનું વર્ણન 'કર્ણપર્વ'ના આ શ્લોકમાં છે :

"મર્મભાગને જાણનાર ભીમે હાથીના હોઠ, આંખો, મસ્તક, ગાલ અને બધા મર્મભાગ ઉપર ગર્જના કરી પ્રહાર કર્યા."

આવું જ વર્ણન આ બીજા શ્લોકમાં છે :

"નકુળના નારાચબાણથી હાથીઓનાં ગંડસ્થલ, મર્મભાગ, દાંત અને અલંકાર તૂટવા લાગ્યા."

ભીષ્મપિતામહે આચરેલા ભીષણ સંહારને પરિણામે "ભીષ્મના રથના માર્ગમાં હાથીઓ તેમનાં મર્મસ્થાનો પર પ્રહાર થવાથી જાણે કે નર્તન કરતા હોય તેમ ફરી જઈને પીડાથી ચીસો પાડતા."

હવે આ જરા જુદું છે. અહીં મર્મસ્થાનનો ઉલ્લેખ નથી, પણ હાથીનો વધ કરવાની રીતનું વર્ણન છે :

"જેવી રીતે વનમાં ગર્વિષ્ઠ હાથીને જ્વાળાથી મારવામાં આવે, તેમ કર્ણે ભીમના શરીરમાં પચીસ નારાચબાણ માર્યાં."

ઘાયલ હાથી

રણમેદાનમાં હાથી ઘાયલ તો થવાનો જ. ક્યાંક અનુકંપાભર્યું, ક્યાંક અરેરાટી થાય તેવું, ક્યાંક આશ્ચર્ય અનુભવીએ તેવું, તો ક્યાંક વ્યાસજીની અવલોકનશક્તિની પ્રશંસા કરવી જ પડે તેવું ઘાયલ હાથી માટેનું વર્ણન 'મહાભારત'કથામાં છે.

"સૂર્યનાં કિરણોથી છવાયેલું મોટું જળભર્યું વાદળ શોભે, તેમ રણભૂમિમાં અભિમન્યુની બાણવૃષ્ટિથી વીંધાયેલો અને અનેક પ્રકારનાં ચમકતાં રાજચિહ્નોથી યુક્ત રાજા ભગદત્તનો હાથી લોહીથી લથબથ બની શોભતો હતો."

ભગદત્તે દશાર્ણરાજના હાથીને સામેના ભાગે ચૌદ તોમરોનો પ્રહાર કર્યો. ગજરાજના મુખનું રક્ષણ કરતા સોનેમઢેલા કવચને ભેદીને, તેના શરીરમાં તોમરો પેસી ગયાં. કેવી રીતે ? "ફણાધરો રાફડામાં પેસે તેમ."

હાથીઓ વડે અને ભીમસેનનાં બાણોથી ઘવાયેલો ભગદત્તનો હાથી પીડા પામીને શું કરવા લાગ્યો ? "ઇન્દ્રના વજ્રની જેમ ભારે અવાજ કરવા લાગ્યો." 'ભીષ્મપર્વ'માં ઘવાયેલા હાથીનું વિગતવાર વર્ણન છે.

'કર્ણપર્વ'માં અર્જુનની બાણવર્ષાની પરાક્રમગાથા છે : "શરદઋતુમાં વનમાં કુહાડી વડે કાપવામાં આવતાં મોટાંમોટાં વૃક્ષ પડે, તેમ અર્જુનના બાણથી કપાઈને મદની ધારા વહાવતા હાથીની સૂંઢ પૃથ્વી પર પડવા લાગી."

'દ્રોણપર્વ'માં "આકાશમાં સૂર્યકિરણોથી મિશ્રિત થઈ અનેક વાદળો શોભે, તેમ ભીમનાં બાણોથી સેંકડો જગ્યાએ ઘાયલ થઈ લોહી-નીંગળતા હાથીઓ રણભૂમિમાં શોભતા હતા." "ભાલાઓના પ્રહારથી ખૂબ પીડાયેલા અને કુંભસ્થળો અને પડખાંઓ ચિરાઈ ગયેલા ગજરાજો ભૂમિ પર ભયંકર ચિત્કાર કરતા હતા."

"હાથીઓ બીજા હાથીઓને પોતાના દંતૂશળથી ઘાયલ કરવા લાગ્યા, પણ દાંતના પ્રહારથી ઘાયલ થયેલા તે હાથીઓ તો ઊલટાના વધુ શોભવા લાગ્યા."

કવિવર વેદવ્યાસજીએ હાથીને પર્વત સાથે સરખાવ્યા છે. હવે પછીના બધા જ શ્લોકોમાં ઘાયલ હાથીનો તેવો જ ઉલ્લેખ છે.

'ભીષ્મપર્વ'માં "પર્વતના જેવા મોટામોટા એ હાથીઓમાંથી કેટલાકના દંતૂશળ તૂટી ગયા હતા, કેટલાકનાં કુંભસ્થળો ભાંગી ગયાં હતાં, કેટલાકની જંઘાઓ તૂટેલી, કેટલાકની પીઠ તૂટેલી, તો કેટલાક હાથીઓ હણાઈને પડ્યા હતા."

પરાક્રમી ભીમસેનની શક્તિ માટે અહોભાવ જાગે તેવું વર્ણન 'શલ્યપર્વ'માં છે. "મહાભારતસંગ્રામના આખરી દિને રણભૂમિમાં પર્વતોના જેવા મોટા હાથીઓ

ઘવાયેલા અને ચારેય બાજુ છવાયેલા પડ્યા હતા, તેથી પાંડવોને આગળ ચાલવું મુશ્કેલ હતું, પણ મહાબલી ભીમસેને માર્ગમાં પડેલા હાથીઓને ખેંચી પાંડવોના રથોને જવા માટે માર્ગ મોકળો કરી આપ્યો.''

પ્રકૃતિપ્રેમી વ્યાસજી પાસેથી આશા રાખીએ તે પ્રમાણેનો આ શ્લોક છે : ''ફાટી ગયેલાં અને રક્તથી ભીંજાયેલાં ગંડસ્થળો, કપાયેલ સૂંઢો, કપાયેલ કવચોવાળા અનેક હાથીઓનાં શરીરમાંથી રુધિર વહેતું હતું.'' તે કેવું દેખાતું હતું ? ''પર્વત પરથી વહેતા ઝરણા જેવું.''

'કર્ણપર્વ'માં કર્ણના પ્રશંસનીય યુદ્ધકૌશલને પરિણામે આવું દૃશ્ય વ્યાસજીની કલમે ચિત્રિત થાય છે :

આ મહાયુદ્ધમાં પર્વત સમાન દેખાવવાળા હાથી અન્ય હાથી વડે ઘાયલ થઈ ''પાંખવાળા પર્વતની માફક ભૂમિ પર પડ્યા હતા.''

પર્વતને લગતા આલેખનમાં સહેજે વાદળાં, વૃક્ષો, નદીઓ, ઝરણાં, પશુપક્ષી પણ ઓતપ્રોત બનવાનાં જ. પ્રકૃતિ વચ્ચે જ જીવતા વ્યાસજી એમાંથી બાકાત ક્યાંથી રહે ? ''ગેરુથી મિશ્રિત મોટા ઝરણાવાળા પર્વત'' જેવા લોહીથી ભીંજાયેલ હાથી શોભવા લાગ્યા.

स विद्धो बहुभिर्बाणैर्व्यरोचत महाद्विपः ।
संजातरुधिरोत्पीडो धातुचित्र इवाद्रिराष्ट्रः ।।

વળી અનેક શ્રેષ્ઠ હાથીનાં કવચ નારાચબાણથી છેદાઈ ગયાં ત્યારે હાથી ''શીતળકાળમાં મેઘરહિત પર્વત જેવા દેખાતા હતા.''

શલ્યવધ પછી દુર્યોધન શૂરાતનભર્યો ઝનૂનથી અદ્‌ભુત યુદ્ધ ખેલે છે. એની બાણવર્ષાનું શું પરિણામ આવ્યું ?

''જેવી રીતે સળગતા અગ્નિથી પર્વત શોભે, તેવી રીતે સોનેરી પીંછાંવાળાં બાણ વાગવાથી હાથીની શોભા વધતી હતી.''

ભીમસેન ભગદત્તના હાથી ઉપર પ્રહાર કરીને તેને ઘાયલ કરે છે ત્યારે શું થયું ?

''વર્ષાકાળમાં ઇન્દ્રના વજ્રના પ્રહારથી મેરુપર્વત ઉપરથી લાલ રંગનું પાણી વહે તેવી રીતે હાથીના શરીરમાંથી લોહી વહેવા લાગ્યું.''

અને પછી ?

"નારાચબાણથી ઘાયલ થયેલો પર્વતશિખર સમો હાથી ઉનાળામાં તૂટી પડતા નદીકિનારાની જેમ ધબાક કરતો ભૂમિ પર પડી ગયો."

'દ્રોણપર્વ'માં બંને પક્ષોએ ખેલેલા તુમુલ યુદ્ધને પરિણામે રણભૂમિ ભયાનક લાગતી હતી. તે સમયે હાથીની પરિસ્થિતિ કેવી હતી ?

"કેટલાક હાથીઓ બાણોથી હણાયા હતા, તો બીજા કેટલાક તોમરોથી વીંધાયા હતા અને કેટલાકની પીઠ ઉપર બેઠેલા યોદ્ધાઓ હણાઈને પડી જવાથી એ હાથીઓ શિખર વિનાના પર્વતો જેવા લાગતા હતા."

'દ્રોણપર્વ'માં બીજું પણ એક રસપ્રદ વર્ણન છે : "જેવી રીતે ધનુષ્યમાંથી બાણ છૂટે તેવી રીતે ભગદત્તનો શત્રુસંતાપક નામનો ગજરાજ ભીમસેનના રથ તરફ ભારે વેગથી દોડ્યો તો ખરો, પણ ભીમસેન, અભિમન્યુ, દ્રૌપદીના પાંચેય પુત્રો, તેમ જ પાંડવપક્ષના પ્રમુખ યોદ્ધાઓનાં અસંખ્ય બાણોથી તે ગજરાજ વીંધાયો ત્યારે જેવી રીતે ગેરુ જેવી ધાતુઓથી રંગાયેલો ગિરિરાજ શોભે એવી રીતે અસંખ્ય બાણોથી વીંધાયેલ અને લોહીથી રંગાયેલ એ ગજરાજ શોભતો હતો."

ઘાયલ હાથી શું કરે ?

પીડા પામેલા, વેદનાગ્રસ્ત, અવયવરહિત, ભયભીત, ઘાયલ, બેબાકળા કે હાંફળાફાંફળા થઈ ગયેલા હાથીની રણભૂમિમાં કેવી દશા હશે ? વ્યથિત હાથીનું વર્તન કેવું હશે ?

દ્રોણે મહાસંહાર આદર્યો તેનો યોગ્ય પ્રત્યુત્તર પાઠવતા ભીમસેને કૌરવસેનાનો ખુરદો બોલાવ્યો. તે કૌરવપક્ષની ગજસેનાનો વિનાશ કરવા લાગ્યો.

"ભીમસેનનાં બાણોથી ઘવાયેલા ગજરાજો પડવા લાગ્યા, બેસી જવા લાગ્યા, ચિત્કાર કરવા લાગ્યા અને બધી દિશાઓમાં ભાગવા લાગ્યા."

"કોઈક હાથી સિંહસમાન ગર્જના કરતા બેસી ગયા, બીજા કેટલાક મૂર્છા પામ્યા અને કોઈ ચિત્કાર કરતા હતા."

હાથી કેટલા પ્રમાણમાં ઘાયલ થઈને પીડા પામેલો હશે તે વ્યાસજીએ 'દ્રોણપર્વ'માં રણભૂમિનું જે વર્ણન કર્યું છે તેમાંથી દૃષ્ટિગોચર થાય છે :

"રણભૂમિમાં કેટલાક હાથીઓ ઘાયલ થઈ ચિત્કાર કરતા હતા, તો કેટલાક પોતાનાં મુખ અવળા કરીને પડ્યા હતા. કેટલાકનાં મોઢાંમાંથી ફીણ નીકળતાં હતાં, કેટલાક મળમૂત્રત્યાગ કરી રહ્યા હતા, તો કેટલાક ભયભીત થઈને ભાગતા હતા."

બિલકુલ તાદૃશ ચિત્ર આલેખતાં વ્યાસજી કહે છે : "કેટલાક હાથીઓ દંતૂશળની અણીઓથી ઘાયલ થયા હતા તો બીજા કેટલાક હાથીઓનાં ગંડસ્થળ તોમરથી છેદાયેલ હતાં અને એ બધા જલભર્યાં વાદળોની જેમ ગર્જના કરતા હતા અને ચારેય તરફ દોડી રહ્યા હતા."

તો 'ભીષ્મપર્વ'માં રણભૂમિ પર પડેલા ઘાયલ હાથીનું અરેરાટીભર્યું વર્ણન છે :

"ત્યાં જેમની સૂંઢો કપાઈ ગઈ હતી તેવા અને જેમના પગ છેદાઈ ગયા હતા તેવા અનેક હાથીઓ ભયભીત થઈને ભૂમિ પર ઢળી જઈને કુંજપક્ષીની જેમ કકળાટ કરવા લાગ્યા."

छिन्नहस्ता महानागच्छिन्नपादाश्च मारिष ।
क्रौंचवद्व्यनदन्भीता: पृथिवीमधिशिश्यिरे ।।

વળી પાછાં 'દ્રોણપર્વ'માં રણમેદાનની પરિસ્થિતિ જોઈએ : "પ્રાસ વાગવાથી વીંધાયેલ અને ખૂબ પીડાયેલ બીજા કેટલાક હાથીઓ પોતાની સૂંઢમાંથી અવાજની સાથે જલબિંદુઓ પણ વારંવાર ઉડાડી રહ્યા હતા. આવા ત્યાં પડેલા અને 'ભૂકંપથી ધમધમતા પર્વતો' જેવા હાથીઓથી એ ભૂમિ છવાયેલી હતી." કોઈની અવનતિ થઈ હોય ત્યારે અનુકંપા દર્શાવાતી હોય તેવું આ વર્ણનમાંથી ફલિત થાય છે.

"મેઘ જેવા અવાજવાળા ધનુષ્યને લઈને તેના પર બાણ ચડાવી ભીમે ક્ષેમધૂર્તિના હાથીને પીડિત કર્યો" ત્યારે તે ઘાયલ હાથીએ શું કર્યું ? "જેવી રીતે પવનથી ખેંચાયેલું વાદળ અટકે નહીં, તેમ યુદ્ધમાં ભીમનાં બાણના પ્રહારથી વ્યાકુળ થયેલો ક્ષેમધૂર્તિનો હાથી રોકવા છતાં પણ યુદ્ધમાં ઊભો રહ્યો નહીં અને ભાગવા લાગ્યો." પણ પછી શું થયું ? "જેવી રીતે આંધીથી ઊડેલ વાદળ વાયુના વશમાં રહેલા વાદળ તરફ દોડે, તેવી રીતે ભીમસેનનો ઘાયલ હાથી ક્ષેમધૂર્તિના ઘાયલ અને ભાગતા હાથી પાછળ દોડ્યો."

કર્ણના અલૌકિક પરાક્રમનું હાથીઓ ઉપર શું પરિણામ ? "કર્ણે મારેલાં નારાચબાણ અને તોમર વાગવાથી અનેક હાથીઓ ત્રાસીને જેવી રીતે અગ્નિ સામે પતંગિયું દોડે તેમ કર્ણ સામે દોડતા હતા." કર્ણના અદ્વિતીય પરાક્રમથી પાંડવસૈન્ય તો છિન્નભિન્ન થવા લાગ્યું જ, પણ સાથેસાથે "મહાન વનમાં દાવાનળથી દાઝેલાં શરીર હોય તેમ મત્ત હાથીઓ ત્યાં ભ્રાન્તિ પામી અહીંતહીં ઘૂમવા લાગ્યા."

કેટલું સુંદર અને યથાર્થ વર્ણન !

ભાગતો હાથી

"વીરજનોએ જ્યારે વિચિત્ર ગર્જનાઓ કરવા માંડી ત્યારે રણસંગ્રામમાંથી હાથીઓ ત્રાસ પામવા લાગ્યા તેમ જ મહાવતોએ અંકુશથી તેમને કબજે લીધા, તોપણ તે નહીં ગણકારતાં ભયથી તેઓ ચારેય દિશાઓ તરફ ભાગી જવા લાગ્યા."

ભગદત્તના પ્રહારથી દશાર્ણરાજનો હાથી ઘાયલ થઈ ભાગવા માંડ્યો, પણ ત્યારેય તેણે કેવું પરાક્રમ દાખવ્યું ? "જેવી રીતે જોરદાર વંટોળિયો વૃક્ષોને ઢાળી દે, તેમ એ વેગથી ભાગતા અને ભયાનક ચિત્કાર કરતા ગજરાજે પોતાની સેનાને જ ધમરોળી નાખી."

અર્જુનના પરાક્રમ સામે ભગદત્તનો હાથી ટકી નથી શકતો. એ હાથી ભગદત્તના અંકુશમાં જ નથી રહેતો અને ભાગવા માંડે છે. વ્યાસજીએ આ ઘટના માટે હૃદયસ્પર્શી ઉપમા પ્રયોજી છે : "દરિદ્ર પુરુષની પત્ની પોતાના સ્વામીનું કહ્યું ન માને, તેમ આ હાથી પણ ભગદત્તના અંકુશમાં ન રહ્યો."

આધુનિક સમાજની કઠોર વાસ્તવિકતાનાં મૂળિયાં છેક 'મહાભારત'કાળ સુધી ઊંડાં અને પ્રસરેલાં છે, ખરું ને !

'ભીષ્મપર્વ'માં વિસ્મયજનક વર્ણન છે :

"કેટલાક મોટા હાથીઓ મદઝરતા બીજા કેટલાક હાથીઓ સાથે અથડાઈને ક્રૌંચપક્ષીની જેમ અવાજ કરતા-કરતા તે સ્થળેથી ભાગી જવા લાગ્યા."

યુદ્ધના અંતિમ દિવસે ભીમસેને ભયંકર આક્રમક યુદ્ધ કર્યું, પરિણામે શું થયું ?

"ભીમસેનની ગદા વડે જેનાં કુંભસ્થળો ભેદાઈ ગયાં હતાં તેવા ધૂળથી ખરડાયેલા અને પર્વતો જેવા મોટા હાથીઓ ભાગવા માંડ્યા." હજી આગળ જુઓ :

"વર્ષાકાળમાં નભોમંડળમાં વાદળોનો ગડગડાટ થાય, તેવી રીતે ભયાનક દેખાવવાળા અને આમતેમ ભાગતા, બેબાકળા હાથીઓનો ભીષણ કોલાહલ થવા લાગ્યો." અને છેવટે -

"મોટામોટા પર્વતો જેવા અને પ્રહાર કરવા સમર્થ એવા બે હજાર હાથીઓ શલ્યનો વધ થતાં અંગૂઠા જેવા અંકુશથી પ્રેરાઈને ભાગવા માંડ્યા."

આપણને વ્યાસજીનું આ વર્ણન વાંચી વિચાર થાય કે આજ સુધી સામર્થ્યવાન

ગણાતા, શક્તિશાળી, પ્રભાવશાળી, બુદ્ધિશાળી અને શિસ્તનું શિક્ષણ પામેલા આ બધા હાથીઓ રણભૂમિ છોડીને કેમ ભાગ્યા હશે ?

શત્રુના પરાક્રમથી અંજાઈને ? ભય પામીને ? બીકના માર્યા ? ઘાયલ થવાથી ? વેદના સહન ન કરી શકવાથી ? પોતાના સ્વામીનો પરાજય ખમી ન શકવાથી ? શરણાગતિ સ્વીકારીને ? કે પછી બહાદુરીભરી પીછેહઠ હતી ?

મરણાસન્ન હાથી

'ભીષ્મપર્વ'માં ભીમસેને આતંક મચાવ્યો. કૌરવસેનામાં હાહાકાર થઈ ગયો. ગજસેના ત્રાહિત્રાહિ પોકારી ગઈ. તેના આક્રમણના ભયથી ''દંતૂશળો અને સૂંઢો કપાઈ ગયેલા, ભેદાયેલાં કુંભસ્થળોવાળા હાથીઓ મહાવત અને યોદ્ધાઓ વિનાના થઈ જવાથી પોતાના જ સૈનિકોને હણી રહ્યા હતા અને પછી ભયંકર અવાજ કરીને ભૂમિ પર પડી મરણને શરણ થતા.''

વ્યાસજીને અવારનવાર પર્વતો અને વાદળો સાથે હાથીઓને સરખાવવાનો જાણે મોહ લાગ્યો છે.

''મહાવીરોએ મારી નાખેલ ગજદળના હાથીઓ વાયુથી વીખરાઈ ગયેલાં વાદળોની જેમ બધી જ દિશાઓમાં વેરાઈને પડ્યા હતા.''

અન્યત્ર પણ વર્ણવ્યું છે : ''વાદળો જેવા તે બધા જ હાથીઓ ભૂમિ પર ચારેય તરફ પડેલા હતા. તે બધા પ્રલયકાળે ઇન્દ્રના વજ્રથી કપાઈ ગયેલા પર્વતો જેવા જણાતા હતા.''

શક્તિશાળી પણ મરણશરણ થયેલા હાથીઓથી યુદ્ધભૂમિ વિચિત્ર લાગતી હશે ! 'ભીષ્મપર્વ'માં આનો ઉલ્લેખ છે :

''હાથમાં અંકુશ રાખેલા મહાવતોવાળા અને અર્જુનનાં બાણોના પ્રહારથી ઘવાઈને નિષ્પ્રાણ બનેલા હાથીઓ નીચે પડી રહ્યા હોવાથી રણમેદાન છવાઈ ગયું.''

મૃત્યુ પામીને ઢળી પડેલા હાથીઓથી છવાયેલી તે ભૂમિ કેવી લાગતી હશે ? આપણને પ્રશ્ન થાય, પણ 'દ્રોણપર્વ'માં તેનો પણ ઉત્તર મળે છે : ''શરદઋતુનાં વાદળોથી છવાયેલા આકાશ જેવી.''

સૌંદર્યદૃષ્ટિ ધરાવતા વ્યાસજી પ્રીતિભર્યાં મધુર શબ્દયુક્ત વચનોમાં ભયાનક ભાસતી રણભૂમિનું હજી આગળ શૃંગારિક વર્ણન કરે છે :

"જેની સૂંઢો કપાઈ ગઈ હતી તેવા ગજરાજો જ્યાં ઢળી પડેલા હતા એવી એ રણભૂમિ અનેક પ્રકારના અલંકારોથી શોભતી સુંદરી જેવી દેખાતી હતી."

યુદ્ધના ત્રીજા દિવસે ભીષ્મના અદ્વિતીય પરાક્રમને કારણે "હણાયેલા અને લોહીથી લથબથ અંગોવાળા મદોન્મત્ત ગજરાજો જ્યાંત્યાં પડ્યા હતા, તેથી રણભૂમિ પર્વતોથી છવાયેલી ધરતી જેવી ભાસતી હતી."

યુદ્ધ ચાલુ છે. કત્લેઆમ પણ ચાલુ રહે છે. મહાસંહાર જારી રહ્યો છે. "રણસંગ્રામ પર છૂટતાં બાણોના સમૂહથી ભેદાઈ જતા હાથીઓ પોતાની ઉપર બેઠેલા યોદ્ધાઓનો નાશ થવાથી ચારેય બાજુ ભમવા લાગ્યા, તેમ જ રુધિરની વહેતી નદીઓમાં મોટા-મોટા હાથીઓ ડૂબવા લાગ્યા અને મૃત્યુશરણ થવા લાગ્યા."

યુદ્ધભૂમિ કે યુદ્ધનદીનો આનંદ માણતાં હોય તો તે માંસભક્ષી પશુ-પક્ષીઓ; બાકી બીજાને તો અરેરાટી થઈ જાય, કમકમાં આવી જાય. મરણ પામેલા અથવા તરફડતા હાથીઓનું વ્યાસજીએ કેટલું હૃદય ભીંજવતું વર્ણન કર્યું છે ! આટલું સામર્થ્ય, આટલી શક્તિ, આટલી સત્તા અને સમજણ છતાં આખરે આવી ગતિ ? હા, આ જ ગતિ છે.

"યમરાજાને ત્યાં જતી વૈતરણી નદીમાં જાણે સ્નાન કરતો હોય તેવો આ હાથી" તેમ જ "ઊછળતા જળની ઘણી મોટી ઘૂમરીઓથી વીંટળાયેલો મોટો પથ્થર જાણે પાતાળમાં પડ્યો હોય તેમ હાથીઓ પડી રહ્યા છે." વળી "જે હાથીઓ સાથે સ્પર્ધા કરી શકે તેવા બીજા હાથીઓ પૃથ્વી પર કોઈ ઠેકાણે ન હતા." તે જ હાથીઓ "આજે પાતાળ જેવા ઊંડા કાદવવાળા ખાબોચિયામાં પડી જવાથી પ્રયત્ન વિનાના શિથિલ બની ગયા છે. કષ્ટ છે કે શિયાળવાં મોટી બૂમ મારીને તેમને હેરાન કરી રહ્યાં છે."

હવે પછીના બધા જ શ્લોકમાં વ્યાસજી ફરીથી પર્વતને સંભારે છે. 'ભીષ્મપર્વ'માં શત્રુસંહારક ભીમ ગજરાજની પીઠ પર ચડી ગયો અને લાંબી તલવારથી કલિંગરાજ ભાનુમાનને વચ્ચેથી જ કાપી નાખ્યો. ત્યારબાદ ગજરાજની મોટી-ભારે ડોક-કાંધ ઉપર તલવારનો ઘા ઝીંક્યો અને "નદીના ભારે વેગથી શિખરવાળો ગિરિરાજ પડી જાય તેમ કાંધ તૂટી પડવાથી એ ગજરાજ ચીસ પાડતો નીચે પડી ગયો."

તે દિવસે "વજ્રના પ્રહારથી પર્વતો ઢળી પડે, તેમ ભીમસેનના એક જ પ્રહારથી હાથીઓ રણભૂમિમાં ઢળી પડતા."

વળી 'ભીષ્મપર્વ'માં જ ભીમે અને ઘટોત્કચે આચરેલો અમર્યાદ મહાસંહાર કેવો હતો ?

"હાથીઓનાં મસ્તકો કપાઈને પડતાં તો એવું લાગતું, જાણે પર્વતો પરથી ભાંગેલી ડાળીઓવાળાં વૃક્ષો પડી રહ્યાં છે."

આખરે આ પરાક્રમનું પરિણામ શું આવ્યું ? "પર્વત જેવા મોટામોટા અને કાજળના ઢગલા જેવા શ્યામ ગજરાજો જમીન ઉપર પડીને વીખરાયેલા પર્વતની જેમ શોભતા હતા."

વ્યાસજીના સર્જનમાં વિરાટ સ્વરૂપની કલ્પના દૃષ્ટિગોચર થાય છે.

ભીમસેનનાં પરાક્રમની વાત કરીએ, તો અર્જુન કાંઈ પાછળ રહી જાય ? 'દ્રોણપર્વ'માં વ્યાસજી જણાવે છે : "વજ્રથી ચૂરેચૂરા થઈ જતા પર્વતો જેવા, વાયુના વેગથી છિન્નભિન્ન થયેલાં વાદળો જેવા અને અગ્નિથી ભસ્મીભૂત થતાં ઘરો જેવા હાથીઓ અર્જુનનાં બાણોથી વીંધાઈને રણમેદાનમાં ધરતી પર પડવા લાગ્યા."

એક જ શ્લોકમાં વ્યાસજીએ હાથી, પર્વત, વાદળો, અગ્નિ અને રહેઠાણને સાંકળી લીધાં અને સાથે ભીમસેન અને અર્જુન જેવા પાંડવસેનાની ધરોહર સમા બે ભાઈઓને સાંકળી લીધા. સાચે જ વ્યાસજી ઉચ્ચ કક્ષાના કલમધારી છે.

ત્યારબાદ એ જ 'દ્રોણપર્વ'માં "અર્જુનનાં નારાચબાણોથી અત્યંત વીંધાઈને અનેક મદોન્મત્ત હાથીઓ બે શિખરોવાળા પર્વતોની જેમ રણભૂમિમાં પડવા લાગ્યા."

"અર્જુનનાં ત્રણ તીક્ષ્ણ બાણ વાગવાની વેદનાથી પીડાતો રાજા દંડધરનો હાથી મેઘ સમાન અવાજ કરી લથડિયાં ખાવા લાગ્યો, ચિત્કાર કરવા લાગ્યો અને ડગમગતો તે હાથી નાસી જવા લાગ્યો, પણ છેવટે વધારે ઘાયલ થવાથી તૂટેલા પર્વતની માફક મહાવત સાથે પૃથ્વી પર પડ્યો."

ક્રમશઃ અંત તરફની પ્રયાણ કરતી સ્થિતિનું અહીં નાટ્યાત્મક વર્ણન કરી મહાકવિએ જાણે પડદો પાડવો શરૂ કર્યો છે.

અહીં ધૃષ્ટદ્યુમ્નને પણ કેમ વીસરાય ? શલ્યના મૃત્યુ બાદ ધૃષ્ટદ્યુમ્ન પોતાની ગદા ઘુમાવીને "પર્વત જેવા, મેઘની જેમ ચમકતા, શાલ્વ રાજાના મદઝરતા ગજરાજ ઉપર વારંવાર મારવા લાગ્યો." અને પછી શું થયું ?

"કુંભસ્થળ ફાટી જવાથી હાથી ચિત્કાર કરવા લાગ્યો. મુખમાંથી પુષ્કળ લોહી નીકળવા લાગ્યું અને ધરતીકંપ થવાથી જેમ ગિરિરાજ પડે, તેમ ગિરિ જેવો તે ગજરાજ ભૂમિ પર પડ્યો."

પાંડવપક્ષના પ્રમુખ યોદ્ધાઓનું યુદ્ધ ખેલવામાં જાણે કે કોઈ 'ટીમવર્ક' હતું. જુઓ ને, વ્યાસજી જ સ્પષ્ટ કરતાં કહે છે : "શત્રુના પર્વત સમાન હાથી તે મેઘરૂપી પાંડવસૈન્યના વીરો(નકુળ, સહદેવ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન)નાં બાણોની વૃષ્ટિથી વીંધાઈને જેવી રીતે વજ્રથી પર્વત કપાય તેવી રીતે મરવા-કપાવા લાગ્યા."

હાથીની વિવિધ અવસ્થાનાં સ્વરૂપોનાં લક્ષણોના વર્ણનમાં વ્યાસજીની પ્રસાદ, માધુર્ય અને ઓજસ ગુણો ધરાવતી પદરચના માણવી એ લહાવો છે. તેમાંય હાથીઓ વિશેની જાણકારી અને હાથી માટેનો તેમનો લગાવ તો અદ્‌ભુત છે.

□

8
વૈવિધ્યપૂર્ણ અસ્ત્રશસ્ત્ર



'મહાભારત' એટલે શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચેનો જંગ. આ એ યુગ હતો જ્યારે પ્રત્યેક સશક્ત યુવાન યોદ્ધો હતો. હા, યુવાનીનો સમયગાળો કયો ? મહાભારત યુદ્ધ સમયે શ્રીકૃષ્ણની વય ૮૪ વર્ષ જેટલી હતી. કૌરવ, પાંડવ, જયદ્રથ, સાત્યકિ વગેરે શ્રીકૃષ્ણના સમવયસ્ક હતા, એટલે તેઓ પણ ઓછામાં ઓછા ૭૦ વર્ષ તો વટાવી જ ચૂક્યા હોય, જે આજની દૃષ્ટિએ તો વૃદ્ધ જ લેખાય, છતાં તેઓ મહાસમર્થ રથી, મહારથી, અતિરથી જેવા મહાયોદ્ધાઓ હતા. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, દ્રુપદ, વિરાટ વગેરે આપણી રીતે તો વૃદ્ધાવસ્થાની પેલે પાર પહોંચ્યા કહેવાય, છતાં તેઓ સૌ અપ્રતિમ યુદ્ધકૌશલ દાખવનાર અજેય હતા. જેમના આગમને પૃથ્વી કંપવા લાગે, આકાશ મહાકોલાહલથી છવાઈ જાય તેવા તે મહાયોદ્ધાઓ તત્કાલીન યુગનું ગૌરવયુક્ત નોંધનીય લક્ષણ છે.

અને જ્યાં યુદ્ધ છે ત્યાં શસ્ત્ર તો હોવાનાં જ. અસ્ત્રશસ્ત્રવિદ્યાથી દેવો, દાનવો, યક્ષ, ગંધર્વ, મનુષ્યો - બધા જ યથોચિત જ્ઞાત હતા. શસ્ત્ર તે છે જે હાથમાં લઈને યુદ્ધમાં શત્રુ ઉપર વાર કરવામાં ઉપયોગી છે. અસ્ત્ર તે છે જેનો દૂર રહેલા શત્રુ તરફ પ્રહાર કરી શકાય.

યુગપલટાની પરાક્રમગાથા ગાતું, માનવઇતિહાસની મહાસંધ્યાઓની કાળકથા આલેખતું કુરુક્ષેત્રના યુદ્ધનું આલેખન એટલે 'મહાભારત'કારની અપાર જ્ઞાનસમૃદ્ધિ.

વિવિધ પ્રદેશોમાંથી યુદ્ધ ખેલવા આવેલા, અરે ! આપણને તો વાંચવામાં પણ અધધધ થઈ જાય તેટલા બધા સેંકડો રાજા-મહારાજાઓનાં નામોનો ઉલ્લેખ છે, તો પછી તેમના વર્ણનની વિશાળતા તો વિસ્મય પમાડે જ ને ?

તે જ પ્રમાણે બંને પક્ષે વપરાયેલાં વિવિધ અસ્ત્રશસ્ત્રનાં નામો, પ્રકારો અને પરિણામો સૌકોઈને અચંબો પમાડે તેમ છે.

ઉલ્લેખનીય છે કે -

આચાર્ય દ્રોણે પરશુરામ પાસેથી દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ, રહસ્ય અને ઉપસંહાર સહિત વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી.

કર્ણ પાસે પણ 'વિમલા' નામની અમોઘ શક્તિ હતી, જે દિવ્યાસ્ત્ર ઇન્દ્રદત્ત હતું.

ગંધર્વોએ અર્જુનને ચાક્ષુષ વિદ્યા આપેલી, જેનાથી ગમે તેટલી સૂક્ષ્માતિસૂક્ષ્મ અને અત્યંત દૂર રહેલી વસ્તુને પણ તે દેખી શકે, જે યુદ્ધ દરમિયાન તેને ખૂબ ઉપયોગી થઈ હતી.

ખાંડવવનદહન વખતે અગ્નિના કહેવાથી વરુણે અર્જુનને અખૂટ બાણોનો ભાથો, ગાંડીવ અને દિવ્ય રથ આપેલાં, જે યુદ્ધોપયોગી નીવડ્યાં. તે સાથે શ્રીકૃષ્ણને વજ્રનાભ નામનું લોખંડી ચક્ર અને કૌમુદિકી ગદા આપી હતી.

ઇન્દ્રભવનમાં રહી અર્જુને આગ્નેયાસ્ત્ર, વરુણાસ્ત્ર, સૌમ્યાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, વૈશ્વવાસ્ત્ર, ઐન્દ્રાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને પારમેષ્ઠ્યાસ્ત્ર મેળવ્યાં હતાં. વળી યમ, ધાતા, સવિતા, ત્વષ્ટા વગેરે પાસેથી પણ તેણે અસ્ત્રો મેળવ્યાં હતાં.

રુદ્ર પાસેથી 'રુદ્રાસ્ત્ર' મેળવેલું અને તેને શિવ પાસેથી 'પાશુપતાસ્ત્ર' મળ્યું હતું.

યમે 'કાલદંડ' આપ્યો અને વરુણે અર્જુનને 'પાશ' આપ્યો, જેનાથી શત્રુને બંધનમાં લઈ શકાય.

કુબેરે 'અંતર્ધાન' આપેલું, જેના વડે અગાઉ શંકરે અસુરોને ભસ્મ કરી દીધેલા.

ઇન્દ્રના કહેવાથી અર્જુને નિવાતકવચ નામના દૈત્યનો નાશ કર્યો, તેથી ખુશ થઈને ઇન્દ્રે અર્જુનને અભેદ્ય કવચ અને માળા આપેલાં.

મૈનાક પર્વતના હિરણ્યશૃંગ પાસે બિંદુસરોવર છે, ત્યાંથી વૃષપર્વા પાસેથી મયદાનવ ભીમસેન માટે ગદા અને વરુણ પાસેથી અર્જુન માટે દેવદત્ત શંખ લઈ આવ્યો હતો.

વળી અર્જુન મુઠ્ઠીને દૃઢ રાખતાં ઇન્દ્ર પાસેથી, હાથોની સ્ફૂર્તિ બ્રહ્મા પાસેથી, વિવિધ યુદ્ધકલા પ્રજાપતિ પાસેથી શીખ્યો હતો.

શિવે અશ્વત્થામાના હાથમાં એક ખડ્ગ મૂક્યું હતું. કર્ણને પરશુરામે 'વિજય' નામનું ધનુષ્ય આપ્યું હતું.

આ તો અમુક-અમુક વરદાનસ્વરૂપ મળેલાં અસ્ત્રશસ્ત્ર છે, પરંતુ મહાભારત સંગ્રામમાં ભાગ લઈ રહેલા અનેક મહાયોદ્ધાઓ કોઈ ને કોઈ મહા અસ્ત્રશસ્ત્રથી સજ્જ હતા.

તેમાં અર્જુનનું 'ગાંડીવ' ધનુષ્ય અને સામે કર્ણનું 'વિજય' ધનુષ્ય સૌને જાણીતાં છે.

કેવું હતું એ વિજયટંકાર કરતું 'ગાંડીવ' ?

જે ધનુષ્યની લંબાઈ આજની માપ-ગણતરી પ્રમાણે કહીએ તો ૯ ફૂટની હતી. તે મહાધનુષ અગાઉ શિવે ૧૦૦૦ વર્ષ વાપર્યું હતું. ત્યારબાદ ઇન્દ્રે ૮૦ વર્ષ પોતાની પાસે રાખ્યું, તે પછીનાં ૫૦૦ વર્ષ તે સોમ હસ્તક રહ્યું અને પછી વરુણે ૧૦૦ વર્ષ વાપર્યું. છેલ્લે ૬૫ વર્ષથી અર્જુન પાસે હતું. તે ગાંડીવ ધનુષ્યની શક્તિ પણ અપાર હતી. ૧ લાખ શસ્ત્રો જેટલું તે શક્તિશાળી હોવાથી તો તે વિશ્વવિખ્યાત બન્યું હતું.

અને એવું જ શક્તિશાળી હતું કર્ણનું 'વિજય' ધનુષ્ય, જે કર્ણને તેના ગુરુ પરશુરામ પાસેથી મળ્યું હતું.

જેવું અનોખું પિતામહ ભીષ્મનું પરાક્રમ, તેવું જ અનોખું તેમનું ધનુષ્ય. ગંધકના રસમાંથી બનાવેલું ભીષ્મનું ધનુષ્ય ભીષ્મના ઉગ્ર પરાક્રમને સાર્થક કરવા સમર્થ હતું.

અન્ય યોદ્ધાઓ પાસેનાં ધનુષ્યો પણ તેમનાં વિશિષ્ટ નામ અને વિવિધતાભર્યા દેખાવથી અલગ તરી આવતાં હતાં. યુધિષ્ઠિરનું 'મહેન્દ્ર' ધનુષ્ય ઇન્દ્રગોપોની આકૃતિઓથી અંકિત હોવાથી અત્યંત આકર્ષક લાગતું હતું; જ્યારે સુવર્ણજડિત હોવાથી અતિ શોભતું ભીમનું 'વાયવ્ય' ધનુષ્ય ભીમના વ્યક્તિત્વને શોભાવતું

હતું. નકુલનું 'વૈષ્ણવ' ધનુષ્ય અસંખ્ય સૂર્યોની આકૃતિઓવાળું, સુવર્ણમય કાન્તિ ધરાવતું ઝળહળતું હતું; જ્યારે સહદેવનું 'અશ્વિન' સુવર્ણમય કાન્તિ ધરાવતા અસંખ્ય જંતુઓની આકૃતિઓથી મઢેલું તથા રત્નમણિઓ જડેલું હોવાથી વિશિષ્ટ લાગતું હતું.

જેવું અભિમન્યુનું રૌદ્ર પરાક્રમ, એવું જ નામધારી એનું 'રૌદ્ર' ધનુષ્ય. મહાબલી ભીમના મહાકાય, મહાપરાક્રમી પુત્ર ઘટોત્કચનું 'પૌલસ્ત્ય' ધનુષ્ય કદાચ સૌ ધનુષ્યોમાં સૌથી વધુ મોટું હતું, કારણ, તેની લંબાઈ 'ગાંડીવ' કરતાં બેગણી, એટલે કે આજના માપ પ્રમાણે કહીએ તો ૧૮ ફૂટની હતી.

અને બાણ કેટલી જાતનાં ?

એ બધાંમાં સૌ પહેલાં યાદ આવે ધનુર્ધારી, અખૂટ ભાથાનું વરદાન પામેલા અર્જુનનાં બાણ. અર્જુન પાસે જે અંજલિક નામનું બાણ હતું તે આજના માપ પ્રમાણે જોતાં ૧૮૦ સે.મી. જેટલી લંબાઈ ધરાવતું હતું. સૌથી લાંબું અને સૌથી ઝડપી. જ્યારે અર્જુન અંજલિક બાણ પૂરેપૂરું ખેંચતો ત્યારે ગાંડીવ ધનુષ્ય સંપૂર્ણપણે વર્તુળાકાર ધારણ કરતું અને એ વર્તુળની ત્રિજ્યા ૯૦ સે.મી. જેટલી બનતી.

અઢાર-અઢાર અક્ષૌહિણી સેનામાં રથી, મહારથી અને અતિરથી પણ કેટલા બધા હોય ! સૌની પાસે અનેક જાતનાં, અનેક પ્રકારની શક્તિ ધરાવતાં બાણો પણ હોવાનાં જ. કેવાં વિવિધ નામધારી બાણો !

ભલ્લ, ક્ષુરપ્ર, ક્ષુદ્રક, નારાચ, અર્ધનારાચ, વરાહકર્ણ, નતપર્વ, અર્ધચંદ્ર, કર્ણિક, વિકર્ણ, નાલિક, અંજલિક, વત્સદંત, પ્રદર, દારુણ, માર્ગણ, પ્રાંજલિક, વિપાઠ, કુંત, ચટકામુખ, શિલીમુખ, વિશાણ, શૃંગ વગેરે.

આ ઉપરાંત ખાસ પ્રયોગ દ્વારા વધુ તીક્ષ્ણ બનાવેલાં બાણો પણ કેટલાં બધાં ! અતિશય તીક્ષ્ણ એવાં ક્ષુર અને કર્ણાકાર બાણો, કંકપત્ર, ગીધનાં પીંછાંવાળાં, મોરપીંછવાળાં કે સુવર્ણપૂંખવાળાં, સંપૂર્ણ લોખંડનાં બનેલાં કે ચોટદાર અણીવાળાં સુવર્ણભૂષિત બાણો. (અને આ બધાં પાછાં તેલ પાયેલાં અથવા પથ્થર કે સરાણ પર ઘસીને ધાર કાઢેલાં.)

અમુક બાણો સર્પમય વિષયુક્ત, તો કેટલાંક બાણો અગ્નિની જ્વાળાઓ કે રથની ધરી જેવા આકારનાં હતાં.

શતઘ્ની બાણો શંકુ-આકારનાં હતાં. શતઘ્ની બાણ એટલે એકસાથે સો જણને મારી શકે તેવું શસ્ત્ર. આજે વિનાશ વેરતાં જે મિસાઈલ શોધાયાં છે તેવું

જ આ શસ્ત્ર હશે ! અથવા તો તેમાંથી એકસાથે સો બાણ છૂટતાં હશે ! (તોપ માટે પણ 'શતઘ્ની' શબ્દ પ્રયોજાય છે.)

તે ઉપરાંત વૈતસ્તિક બાણ હતાં. કેવાં હતાં તે ? અત્યંત નજીકમાં રહેલા શત્રુ ઉપર પ્રહાર કરી શકાય તેવાં.

વળી આજકાલ છોડાતાં મિસાઈલ જેવું જ ત્યારે 'શબ્દભેદી' બાણ હતું, જે લક્ષ્યનો પીછો કરી સચોટ વીંધતું.

આ બધાં બાણોનો ઉપયોગ કરવાની પણ નિશ્ચિત ક્રિયા હતી. લગભગ બધાં જ બાણ એવાં હતાં, જે યોગ્ય કે અનુરૂપ મંત્રો ભણીને જ છોડવામાં આવતાં. અમુક દેવનું સ્મરણ કરીને પછી જ અનુસંધાન કરાતું હતું. જે રીતે શત્રુ સામે બાથ ભીડવાની હોય તે પ્રમાણે મંત્ર ભણવો પડતો અને એ બાણો વડે તેજ, અંધકાર, વર્ષા, વાવાઝોડું, વંટોળિયો, વીજળી, અગ્નિ, ધુમાડો, નાગપાશ, સંમોહન, સ્તબ્ધતા વગેરે ઉત્પન્ન કરી શકાતાં.

ધનુષ્ય બાણવર્ષા કરે અને યુદ્ધ જામે, પરંતુ અન્ય આયુધો પણ ક્યાં ઓછાં હતાં ? વૈવિધ્યપૂર્ણ અને વિચિત્ર નામ ધરાવનારાં આયુધો હતાં.

ઢાલ-તલવાર, ભાલાં, ગદા, તોમર, મુશળ, પરિઘ, ત્રિશૂળ, પટ્ટિશ, મુદ્દ્ગર, કળપ, ખડ્ગ, ક્ષેપણી, નાખૂન-યો, પ્રાસ-યો, લોખંડનાં ચક્રો, ભુશુંડી, મોગરી, ફરશી, કમ્પન વગેરે.

આયુધોમાં તલવાર વિશેષ પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી. પાંડવોની તલવારોની વાત કરીએ તો અર્જુનની તલવારની મૂઠ ઉપર દેડકાની આકૃતિ હતી. ભીમની તલવારનું મ્યાન વ્યાઘ્રચર્મનું બનાવેલું હતું. નકુળની તલવારનું મ્યાન ઘેટા-બકરાના ચામડાનું હતું. જ્યારે યુધિષ્ઠિરની તલવારને સોનેરી મૂઠ હતી અને આકર્ષક ચિત્રોથી અંકિત મ્યાન હતું. નકુલની તલવાર પટ્ટાબાજીના બધા જ ખેલોમાં સૌથી વધુ ઉપયોગી હતી.

એકંદરે મહાયોદ્ધાઓના હાથમાં શોભતી તલવારો બધી જ લાંબી, તીક્ષ્ણ ધારવાળી અને શત્રુસંતાપક હતી. દુર્યોધન અને ભીમની ગદાઓ પણ સૌને ભયભીત કરનારી મહાબલી હતી. જોકે ભીમની ગદા દુર્યોધનની ગદા કરતાં દોઢી વજનદાર, પૂરેપૂરી લોખંડની બનેલી હતી. ગદાયુદ્ધ એ તે સમયે વિશિષ્ટ પ્રવીણતા માગી લેનારું હતું.

આયુધો હોય એટલે બખ્તર પણ હોવાનાં જ અને તેની વિશિષ્ટતા પણ હોય જ.

દરેક યોદ્ધાનું બખ્તર ખૂબ મજબૂત અને વજનદાર હતું અને દરેક બખ્તર પોતપોતાની ખાસિયત સાથે જ બનાવવામાં આવતું. વળી કોઈકોઈ બખ્તરમાં અમુક-અમુક જગ્યાઓ ખામીયુક્ત હતી, એટલે કે છિદ્રયુક્ત હતાં. શત્રુનું બાણ કે અન્ય આયુધ એ છિદ્રમાંથી પ્રવેશી જાય ત્યારે શરીર વીંધાઈ જતું. એકસાથે ઓછામાં ઓછાં સો બાણ સામે ટકી શકે તેવાં મજબૂત બખ્તરોને કારણે યોદ્ધાઓ રક્ષણ પામી શકતા.

દરેક હાથી ઉપર આજના માપ પ્રમાણે ૨૦૦ કિલો જેટલા વજનનું બખ્તર પહેરાવવામાં આવતું.

કર્ણનું બખ્તર અભેદ્ય હતું, જ્યારે દુર્યોધનને દ્રોણે આપેલ બખ્તર ખાસ પ્રકારની ગાંઠોવાળું હોવાથી અભેદ્ય બની રહ્યું હતું.

અને પેલું શ્રીકૃષ્ણે હાથમાં ધારણ કરેલું સુદર્શનચક્ર કેવું હતું ?

વજ્રનાભનામધારી તે ચક્ર આશરે ૨.૫ વારનો વ્યાસ ધરાવતું હતું, પરંતુ ખૂબી તો એ હતી કે યુદ્ધ દરમિયાન કૃષ્ણની ઇચ્છા મુજબ તે નાના કે મોટા આકારનું થઈ શકતું હોવાથી શત્રુ હંમેશાં ભુલાવામાં પડી જતો.

અને ઘટોત્કચે પણ અશ્વત્થામા ઉપર ચક્ર છોડ્યું હતું, જાણો છો ? ''મણિ અને હીરાથી મઢેલું, અસ્ત્ર જેવી ધારદાર અણીવાળું અને એક લાખ આરાવાળું તે મહાભીષણ ચક્ર હતું.''

'શક્તિઓ' પણ ઘણા પ્રકારની હતી. દુઃશાસન અને પ્રતિવિંધ્ય વાપરતા તે 'શક્તિ' સંપૂર્ણ લોખંડની બનાવેલી હતી, તો કર્ણની 'શક્તિ' સુવર્ણ અને વૈદૂર્યમણિજડિત દંડવાળી હતી. કર્ણે ઘટોત્કચવધ માટે 'વાસવી' નામની 'શક્તિ' વાપરેલી. શલ્યવધ માટે વાપરેલી યુધિષ્ઠિરની 'શક્તિ' અત્યંત પ્રભાવશાળી હતી. 'મહાભારત'કારે મન મૂકીને તેનું વર્ણન કર્યું છે. અન્ય યોદ્ધાઓએ 'કરાલકાળ' અને 'મહાસંહારક' 'શક્તિ'ઓનો ઉપયોગ કરેલો.

'મહાભારત'કારે ૩૩૦૬ પ્રકારનાં અને નામ પ્રમાણે અસરો ઉપજાવતાં વિવિધ અસ્ત્રો વર્ણવ્યાં છે. જેમાંનાં મુખ્ય-મુખ્ય ગણીએ તો -

વરુણાસ્ત્ર, વાયવ્યાસ્ત્ર, પ્રમોહનાસ્ત્ર, મોહનાસ્ત્ર, પ્રજ્ઞાસ્ત્ર, ઇન્દ્રાસ્ત્ર, માહેન્દ્રાસ્ત્ર, સર્વતોધાર, વારુણાસ્ત્ર, ત્વાષ્ટ્ર અસ્ત્ર, દેવાસ્ત્ર, માનવાસ્ત્ર, અસુરાસ્ત્ર, ભૌમાસ્ત્ર,

યામ્યાસ્ત્ર, આગ્નેયાસ્ત્ર, ગુહક્યાસ્ત્ર, સાવિત્રાસ્ત્ર, પ્રાજાપત્યાસ્ત્ર, ઐન્દ્રાસ્ત્ર, વજ્રાસ્ત્ર, આથર્વણાસ્ત્ર, શક્તિ-અસ્ત્ર, ભાર્ગવાસ્ત્ર, વૈષ્ણવાસ્ત્ર, રુદ્રાસ્ત્ર, ગંધર્વાસ્ત્ર, પ્રસ્વાપન અસ્ત્ર, નાગાસ્ત્ર, નાગપાશ અસ્ત્ર, ગરુડાસ્ત્ર જેવાં અનેક અસ્ત્રો હતાં.

પરંતુ અતિશય શક્તિશાળી, વિનાશકારી દિવ્યાસ્ત્રો તો પાશુપતાસ્ત્ર, નારાયણાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર હતાં. આ ઉપરાંત અશ્વત્થામાએ મંત્રીને છોડેલા બ્રહ્મશિર અસ્ત્રે તો ઉત્તરાના ગર્ભનો નાશ કરેલો.

ઘટોત્કચ અને અલાયુધ વચ્ચે રાક્ષસી, માયાવી યુદ્ધ ખેલાય છે. શકુનિ પણ આ રીતે જ લડેલો. તે સૌએ આ બધાં શસ્ત્રો-અસ્ત્રો ઉપરાંત લોખંડના ગોળાઓ, ભિંડીપાળો, ગોફણો, ખાંડણિયાઓ તથા મોટી-મોટી ડાળીઓ સાથેનાં ઊખડેલાં વિવિધ વૃક્ષોને પણ યુદ્ધમાં વાપરેલાં. આ વૃક્ષોમાં ખીજડો, પીલુ, કેરડાં, શીમળો, ઈંગોરિયા, બોરડી, ખીલેલાં પુષ્પોવાળાં કોવિદારવૃક્ષો, ખાખરો, અરિમેદ, વડ, પ્લક્ષ (ખેર) અને પીપળા જેવાં અનેક વૃક્ષોથી સમરભૂમિમાં એકબીજા પર પ્રહાર કરતા હતા.

વધારામાં વિવિધ પ્રકારની ધાતુઓવાળા પર્વતનાં શિખરો વડે પણ એકબીજા ઉપર આક્રમણ કરતા. તેમણે વરસાવેલા આ બધા પદાર્થોના સામસામે ટકરાવાથી ત્યાં વજ્રો અફળાતાં હોય તેવો ઘોર અવાજ થતો હતો.

વ્યાસજીએ ખૂબ બુદ્ધિપૂર્વક બે દિવ્યાસ્ત્રો વિશે જણાવ્યું છે, એ આશાએ કે ભવિષ્યની પેઢી તેમાંથી કંઈક ધડો લે.

દ્રોણવધ પછી ઉશ્કેરાયેલા અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું. આ દિવ્યાસ્ત્રમાંથી કરોડો બાણ નીકળ્યાં અને દિશાઓ ભરાઈ ગઈ. "આકાશમાં વાદળ ન હતાં, છતાં મેઘગર્જના કરતો જળમિશ્રિત વાયુ ફૂંકાવા લાગ્યો, પૃથ્વી કંપવા લાગી, પર્વતો પડવા લાગ્યા, અંધકાર છવાઈ ગયો અને કોલાહલ મચી ગયો. હણાયેલા માનવો અને પશુઓનો પર્વત રચાયો. એ પર્વત ઉપર વૃક્ષોને સ્થાને ધજાઓ, શિખરોના સ્થાને શસ્ત્રો, શિલાઓના સ્થાને હાથીઓનાં શબો, વેલીઓના સ્થાને ધનુષ્યો અને પંખીઓને સ્થાને ફક્ત ગીધડાંઓ હતાં. શત્રુઓનું ભારે નિકંદન નીકળી ગયું."

શ્રીકૃષ્ણે પણ આ દિવ્યાસ્ત્રને શરણે થવાનો સૌને આદેશ આપવો પડ્યો. ત્યારપછી જ નારાયણાસ્ત્ર શાંત થયું.

'સૌપ્તિકપર્વ'માં ઉલ્લેખ છે કે ભાગી રહેલા અશ્વત્થામાએ પીછો કરતા

પાંડવોથી ડરીને 'બ્રહ્મશિરસ્' છોડ્યું. જોકે પિતા દ્રોણે મનુષ્યોની સામે આ લોકવિનાશક દિવ્યાસ્ત્ર કદી પણ ન વાપરવા ચેતવણી આપેલી. આ લોકભક્ષક અગ્નિના નિવારણ અર્થે અર્જુનને સામું દિવ્યાસ્ત્ર છોડવું પડ્યું. ''સામસામાં બ્રહ્માસ્ત્રો ટકરાયાં, અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી, પૃથ્વી કંપાયમાન થઈ, કડાકા થવા લાગ્યા, આકાશમાંથી ઉલ્કાઓ ખરવા લાગી.''

ઋષિઓના સૂચનથી અર્જુન તો પોતાનું દિવ્યાસ્ત્ર પાછું ખેંચી લે છે, પણ અશ્વત્થામા પાસે તે પાછું ખેંચવાની વિદ્યા ન હતી.

આ દિવ્યાસ્ત્રો હિરોશીમા-નાગાસાકી ઉપર અણુબૉમ્બ ફેંકાયાની ઘટના તાજી કરે છે, પરંતુ અર્જુને વિશ્વહિતને લક્ષમાં રાખી જે પ્રમાણે દિવ્યાસ્ત્ર પાછું ખેંચ્યું તેવી રીતે આજે અણુબૉમ્બ કે મિસાઈલ છોડ્યા પછી તેને પાછું ખેંચી લેવાની શક્તિ હવેના લડનારા પાસે નથી.

'મહાભારત'કાળની યુદ્ધ લડવાની ટેક્નૉલૉજીને ગુણવંત શાહે 'તીર ટેક્નૉલૉજી' ગણાવી છે. આવા યુદ્ધમાં તીર ચલાવનારો પોતાના તીરથી મરેલા માણસને સગી આંખે જોઈ શકતો, તેની કરુણ ચીસો પ્રત્યક્ષ સાંભળી શકતો. આજની ટેક્નૉલૉજીને તેઓ 'ટેલિ-ટેક્નૉલૉજી' તરીકે વર્ણવે છે. ગાઈડેડ મિસાઈલ સેંકડો કિ.મી. દૂર જઈ વિનાશ વેરી શકે. મિસાઈલ છોડનારો કે અણુબૉમ્બ ફેંકનારો મૃત્યુના તાંડવને જોવા નથી પામતો. મરનાર અને મારનાર વચ્ચે અંતર પડી જાય છે.

આજે જેટલાં અસ્ત્રો-શસ્ત્રોની વાત થાય છે, લગભગ એ બધાં અસ્ત્રો-શસ્ત્રોનો કોઈ ને કોઈ સ્વરૂપે મહાભારત યુદ્ધમાં પ્રયોગ થયો હતો. પ્રાચીન ભારતમાં શસ્ત્રો બનાવવાની વિદ્યા અને તેનાં શાસ્ત્રો હતાં. શાસ્ત્રીય પદ્ધતિએ તમામ શસ્ત્રો બનતાં. દેશ ખૂબ સંપન્ન, પ્રભાવશાળી અને વૈજ્ઞાનિક બાબતે પણ ખૂબ જ ઉન્નત શિખરે હતો.

કોઈને પ્રશ્ન થાય : મહાભારત યુદ્ધમાં સૌથી વિનાશક એવાં દસ અસ્ત્ર-શસ્ત્ર કયાં ? તો જવાબ છે : તે બધાંમાં સૌથી ઓછું વિનાશક તે વાસવી શક્તિ. ત્યારબાદ ચઢતા ક્રમમાં ગોઠવીએ તો વજ્ર, નારાયણાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, બ્રહ્મશિરસ્, પાશુપતાસ્ત્ર, બ્રહ્મદંડ, સુદર્શનચક્ર અને ત્રિશૂળ અને હવે બાકી રહ્યું એક સૌથી શક્તિશાળી અસ્ત્ર. અંદાજ લગાવી શકો છો ? તે છે બુદ્ધિ !

હિંસક વૃત્તિવાળો અને વિકૃત પ્રકૃતિવાળો અશ્વત્થામા એકાએક આક્રમક

બની અંગત વેરની તૃપ્તિ માટે દિવ્યાસ્ત્ર છોડે છે. અર્જુને પ્રલયાગ્નિને શાંત પાડવા, પૃથ્વી પરના લોકોની શાંતિ માટે દિવ્યાસ્ત્ર સામું છોડ્યું છે.

વિજ્ઞાનનાં સાધનો અને મેળવેલી વિદ્યાનો ઉપયોગ કોના દ્વારા, શાના માટે કરાય છે તે 'મહાભારત'કારે સ્પષ્ટ કર્યું છે.

એક જ વાત મહત્ત્વની છે કે -

સંવેદનમુક્ત વિજ્ઞાન સામાજિક પાપ છે.

સંવેદનયુક્ત વિજ્ઞાન સમાજને આશીર્વાદરૂપ છે.

□

9
યુદ્ધવર્ણનમાં શબ્દલાલિત્ય



૧. ભીષ્મપર્વ :

મહાભારત યુદ્ધ પૂરા અઢાર-અઢાર દિવસો સુધી ચાલેલો મહાસંગ્રામ, જેનો અહેવાલ આપણને મળે છે વ્યાસજીના શબ્દોમાં અને સંજય તથા ધૃતરાષ્ટ્ર વચ્ચેના સંવાદસ્વરૂપે.

અંધ રાજવી ધૃતરાષ્ટ્ર પાસે વ્યાસજી પધારે છે અને કહે છે : "ઘોર સંગ્રામ નજરોનજર જોવો હોય તો તને દિવ્ય દૃષ્ટિ આપું." માણસને દિશાસૂચન મળે, પણ ચાલવાનું તો પ્રવાસીએ જ હોય. વ્યાસજી વરદાન આપવા સમર્થ છે, પરંતુ ધૃતરાષ્ટ્ર જ્ઞાતિવધ જોવાનું જીરવી શકે તેમ નથી. જિંદગી-આખી અંધાપામાં ગાળી, હવે કુળસંહાર જોવા માટે દૃષ્ટિ મેળવે એ વિધિવક્રતા ધૃતરાષ્ટ્રને સ્વીકાર્ય નથી.

આમ તો ધૃતરાષ્ટ્ર પોતે જ કુળસંહારની ઘોર ખોદવા માટે જવાબદાર છે. ધાર્યું હોત તો દુર્યોધનને વારી શક્યો હોત અને યુદ્ધ ટાળી શક્યો હોત, પરંતુ હવે જ્યારે યુદ્ધ બારણે આવી જ પડ્યું છે ત્યારે નજરોનજર કુળસંહાર જોવાની વાતમાત્રથી તે ધ્રૂજી ઊઠે છે. જ્ઞાતિવધ અને કુલક્ષય એ બે શબ્દો તેને દઝાડી રહ્યા છે. વ્યાસજીએ પ્રયોજેલા આ બે શબ્દો જ કેટલા બધા પીડાદાયક છે !

ધૃતરાષ્ટ્રને પુત્રો પ્રત્યે વિકૃત વાત્સલ્યવૃત્તિ છે. ઊંડેઊંડે મનમાં વિજયની આશા છે, તેથી ભલે તે યુદ્ધ જોવાનું ટાળે છે, પણ તેને યુદ્ધનું વિગતવાર વર્ણન સાંભળવાની ઇંતેજારી પ્રબળ છે.

આખરે વ્યાસજીએ સંજયને દિવ્યચક્ષુ આપ્યાં અને કહ્યું : "તમારો મંત્રી સંજય તમને યુદ્ધનો સર્વ વૃત્તાંત સંભળાવશે. યુદ્ધની કોઈ વાત તેનાથી છૂપી નહીં રહે. દેખાતી કે ન દેખાતી, દિવસની કે રાત્રિની, કહેલી કે વિચારેલી - દરેક વાતની તેને ખબર પડી જશે અને રણભૂમિ પર જશે તોપણ તેને કોઈ અસ્ત્રશસ્ત્ર હણી નહીં શકે."

ચિંતાતુર અને શોકમગ્ન ધૃતરાષ્ટ્રને સાંત્વના આપતાં વ્યાસજી કહે છે : "હવે શોક કરવો વૃથા છે." દુર્યોધને આરંભેલો સંહાર કેવો છે ? જે નિવારી શકાય તેમ છે, પરંતુ દુર્યોધનનો ઘમંડ આડો આવે છે. જીવનમાં સંઘર્ષ નિવાર્ય છે, પણ અધ્યાત્મ અનિવાર્ય છે, તે સત્ય વ્યાસજીની રચનામાં પળેપળે પ્રકટે છે.

ભરતકુળના પિતામહ અને ત્રણેય કાળને જાણનારા, ઘટનાઓનું પ્રત્યક્ષ દર્શન કરી શકનારા વ્યાસજીએ આંતરદૃષ્ટિથી ભયાનક યુદ્ધ જોયું. કાળની લીલાને કારણે સમરાંગણમાં કુરુવંશી પુત્રો તથા અન્ય રાજાઓનો અંતકાળ નજીક આવ્યો છે તે પણ તેઓએ જોયું છે. પડે છે ત્યારે બધું જ પડે છે. સર્વનાશની ઘડી આવી પહોંચી છે.

'મહાભારત'કાર વ્યાસજી કુરુકુળના પિતામહ હોવાના કારણે કથામાં સ્વયં એક પાત્રરૂપે છે. પોતાના કુળની કથા કહેવા તત્પર વ્યાસજી અવારનવાર કથાની રંગભૂમિ પર પ્રવેશ કરતા રહે છે, પોતાનું પાત્ર ભજવી પાછા પડદા પાછળ ચાલ્યા જાય છે. કલાપારખુ અદાકાર તરીકે સમગ્ર મહાભારતમાં તેઓ છવાયેલા છે.

આર્ષદ્રષ્ટા વ્યાસજી ધૃતરાષ્ટ્ર પાસે બેસી, યુદ્ધમાં થનારા વિનાશની આગાહી દર્શાવતાં ભયસૂચક નિમિત્તો વર્ણવે છે, નૃસિંહના નહોર જેવી કઠોર આગાહીઓ વર્ણવે છે.

"બાજપક્ષીઓ, ગીધ, કાગડા, નીલપક્ષીઓ વનપ્રદેશમાં વેગથી ઊતરી આ ભયાનક યુદ્ધને આંબી જશે. માંસભક્ષી પક્ષીઓ હાથીઓ અને અશ્વોનું માંસ ખાશે. આવી પડનારા ભયને જાણનારા બગલાઓ ખટ્ખટ્ એવો ભયાનક અવાજ કરતા-કરતા સેનાઓ વચ્ચે થઈને દક્ષિણ દિશામાં જશે."

નભોમંડળની ગતિવિધિને જાણનારા પ્રાજ્ઞ વ્યાસજી આગળ કહે છે :

"આ શનિનક્ષત્ર રોહિણીનક્ષત્ર ઉપર આક્રમણ કરતું દેખાય છે. ચંદ્રનું કલંક મોટું થયું છે, તેનાથી ખૂબ ભય આવી પડશે. રાહુ સૂર્યને ગળી રહ્યો છે અને શ્વેતગ્રહ કેતુ ચિત્રાનક્ષત્રનું અતિક્રમણ કરી રહ્યો છે. એ ગ્રહની વિશેષ કરીને કૌરવો ઉપર દૃષ્ટિ પડે છે. એ તેઓનો વિનાશ થશે એમ સૂચવે છે. અતિ ભયંકર ધૂમકેતુ પુષ્યનક્ષત્ર ઉપર આક્રમણ કરી રહ્યો છે. આ ગ્રહ બંને સેનાઓનું ભયંકર અમગંલ કરશે. વળી, મંગળગ્રહ વક્રી બનીને મઘાનક્ષત્રમાં સ્થિર રહ્યો છે અને ગુરુગ્રહ શ્રવણનક્ષત્ર ઉપર વક્રી રહ્યો છે. સૂર્યપુત્ર શનિ ભાગ્યનક્ષત્ર ઉપર આક્રમણ કરીને તેને પીડા આપી રહ્યો છે અને શુક્રગ્રહ પૂર્વાનક્ષત્રના સ્થાન ઉપર ચડીને ઉત્તર તરફ ફરીને એની સાથે એના તરફ દૃષ્ટિ રાખી રહ્યો છે. વળી શ્યામ ગ્રહ રાહુ અગ્નિની સાથે ઝળહળતો અને ધુમાડા કાઢતો જ્યેષ્ઠાનક્ષત્રનું આક્રમણ કરીને તેજસ્વી એવા ઇન્દ્રનક્ષત્ર ઉપર દૃષ્ટિ કરી રહ્યો છે. ઉપરાંત, પ્રકાશમાન ધ્રુવ ડાબી તરફ ભયાનક રીતે ઘૂમી રહ્યો છે, જ્યારે ક્રૂર ગ્રહ રાહુ ચિત્રા અને સ્વાતિનક્ષત્રોની મધ્યમાં રહ્યો છે. અગ્નિના જેવો તેજસ્વી મંગળગ્રહ, શ્રવણનક્ષત્રમાં વક્ર અને અનુવક્ર ગતિ કરીને, બ્રહ્મરાશિ બૃહસ્પતિની રાશિને ઘેરી રહ્યો છે. તાંબાવર્ણા, લાલ-લાલ જ્વાલાઓવાળા બે ગ્રહો જાણે બળતા હોય તેવા દેખાય છે. તેઓએ તેજસ્વી સપ્તર્ષિઓની પ્રભાને પણ ઝાંખી પાડી દીધી છે. આખું વર્ષ રહેનારા આ બંને પ્રકાશમાન ગ્રહો ગુરુ અને શનિ વિશાખાનક્ષત્રની સમીપ આવી રહ્યા છે.

પ્રથમ નક્ષત્રમાં પ્રકાશતો આ તેજસ્વી ગ્રહ પોતાના તેજથી, પોતાનો આકાર લંબાવવાને લીધે ધૂમકેતુના જેવો દેખાય છે. હે મહારાજ ! આ બુધગ્રહ તેની આગળનાં ત્રણ નક્ષત્રોમાં ઝડપથી સંક્રમણ કરે છે. તેનાથી વધારે મહાન ભય ઉત્પન્ન થયો છે.

એક તિથિનો ક્ષય થાય તો ચૌદમા દિવસે આવતી અને એક તિથિનો ક્ષય ન થાય તો પંદરમા દિવસે આવતી અને એક તિથિની વૃદ્ધિ થતાં સોળમા દિવસે આવતી અમાસ તો અમે જાણી છે, પરંતુ આજે આ તો તેરમા દિવસે અમાસ આવી છે એ મને સમજાતું નથી.

આ એક જ મહિનાની અંદર જ તેરસના દિવસે ચંદ્ર અને સૂર્ય બંનેનું ગ્રહણ થયું છે. આ રીતે પર્વની તિથિ પહેલાં ગ્રહણ થયાં છે, તેથી પ્રજાનો મહાવિનાશ થશે.

આજે ચંદ્ર મઘાનક્ષત્રમાં છે અને આકાશમાં પ્રકાશમાન સાત મહાનક્ષત્રો ભેગાં થયાં છે.

બીજું, ત્રણેય લોકમાં સાધુપુરુષો માટે સન્માન્ય એવી આ અરુંધતી પણ વસિષ્ઠને પોતાની પાછળ રાખી દે છે. આકાશમાં જ્યારે સપ્તર્ષિનક્ષત્રમાં વસિષ્ઠનો તારો અરુંધતીના તારાની પાછળ દેખાય ત્યારે મહાપ્રલય થાય તેવી માન્યતા છે.

સંધ્યાસમયે છેડે શ્વેત અને લાલ રંગના, મધ્યભાગે કાળા રંગના, વીજળીવાળા, વિવિધ રંગી પટ્ટાઓ સૂર્યને ઢાંકી રહ્યા છે. સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રો પ્રકાશતાં હોય એવા કોઈ પણ પ્રકારના ભેદ વિનાનાં દિવસો અને રાત્રિઓ મને દિનરાત દેખાયા કરે છે, જે મહાવિનાશનો નિર્દેશ કરે છે. કાર્તિકી પૂર્ણિમાની રાત્રે સરખા રંગવાળા નભોમંડળમાં નિસ્તેજ લાગતો ચંદ્ર અગ્નિ જેવો લાલચોળ થઈ ગયેલો મેં જોયો, તેથી લાગે છે કે શૂરવીરો, રાજાઓ, રાજપુત્રો અને પરિઘ જેવી ભુજાઓવાળા યોદ્ધાઓ પૃથ્વી પર પથરાઈને ચિરનિદ્રામાં પોઢી જશે.''

ખગોળશાસ્ત્ર, જ્યોતિષવિદ્યા, શુકન-અપશુકનો વગેરેનું જ્ઞાન વ્યાસજીની આગવી વિશિષ્ટતા છે. તત્કાલીન નભોમંડળની અને નક્ષત્રોની ગતિવિધિ માટે તેઓ સજાગ છે. તેમનું સૂક્ષ્મ નિરીક્ષણ છે અને ભાવિમાં બનનારી ઘટનાઓ માટે ચિંતાતુર પણ છે. તેઓ હજુ આગળ કહે છે :

''આ ઉપરાંત બ્રાહ્મણો દ્વારા હોમાયેલો પીળો, લાલ અને નીલરંગી અગ્નિ બળવા લાગ્યો. ધુમાડા કાઢતો, કર્કશ અવાજ કરતો અને ચરબીની ગંધવાળો અગ્નિ પોતાની જ્વાળા ડાબી તરફ ફેલાવવા લાગ્યો છે અને આ રીતે સ્પર્શ, ગંધ અને રસ - બધું જ વિપરીત બની ગયું છે.''

વિશેષમાં, માંસભક્ષી પશુઓ અને પક્ષીઓના ભયાનક અવાજો, પક્ષીઓનાં દારુણ કલ્પાંતો, અમંગળ વાણી બોલતાં, વિચિત્ર અવયવો ધરાવતાં ગરુડો અને પશુઓ, ઋતુ વિના ઉત્પન્ન થતાં ફળફૂલો, જળમાં ઉત્પન્ન થતાં કમળ, કુમુદ વગેરે ફૂલોનું વૃક્ષ પર વિકસવું, રુધિર અને હાડકાંનો વરસાદ, અશ્વો જોડ્યા વિના દોડતા રથો, માતા સાથે રતિક્રીડા કરતા પુત્રો, નગરનાં મંદિરોના પ્રાંગણમાં વાવેલાં વૃક્ષોનું પડી જવું વગેરે અહિતકારક નિમિત્તોના વિગતવાર વર્ણન દ્વારા આ મહામુનિ ધૃતરાષ્ટ્રરાજાને ગંભીરતાપૂર્વક જણાવે છે : ''મહાકાલ હવે ચોક્કસ જગતનો નાશ કરશે જ.''

મહાસંહારની એંધાણી આપતી આટઆટલી વાત કરી, છતાં સત્તાલાલસા

અને પુત્રમમત્વથી છલોછલ ભરેલા સ્વાર્થી ધૃતરાષ્ટ્રને આશા છે કે કૌરવપક્ષનો વિજય થશે, એટલે તો ધૃતરાષ્ટ્ર વ્યાસ ભગવાનને પ્રશ્ન કરે છે : "યુદ્ધમાં વિજયની ઇચ્છા રાખનાર રાજાઓનાં શાં નિશાન હોય છે ?" ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસા સંતોષવા ખાતર વ્યાસજી સુંદર વર્ણન કરે છે :

"જ્યાં ઊંચે પ્રકાશતાં કિરણોવાળો, ઝળહળતી આભાવાળો અને જમણી બાજુ ફેલાતી જ્વાલાવાળો નિર્ધૂમ અગ્નિ હોય, આહુતિઓની પાવન સુગંધ પ્રસરતી હોય, ગંભીર ઘોષવાળા મહાનાદથી ગુંજતા શંખો અને મૃદંગો વાગતાં હોય, સૂર્ય-ચંદ્ર સ્વચ્છ કિરણોથી પ્રકાશતા હોય, વાયુઓ અનુકૂળ વાતા હોય, આકાશનાં વાદળો અને પક્ષીઓ અનુકૂળ હોય, મેઘઘટા ધરતીને ભીંજવતી હોય, જ્યાં મેઘધનુષ રચાતાં હોય, રાજહંસો, પોપટો, ક્રૌંચ અને મયૂર મંગલમય વાણી બોલતા યુદ્ધસમયે જમણી બાજુએથી પસાર થાય તો તે બધાં ભવિષ્યમાં થનારા વિજયનાં દ્યોતક છે."

આશ્વાસન સાથે યોગ્ય અને સ્પષ્ટ સૂચન અને ચેતવણી આપતા શબ્દો વડે યુદ્ધના કારણે થનારા કુળસંહારને સ્પષ્ટ વર્ણવતાં અંતમાં મહત્ત્વનો સંદેશો આપતાં વ્યાસજી કહે છે :

"હે ભરતવંશી ! સુંદર પાંખોનો મોટો ફેલાવો હોય તેટલામાત્રથી જ વિનતાનો પુત્ર ગરુડ મહાજનની પ્રશંસા પામતો નથી."

પાંખોનો વિસ્તાર હોય, પણ શક્તિ ન હોય તો તે શા કામનો ? એ જ રીતે સેના મોટી હોય, પણ સામર્થ્ય કે મક્કમતા ન હોય તો તે શા કામની ?

न बाहुल्येन सेनाया जयो भवति भारत ।
अध्रुवो हि जयो नाम दैवं चात्र परायणम् ।
जयन्तो ह्यपि संग्रामे क्षयवन्तो भवन्त्युत ।।

"હે ભરતવંશી ! સેનાનું કેવળ સંખ્યાબળ મોટું હોય તેથી વિજય નથી થતો. વિજય તો અનિશ્ચિત અને દૈવને આધીન છે, કારણ, વિજય પ્રાપ્ત કરવા સમર્થ હોય તેમનો પણ સંગ્રામમાં ક્યારેક પરાજય થતો હોય છે."

વ્યાસજીએ થોડામાં ઘણું કહી દીધું. દૈવ પ્રમાણે પુરુષ અને પુરુષાર્થ સફળ કે નિષ્ફળ થાય છે, કારણ, વિધિ બળવાન છે.

જીવન અને કારકિર્દીમાં અવારનવાર આવતા રહેતા ચડાવ-ઉતારને લીધે

હર્ષ કે હતાશા જેવી લાગણીઓનાં મોજાંમાં ક્ષણેક્ષણે ફંગોળાતા યુવાનો માટે આ શિખામણ સો ટચના સોના જેવી છે.

વ્યાસજીનો દૃઢ મત છે કે યુદ્ધ તો થશે જ અને મહાકાલ પોતાનું કાર્ય કરશે જ.

યુદ્ધની આરંભકથામાં સંજય ધૃતરાષ્ટ્રને ઉત્ક્રાંતિની કથા કહે છે :

"ભૂમિમાંથી સૌ જન્મે છે અને ભૂમિમાં જ સૌ વિલીન થાય છે. ભૂમિ જ સૌ ભૂતોની પ્રતિષ્ઠા છે, ભૂમિ જ સૌનું આશ્રયસ્થાન છે. આવી ભૂમિ માટે અનિત્ય જીવો હંમેશાં સંહાર આચર્યા કરે છે."

સંજય આ રીતે ધૃતરાષ્ટ્રને કંઈક સમજાવવા ઇચ્છે છે. એમ કરતાંય જો મહાસંહારમાંથી ઊગરી જવાય તો એથી રૂડું શું ? રાજસત્તાનો મોહ છોડવાનો સંકેત પણ તે આપે છે.

ધૃતરાષ્ટ્ર અસ્વસ્થ છે, વ્યાસજીના કથન અનુસાર આવનારા ઘોર સંહારથી ભયભીત છે, હતાશ છે, તેથી સાંત્વના મેળવવા સંજયને જાતજાતના પ્રશ્નો પૂછે છે. હવાતિયાં મારતા ધૃતરાષ્ટ્રની ઇંતેજારી સંતોષવા સંજય પૃથ્વી પર વસતાં વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, પૃથ્વીના ગુણો, નદી, પર્વત, વન-ઉપવનનાં સ્થાનો, દ્વીપો, ભારતદેશ અને હિમાલયપ્રદેશનું આયુષ્ય, તેનો વિસ્તાર, તેનાં શુભાશુભ ફળ, વગેરેનું વિગતવાર વર્ણન કરે છે.

આ બધું વાંચીએ ત્યારે સમજાય કે વ્યાસજીને ભૂગોળ, ખગોળ, જ્યોતિષ, કુદરતનાં તત્ત્વો, ભારતની પ્રજાનું સામાજિક જીવન - એ બધાંની કેટલી ઊંડી અને રસપ્રદ માહિતી છે ! એમની જ્ઞાનવાણી પાસે આપણું મસ્તક આદરથી ઝૂકી જાય છે.

શક્ય છે કે કવિ કાલિદાસે 'મહાભારત'માંથી જ પ્રેરણા મેળવીને 'મેઘદૂત' કાવ્ય રચ્યું હશે. કોઈ કૃતિમાંથી કથાનક એકત્ર કરીને નવી કલાકૃતિનું સર્જન કરનાર કવિશિલ્પી પણ આદરને પાત્ર જ છે અને તેથી જ 'રામાયણ'-'મહાભારત' જેવાં મહાકાવ્યોમાંથી કોઈ કથાનક મેળવી સંસ્કૃત સાહિત્યકારોએ અદ્‌ભુત ગ્રંથો રચ્યા છે.

"ચંદ્રની કાન્તિથી સમુદ્રનાં પાણીમાં ભરતી આવે, કૂવાના પાણીમાં નહીં." તે રીતે ઉત્તમ કાવ્યાલંકારથી સમુદ્ર સરીખા ખીલતા વ્યાસજી-રચિત 'મહાભારત'નો સાંસ્કૃતિક વારસો અજોડ અને અખૂટ રહેવા પામ્યો છે.

"જ્યાં ધર્મ છે ત્યાં જ દ્યુતિ છે અને કાન્તિ છે; જ્યાં લજ્જા છે ત્યાં જ શ્રી અને બુદ્ધિ છે; જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ છે અને જ્યાં કૃષ્ણ છે ત્યાં જ જય છે."

સૌપ્રથમ વ્યાસજી અને ત્યારબાદ સંજય દ્વારા કહેવાયેલું આ વાક્ય અવારનવાર મહાભારત યુદ્ધના વર્ણન દરમિયાન બોલાય છે.

અઢાર દિવસ ચાલેલા આ યુદ્ધનું વર્ણન 'મહાભારત'કારે કુલ ૪૨૦ અધ્યાયમાં ૨૨,૯૭૭ શ્લોકમાં કર્યું છે. એ ઉપરાંત અશ્વત્થામાની વેરવૃત્તિએ આચરેલું ઘોર કર્મ 'સૌપ્તિકપર્વ'માં ૮૭૦ શ્લોકમાં વર્ણવ્યું છે. આ વર્ણન જ ખુદ એક મહાભારત કાર્ય બની રહે છે.

યોજનોમાં પથરાયેલી એ રણભૂમિમાં ઠેરઠેર પોતાની સેનાઓને જમાવીને, સમોવડિયા શોધીશોધીને યુદ્ધ કરતા લાખો યોદ્ધાઓ અને હજારો રાજાઓએ જે અગણિત દ્વંદ્વયુદ્ધો ખેલ્યાં અને વિજય મેળવવા જે મરણિયા પ્રયાસો કર્યા તેનું વિગતવાર વર્ણન કરવું કેટલું મુશ્કેલ છે !

પણ હા, વ્યાસજીએ તે અત્યંત રસાળ અને ભાવવાહી શૈલીમાં આપણી સમક્ષ મૂક્યું છે. આપણે તે માટે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી જ પડે.

વ્યાસજી સૂચવે છે કે યુદ્ધ, પછી તે માનસિક હોય કે શારીરિક, આંતરિક હોય કે બાહ્ય, પણ તે વાસ્તવિક જીવનનો જ એક ભાગ છે. આપણને તે વાત કઠોર ભલે લાગે, પણ વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. અખિલાઈને ઓળખવાની દૃષ્ટિ ધરાવતા આ કવિશિરોમણિ સમગ્ર જીવનને આલેખવા બેઠા હોય ત્યારે સામે આવી પડેલા યુદ્ધથી નજરને કેમ કરીને અળગી કરી શકે ?

મહાકવિએ યુદ્ધનું વર્ણન પણ ખૂબ રસથી કર્યું છે, ચિત્રાત્મક શૈલી દ્વારા યુદ્ધની ભયંકરતાને પણ તાદશ કરી છે. યુદ્ધની ભયંકરતાના વર્ણનથી, માનવતાની વિસ્મૃતિથી, પશુત્વની સ્વીકૃતિથી, ભીષણ કોલાહલથી ઊપજતાં બીભત્સ દશ્યોના આલેખનથી, રખે ને આપણને યુદ્ધો સામે સૂગ ઊપજે અને ભવિષ્યમાં મનુષ્યજાતિ હિંસાના માર્ગથી દૂર ફંટાય તેવી વ્યાસજીને કદાચ આશા હશે. અપેક્ષા તો છે જ. આર્ષદ્રષ્ટા વ્યાસજીને આવતી કાલનાં હ્રાસ પામતાં મૂલ્યો અને માનવીની ક્ષુદ્રતા સુધ્ધાં ડોકિયાં કરતાં દેખાય છે.

યુદ્ધવર્ણન કરવામાં આ કવિ ખરા ખીલે છે. હિંસક, કરપીણ, ક્રૂર અને નિષ્ઠુર યુદ્ધ હોય કે પછી રણસંગ્રામમાં આપત્તિઓ વચ્ચે પણ સ્થિરતા અને વિવેકબુદ્ધિ

રાખવાની યોદ્ધાઓની વીરતા અને ધીરતા હોય, મૃત માનવીઓ અને મૃત પશુઓના ઢગલા હોય કે કપાયેલાં અંગો વેરણછેરણ પડ્યાં હોય કે રુધિરની નદીઓ વહેતી હોય, વ્યક્તિગત યોદ્ધાઓનું યુદ્ધ હોય કે દ્વંદ્વયુદ્ધ હોય, સામસામી બંને સેનાનું, રણભૂમિનું, રાત્રિયુદ્ધનું વર્ણન હોય, રથ, અશ્વો, હાથીઓની ભાગદોડ હોય કે અસ્ત્રશસ્ત્રની તડામારી ચાલતી હોય, પ્રસંગ-સ્થળ કે પાત્ર ગમે તે હોય, વ્યાસજીની કલાત્મક કાવ્યધારા અસ્ખલિત વહેતી રહે છે. અનેક પ્રકારના અલંકારો વડે તાદૃશ ચિત્ર રજૂ કરવાની તેમની ક્ષમતા અને કલાત્મક દૃષ્ટિ ગજબની છે. ઉપમા, રૂપક આદિ અલંકારો પણ કેવા ? આપણે કલ્પી પણ ન શકીએ તેવા સચોટ, વેધક અને અદકેરી છટાવાળા.

મહાભારત યુદ્ધ શરૂ થવાની તૈયારી છે ત્યારે પાંડવોની પાછળ મંગળકારી અનુકૂળ પવન વાતો હતો, જ્યારે કૌરવોની પાછળ શ્વાન ભસતા હતા. અને પેલા રણમેદાનની ચોપાસ વાતાવરણ કેવું હતું ? વ્યાસજી વર્ણવે છે :

"યુદ્ધક્ષેત્રની બહાર સમગ્ર ભૂમંડળ ઉપર માત્ર બાળકો અને વૃદ્ધો જ રહ્યાં હતાં. હા, એ સમય જ એવો હતો કે પ્રત્યેક યુવાન યોદ્ધો જ હતો. શૌર્ય અને પરાક્રમ એ તત્કાલીન યૌવનધન હતું. પૃથ્વીના વિશાળ ફલક પરથી અશ્વો, હાથીઓ સાથે વીરપુરુષો રથ ધણધણાવતા રણમેદાને પહોંચી ગયા હતા, તેથી બાકીની બધી ધરા જાણે શૂન્ય બની ગઈ હતી. પૃથ્વી ઉજ્જડ ભાસવા લાગી અને જંબુદ્વીપમાં જેટલા વિસ્તારમાં સૂર્ય પ્રકાશતો હતો ત્યાં સુધી સેનાઓ પડાવ નાખીને પડી હતી.

યુદ્ધની શરૂઆતની એંધાણી સમા શંખ અને દુંદુભિઓ વાગવા લાગ્યાં. સિંહનાદથી ગગન ભેદાઈ રહ્યું. અશ્વોના હણહણાટ અને હાથીઓની ચિંઘાડથી દિશાઓ ગાજી ઊઠી. રથનાં પૈડાંઓના ગડગડાટથી ભયાનકતામાં વધારો થતો હતો. જગત જાણે નાદબ્રહ્મે ગાજતું હતું.

વીજળીથી ઝળહળતા મેઘની જેમ સોનેમઢેલા રથો શોભતા હતા. રથ ઉપર ગૂંથેલી મણિમાલાઓ અગ્નિની જેમ ઝગતી હતી. હજારો સોનેરી ધજાઓ ઇન્દ્રભવનમાં ફરકતી ધજાઓની જેમ પ્રકાશથી ચમકતી હતી.

ઊંચે ઉઠાવેલાં હથિયારો વડે શોભતા, પીઠ પર કસીને બાંધેલા ભાથાઓને કારણે, કલગી ધારણ કરી હોય તેવા દેખાતા, રીંછના જેવી આંખોવાળા, સોનાની આગલી હરોળમાં ઊભેલા રાજાઓ વીરત્વ અને બાહુબળના સૌષ્ઠવથી શોભતા હતા. અનેક પ્રકારનાં હથિયારોથી બંને પક્ષના યોદ્ધાઓ સજ્જ બની ઊભા હતા.

આમ, "ઉન્મત્ત મગરોથી ઊભરાતા અને મોટામોટા મગરમચ્છોથી છલકાતા બે મહાસાગરો પ્રલયકાળે એકબીજામાં ભળી જાય, તેમ આ બંને સેનાઓ જાણે ઊછળતી હતી."

"સોનાનાં બાજુબંધ અને કેયૂરો પહેરેલા અને ધનુષ્યોને લીધે મહારથીઓ હાલતાચાલતા પર્વતની જેમ અથવા તો ઝળહળતા અગ્નિની જેમ શોભતા હતા."

"ઝળહળતી સૂર્ય જેવી કાન્તિવાળા, સોનાનાં કવચોથી સજ્જ થયેલા શૂરવીરો પ્રકાશમાન ગ્રહો જેવા શોભતા હતા."

"સોનાની ઝૂલોથી શોભાયમાન, કમલના જેવી સુગંધવાળા મદઝરતા હાથીઓ જળ વરસાવતાં વાદળો જેવા યુધિષ્ઠિરની પાછળ ગતિમાન પર્વતોની જેમ ચાલતા હતા."

"પર્વની તિથિએ સમુદ્ર વિશાળ બને એ રીતે મોટામોટા રથોનો વિપુલ મહાસાગર ઊભરાતો હતો."

कुरुपाण्डवसेने ते हस्त्यश्वरथसंकुले
शुशुभाते रणेऽतीव पटे चित्रगते इव ।।

"હાથીઓ, અશ્વો અને રથોનાં દળોથી ઊભરાતી કૌરવો-પાંડવોની સેનાઓ ચિત્રપટમાં ચીતરી હોય તેમ રણમેદાનમાં શોભતી હતી."

સરસ્વતીનો અર્થ જ છે વહેતું પાણી, સરકતું પાણી. વાગ્દેવીપુત્ર વ્યાસજીની વાણી પણ સહજભાવે સરતી વહે છે. ભાષા તો આત્મીયતા ઉત્પન્ન કરનારું મહામૂલું સાધન છે. રણમેદાનની તાદશતા ઊભી કરવી એ જ કવિત્વકલા છે ને ! બંને સેના સજ્જ છે ત્યારે દુર્યોધન ભીષ્મપિતામહને, દ્રોણાચાર્યને, કર્ણને, કૃપાચાર્યને અને અશ્વત્થામાને પૂછે છે :

"તમે કેટલા સમયમાં પાંડવોની સેનાનો નાશ કરી શકો ? ભીષ્મ અને દ્રોણ એક મહિનો કહે છે, કૃપાચાર્ય બે મહિનાની મુદત જણાવે છે, અશ્વત્થામા દસ રાતમાં સિદ્ધિ પ્રાપ્ત કરવાનો મનસૂબો દર્શાવે છે. કર્ણ કહે છે હું એ પાંચ જ રાતમાં પૂર્ણ કરી શકું તેમ છું."

આ જ પ્રશ્ન યુધિષ્ઠિર અર્જુનને પૂછે છે. અર્જુનનો પ્રત્યુત્તર જુઓ. તે કહે છે : "કૃષ્ણની સહાયતા છે તો નિમેષમાત્રમાં હું કૌરવસેનાને સંહારી શકું તેમ છું."

હરીન્દ્રભાઈએ આ ઘટનાને ખૂબ સરસ વણી લીધી છે : "જે નિમિત્તમાત્ર બની શકે તે જ નિમેષમાત્રમાં દુર્યોધનની સેનાના સંહારની વાત કરી શકે. દુર્યોધન પાસે વીરત્વની કમી નથી, પણ કૃષ્ણ ક્યાંય નથી. યુધિષ્ઠિરની સેનામાં પણ વીરત્વની કમી નથી, પણ કૃષ્ણની ઉપસ્થિતિ આ વીરત્વથી વધારે મહત્ત્વની છે."

વ્યાસજીએ આ આખી ઘટનાને કેટલી યથાર્થ જવાબથી મઢી છે ! જેની જેટલી પીઢતા અને સમજણ છે. તે પ્રમાણે બધા યુદ્ધ જીતવાની મુદત જણાવે છે. અશ્વત્થામાનું જાણે આંતરમન બોલે છે, એટલે જ એને 'દસ રાતની' મુદત સાંભરે છે. જે રાત્રિ દરમિયાન જ ઘાતક ઘટના પ્રયોજવાનો છે તેની આ એંધાણી તો નહીં હોય ? કર્ણ ભલે વીરત્વમાં સૌથી ચડિયાતો હશે, પરંતુ તે અહંકેન્દ્રી છે. બડાઈખોર સ્વભાવના કારણે તે સૌથી ટૂંકી મુદત બતાવે છે; જ્યારે અર્જુનનું અહં ઓગળેલું છે, એટલે તો 'સોઽહમ્' પ્રગટે છે ! શ્રદ્ધાનું પ્રવાસભાતું ભરીને જ તે રણમેદાને પહોંચ્યો છે. આ છે વ્યાસજીની આંતરશક્તિનું પ્રતિબિંબ !

અર્જુને સંપૂર્ણ શરણાગતિ સાથે કૃષ્ણની સહાયતા લીધી છે; પરંતુ યાદ રહે, કૃષ્ણ નથી યુદ્ધવાદી, નથી વિજયવાદી કે નથી સત્તાવાદી; પરંતુ સાથે કૃષ્ણ પરાજયવાદી પણ નથી. જ્યારે દુર્યોધન વિજયવાદી હોય કે ન હોય, પણ યુદ્ધવાતી તો જરૂર છે. પોતાની હાર થવાની તેને ખાતરી હોવા છતાં પણ યુદ્ધ માટે તે થનગને છે. 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' આને જ કહેતા હશે ને !

દુર્યોધન કર્ણાશ્રય છે અને અર્જુન કૃષ્ણાશ્રય છે. ભીષ્મ જબરદસ્ત યુદ્ધ ખેલશે, અજેય દ્રોણ પણ અતુલ પરાક્રમ દાખવશે એવું દુર્યોધન માને છે અને તે ખોટું પણ નથી, પરંતુ અર્જુન શ્રીકૃષ્ણ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત છે અને જ્યાં ધર્મ છે ત્યાં કૃષ્ણ છે ને જ્યાં કૃષ્ણ છે ત્યાં વિજય છે.

ગુણવંત શાહ સરસ કહે છે : "વિશ્વાસ અને શ્રદ્ધામાં સૂક્ષ્મ ભેદ છે. શ્રદ્ધા માન્યતાનો વિષય છે. વિશ્વાસ હકીકતનું પ્રતિબિંબ છે. વિશ્વાસ ચકાસેલી શ્રદ્ધા છે. અર્જુન માટે પ્રભુ વિશ્વાસનો વિષય છે."

પ્રસંગ પૂરો થયા પછી ઘટના વર્ણવવાની વ્યાસજીની આગવી રીતને કારણે પ્રસંગનો જાણે નાટ્યાત્મક ઉઘાડ થાય છે. યુદ્ધના દસ દિવસ પૂરા થયા ત્યારે સંજયમુખે યુદ્ધવર્ણન શરૂ થાય છે. 'ફ્લૅશબૅક'થી આખી વાત કહેવાઈ છે.

દસ દિવસમાં ભીષ્મે દસ અર્બુદ સેનાનો નાશ કર્યો અને આખરે આજે

દસમા દિવસે શાંતનુનંદન હણાયા. શિખંડીના હાથે તેમનું પતન થયું છે અને બાણશય્યા પર આ પરમ વીર સૂતા છે.

ઉદય પામતાં સૂર્યકિરણોની જેમ બંને શિબિરોમાંથી યોદ્ધાઓ પોતાના રથ, હાથી, અશ્વો સાથે નીકળ્યા છે. પદાતિઓ પણ શસ્ત્ર ધારણ કરી આગળ ધપે છે. ત્યારે પાંડવસેના પૂર્વાભિમુખ હતી અને કૌરવસેના પૂર્વમાંથી પશ્ચિમ તરફ આવી રહી હતી.

સામસામા શંખ, ભેરી ને ઢોલ ધડકાવતા, રણશિંગાં ફૂંકીફૂંકીને પડકારો ફેંકતાં સૈન્યનો પ્રચંડ ઘોષ ઊઠ્યો. ક્ષત્રિયો જાણે પાગલપણાની મદિરા પીને યુદ્ધ કરવા તત્પર હતા.

બંને પક્ષ ઉન્મત્ત તાંડવ ખેલવા કટિબદ્ધ થયા હતા. વાતાવરણમાં શંખધ્વનિ એટલો છવાઈ ગયો કે જાણે હવામાં શંખધ્વનિની લડાઈ જામી હોય.

હજુ યુદ્ધ તો શરૂ પણ નથી થયું, પણ સેનાના અગ્રભાગમાં ઊભેલા મદોન્મત્ત ગજરાજ સમા વૃકોદર ભીમને નિહાળીને જ કૌરવસેના ભયથી ઉદ્વિગ્ન અને સત્ત્વહીન બની ગઈ. "કાદવમાં ખૂંપી ગયેલા ઊંટની જેમ તે દુઃખી થઈ ગઈ." જાણે નેત્રયુદ્ધમાં જ કૌરવસેના પરાસ્ત થતી લાગી !

ભાગ્યરૂપી મેઘમાં ઘડીક વીજળી ડોકાય, તેમ વ્યાસજીની શબ્દચમત્કૃતિ ડોકાતી રહે છે. તેઓ બંને સેનાના મનોભાવો વ્યક્ત કરી આપણી ઉત્કંઠા સંતોષે છે અને વધારે પણ છે.

દુર્યોધન ભીષ્મપિતામહની પરાક્રમશીલતાને બરાબર જાણતો હતો. પિતામહ દિલથી લડે તો વિજય હાથવેંતમાં હતો. અજેય પિતામહ માટે દુર્યોધન અન્ય યોદ્ધાઓને એકત્રિત કરીને કહે છે : "મહાબળવાન પણ અરક્ષિત સિંહને વરુ પણ મારી નાખે છે, માટે સિંહ સમાન પિતામહનો વધ શિયાળ જેવો શિખંડી ન કરી નાખે તેનું આપણે ધ્યાન રાખવાનું છે."

કેટલું સચોટ દૃષ્ટાંત !

ભીષ્મે ગોઠવેલી સેનાને જોઈને યુધિષ્ઠિરને નિરાશા જન્મે છે. ભીષ્મ અને દ્રોણ જેવા મહાયોદ્ધાઓની પ્રચંડ સેના સામે નાની એવી પાંડવસેનાનું શું ગજું ? પણ ત્યારે અર્જુન યુધિષ્ઠિરને હિંમત આપે છે :

न तथा बलवीर्याभ्यां विजयन्ते जिगीषवः ।
यथा सत्यानुशंसाभ्यां धर्मेणैवोद्यमेन च ।।

"વિજયની ઇચ્છા ધરાવતી વ્યક્તિએ સમજી લેવું જોઈએ કે વિજય ફક્ત બળ અને વીર્ય, લશ્કર અને પરાક્રમ ઉપર જ નથી અવલંબતો, પરંતુ સત્ય, સૌજન્ય, ધર્મ, ઉત્સાહ અને ઉદ્યમ વધુ નિર્ણયાત્મક તત્ત્વો છે."

त्यक्त्वा धर्मं च लोभं च मोहं चोद्यमास्थिता: ।
युद्धस्व मनहंकारा यतो धर्मस्ततो विजय ।।

"માટે અધર્મ, લોભ અને મોહને ત્યજીને તથા અહંકાર છોડીને, ઉદ્યમનો આશરો લઈ આપ યુદ્ધ કરો. જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે."

'મહાભારત' ધર્મખોજનો ગ્રંથ છે. આ બે ચિરસ્મરણીય શ્લોકોમાં સત્ય અને ધર્મ પ્રત્યેની સચ્ચાઈભરી નિષ્ઠાથી કવિનો નકોર શબ્દરણકાર સંભળાય છે. વ્યાસજી પરિસ્થિતિઓનો, યુદ્ધનો આરંભ પણ નાટ્યપ્રવેશની જેમ રણપ્રવેશથી કરાવે છે.

વળી પાછી ઘડીકમાં સ્થિતિ પલટો મારે છે. ઘડીક પહેલાં યુધિષ્ઠિરને સાંત્વન-હિંમત આપતો અર્જુન સામે ઊભેલા પિતામહ, આચાર્ય, અન્ય આદરણીય અને પ્રિય સ્વજનોને જોતાં જ મોહગ્રસ્ત બની ગયો. કુળસંહાર કરવા આ ઋજુહૃદયી અર્જુનનું મન માનતું નથી. પોતાનું ગાંડીવ ઉઠાવવા જાણે તેના હાથ દુર્બળ બનીને કંપવા લાગ્યા.

ત્યારે સમય સાચવી લેવામાં કુશળ શ્રીકૃષ્ણે પોતાનામાં શ્રદ્ધા રાખનાર અર્જુનને ગુહ્ય સંવાદ સંભળાવ્યો. એ દૈવી સંવાદ એવો તો અદ્ભુત અને અવિનાશી હતો કે આજે પાંચ હજાર વર્ષોનાં વહાણાં વાયા હોવા છતાં જરા પણ કાલગ્રસ્ત થયો નથી.

આ જ્ઞાનબોધ, 'ગીતા'દોહન વિશે યોગેશ્વરના શબ્દો યાદ આવે છે : "'ભગવદ્‌ગીતા'ને લીધે 'મહાભારત'નો મહિમા વધ્યો છે એવું કહીએ તો ચાલે. પ્રાચીન ગ્રંથમાં શિરમોર સમી 'ગીતા'ની તોલે આવે તેવો બીજો કોઈ ગ્રંથ વિશ્વભરમાં નથી. તેમાં જીવન જીવવાના સિદ્ધાંતો, કર્મફળ તથા સર્વ પ્રકારના જ્ઞાનની લહાણી એવી છે કે તેની સામે જગતનું બધું જ તુચ્છ લાગે. 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' એ પ્રાચીન ભારતનો ગ્રંથશિરોમણિ છે."

અર્જુનને ભલે વિષાદ વ્યાપ્યો. એ કારણે આપણને તો પ્રેરણાસ્રોત મળ્યો છે, શ્રેયકર, પથદર્શક ને ઉત્તમ ગ્રંથ સાંપડ્યો છે એ આપણું સૌભાગ્ય છે.

'મહાભારત'કાર મન, વચન અને કર્મથી સત્યના આગ્રહી અને

પક્ષપાતી હતા. 'ગીતા'માં નિર્દેશાયેલો ઉપદેશ વ્યાસજીના આંતરિક વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે.

મહાભારત યુદ્ધનો જે પ્રથમ દિવસ છે તે જ દિવસ 'ભગવદ્દગીતા'ના ઉચ્ચારણનો પણ દિવસ છે, જેમાં ભારતીય તત્ત્વજ્ઞાનનો અર્ક રજૂ થયો છે.

ગુણવંત શાહ કહે છે : "ભારતીય જીવનશૈલીનું આંગણું રામતુલસી અને કૃષ્ણતુલસીનાં પાંદડાંથી શોભે છે. મહાભારતના તુલસીક્યારે જે જ્ઞાનદીપ પ્રગટ્યો તે 'ગીતા'."

જે ધર્મગાનથી મહાસંહારક યુદ્ધનો આરંભ થયો એ જ ધર્મગાનના પુણ્યશાળી શબ્દોને યાદ કરી સમસ્ત જગત ધન્યતા અનુભવે છે. યુદ્ધ અને 'ગીતા'ગાનને અડોઅડ ગોઠવી વ્યાસજીએ તો પોતાનું કાવ્યકૌશલ દર્શાવી દીધું. હવે આપણે નક્કી કરવાનું કે યુદ્ધ કરવું તો કેવું કરવું અને જીવનદર્શન કરવું હોય તો કેવું દર્શન કરવું. વ્યાસજીએ શબ્દો રમતા મૂકી દીધા અને નિર્ણય આપણા પર છોડી દીધો.

ભારતીય સંસ્કૃતિના ઘડવૈયા મહાકવિઓ - વાલ્મીકિ, વ્યાસ અને કાલિદાસ. શબ્દની રમણીયતાના સ્વામી વાલ્મીકિ, અર્થની ઉદાત્તતા વ્યાસજીની અને શબ્દાર્થની સંયુક્તિના મહાકવિ કાલિદાસ.

વાગ્દેવીએ જ્યારે વ્યાસજીની રચનામાં પ્રવેશ કર્યો ત્યારે તેને અર્થના ગુણ મળ્યા. શબ્દના સર્વ ગુણોનો ઉપભોગ શક્ય બન્યો, કારણ, શબ્દની સર્વતોમુખી સુરમ્યતા ભળી.

શબ્દસંજીવનીનો અમૃતકુંભ છલકાવી દેનાર વ્યાસજીનું સાહિત્ય અમરપટ્ટો પામ્યું છે, કારણ, તેમાં પારદર્શકતા અને સંવેદનશીલતા ભરીભરી છે. અલંકારયુક્ત શબ્દપ્રયોગ આપણા માનસપટ પર કાયમી છપાઈ જતા લાગે છે. તેમણે પ્રયોજેલા શબ્દો કે અર્થોને જરા પણ આડાઅવળા કરી શકાય તેમ નથી.

'ગીતાજી'માં સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવો શબ્દ છે 'સ્થિતપ્રજ્ઞ'. જગતમાં વપરાતા મહાન શબ્દોમાં 'સ્થિતપ્રજ્ઞ' શબ્દનું સ્થાન અદકેરું બની રહે તેમ છે. ફક્ત આ એક શબ્દ માટે તો આપણે વ્યાસજીના આભારી છીએ, જે શબ્દ શ્રીકૃષ્ણના મુખમાં જ શોભી શકે તેમ છે અને અર્જુન એ શબ્દયોજના માટે નિમિત્ત બન્યો છે. કદાચ તેથી જ વ્યાસજી, શ્રીકૃષ્ણ અને અર્જુન ત્રણેયને 'કૃષ્ણ' સંજ્ઞા મળી છે. 'ગીતાજી'નો બીજો અધ્યાય એટલે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવતો અધ્યાય.

બીજો એવો શબ્દપ્રયોગ છે 'વ્યવસાયાત્મિકા બુદ્ધિ', સ્થિર અને નિશ્ચયાત્મક બુદ્ધિ. ત્રીજો શબ્દ છે : 'અનાસક્તિ' - અસંગ. અનાસક્તિ તો અખૂટ શ્રદ્ધાની પરીક્ષા છે, જે જીવનને પાર ઉતારવામાં સતત મદદ કરે છે.

સોનાનાં આભૂષણોની કારીગરી કોઈ કુશળ કારીગર જ સમજી શકે, તેમ કવિના કલાત્મક શબ્દોને સમજવા આપણે શબ્દજ્ઞાતા બનવું પડે.

અભિમન્યુનો અધર્મપૂર્વક કહી શકાય એ રીતે અંત આવ્યો. અર્જુનના દિલમાં શોકનો દાવાનળ પ્રકટ્યો. અર્જુન આક્રંદ કરી ઊઠ્યો. આ હૃદયદ્રાવક કલ્પાંતને વ્યાસજી 'ભિન્નપોતો વણિક', એટલે કે જેનાં બધાંય વહાણો ભરદરિયે ડૂબી ગયાં છે એવો વણિક કહીને અર્જુનની મનઃસ્થિતિ બે જ શબ્દોમાં વર્ણવે છે.

વ્યાસજીએ દુર્યોધનને પણ અનેક વિશેષણોથી સંબોધ્યો છે. તેમાં એક સંબોધન કેટલું સચોટ છે - 'અત્યંત સુખસંવૃદ્ધ' ! અત્યંત સુખમાં ઊછરવું એ ક્યારેક અભિશાપ બની જાય છે એ સત્ય વ્યાસજીથી અજાણ્યું ક્યાંથી હોય ?

દુર્યોધનનો સંદેશો લઈ સંજય પાંડવો પાસે જાય છે ત્યારે શ્રીકૃષ્ણ અને અર્જુન એક આસન ઉપર બેઠા છે. નર-નારાયણની એકાત્મતા દર્શાવવા કવિ શબ્દો પ્રયોજે છે : 'એકાસનગતૌ કૃષ્ણૌ.'

વિષ્ટિ માટે ગયેલા શ્રીકૃષ્ણ પાછા વળતાં કર્ણને મળે છે, સત્ય વાત જણાવે છે. કર્ણને સમજાવવામાં શ્રીકૃષ્ણ નિષ્ફળ જાય છે. તેમને માટે શબ્દ વાપર્યો 'દીનમાનસ'.

આ શબ્દના સ્થાને અન્ય કોઈ શબ્દ શોભે ખરો ? બસ, આ જ છે 'મહાભારત'કાર વ્યાસજીનું શબ્દપ્રભુત્વ.

કેટલી બધી છે શબ્દાર્થની ગહનતા ! વિરાટરાજાના દરબારમાં યુધિષ્ઠિર 'કંક' તરીકે ઓળખાયા છે. 'કંક'નો અર્થ કેટલો ગહન છે ! 'કઃ' એટલે 'કોણ' અને 'કમ્' એટલે 'કોને'. 'વિરાટ'ના જગતમાં કોણ કોને ઓળખે છે ? અત્યંત ગહન ફિલસૂફી ફક્ત બે જ અક્ષરમાં આલેખનારે 'કંક' એવું શાણું નામ રાખ્યું ને !

કર્ણ અને પાંડવો વચ્ચેના ભીષણ યુદ્ધને 'યમરાષ્ટ્રવિવર્ધન' તરીકે વર્ણવ્યું છે. યુદ્ધમાં એક પક્ષ હારે અને એક પક્ષ જીતે, પરંતુ યમરાજ તો હંમેશાં જીતે જ છે અને યમસામ્રાજ્ય વિસ્તરતું જ રહે છે. યુદ્ધની નિષ્ઠુરતાને આથી વધુ સ્પષ્ટ રીતે કોણ વર્ણવી શકે ?

વળી પાંડવોની બુદ્ધિ 'ધર્માશ્રિત' છે અને કૌરવોની બુદ્ધિ 'વૈરાશ્રિત' છે એમ જણાવી વ્યાસજીએ બંને પક્ષોની કરેલી તુલનાનું લાઘવ, સાંકેતિક શૈલી અને માર્મિક વચનોમાં વ્યાસજીની કુનેહયુક્ત દૃષ્ટિ પણ પ્રકટતી રહી છે.

જેવા વ્યાસજી સત્યના આગ્રહી છે તેવા જ ધર્મપુત્ર વિદુરજી પણ સત્યના આગ્રહી છે. મિથ્યા દંભ આચરવો તેમને માટે શક્ય જ નથી. આથી તો શોકગ્રસ્ત ધૃતરાષ્ટ્રને સાંત્વન આપતાં-આપતાં પણ સત્યવચન કહીને ટોણો મારવાનું તેઓ ચૂકતા નથી.

વિદુરજી કહે છે : "પાંચ ઇન્દ્રિયવાળા મનુષ્યની એકાદ ઇન્દ્રિય પણ છિદ્રવાળી હોય (વિષયપરાયણ હોય) તો કાણી પખાલમાંથી ટપકી જતા પાણીની જેમ તેની બુદ્ધિ પણ એ છિદ્ર વાટે બહાર ટપકી જાય છે." દૃષ્ટાંત અલંકારનો ઉત્તમ નમૂનો !

વિષ્ટિકાર શ્રીકૃષ્ણને દુર્યોધન ભોજનાર્થે નિમંત્રણ આપે છે, સત્કારગૃહમાં આરામ કરવા આગ્રહ કરે છે, પરંતુ શ્રીકૃષ્ણ વિદુરજીને ત્યાં જ ભોજન અને વિશ્રામ કરે છે. આ ભોજન કેવું છે ? 'શુચિ' અને 'ગુણવત્'. કેટલું સરસ લાગે છે ! વિદુર પોતે શુચિ, તેમનો આવાસ શુચિ, ભોજન પણ શુચિ એ બધું તો આપણે સમજી લેવાનું છે.

કહે છે ને કે વાણી એ વિચારની ભાષા, કલા એ હૃદયની ભાષા, આચાર એ જીવનની ભાષા અને જીવન એ ધાર્મિકતાની ભાષા. વ્યાસજીની વાણી આ ચારેય વાતને આંબી ગયેલા સમર્થ કલાકારની વાણી છે.

કવિતા એટલે જ વાણીમાં પ્રગટતી માણસાઈનો આનંદ. ભીષ્મ સ્પષ્ટવક્તા છે. તેઓ કર્ણ માટે અંદરખાને સ્નેહ અને વ્યવહારમાં કટુતા દર્શાવે છે, પરંતુ બાણશય્યા પર સૂતેલા ભીષ્મ ઇચ્છામૃત્યુ પહેલાં કર્ણ પ્રત્યે વાત્સલ્ય દર્શાવે છે, છતાં સત્યમાર્ગને - સત્યવચનને ટાળતા નથી. તેઓ કર્ણને કહે છે : "વિજય તો તને મળવાનો જ નથી, પણ સ્વર્ગ જરૂર મળશે - જો તું 'નિર્મન્યુ' - અક્રોધ બનીને સૌજન્યની મર્યાદા જાળવીને લડીશ તો."

કર્ણના ગુણદોષ બંને દર્શાવી વ્યક્તિનું વ્યક્તિત્વ વ્યક્ત કરવામાં વ્યાસજીની કાબેલિયત દાદ માગી લે તેવી છે.

કૌરવપક્ષી એવા ત્રિગર્તરાજ સુશર્મા વિરાટને પકડીને લઈ આવે છે ત્યારે મહાકવિની ઉપમા શૃંગારિકભાવભરી બની જાય છે. તો કહે છે : "કોઈક કામુક કોઈ યુવતીને બલાત્કારે ઉપાડી જાય" - 'યુવતીમીવ કામુકઃ', તેવી રીતે ઊંચકીને સુશર્માના રથમાં ધકેલીને લઈ જાય છે.

કવિને હર્ષ-શોક કે સંયોગ-વિયોગ જેવાં દ્વંદ્વો સમાન છે, પરંતુ ભાષા સૌંદર્યભર્યા અલંકૃત વાણીવૈભવમાં જ તેમને રસ છે. અપહરણ કરીને કન્યા લઈ જવાની બહાદુરી દર્શાવતા તે જમાનામાં કવિને આ ઉપમા સૂઝે તે સ્વાભાવિક છે.

વ્યાસજીની યોગ્ય શબ્દયોજનાને કેટલી વખાણવી ! કર્ણનું મૂળ નામ 'વસુષેણ' છે. કુંતીએ તાજા જન્મેલા બાળકને પેટીમાં તરતો મૂક્યો ત્યારે પેટીમાં બહુમૂલ્ય રત્નો વગેરે પણ મૂકેલાં, જેથી તેને ઉછેરનારને મુશ્કેલી ન પડે. વસુ સાથે મળેલો તેથી તે 'વસુષેણ'. 'કર્ણ' એટલે ઊતરડી આપનાર. ઇન્દ્રને કવચ-કુંડળ ઊતરડીને આપ્યાં એટલે પછી તે 'કર્ણ' કહેવાયો.

વૃષ્ણિવીરો માટે કેટલું યથાર્થ વિશેષણ વાપર્યું છે ! 'મદસંરક્તલોચનાઃ', અર્થાત્ દારૂ પીવાના કારણે જેમનાં લોચનના ખૂણા લાલઘૂમ થઈ ગયા છે તેવા.

વૃષ્ણિવીરો પહેલેથી મદિરાપાન કરતા અને આખરે એ મદિરાસેવનના કારણે જ યાદવાસ્થળી સર્જાઈ. વ્યાસજીએ શું આગોતરો અણસાર પણ આપી દીધો હશે ?

સત્યવતીના રાજમાતા થવાના કોડ અધૂરા રહ્યા ત્યારે વ્યાસજી તેને 'દીન' અને 'કૃપણ' - કૃપાપાત્ર તરીકે વર્ણવે છે.

'વનપર્વ'માં ગંધમાદન પર્વત ઉપર પાંડવોને વાવંટોળ અને પ્રલયવર્ષાનો સામનો કરવો પડ્યો. બહુ કઠિન પરિસ્થિતિમાં રહેવું પડ્યું. કુદરતના કોપને સહન કરતા રહી છ દિવસ ને રાત પસાર કરવાં પડ્યાં. એ સમય માટે 'કૃચ્છ્રેણ' શબ્દ પ્રયોજે છે. 'કૃચ્છ્રેણ' એટલે માંડમાંડ, અનેક આપત્તિઓ વચ્ચે, મહામુશ્કેલીથી.

'મહાભારત'કાર દ્રૌપદીના સૌંદર્યનું વર્ણન કરે છે ત્યારે એમનું શબ્દલાલિત્ય, જેમની અર્થગંભીર અભિવ્યક્તિ પૂર બહારમાં ખીલે છે અને યુદ્ધ પછી રણભૂમિ ઉપર ગાંધારી તથા અન્ય કુરુ સ્ત્રીઓનો વિલાપ વર્ણવાય છે ત્યારે પણ શૃંગારિક કલ્પનાઓથી કવિપ્રતિભા ઊભરાય છે, કારણ, પતિવિરહની વ્યથા ઠલવાય છે, પરંતુ તેથી ભાષાવિવેકમાં કોઈ ઓછપ વર્તાતી નથી.

મા વાગ્દેવીનું વરદાન લઈ અવતરેલો આ કવિજીવડો છે. સંસ્કારિતા અને સજ્જતા તો વ્યાસજીની રગેરગમાં વહેતી રહી છે.

પ્રસંગોનો ઉઘાડ નાટકીય સ્પર્શ પામેલો છે. યુધિષ્ઠિરને ચિંતા છે કે કેમ કરીને જીત મેળવાશે ! ત્યાં તો અર્જુનને વિષાદ ઘેરી વળે છે. યુધિષ્ઠિર પોતાનાં શસ્ત્રો હેઠાં મૂકી કૌરવસૈન્ય પ્રતિ પ્રયાણ કરે છે. ભીષ્મપિતામહને પ્રણામ કરી

યુદ્ધમાં વિજય માટે આશિષ માગે છે. ભીષ્મ પણ વીર, ધીર અને ખેલદિલ છે. વિજયના આશીર્વાદ આપે છે, પરંતુ સાથે પોતાની મજબૂરી પણ વર્ણવે છે :

अर्थस्य पुरुषो दासो दासस्त्वर्थो न कस्यचित् ।
इति सत्यं महाराज बद्धो स्मर्थेन कौरव ।।

"અર્થનો પુરુષ દાસ છે, અર્થ કોઈનો દાસ નથી. હે મહારાજ ! આ સત્ય છે અને હું કૌરવો દ્વારા અર્થથી બંધાયેલો છું."

હરીન્દ્ર દવે 'અર્થ' શબ્દના અનેક અર્થ આપે છે, જેમાં કોઈક પ્રકારની 'અસહાયતા' એમ પણ ગણી શકાય.

આખરે મહાભારત યુદ્ધ શરૂ થયું. બરાબરનું જામ્યું. કેવું જામ્યું ? કવિ ન્હાનાલાલની આગવી શૈલીમાં વર્ણવેલા શબ્દો જ માણીએ :

"ધૂર્જટિએ જાણે જટા ખંખેરી અને કાળબાંધ્યાં જુલ્ફાંઓ જાણે પ્રલયનૃત્યે નાચવા લાગ્યાં. મેઘ ને મેઘ અથડાય, પર્વતમાળ ને પર્વતમાળ અથડાય, પાપ ને પુણ્ય અથડાય, અધર્મ ને ધર્મ અથડાય એમ કુરુસૈન્ય અને પાંડવસૈન્ય અથડાયાં."

ધૃતરાષ્ટ્ર આતુરતાથી સંજયને પૂછે છે : "હે સંજય ! યુદ્ધ શરૂ થઈ ગયું ? પહેલો પ્રહાર કોણે કર્યો ?"

થોડામાં ઘણું કહેવાની કુશળતાવાળો સંજય જવાબ આપે છે : "ઘણા દિવસનો ભૂખ્યો સિંહ મૃગલાં ઉપર તૂટી પડે તેમ વાયુપુત્ર ભીમસેન આંધી થઈને સંહાર કરવા મચી પડ્યો છે."

ભીમસેનના આક્રમણ સંદર્ભે 'મહાભારત'કારે બે યથાર્થ શબ્દ પ્રયોજ્યા છે : 'વાયુપુત્ર' અને 'આંધી'.

અને યુદ્ધ કેવું જામ્યું ? : "ઘાસના વનમાં અગ્નિ પડ્યો."

ભડભડ બળતો વૈરાગ્નિ નજર સામે તરવરી રહે છે ને ?

બંને પક્ષે ધનુષ્યની દોરીઓના શબ્દ નિરંતર થવા લાગ્યા. દીપ્ત બાણો નીકળવા લાગ્યાં. મુખ્યત્વે તુમુલ યુદ્ધ જામ્યું હતું ભીમ અને દુર્યોધન વચ્ચે.

કરસનદાસ માણેક દ્વંદ્વયુદ્ધનું વર્ણન અત્યંત દિલચસ્પ ભાષામાં વર્ણવે છે : "સમરાંગણમાં હજારો માણસો છે, પણ અત્યારે તો ભીમ અને દુર્યોધન જ લડે છે, જાણે બાકીના બધા 'પ્રેક્ષકા ઇવ' બનીને ભીમ અને દુર્યોધનનો 'દર્શનીય જ્ઞાતિસમાગમ' જોઈ રહે છે. 'ભીમ' એટલે ભીષણ, ભીતિ પમાડે તેવો

અને છતાં 'દર્શનીય' પણ ખરો. ભીષણ પણ જેને દર્શનીય લાગે તે જ ખરો ઋજુહૃદય કવિ."

અને 'જ્ઞાતિસમાગમ' શબ્દ વાપરી કેટલો મોટો કટાક્ષ કર્યો છે કુટુંબસંસ્થા ઉપર ! જ્ઞાતિસમાગમ આવો હોય ?

અન્ય યોદ્ધાઓનાં પણ દ્વંદ્વયુદ્ધ થવા લાગ્યાં. મહા ધનુર્ધારી સાત્યકિએ કૃતવર્મા ઉપર આક્રમણ કરી રૂંવાડાં ખડાં કરી દે એવું ભયંકર યુદ્ધ આદર્યું. ભયાનક બાણોથી એકબીજાને ઘાયલ કરતા બંને કેવા શોભતા હતા ?

"વસંતઋતુમાં ફૂલોથી ખીલી ઊઠેલાં રંગીન કેસૂડાનાં ઝાડ શોભે તેવા."

શૃંગારરસ હોય કે વીરરસ, સર્વ પ્રસંગે સિદ્ધ થઈ ચૂક્યા છે તેવા ઉત્તમ કૃતિ રચનારા વ્યાસજી અજરઅમર રહે તેમાં શું આશ્ચર્ય !

હવે પછીનાં દ્વંદ્વયુદ્ધ-વર્ણનોમાં વ્યાસજીનું ખગોળશાસ્ત્રજ્ઞાન આકાશી તારાઓની જેમ ચમકે છે.

"જેમ મંગળ અને બુધ ગ્રહો ભેગા થાય, તેમ અતિ ગુસ્સે થયેલા ચેદિરાજ અને બાહ્લિક એકબીજા પર સિંહનાદ કરતા પ્રહાર કરવા લાગ્યા."

"શુક્રગ્રહ અને મંગળગ્રહ જેવા એ બંને, એટલે કે જયદ્રથ અને દ્રુપદ વચ્ચે દારુણ અને ભીષણ યુદ્ધ જામ્યું, જે દર્શનીય અને રોમાંચકારી હતું."

વ્યાસજીને પૌરાણિક કથાનકો પણ સાંભરી આવે છે. ઘટોત્કચ અને અલંબુસ વચ્ચેના ખોફનાક યુદ્ધ વિશે તેઓ કહે છે : "જાણે પર્વત સામે પર્વત અફળાયો હોય તેવું." છેવટે ઘટોત્કચે ક્રૂર કર્મ કરનાર અલંબુસ રાક્ષસને હણી નાખ્યો; કેવી રીતે ? "પૂર્વે દેવાસુરસંગ્રામમાં ઇન્દ્રે બલ રાક્ષસને મારી નાખ્યો હતો તે રીતે."

યોગ્ય સ્થળે, યોગ્ય અલંકાર કે દૃષ્ટાંત આપનારા વ્યાસજીનો શ્રમ અદકેરો છે અને એની અભિવ્યક્તિ પણ એ શ્રમનું સુફળ છે. પુષ્પના રસને ભમરા સિવાય બીજું કોણ માણી શકે ? કાવ્યના ખરા તત્ત્વને જાણવામાં વ્યાસજીની તોલે કોણ આવી શકે ? વ્યાસજી ઘડીક અન્ય ઉપમાઓ આપે છે, પરંતુ પ્રકૃતિ તરફનું અદમ્ય ખેંચાણ તેમને પ્રકૃતિના જ અલંકારો પ્રતિ લઈ જાય છે.

સેનાસ્વામી વિરાટરાજા શૂરવીર ભગદત્ત પર ચડી આવ્યો. ખરાખરીનો ખેલ જામ્યો. ભગદત્તે વિરાટ પર બાણવર્ષાનો કેવો પ્રહાર કર્યો ?

"મેઘ પોતાની વૃષ્ટિથી પર્વત પર પ્રહાર કરે તેમ." અને પછી તો "ઉદય પામેલા સૂર્યને મેઘ ઢાંકી દે" તેમ ભગદત્તે વિરાટરાજાને બાણોથી ઢાંકી દીધા.

તો અભિમન્યુ વ્યાસજીનું લાડકડું પાત્ર છે. મોકો મળતાં જ વ્યાસજી તેનાં ભરપેટ વખાણ કરવા લાગે છે. અને કેમ ન કરે ? અઢાર વર્ષનો નવલોહિયો, અન્ય મહારથીઓ પાસે તો બાળક કહેવાય તેવો અભિમન્યુ "સિંહનું બચ્ચું હાથીને ગળે વળગ્યું હોય તેમ બૃહદ્‌બલને અકળાવી રહ્યો."

કહે છે કે હાથીનાં બચ્ચાં ભાગ્યે જ જોવા મળે છે, તેમ આવું મૌલિક અલંકૃત સર્જન પણ અન્ય કવિઓમાં ભાગ્યે જ જોવા મળે. વ્યાસજીરૂપી હાથીના પગલામાં બાકીના બધાય કવિઓ જાણે સમાઈ જતા લાગે છે.

અભિમન્યુ પરાક્રમે ચડ્યો છે. મહાબલી ભીષ્મપિતામહ સહિત કૌરવદળના અન્ય મહારથીઓને પોતાની ભુજાઓનું બલ દર્શાવી અપ્રતિમ સામર્થ્યનો પરચો બતાવતાં તે જાણે ધરાતો નથી. અશ્વત્થામા, ભૂરિશ્રવા, શલ્ય વગેરેએ અભિમન્યુને ઘેરી લીધો, પણ "તેમાંનો કોઈ યોદ્ધો શૌર્ય, અસ્ત્રવિદ્યા, યુદ્ધકૌશલ કે ચતુરાઈમાં અભિમન્યુથી વધી શક્યો નહીં."

અભિમન્યુએ દૂરથી જોયું કે ભગદત્તે સામે છેડેથી ધસી આવી કુશળતાથી "ઘટાદાર વાદળ સૂર્યને ઢાંકી દે" તેવી રીતે તીક્ષ્ણ બાણો વડે ભીમસેનને ઢાંકીને અદશ્ય કરી દીધો. અભિમન્યુથી આ સહન ન થયું, તેથી બાણવર્ષા કરીને ભગદત્તના હાથીને વીંધી નાખ્યો. ઘવાઈને ભાગતા હાથી માટે વ્યાસજીએ શી કલાત્મક ઉપમા આપી છે ? "સૂર્યનાં કિરણોથી મોટું જળભર્યું વાદળ શોભે તેમ રણભૂમિમાં ભગદત્તનો હાથી લોહીથી લથબથ થઈને શોભતો હતો."

ચંદ્રની કાન્તિથી સમુદ્રનાં પાણી વધે તેમ ઉત્તમ અલંકારોથી વ્યાસજીના કાવ્યમાં ભરતી આવતી રહે છે.

અર્જુનપુત્ર અભિમન્યુના ધનુષ્યનાં ગુણગાન પણ આ કવિએ ઓછાં નથી ગાયાં. કહે છે : "અપ્રતિમ યુદ્ધકૌશલ વ્યક્ત કરતું, અલાતચક્રની જેમ તેજ ફેલાવતું અને ગાંડીવની જેમ અવાજ કરતું ધનુષ્ય ચારેય દિશાઓને અજવાળતું હતું."

આ અલાતચક્ર શું છે ? કોઈ પણ લાકડાની પટ્ટીને એક છેડેથી સળગાવી, તેને ગોળગોળ ઘૂમાવવામાં આવે તો તેના તેજનું જે ગોળાકાર ચક્ર દેખાય તેને 'અલાતચક્ર' કહે છે.

"ઝાડી, ઘાસ અને વૃક્ષોથી ભરપૂર વનમાં દાવાનળ ફેલાવાથી વનચર

પ્રાણીઓ ત્રાસ પામે, તેમ અભિમન્યુના આક્રમણથી કૌરવસેના ભયભીત બની.'' ત્યારે તો સંજયથી પણ તેની પ્રશંસા કર્યા વિના રહેવાતું નથી. સંજય ધૃતરાષ્ટ્રને કહે છે : ''ધૈર્યમાં યુધિષ્ઠિર સમાન, ચરિત્રમાં શ્રીકૃષ્ણ સરીખો અને પરાક્રમમાં પ્રચંડ પરાક્રમી ભીમનો બરોબરિયો છે.''

વ્યાસજીએ અભિમન્યુના ડી.એન.એ. બરાબર પારખ્યા છે. ભીષણતા વર્ણવવામાં પણ મહાકવિની કાવ્યશક્તિ સૌંદર્યગાન કરવામાં પણ અદ્ભુત ખીલે છે. જે કોઈ વસ્તુ કે પરિસ્થિતિ હોય તેમાં તેઓ સુંદરતા જ જુએ છે, તેથી કહે છે : ''થોડા સમય પૂરતું તો યુદ્ધ મધુર - દર્શનીય બની રહ્યું.'' હા, થોડો સમય જ, પણ પછી તો યોદ્ધાઓ ઉન્મત્ત બન્યા અને હદમર્યાદા વળોટી જવા લાગ્યા.

मुहूर्तमिव तद्युद्धमासीन् मधुरदर्शनम् ।
तत उन्मत्तवद्राजन्न प्राज्ञायत किंचन ।।

બધા પાગલોની જેમ લડવા લાગ્યા ને ભયાનકતા ઉગ્ર બનતી ચાલી. પરસ્પરના બધા જ સંબંધો - સ્નેહ - બધું જ ભુલાઈ ગયું. કોઈ ભૂતાવળ પંડમાં પ્રવેશી હોય તેમ સૌ લડી રહ્યા હતા. રથ, હાથી, ઘોડા અને પાયદળના ધમધમાટથી ઊડેલી રજને કારણે આકાશમાં મેઘાડંબર છવાયો અને તે કારણે થયેલો અંધકાર સૌના માર્ગને ઢાંકી દેતો હતો. ત્યારે શસ્ત્રના પ્રહારોથી હાથી, ઘોડા અને વીરજનોના નીકળેલા લોહીનો પ્રવાહ ''બાલ અરુણ''ની શોભા ધારણ કરતો હતો.

જન્મ, જરા અને મરણથી વિહ્વળ બનતા આ જગતમાં સ્થિરતા ધારણ કરનાર આ કવિજનનો કીર્તિવિસ્તાર વધતો જ રહ્યો છે, કારણ, વ્યાસજીને મન સંગ્રામ હોય કે સ્નેહસંમેલન, બધું જ કુદરતને - ભાગ્યચક્રને આધીન છે. એમને મન નથી કોઈ અમરપટ્ટો લઈને જન્મતું, નથી કોઈ મૃત્યુની ઘોર કંદરામાં સબડતું. જીવનદર્શનની સમગ્રતા અને અપરિમેયતામાં જ એમને વિશેષતા અનુભવાય છે. આથી જ તેઓ અખિલાઈને આવરી લઈ શકે છે.

'મહાભારત'કારનું વર્ણવેલું મહાભારત યુદ્ધ માણીએ : ''વાદળ વિનાના આકાશમાં વીજળી ચમકવા લાગી. સૂર્ય તથા સઘળી દિશાઓ ધૂળની ભયંકર આંધીથી ઢંકાઈ ગયાં. ભીષણ અવાજ કરતી મોટીમોટી ઉલ્કાઓ આકાશમાંથી પડવા લાગી. પ્રચંડ ઝંઝાવાત ફૂંકાવા લાગ્યો. અસ્ત્રશસ્ત્રના પ્રહારથી ઘવાયેલાં સર્વ પ્રાણીઓ મૂર્છિત અવસ્થામાં પડેલાં હતાં. શૂરવીરોની ભુજાઓમાંથી વછૂટેલાં સર્વ આવરણો અને કવચોને ભેદી નાખનારાં બાણોનો ભારે ઘટાટોપ જામ્યો. બળદોના ચામડામાંથી બનાવેલાં, સોનાના અસ્તરવાળાં કવચો તેમ જ સૂર્યની

જેમ ચમકતી તલવારો વડે કપાયેલાં મસ્તકો અને શરીરો ચારેય તરફ પડેલાં દેખાતાં હતાં.'' ''ગદા અને મુશળોના પ્રહારથી ભેદાયેલા, ધારદાર તલવારોથી કપાયેલા તેમ જ હાથીઓના દાંતથી ચિરાયેલા અને પગ નીચે કચડાયેલા સૈનિકો કરુણ રુદન કરી રહ્યા હતા, પરંતુ અતિશય ઘાયલ હોવા છતાં મજબૂત મનોબળવાળા યોદ્ધાઓ અવાજ કર્યા વિના ચૂપચાપ પડી રહી સહન કરતા હતા.''

આવા પિશાચી વાતાવરણમાં પણ એક અદ્ભુત આશ્ચર્ય હતું કે બંને પક્ષમાંથી કોઈ યોદ્ધો એવો ન હતો જેને યુદ્ધમાં ઝઝૂમવાની ઝંખના ન હોય.

ભીષ્મની રાહબરી હેઠળની કૌરવસેના ''વર્ષાઋતુમાં વીજળી અને ગર્જના કરતી મેઘછટાથી છવાયેલું આકાશ શોભે તેમ શોભતી હતી'' અને ''કોઈ ભયાનક વેગથી દોડી રહેલી નદીની જેમ'' અર્જુનની સામે ઝડપથી યુદ્ધ કરવા ધસી રહી હતી.

વ્યાસજીને ભીષ્મ માટે અત્યંત માન છે, તેથી તો તેઓ ભીષ્મને માટે ''પરાક્રમમાં ઇન્દ્ર જેવા, સ્થિરતામાં હિમાલય જેવા; ગંભીરતામાં મહાસાગર સમા, સહિષ્ણુતામાં પૃથ્વી જેવા મહારથી, મહાશક્તિશાળી, મહાધનુર્ધારી, તીક્ષ્ણ બાણો જેમની દાઢ છે, ધનુષ્ય જેમનું મુખ છે, તલવાર જેમની જીભ છે એવા ભીષણ, એવા અજેય'' વગેરે અનેક વિશેષણો વાપરી સન્માન કરે છે.

અદ્ભુત પ્રતાપવાળા ભીષ્મપિતામહનું કેટલું આકર્ષક વર્ણન ! વ્યાસજી કહે છે : ''ઘોર અસ્ત્રશસ્ત્રના મહાસાગર સમા ભીષ્મ છે, જેમાં બાણોરૂપી મગર, ધનુષ્યરૂપી મોજાંઓ, ગદાઓ અને તલવારોરૂપી મગરના આકારની પડતી ઘૂમરીઓ, અશ્વોરૂપી મગરમચ્છ, હાથીઓરૂપી થતો ખળભળાટ વર્તાય છે. ભીષ્મરૂપી મહાસાગર વેગપૂર્વક અસંખ્ય અશ્વો, હાથીઓ, પાયદળના સૈનિકો અને રથોને ડુબાડી દેતો હતો અને રણભૂમિમાં ઊભેલા શત્રુવીરોને ઘસડીને ખેંચી જતો હતો.''

વ્યાસજી તો કવિશાર્દૂલ છે, ધીરગંભીર રીતે કવિતાની વિંધ્યાટવીમાં ફરતા રહે છે. એમ કહીએ કે જાણે સરસ્વતીદેવી તેમના વડે શોભે છે તો તે અતિશયોક્તિ નહીં ગણાય.

ભીષ્મે કાળદંડ જેવા ધનુષ્ય દ્વારા એવી તો બાણવર્ષા કરી કે રથ, રથી અને સારથિ ત્રણેય ''ધુમ્મસમાં પર્વતનાં ત્રણ શિખરો ઢંકાઈ જાય તેમ ઢંકાઈ ગયા.'' સામા પક્ષે પણ રથી અને સારથિ બંને જાગૃત અને સક્ષમ હતા, તેથી ''વાદળો વિખેરીને સૂર્ય બહાર નીકળે'' તેમ અર્જુનનો રથ ભીષ્મના બાણધુમ્મસમાંથી બહાર આવ્યો.

નજર સમક્ષ સમગ્ર ચિત્ર ખડું થયું ને !

મહાભયંકર યુદ્ધ ચાલે છે. ભીષ્મ કે અર્જુન કોઈ કોઈને ધ્રુજાવી શકતા નથી. હારવાની તો કલ્પના સુધ્ધાં નથી. બંનેને જાણે પોતાનું યુદ્ધકૌશલ અને બુદ્ધિચાતુર્ય દર્શાવવાનો મોકો મળ્યો છે. તેઓના ધનુષટંકારવથી ધરતી ધ્રૂજવા લાગી, બંને એકબીજાનાં છિદ્રો શોધે છે, પણ કોઈ તેમાં ફાવતું નથી. કોઈ મચક આપતું નથી. બંનેએ એકબીજાને કેવા ઘાયલ કરેલા તે વ્યાસજી સચોટ શબ્દપ્રયોગ દ્વારા વર્ણવે છે :

"આ યુદ્ધ જોઈને દેવતાઓ, ગંધર્વો બોલ્યા કે ભીષ્મ અર્જુનને કે અર્જુન ભીષ્મને જીતી શકે તેમ નથી. આવું યુદ્ધ તો પૂર્વે થયું નથી અને હવે થવાનું પણ નથી."

"બંને પરાક્રમીઓના ખૂબ જ વૃદ્ધિ પામેલા પ્રતાપરૂપી અગ્નિની જ્વાલાઓની પંક્તિઓથી જાણે સમગ્ર બ્રહ્માંડ આકુળવ્યાકુળ બની ગયું." આવા ભયાનક અમર્યાદ યુદ્ધ વચ્ચે પણ તાડવૃક્ષના નિશાનવાળી રૂપેરી ધજાવાળા રથમાં બિરાજેલ ભીષ્મ "મેરુના શિખર ઉપર રહેલા ચંદ્રની જેમ શોભતા હતા."

વ્યાસજીની અલંકારશૃંખલા આગળ વધે છે.

વિરાટરાજાના પુત્ર શંખે જોયું કે મદ્રનરેશ શલ્ય દ્વારા પોતાનો ભાઈ ઉત્તર હણાયો છે ત્યારે તે "હોમવાના દ્રવ્યોથી અગ્નિ પ્રજ્વલી ઊઠે તેમ પ્રજ્વલી ઊઠ્યો" અને બાણવર્ષા વરસાવતો શલ્ય તરફ ધસી ગયો, પરંતુ ત્યાં તો "મેઘની જેમ ગર્જના કરીને" ભીષ્મે શલ્યની રક્ષા કરવા શંખને વચ્ચેથી જ આંતર્યો. એ જોઈને "વાયુના વેગથી ડોલતી નૌકાની જેમ પાંડવસેના ડોલવા લાગી."

પોતાના પ્રિય સંબંધી પાંચાલરાજ દ્રુપદ ઉપર ભીષ્મપિતામહ બાણવર્ષા કરવા લાગ્યા ત્યારે ભીષ્મ કેવા દેખાતા હતા ? "શિશિરઋતુ વિદાય લે ત્યારે જેવી રીતે આગ લાગવાથી વનો બળવા લાગે, તેવી રીતે દ્રુપદસેના બાણની આગથી બળવા લાગી અને ત્યારે ભીષ્મ "ધુમાડા વિનાના અગ્નિની જેમ ઝળહળતા ઊભા હતા."

अग्निनेव प्रदग्धानि वनानि शिशिरात्यये
शरदग्धान्यदृश्यन्त सैन्यानि द्रुपदस्य ह ।
अनिष्टत रणे भीष्मो विधूम इव पावकः ।।

"મધ્યાહ્નના સમયે તેજસ્વી તપતા સૂર્યના જેવા તેજસ્વી ભીષ્મ સામે દ્રુપદસેના નજર માંડી શકતી ન હતી."

"ઠંડીથી ધ્રૂજતી ગાયોને બચાવનારું કોઈ ન હોય, તેમ ભયભીત પાંડવસેનાને રક્ષણ આપનારું કોઈ ન હતું."

ભીષ્મપિતામહ જેવા મહાપરાક્રમી અજેય યોદ્ધાને બિરદાવવામાં વ્યાસજી ક્યાંથી મણા રાખી શકે ? ભીષ્મના અપ્રતિમ પરાક્રમને યુધિષ્ઠિરના મુખેથી સંભળાવતાં વ્યાસજી પરોક્ષ રીતે થતી પ્રશંસા વડે કુશળ કાવ્યશક્તિનું અદકેરું દૃષ્ટાંત પૂરું પાડે છે.

હતાશ, ચિંતાતુર અને શોકમગ્ન યુધિષ્ઠિર વિલાપ કરતાં શ્રીકૃષ્ણને કહે છે : "હે કૃષ્ણ ! ઉનાળામાં અગ્નિ ઘાસની ગંજી બાળે તેમ બાણવર્ષા દ્વારા મારા આ સૈન્યને બાળતા ભીષ્મ સામે લડવાની આપણી ક્યાં શક્તિ છે ? અગ્નિમાં પતંગિયાં પડીને ઝડપથી નાશ પામે, તેમ મારા સૈનિકોનો સંહાર થયો છે. ગુસ્સે થયેલા યમરાજને, યુદ્ધમાં વજ્ર ધારણ કરેલા ઇન્દ્રને, પાશ ધારણ કરેલા વરુણને કે ગદાધારી કુબેરને જીતી શકાય, પરંતુ વાઘ જેવા મહાબળવાન ભીષ્મને જીતી શકાય તેમ નથી. હું યુધિષ્ઠિર, વગર વહાણે ભીષ્મરૂપી અગાધ જળમાં ડૂબી રહ્યો છું."

सोऽहमेव गते मग्नो भीष्मागाधजलेऽप्लवः ।

પુષ્પના રસને જાણનાર ભ્રમરની જેમ વ્યાસજી કાવ્યના સત્ત્વને જાણી ચૂક્યા છે.

અસ્વસ્થ યુધિષ્ઠિરની મતિ મૂંઝાઈ ગઈ હોવાથી નિર્ણયશક્તિ ગુમાવીને અકળાઈ ગયા છે. તેઓ કહે છે : "મને જીવન બહુ વહાલું છે, પરંતુ જીવન જ આજે મારા માટે દુર્લભ બની ગયું છે, તેથી જેટલું જીવન શેષ રહ્યું છે તેમાં હું ધર્મનું પાલન કરવા માગું છું.

जीवितं बहु मन्येहं जीवितं यद्र दुर्लभम् ।
जीवितास्याद्य शेषेण चरिख्ये धर्ममुत्तमम् ।।

વ્યાસજી કોઈને છોડે તેમ નથી. યુધિષ્ઠિરની ભાગેડુવૃત્તિ દર્શાવીને તેમને પણ ખુલ્લા પાડે છે. આ છે વ્યાસજીની સત્યપરાયણતા.

અત્યાર સુધી હતાશાથી વાત કરતા યુધિષ્ઠિર ધીરેધીરે કાકલૂદીસ્વરૂપે વાત

કરવી શરૂ કરતાં કહે છે : "હે કૃષ્ણ ! વરસતો મેઘ જેમ દાવાનળને બુઝાવે, તેમ ભીષ્મને શમાવી આપે તેવો કોઈ યોદ્ધો તમે શોધી કાઢો."

यो भीष्मं शमयेत्संख्ये दावाग्नि जलदो यथा ।

મરવું કોઈને ગમતું નથી. સ્મશાનવૈરાગ્ય એ માનવસહજ સ્વભાવ છે. એ સનાતન સત્ય યુધિષ્ઠિર જેવા ધર્મનિષ્ઠને પણ લાગુ પાડી વ્યાસજી જીવનસત્ય વ્યક્ત કરે છે. યુધિષ્ઠિરનો આ અર્જુન સામેનો આડકતરો બળાપો છે, તે શ્રીકૃષ્ણ સમજે છે. પાંડવભાઈઓ વચ્ચેના આવા નાનામોટા વિખવાદો સુલઝાવનાર શ્રીકૃષ્ણ પાંડવસેનાના પડખામાં ન હોત તો પાંડવપક્ષ "પાકી ગયેલા ફળની માફક" આપોઆપ નાશ પામ્યો હોત.

ધારે ત્યારે શિરછત્ર ધરી દેતા અને ધારે ત્યારે વ્યક્તિને કથાનાયકના દરજ્જે મૂકી દેતા વ્યાસજીની કુટુંબભાવના અને પરસ્પરના શ્રેય માટે કરવો પડતો ત્યાગ, એ નિમિત્તે હરીન્દ્રભાઈ સુંદર વાત કરે છે. શ્રીકૃષ્ણ કહે છે : "તમે એક વાર આજ્ઞા આપો, પછી પુરુષોમાં વીર એવા ભીષ્મને હું ધૃતરાષ્ટ્રના પુત્રોની નજર સમક્ષ જ મારીશ, જો અર્જુન ભીષ્મને મારવા ઇચ્છતો ન હોય તો."

શ્રીકૃષ્ણ મુત્સદ્દી છે. ક્યારે, કોને, કઈ રીતે સોગઠી મારવી તે તેઓ જાણે છે. અર્જુનને હાડોહાડ અપમાન લાગે અને સાથે પોરસ ચડે તેવું મહેણું શ્રીકૃષ્ણ સહજ રીતે મારી લે છે. તેજીને ટકોરો કરવાનું ચૂકે તો શ્રીકૃષ્ણ શાના ?

અત્યાર સુધી એકલા અર્જુન સામે જોઈને વાત કરતા શ્રીકૃષ્ણ પોતાનો અને અર્જુનનો વિશિષ્ટ સંબંધ વ્યક્ત કરે છે અને કહે છે : "હે યુધિષ્ઠિર ! તમારો ભાઈ એ મારો મિત્ર છે, મારો સંબંધી છે અને મારો શિષ્ય પણ છે." અને આ ક્રમ શ્રીકૃષ્ણ આપે છે તે પણ સમજવા જેવો છે. હરીન્દ્રભાઈ તેથી જ કહે છે : "અર્જુને શિષ્યત્વ સ્વીકાર્યું તેથી સખા મટી નથી જતો. સંબંધી થવાથી પણ મિત્રતા કે શિષ્યત્વ અવગણવાનું નથી."

નર-નારાયણની આ જોડીનું ઐક્ય તો જુઓ ! શ્રીકૃષ્ણ કહે છે : "અર્જુન માટે મારું માંસ પણ કાપીને આપવું પડે તો આપું અને અર્જુન પણ પોતાના માટે પ્રાણ આપી દે તેવો છે." એમ કહીને કૃષ્ણ પોતાનો અને અર્જુન પ્રતિનો કેટલો બધો વિશ્વાસ દર્શાવે છે !

શ્રીકૃષ્ણની વાણીચાતુરી એવી છે કે એક જ શ્લોકમાં અર્જુન માટેનાં પ્રીતિ, વિશ્વાસ અને ઉપાલંભ - બધું જ સમાવી લે છે. વાણીમાં જેટલું ધૈર્ય છે એટલી મીઠાશ પણ છે.

અનેક ચડાવ-ઉતારભર્યા સંજોગોમાં સાથે સમય ગાળનાર આ પાંચેય ભાઈઓ કરતાંય વધારે સ્પષ્ટ રીતે યુધિષ્ઠિરના માનસનું દર્શન કરાવી શ્રીકૃષ્ણે પોતાની નિરીક્ષણશક્તિનો પરિચય આપ્યો છે. જાણે ચોસઠ કળામાં નિપુણ એવા શ્રીકૃષ્ણને વધાવવા કે શ્રીકૃષ્ણના મુખમાં શબ્દમોતી મૂકનાર વ્યાસજીને વધાવવા ?

મહાભારતના મર્મજ્ઞ શાંતિકુમાર પંડ્યાએ પણ આ ઘટનાનું હૃદયસ્પર્શી અર્થઘટન કર્યું છે. તેઓ કહે છે : "મહર્ષિ વેદવ્યાસે શ્રીકૃષ્ણ અને અર્જુન આ બંને નરોત્તમોની અદ્‌ભુત મૈત્રી દ્વારા માનવજીવનના એક અનિવાર્ય રીતે જરૂરી એવા માનવમૂલ્યની માવજત કરી છે. 'મહાભારત'માં પદેપદે શ્રીકૃષ્ણે અર્જુનની મિત્ર તરીકે પ્રાણાધિક મદદ કરી છે અને સન્મિત્રનો આદર્શ પ્રસ્થાપિત કર્યો છે."

આ બાજુ ધૃષ્ટદ્યુમ્ન અને દ્રોણ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલે છે. બંને પુરાણા વેરભાવથી ભરેલા યોદ્ધાઓ છે. દ્રોણાચાર્યે ફેંકેલા સોનાનાં પીંછાંવાળાં તીક્ષ્ણ બાણો ધૃષ્ટદ્યુમ્નના કવચને ભેદીને તેનું લોહી પીવા લાગ્યા, તો સામે ધૃષ્ટદ્યુમ્ને સામો બાણોનો મારો એવો ચલાવ્યો કે દ્રોણાચાર્યને ઘાયલ કર્યા. રુધિરથી ખરડાયેલા એ બંને નરવીરો કેવા શોભતા હતા ? "વસંતઋતુમાં ફૂલોથી ખીલેલા કેસૂડાનાં વૃક્ષો જેવા." કેસરિયો રંગ જેઓને અતિપ્રિય છે એવા ક્ષત્રિય વીર યોદ્ધાને બીજી કઈ ઉપમા શોભે ?

સંસ્કૃત સાહિત્યમાં કેસૂડાના પુષ્પનું કંઈક અદકેરું મહત્ત્વ છે. 'રામાયણ'માં પણ કેસૂડાનો ઉલ્લેખ કરતાં વાલ્મીકિ થાકતા નથી : "જેનાં પત્રો પ્રશસ્ત છે તે પલાશ". સાહિત્યમાં કેસૂડાનો ઉલ્લેખ કાં યુદ્ધક્ષેત્રે, કાં સૌંદર્ય-શૃંગાર-ક્ષેત્રે થયેલો છે. કેસરિયો રંગ જ પ્રેમ-શૌર્ય-અંકિત છે ને ?

'સુભાષિતરત્નભાંડાગાર'માં શ્લોક છે :

"ભમરાઓ અગ્નિ જેવા લાલચોળ કેસૂડાનાં પુષ્પોમાં વહ્નિજ્વાલાની ભ્રાંતિથી પ્રવેશ કરે છે."

ગદ્યશિરોમણિ બાણે 'કાદંબરી'માં, કાલિદાસે 'શાકુંતલ'માં, 'ગીતગોવિંદ'-ગાયક જયદેવે સૌંદર્યક્ષેત્રે - એમ લગભગ સર્વ સ્વીકૃત કવિઓએ અનેક પ્રકારે કિંશુકનો ઉલ્લેખ કર્યો છે.

ગુસ્સે થયેલા દ્રોણાચાર્યે "જલધારાથી મેઘ પર્વતને ઢાંકી દે તેમ" ધૃષ્ટદ્યુમ્નને

બાણોથી ઢાંકી દીધો ત્યારે ધૃષ્ટદ્યુમ્ને આચાર્યનો વધ કરવાની ઇચ્છાથી એવો તો હુમલો કર્યો, જેમ "વનમાં માંસભક્ષણની ઇચ્છાવાળો વનરાજ મદોન્મત્ત ગજરાજ ઉપર હુમલો કરે."

રત્નદીવડાની સ્થિર જ્યોતિ પવનના સુસવાટ છતાંય ઓલવાતી નથી, તેમ વ્યાસની અલંકૃત વાણીની જ્યોતિ રણમેદાન વચ્ચે પણ અખંડ પ્રકાશતી રહે છે. એકને વનરાજ કહ્યા, તો બીજાને ગજરાજ તરીકે નવાજ્યા છે !

અને હવે ભીમ અને કલિંગરાજના યોદ્ધાઓનાં રૂંવાડાં ખડાં કરી દેતા ભીષણ યુદ્ધ તરફ કવિ આપણને દોરી જાય છે.

કલિંગસેના સામે યુદ્ધે ચડેલો ભીમસેન જ્યારે "ભ્રાન્ત, ઉદ્‌ભ્રાન્ત, આવિદ્ધ, આપ્લુત, પ્રસૃત, સંપાત જેવી તલવારબાજીની વિવિધ રીતોથી યુદ્ધ ખેલતો ઘૂમી રહ્યો હતો ત્યારે લાકડીના પ્રહારથી છંછેડાયેલા ફણાધરની જેમ ભીમ ગુસ્સાથી ફૂંફાડા મારતો દેખાતો હતો."

વ્યાસજી એટલે તત્કાલીન "એન્સાઈક્લોપીડિયા'. એમને શેનું જ્ઞાન નથી ? કયા વિષયમાં તેમની ચાંચ ડૂબતી નથી ? આ મૂર્ધન્ય મનીષીને તલવારના આટલા દાવપેચની પણ આટલી ઊંડી સૂઝ ? ભલે વ્યાસજી વનવાસી કહેવાય, પણ પ્રત્યેક વિષયનું જ્ઞાન ભલભલાને ભૂ પાઈ દેનારું છે. 'ભ્રાન્ત' એટલે તલવારને ગોળાકાર ઘુમાવવી, 'ઉદ્‌ભ્રાન્ત' એટલે તલવાર ઊંચી ઉઠાવવી, 'આવિદ્ધ' એટલે ખૂબ પ્રયત્નો કરી ચારેય તરફ તલવાર ફેરવવી, 'આલુપ્ત' એટલે તલવાર ઉપાડી કૂદી પડવું, 'પ્રસૂત' એટલે તલવાર લઈને પોતે ચારેય બાજુ ફરવું અને 'સંપાત' એટલે અત્યંત વેગથી તલવાર ઘુમાવવી.

બહુવિદ્યાશાખાકીય જ્ઞાન ધરાવનાર વ્યાસજીને બિરદાવીને પ્રણામ જ કરવા ઘટે.

હજુ ભીમસેનનાં પરાક્રમોની યશોગાથા ક્યાં પૂરી થઈ છે ? નિર્ભય બનીને હાથીઓને સંહારતો ભીમસેન 'અગ્નિચક્ર' જેવો દેખાતો હતો. આ 'અગ્નિચક્ર' તે જ 'અલાતચક્ર'. લાકડીના એક છેડે અગ્નિ પ્રકટાવી ઝડપથી ગોળગોળ ઘુમાવીએ તો જાણે અગ્નિનું જ ચક્ર હોય તેવું દેખાય એટલે જ તે 'અગ્નિચક્ર.'

ગજરાજની ભારે કાંધ ઉપર ભીમસેન પ્રહાર કરે અને ગજરાજ "નદીના ભારે વેગથી શિખરવાળો ગિરિરાજ કડડભૂસ કરતો પડે" તેમ ચીસ પાડીને નીચે પડતો.

આવી ઉપમા આપવા માટે વ્યાસજીએ મનમાં કુદરતના પ્રકોપ કે તાંડવનું દશ્ય કલ્પ્યું હશે ને ?

કલિંગરાજ અને નિષાદયુક્ત કેતુમાન અને તેઓના સૈન્ય સાથેના ભીષણ યુદ્ધમાં ભીમસેને એવો આતંક વર્તાવ્યો, જાણે ''આખી ધરતીને સસલાના રુધિર જેવા લાલ રંગે રંગી દીધી''. ભીમસેને કરેલા સંહારને કારણે કૌરવસેના ''મોટા મગરમચ્છોથી સરોવર ખળભળી ઊઠે તેમ ખળભળી ઊઠી.''

લોહીથી લાલઘૂમ રંગાયેલો ભીમસેન જાણે ભીમસેન જ ન હતો, જાણે સાક્ષાત્ કાળ જ હતો, જેણે શત્રુસેનામાં કાળો કેર વર્તાવ્યો હતો. તેના આ પરાક્રમથી યુદ્ધભૂમિની શી દશા હતી ? ''તૂટી પડેલા પર્વત સમાન અગમ્ય રણભૂમિ'' નજરે પડતી હતી.

''કપાયેલી તોમરો, પથ્થરનાં આયુધો, શક્તિઓ, ધનુષ્યો, ભાથાઓ, પતાકાઓ, કણપો, કવચો, સુવર્ણમંડિત તલવારની મ્યાનો, ચામડાની ઢાલો, ચાબુકો, અંકુશો અનેક પ્રકારની રસ્સીઓ, શ્વેત અગ્નિકુંડો, વિવિધ પ્રકારના ઘંટો તેમ જ અશ્વારોહી સૈનિકો રણભૂમિમાં જ્યાંત્યાં પડ્યા હતા. સમરાંગણમાં મહાવતોનાં મસ્તકો, સોનેરી ઝૂલો અને કિંમતી રંગબેરંગી બિછાના માટેનાં વસ્ત્રો પણ વીખરાયેલાં પડ્યાં હતાં. અનેક પ્રકારના સોનાના ચળકાટ ધરાવતા અશ્વોનાં ચોકડાં, રાશ અને ચાબુકો, ધારદાર ચમકતાં શસ્ત્રો વડે યુદ્ધભૂમિ રંગબેરંગી ફૂલોથી છવાયેલી હોય તેવી લાગતી હતી.''

લાગે છે, વ્યાસજી વન-ઉપવનને ઘડીપૂરતા પણ મનથી અળગાં રાખી શકતા નથી. રણસંગ્રામની ભયંકર અને ભેંકાર જગ્યામાં પણ એમને ફૂલોની બિછાત યાદ આવે છે. સૌંદર્યપ્રેમીઓને કુદરતનાં તત્ત્વો જરૂર આકર્ષે, પરંતુ વ્યાસજી તો જાણે અણુઅણુથી સૌંદર્યપૂજક છે, નખશિખ વનરાજિથી ઘેરાયેલા છે. કદાચ તેથી જ તેઓની કૃતિ ચેતનવંતી - પ્રાણવંતી લાગે છે.

ભીમે તો જાણે યુદ્ધનદી વહેવરાવી, પરંતુ બીજી બાજુ સાત્યકિ અને અભિમન્યુ બંને એક જ રથમાં બેસી યુદ્ધભૂમિમાં ચારેય તરફથી શકુનિની સેનાને હણવા લાગ્યા ત્યારે તેઓ કેવા શોભતા હતા ? ''અમાસની તિથિએ નભોમંડળમાં ચંદ્ર અને સૂર્ય શોભે તેવા'' અને તે જ વખતે અર્જુને ''વાદળ જળધારાઓ વરસાવે'' તેવી રીતે કૌરવસેના ઉપર અમર્યાદ બાણવર્ષા કરી એટલે દુર્યોધનની સેના પારોઠનાં પગલાં ભરવા લાગી. દુર્યોધને સૈન્યને પાછું વાળ્યું ત્યારે ''ચંદ્રોદય વખતે આવતી સાગરની ભરતીના જેવા વેગથી'' લજ્જિત સેના પાછી વળી.

સ્વાભાવિક છે કે આ વખતે પાંડવોએ વિજયસૂચક શંખધ્વનિઓ, સિંહનાદો કર્યા. દુંદુભિના નાદ સાથે તેઓ હર્ષોલ્લાસ પ્રગટ કરવા લાગ્યા. દુર્યોધન ઘાંઘો થઈ ગયો એટલે ભીષ્મ પિતામહને પણ ઠપકો આપવા લાગ્યો : "આપે આપના પરાક્રમયોગ્ય યુદ્ધ કરવું જોઈએ. આપના દેખતાં મારી સેના આ પ્રમાણે ભાગે તે યોગ્ય નથી."

વડીલોની આમન્યા ન જાળવી, મર્યાદા વટાવીને અયોગ્ય આક્ષેપ કરવાના દુર્યોધનના અવિવેકી વર્તનને વ્યક્ત કરવામાં પણ વ્યાસજી સંકોચ અનુભવતા નથી. સારા ખેતરમાં પણ જો કાંટાળા થોર ઊગ્યા હોય તો તેમને ઝંઝેડી નાખવામાં જ 'મહાભારત'કાર સાચો સાર જુએ છે.

અપમાન અને દુઃખથી વ્યથિત પિતામહ મરણિયા બન્યા, ભયંકર સપાટો બોલાવ્યો. પાંડવસેના તોબાતોબા પોકારી ગઈ. "પોતે એક હોવા છતાં પણ પાંડવયોદ્ધાઓને અનેક ભીષ્મ દેખાવા લાગ્યા. ભીષ્મ જાણે માયાથી અનેક રૂપ ધરી ફરતા હોય તેમ ક્ષણેક્ષણે સઘળી દિશાઓમાં દેખાવા લાગ્યા." "જે માણસ તેમની સામે થયો તે ક્ષણમાત્રમાં મરણ પામેલો જોવામાં આવ્યો, કારણ, તેમનું કોઈ પણ બાણ વ્યર્થ ગયેલું જોવામાં આવ્યું નહીં." આથી ભયભીત અને ભ્રાન્ત થઈને ભાગી રહેવા પાંડવસૈન્યનું 'મહાભારત'કાર તાદશ વર્ણન કરે છે :

"રથની બેસણી પર નૃત્ય કરતા હોય તેમ ચાલાકીથી ફરતા ભીષ્મપિતામહ ઊંબાડિયા સરખા દેખાતા હતા." તેમના અદ્વિતીય પરાક્રમથી ત્રાસીને પાંડવસૈન્ય "આમતેમ ભાગતા અને ભાંભરતા ગાયોના ધણની જેમ આર્તનાદ કરી રહ્યું હતું."

ભીષ્મપિતામહના પ્રતાપનો અગ્નિ ભડભડ બળતો હતો ત્યારે તેમની "શરવર્ષાથી સંતાપિત" પાંડવસૈન્યના પ્રમુખ યોદ્ધાઓની લાચારી, હતાશા, વિવશતા, શરણાગતિ અને શરમનું 'મહાભારત'કાર અદ્ભુત ચિત્ર રજૂ કરે છે : "પરાજયરૂપી અપકીર્તિના આંજણથી પાંડવસૈન્યના યોદ્ધાઓનો સમૂહ અત્યંત શ્યામ બનતાં ટીમરુના વૃક્ષ જેવો કાળો બની ગયો." વનવિહારી વ્યાસજી ટીમરુના વૃક્ષ જેવા વનફળના વૃક્ષ સાથે લજ્જિત - હતાશ સૈન્યને સરખાવે છે. કેવી અદ્ભુત કલ્પના, સરખામણી અને ધારદાર અવલોકન !

હજી આગળ તો જુઓ ! "ગોરંભાયેલો ભાદ્રપદનો મેઘાડંબર જળ-ઝડીએ વરસે એટએટલી શરઝડીઓ દિશામંડળમાં વરસાવતા ભીષ્મપિતામહ રણમેદાનમાં ઘૂમતા હતા..." "પાંડવો ઉપર આજ અંતરીક્ષથી અગ્નિના અંગારા વરસાવતા..."

પહેલા શ્લોકમાં "મુશળધાર વર્ષાની ઝડી" અને તરત જ પછીના શ્લોકમાં "અગ્નિના અંગારા વરસાવતા". - બે છેડાની કલ્પનાઓ જોડાજોડ !

પિતામહની પરાક્રમગાથા હજુ ચાલુ જ છે : "યમરાજના દંડ પછડાય એમ પિતામહના શરદંડ પછડાતા..." "રાફડામાંથી નાગમંડળ ઊછળે તેમ પિતામહના રથ-વલ્મિકમાંથી દિશાદિશામાં શરમંડળ ઊછળતાં." "ભીષ્મપિતામહનું ઇન્દ્રધનુષ્ય જેવું મોટું ધનુષ્ય સર્વદા ખેંચાયેલું દૃષ્ટિએ પડતું."

વ્યાસજીને ભીષ્મ માટે અત્યંત આદર અને સ્નેહ છે, તેથી જ કૌરવકુળના આ મોભીના પરાક્રમને અતિવિસ્તારથી અનેકવિધ અલંકારોથી વિભૂષિત કરી, વ્યાસજી જાણે ભીષ્મની બિરદાવલી ગાય છે.

અને હવે પાંડવસેનાને પડતી મૂકી ભીષ્મપિતામહ શ્રીકૃષ્ણ અને અર્જુન તરફ ધસે છે. "પિતામહે શર સાધ્યું, છોડ્યું, શાલ્વવૃક્ષની છાલ છોલે તેમ અર્જુનનું પડખું છોલી નાખ્યું." અને પછી "હજારો બાણો ફેંકી અર્જુનના રથની સઘળી દિશાઓ બંધ કરી દીધી. શ્રીકૃષ્ણ અને અર્જુનને બાણોની ચાળણી જેવા બનાવી દીધા."

ભીષ્મની બાણવર્ષાથી વાસુદેવ અને ધનંજયનાં સર્વ ગાત્રો કેવાં દેખાતાં હતાં ! "ભીષ્મનાં બાણોથી ક્ષત થયેલા તે નરવ્યાઘ્રો શિંગડાંથી અંકિત દેહવાળા બે વૃષભ સરખા દેખાતા હતા." બાણવર્ષાને કારણે દિશાઓ, સૂર્ય, પૃથ્વી - બધું જ દેખાતું બંધ થઈ ગયું. પ્રચંડ પવન ફૂંકાવા લાગ્યો. કૌરવ-પાંડવમાંથી કોઈને અર્જુન ક્યાં છે તેનો પત્તો લાગતો ન હતો.

ભીષ્મપિતામહ યુદ્ધનું કેન્દ્રબિંદુ બની રહ્યા અને પાંડવસેના હાહાકાર કરવા લાગી.

એક તરફથી ભીષ્મની અલૌકિક યુદ્ધકુશળતાથી ત્રાસીને પાંડવસેના "ભયભીત થયેલાં પામર હરણાં મોઢું ફાડેલા સિંહને જોઈને ભાગવા માંડે, તેમ ખુલ્લા મુખવાળા યમરાજ જેવા ભીષ્મને જોઈને ભયભીત થઈને ભાગી રહી હતી."

તો બીજી તરફ ભીષ્મનાં તીક્ષ્ણ બાણોથી વીંધાવા છતાં અર્જુન પિતામહ પ્રતિના આદરભાવને કારણે પોતાનું કર્તવ્ય બરાબર બજાવતો નથી, મૃદુ યુદ્ધ કરે છે. યદુકુળસ્વામી શ્રીકૃષ્ણથી આ સહન થતું નથી, એટલે પ્રતિજ્ઞાભંગ થાય તો ભલે, પણ પાંડવોનાં કલ્યાણ માટે તેઓ ભીષ્મને હણવા તૈયાર થાય છે.

'મહાભારત'કારે પાંચ શ્લોકમાં આ સમયનું શ્રીકૃષ્ણનું જે ચિત્ર વર્ણવ્યું

છે તેમાં વ્યાસજીની હૃદયંગમ કલમ દૃષ્ટિગોચર થાય છે. શબ્દસાયુજ્યની લીલાથી હૃદયભાવનું નિરૂપણ થાય છે. શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર માન ધરાવતા વ્યાસજીનું અહં ઓગળી ગયું હોવાથી તેમના પ્રત્યેક શબ્દમાં 'સોઽહમ્' પ્રગટે છે.

ઉત્તમ કાવ્યનું સેવન કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમ જ અનેકવિધ કલાઓમાં વિચક્ષણતા આવે છે અને તે કાવ્ય કીર્તિ અને પ્રીતિ બંને પેદા કરે છે.

અત્યાર સુધી અનુષ્ટુપ છંદમાં વર્ણવાતા શ્લોકો હવે ઉપજાતિ જેવા છંદમાં પ્રયોજીને વ્યાસજી શૈલી બદલે છે, કારણ, યુદ્ધનો રંગ પણ બદલાતો જાય છે ને ! એટલું કહીએ તો પર્યાપ્ત છે કે વ્યાસજીની વાણી એ શાશ્વતીનો વેણુનાદ છે.

વ્યાસજી શ્રીકૃષ્ણ માટે શું કહે છે તે એમના જ શબ્દોમાં જોઈએ :

"પછી વસુદેવપુત્ર શ્રીકૃષ્ણે સુંદર નાભિવાળું, સૂર્યની જેમ ચમકતું, વજ્રના જેવા પ્રભાવવાળું, અણિયાળા આરાવાળું ચક્ર હાથમાં લીધું, મહારથમાંથી નીચે કૂદ્યા, અશ્વોને તજી દીધા."

"ધરતીને વેગપૂર્વક ધ્રુજાવતા, જેવી રીતે વનમાં કોઈ સિંહ મદોન્મત્ત ગજરાજ ઉપર ત્રાટકવા જતો હોય અથવા તો જેવી રીતે ધણખૂંટ અન્ય વૃષભને ભગાડી મૂકે, તેવી રીતે યુદ્ધમાં અમાપ શક્તિવાળા, તેજસ્વી યદુશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે ભીષ્મને હણવા દોટ મૂકી."

स सिंह इव मातङ्गं यूथर्षभ इवर्षभम् ।
अभिदुद्राव तेजस्वी विनदन्यादवर्षभः ।।

"નભોમંડળમાં વીજળીથી ઝળહળતા મેઘ શોભે તેમ ક્રોધે ભરાયેલા, નીલમના જેવા શ્યામ શ્રીકૃષ્ણ લહેરાતા પીતાંબરથી શોભતા હતા."

पीतकौशेयसंवीतो मणिश्यामो जनार्दनः ।
शुशुभे विद्रवन्भीष्मं विद्युन्माली यथाम्बुदः ।।

"નારાયણ ભગવાનની નાભિમાંથી પ્રગટેલું, ઊગતા સૂર્યના જેવા રંગવાળું, નાભિકમળના જેવું જ, શ્રીકૃષ્ણના હાથરૂપી નાળદંડ ઉપર રહેલું એ સુદર્શનચક્ર શોભતું હતું."

सुदर्शनं चास्य रराजशौरेस्तरचक्रपद्मं सुभुजोरूनालम् ।
यथादि पद्मं तरुणार्कवर्णं रराज नारायणनाभि जातम् ।।

"તે ચક્રરૂપી કમળ શ્રીકૃષ્ણના ક્રોધરૂપી સૂર્યોદયથી ખીલેલું, છરાની અણીઓ જેવા કાંટારૂપી અણિયાળી પાંખડીઓવાળું, શ્રીકૃષ્ણના દેહરૂપી સરોવરમાંથી વિકસેલું નારાયણના ભુજરૂપી નાળદંડ ઉપર શોભી રહ્યું હતું."

तत्कृष्णकोपोदय सूर्यबुद्धं क्षुरान्ततीक्ष्णाग्र सुजातपत्रम् ।
तस्यैव देहोरूसरः प्ररूढं रराज नारायणबाहुनालम् ।।

"'કાલોસ્મિ'નો ત્રિલોક ટંકાર કરતા નારાયણસ્વરૂપ શ્રીકૃષ્ણની આ મનોરમ્ય છબી વ્યાસજીના માનસપટમાં ક્યારની સંઘરાયેલી હશે ? વ્યાસજીનો ભક્તિભાવ આપણને પણ ભીંજવી જાય છે. તો સહેજે કલ્પના કરી શકીએ કે આ તો ફોટાની નેગેટિવ છે, તેની પૉઝિટિવ પ્રિન્ટ તો આગળ ઉપર લખાયેલું 'શ્રીમદ્ ભાગવત' છે.

ફક્ત આપણે જ થોડા ભક્તિભાવથી તરબોળ થઈશું ? હાથમાં ચક્ર સાથે ધસતા, કાલબ્રહ્મ સમા શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રના પ્રાણ હરી લેનાર પ્રલયકાળના અગ્નિ જેવા દેખાતા, મનુષ્યોમાં શ્રેષ્ઠ લોકેશ્વર શ્રીકૃષ્ણને નીરખીને શાંતનુપુત્ર ભીષ્મ સ્વસ્થતાથી રથમાં ઊભા થયા અને શું જોયું ?

રાજસૂયયજ્ઞ વખતે જેનાથી શિશુપાલનો વધ કર્યો હતો તે જ આ ચક્ર હતું. વિષ્ટિ કરવા આવ્યા ત્યારે કુરુસભા મધ્યે વિરાટદર્શન કરાવેલું ત્યારે પણ આ જ ચક્ર હતું અને ઉશ્કેરાયેલા ચક્રધારી શ્રીકૃષ્ણ પણ બરાબર તેવા જ દેખાતા હતા, પરંતુ ભીષ્મ સ્વસ્થ છે. 'મહાભારત'કારે આ ભીષ્મને માટે 'અવિચલ' વિશેષણ વાપરીને પિતામહનું ગૌરવ વધાર્યું છે.

સ્વસ્થ ભીષ્મે રથમાં ઊભા રહીને કહ્યું : "પધારો, હે દેવાધિદેવ ! હે જગન્નિવાસ ! આપે હાથમાં સારંગ ધનુષ્ય અને રથચક્ર ધારણ કર્યાં છે. આપને હું નમસ્કાર કરું છું. હે પ્રાણીમાત્રના આશ્રયદાતા ! હે લોકનાથ ! આપ આ યુદ્ધમાં મને મારા રથમાંથી વેગપૂર્વક નીચે પાડી નાખો."

"હે કૃષ્ણ ! આપના હાથે હણાઈને આજે આ લોકમાં તથા પરલોકમાં મારું કલ્યાણ થશે. હે અન્ધક-વૃષ્ણિના નાથ ! આપે મારા પર આક્રમણ કર્યું, તેથી ત્રણેય લોકમાં હું સન્માનિત થયો છું."

જેને કોઈ લાભ, સુખ, કીર્તિ કાંઈ જ મળતું નથી અને જેણે થઈ રહેલો અનર્થ દેખ્યા કર્યો છે, છતાં હસ્તિનાપુરની ગાદીને વફાદાર રહેવાની પ્રતિજ્ઞાને કારણે જ દેવવ્રત પરાક્રમી કર્મો કરતા રહ્યા છે, તેવા ભીષ્મની સ્વસ્થતા તો

જુઓ ! સમર્પણ આને કહેવાય. જે જિંદગી-આખી હસ્તિનાપુરની ગાદીને સમર્પિત રહ્યા તે યુદ્ધમાં શ્રીકૃષ્ણને સમર્પિત થવા તત્પર છે. ભીષ્મની આ ભાવના એ જ વેદવ્યાસની આત્માભિવ્યક્તિ છે. ભીષ્મે શ્રીકૃષ્ણને સન્માનિત રીતે આવકાર્યા એ એમને માટે ગૌરવની ઘડી હતી, શ્રીકૃષ્ણને માટે અવમાનનાની ઘડી હતી.

અત્યાર સુધી સ્તબ્ધ બની ઊભેલો અર્જુન હાંફળોફાંફળો રથમાંથી નીચે કૂદીને યદુવીરની પાછળ દોડ્યો અને માંસલ ભુજાવાળા અર્જુને મહાપ્રયત્ને કૃષ્ણનો પ્રલંબ અને પુષ્ટ હાથ પકડી લીધો. પિતામહ સામે 'કૃપયાવિષ્ટ' થઈ લડતો અર્જુન શરમિંદો બની હવે 'વિગતજ્વર' થઈ, યુદ્ધ કરવાની બાંહેધરી આપે છે.

ધીરજ ગુમાવતાં માનવીય પ્રકૃતિ અનુસાર શ્રીકૃષ્ણે ભક્તના રક્ષણાર્થે પ્રતિજ્ઞાભંગ કરીને પણ સુદર્શચક્ર ઉપાડ્યું તે સિવાયની સમગ્ર કથામાં કવિવરે શ્રીકૃષ્ણ માટે 'ન્યસ્તશસ્ત્ર' - (શસ્ત્ર વિનાના) એવો ઉલ્લેખ કર્યો છે. મહાભીષણ ઘોર યુદ્ધ વચ્ચે પણ અવારનવાર વ્યાસજી આપણને શ્રીકૃષ્ણનો મહિમા યાદ અપાવતા રહે છે. ભાગ્યરૂપી મેઘમાં ઘડીઘડી વીજળી ડોકાયા કરે, તેમ વચ્ચેવચ્ચે શબ્દચમત્કૃતિ સાથે શ્રીકૃષ્ણના પ્રભાવ, પ્રતાપ અને તેમના આદરણીય વ્યક્તિત્વને ચમકાવતા વ્યાસજીની કૃષ્ણભક્તિ એ લોહીસંસ્કાર છે.

સત્ત્વગુણ વડે મનને અલંકૃત કરતા અને ચારિત્ર્યને ઉદાત્ત બનાવતા પૃથ્વીના એકમાત્ર અલંકારરૂપ શ્રીકૃષ્ણના અપાર ગુણોનું કથન કરતા સિદ્ધહસ્ત કલાકાર સમા વ્યાસજીની સરસ્વતી જાણે વિરામ જ લેતી નથી. મંગલ જીવનદૃષ્ટિવાળા વ્યાસજી કુશળ ચિત્રકારની જેમ પીંછીના બે લસરકા મારીને કોઈ ઉત્કૃષ્ટ ચિત્ર ખડું કરી દે છે.

ડૉ. જહોનસન નામના અંગ્રેજ સાહિત્યકારે કહ્યું છે : ''માનવીની સ્મૃતિશક્તિનાં બે મુખ્ય કાર્યો છે : ખજાના એકઠા કરવા અને પછી તે વહેંચવા.'' વ્યાસજીનો ખજાનો એટલો સમૃદ્ધ છે કે ગમે તેટલો વહેંચો તોય ખજાનો ખૂટે તેમ નથી અને એ ખજાનામાં શાંતરસ ઊભરાય છે ત્યારે ભાવવાહી શબ્દગૂંથણીથી અનોખું પોત બંધાઈ જાય છે.

'તેજીને ટકોરો' મારી કૃષ્ણ પાછા પોતાના મૂળ સ્થાને ગોઠવાઈ ગયા અને મોહમુક્ત બનેલા સવ્યસાચીએ બાણવર્ષાની ઝડી વરસાવી. જાણે આકાશમાં ખરતી ઉલ્કાએ ઘાસની ગંજી બાળી હોય તેમ કૌરવસૈન્ય પીડાવા લાગ્યું. ઇન્દ્રે આપેલા અતિ ભયાનક અને અપૂર્વ 'મહેન્દ્ર અસ્ત્ર'ને મંત્ર ભણીને ફેંક્યું ત્યારે

અર્જુન સાક્ષાત્ અગ્નિ પ્રગટ થયો હોય તેમ તેનો પ્રતાપ ઉલ્કાપાત મચાવતો દેખાતો હતો.

કૌરવસેનાના મહારથીઓએ અર્જુનને અટકાવવા ભગીરથ પ્રયત્ન કર્યો, પરંતુ પરાક્રમે ચડેલા અર્જુનને કોણ રોકી શકે ? કૌરવ મહારથીઓનાં શસ્ત્રોને ભેદી નાખતો અર્જુન ‘‘મહામંત્રપૂર્વક અપાયેલી આહુતિઓથી ઝળહળ બનતી જ્વાલાઓવાળા ભગવાન અગ્નિ યજ્ઞમંડપમાં શોભે તેમ શોભવા લાગ્યો.’’

કેવી પ્રસંગોચિત ઉપમાઓ પ્રયોજી છે ! મહાકવિની અનંત પદોથી અલંકૃત વાણી વિશે આપણે એટલું તો જરૂર વિચારી શકીએ કે પૃથ્વી ઉપર જ્યાં સુધી સ્વચ્છ કાવ્યમય વાણી રહેશે ત્યાં સુધી આ મહાકવિનું સ્થાન અજોડ, અડોલ અને અવિચલ રહેશે.

‘મહાભારત’કાર અનેક દ્વંદ્વયુદ્ધ વર્ણવે છે, પરંતુ શલપુત્ર અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચેના યુદ્ધને ઉત્તમ આલંકારિક ભાષામાં વ્યક્ત કરે છે. તેઓ કહે છે : ‘‘પાણીના પૂરની જેમ ધસતો, આકાશમાંથી પડતા સાપ જેવો, મદોન્મત્ત ગજરાજ જેવો શક્તિશાળી, તેજથી શોભતો, તલવાર ખેંચી ધસી આવતો, પ્રલયકાળે આવેલા યમરાજ જેવો ધૃષ્ટદ્યુમ્ન’’ યુદ્ધરમણે ચડ્યો હતો.

શૂરવીર, તરવરિયા, ક્ષત્રિયનું ચિત્ર ખડું કરવા સચોટ ઉપમાઓ પ્રયોજતા વ્યાસજી લોકમાનસના જ્ઞાતા હોવાથી જ આજ સુધીના લોકમાનસ ઉપર અજબ કામણ કરી શક્યા છે. માનવમનની પ્રબળ લાગણી વ્યક્ત કરવા સમર્થ હોવાથી મહાકવિની કૃતિ ક્યારેય જૂની નથી થતી. યુદ્ધરમણે ચડેલો ધૃષ્ટદ્યુમ્ન આપણી નજર સામે હોય તેવું અનુભવાય છે.

જ્યારે મગધરાજની ગજસેના ઉપર તૂટી પડતા ભીમનું વર્ણન વાંચીએ ત્યારે આશ્ચર્ય પ્રશ્ન થાય છે કે શું શિવજીનું તાંડવનૃત્ય પ્રત્યક્ષ જોવાનો લહાવો વ્યાસજીને મળ્યો હશે ?

ઘાસની પર્ણકુટિને બાળી નાખતા અગ્નિ જેવો ક્રોધે ભરાયેલો ભીમસેન રણભૂમિમાં બાજપક્ષીની જેમ તૂટી પડ્યો હતો. જાણે ઇન્દ્ર પોતાના વજ્રથી પર્વતોને ધમરોળે તેમ ભીમસેન હાથીઓને ધમરોળી નાખતો ત્યારે હાથીઓ પણ ‘‘વજ્રના પ્રહારથી પર્વત ઢળી પડે તેમ’’ રણભૂમિમાં ઢળી પડતા હતા અને ત્યારે ભીમસેન પણ મહાકાલ યમરાજ જેવો દેખાતો હતો. ભીમની ગદા પણ હાથીઓના લોહીથી ખરડાયેલી, વાળ અને મજ્જા ચોંટેલાં હોવાથી જુગુપ્સાપ્રેરક લાગતી હતી.

"પશુઓને હણી રહેલા, ગુસ્સે થયેલા રુદ્રના પિનાક ધનુષ્ય જેવી ગદાથી ભીમસેને હાથીઓની સેનાને વશમાં રાખી", જેમ "પશુપાલક લાકડી વડે પશુઓનાં ટોળાંને વશમાં રાખે તેમ."

અને પરિણામે શું થયું ?

"મહાઝંઝાવાત વાદળાંઓને વેરવિખેર કરે, તેમ હાથીઓને વેરવિખેર કરી નાખ્યા. શંકરની જેમ નર્તન કરતો, હાથીસંહારક ભીમ યુદ્ધમેદાનમાં એવી રીતે ઊભો રહ્યો, જેવી રીતે સ્મશાનભૂમિમાં મહાકાલ મહાદેવ ઊભા રહ્યા હોય."

नृत्यमानमपश्याम नृत्यन्तमिव शंकरम् ।
अतिष्टि तुमुले भीमः स्मशाने इव शूलभृत् ।।

વ્યાસજીની વાણીમાં સરસ્વતીદેવીનો વીણાનાદ છે કે પછી વ્યાસજીને અતિપ્રિય એવા શ્રીકૃષ્ણનો વેણુનાદ છે ? હા, સૌને ઘેલાં કરતી બંસીનો બોલ પણ છે અને વીણામાં વ્યક્ત થતો પંચમનાદ પણ છે જ.

જ્યારે હાથીઓની સેના હણાઈ ગઈ ત્યારે બેબાકળા બનેલા દુર્યોધને બધી સેનાઓ ભેગી મળી ભીમસેન ઉપર આક્રમણ કરી તેને હણી નાખવાની આજ્ઞા કરી. "અમાસે અને પૂનમે ઊભરાતા મહાસાગરને પાર કરવો જેવો મુશ્કેલ" તેની જેમ જ કૌરવોના આ સેનાસમૂહને જીતવો દેવોને પણ મુશ્કેલ હતો, કારણ, "સેનારૂપી એ સાગર હાથીઓ, અશ્વો અને રથોરૂપી કાદવવાળો, શંખો અને દુંદુભિઓના અવાજથી ગાજતો, રાજાઓરૂપી શાંત, અનંત, અપાર પેટાળવાળો હતો."

પણ સામે કોણ હતું ? મહાબલી ભીમસેન. "પશુઓના ટોળામાં વરુ પોતાની જીભ ચાટવા માંડે તેમ" કૌરવ મહારથીઓને જોઈને ભીમસેન પોતાના હોઠ પીસવા લાગ્યો. ભીમસેન પેલા મહાસાગરનો કિનારો બની ગયો. શ્રદ્ધેય છતાં અદ્‌ભુત-અલૌકિક પરાક્રમ બતાવતાં એણે શું-શું કર્યું ?

"પ્રલયકાળના અંતે ઝળહળતા અગ્નિની જેમ રણભૂમિમાં તે ઘૂમવા લાગ્યો." અને મહાશક્તિ ભીમ "નેતરના ઝુંડને હાથી પોતાની સાથે ખેંચી જાય તેમ" ભારે વેગથી રથના ઝુંડને ખેંચી જતો હતો.

पिनाकमिव रुद्रस्य क्रुद्धस्याभिघ्नतः पशून् ।
यमदण्डोपमामुग्रामिन्द्रा शनिसमस्वनाम् ।
ददृशुर्भीमसेनस्य रौद्रां विशसनीं गदाम् ।।

"ભીમસેનની એ મહાસંહારક ગદા ક્રોધે ભરાયેલ અને પશુઓને હણી નાખતા રુદ્રના પિનાક ધનુષ્ય જેવી, યમદંડના જેવી ભયાનક, ઇન્દ્રના વજ્રની જેમ અવાજ કરતી દેખાતી હતી."

અપરાજિત ભીમસેન "મોઢું ફાડેલા યમરાજની જેમ બધી સેનાઓને ગળી જતો." મહાપરાક્રમી ભીમસેન એકલો જ સર્વ શત્રુઓને ત્રાસ ઉપજાવવા લાગ્યો.

ભીમસેનનાં શક્તિ, પરાક્રમ, આત્મવિશ્વાસ, ખુન્નસ, રૌદ્રતા અને તેના ગુણોને યોગ્ય મહાસંહારક ગદા એ સર્વનું વર્ણન કરવામાં વ્યાસજી ઉપમાના નાવીન્યને કારણે આપણને મોહિત કરે છે. વ્યાસજી તુલના કરે કે પ્રશંસા, ઉપદેશ આપે કે આદર્શ બતાવે - પ્રમાણભાન એવું તો ગજબનું છે કે ક્યાંય નથી વિસ્તૃતિ કે નથી ક્યાંય ઓછપ અને છતાંયે માહિતીઓનો ભંડાર એનું નામ 'મહાભારત'.

ભીમસેનના આ અદ્વિતીય પરાક્રમને પરિણામે હણાયેલા યોદ્ધાઓ, ઘવાયેલા કે મરણ પામેલા હાથીઓ અને અશ્વોથી છવાયેલી રણભૂમિ મૃત્યુના નિવાસસ્થાન જેવી બની ગઈ.

સંજયે પાંડવોની વિજયકૂચ અને તેમાંયે ભીમ અને અર્જુને વેરેલા કૌરવોના વિનાશનો આંખેદેખ્યો અહેવાલ ધૃતરાષ્ટ્રને આપ્યો ત્યારે સ્વાભાવિકપણે ધૃતરાષ્ટ્ર વિલાપ કરવા માંડે છે. જે ઘડીકમાં આનંદ અને ઘડીકમાં શોક એવો જે સ્થિતપ્રજ્ઞ નથી, સમતા કે સ્વસ્થતા જાળવી શકતો નથી, જે મોહવશ થઈ સદા સ્વાર્થી કામનાઓમાં જ રચ્યોપચ્યો છે તેની હાલત કેવી થાય, તે ધૃતરાષ્ટ્રના પાત્ર દ્વારા વ્યાસજી આપણને સમજાવે છે. કર્મ કરવા પોતે સ્વતંત્ર છે, પણ સાથે પરિણામ પણ પોતે જ ભોગવવું પડે છે. બીજાને દોષ દઈ ન શકાય. અહીં ધૃતરાષ્ટ્ર આખરી હથિયાર સમા પ્રારબ્ધને દોષ દે છે.

दैवमेव परं मन्ये पौरुषादपि संजय ।
यत्सैन्य मम पुत्रस्य पाण्डुसैन्येन वध्यते ।।

"પુરુષાર્થ અને પરાક્રમ કરતાં નસીબ જ મને તો શ્રેષ્ઠ જણાય છે, કારણ, પાંડવોનું સૈન્ય મારા સૈન્યનો વધ કરી રહ્યું છે."

દોષનો ટોપલો બીજા પર ઓઢાડી દેવાની માનવસહજ વૃત્તિથી ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે : "તું હંમેશાં મારા સૈનિકોના હણાયાના જ સમાચાર આપે છે. પાંડવોને હંમેશાં અવ્યગ્ર અને ખુશખુશાલ રહેતા જ દર્શાવે છે." ધૃતરાષ્ટ્રનો આક્રોશ વધે છે તેથી તે પૂછે છે : "પાંડવો શા કારણે હણી શકાતા નથી ? તેઓને કોણે વરદાન આપ્યાં છે ?"

છેલ્લે દુઃખી અને હતાશ ધૃતરાષ્ટ્ર કહે છે : "પોતાની ભુજાઓ વડે તરીને કોઈ મનુષ્ય મહાસાગરનો પાર પામી શકે નહીં, તેમ હું આ દુઃખનો પાર પામી શકતો નથી."

ઇચ્છિત પરિણામ ન મળતાં પ્રારબ્ધને દોષ દીધો, પછી બીજાને દોષિત ઠેરવવાની ટેવ છતી થઈ અને પોતાની જવાબદારી ખંખેરી નાખી, ત્યારબાદ હતાશા અને દંડનો સ્વીકાર કર્યો અને છેલ્લે એ બધાથી છટકવાની સ્વાર્થ સાધતી કુટિલ નીતિનો આશરો લીધો. આ છે ધૃતરાષ્ટ્રનું આંતર મન.

માનવીમાં રહેલા ગુણાવગુણોનું આલેખન કરવા વ્યાસજીએ ધૃતરાષ્ટ્રના પાત્રને હાથવગું રાખ્યું છે. વ્યાસજીના મતે તો પ્રતિજ્ઞા, સંકલ્પો, વચનો - એ કશુંય રાજકારણીને માટે સનાતન નથી, ત્રિકાલાબાધિત નથી. સિદ્ધાંતો પણ એમને માટે વ્યવહારના લાભાર્થે જ હોય છે. સમય અને સંજોગનું બળ એ જ સાર્વભૌમ કાયદો અને એ જ રાજકારણીઓનો સિદ્ધાંત.

ધૃતરાષ્ટ્ર પાકો રાજકારણી, શઠ, તકસાધુ અને સ્વાર્થપરાયણ છે. તે કહે છે કે મહાન માનવીની મર્યાદા વ્યક્ત કરવામાં પણ જે અચકાય નહીં તે ખરો કવિ, ખરો કલાકાર. વ્યાસજી તેમાં પ્રથમ આવે. માનવસ્વભાવની સંસ્કૃતિ અને વિકૃતિ, શિખરો અને ખાઈઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને તટસ્થ આલોચન કરનાર વ્યાસજી ઔચિત્ય અને માંગલ્ય ગાનારા મહાકવિ છે. તેથી જ ધૃતરાષ્ટ્ર ભલે રાજા છે, છતાંય જેવો છે તેવો વર્ણવતાં આ ખરા ઇલમી અને ખરા શૂરા મહાકવિ અચકાયા નથી.

આગળ ધૃતરાષ્ટ્ર પૂછે છે : "હે સંજય ! ભીમસેન મારા પુત્રોનો વધ કરી નાખશે ! અમારો વિનાશ શાના કારણે ? પાંડવોનો પરાજય કરવાની યુક્તિ - સત્યતત્ત્વ તું મને કહી સંભળાવ."

આક્ષેપો સાંભળ્યા છતાં સંજય સ્વસ્થ છે, તટસ્થ અને નિર્ભય છે, સ્પષ્ટવક્તા છે અને મોકો મળે ત્યાં ધારદાર ઉપાલંભ પણ આપે છે. સંજય કહે છે :

"પરમ શ્રી અને સમૃદ્ધિથી યુક્ત મહાબળવાન પાંડવો ધર્મનું પાલન કરતા હોવાથી યુદ્ધમાંથી ક્યારેય પલાયન થતા નથી, અને જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે." વળી આગળ કહે છે : "આપના પુત્રો કૌરવો દુરાત્મા છે, હંમેશાં પાપકર્મો કરવામાં પ્રવૃત્ત રહ્યા છે, નિષ્ઠુર છે અને હીન કર્મો કરનારા છે, તેથી તેઓ યુદ્ધમાં પરાજય પામે છે."

મોકે ઘા કરનારો, કડવું સત્ય કહેવાની હિંમત ધરાવતો આ સૂતપુત્ર ધૃતરાષ્ટ્રને કહે છે :

''કૌરવો દ્વારા કરાતા આ અતિ ભયાનક કુકર્મનું 'કિંપાક'ના જેવું આ ફળ આપને પ્રાપ્ત થયું છે.'' કિંપાક એક પ્રકારના ઝેરી ઝાડનું ઝેરી ફળ છે, જે આરંભમાં મીઠું લાગે છે, પણ પરિણામે વિનાશ કરનારું છે.

ટી-૨૦ના છેલ્લા બોલે સંજય સિક્સર મારે છે : ''મરણપથારીએ પડેલો માણસ પથ્ય ઔષધને ન સ્વીકારે, તેમ આપે મારું હિતકારક અને પથ્ય વચન સ્વીકાર્યું ન હતું.''

ધૃતરાષ્ટ્રે પ્રારંભમાં કરેલા આક્ષેપોનો સંજયે સ્વબચાવ પણ કરી લીધો ને નગ્ન સત્ય પણ સંભળાવી દીધું.

સ્વાર્થી દુર્જનો પોતાના દુષ્ટ અન્યાયો જોવામાં અંધ હોય છે, બીજાના દોષ જોવામાં દિવ્યચક્ષુવાળા બની જાય છે. પોતાનાં ગુણગાન કરવામાં શૂરાપૂરા બીજાની સ્તુતિ કરતી વખતે મૌન સેવવા લાગે છે.

આપણે એટલું નથી સમજતાં કે વૃક્ષ પોતાનાં લીલાં પર્ણો, સુગંધી પુષ્પો, મીઠાં ફળો માટે ડંફાસ નથી મારતાં, સમુદ્ર વાતેવાતે મોતીદેખાડો નથી કરતો, આકાશ પણ ચૂપચાપ વિશાળતાથી છવાઈ જાય છે, જ્યારે માનવી પોતાની યશોગાથા ગાવામાંથી નવરો નથી પડતો.

વેદ-ઉપનિષદની સંસ્કારનિષ્ઠાથી સભર વેદવ્યાસે માનવમનની છબી પ્રતિબિંબિત કરી છે. પ્રતિબિંબ સ્પષ્ટ જોવા માટે ફક્ત અરીસો જ સાફ કર્યા કરવાની જરૂર નથી, જરૂર હોય છે આપણા મુખને પણ સ્વચ્છ કરવાની.

દેવોનું દાનવો સાથે યુદ્ધ થયું હતું તેવું જ ઘોર યુદ્ધ વિજયની આશા રાખનારી આ બંને સેનાઓ વચ્ચે જામ્યું. છઠ્ઠા દિવસના આ મહાવિનાશક સંગ્રામને વર્ણવતાં વ્યાસજી કહે છે : ''મોટા ગજરાજોના ચિત્કારથી, પીડાયેલા અશ્વોના હણહણાટથી તથા રણશિંગાં અને શંખોના મહાધ્વનિથી જાણે આકાશ ભરાઈ ગયું. ગાયોના ગોંદરે ગર્જતા ધણખૂંટોની જેમ યોદ્ધાઓ ગર્જના કરતા હતા. આકાશમાંથી પથ્થરોનો વરસાદ વરસતો હોય તેમ તીક્ષ્ણ બાણો વડે છેદાયેલાં કુંડળો અને શિરસ્ત્રાણ ધારણ કરેલાં, સોનાની જેમ ચમકતાં મસ્તકો ટપોટપ નીચે પડતાં હતાં.''

આવા ભયાનક વાતાવરણમાં પણ સૌંદર્યની છાંટ છાંટવાનું કવિ ચૂકતા નથી. તેઓ કહે છે : ''કવચોથી ઢંકાયેલાં શરીરોથી, ધનુષ્ય ધારણ કરેલી

અલંકારયુક્ત ભુજાઓથી, ચંદ્ર જેવી સુંદર મુખાકૃતિઓથી અને રતૂમડાં રમણીય નયનોથી ભૂમિ છવાઈ ગઈ અને ઉપર આકાશ ધૂળની ડમરીથી છવાઈ ગયું. શસ્ત્રોરૂપી વીજળીના ચમકારા થવા લાગ્યા અને આયુધોના અથડાવાથી જાણે મેઘગર્જના થતી સંભળાઈ. મદોન્મત્ત ક્ષત્રિયોની અવિરત બાણવર્ષાથી લોહીપ્રવાહ વહેવા લાગ્યો. કાળને વશ વર્તતા ક્ષત્રિયો એકબીજાને શસ્ત્રોથી કે પછી છેવટે મુષ્ટિપ્રહારથી, ઘૂંટણપ્રહારથી કે હાથે પહેરેલાં લોખંડી કવચોથી યુદ્ધ કરવા લાગ્યા.''

''શૂરવીર યોદ્ધાઓની ઉત્તમ ભુજાઓ દ્વારા વીંઝાતાં નક્ષત્રોના જેવાં નિર્મળ શસ્ત્રો વડે આખું આકાશ ઝળહળી રહ્યું.'' વ્યાસજીની કાવ્યશક્તિ યોદ્ધા અને શસ્ત્રો જેટલી જ સબળ છે ને ?

આ બાજુ વીર સૃંજયો કૌરવો પર એવો તો દારુણ પ્રહાર કરતા હતા કે આકાશ, દિશાઓ કે સૂર્ય - બધું જ દેખાતું બંધ થઈ ગયું અને વિવિધ શસ્ત્રોની પ્રભા જ ચોતરફ ફેલાઈ ગઈ. આખું સમરાંગણ સુંદર આભૂષણો અને કવચોની કાન્તિથી દીપતું હતું અને બંને સેનાના રથોનાં સિંહાસનો તથા પુરુષવ્યાઘ્રો આકાશી ગ્રહોની જેમ શોભતા હતા.

આખરે દિગ્મૂઢ કૌરવસેના નાસભાગ કરવા લાગી. ભીષ્મ પાંડવસેનાને સંહારવામાં મસ્ત હતા અને બીજી બાજુ ભીષ્મરક્ષક અશ્વત્થામાનું અર્જુન સાથે ભીષણ દ્વંદ્વયુદ્ધ થતું હતું.

એ જ સમયે અટ્ટહાસ્ય સાથે તાંડવનૃત્ય કરતા સાક્ષાત્ રુદ્ર જેવો દેખાતો ભીમસેન અને હિમાદ્રિ ઉપર ચડી આવતા મેઘ જેવો દુર્યોધન બંને સામસામા આવી ગયા. મદોન્મત્ત હાથી જેમ તાળીઓનો અવાજ સહન ન કરે તેવી રીતે દુર્યોધનનો પ્રહાર સહન ન કરી શકતો ભીમસેન સમુદ્રની પેઠે ઘૂઘવતો દુર્યોધન પ્રતિ બાણવર્ષા કરવા લાગ્યો. ત્યારે દુર્યોધન પણ મણિમાળાથી શોભતો હોય તેમ ભોંકાયેલાં બાણોના કારણે ગ્રહોથી ઘેરાયેલા સૂર્ય જેવો શોભતો હતો.

એક બાજુ સાત્યકિ જલધારાની જેમ બાણવર્ષા કરી રહ્યો હતો અને તેના દસ પુત્રો યૂપકેતુ ભૂરિશ્રવા સામે એવા તો ધસ્યા, જાણે કોઈ મહામેઘ મહાપર્વતને ઢાંકી દેવા દોડ્યા; પરંતુ ભૂરિશ્રવાના વળતા પ્રહારથી વજ્રથી તૂટી પડતા વૃક્ષની જેમ દસેય પુત્રો ભૂમિ પર પડ્યા.

બીજી બાજુ દુર્યોધનની આજ્ઞા પ્રમાણે અર્જુનને હણવા ધસેલા ૨૫ હજાર કૌરવયોદ્ધાઓને અર્જુને હણી નાખ્યા, જેમ અગ્નિ પાસે આવેલાં તીડ બળી મરે તેમ. સાયંકાળની સૂર્યની લાલિમા જાણે ઘેરી રતાશભરી બની ગઈ.

રાત્રિવિશ્રામ પૂરો થયો ને બીજા દિવસે નક્ષત્રોથી શોભતી રાત્રિ જેવી પાંડવસેના અને ગ્રહોથી છવાયેલું નભોમંડળ શોભે તેવી કૌરવસેના સામસામી ગોઠવાઈ ગઈ અને ટૂંક સમયમાં જ ભીમ અને અર્જુન વડે ખૂબ ઘવાયેલી કૌરવસેના મદહોશ બનેલી વારાંગનાની જેમ મૂર્છિત થવા લાગી.

વ્યાસજીની કાવ્યશૈલી એટલે ઉચિત અલંકારયુક્ત, સચોટ ચરિત્રચિત્રણ કરતી અદ્‌ભુત કલ્પનાથી સભર શબ્દચિત્ર.

દુર્યોધનના નાના ભાઈઓ ઉપર આક્રમણ કરતો-કરતો ભીમસેન ભીષ્મથી રક્ષાયેલી કૌરવમહાસેનામાં પ્રવેશી ગયો. "ભીષ્મેણ સમરે ગુપ્તાં પ્રવિવેશ મહાચમૂમ્", ત્યારે "પ્રજાનો વિનાશ કરવા ક્રૂર ગ્રહો સૂર્યને ઘેરી વળે" તેમ કૌરવભાઈઓએ પૃથાપુત્ર ભીમસેનને ઘેરી લીધો.

પ્રલયકાળે ઊગેલા ઉગ્ર કેતુઓ જેવા કૌરવવીરોને ભીમસેને ઝંઝાવાતમાં ભાંગી જતાં વૃક્ષોની જેમ સંહારી નાખ્યા. એ જોઈ દુર્યોધનની સેના ખેતરોમાંથી ઊડી જતાં પક્ષીઓની જેમ ભાગી છૂટી. યુદ્ધના આ અનિષ્ટ છઠ્ઠા દિવસે દુર્યોધનના સાત ભાઈઓ ભીમના હાથે હણાયા.

યુદ્ધનો સાતમો દિવસ કૌરવોના માટે અનિષ્ટ નીવડ્યો. દિવસના પૂર્વાર્ધમાં અર્જુન અને ઉલૂપીના પુત્ર ઈરાવાને અવંતીના રાજવી વિંદ અને અનુવિંદને પરાજિત કર્યા. અવાચક બની ગયેલી કૌરવસેનાને પણ ઈરાવાને ધમરોળી નાખી, "કોઈ મનુષ્ય ઝેર પીને પોતાના આવેગો પ્રકટ કરે તેમ હણાયેલી હતાશ કૌરવસેના અનેક આવેગો કરવા લાગી."

મધ્યાહ્ન પછી અભિમન્યુ પટમાં આવ્યો અને શિશિરઋતુ બાદ અગ્નિ જે રીતે ભડભડ બળે, તેમ કૌરવસેના સુભદ્રાપુત્રના હાથે સંહાર પામવા લાગી. "વાત, પિત્ત અને કફ એ ત્રણેય દોષ સામે માનવશરીર લડે, તેમ ચિત્રસેન, વિકર્ણ અને દુર્મષણ સામે અભિમન્યુ બહાદુરીથી લડ્યો." વ્યાસજીની કૌતુકભરી, પ્રમોદયુક્ત શૈલી કેટલી યથાર્થ લાગે છે ! અભિમન્યુએ આ ત્રણેય દોષસ્વરૂપ યોદ્ધાને હણ્યા નહીં, ફક્ત હરાવ્યા જ, કારણ, ભીમસેનની પ્રતિજ્ઞા તેને યાદ હતી.

સંધ્યા ઢળી. સૂર્ય લાલ રંગનો બન્યો ત્યારે ભીમને હણવાની ઇચ્છાથી આક્રમણકારી દુર્યોધન ભીમ સામે ધસી આવ્યો.

દ્વંદ્વયુદ્ધ મંડાયું ને વ્યાસવાણી ખીલવા લાગી. શત્રુવિનાશક ભીમે દુર્યોધનના

રથછત્રને તોડી ધ્વજભંગ પણ કરી નાખ્યો. ભીમે સિંહનાદ કર્યો, કારણ, દુર્યોધનની ધજાનો ઠાઠ પણ અદકેરો હતો. "વાદળમાંથી વીજળી પડે તેવી, ઝળહળતા સૂરજ જેવી, વિવિધ રત્નોથી શોભતી અને સર્પના તેજસ્વી મણિ જેવી દીપતી" કુરુરાજ દુર્યોધનની ધજા કપાઈને પડી ત્યારે બધા જ રાજાઓ અવાચક બની જોઈ જ રહ્યા.

ત્યારબાદ મહાવત અંકુશથી મહાગજરાજને મારે, તેવી રીતે મહાબલી ભીમે હસતાં-હસતાં દુર્યોધન પર બાણપ્રહાર કરી તેને ઘાયલ કર્યો. છંછેડાયેલા દુર્યોધનના અન્ય પાંચ ભાઈઓએ કેકય યોદ્ધાઓ પર આક્રમણ કર્યું. "જાણે સિંહો એક વનમાંથી બીજા વનમાં પ્રવેશે તેમ કૌરવબંધુઓ કેકય સૈન્યમાં પ્રવેશ્યા." વ્યાસજીએ કેટલું સચોટ દૃષ્ટાંત આપી દીધું !

હજુ અભિમન્યુ તખતા પર જ છે. રણભૂમિમાં નર્તન કરતો હોય તેમ સહજતાથી તેણે શિલા પર ઘસીને ધારદાર બનાવેલાં પાણીદાર બાણો વડે વિકર્ણને તાક્યો. સોનાની પૂંખવાળાં ને વિકર્ણના લોહીથી ખરડાયેલાં તે બાણો જાણે લોહીનું વમન કરી રહ્યાં હોય તેવાં દેખાતાં હતાં.

રથો, પશુઓ, સૈનિકો વડે ઊડેલી લાલ ધૂળના કારણે ઢંકાયેલા સૂર્યનાં કિરણોવાળી આઠમા દિવસની સવારે યુદ્ધભૂમિ પર સૌ સજ્જ થઈ ઊભા રહ્યા. નભોમંડળમાં મેઘઘટા વચ્ચે વીજળી શોભે તેમ બહુરંગી ધજાઓ લહેરાતી હતી. આદિયુગમાં સમુદ્રમંથન વખતે દેવ-દાનવોનો ભયંકર કોલાહલ થયેલો તેવો કુરુક્ષેત્રના રણાંગણમાં શોરબકોર મચી ગયો હતો.

યુદ્ધપ્રારંભે ત્રિગર્તરાજે અર્જુનને બાણોથી ભરી દીધો, પણ અર્જુને સામું 'ઇન્દ્રાસ્ત્ર' છોડ્યું. કૌરવસેનામાં હાહાકાર મચી ગયો. એક પણ કૌરવયોદ્ધો એવો ન હતો, જે બાણથી વીંધાયેલો ન હોય. ઝંઝાવાતથી ખળભળતા મહાસાગરની જેમ આખું સૈન્ય ડખોળાયું ત્યારે સૌના તારણહાર ભીષ્મ સૌની વહારે ધાયા.

દ્રોણાચાર્ય પણ વીફરેલા છે. સર્પના જેવું ભયાનક કાતિલ બાણ તેમણે વિરાટરાજાના પુત્ર શંખ ઉપર ફેંક્યું અને તરત લોહીથી ભીંજાઈને લાલચોળ બનેલું તે બાણ શંખનું હૃદય ચીરીને ભૂમિ પર પડ્યું.

શિખંડીએ અશ્વત્થામા પર બાણોનો પ્રહાર કર્યો. જેના કપાળમાં ત્રણ બાણો ખૂંપી ગયાં છે તેવો અશ્વત્થામા સોનેરી ઊંચાં ત્રણ શિખરોવાળા મેરુપર્વત જેવો શોભતો હતો.

આગ ઓકતા રાક્ષસરાજ અલંબૂસે પાંડવસૈન્યનો અમાનુષ સંહાર કર્યો ત્યારે છંછેડાયેલા સાત્યકિએ અર્જુન પાસેથી મેળવેલું ઇન્દ્રાસ્ત્ર છોડ્યું. રાક્ષસી માયા નાશ પામી.

અને હવે મહામેઘ સૂર્યને ઢાંકી દે તેમ કૃતવર્માએ ભીમને બાણોથી ઢાંકી દીધો. શત્રુસંતાપક ભીમે બાણો વડે કૃતવર્માને એવો વીંધી નાખ્યો કે તેના અંગેઅંગના ટુકડા થઈ ગયા. "જાણે શ્વાને કરડી ખાધો ન હોય !"

આવાં અનેક પ્રકારનાં દ્વૈરથ દ્વંદ્વયુદ્ધો થયાં, જેમાં કૌરવસેના પરાજિત થઈ, તેનું વર્ણન સંજયમુખે સાંભળીને ધૃતરાષ્ટ્રનું મન ખાટું થઈ ગયું. હતાશામાં ડૂબી ગયેલા ધૃતરાષ્ટ્ર પોતાના પુત્રોના પરાજય માટે જાણે સંજય જવાબદાર હોય તેમ આંતરવેદના ઠાલવે છે : "અમારું જે કાંઈ આનંદદાયક હોય તેની વાત તો તમે કરતા જ નથી અને પાંડવોની જ પ્રશંસા કરો છો. મારા પુત્રો પરાજિત, તેજહીન, યુદ્ધમાં ઉદ્વિગ્ન મનવાળા હોય તેવી જ વાત કરો છો. હશે, આ મારા ભાગ્યનો જ દોષ છે."

સંજય નિર્ભયતાથી અને કાવ્યમય શૈલીમાં સત્ય વાત કરતાં કહે છે : "આપના પુત્રો યથાશક્તિ, યથાઉત્સાહ પરાક્રમ દર્શાવે છે, પરંતુ દેવનદી ગંગાનું મધુર જળ મહાસાગરના સંપર્કમાં આવતાં ખારું થઈ જાય, તેમ આપના પુત્રોનું પરાક્રમ વીર પાંડવો પાસે પહોંચીને પાંગળું બની જાય છે." સંજય મોકે ઘા કરવાનું ચૂકતો નથી. તે કહે છે : "કૌરવપુત્રોને દોષ દેવો યોગ્ય નથી. દુર્યોધનની સાથે આપનો પણ મહાન અપરાધ છે. પૃથ્વી પર યમલોકની વૃદ્ધિ કરનારો મહાવિનાશ એટલે જ ઉત્પન્ન થયો છે."

ઘટોત્કચ અને મદોન્મત્ત ગજરાજ પર બેઠેલા પ્રાગ્જ્યોતિષના રાજા ભગદત્ત વચ્ચે ઘોર યુદ્ધ ખેલાય છે. ઘટોત્કચે ભગદત્તને બાણોથી ઢાંકી દીધો ને ભગદત્તે પણ વળતો પ્રહાર કર્યો, પરંતુ પર્વતને ભેદવા છતાંય અચલ રહે, તેમ ઘટોત્કચે અચલ રહીને ભગદત્તના ગજરાજ ઉપર શક્તિનો પ્રહાર કર્યો, પરંતુ ભગદત્તે સોનાના દાંડાવાળી શક્તિના પણ ટુકડા કરી નાખ્યા. ઘટોત્કચ ભાગ્યો, જેમ પૂર્વે ઇન્દ્રના ભયથી રાક્ષસેન્દ્ર નમુચિ ભાગ્યો હતો તેમ. વિજય-ઉન્માદી ભગદત્તે જંગલી હાથી કમલિનીને કચડી નાખે તેમ પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. વ્યાસજીએ તાદશ ઉપમા ભલે આપી, પણ એમનું પ્રકૃતિપ્રેમી હૃદય કેટલું ઘવાયું હશે !

જુઓ, સહદેવે મામા શલ્યને પણ છોડ્યા નથી. શલ્યને જીત્યા બાદ

માદ્રીપુત્રોએ કૌરવસૈન્યને પણ ભગાડી મૂક્યું. ઇન્દ્ર અને ઉપેન્દ્ર દેવોએ રાક્ષસસેનાને ભગાડી હતી તે પૂર્વકાલીન પ્રસંગો વ્યાસજીને અત્યારે યાદ આવી ગયા.

યુધિષ્ઠિર સિવાયના પાંડવોની શૌર્યગાથા ઘણી વર્ણવી. હવે યુધિષ્ઠિર પટમાં આવે છે.

શ્રુતાયુષ સાથે યુદ્ધ ખેલતાં યુધિષ્ઠિરને જે બાણ વાગ્યાં તેનું વર્ણન વ્યાસજી અદ્‌ભુત કરે છે -

> ते तस्य कवचं भित्वा वपुः शोणितमाहवे ।
> असूनिव विचिन्वन्तो देहे तस्य महात्मनः ।।

"તે બાણ તેના કવચને ભેદીને, તેના શરીરમાં દાખલ થઈને જાણે તેના પ્રાણને શોધતા હોય તેવી રીતે લોહી પીવા લાગ્યાં."

યુગના અંતે પ્રલયાગ્નિ બધાં પ્રાણીઓને બાળી નાખે, તેમ કષ્ટ પામેલા યુધિષ્ઠિરે ક્રોધથી બધાને બાળી નાખ્યા, તો ધૃષ્ટકેતુએ ભૂરિશ્રવાને વીંધી નાખ્યો, છતાંય ભૂરિશ્રવા મધ્યાકાશનાં સૂર્યકિરણો જેવો શોભતો હતો.

ભીષ્મની રક્ષા કરતા સુશર્માને અર્જુને આહ્‌વાન આપ્યું કે હું તને યુદ્ધમાં શ્રેષ્ઠ ગણું છું, પરંતુ તું પૂર્વવેરી છે, તેનું વેર આજે હું વાળવાનો છું. તારા પિતૃઓનું તને દર્શન કરાવીશ. સુશર્મા અર્જુનને કોઈ પ્રત્યુત્તર આપતો નથી, પણ કૌરવસેના સાથે મળી અર્જુનને ઘેરી લે છે અને વાદળોથી ઢંકાઈ જતા સૂર્યની જેમ અર્જુનને બાણોથી ઢાંકી દે છે. ત્યારે અર્જુન પગ નીચે કચડાતા સર્પની જેમ ફૂંફાડા મારતો શત્રુઓને સંતાપવા લાગ્યો. બધા રાજાઓ લોહીથી લથબથ ભૂમિ પર ઢળી પડ્યા, અંગો છિન્નભિન્ન થઈ ગયાં, મસ્તકો કપાઈને જમીન પર દડ્યાં, કવચો તૂટ્યાં. અનેક લોકો નિષ્પ્રાણ થયા. વ્યાસજીએ થોડામાં ઘણું કહ્યું.

ઘમાસાણ યુદ્ધની તારાજી જોઈ કૃપાચાર્ય, શલ્ય, શલ, ચિત્રસેન - બધા મદદે દોડ્યા. પાંડવપક્ષ અર્જુનની મદદે દોડ્યો, પરંતુ કૌરવોએ પાંડવદળને બાણોથી એવું તો વીંધ્યું, જેમ દૈત્યોએ ભેગા મળીને દેવોને વીંધ્યા હતા; પરંતુ ત્યારે પણ કરાલ કાલ સમો ભીમ ચિત્રસેન સાથે ભયાનક યુદ્ધ ખેલતો હતો. પરાજિત થતા ચિત્રસેનનું ક્ષત્રિયધર્મને લાંછનરૂપ કાયરતાભર્યું કૃત્ય વર્ણવતાં વ્યાસજી કહે છે : "ચિત્રસેન મહાગદાને વીંઝાતી જોઈ મૂંઝાઈ ગયો. તલવાર ને ઢાલ ઉપાડી, પોતાના

રથને ત્યજીને પર્વતના શિખર ઉપરથી સિંહ કૂદે એમ કૂદીને ભયભીત ચિત્રસેન પગપાળો રણમેદાનમાંથી ભાગ્યો.''

બીજી બાજુ ભીષ્મે જાણે પ્રલયકારી જંગની આરાધના કરી, મહારથીઓનો વિનાશ કરવાની રમત માંડી. મૃગના ટોળામાં જાણે સિંહ પ્રવેશ્યો. તાડના ઝાડ પરથી પાકાં ફળો પડે તેમ યોદ્ધાઓનાં મસ્તકો ધરણીતલ પર પડવા લાગ્યાં. સામે છેડેથી અર્જુને પણ જાણે વજ્રપાણિ ઇન્દ્રનું સ્વરૂપ ધારણ કર્યું.

ભીષણતા પરાકાષ્ઠાએ પહોંચી, જાણે લોહીની નદીઓ છલકાઈ. પ્રાણીઓ આથડી રહ્યાં. શિયાળ વગેરે માંસભક્ષી પ્રાણીઓ ત્યાં ઊમટી આવ્યાં. વિવિધ અસ્ત્રશસ્ત્ર વીખરાયેલાં પડ્યાં હતાં. મોઢું ફાડેલા ભયાનક સર્પો જેવાં તીક્ષ્ણ બાણો, પર્વત-શિખર જેવી ગદાઓ અને અન્ય શસ્ત્રોથી રણભૂમિ છવાઈ ગઈ હતી. વ્યાસજીને જાણે વિદ્વત્તાની ક્રીડાસ્થલી મળી !

બીજા દિવસે ભીમસેને દુર્યોધનના સાત ભાઈઓ ઉપર આક્રમણ કર્યું ને બધું જૂનુંજૂનું સંભારી બધાને યમસદન મોકલ્યા. તેમાંના એક ભાઈ પંડિતકને હણીને બાણ જમીનમાં ખૂંપી ગયું. જાણે મનુષ્યને સર્પે દંશ દઈ મારી નાખ્યો.

વ્યાસજીએ આગળ ઉપર રચેલ 'શ્રીમદ્ ભાગવત'માં પરીક્ષિતને તક્ષક નાગ કરડે છે. વ્યાસજીની આ કલ્પના યુદ્ધકાળની જ હશે ? વ્યાસજીએ ભૂતકાળની વાત ભીમના મુખે મૂકીને અધર્મ-અનીતિના ફળ વિશે ધારદાર શબ્દોથી રિબામણી કરી છે.

પોતાના પુત્રો હણાયા જાણી ધૃતરાષ્ટ્ર ભાંગી પડે છે. હતાશ ધૃતરાષ્ટ્ર ઘડીક પોતાના મહારથીઓને, ઘડીક દુર્યોધનની હઠને, ઘડીક ભાગ્યને દોષ દઈ કલ્પાંત કરે છે ત્યારે સંજય સણસણતું સંભળાવે છે : ''મરવા પડેલો માણસ પથ્ય ઔષધ લેતો નથી, તેમ આપે મિત્રો-વડીલોનાં હિતકારક વચનો સાંભળ્યાં-સ્વીકાર્યાં નથી.''

તો દ્રોણાચાર્યની સંહારલીલા કેવી હતી ? ઘાયલ સૃંજયો યુદ્ધભૂમિ પર કણસતા કોલાહલ મચાવતા હતા. ભીમસેને ગજરાજોને લક્ષમાં લીધા. કપાયેલી સૂંઢ અને છેદાયેલા પગવાળા ગજરાજો ભૂમિ પર ઢળી પડી કુંજપક્ષીની જેમ કકળાટ કરવા લાગ્યા. હાથીની જેમ હણાયેલા અશ્વો પણ જીભ વિનાના, શ્વાસ લઈ રહેલા નિષ્પ્રાણ ને કણસતા અશ્વોથી રણભૂમિ છવાઈ ગઈ. ઉપરાંત ભાંગેલા રથ, કપાયેલી ધજાઓ, છત્રો, બાજુબંધવાળા હાથ ને કુંડળ ધારણ કરેલાં મસ્તકો રઝળતાં હતાં.

અત્યારે પણ વ્યાસજીને વસંતઋતુમાં પુષ્પોથી છવાયેલી વનભૂમિ જેવી રણભૂમિ ભાસે છે. પ્રકૃતિપ્રેમી મહાકવિને બીભત્સતામાં પણ સૌંદર્યદર્શન થાય

છે. વેદના એક ઋષિ એક સ્થળે કહે છે : "વિશ્વા વામાનિ ધીમહિ ।" (અમે સઘળા સૌંદર્યનું ધ્યાન ધરીએ.) વ્યાસજીએ સૌંદર્યની પરિભાષામાં જીવનનું સત્ય અને આદર્શો રજૂ કર્યાં છે. અનેક પ્રકારની રાજકીય ખટપટો, વેર, દ્વેષભર્યાં યુદ્ધો વચ્ચે પણ ભગવાન શિવની જેમ વ્યાસજીએ મંથનમાંથી ઉદ્ભવેલ વિષનું પાન કરીને આપણને અમૃતનું દાન કર્યું છે, અમૃતઝરો વહેતો રાખ્યો છે.

મહાયુદ્ધ વર્ણવતા 'મહાભારત'કારને અશ્વવિદ્યાનું જ્ઞાન ઓછું હોય તેવું તો ક્યાંથી સંભવે ? અનેક પ્રકારના અશ્વોનું મનમોહક વર્ણન તેમણે કર્યું છે. જાણે મહાસાગરમાં હંસો ઊડતા હોય, ગરુડ પૃથ્વી ઉપર ઊતરી આવ્યાં હોય તેવા અશ્વો વ્યાસજી વર્ણવે છે.

ઈરાવાન અને અલમ્બુસ વચ્ચે માયાવી યુદ્ધ ખેલાય છે અને અલમ્બુસે ઈરાવાનનું કુંડળ-મુકુટથી શોભતું ચંદ્રકમલ જેવી કાન્તિવાળું મસ્તક છેદી નાખ્યું. એ જોઈને ઘટોત્કચે છંછેડાઈને સિંહનાદ કર્યો. એ સિંહનાદે સાગરથી ઘેરાયેલાં પૃથ્વી, પર્વતો અને વનોને કંપાવી દીધાં. કૌરવસૈનિકો ધ્રૂજી ઊઠ્યા. "જેમ વનરાજથી ગજરાજ ભય પામે, તેમ કૌરવો સર્પની જેમ વળ ખાવા લાગ્યા." વ્યાસજીની અલંકારમૌલિકતા, વિચારનું ઔચિત્ય અને કલ્પના ભારોભાર અનુભવાય છે.

ઘટોત્કચ અને તેની દાનવસેનાના પ્રચંડ પ્રહારોને દુર્યોધન "વરસાદની ધારાને ઝીલતા ગજરાજની જેમ ઝીલતો રહ્યો", પરંતુ ઘટોત્કચને પરાસ્ત કરી શકવામાં તેને શંકા હતી; છતાં "ગંધમાદન પર્વત ઉપર ક્રોધે ભરાયેલા સર્પો આવી પડે", તેમ રાક્ષસશ્રેષ્ઠ ઘટોત્કચ ઉપર દુર્યોધનનાં બાણો આવી પડ્યાં. કૌરવ યોદ્ધાના સમૂહે ઘટોત્કચ પર એકસામટી બાણવર્ષા કરીને તેને ઢાંકી દીધો, એટલે ઘટોત્કચ પણ પીડાયેલા ગજરાજની જેમ વ્યથિત થયો ને ગરુડની જેમ ચારેય બાજુ ઊડવા લાગ્યો. આ બધું નજરે પડતાં પર્વની તિથિએ મહાસાગરમાં ભરતી થાય તેવા વેગથી ભીમસેન ઘટોત્કચની મદદે ઊપડ્યો, કારણ, કાદવમાં ખૂંપેલા હાથીને બહાર ખેંચી લાવવા મોટા હાથીઓ જ સમર્થ હોય છે.

મહારૌદ્ર યુદ્ધ જામ્યું. ભીરુને ભય પમાડે તેવા આક્રમણથી કૌરવસેના આકુળવ્યાકુળ ને નિસ્તેજ થઈ ગઈ. અશ્વો તેમ જ હાથીઓએ ઉડાડેલી રજને કારણે ધુમાડા જેવી ઘટાટોપ ડમરીથી રણભૂમિ પર પારકા-પોતાનાને ઓળખવા પણ મુશ્કેલ બન્યા. પિતા પુત્રને પણ ઓળખી શકતો ન હતો અને આખરે ભીષણ યુદ્ધના કારણે લોહીની નદીઓ વહેતી થઈ.

યુદ્ધની અમાનુષિતા અને રાક્ષસી-પિશાચી ભીષણતાનું દર્શન કરાવી વ્યાસજી

આપણા સંસ્કૃતિ, સંસ્કાર, માનવતા, નીતિ, ધર્મ, દયા, કરુણા, ક્ષમા, આદર અને પ્રેમભાવ જેવા વીસરાતા ગુણોનું આડકતરું સૂચન કરે છે.

ભગદત્ત અને પાંડવો વચ્ચે ભયાનક યુદ્ધ જામ્યું ત્યારે મુખ્ય તો યુદ્ધનિષ્ણાત વ્યાસજીએ કેળવાયેલા ગજરાજને જ કેન્દ્રબિંદુમાં રાખ્યા છે. એ પ્રસંગનું ભાષાસૌંદર્ય જાણે ગિરિશિખરે બિરાજે છે.

ક્રોધે ભરાયેલા ગજરાજો સાંબેલા જેવા દંતૂશળોથી અન્યોન્યને ઘાયલ કરતા. ભગદત્ત જે હાથી ઉપર આરૂઢ હતો તે સુપ્રતીક ગજરાજના શરીરમાંથી મદની સાત ધારાઓ વહેતી હતી, જાણે પર્વત પરથી દડી આવતાં ઝરણાંઓ. ઐરાવત પર બેઠેલો ઇન્દ્ર જલધારા વરસાવે, તેમ ભગદત્ત બાણવર્ષા વરસાવતો હતો. સામેથી દોડી આવતા દશાર્ણરાજના હાથીને ભગદત્તના ગજરાજે આંતર્યો, જેમ સાગરકિનારો દોડી આવતા મહાસાગરને રોકે તેમ. ભગદત્તે દશાર્ણરાજના હાથી પર ચૌદ તોમરોનો પ્રહાર કર્યો ત્યારે સોનેમઢેલા કવચને ભેદીને તોમરો હાથીના શરીરમાં પેસી ગયાં. ખૂબ ખેલ ખેલ્યા પછી ભગદત્તના ગજરાજનો મદ ઊતર્યો અને ઝડપથી તે પાછો ફરી ભાગવા લાગ્યો. ભાન ભૂલેલો એ સુપ્રતીક ગજરાજ, વંટોળિયો જેમ વૃક્ષોને ઢાળી દે તેમ પોતાની જ સેનાને ધમરોળતો ભાગ્યો, પણ ત્યારે પણ તેનો જુસ્સો કેવો હતો ? ''પ્રલયકાળમાં બધું ભસ્મીભૂત કરી નાખનાર સંવર્તક અગ્નિ - વડવાનલ જેવો તે લાગતો હતો.''

અને હવે જુઓ વ્યાસજીનું સુયોગ્ય શબ્દચયન !

''અગ્નિમાં પડીને ચામડું સંકોચાઈ જાય, તેમ આ હાથીના ક્રોધાગ્નિમાં મસળાતું પાંડવસૈન્ય સંકોચાઈને ક્ષીણ થઈ ગયું.''

तेन संलोत्यमानं तु पाण्डुनां तद्बलं महत् ।
संचुकोच महाराज चर्मेवाग्नौ समाहितम् ।।

શ્રવણરમણીયતા અને નાદમાધુર્ય તે આનું નામ !

વસુઓ ઇન્દ્ર પર ધસી જાય, તેમ દુર્યોધનના સાત ભાઈઓએ ભીમ ઉપર આક્રમણ કર્યું, પરંતુ હવિ હોમવાથી અગ્નિ પ્રજ્વલિત થાય, તેમ ક્રોધથી પ્રજ્વલિત ભીમે સાતેય કૌરવભાઈઓને મારી નાખ્યા. તીક્ષ્ણ ભાલો ફેંકીને સાતમાંના એક ભાઈ કુંડલીને મારી નાખ્યો. બાકીના ભીમના ભયાનક પ્રહારોનો ભોગ બન્યા, પરંતુ ઢળી પડેલા કૌરવો પણ ''વસંતઋતુમાં આમ્રમંજરી શોભે તેમ શોભતા હતા.''

વ્યાસજી નાભિનાળથી વનાંચલ સાથે જોડાયેલા છે, એથી એમના ભીતર બેઠેલા કવિજીવને પોષણ મળતું રહે છે.

પુત્ર ઇરાવાનને હણાયેલો સાંભળી અર્જુન ભારે દુઃખથી ઘેરાઈ ક્રોધથી ફૂંફાડા મારવા લાગ્યો. મોટી સરાણના ઘસારાને તો મણિ જ સહન કરી શકે, માટીનો કણ નહીં. અર્જુને શોકને કોરાણે મૂકી ભીમસેન અને અભિમન્યુને સાથમાં લઈ દારુણ જંગ ખેલવો શરૂ કર્યો.

રણભૂમિમાં શૂરવીર યોદ્ધાઓ એકબીજાના વાળ પકડી, નખના નહોર મારી, દાંતોથી ભીંસી નાખીને, મુક્કા અને પાદપ્રહાર કરીને લડવા લાગ્યા. શરીરનો જે ભાગ ખુલ્લો દેખાય તેના પર પ્રહાર કરી તેઓને યમસદન પહોંચાડી દેવા લાગ્યા. હણાયેલા યોદ્ધાઓનાં વિવિધ શસ્ત્રો વગેરે તેલથી સાફ કરેલાં હોવાથી, કાંચળીથી મુક્ત થયેલા સર્પની જેમ શોભતાં હતાં. હાથીદાંતની મૂઠવાળી સોનાની તલવારો, સોનેમઢેલી ઢાલો, કવચો, સોનેમઢેલાં પ્રાસો, તોમરો, શક્તિઓ, મુશળો, પટ્ટિશો અને ભિંડિપાલો જમીન પર કપાયેલાં પડેલાં હતાં.

ગદા વડે ભાંગી ગયેલ ગાત્રોવાળા અને છેદાઈ ગયેલા મસ્તકવાળા, હાથી, અશ્વ કે રથ નીચે કચડાઈને પ્રાણહીન નરવીરો સૂતા હતા. નિષ્પ્રાણ શૂરવીરો કેટલાક અબોલ હતા, કેટલાક કણસતા હતા, પણ બધા જ લોહીથી લથબથ તો હતા જ. જ્વાલાઓ શમી ગયા પછીના અગ્નિથી યજ્ઞભૂમિ ભાસે તેવી આ રણભૂમિ ભાસતી હતી.

વ્યાસજી સાત્ત્વિક સાથે રાજસી અને તામસી ચિત્રોનો સમન્વય એવો અદ્‌ભુત કરે છે કે જાણે વિવિધ રંગછાંટણીવાળી ભાતીગળતા.

ગજરાજોને બાંધવામાં આવતાં આભૂષણો, વૈદૂર્યમણિના હાથાવાળા અંકુશોથી આખી ભૂમિ છવાયેલી હતી. અશ્વોની ડોકનાં ઘરેણાં અને રાજાઓએ ધારણ કરેલા વિવિધ અને મૂલ્યવાન અલંકારોથી ધરતી ભરાઈ ગઈ હતી ત્યારે "એ ભૂમિ ગ્રહો અને નક્ષત્રોથી ચમકતું આકાશ શોભે તેમ શોભતી હતી" કે પછી "અલંકારોથી સજીધજીને શોભાયમાન થયેલી સુંદરી જેવી શોભતી હતી ?"

'મહાભારત'કારને યુદ્ધ અને યુદ્ધભૂમિનું વર્ણન કરતાં થાક જ નથી લાગતો ! તેઓ રૌદ્રરસ અને કરુણરસની વચ્ચેવચ્ચે શૃંગારરસનો છંટકાવ કરી, વાતાવરણ હળવું, પ્રફુલ્લિત અને મઘમઘતું બનાવવામાં પણ કાબેલિયત ધરાવે છે ને !

હતાશ દુર્યોધન ભીષ્મપિતામહને મળવા રાત્રે જાય છે ત્યારે ચારેય દિશાઓમાં

સુગંધી તેલ પૂરેલા સોનાના સુંદર પ્રજ્વલિત દીવાઓથી ઘેરાયેલો દુર્યોધન ચંદ્ર સમો શોભતો હતો. દુર્યોધનનાં કટુવચનો અને શસ્ત્રસંન્યાસ લેવાનું આડકતરું સૂચન મળતાં પિતામહને મર્માઘાત થયો. તેઓ પરમ વિષાદ પામ્યા. પોતાની પરવશતા પોતાને પીડી રહી. દુઃખ, ક્રોધ, અપમાનથી ઘેરાયેલા ભીષ્મે થોડી વાર મૌન સેવી વિચાર કર્યો અને તેઓ "સળિયાની અણીથી ભેદાયેલા સર્પની જેમ ફૂંફાડા મારતા શ્વાસ ભરવા લાગ્યા." પછી ભીષ્મે કહ્યું : "હે દુર્યોધન ! મરણપથારીએ પડેલો માણસ બધાં જ વૃક્ષોને સોનેરી રંગનાં જુએ, તેમ તું બધું અવળું જ જુએ છે." પછી નવમા દિવસે પોતે યુદ્ધ વધુ ઝનૂનથી લડશે તેવું આશ્વાસન આપ્યું અને દુર્યોધને ભીષ્મનું રક્ષણ કરવાનું સૂચન અન્ય મહારથીને આપ્યું.

આ બાજુ નિર્ધૂમ અગ્નિ જેવો અભિમન્યુ યમદંડ જેવાં, આગની જ્વાલાઓ કાઢતા સર્પો જેવાં ભયાનક બાણો ફેંકીને શૂરવીર ક્ષત્રિયોને યમસદન પહોંચાડવા લાગ્યો હતો. તેનું સોનેમઢ્યું ધનુષ્ય ચમકારા કરતી વીજળીની જેમ ઝગારા મારતું હતું અને તેમાંથી ભમરાના ઝુંડ જેવાં બાણો વછૂટીને કૌરવસેનાને ત્રાહિત્રાહિ પોકરાવતા હતા.

વ્યાસજી પોતાના લાડકડા અભિમન્યુને બિરદાવવામાં કોઈ કમી રાખતા નથી ને !

અભિમન્યુને હણવાના ઇરાદાથી અલંબુસ આવી ચડ્યો. દેવસેનાએ બલિરાજા પર આક્રમણ કરેલું તેવું પાંડવસેનાએ અલંબુસ પર આક્રમણ કર્યું. પાંચ દ્રુપદપુત્રોએ અલંબુસને ખૂબ પીડા પહોંચાડી - "જેમ યુગાન્તે પાંચ ગ્રહો એકઠા થઈ ચંદ્રમાને પીડે તેમ". પ્રતિવિંધ્યના બાણથી અલંબુસનું બખ્તર ભેદાઈ ગયું, એટલે સર્પરાજ વાસુકિની જેમ તે ગુસ્સે થઈ ગયો અને પછી તો અલંબુસ તથા અભિમન્યુ વચ્ચે દ્વંદ્વયુદ્ધ જામ્યું. દેવાસુર-સંગ્રામમાં ઇન્દ્ર અને શમ્બરનું યુદ્ધ યાદ આવી જાય તેવું ભયંકર પરિણામદાયક યુદ્ધ થતું રહ્યું.

અભિમન્યુનાં બાણોથી અલંબુસ વીંધાઈ ગયો ત્યારે તે "કેસૂડાનાં ફૂલોથી છવાઈ ગયેલા પર્વત જેવો શોભતો હતો."

વ્યાસજીએ પ્રયોજેલા આ અલંકારને વાલ્મીકિએ 'રામાયણ'માં કિંશુકનો ઉલ્લેખ કર્યો છે તેની સાથે સરખાવીએ !

રામ કહે છે : "હે લક્ષ્મણ ! નિષ્પત્ર થયેલાં આ કિંશુકવૃક્ષો ઉપર વિપુલ પ્રમાણમાં ઊગેલાં પુષ્પો નયનરમ્ય લાગે છે, પણ સાથે અંગારાના ઢગલા હોય

તેવું પણ જણાય છે", અર્થાત્ કિંશુકવૃક્ષોને લીધે ગિરિશિખરો જાણે ભડકે બળતાં ન હોય તેવાં લાગે છે. ('રામાયણ' : ૪/૧-૭૫)

બંને મહાકવિઓની દૃષ્ટિ સમાન છે ને ?

અભિમન્યુએ અલંબૂસને વીંધી નાખ્યો એ જોઈને ભીષ્મ ઝનૂનથી અભિમન્યુને ઘેરી લેવા દોડ્યા. પીઢ ભીષ્મની કઠોરતા ને બાળ સમાન અભિમન્યુની કોમળતાને લક્ષમાં લેતાં આ શબ્દસ્વામી "મદોન્મત્ત હાથી કમલિનીને કચડી નાખવા દોડે" તેવું દૃષ્ટાંત આપી તાદૃશતા દર્શાવે છે.

'મહાભારત'કારે ભીષ્મને આ પહેલી જ વખત 'મદોન્મત્ત' વિશેષણ આપ્યું છે. ભીષ્મ જેવા સમજુ વડીલ નાદાન બાળક સાથે આવું ઝનૂની યુદ્ધ કરવા પ્રેરાય એ જ જાણે પતનની નિશાની ! "ગ્રહણ વખતે રાહુ સૂર્યને ઘેરી લે તેમ" ભીષ્મે રક્ષણ કરવા દોડી આવેલા અર્જુનને પણ વચ્ચેથી ઘેરી લીધો.

સાત્યકિએ જ્યારે કૃપાચાર્યનો અંત લાવી દેવા ભયાનક બાણ છોડ્યું ત્યારે અશ્વત્થામાએ તેને વચ્ચેથી જ તોડી પાડ્યું, એટલે સાત્યકિએ કૃપાચાર્યને ત્યજી અશ્વત્થામા તરફ દોટ દીધી - "જેમ રાહુ ચંદ્રને ગળવા દોડે તેમ."

વ્યાસજી સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણને અડખેપડખે મૂકીને સચોટ પરિસ્થિતિનો ખ્યાલ આપી પોતાની કાવ્યશક્તિ ખીલવે છે ને ?

"વસંતઋતુના સમયે બળવાન સર્પનું બચ્ચું દરમાં ઘૂસી જાય", તેમ અશ્વત્થામાએ છોડેલું બાણ સાત્યકિને વીંધીને જમીનમાં પેસી ગયું અને મેઘછટાથી સૂરજ ઢંકાય તેમ સાત્યકિ બાણોથી ઢંકાઈ ગયો, છતાં પણ શત્રુસંતાપક સાત્યકિએ બાણોની જાળ ભેદીને પણ અશ્વત્થામાને ભારે સંતાપ આપ્યો.

પુત્રને બચાવવા પિતા દ્રોણ દોડી આવ્યા, તો સાત્યકિની મદદે અર્જુન દોડી આવ્યો, એટલે બુધ અને શુક્ર સમા ગુરુ-શિષ્ય સામસામા આવી ગયા.

અર્જુનની બાણવર્ષાથી દ્રોણ ગહન વનમાં અગ્નિ સળગી ઊઠે તેમ ક્રોધથી સળગી ઊઠ્યા અને શરદઋતુમાં ઊડતા રાજહંસો જેવાં બાણોથી દ્રોણે વળતો પ્રહાર કર્યો. અર્જુન ઉપર બાણવર્ષા થવા માંડી. કેવી રીતે ? "સ્વાદિષ્ટ ફળના ભારથી નમી પડેલા વૃક્ષ ઉપર પંખીઓ ત્વરાપૂર્વક આવી પડે તેવી રીતે."

બીજી બાજુ ગજરાજ ઉપર બેઠેલા સુસજ્જ યોદ્ધાઓએ ભીમસેનને ઘેરી લીધો, પરંતુ એકદમ ત્વરાથી ભીમસેને હાથીઓની વિશાળ સેનાને વેરવિખેર કરી નાખી. જોકે હાથીઓના દંતૂશળથી ભીમસેન પણ ખૂબ જ ઘવાયો હતો.

મેદ અને મજ્જાથી એનું શરીર છવાઈ ગયું હતું. લોહીથી બાજુબંધ ખરડાયેલા હતા અને હાથમાં રહેલી ગદા પણ રુધિરથી રંગાયેલી હતી. આ ભીમ કેવો દેખાતો હતો ? "રુદ્રના જેવો જ રૌદ્ર !"

મધ્યાહ્ન બાદ ભીષ્મ અતિ ખુન્નસથી લડે છે. "જેમ લણીને ખળામાં રાખેલા અનાજના ઢગલાઓને બળદ મસળી નાખે, તેમ ભીષ્મે પાંડવસેનાને મસળી નાખી."

વ્યાસજીનાં અવલોકનો તો જુઓ ! યોગ્ય શબ્દો દ્વારા યથાયોગ્ય ઉપમાઓ વડે પ્રસંગચિત્ર કેટલું બધું તાદૃશ કરે છે !

શત્રુવિનાશક મહાધનુર્ધારી ભીષ્મથી વીંધાયેલા પાંડવયોદ્ધાઓ દ્વારા ભીષ્મપિતામહ પણ અતિશય વીંધાયા ત્યારે તેઓ "વસંતઋતુમાં ફૂલોથી ખીલી ઊઠેલા લાલ અશોકવૃક્ષ જેવા શોભતા હતા."

વનસ્પતિવિશ્વમાં પ્રફુલ્લ અશોકના જેવું ભભકદાર દર્શન ભાગ્યે જ બીજું કોઈ વૃક્ષ કરાવતું હશે. અશોકનાં કોમળ રતૂમડાં પાન કવિને ખૂબ આકર્ષે, તેથી જ અશોક સંસ્કૃત કવિઓનું પ્રિય વૃક્ષ છે.

'વાલ્મીકિ રામાયણ'માં પણ રાવણ સીતાને મળવા જાય છે ત્યારે કાનમાં પહેરેલાં લાલચોળ કુંડળોનું વર્ણન છે : "લાલચોળ પલ્લવો અને પુષ્પોવાળા અશોકવૃક્ષથી કોઈ પર્વત શોભે તેમ લાલચોળ કુંડળોથી રાવણ શોભતો હતો."

પ્રકૃતિવર્ણન એ વ્યાસકૃતિનું આભૂષણ છે. ગ્રીષ્મથી આરંભી છયે ઋતુઓનાં વર્ણનો તેમણે મનભર કર્યાં છે.

રણભૂમિ જાણે ગંધર્વનગર હોય તેવું દશ્ય સર્જાતું હતું. તેજસ્વી મહારથીઓ "દેવોના પુત્ર જેવા, યુદ્ધમાં ઇન્દ્ર જેવા પરાક્રમી, સમૃદ્ધિમાં કુબેર જેવા અને નીતિમાં બૃહસ્પતિ જેવા હતા." છતાં પણ આખા વિશ્વના રાજાઓ જેવા આ શૂરવીરો સામાન્ય મનુષ્યની જેમ ભય પામી, યુદ્ધમાંથી નાસી જતા હતા. ઘાયલ હાથીઓ અને અશ્વો ગમે તે દિશાઓમાં દોડતા હતા. અશ્વો હણાવાથી તેના અસવારો પણ રણભૂમિ છોડી ભાગતા હતા ને બીજાને પણ નસાડતા હતા. ઘાયલ થવાથી વીફરેલા હાથીઓ બીજા હાથીઓ, યોદ્ધાઓ અને અશ્વોને કચડી નાખતા હતા. આવા ઘોર અને રૌદ્ર સંહારને 'મહાભારત'કારે યુદ્ધનદીની ઉપમા આપી છે.

ભીષ્મનું રક્ષણ કરવા તથા પાંડવોને આગળ વધતા અટકાવવા દુર્યોધને અશ્વારોહી સૈન્ય મોકલ્યું ત્યારે અશ્વોની ખરીઓના પ્રહારથી ધરતી ધ્રૂજવા અને ગાજવા લાગી. વાંસનાં સળગી રહેલાં વનોમાં જેવો અવાજ આવે તેવો અવાજ

થવાથી પાંડવસેના ખળભળી ઊઠી - "જેમ હંસોનાં ટોળાં આવી પડવાથી સરોવરનું જળ ખળભળી ઊઠે તેમ". પરંતુ મહાસાગરનું જળ કિનારાને ઘેરી લે તે રીતે યુધિષ્ઠિરની સેનાએ તે અશ્વારોહીઓને ઘેરી લીધા.

દુર્યોધનના આક્ષેપો સહન ન કરી શકતાં ભીષ્મે તમામ પ્રકારનું યુદ્ધકૌશલ દાખવવા માંડ્યું. 'મહાભારત'કાર ભીષ્મપિતામહની પ્રશંસા કરતાં જાણે થાકતા જ નથી. તેઓ કહે છે : "ગહન વનમાં ઉત્પન્ન થયેલો અગ્નિ બીજાને બાળીને ઝળહળે, તેમ ભીષ્મ શત્રુઓને તપાવી ઝળહળ પ્રકાશવા લાગ્યા." "રથોરૂપી અગ્નિશાળામાં પ્રગટેલો, ધનુષ્યરૂપી જ્વાળાવાળો, તલવાર, ગદા વગેરે-રૂપી ઈંધણોવાળો, બાણોરૂપી ઊડતા તણખાવાળો ભીષ્મરૂપી અગ્નિ ક્ષત્રિય યોદ્ધાઓને બાળી રહ્યો." વ્યાસજીનો અતિશયોક્તિ અલંકાર કેટલો ભવ્ય અને ઉદાત્ત છે ! કવિ કહે છે : "ભીષ્મના પ્રતાપરૂપી અગ્નિથી સાતેય સમુદ્રો સુકાઈ ગયા."

ભીષ્મના પ્રચંડ પરાક્રમને કારણે પાંડવસૈન્ય "ગાયોના ધણની જેમ ભાગતું અને કરુણ પોકાર કરતું હતું." આ વખતે 'પશ્યતો વાસુદેવસ્ય' - કૃષ્ણ અને અર્જુન જોતા જ રહે છે.

ભીષ્મ અને અર્જુનનું ખૂંખાર દ્વંદ્વયુદ્ધ ચાલે છે. શિંગડાંથી શરીર ઉપર પડેલા આંકાવાળા બે ધણખૂંટો શોભે તેવા તે બંને મદમત્ત યોદ્ધાઓ લડતા હતા. વાસુદેવ પણ રથને મંડલાકારે ઘુમાવીને, ભીષ્મનાં બાણોને નિષ્ફળ બનાવીને પોતાની સારથિ તરીકેની કુશળતા દર્શાવતા હતા, પણ ભીષ્મને અજિત અને નિર્દય યુદ્ધ કરતા જોઈને તથા અર્જુનને નિરુત્સાહ જોઈને શ્રીકૃષ્ણ અકળાય છે.

અર્જુનનો વિષાદયોગ હજી ચાલુ જ છે. યુદ્ધના ત્રીજા દિવસે પોતાની 'ન્યસ્તશસ્ત્ર' રહેવાની પ્રતિજ્ઞાનો ભંગ થવામાંથી શ્રીકૃષ્ણ સહેજ બચી ગયા છે. અર્જુને 'વિગતજ્વર' બનીને લડવાની બાંહેધરી આપી છે, પરંતુ શ્રીકૃષ્ણે જોયું કે અર્જુન હજુ મોહગ્રસ્ત જ છે, તેથી તે ક્ષત્રિયધર્મને અનુસરતો નથી.

અર્જુન શ્રીકૃષ્ણ સમક્ષ ભીષ્મપિતામહ માટે ભવ્ય શબ્દોમાં બહુમાન દર્શાવે છે. ભીષ્મ પણ અર્જુન પ્રત્યે આકર્ષણ, કરુણા, વાત્સલ્ય અને પ્રશંસા, અવહેલનાજન્ય ક્રોધ જેવા ભાવો અનુભવે છે.

માનવમનની સંકુલતા અને રસસંક્રાંતિની વ્યાસજીની આ જ તો કલા છે.

શ્રીકૃષ્ણ અર્જુનને સાવધ કરે છે કે હમણાં ભીષ્મ પર સખત પ્રહાર નહીં કરે તો તું તેમના પ્રહારથી મૂર્છિત થઈ જઈશ. સંજય સમક્ષ ભીષ્મને હણવાની તેણે લીધેલી પ્રતિજ્ઞા પણ તેઓ યાદ દેવરાવે છે.

શ્રીકૃષ્ણનો મીઠો ઠપકો સાંભળી અર્જુન વ્યથિત હૃદયે કહે છે : "હે પ્રભુ ! જે મારા માટે અવધ્ય છે તેનો વધ કરી હું નરકના જેવું રાજ્ય ભોગવું કે પછી વનવાસ ભોગવું - આ બંનેમાંથી મારા માટે શું સારું ?"

अवध्यनां वधं कृत्वा राज्यं वा नरकोत्तरम् ।
दु:खानि वनवासे वा किं नु मे सुकृतं भवेत् ।।

વળી પાછો જાત સંભાળી શ્રીકૃષ્ણને અર્જુન કહે છે : "કરિષ્યે વચનં તવ ।" અલબત્ત, તેમ છતાં અર્જુન હજુ ઢીલુંઢીલું જ લડી રહ્યો છે ને ભીષ્મ અવિરત બાણવર્ષા કરતા રહ્યા છે.

શ્રીકૃષ્ણ વિચારે છે કે સંધ્યાસમય થવા આવ્યો છે. આ જ રીતે યુદ્ધ ચાલશે તો પાંડવોનો પરાજય નિશ્ચિત. શ્રીકૃષ્ણને આ વાત મંજૂર નથી. શત્રુસંતાપક ભીષ્મને શ્રીકૃષ્ણ માફ કરી ન શક્યા. પાંડવો માટેના પક્ષપાતે શ્રીકૃષ્ણની પ્રતિજ્ઞા બીજી વખત તોડાવી. શ્રીકૃષ્ણ ભીષ્મ સામે ધસી ગયા. ભક્તને આધીન ભગવાન શું ન કરે ?

ફરી એક વાર રથમાંથી ઊતરી, હાથમાં ચાબુક લઈને એ જગત્પતિ તેજસ્વી શ્રીકૃષ્ણ સિંહની જેમ ગર્જના કરવા લાગ્યા, પગ વડે ધરતી ધ્રુજાવવા લાગ્યા અને ભીષ્મને મારવા દોડ્યા.

प्रतोदपाणिस्तेजस्वी सिंहवद्विनदन्मुहु: ।
दारयन्निव पद्भ्यां स जगतीं जगतीश्वर: ।।

લાલઘૂમ નેત્રોવાળા શ્રીકૃષ્ણ કૌરવસેનાની ચેતનાનો ગ્રાસ કરી જતા હોય તેમ ભીષ્મને હણવા દોડ્યા ત્યારે ભયભીત સેના 'ભીષ્મ હણાયા ! ભીષ્મ હણાયા !' એમ પોકારતી નાસવા લાગી.

પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણને વેગથી ધસી આવતા જોઈ, બાણોની વૃષ્ટિ કરતાં-કરતાં જ સ્વસ્થ ચિત્તે ભીષ્મપિતામહ ગોવિંદને કહેવા લાગ્યા : "પધારો-પધારો, હે દેવાધિદેવ ! હે પુંડરીકાક્ષ ! આપને નમસ્કાર ! હે યદુકુળશિરોમણિ ! આપ મને આજે જ યુદ્ધમાં હણી નાખો.

હે અનઘ ! તમારી ઇચ્છા પ્રમાણે મને મારો. હું તમારો દાસ છું. તમારા હાથે મરવાથી આ દાસનું આ લોક તથા પરલોક બંનેમાં કલ્યાણ છે. આજે આપે મને ત્રણેય ભુવનમાં સન્માનિત કર્યો છે."

ભીષ્મને મારવા ધસતા શ્રીકૃષ્ણને જોઈ લજ્જા પામેલા અર્જુને દસમા ડગલ

શ્રીકૃષ્ણને બાથમાં પકડી લીધા અને કરગરતો કહેવા લાગ્યો : "હે મહાબાહુ કૃષ્ણ ! પાછા વળો ! યુદ્ધમાં હથિયાર નહીં લેવાની પ્રતિજ્ઞા ફોક ન કરો ! તમે યુદ્ધ કરશો તો લોકો તમને જૂઠાબોલા - મિથ્યાવાદી કહેશે. ભીષ્મને હણવાની જવાબદારી મારા શિરે છે." અને હવે અર્જુન વધુ ઉગ્રતાથી, દઢતાથી ઉમેરે છે : "હું સખ્ય, સત્ય અને સત્કર્મના સોગંદ લઉં છું કે હવે દુશ્મનનો જલદી અંત આવે તેવું હું કરીશ."

शपे माधव सख्येन सत्येन सुकृतेन च ।
अन्तं यथा गमिष्यामि शत्रूणां शत्रुकर्शन ।।

ક્રોધાવિષ્ટ ભગવાન મૂંગા-મૂંગા રથમાં બેઠા. 'મહાભારત'માં વ્યાસજીએ શ્રીકૃષ્ણનું આલેખન ઝાઝું કરીને મનુષ્ય તરીકે જ કર્યું છે. જોકે વ્યાસજી પોતે, પાંડવો, ભીષ્મ, સંજય, કર્ણ, શલ્ય વગેરે અંદરખાને તો શ્રીકૃષ્ણને પરમ પુરુષ જ માને છે, શ્રીકૃષ્ણ-અર્જુનને નર-નારાયણની જોડી જ સમજે છે, છતાંય શ્રીકૃષ્ણને મનુષ્ય તરીકે જ વર્તતા અને સુખ-દુઃખ અનુભવતા આલેખ્યા છે.

ફરીથી ભીષ્મ-અર્જુનનું યુદ્ધ જોરશોરથી શરૂ થયું. શિયાળો પૂરો થતાં સૂર્ય પોતાનાં કિરણો વડે તેજને લઈ લે, તેવી રીતે ભીષ્મે શત્રુ-યોદ્ધાઓના પ્રાણ હરવા માંડ્યા ને જાણે કીડીઓને મારતા હોય તેમ મારવા લાગ્યા ત્યારે કાદવમાં ખૂંચેલા બળદોને બચાવનાર કોઈ ન હોય તેમ પાંડવસેના અસહાય બનવા લાગી.

ભગવાન ભાસ્કર અસ્ત પામ્યા, ઘનઘોર સંધ્યા ઢળી ગઈ અને બંને સેના શિબિરમાં પાછી ફરી. ભીષ્મનો જયજયકાર થયો ને યુધિષ્ઠિરને ઘોર હતાશા ઘેરી વળી. યુધિષ્ઠિર વલોપાત કરતાં શ્રીકૃષ્ણને કહે છે :

"ભીષણ પરાક્રમ કરનારા ભીષ્મે મારી સેનાને રગદોળી નાખી !" યુધિષ્ઠિરને ભીષ્મ કેવા લાગતા હતા ? "ઝેર ઓકતા ભયાનક મહાનાગ તક્ષક જેવા, ક્રોધે ભરાયેલા યમરાજ જેવા, વજ્રધારી દેવરાજ ઇન્દ્ર જેવા અને જ્વાળાના લબકારા નાખતા અગ્નિ જેવા."

યુધિષ્ઠિર ભીષ્મના પરાક્રમથી અંજાઈને કબૂલાત કરે છે : "મધ્યાહ્ને તપતો ગ્રીષ્મનો સૂર્ય પોતાની સામે આંખ માંડવા દે, તો રૌદ્રરૂપ ભીષ્મ પોતાની સામે અમારા યોદ્ધાઓને નજર નાખવા દે."

'મહાભારત'કારે ભીષ્મ માટે શબ્દ વાપર્યો છે : 'પરલોકાય દીક્ષિતે'. હવે ભીષ્મ પરલોકની દીક્ષા લઈ ચૂક્યા છે. યુદ્ધના પ્રથમ દિવસે જે સંકલ્પ કર્યો

ન હતો તે મૃત્યુ પામવાનો સંકલ્પ નવમા દિવસની રાત્રિએ કરી લીધો છે, તેમ છતાં સંકલ્પસિદ્ધ ભીષ્મ પછીના દિવસે પરાક્રમ ક્ષીણ થવા દેતા નથી. હરીન્દ્રભાઈએ સાચું જ નોંધ્યું છે : 'મહાભારત'માં 'વીરયુદ્ધ' અને 'વીરમૃત્યુ' બંનેને વરેલ કોઈ એક વ્યક્તિ હોય તો તે કેવળ ભીષ્મ જ છે.''

દસમા દિવસનો નિર્મલ સૂર્યોદય થયો. જંગી યુદ્ધ-પડઘમ વાગ્યાં. ''દહીંના જેવા શ્વેત શંખો ફૂંકાવા લાગ્યા.'' કેટલી તાદૃશ ઉપમા !

આજે દસમા દિવસે પાંડવો શિખંડીને આગળ કરીને યુદ્ધ કરવા નીકળ્યા, પરંતુ પ્રલયકાળના યમરાજ સમા ભીષ્મે વન બાળતા અગ્નિની જેમ શિખંડીની રથસેનાને બાળી નાખી. સામા છેડે અર્જુનના સિંહનાદ અને ધનુષ્યટંકારથી કૌરવસેના ભયભીત બનીને ભાગી.

વળી દુર્યોધને ભીષ્મને ફરિયાદ કરી કે પાંડુપુત્રો મારા યોદ્ધાઓને દાવાનળની જેમ બાળી રહ્યા છે. હવે પરાક્રમ દાખવો.

ભીષ્મની હાલત દયનીય છે. એક તરફ દુર્યોધનનાં મહેણાં છે, શસ્ત્રસંન્યાસ લેવાનાં કટુવચન છે, બીજી તરફ આગલી રાતે પાંડવોને પોતાના મૃત્યુની જડીબુટ્ટી બતાવી દીધી છે.

ક્યારેક વિચાર આવે કે ધૃતરાષ્ટ્રની જેમ ભીષ્મ પોતે પણ spilt personality જ છે. તેમને પાંડવ પ્રત્યે વાત્સલ્ય છે. પાંડવપક્ષે ધર્મ છે, તેથી તેઓ પાંડવોનો વિજય ઇચ્છે છે અને બીજી બાજુ ગાદી પ્રત્યેની વફાદારી છે, પોતે દુર્યોધનના અર્થદાસ છે. ભીષ્મની દ્વિધા સમજવા જેવી છે.

ભીષ્મે દુર્યોધનને બાંહેધરી આપતાં કહ્યું : ''કાં તો આજે હું હણાઈને પોઢીશ અથવા પાંડવોને હણીશ અને રાજઋણમાંથી મુક્ત થઈશ.''

નિખાલસતાની શાહીમાં ઝબોળેલા શબ્દો તો ભીષ્મ જ બોલી શકે. એમનો ત્યાગ પણ એવો જ હતો ને ! ગાદીત્યાગ કે સંસારજીવનના ત્યાગ કરતાંય જીવિતનો ત્યાગ સ્વાભાવિક રીતે મહાન જ છે. એમની સ્વસ્થતા પાછળ એમનું કોઈક પ્રાયશ્ચિત્ત પણ હોઈ શકે ! જે પુત્રોને આંખ આડા કાન કરી જીવનભર અન્યાય થતો જોયા કર્યો છે તેમાંના એકના હાથે મૃત્યુ સ્વીકારવું - કેટલું અદ્ભુત પ્રાયશ્ચિત્ત !

ભીષ્મે અજિત અને નિર્દય છતાં અનુપમ યુદ્ધપરાક્રમ દાખવ્યું. પાંડવોએ પણ ભીષ્મને ઘેરી લીધા, પરંતુ સૂર્ય પોતાનાં કિરણોથી પાણી શોષી લે, તેમ

ભીષ્મે પાંચાલ રાજપુત્રોનાં તેજ હરી લીધાં. "ભીષ્મ એટલે ધુમાડા વિનાનો અગ્નિ", "ઉત્તરાયણ થાય પછી વધુ તેજસ્વી બનતા સૂર્ય જેવા દેદીપ્યમાન." વ્યાસજી પાસે ભીષ્મને નવાજવાના શબ્દોની ખોટ નથી.

પાંડવયોદ્ધાઓના કીર્તિતારલાઓના તેજનો પરાભવ કરી નાખતા ભીષ્મે પાંડવસેનાને મંકોડાની માફક મસળી નાખી.

ભીષ્મ ભણી ધસતા અર્જુનને દુઃશાસન અધવચ્ચે અટકાવે છે. જેવો અર્જુન તેવો જ શ્રેષ્ઠ મહારથી દુઃશાસન. બંને દુર્જય. બંને કાન્તિ અને તેજસ્વિતામાં ચંદ્ર અને સૂર્ય સમા. દુઃશાસને અર્જુનના લલાટ ઉપર બાણોનો પ્રહાર કર્યો ત્યારે અર્જુન અતિ ઊંચાં શિખરોથી મેરુપર્વત શોભે તેમ શોભતો હતો. ખીલી ઊઠેલા કેસૂડા સમા અર્જુને રાહુ ચંદ્રને પીડે તેમ દુઃશાસનને પીડવા માંડ્યો. દુઃશાસનની કાયામાં અર્જુનનાં બાણો ખૂંપી ગયાં. પ્રકૃતિવ્યાસંગી વ્યાસજીએ જીવનને સૌંદર્યનાં ચશ્માંથી નિહાળ્યું છે.

મહાયુદ્ધમાં હવે થોડાં દ્વંદ્વયુદ્ધોનું વર્ણન આવે છે. જંગલમાં બે મદોન્મત્ત હાથી સામસામા દોડે, તેમ શરદ્વાનપુત્ર કૃપાચાર્ય સામેથી ધસી આવતા સહદેવ તરફ દોડ્યા અને ગામને ગોંદરે બે ખૂંટિયા લડતા હોય તેમ વિકર્ણ અને નકુલ બાખડ્યા. એક બાજુ ધૃષ્ટકેતુ અને પૌરવ સામસામા આવી ગયા. આ બંને પાસે બળદના ચામડાની ઢાલો હતી, તે ચંદ્રકોથી શોભતી હતી. પ્રાચીન સમયમાં વૃત્ર અને ઇન્દ્ર વચ્ચે થયું હતું તેવું ભીષણ યુદ્ધ ધૃષ્ટદ્યુમ્ન અને કૃતવર્મા વચ્ચે જામ્યું. પુરાણકાળમાં કાર્તિકેયની 'શક્તિ' વાગવાથી ક્રૌંચપર્વત દેખાતો હતો તેવો ભીમ દેખાતો હતો, જ્યારે ભૂરિશ્રવાએ સોનાની પૂંખવાળું તીક્ષ્ણ બાણ માર્યું ત્યારે.

ક્રિકેટની વન-ડે કે ૨૦-૨૦ મૅચમાં પ્રતિસ્પર્ધી ટીમને ભુલાવામાં નાખવા કૅપ્ટન પાર્ટટાઈમ બોલરોનો ઉપયોગ કરી લે છે, ક્યારેક આ નુસખો લાભદાયક પણ નીવડે છે, તેમ 'મહાભારત'કાર વ્યાસજી સળંગ કથામાં આવતાં અસંખ્ય પાત્રોમાંથી પ્રમુખ પાત્રો વિશે ખૂબ ઝીણવટભર્યું વર્ણન કરે છે અને અન્ય કેટલાંક પાત્રોનો કેવળ નામોલ્લેખ જ કરે છે, પરંતુ ક્યારેક આ ગૌણ પાત્રોને પણ રંગમંચ પર અભિનય કરતાં દેખાડવાં પડે છે, જે દિલચસ્પ પણ લાગે છે. આવાં બે પાત્રો છે : ચિત્રસેન અને ચેકિતાન.

ચિત્રસેનને ભીષ્મની રક્ષા કરવાનું કામ સોંપાયેલું. "વાઘનું બચ્ચું વૃષભ સામે ધસી જાય, તેમ ચિત્રસેન ચેકિતાન પર ધસ્યો." રસ પડે તેવી ઉપમા

પ્રયોજાઈ છે ને ? આ જ ચિત્રસેન અભિમન્યુ સામે જંગે ચડવાનું સાહસ કરે છે. "જાણે બુધ જેવો નાનકડો ગ્રહ શનિશ્વર સામે આવ્યો."

દસમો દિવસ ઊગ્યો છે ત્યારે શુકનવિદ્યાના જાણતલ ગુરુ દ્રોણાચાર્યને ચારેય તરફ વિચિત્ર એંધાણીઓ દેખાવા લાગી, તેથી અશ્વત્થામાને કહે છે : "શાન્ત દિશાઓમાં પશુ-પક્ષીઓ ભયાનક અવાજ કરી રહ્યાં છે. ગીધો ભરતવંશના યોદ્ધાઓની સેના તરફ નીચે ઊતરી રહ્યાં છે. સૂર્યનું તેજ ઝંખવાયું છે. દિશાઓ લોહી જેવી લાલ બની છે. કંપતી ધરતીમાંથી અવાજ આવી રહ્યો છે. ધરતી પર દોડતાં વાહનો ખળભળી ઊઠે છે. કંકપક્ષી, ગીધ, કુંજડીઓ કકળાટ કરતાં કોલાહલ કરે છે. શિયાળો અમંગળ લાળી કરે છે, જે મહાભયનું સૂચક છે. સૂર્યમંડળની મધ્યમાં મોટી ઉલ્કાઓ પડી રહી છે. ગોળાકાર પરિઘે સૂર્ય ફરતું કૂંડાળું રચ્યું છે. ચંદ્ર અને સૂર્યની ફરતાં જે કૂંડાળાં રચાયાં છે, તેથી ભીષણ ભયની ભીતિ છે. રાજાઓના દેહ કપાઈ જશે."

દ્રોણને કેટલું જ્ઞાન છે અને કેટલી વ્યથા પણ છે ! તેઓ આગળ કહે છે : "કુરુરાજ દુર્યોધનના દેવસ્થાનમાં રહેલા દેવતાઓ ધ્રૂજે છે. તેઓ ઘડી હસતા, નૃત્ય કરતા તો ઘડીક રડતા ભાસે છે. ચંદ્રમા કલંકરહિત બન્યો છે. ગ્રહો એની ફરતા વિપરીત દિશામાં ઘૂમી રહ્યા છે. ભગવાન ચંદ્ર પોતાના બંને ખૂણા નીચે રાખીને ઊગી રહ્યા છે અને દુર્યોધનની સેનાના બધા રાજાઓએ કવચ ધારણ કર્યાં હોવા છતાં તેજહીન દેખાય છે."

આચાર્ય દ્રોણ પુત્રવત્સલ પિતા પણ છે, સામાન્ય માનવસહજ ઊર્મિઓ ધરાવે છે, જ્ઞાની પણ છે ને તેથી પીડિત પણ છે. તેથી જ તેઓ અશ્વત્થામાને કહે છે : "એવો કોણ નિષ્ઠુર હોય જે પોતાનો પુત્ર શાશ્વત જીવે તેવું ન ઇચ્છે ?" માનવસહજ પુત્રમોહની આ લાગણી છે. પછી પાછા તેઓ કહે છે : "અમંગળ આગાહીઓનો હું સાક્ષી છું, પરંતુ ક્ષત્રિયધર્મનું પાલન કરવા માટે તને આ યુદ્ધમાં જોડી રહ્યો છું." કુરુવંશ પ્રત્યેની નિષ્ઠા એ દ્રોણનું જમાપાસું.

એક તરફ નદીના મુખને ખળભળાવી નાખતા મોટા મગરમચ્છ જેવો અર્જુન દુર્યોધનની સેનાને ખળભળાવી મૂકે છે અને બીજી બાજુ ભગવાન વિષ્ણુ જેવો શ્યામ, શાલવૃક્ષ જેવો ઊંચો અને જાણે બીજો અર્જુન હોય તેવો અભિમન્યુ સેનાઓ ભેદીને અંદર પ્રવેશ કરી રહ્યો છે.

ઊંચાઈ બતાવવા સંસ્કૃત કવિઓ શાલવૃક્ષને યાદ કરે છે. 'રઘુવંશ'માં (૧-૧૩) કાલિદાસ દિલીપનું ભવ્ય પાત્રાલેખન કરતાં કહે છે : "મોટી-પહોળી

છાતીવાળો, આખલાની ખાંધ જેવા ખભાવાળો, શાલના વૃક્ષ જેવી મહાન ભુજાવાળો, ક્ષાત્રધર્મની સાક્ષાત્ મૂર્તિ સમાન ઉન્નત એવો દિલીપ...''

ભીષ્મના વધ માટે તત્પર એવા મહારથીઓના મધ્યમાં કુંતીપુત્રો ભીમસેન અને અર્જુન અત્યંત શોભતા હતા. જેમ ગાયોના ટોળામાં માંસની અપેક્ષાએ બે બળવાન સિંહો ઊભા હોય તેમ તેઓ બંને ઊભા હતા અને ભીષ્મની નજીક પહોંચતાં સુધીમાં અનેક કૌરવયોદ્ધાઓને તેમણે સંહારી નાખ્યા હતા.

ફરી પાછું યુદ્ધભૂમિનું એ જ ભયાનક, બીભત્સ, કમકમાં ઉપજાવે તેવું રાક્ષસી વાતાવરણવાળું વર્ણન કરી વ્યાસજી યુદ્ધની ભયંકરતા અને આખરે સર્જાતી ભેંકાર સ્થિતિ તાદૃશ કરે છે.

સંજયના મુખે વ્યાસજી ધૃતરાષ્ટ્રને સંભળાવે છે : ''હે પ્રજાનાથ ! આ રીતે મહાયુદ્ધરૂપી જુગારનો જંગ જામ્યો હતો. આપના પુત્રોએ ભીષ્મને દાવમાં મૂક્યા હતા. હવે તેમાં હાર કે જીત, રણભૂમિના આ દ્યૂતમાં ભીષ્મરૂપી મહોરાની આસપાસ કેન્દ્રિત થયેલ છે.''

આજે યજ્ઞરૂપ આ સંગ્રામમાં ભીષ્મ બલિદાનરૂપ થવાના હતા. અર્જુન યજ્ઞના હોતારૂપ થવાનો હતો.

ભીષ્મ ગમગીન અને ઉદાસ હોવા છતાં પરાક્રમમાં પાછા પડતા નથી. પવનથી ફેલાતા અગ્નિની જેમ ભીષ્મનાં દિવ્ય અસ્ત્રો આખા સમરાંગણમાં ફેલાઈ ગયાં. મહારથીઓ, હાથીઓ, અશ્વો - બધાને પછાડી તાડના વન જેવું બધું ઉજ્જડ બનાવી દીધું.

વનસ્પતિવિશારદ વ્યાસજી જાણે છે કે તાડ એ વનસ્પતિ-જગતમાં રાજા છે. તાડની ભવ્યતા સામે કોઈ વૃક્ષ ઊભું રહી શકે નહીં. સૃષ્ટિના સૌંદર્યને અનોખો ઓપ આપવામાં તાડવૃક્ષોનો સિંહફાળો છે.

મહાસાગરના જળમાં ડૂબતી નૌકાને બચાવનાર કોઈ ન મળે, તેમ અમિત પ્રતાપવાળા ભીષ્મની બાણવર્ષા સામે પાંડવસેનાને બચાવનારું કોઈ ન હતું. ગાયોનાં મર્મસ્થાનોને શિયાળાની ઋતુ પીડે, તેમ પિતામહ પાંડુપુત્રોનાં મર્મસ્થાનોને પીડવા લાગ્યા. સર્વ પાંડવયોદ્ધાઓને તૃણ સમાન ગણી તેઓ તેમને પરાસ્ત કરતા હતા.

ભીષ્મને સન્માનવા, તેમની પ્રતિભાની આપણને પ્રતીતિ કરાવવા જ જાણે વ્યાસજી ભીષ્મપ્રશંસાનાં પુષ્પોની ખુશબૂ ફેલાવવામાં જ નિજાનંદ માણે છે.

''ઝળહળતાં બાણ અને ધનુષ્યરૂપી કાન્તિવાળો, અસ્ત્રોરૂપી વાયુથી ફેલાતો,

રથની ધરીઓથી અવાજ કરતો, ઊંચાં કરેલાં મોટાં અસ્ત્રોરૂપી અગ્નિવાળો, સુંદર ધનુષ્યરૂપી મહાજ્વાળાવાળો, વીરપુરુષોના વિનાશરૂપી ઇંધણવાળો આ પિતામહ ભીષ્મરૂપી અગ્નિ શત્રુઓને પ્રલયકાળના અગ્નિ જેવો દેખાતો હતો.''

સમગ્ર મહાભારત-કથાનકમાં વ્યાસજીની શૈલી અત્યંત પ્રભાવક રહી છે. જુઓ ને ! ભીષ્મનું પાત્રાલેખન કેટલું બધું સુકુમાર, મધુર, ઓજસ્વિતાયુક્ત છે ! તેથી જ વ્યાસજી માટે કહેવાય છે કે સંસ્કૃત ભાષાનું સ્વાભાવિક સ્વરમાધુર્ય એ આ શબ્દપ્રભુત્વ ધરાવતા કવિના હાથે અત્યંત શોભી ઊઠે છે.

ત્યાં સમરભૂમિમાં શ્વેત અશ્વવાળા અને શ્રીકૃષ્ણ જેના સારથિ છે તેવા વીર અર્જુન સિવાય કે પછી અમિતપરાક્રમી પાંચાલરાજ શિખંડી સિવાય અન્ય કોઈ મહારથી એવો ન હતો, જે ભીષ્મની સામે યુદ્ધમાં ટકી શકે.

ભીષ્મ સામે ધસી જતા અર્જુનને રોકવા દ્રોણ, કૃપાચાર્ય, શલ્ય, દુર્યોધન વગેરેએ અથાક પ્રયત્નો કર્યા, પરંતુ ''મહામંત્રપૂર્વક અપાયેલી આહુતિઓની જ્વાળાવાળો અગ્નિ યજ્ઞમંડપમાં ઝળહળે તેવો શોભતો અર્જુન'' ભીષ્મની લગોલગ પહોંચી ગયો.

પોતાનાં ભૂત અને ભવિષ્ય જાણતા ભીષ્મ ક્રોધ અને કટાક્ષથી શિખંડી સામે જોતા રહ્યા.

પરંતુ સર્વલોક સમક્ષ શિખંડીના સ્ત્રીત્વને યાદ કરીને ભીષ્મ તેના પર પ્રહાર કરતા ન હતા. શિખંડી એ વાતને સમજી શક્યો ન હોય તેમ સર્પના ઝેર જેવાં બાણો વડે ભીષ્મને વીંધતો રહ્યો, પરંતુ વજ્ર જેવા ભીષ્મને તેનાથી જરા પણ પીડા થતી ન હતી અને વ્યાસજી બિરદાવે છે તેમ ''ગરમીથી બેચેન બનેલો માનવી જલધારાને વધાવી લે, તેમ ગાંગેય શિખંડીની શરધારાને વધાવી રહ્યા હતા.''

સૂર્ય પશ્ચિમે ઢળવાની તૈયારી કરતો હતો ત્યાં સુધી ભીષ્મ અજિત જ હતા. તેમનો રથ જાણે અગ્નિગૃહ હતો અને બાણો જ્વાલાઓ.

ભીષ્મ અને અર્જુનનું દ્વંદ્વયુદ્ધ અદ્દ્ભુત હતું. ભીષ્મે ટંકારવ કર્યો ત્યારે અર્જુનને શી અનુભૂતિ થઈ ? સિંહે જાણે કે મેઘને પડકાર ફેંક્યો. અર્જુનનું ગાંડીવ પણ સામે હુંકાર કરતું હતું. બંને રુદ્રસ્વરૂપ હતા. બંને સેના વગરકહ્યે સમજી ગઈ કે બંને સૂર્ય સમાન છે - એક આથમતો અને બીજો ઊગતો. બંને પોતાનાં તેજ અને પરાક્રમથી સેનાઓને તપ્ત કરી બાળી રહ્યા હતા.

ભીષ્મ અકલ્પનીય પરાક્રમથી યુદ્ધ ખેલતા હતા, શા માટે ? પોતાના મૃત્યુને ખાળવા કે દુર્યોધનનાં મહેણાંનો જવાબ આપવા ?

કુરુક્ષેત્રના માનવમહાસાગર મધ્યે રહેલા મંથનઅધિષ્ઠાતા રેવતશિખર સમા ભીષ્મપિતામહે પોતાના તાડ સરખા વિશાળ ધનુષ્યમાંથી તીડનાં ટોળાં ઉડાડતા હોય તેમ અર્ધચંદ્રાકારે બાણવર્ષા કરી. સામે છેડે ભીષ્મનો હવે આજે જ અંત લાવવા કૃતનિશ્ચયી અર્જુને દાતરડા વડે ઝાડની કૂંપળો કાપતો હોય તેમ ભીષ્મનાં બાણો કાપવા માંડ્યાં.

ભીષ્મ અતિશય વીંધાયા છતાં સ્વસ્થ રહી સ્મિત કરતાં દુઃશાસનને કહે છે : "શિખંડીનાં બાણ તો જાણે મારા શરીર ઉપર બિલાડી લાડ કરતી હોય તેવું અનુભવાય છે, પરંતુ અર્જુનનાં બાણ મારું ભીતર ભેદી રહ્યાં છે !"

विमुक्ता अव्यवच्छिन्ना नेमे बाणाः शिखण्डिनः । અને હવે ભીષ્મને થતી પ્રતીતિ તેઓ વર્ણવે છે તે કેટલી સુંદર અને યથાર્થ છે ! તેઓ કહે છે :

"વજ્ર અને વીજળીની જેમ દઝાડનારાં, તીક્ષ્ણ અણીવાળાં, એકધારાં છૂટીને આવી રહેલાં, મારા શરીરમાં ઊંડે સુધી ઘૂસી જતાં આ બાણો શિખંડીનાં તો ન જ હોય."

"મારાં મર્મસ્થાનોને ભેદનારાં, મજબૂત કવચને વીંધનારાં, મુશળની જેમ પ્રહાર કરતાં આ બાણો શિખંડીના તો ન જ હોય."

"બ્રહ્મદંડની જેમ વાગી રહેલાં, વેગથી ધસી આવતાં, મારા પ્રાણોને પીડા આપતાં આ બાણો શિખંડીના તો ન જ હોય."

"સર્પની જેમ ભારે ફૂંફાડા મારતાં, આગની જ્વાલા ફેંકતાં, ઝેર ઓકતાં આ બાણો શિખંડીનાં તો ન જ હોય."

"યમદૂતોની જેમ આવીને મારા પ્રાણોનો નાશ કરનારાં, ગદા અને પરિઘોની જેમ વાગતાં આ બાણો શિખંડીનાં તો ન જ હોય."

"માઘ મહિનામાં ગાયોનાં શરીર ધ્રૂજે તેવી રીતે મારાં ગાત્રોને ધ્રુજાવનારાં આ બાણો અર્જુનનાં છે, શિખંડીનાં નથી."

अर्जुनस्य इमे बाणा नेमे बाणाः शिखण्डिनः । ભીષ્મ કેટલા સ્વસ્થ ! અર્જુન પ્રત્યે કેટલી ગહન એકતા ! અર્જુન કદાચ પોતે પોતાને ઓળખતો નહીં હોય એટલી ભીષ્મને અર્જુનની ઓળખ છે ! ભીષ્મનું સત્યપાલન અને એમની પ્રતિજ્ઞા આપણી સંસ્કૃતિના પાયામાં ધરબી દેવાની જાણે વ્યાસની નેમ છે.

'કર્ણપર્વ'માં સંજય ધૃતરાષ્ટ્રને કહે છે : ''ઇચ્છામૃત્યુ સહેલું નથી.'' કર્ણના મૃત્યુના સમાચાર જાણીને પણ ધૃતરાષ્ટ્ર મૃત્યુ પામ્યા નહીં. માનવી પોતાની ઇચ્છા પ્રમાણે પ્રાણત્યાગ કરી શકતો નથી. સ્વેચ્છામૃત્યુના વરદાનના અધિકારી તે બની શકે, જેને એ માટેનો સમય આવે ત્યારે મૃત્યુ માટેની ઇચ્છા થાય. બાકી તો માનવીની જિજીવિષા જ અત્યંત પ્રબળ હોય છે.

ભીષ્મ હવે મૃત્યુને ઠેલવા નથી ઇચ્છતા, કારણ, ભીષ્મ જીવિત હોય ત્યાં સુધી યુદ્ધનો અંત પણ અશક્ય અને વાસુદેવથી રક્ષાયેલા પાંડવોનો વધ કરવો ભીષ્મને માટે અશક્ય છે, તેથી ભીષ્મે ઇચ્છામૃત્યુ સ્વીકાર્યું અને તરત જ ઋષિઓએ - વસુઓએ આકાશવાણી કરી ભીષ્મના નિર્ણયને સમર્થન આપ્યું.

युद्धयाद् बुद्धिं निवर्तय ।

''યુદ્ધમાંથી બુદ્ધિનું નિવર્તન કરો. યુદ્ધમાંથી મન પાછું ખેંચી લો.''

આ બાબતે હરીન્દ્રભાઈનું તારણ કેટલું સુંદર અને સત્ય છે ! તેઓ કહે છે કે આ ત્રણ શબ્દો કેવળ ભીષ્મને માટે જ નથી, આપણને પણ તે લાગુ પડે છે ને ! વૃથા યુદ્ધનો ત્યાગ કરવો એ ભાગ્યે જ આપણને સૂઝે છે. જેમાંથી કાંઈ જ મેળવવાનું નથી એવા સાંસારિક યુદ્ધમાં જ આપણું આખું આયખું વીતી જાય છે.

ભીષ્મે સંકલ્પ કર્યો કે તરત જ જલનાં બિંદુઓ સાથે સુખદ, શીતલ અને સુગંધિત, મનને અનુકૂળ વાયુ વહેવા લાગ્યો.

તીવ્ર બાણો ખૂંપી જવાથી ભીષ્મના શરીરમાં એક આંગળ જેટલી જગ્યા પણ વીંધાયા વગરની ન રહી, છતાં ભીષ્મની બાણવર્ષા અવિરત જ રહી અને આખરે 'આકાશમાંથી પૃથ્વી પર પડેલા સૂર્ય' જેવા પિતામહ ધરણી પર ઢળી પડ્યા ત્યારે કેવા શોભતા હતા ? ''યમુનાના જળપ્રવાહ જેવા અંગેઅંગમાં બાણોના સમૂહથી ભરાઈ ગયેલા.''

'હસ્તિનાપુરનો સૂરજ આથમી ગયો !' વ્યાસજીએ ઘણું કહી દીધું. ભીષ્મ ઢળ્યા તે જોઈ શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : ''હે પુરુષશ્રેષ્ઠ ! તે પિતામહ ભીષ્મ જેવી રીતે કાગડાથી પરાજિત થઈ ગીધ સૂએ તે રીતે તારાથી પરાજિત થઈને શરશય્યા પર સૂતા છે.'' ઝંઝાવાતથી ઝંઝેડાયેલું મોટું વૃક્ષ ઢળી પડે તેમ ભીષ્મ ધરણી પર ઢળીને સૂતા છે. શ્રીકૃષ્ણે પણ અર્જુનને થોડામાં ઘણું સમજાવી દીધું. અર્જુન ઋજુહૃદય છે જ, વિનમ્ર પણ છે જ, છતાંય ભીષ્મને હણીને ગર્વમાં ન આવી જાય તેની ટકોર કરવા જ કાગડા અને ગીધની સરખામણી કરી હશે ને ?

શ્રીકૃષ્ણ કહે છે : "હે પાર્થ ! ચંદ્રનો અસ્ત થતાં રાત્રિ જેમ અંધકારમય બની જાય છે, તેમ પુરુષવ્યાઘ્ર ભીષ્મ જ્યારે સ્વર્ગારોહણ કરશે ત્યારે પૃથ્વી અજ્ઞાનરૂપી અંધકારથી વ્યાપ્ત બની જશે."

ભીષ્મ હણાયા તેનું વર્ણન કવિ ન્હાનાલાલે અદ્ભુત કર્યું છે : "એ મૃત્યુ ન હતાં, પિતામહનાં હતાં આયુષ્યનાં દાન; ભીષ્મે કૌરવોને દીધાં'તાં ચાપ અને બાણ અને પરાક્રમ; પિતામહે પાંડવોને આપ્યાં હતાં તપ, બ્રહ્મચર્ય ને આયુષ્ય."

પિતામહ એટલે કુરુક્ષેત્રના રણયજ્ઞની પરમ આહુતિ. કદાચ તેથી જ ભીષ્મપિતામહના શબ્દો સાચા લાગે છે : "મારા આયુષ્યના અંત સાથે આ મહાસંગ્રામનો અંત આવે તો મારું ઇચ્છામૃત્યુ પ્રમાણ."

સમાચાર સાંભળી ધૃતરાષ્ટ્ર વિલાપ કરતાં-કરતાં પણ આશ્ચર્ય પ્રગટ કરતાં કહે છે : "ભીષ્મ તો મહાસાગરનો વડવાનલ હતા ! પ્રજ્ઞાપરાયણ, વિવિધ વિષયોના જ્ઞાતા, સત્યધર્મપાલન માટે તત્પર, પવિત્ર, સંયમી, શાંત, મનસ્વી, વેદવેદાંગના તત્ત્વના જાણતલ એવા ભીષ્મ હણાઈ જ કેમ શકે ?"

માનવસ્વભાવ છે ને ? યોગ્ય સમયની સલાહ અવગણવી અને દુ:ખના આભ તૂટે ત્યારે સર્વ શિખામણના શબ્દો ને સદ્ગુણો સાંભરે, પરંતુ અવસર ચૂક્યા પછી ડહાપણ શા કામનું ? 'મહાભારત' મૂલ્યબોધનું મહાકાવ્ય છે ને ?

જવાબદારીમાંથી છટકવું, બીજા ઉપર દોષારોપણ કરવું, કાંઈ ન સૂઝે તો ભાગ્ય પર ટોપલો ઢોળી દેવાનો ધૃતરાષ્ટ્રનો સ્વભાવ છે. તેથી કહે છે ને કે જેમ શિયાળ સિંહ સામું થાય, તેમ શિખંડીએ મહાપ્રતાપી લોકનાથ ભીષ્મને મારી નાખ્યા એ ભાગ્ય નહીં તો બીજું શું ? વાત કંઈક અંશે સત્ય પણ છે જ ને ? શિખંડીના ઓઠા હેઠળ મૃત્યુ પામવાનું ભીષ્મનું ભાવિ નિર્માણ થયું જ હતું ને ?

ભીષ્મ પૃથ્વી પર ઢળી પડ્યા ત્યારે કૌરવસેના કેવી લાગતી હશે તેની સુંદર કલ્પના અંધ આંખે પણ ધૃતરાષ્ટ્ર કરે છે : "જેનો વીર પતિ મૃત્યુ પામ્યો હોય તેવી સ્ત્રીના જેવી, ગોવાળિયા વિના ચારેય તરફ ભાગતાં ગાયોનાં ટોળાં જેવી, મારી નાખેલા સિંહવાળી પર્વતની મહાન ગુફા જેમ નિસ્તેજ થઈ પડે, તેમ કૌરવસેના ભીષ્મ પડ્યા પછી નિસ્તેજ થઈ પડી હશે."

આમ તો 'મહાભારત'નું દરેક પાત્ર વ્યાસજીની સર્જનકલાની બલિહારી જેવું છે, પરંતુ ધૃતરાષ્ટ્રનું પાત્ર સર્જીને તો વ્યાસજીએ કમાલ કરી છે ! અસહ્ય

બીમારીથી પીડાતા દરદીની જેમ ધૃતરાષ્ટ્ર અત્યંત કણસે છે, છતાંય મનમાંથી 'મામકાઃ' માટેનો મોહ અને પાંડવો માટેનો દ્વેષ શમતા નથી, તેથી તો ધૃતરાષ્ટ્રથી બોલી જવાય છે : "ધર્મ કરતાં અધર્મ બળવાન બન્યો છે; એટલે જ પાંડવો પોતાના વૃદ્ધ વડીલને હણીને રાજ્ય લેવા ઇચ્છે છે."

શું માનવીનું મન છે ! અને વ્યાસજીનું આલેખન ! નર્મમર્મ કરવાની કલા એટલે વ્યાસજીનું શબ્દકૌશલ !

ભીષ્મ પિતામહનું શિર લટકી રહ્યું છે. યોગ્ય ઓશીકાના ટેકાની માગણીથી બધા રાજાઓ કિંમતી ને મુલાયમ ઓશીકાં લઈ આવ્યા ! પરંતુ વીરને સુંવાળી સેજ ખપે ? અર્જુન સામે જોતાં જ તેને ઓશીકાનો ટેકો આપવા ભીષ્મે કહ્યું :

धनंजय महाबाहो शिरसा मेऽस्य लम्बतः ।
शयनास्यानुरूपं हि शीघ्रं वीर प्रयच्छ मे ।।

"ધર્મમાં નિશ્ચિત થયેલું છે કે યુદ્ધભૂમિમાં ક્ષત્રિયે બાણની શય્યા કરીને જ પોઢવું જોઈએ." ભીષ્મ આખરી ઘડી સુધી ધર્મ-નીતિને વળગી રહ્યા છે. ક્ષત્રિયધર્મને જાણનાર અર્જુને ત્રણ બાણ વડે ઓશીકું બનાવી દીધું. ભીષ્મ સંતોષ અને આનંદથી અર્જુનને અભિનંદે છે.

ધર્મવિહીન ક્યારેય કશું કરવું નહીં એવો વ્યાસજીનો આગ્રહ અછતો નથી રહેતો. સમાજની ચારિત્ર્યસુધારણાની આ તો નાનકડી છતાંય મૂલ્યવાન દીવડી તેમણે ધરી છે.

શિબિરમાં પહોંચતાં જ કૃષ્ણ યુધિષ્ઠિરને ભીષ્મ હણાયા બદલ અભિનંદન આપે છે, પરંતુ નમ્રતાના પ્રતીક યુધિષ્ઠિરે યોગ્ય જ ઉત્તર આપ્યો છે : "હે પ્રભુ ! તમારી કૃપાથી વિજય મળે છે અને તમારા ક્રોધથી પરાજય. ભક્તોને અભય આપનારા આપ જ અમારું શરણ છો."

तव प्रसादाद्विजयः क्रोधात्तव पराजयः ।
त्वं हि नः शरणं कृष्ण भक्तनामभयंकरः ।।

શ્રીકૃષ્ણનો મહિમા ગાવાની એક પણ તક ચૂકે તો વ્યાસજી શાના ?

રાત્રિ વીતી પછી બધા રાજાઓ, કૌરવો, પાંડવો પિતામહનાં દર્શને આવ્યા. બાળકો, કન્યાઓ, સ્ત્રીઓ, ગણિકાઓ, વારાંગનાઓ, નટો, નર્તકો, વાદકો - સૌ ભીષ્મપિતામહની વંદના કરવા આવી પહોંચ્યાં. ભીષ્મપિતામહની પાસે બેસી

ઉપાસના કરતા તે રાજાઓની મંડળી "દેવાધિદેવ બ્રહ્માની ઉપાસના કરતા દેવતાઓની જેમ શોભતી હતી."

ઘડીભર તો પરસ્પરનાં બધાં વેરઝેર ભુલાઈ ગયાં. પિતામહે તૃષા છિપાવવા પાણી માગ્યું. ઉત્તમ, શીતલ જલકલશોનો ભીષ્મે અસ્વીકાર કર્યો ત્યારે અર્જુને દિવ્ય મંત્રોચ્ચાર સાથે પર્જન્યાસ્ત્રનું અનુસંધાન કરી જમીનમાં બાણ માર્યું અને ભીષ્મની જમણી બાજુ અમૃત જેવું મીઠું, શીતલ અને સુગંધભર્યું નિર્મળ જળ ધારાસ્વરૂપે પ્રગટ થયું. કોઈકને તે જળ ગૌરવર્ણનું લાગ્યું. જમુનાજીનાં નીર કરતાં ગંગાજીનાં પાણી ગૌર છે. ભીષ્મને પરમ તૃપ્તિ થઈ, કારણ, માતા ગંગાનાં આખરી દર્શન પણ થયાં.

કૌરવોની સ્થિતિ ત્યારે કેવી હશે ? દયનીય ! હતપ્રભ ! સૌની હાજરીમાં અર્જુને જે પરાક્રમ કરી બતાવ્યું એટલે ભીષ્મને થોડો ખુલાસો કરવાનો મોકો મળ્યો અને કહ્યું : "જગતમાં મનુષ્યો શ્રેષ્ઠ, પક્ષીઓમાં ગરુડ ઉત્તમ, જળાશયોમાં સાગર, ચોપગાં પ્રાણીઓમાં ગાય, નક્ષત્રોમાં સૂર્ય, પર્વતોમાં હિમાલય, જાતિઓમાં બ્રાહ્મણ, એ જ રીતે ધનુર્ધારીઓમાં અર્જુન. હે અર્જુન ! તું શ્રેષ્ઠ છે."

ભીષ્મની અર્જુન પ્રત્યેની વાત્સલ્યધારા અવિરત વહેતી રહી. શબ્દસૌષ્ઠવ, અર્થગૌરવ, લાલિત્ય, રીતિપ્રાવીણ્ય જેવાં અનેક પાસાંઓથી યુક્ત આવી રચના વ્યાસજીની અનુપમ જીવનદૃષ્ટિ સ્પષ્ટ કરે છે.

યુદ્ધવર્ણનની રમ્યતા અને રોચકતા વ્યાસજીના ભાષાપ્રભુત્વને આધીન છે, એ જ સત્ય છે.

૨. દ્રોણપર્વ :

આજ દિન સુધી જેને ભીષ્મ સાથે અણબનાવ જ રહ્યો છે તેવો કર્ણ, ભીષ્મ રણમાં રોળાયા છે તેવા સમાચાર મળતાં જ, અત્યંત ખિન્ન થઈ ગયો. નિસાસા નાખી આંસુ સારતાં તે કહે છે : "જેમનામાં ધૈર્ય, બુદ્ધિ, પરાક્રમ, તેજ, સંયમ, સત્ય, નમ્રતા, લજ્જા, પ્રિય વાણી, કૃતજ્ઞતા વગેરે ગુણો સદાકાળ રહ્યા છે તેવા ભીષ્મ શું હણાયા ?"

ભીષ્મ સામે જેની આંખો સતત લડતી જ રહી છે તેવો કર્ણ કેવું આશ્ચર્ય વ્યક્ત કરે છે ! તે કહે છે : "કર્મના અનિત્ય યોગથી આ જગતમાં કશું જ સ્થિર નથી. તોપણ ઇચ્છામૃત્યુ ધરાવનાર, મહાવ્રતધારી ભીષ્મ પણ જો આમ માર્યા ગયા છે ત્યારે આવતી કાલે સૂર્યનો ઉદય થશે એમ સંશયરહિત થઈને કોણ શ્રદ્ધાપૂર્વક કહી શકશે ?"

એક વીર જ બીજા વીરને આવી અંજલિ આપી શકે. કર્ણ પણ તેજસ્વી છે, સૂર્યપુત્ર છે. યુદ્ધનું ભાવિ પણ તેણે દુર્યોધનને આ રીતે સમજાવી દીધું હશે ?

કર્ણ મહાવીર છે, શૂરવીર છે, સત્ય-ધર્મમાં અડગ રહેનારો છે, ભીષ્મને હણનારા પાંડવોની તાકાત ઓળખનારો છે, તેથી દાદ દેતાં કહે છે : "પર્વતને ઉથલાવી પાડનાર પવનને વૃક્ષો સહી શકવા સમર્થ નથી, તેમ આ સર્વ રાજાઓ અર્જુનને સહન કરવા સમર્થ નથી. યુધિષ્ઠિરમાં ધૈર્ય, બુદ્ધિ અને ધર્મતત્ત્વ છે, ભીમસેનમાં સો હાથી જેટલું પરાક્રમબળ છે અને અર્જુન તો સાક્ષાત્ ઇન્દ્રપુત્ર છે, તેથી તેના બળને તો દેવો પણ જીતી શકે તેમ નથી."

આટલું બોલ્યા પછી વળી પાછો અભિમાની કર્ણ પોતાના અસલ સ્વભાવમાં આવીને કહેવા લાગ્યો : "મનસ્વીઓ વૃદ્ધિ પામેલા તપનો તપથી જ સામનો કરે છે, જ્યારે મારા જેવા શૂરવીરો બળથી સામનો કરી શત્રુસંહાર કરી નાખશે."

છતાં કહેવું પડશે કે કર્ણ જેવું ખેલદિલ અહીં બીજું કોઈ નથી. તે કહે છે : "સવ્યસાચીના ગાંડીવ-ટંકારથી કૌરવો થથરી જશે. મહાજ્વાલાવાળાં પ્રજ્વલિત અગ્નિ જેવાં અર્જુનનાં બાણો ધૃતરાષ્ટ્રપુત્રોને બાળશે. વાયુ અને અગ્નિ સમા બંને ભગવંતો (શ્રીકૃષ્ણ અને અર્જુન) જેને ઇચ્છશે તેને બાળશે, કારણ, અર્જુન ભડભડતો અગ્નિ છે અને શ્રીકૃષ્ણ વાયુ છે." "આંખોને આંજી નાખનારા ઝેરી સર્પ જેવા અર્જુનને હવે મારે હણવો જ જોઈશે."

'મહાભારત'માં અર્જુનની પ્રશસ્તિઓ અવારનવાર થતી જ રહી છે, પરંતુ અર્જુનનો કટ્ટર દુશ્મન, અર્જુનનો નાશ ઇચ્છતા એવા આજન્મ દુશ્મનને મુખેથી અને તે પણ અર્જુનની ગેરહાજરીમાં જે પ્રશસ્તિ થઈ છે, તે વક્તા-શ્રોતાની વિશિષ્ટતાને કારણે અલગ તરી આવે છે. કર્ણનું એક વિશિષ્ટ ગૌરવભર્યું લક્ષણ વ્યક્ત કરવાની વ્યાસજીએ જાણે તક ઝડપી છે.

કર્ણ સારથિને આજ્ઞા કરે છે : "તું મને મણિરત્નોથી ઝળહળતું, સુવર્ણથી ઘડેલું અદ્ભુત કવચ પહેરાવ. સૂર્ય સમાન પ્રકાશિત ટોપ મારા મસ્તક ઉપર ગોઠવ. અગ્નિ અને સર્પ જેવાં ઝેરી બાણો સજ્જ કરી, વેગવાળાં ધનુષ્યો લાવ. ઉત્તમ પણછ અને બાણભરેલા ભાથા લાવ અને પ્રયાણ કરવા વખતે શુકન કરવાના સર્વ પદાર્થો તત્કાલ લઈ આવ."

કર્ણનો અહંકાર અને આત્મવિશ્વાસ બંને બોલી રહ્યા છે કે શું ?

કર્ણ ભીષ્મના અંતિમ દર્શને ગયો ત્યારે ભીષ્મે સમજાવટ કરતાં કહ્યું કે

તે તેના સહોદર એવા પાંડવો સાથે સંપ-સમાધાન કરી લે, પરંતુ કર્ણ ભૂલી શકતો નથી કે કુંતીએ તેને ત્યજી દીધો છે. દુર્યોધને તેને મિત્ર તરીકે અપનાવી, રાજવીપદ પણ આપ્યું છે. દુર્યોધનના અવગુણ કર્ણ નહીં જાણતો હોય ? પણ જેમ મેઘ સમુદ્રજળ ગ્રહણ કરે છે ત્યારે તેની ખારાશ છોડી દે છે, તેમ સજ્જનો દોષ છોડી ગુણ ગ્રહણ કરે છે. આથી ગુણગ્રાહી કર્ણ વફાદારી છોડવા કદી તૈયાર નથી.

ભીષ્મના સૂચનનો કર્ણ અસ્વીકાર કરે છે, પણ પછી વ્યાસજીએ પ્રાતઃસ્મરણીય શ્લોક મૂક્યો છે, જે માત્ર મહાભારતકથાની જ નહીં, આપણાં સૌના જીવનને સ્પર્શતી ફિલસૂફી છે.

अवश्यंभावि वै योऽर्थो न स शक्यो निवर्तितुम् ।
दैवं पुरुषकारेण को निवर्तितुमुत्सहेत् ।।

"જે ઘટના બનવાની હોય છે તેને રોકવી શક્ય નથી. પુરુષાર્થ દ્વારા પ્રારબ્ધને ટાળવા કોણ સમર્થ છે ?"

ભીષ્મે તેને યોગ્ય વચનો કહ્યાં : "સરિતા જેમ સાગરને, નક્ષત્રો સૂર્યને, સત્યને સત્પુરુષો, બીજને ફળદ્રૂપ જમીન, સર્વ ભૂતોને મેઘ, દેવોને ઇન્દ્ર, તેમ તું પણ મિત્રોને આશ્રયરૂપ થા." મા શારદાએ વ્યાસજીને અસત્ય અને જડતાનું વિમોચન કરનારી વાણીનું વરદાન આપ્યું છે.

ભીષ્મ પડ્યા પછી કૌરવસેનાની જે દયનીય સ્થિતિ થઈ ગઈ તેને વર્ણવતાં વ્યાસજી કહે છે : "નક્ષત્રવિહોણી રાત્રિ, વાયુવિહોણાં વાદળ, ધાન્યવિહોણી ધરતી, વ્યાકરણના સંસ્કાર વિનાની વાણી, બલિરાજના પકડાઈ ગયા પછીની નિરાધાર અસુરસેના, વિધવા થયેલી સુંદરી, સુકાઈ ગયેલી સરિતા, વનમાં વરુઓએ ઘેરી લીધેલી મૃગલી, ફૂંકાતા પવનથી હાલકડોલક થતી ભાંગેલી નૌકા, શરભપ્રાણીએ મારી નાખેલો સિંહ, પર્વતની નિસ્તેજ ગુફા, સુકાની વિનાની નૌકા અને સારથિ વિના ગમે ત્યાં આથડતા રથ"- આ બધાના જેવી પરેશાન થતી કૌરવસેના ગંગાનંદન ભીષ્મના ઢળી પડવાથી નિસ્તેજ અને મરણશરણ બની ગયેલી લાગતી હતી.

તરવાની ઇચ્છાવાળા મનુષ્યો નૌકાનું સ્મરણ કરે, તેમ આવી કૌરવસેના કર્ણને સંભારવા લાગી. અગાધ સમુદ્રનો પાર પામી ન શકનાર વ્યક્તિ સામાન્ય દ્વીપની ઇચ્છા રાખતી થઈ જાય, તેમ કૌરવો કર્ણની હાજરીની ઇચ્છા રાખવા લાગ્યા.

પરંતુ કર્ણ વીર છે અને ધીર પણ છે. વિચારપૂર્વક તેણે સૂચન કર્યું કે જેમ અસુરોને જીતવા દેવોએ કાર્તિકેયને સેનાપતિ બનાવેલા, તેમ દ્રોણાચાર્યને સત્વરે સેનાપતિ બનાવો.

આથી દુર્યોધન દ્રોણાચાર્યની અતિ પ્રશંસા કરી તેમને વિનંતી કરે છે. વ્યાસજીને દ્વિજશ્રેષ્ઠ દ્રોણાચાર્ય માટે ખૂબ માન છે, તેથી દુર્યોધનના મુખમાં માનભર્યા શબ્દો મૂકે છે : "હે ઉત્તમ બ્રાહ્મણવર્ય ! શાસ્ત્રજ્ઞાન, વય, બુદ્ધિ, પરાક્રમ, દક્ષતા, અજેયતા, અર્થજ્ઞાન, નીતિ, જપ, તપ, કૃતજ્ઞતા જેવા સર્વગુણથી સંપન્ન એવા આપ અમારી રક્ષા કરો.

રુદ્રોમાં જેમ કાપાલિ, વસુઓમાં પાવક, યક્ષોમાં કુબેર, મરુતોમાં ઇન્દ્ર, વિપ્રોમાં વસિષ્ઠ, તેજોમાં સૂર્ય, પિતૃઓમાં ધર્મરાજ, આદિત્યોમાં વરુણ, નક્ષત્રોમાં ચંદ્ર અને દૈત્યોમાં જેમ શુક્રાચાર્ય શ્રેષ્ઠ છે, તેમ આપ સેનાપતિઓમાં શ્રેષ્ઠ છો."

"કાર્તિકેય દેવોની આગળ ચાલેલા, તેમ આપ પણ અમારી આગળ ચાલો. વાછરડાંની જેમ અમે પણ આપની પાછળ ચાલીશું."

કથાનો આરંભ તેના અંતથી કરતા વ્યાસજી 'દ્રોણપર્વ'ના છેક આઠમા અધ્યાયથી કરે છે. સંજય ધૃતરાષ્ટ્રને આંચકો આપતાં કહે છે : "હે કૌરવેન્દ્ર ! સમરભૂમિમાં તથા અન્યત્ર વીરકર્મો કરી જાણનાર દ્રોણ કાળસૂર્યની માફક લોકોને તપાવી સ્વર્ગમાં ગયા."

દ્રોણના મૃત્યુના સમાચારથી 'દ્રોણપર્વ'નો ઉઘાડ થાય છે. કથનની યુક્તિ ઉપરાંત દૈવવિધાન અફર છે એ યાદ અપાવવાની વ્યાસજીનું આ યુક્તિકૌશલ છે. વિધિવિધાન સામે અસહાયતાનો મોરચો માંડતા માનવીનું પ્રતીક દૃષ્ટિગોચર થાય છે.

મૃત્યુની સનાતનતા એ 'દ્રોણપર્વ'નો મુખ્ય વિષય છે. 'મહાભારત'ના પ્રણેતા વ્યાસજી પોતાના જ વંશજોની વાત માંડીને બેઠા છે, એથી વ્યાસજી કવિ તરીકે અને કથાના એક પાત્ર તરીકે એમ બેવડી ભૂમિકા ભજવે છે. જોકે વ્યાસજી સજાગ છે, તેથી પોતાના વ્યક્તિત્વને વધુ મહત્ત્વ આપી દેતા નથી. ઘણી નવલકથામાં આત્મકથાના અંશોનું પ્રમાણ વધુ હોય છે, તેવું 'મહાભારત'માં નથી, કારણ, વ્યાસજી નિરપેક્ષ અને તટસ્થ છે.

દ્રોણાચાર્ય હણાયા અને ધૃતરાષ્ટ્રે અત્યંત પીડા સાથે પોતાના પુત્રોને જય મળવાની આશા છોડી દીધી. ગુલાંટ મારવામાં કુશળ ધૃતરાષ્ટ્રે પાંડવવીરોની શક્તિને બિરદાવવી શરૂ કરી.

"ઉદય પામેલા અને પોતાના તેજથી અંધકારનો નાશ કરનારા સૂર્ય જેવો યુધિષ્ઠિર મહા ધૈર્યવાન અને સત્યપ્રતિજ્ઞ છે. તે એકલો જ પોતાનાં ભયંકર નેત્રોથી દુર્યોધનના સૈન્યને બાળી શકે એમ છે." વ્યાસજીએ યુધિષ્ઠિરના શૌર્યને વર્ણવતાં લખ્યું છે : "મદોન્મત્ત ક્રોધાયમાન અજેય હાથીને હાથણી સાથેના સંગમસમયે બીજા હાથીઓ રોકી શકતા નથી, તેમ વીરતાથી પ્રદીપ્ત યુધિષ્ઠિરે સામે આવતા અનેક વીરોને હણી નાખ્યા હશે."

વ્યાસજી ધૃતરાષ્ટ્રના મુખમાં પ્રશંસાના શબ્દો મૂકતાં થાકતા નથી. "પણછરૂપી વિદ્યુતપ્રભાવાળો, રથસમૂહરૂપી વાદળવાળો, રથનેમિની ગર્જનાવાળો, મનના અભિપ્રાય સમો શીઘ્ર વેગવાન, મેઘ સમો પરમ વીર્યવાન, વીજળીના તુમુલ કડાકા સાથે વરસતા વરસાદની જેમ બાણવર્ષા કરી લોહીરૂપી જળથી ધરતીને રેલમછેલ કરી મૂકતો અર્જુન બીભત્સુ (ભય પમાડનાર) છે." વ્યાસજીની કલમ એટલે અલંકારોની ભરમાર.

ધૃતરાષ્ટ્ર સાત્યકિને પણ ભૂલતા નથી, કારણ, જેનામાં સત્ય, ધૈર્ય, શૌર્ય, બ્રહ્મચર્ય છે, જે યશ અને પરાક્રમમાં પરશુરામ સમાન છે, વાસુદેવ શ્રીકૃષ્ણ સમાન, પણ વયમાં નાનો અને અર્જુનનો શિષ્ય છે તેવા સાત્યકિને પણ પ્રશંસા કરી બિરદાવે છે.

ધૃતરાષ્ટ્ર પરાક્રમમાં શ્રીકૃષ્ણ જેવો, બળમાં અર્જુન સમા, તેજમાં સૂર્ય અને બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન અભિમન્યુનાં પણ ગુણગાન ગાય છે.

"જે મહારથી રથના મહાઘોષથી ભરી દે છે, શત્રુઓનો સંહાર કરે છે, જેણે ઉત્તમ અન્નપાન અને દક્ષિણાવાળા દસ અશ્વમેધયજ્ઞો કર્યા છે, સર્વમેધ-યજ્ઞ કરી ગંગાપ્રવાહમાં રહેલા રેતીના કણ જેટલી ગાયોનાં જેણે દાન દીધાં છે" તેવા ઉશીનરના પૌત્ર શૈબ્યને પણ બિરદાવે છે.

વ્યાસજીનો શબ્દભંડાર તો જુઓ ! આટઆટલા પ્રશંસા-શબ્દો કહ્યા છતાં ક્યાંય પુનરુક્તિ થતી નથી !

હવે તો ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનાં દિવ્ય કર્મો પણ યાદ આવે છે. વસવસો કરતાં તે કહે છે : "દૈવયોગથી મોહ પામેલો અને મૃત્યુના પાશમાં બંધાયેલો દુર્યોધન શ્રીકૃષ્ણ અને પાંડુપુત્ર અર્જુનને ઓળખતો નથી.

मोहितो दैवयोगेन मृत्युपाशपुरस्कृतः ।

અમારા દુર્ભાગ્યે જ કૌરવોનો આ વિનાશ થયો છે."

ધૃતરાષ્ટ્ર વાસ્તવિકતા સ્વીકારી શકતો નથી. સાગર સુકાઈ જાય, મેરુપર્વત ડગી જાય, સૂર્યનું પતન થાય તો કોઈ માની શકે નહીં, તેમ દ્રોણાચાર્ય યુદ્ધમાં પડ્યા તે હકીકત તે માની શકતો નથી.

પાછો ધૃતરાષ્ટ્રનો મૂળ સ્વભાવ પ્રગટ થવા લાગ્યો. બૃહસ્પતિ જેવા પણ અંતરના ભાવો લાંબો સમય છુપાવી શકતા નથી, તો ધૃતરાષ્ટ્રનું શું ગજું ? અંદરનો દ્વેષ, વેરભાવ, સ્વાર્થ, દંભ, સત્તાલાલસા અને સાથે ભય - એ બધા ભાવો ભરેલો ધૃતરાષ્ટ્ર રહીરહીને પ્રશ્ન કરે છે કે આ વૃદ્ધ વિપ્રવર શસ્ત્ર દ્વારા વધ પામ્યા જ કઈ રીતે ? ધૃતરાષ્ટ્રની અતિ સત્તાલાલસા ને દોંગાઈ છતી થાય છે. તે કહે છે : ''સત્યશીલ અને પુણ્યશાળી દ્રોણને પાંડવોએ માત્ર રાજ્યલક્ષ્મીની ઇચ્છાથી જ હણી નાખ્યા ને !'' પોતે શેના માટે યુદ્ધનાં પડઘમ વગડાવ્યાં તે ભૂલી જવાયું ?

ના, આ અંધ રાજવીની આંખો ખૂલી છે. તે કબૂલ કરે છે કે ''યુધિષ્ઠિર પાસેની રાજ્યલક્ષ્મીને જોઈ ઈર્ષાના કારણે અમે તે પડાવી લીધી હતી. આજે ભીષ્મ અને દ્રોણનો વધ થવાથી અમે જ જાણે રાજ્યલક્ષ્મીને ત્યાં જ રહેવા માટે અનુમોદન આપીએ છીએ.'' હતાશાથી તે કહે છે : ''અવશ્ય મારે લીધે જ કૌરવોનો વિનાશ થયો છે.'' હવે ધૃતરાષ્ટ્રને સમજાય છે :

यस्य यन्ता हृषीकेशो योद्धा यस्य धनंजयः ।
रथस्य तस्य कः संख्ये प्रत्यनीको भवेद्रथः ।।

''શ્રીકૃષ્ણ જેના સારથિ છે, અર્જુન જેનો યોદ્ધો છે તેના રથની સામે યુદ્ધમાં બીજો કયો રથ ઊભો રહી શકે તેમ છે ?''

માનવચિત્તનું સૂક્ષ્મ પરીક્ષણ એ જ વ્યાસશક્તિ.

દ્રોણાચાર્યના સેનાપતિપદનો પ્રથમ દિવસ. દ્રોણ અને અર્જુન બંનેની સેના રાત્રિએ સંકોચાઈને સુષુપ્ત વનરાજિની જેમ સ્થિર થઈ ગઈ હતી.

શિલ્પીને નિરાકાર પથ્થરમાં મૂર્તિ દેખાય, સંગીતકારને પ્રત્યેક અવાજમાં સંગીત અનુભવાય, તેમ વ્યાસજીને કોઈ પણ ઘટનામાં પ્રકૃતિ જ દેખાય છે.

ગ્રીષ્મઋતુને અંતે ભયંકર ગર્જના કરતો મેઘ કરાઓનો વરસાદ વરસાવે, તેમ આત્મવિશ્વાસથી ભરપૂર દ્રોણે શરવર્ષા કરી શત્રુઓને ભયભીત કરી મૂક્યા અને ત્યારે વાદળોમાં ઝબૂકતી વીજળીની જેમ તેમના રથરૂપી વાદળમાં તેમનું સોનેમઢ્યું ધનુષ્ય ચમકારા કરી રહ્યું હતું.

યુદ્ધ ધીરેધીરે એટલું પુરજોશમાં આવી ગયું, જાણે યુદ્ધનદીમાં પણ ઘોડાપૂર આવ્યું.

પૌરવ સામે અભિમન્યુ યુદ્ધે ચડ્યો. ભ્રામિત (ગોળ-ગોળ ફેરવવી), ઉદ્ભ્રાન્ત (ઉપર-નીચે વીંઝવી), આધૂત (નીચે તરફ વીંઝવી) અને ઉચ્છ્રૂત (પુનઃ ઉપર ઉઠાવવી) - એવી ચાર પ્રકારની પટ્ટાબાજી ખેલતા અભિમન્યુની ઢાલ અને તલવારમાં કોઈ અંતર જોવામાં આવતું નહીં. ગરુડ જેમ સમુદ્રને ખળભળાવી સર્પને ફેંકી દે, તેમ પૌરવને રથમાંથી ઊંચકીને ફેંક્યો ત્યારે તૂટી ગયેલી ચોટલીવાળો, અનાથની જેમ ઢસડાઈને પૃથ્વી પર પછડાયેલો પૌરવ "સિંહે ફાડી ખાધેલા બેભાન આખલા જેવો દેખાતો હતો."

પૌરવને પછાડીને અભિમન્યુ પોતાના પિતાના અત્યંત વેરી વૃદ્ધક્ષત્રના પુત્ર જયદ્રથ તરફ ધસ્યો - જાણે વિકરાળ વાઘે હાથી ઉપર આક્રમણ કર્યું ! અભિમન્યુ અને જયદ્રથ બંને તલવાર, દાંત અને નખ વગેરે આયુધોથી એકબીજા ઉપર પ્રહાર કરવા લાગ્યા. બાહ્ય અને આભ્યંતર પટ્ટા ખેલવામાં ઉત્તમ એવા તે બંને કેવા દેખાતા હતા ? "જાણે પાંખોવાળા બે પર્વતો !"

જેમ સૂર્ય સકલ જગતને તપાવે છે, તેમ શત્રુનાશન અભિમન્યુ સમગ્ર કૌરવસેનાને તપાવવા લાગ્યો.

અભિમન્યુએ જયદ્રથ પછી શલ્ય સામે પડકાર ફેંક્યો. શલ્યરાજે અભિમન્યુ ઉપર અગ્નિશાખા સમાન પ્રજળતી, સુવર્ણભૂષિત, તદ્દન લોખંડની બનાવેલી ઘોર શક્તિ ફેંકી ત્યારે અમાપ સ્ફૂર્તિ અને શક્તિ ધરાવતા તેજસ્વી અભિમન્યુએ ગરુડ જેમ ઊડતા સર્પને કૂદીને ઝડપી લે, તેમ શલ્યરાજે ફેંકેલી શક્તિને ઝડપી લીધી. પછી શું થયું ? "કાંચળીમાંથી મુક્ત થયેલ સર્પ જેવી લાગતી તે શક્તિ" શલ્યના રથ ઉપર જ ત્રાટકી અને શલ્યના સારથિને મારી નાખ્યો.

અભિમન્યુના પરાક્રમને વર્ણવવામાં જાણે વ્યાસજી અછોઅછો વાનાં કરે છે ને ? દ્વંદ્વયુદ્ધનું વર્ણન કરતાં-કરતાં વ્યાસજી યોદ્ધાઓનાં અસ્ત્રશસ્ત્રનાં વર્ણન પણ કેવાં કલ્પનાતીત કરે છે !

શલ્યની ફેંકેલી ગદા અગ્નિ ફેંકવા લાગી અને આકાશને પ્રદીપ્ત કરવા લાગી. આ ગદાનો આઘાત પામેલી ભીમની ગદા વર્ષાકાળે સંધ્યાસમયે આગિયાથી વીંટળાયેલા વૃક્ષ જેવી શોભવા લાગી. સામસામે ટકરાયેલી આ બંને ગદાઓ ફૂંફાડા મારતી બે નાગકન્યાઓ(નાગણીઓ)ની જેમ વારંવાર આગ ઓકવા લાગી.

'દ્રોણપર્વ' અસંખ્ય દ્વંદ્વયુદ્ધોથી ભરપૂર છે અને દરેક દ્વંદ્વયુદ્ધ વ્યાસજીએ એવી વર્ણનચાતુરીથી આલેખ્યું છે કે બધાં જ અદ્ભુત ગણાય તેવાં છે. ચાલો, થોડાં રમણીય યુદ્ધવર્ણનો માણીએ.

વીર પુરુજિત કુંતીભોજ દ્રોણાચાર્ય સામે ધસે છે ત્યારે મહાધનુર્ધર દુર્મુખ તેને વચ્ચેથી જ રોકે છે. પુરુજિતે નારાચબાણથી દુર્મુખની ભ્રમરો વચ્ચે પ્રહાર કર્યો કે તરત દુર્મુખનું મુખ "દાંડલાવાળા કમળની જેમ શોભવા લાગ્યું."

કર્ણ અને પાંચ કેકય ભાઈઓ વચ્ચે કરપીણ યુદ્ધ જામ્યું ત્યારે તેઓની અવિરત બાણવર્ષાને કારણે તેઓના ઘોડા, સારથિઓ, ધ્વજો અને રથો - બધું જ ઢંકાઈ ગયું. ત્યાં ન કર્ણ દેખાતો હતો, ન પેલા પાંચ ભાઈઓ.

દુર્જય, જય અને વિજય એ ત્રણેય શૂરવીર કૌરવપુત્રોએ નીલ, કાશીરાજ અને જયત્સેનને પડકાર્યા. વ્યાસજી આ ટાણે વિસ્મયકારક ઉપમા યોજતાં કહે છે : "તે સમયે તેમની વચ્ચે સિંહ, વાઘ અને ઝરખ - એ ત્રણ પ્રાણીઓનું રીંછ, પાડા અને બળદ સાથેના યુદ્ધ જેવું ઘોર યુદ્ધ થયું." વ્યાસજી માનવીમાં રહેલી પશુતા વર્ણવે છે કે શું ?

બીજા એક સ્થળે રાજા નીલે "ખીલેલા કમળ જેવા મુખવાળા, કમલનયન અને કલમગુચ્છ સમા આકારવાળા અશ્વત્થામાને વીંધી નાખ્યો."

સંસ્કૃત સાહિત્ય અને કમળ બંને જાણે અવિભાજ્ય છે. મહાકવિઓને કલમપુષ્પ એટલું તો પ્રિય છે કે તેનાં ગુણગાન ગાવાં એ જાણે તેઓનું માદક વ્યસન છે. સંસ્કૃતમાં કમલપુષ્પનાં નામ પણ અગણિત છે ને ? અરવિંદ, અમ્બુજ, અમ્ભોજ, અમ્ભોરુહ, ઉત્પલ, કમલ, નલિન, નીલોત્પલ, પુંડરીક, કુશશેય, પદ્મ, પદ્મિની, પંકજ, પુષ્કર, પંકેરુહ, રાજીવ, સ્થલારવિન્દ, સહસ્રપત્ર, શતપત્ર, સારસ, સરસિરુહ, સરસિજ, લીલારવિન્દ, તામરસ... આ બધાં નામો કમલપુષ્પનાં જ છે. કાલિદાસે આમાંનાં ઘણાં નામોનો ઉલ્લેખ પોતાની કૃતિઓમાં કર્યો છે.

વ્યાસજીએ કમલની ઉપમાથી અશ્વત્થામાને એવો તો આચ્છાદિત કરી દીધો છે કે ઘડીક એવો વિચાર આવી જાય કે કમલનું એક નામ અશ્વત્થામા તો નહીં હોય !

હા, તો રાજા નીલના પ્રહારનો જવાબ અશ્વત્થામાએ કેવો આપ્યો ? "એક ભલ્લબાણથી તલવાર ઊંચી કરી રહેલા નીલનું સુંદર નાસિકાવાળું, કુંડળોથી શોભતું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું. પૂર્ણચંદ્ર મુખમાં કમલપત્ર સમાં નેત્રોથી શોભતો, પડછંદ કાયા અને શ્યામ કાન્તિવાળો નીલરાજ ધરતી પર ઢળી પડ્યો."

ગ્રીષ્મઋતુનાં સૂર્યકિરણોની જેમ સર્વત્ર પડતાં બળબળતાં બાણો વરસાવતો કર્ણપુત્ર વૃષસેન વાયુવેગથી ધરાશાયી થતાં વૃક્ષોની જેમ પાંડવયોદ્ધાઓને ભોંયભેગા કરતા હતો. કૌરવો-પાંડવો વચ્ચે થતા રોમહર્ષણ યુદ્ધસમયે કોપાયમાન બનેલા યોદ્ધાઓ આકાશમાં સામસામે આવી ગયેલા પક્ષીરાજ ગરુડ અને સર્પો જેવા ભયાનક અને શક્તિમાન દેખાતા હતા.

અને ત્યારે રથના ગડગડાટથી ધરતી ગજવતો અર્જુન ત્યાં આવી પહોંચ્યો. ગાંડીવધારી અર્જુનની શોભા વર્ણવતાં પોરસાતા વ્યાસજી કહે છે : ''ઇન્દ્રનીલમણિ, પદ્મરાગમણિ, સુવર્ણ, રજત, હીરા, પ્રવાલમણિ અને સ્ફટિકમણિ આદિથી અદ્ભુત ભાસતા રથમાં બેઠેલો અર્જુન નક્ષત્રોથી રમણીય લાગતા ચંદ્રની જેમ શોભતો હતો.'' વ્યાસજીએ અર્જુનની સાથે પેલા દિવ્ય રથને પણ કેવો સુંદર વર્ણવ્યો છે !

અને અર્જુને ત્યાં પહોંચી રુધિરનદી વહેવડાવવી શરૂ કરી દીધી, એટલે ત્રિગર્તવીરોએ છંછેડાઈને એવી બાણવર્ષા કરી કે શ્રીકૃષ્ણ અને અર્જુન ઢંકાઈ ગયા. વનમાં ખીલેલા વૃક્ષ ઉપર ભમરાઓનાં ઝુંડ તૂટી પડે, તેમ અર્જુન ઉપર બાણો આવી પડ્યાં અને એ સુવર્ણપૂંખવાળાં બાણો સડસડાટ કરતાં અર્જુનના મુગટમાં ભરાઈ ગયાં અને તે કારણે સુવર્ણમુકુટધારી અર્જુન ઉન્નત થયેલ યજ્ઞયૂપની જેમ શોભવા લાગ્યો.

વાંસ કે ખેરના બનેલા યજ્ઞદંડને યૂપ કહેવાય છે. તેની સાથે યજ્ઞબલિ પશુને બાંધવામાં આવે. વ્યાસજીએ થોડામાં ઘણું કહી દીધું !

અર્જુનની શોભા વર્ણવે છે તેમ વ્યાસજી તેનો રથ પણ વર્ણવે છે. શ્વેતવર્ણના અશ્વો વડે વહી જવાતો તે રથ આકાશમાં વિહરતા વિમાનની જેમ શોભવા લાગ્યો હતો અને અર્જુનનું પરાક્રમ પણ અદ્ભુત હતું. વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કરી અર્જુને શત્રુઓની બાણવર્ષા વિખેરી નાખી. ભગવાન વાયુએ પ્રબળ વેગથી ફૂંકાઈને સંશપ્તક- ગણોને, તેમના હાથી, ઘોડા, રથ અને આયુધો - બધાંને સૂકા પાનના ઢગલાની જેમ ઉડાડી દીધાં અને ત્યારે છેદાઈ ગયેલા રથો અને ધ્વજો ઠૂંઠા થઈ ગયેલા તાલવૃક્ષના વન સમા લાગતા હતા અને પ્રભાતમાં જેમ વૃક્ષ પર ઊડી રહેલાં પક્ષીઓ શોભિત લાગે, તેમ વાયવ્યાસ્ત્રના પ્રભાવથી યુદ્ધભૂમિમાં ઊડી રહેલા તે યોદ્ધાઓ શોભવા લાગ્યા.

રુદ્રની ક્રીડા સમાન અર્જુનનો રથ રૌદ્ર અને બીભત્સ બની રહ્યો. જેમ

અગ્નિનો સ્પર્શ અસહ્ય છે, તેમ અર્જુનના વેગને સહેવા માટે તે યોદ્ધા અસમર્થ બની રહ્યા.

વર્ષાકાળે વીજળી અને ગર્જનાઓ સહિત વાદળાંઓ ચારેય દિશામાં ફેલાય, તેમ દ્રોણાચાર્યે રચેલા ગરુડવ્યૂહની પાંખ અને પાંખના અગ્રભાગ પરથી યુદ્ધ કરવાની ઇચ્છા સાથે વીરો આગળ ધસવા લાગ્યા. તે વ્યૂહની મધ્યમાં વિધિવત્ ગોઠવાયેલા હાથી પર બેઠેલો પ્રાગ્જ્યોતિષનો રાજા ભગદત્ત "ઉદયાચળ પર રહેલા સૂર્યની જેમ શોભતો હતો."

હવે વ્યાસજીની કાવ્યગૂંથણીની શોભા માણીએ. કહે છે, ભગદત્તે પુષ્પમાળાઓ ગૂંથેલું શ્વેત છત્ર ધારણ કર્યું હતું, તેથી "રાજા કૃત્તિકાનક્ષત્રના યોગમાં પૂર્ણિમાના ચંદ્રની જેમ શોભતો હતો." વળી "દેવગણોના મધ્યે શોભતા ઇન્દ્રની જેમ આભૂષણો અને આયુધો ધારણ કરેલા અનેક રાજાઓના મધ્યે ભગદત્ત શોભતો હતો."

એક જ વ્યક્તિને એકસાથે જ સૂર્ય, ચંદ્ર અને ઇન્દ્ર સાથે સરખાવી વ્યાસજી તેમની કાવ્યશક્તિ આકર્ષક રીતે ખીલવે છે. કોઈએ સાચું જ કહ્યું છે કે કાલિદાસની ઉપમા વખણાય, ભારવિનું અર્થગૌરવ, દંડીનું પદલાલિત્ય વખણાય, પણ વ્યાસજીના કાવ્યમાં આ ત્રણેય વખાણવાલાયક - પ્રશસ્ય અને અદ્ભુત !

અને ભગદત્તનો હાથી ? કાળા આંજણના ઢગલા જેવો મદોન્મત્ત હાથી મોટાં વાદળોની વર્ષાધારાથી ભીંજાયેલા પર્વત જેવો દેખાતો હતો. એવા હાથી પર બેઠેલા ભગદત્તે પાંડવયોદ્ધાઓનો સંહાર કરવા માંડ્યો, જેમ પૂર્વે ઐરાવત પર બેઠેલા ઇન્દ્રે દાનવોને માર્યા હતા.

વનમાં ગોવાળિયો પશુઓને લાકડીથી હાંકે, બાજપક્ષી અચાનક ઝાપટ મારે ત્યારે કાગડાઓ કા...કા... કરતા ભાગે, તેમ પાંડવસેના કોલાહલ કરતી ભગદત્તનાં પરાક્રમ દેખીને ભાગવા લાગી. ગજરાજ પર રહેલો ભગદત્ત બાણવર્ષા કરવા લાગ્યો ત્યારે તે જગતમાં કિરણો ફેલાવતા સૂર્ય જેવો રૂડો લાગતો હતો.

ત્યારે રણભૂમિની પરિસ્થિતિ કેવી હતી ?

ફરકતી પતાકાઓવાળા રથ, હાથી, ઘોડાઓનું સ્વરૂપ આકાશમાં વિહરતા બગલાઓની હારથી શોભતા વાદળ જેવું હતું. દંતૂશળોના ટકરાવથી ઉત્પન્ન થતા અગ્નિવાળા હાથીઓ જાણે વીજળીના ઝબકારા કરતાં વાદળો જેવા શોભતા હતા.

અને સર્પના જેવું ભયાનક, ધારદાર, ચમકતું અને વેગથી ધસી જતું શક્તિ-આયુધ યોદ્ધા અને અશ્વોનાં શરીર પરનાં કવચો ભેદીને મોટી ઉલ્કાઓની જેમ જે-તે સ્થળે પડતું હતું, તો દીપડાના ચામડાથી મઢેલી, વાઘના ચામડાના મ્યાનવાળી ચમકતી ખુલ્લી તલવારોથી શત્રુઓને હણી નાખતા હતા.

આમ, શક્તિઓ અને ફરસીઓથી ભેદાઈ ગયેલા હાથીઓના પગ તળે કચડાઈ ગયેલા, ઘોડા વગેરેના પગની ખરીઓ નીચે દબાઈ ગયેલા રથનાં પૈડાંમાં ચગદાઈ ગયેલા અને તીક્ષ્ણ બાણોથી વીંધાઈ ગયેલા યોદ્ધાઓ સ્વજનોને પોકારતા, કણસતા હતા. કંપારી છૂટી જાય, રૂંવાડાં ખડાં થઈ જાય તેવું કરપીણ દૃશ્ય સર્જીને વ્યાસજીએ યુદ્ધની ભીષણતા બતાવવામાં અનેરું કૌશલ દર્શાવ્યું છે.

રણમેદાનમાં શંખોના ઘોષથી અંતરીક્ષ ભરાઈ ગયું. ધૂળની ડમરીઓ એટલી ચડી કે આકાશી ચંદરવામાં સૂર્ય ઢંકાઈ ગયો. વિવિધ આયુધો દ્વારા કપાઈને પડતાં મસ્તકો, અલંકારો અને આયુધો ધારણ કરેલા હાથ જ્યારે કપાઈને પડતા ત્યારે આકાશમાંથી પથ્થરોનો વરસાદ વરસતો હોય તેવું લાગતું હતું અને હાથીઓનાં મસ્તકો વધેરાઈને પડતાં ત્યારે પર્વતો ઉપરથી ભાંગેલી ડાળીઓવાળાં વૃક્ષો પડવાનો ભાસ થતો. યોદ્ધાઓનાં મુકુટમણિ, કંઠી, અન્ય આભૂષણો, ઢાલ-તલવાર વગેરે તેમાં જડેલાં રત્નોને કારણે સૂર્યપ્રભાની જેમ ચમકતાં હતાં.

શું યુદ્ધવર્ણન કર્યું છે આ મહામના વ્યાસજીએ !

"શરદઋતુનાં વાદળોથી છવાયેલા આકાશની જેમ મૃત્યુ પામેલા હાથીઓથી રણભૂમિ છવાઈ ગઈ હતી. યોદ્ધાઓના ઘૂંટણ સુધીના પગ લોહીના કીચડથી ખરડાઈ ગયા. વળી યોદ્ધાઓનાં વસ્ત્રો, કવચો, છત્રો, રથપતાકાઓ - બધું જ લોહીથી તરબોળ થઈ ગયું, જાણે દાવાનળથી સળગી રહેલાં મહાવૃક્ષોની લાલઘૂમ જ્વાળાઓ !"

મહાકવિનું ઉપમા આદિ અલંકારોનું કેટલું પ્રભુત્વ વર્તાય છે !

દ્રોણાચાર્ય બ્રહ્મવર્ય છે, પરંતુ તેમના યુદ્ધકૌશલ્યને બિરદાવતાં મહાકવિ તેમને પ્રતાપી ક્ષત્રિયવીર જેવા હોવાનું આલેખે છે. કેવા દેખાય છે દ્રોણાચાર્ય ? "બગાસું ખાતા વાઘ જેવા, મદઝરતા હાથી જેવા, યુદ્ધમાં પ્રાણ ત્યજવા કવચથી સજ્જ થઈ અનેક પ્રકારના યુદ્ધ કરવા તત્પર નરવ્યાઘ્ર, શત્રુસંતાપક, કૃતજ્ઞ, સત્યરત અને દુર્યોધનનું હિત ઇચ્છનારા." કેટકેટલી રીતે નવાજ્યા છે ગુરુ દ્રોણાચાર્યને !

આગળ વ્યાસજી વર્ણવે છે કે જેમ વાયુ વાદળાંને વેરવિખેર કરી નાખે, તેમ યુધિષ્ઠિરના સૈન્યને દ્રોણાચાર્યે વેરવિખેર કરી નાખ્યું. હેમંતઋતુના અંતે ગર્જતો વાયુના સપાટા બોલાવતો મેઘ પથ્થર જેવા કરાનો વરસાદ વરસાવે તેમ દ્રોણાચાર્ય શત્રુઓને ભયથી પીડતા હતા.

કવિએ દ્રોણાચાર્યના પરાક્રમને મેઘ સાથે સરખાવ્યું છે, તેથી પેલું સુભાષિત યાદ આવે છે : "પ્રબળ અને કઠણ ગર્જના કરતા તે રાજાએ રણસંગ્રામ પર વિકરાળ ખડ્‌ગરૂપી મોટા મેઘને પ્રગટ કરી તેની ધારાના પાણીથી ત્રણેય લોકમાં ઝળકતા શત્રુઓના પ્રતાપને ઠારી નાખ્યો."

સમુદ્રના મહાવેગથી તણાતી નાવની જેમ દ્રોણાચાર્યના પ્રાણ હરનારાં બાણોથી નષ્ટભ્રષ્ટ થતી પાંડવસેના જોઈને કૌરવયોદ્ધાઓ સિંહનાદ કરવા લાગ્યા. ભમરાઓના ઝુંડની જેમ દ્રોણાચાર્યનાં બાણો એવાં તો ડંખ્યાં કે પાંડવસૈન્ય નાસી જવા તત્પર થઈ ઊઠ્યું.

આ શ્લોકમાં કવિનો શું કહેવાનો આશય હશે ?

બાણોરૂપી ભમરાઓને પાંડવયોદ્ધાઓમાં કમલ, માલતી, ચંપો, બકુલ જેવાં પુષ્પોની ભ્રમણા થઈ હશે ? અને ભમરાઓની છેડછાડને કારણે લજ્જા પામેલાં પુષ્પો સંકોચાય, તેમ યોદ્ધાઓ સંકોચાઈને સંતાઈ જવા લાગ્યા હતા !

શબ્દના સોદાગર વ્યાસજીની કલ્પનાને કોણ ઓળખી જાણે ? કહ્યું છે ને કે "જે વાદળો સિવાય પણ કાન પર અમૃતવર્ષા કરે છે, જે સરસ્વતીના વિલાસની જન્મભૂમિ છે, જે પદની રચનાને સૌભાગ્યનો લાભ આપવા માટે સાક્ષીરૂપ બનેલ છે એવા પ્રકારની સરળ કાવ્યરચના કૃતકૃત્ય કવિજનોનાં હૃદયમાં જ પ્રગટ થાય છે."

દ્રોણાચાર્યને પકડી લેવાની ઇચ્છાથી ભય પમાડતો ઘટોત્કચ ધસી આવ્યો. કેવો દેખાવ હતો ઘટોત્કચનો ? મુશળો, હથોડા, ચક્રો, ભિંડિપાલો (નાના ભાલા), પરશુઓ, ધૂળના ગોટા, વાયુ, અગ્નિ, જળ, રાખ, માટીનાં ઢેફાં અને વૃક્ષોને વીંઝીને કૌરવસેનાને ભાંગી નાખતો, વીંધતો, તોડફોડ કરી બધું આમતેમ ફેંકી ભય પમાડતો ઘટોત્કચ ધસી આવ્યો. અન્ય પાંડવ મહારથીઓ પણ આક્રમણ કરવા આવ્યા, પરંતુ પર્વત સામે જળપ્રવાહ અવરુદ્ધ થાય, સમુદ્રનાં પાણી કિનારાને ઓળંગી ન શકે, તેમ તે સર્વ યોદ્ધાઓ દ્રોણ પાસે પહોંચી જ શક્યા નહીં. દ્રોણાચાર્યથી રક્ષિત દુર્ધર્ષ વ્યૂહબદ્ધ કૌરવસૈન્યની પ્રશંસા કરતાં વ્યાસજી થાકતા નથી.

મધની ઇચ્છાવાળો માણસ પર્વતશિખરે રહેલા મધપૂડાવાળા વૃક્ષ પર ચડવા જાય, પણ ત્યાંથી લપસી પડવાની સંભાવનાને વિચારતો નથી, તેમ યુધિષ્ઠિરે દુ:સાહસ કર્યું અને આદેશાત્મક વિનંતીને માન્ય રાખીને અભિમન્યુ દ્રોણાચાર્ય-રચિત ચક્રવ્યૂહને ભેદવા તત્પર થયો. આત્મવિશ્વાસથી છલોછલ ભરેલો અભિમન્યુ "સળગતા અગ્નિમાં જેમ પતંગિયું ઝંપલાવે, તેમ આજે હું દ્રોણાચાર્યની દુર્ગમ સેનામાં પ્રવેશ કરીશ" કહેતો ઊપડ્યો. પતંગિયાં જેવો જ પોતાનો અંજામ આવશે તેવો અભિમન્યુને અંદાજ આવી ગયો હશે ? 'મહાભારત'કાર એ નિર્ણયકાર્ય આપણા ઉપર છોડી દે છે.

"હું બાળક છું, છતાં આજે એકલો જ સંગ્રામમાં શત્રુસૈન્યના ઝુંડનું નિકંદન કાઢીશ" એમ કહેતો અભિમન્યુ પોતાની વયનો ઉલ્લેખ કરીને વડીલોનો ઉત્સાહ વધારતો હતો કે ટકોર કરતો હતો ? શ્રીકૃષ્ણનો ભાણેજ છે, કૃષ્ણના હાથ નીચે કેળવણી પામેલો છે, એટલે બંને શક્યતા વિચારી શકીએ.

"આજે હું મારા માતૃપક્ષ અને પિતૃપક્ષ બંનેનું હિત થાય અને મારા મામા શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તેવું પરાક્રમ કરીશ." પાંડવોએ પોતાના ઉપર ઘણો મોટો ભાર મૂક્યો છે, મદાર બાંધ્યો છે તે જાણવા છતાં ક્ષત્રિયધર્મનું પાલન કરવા હસતા મુખે સોલ્લાસ ચક્રવ્યૂહ ભેદવા અભિમન્યુ સાબદો થાય છે અને યુધિષ્ઠિર હાશકારા સાથે આશીર્વાદ આપે છે !

પરંતુ દ્રોણાચાર્યે રચેલો વ્યૂહ કેવો હતો ? "સાધ્ય, રુદ્ર અને મરુદ્ગણો સમાન, વસુ, અગ્નિ અને આદિત્ય સમાન પરાક્રમી, ધનુર્ધારી, મહાબળવાન પુરુષસિંહો વડે રક્ષાયેલો, અતિ દુર્ભેદ્ય એવો દ્રોણસૈન્યનો ચક્રવ્યૂહ એવો તો દેદીપ્યમાન હતો કે મધ્યાહ્નના સૂર્યની જેમ તેની સામે પણ જોવું દુષ્કર હતું."

ભલે વ્યાસજી અતિશયોક્તિ અલંકાર વાપરતા, છતાં મનભાવન દૃશ્ય ઉદ્ભવતું અનુભવાય છે.

આવા દુર્ભેદ્ય ચક્રવ્યૂહને અભિમન્યુએ ભેદ્યો તેની પરાક્રમગાથા ચિરંજીવ બની રહી છે. કેવી રીતે ચક્રવ્યૂહ ભેદાયો ? શું સુંદર વર્ણન છે !

"ઊંચી, સુંદર, કર્ણિકારવૃક્ષના ચિહ્નવાળી ધ્વજાવાળો, સુવર્ણના કવચવાળો અને પોતાના પિતા અર્જુનથી પણ ચડિયાતો તે વીર અભિમન્યુ "સિંહબાળ હાથીઓ ઉપર ત્રાટકે, તેમ દ્રોણાચાર્ય વગેરે મહારથીઓ ઉપર ધસ્યો."

હજુ તો અભિમન્યુ વીસ ડગલાં જેટલો આગળ વધ્યો ત્યાં તો કુટિલ કૌરવો

સામટા તેના પર ત્રાટક્યા. હાથીઓની પ્રચંડ ચિંઘાડ, પણછોનો ઘરઘરાટ, ઘોડાઓની ખરીઓનો અવાજ, રથની ધરીઓનો ખડખડાટ અને એમાં કૌરવયોદ્ધાનું ક્રૂર અટ્ટહાસ્ય વગેરે ધ્વનિઓથી ધરતી ધણધણાવતા કૌરવો એકલા એવા અભિમન્યુ સામે ધસ્યા. ગંગાનો સંગમ થવાથી સમુદ્રમાં ઘૂમરીઓ થાય, તેમ બંને સૈન્યના ભેટવાથી બાણોની ઘૂમરીઓ રચાઈ ગઈ.

પરંતુ ઋત્વિજો યજ્ઞમાં દર્ભ વડે વેદીને ઢાંકી દે, તેમ અભિમન્યુએ સૌને ક્ષણવારમાં બાણવર્ષાથી ઢાંકી દીધા. આ તો ઠીક, અભિમન્યુનું પરાક્રમ દર્શાવતું ચલચિત્ર હવે જ ગતિ પકડે છે.

"સુંદર નાસિકા, મુખ અને કેશવાળા, કોઈ પણ ઘાના ચિહ્ન વિનાના, સુંદર કુંડળો પહેરેલા, ક્રોધથી દબાયેલા ઓષ્ઠસંપુટવાળા ને પુષ્કળ લોહીઝરતા અભિમન્યુએ જેમનાં મસ્તક ઉપર સુંદર મુકુટો અને પાઘડીઓ હતાં, જેઓ મણિઓ અને રત્નોથી શોભતા હતા, સૂર્ય-ચંદ્રની જેમ પ્રકાશતા હતા, હિતકારક અને પ્રિય બોલતા હતા અને તેવા પવિત્ર સુગંધથી યુક્ત એવા અસંખ્ય શત્રુઓનાં મસ્તકોથી રણભૂમિ છાઈ દીધી.

કૌરવપક્ષના યોદ્ધાઓના ગંધર્વનગર સમાન આકારવાળા, વિધિવિધાનપૂર્વક તૈયાર કરાયેલા રથોના ટુકડેટુકડા કરી નાખ્યા. રથોના અગ્રભાગો, તેના ત્રણ-ત્રણ વેણુ અને ઊંટડા, મજબૂત દંડ, રથોના જંઘા, કૂબર, ધરી, પૈડાં, ઉપસ્કર (બેઠકો), અનુકર્ષ (રથની નીચેના ભાગે રહેલું લાકડાનું પાટિયું), રથમાં રહેલી યુદ્ધસામગ્રી - બધાનો નાશ કરી નાખ્યો."

વ્યાસજીએ આમ તો યુદ્ધસંહારની વાત કરી છે, પરંતુ સાથે રથની રચનાની કેટલી સૂક્ષ્મ વિગતો પણ દર્શાવી દીધી છે !

માંસલોલુપ સિંહ જેવો અભિમન્યુનો સિંહનાદ સાંભળી કૌરવપક્ષના યોદ્ધા વધુ ખુન્નસથી લડવા લાગ્યા, તોપણ ઘી હોમાવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય, તેમ અભિમન્યુ વધુ પ્રજ્વલિત થઈ દીપવા લાગ્યો. સર્વ દિશાઓને ચળકાટથી ભરી દેતું અભિમન્યુનું ધનુષ્યમંડળ અંધકારનો નાશ કરતા સૂર્યમંડળ સમું દેખાતું હતું.

વર્ષાકાળે વીજળી પડવાથી મેઘનો પ્રચંડ ગડગડાટ સંભળાય તેમ અભિમન્યુના ધનુષ્યની પણછ અને તેની હથેળીના ઘર્ષણનો દારુણ અવાજ સંભળાતો હતો.

લજ્જાશીલ છતાં રોષભર્યા, સન્માન આપનાર પ્રિયદર્શી અભિમન્યુએ પહેલાં મૃદુ અને પછી દારુણ યુદ્ધ શરૂ કર્યું, જેમ વર્ષાઋતુ પછી શરદઋતુમાં સૂર્ય ક્રમશઃ પ્રચંડ બને છે તેમ.

આ બધી પરિસ્થિતિ વિશે સંજયે ધૃતરાષ્ટ્રને વિગત આપી ત્યારે ધૃતરાષ્ટ્રથી બોલ્યા વગર રહેવાયું નહીં :

द्वैधीभवति मे चित्तं ह्रिया तुष्ट्या च संजय ।
मम पुत्रस्य यत्सैन्यं सौभद्रः समवारयत् ।।

"સુભદ્રાપુત્ર અભિમન્યુએ મારા પુત્રના સૈન્યને અટકાવી દીધું એ જાણી મારું ચિત્ત લજ્જા અને સંતોષ એમ બે ભાગમાં વહેંચાઈ જાય છે."

દુર્યોધન પાછો પડ્યો તેની શરમ, પણ પૌત્ર અભિમન્યુ બચી ગયો તેનો સંતોષ - બે પરસ્પરવિરોધી ભાવો અનુભવતા ધૃતરાષ્ટ્રનું વ્યક્તિત્વ split personalityવાળું છે જ. દ્વિધાયુક્ત પણ છેવટે દંભનો ઓછાયો લઈ મોહયુક્ત નિર્ણય લેવાનો તેનો સ્વભાવ છે.

વ્યાસજી પોતાના સંતાનોના આંતરવિગ્રહના સાક્ષી રહ્યા છે. કાળના નિર્ણયને શિરોમાન્ય રાખી સંતાનોના વિસર્જનને તેમણે સ્વીકાર્યું છે. વ્યાસજી જેવી તટસ્થ વ્યક્તિ ધૃતરાષ્ટ્રને ન ઓળખે તેવું બને ખરું ? વ્યાસજીએ જીવનને સ્થિરતાપૂર્વક અને પૂર્ણરૂપે જોયું હોવાથી તેમની ન્યાયવૃત્તિ દાદ માગી લે તેવી ખીલી શકી છે. આ એક અદ્વિતીય બાબત છે; અને જે અદ્વિતીય હોય તે પરબ્રહ્મની જેમ વિશ્વવ્યાપી હોય - એ ન્યાયે વ્યાસજી સાહિત્યક્ષેત્રે વિશ્વવ્યાપી છે.

યુદ્ધ આગળ વધે છે. આ તો ચિત્રપટનો મધ્યાંતર હતો. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં હિન્દી સિનેમાની કથાની ચોપડી વેચાતી. તેમાં ફિલ્મી ગીતો સાથે વાર્તા પણ છપાતી, પરંતુ તે વાર્તા મધ્યાન્તર સુધીની જ અને છેલ્લે લખ્યું હોય - "વધુ જુઓ રૂપેરી પડદા ઉપર." વ્યાસજીએ પણ આ યુક્તિ અપનાવી, વચ્ચે સંજય-ધૃતરાષ્ટ્ર વચ્ચેનો વાર્તાલાપ મૂક્યો છે.

આ બાજુ જેમ સમુદ્રમાં તિમિ નામનો મહામત્સ્ય સામે આવેલાં નાનાંનાનાં માછલાંને ગળી જાય, તેમ અભિમન્યુએ કૌરવસેનાનો નાશ કરવાનું ચાલુ રાખ્યું. અભિમન્યુ એકલાએ જ અનેક યોદ્ધા સામે તુમુલ સંગ્રામ ખેલ્યો અને ત્યારે વિજય પણ મેળવ્યો. વ્યાસજીને અભિમન્યુ માટે કેટલાં લગાવ, ગર્વ અને ગૌરવ છે !

કૌરવયૌદ્ધાઓનાં મુખ સુકાઈ ગયાં, નેત્રો ચકળવકળ થવા લાગ્યાં, પરસેવો વળી ગયો અને તેઓ ભાગી જવા તત્પર થઈ ગયા, કારણ, તેમને શત્રુ ઉપર વિજય મેળવવો અશક્ય લાગ્યો. મરાઈ ગયેલા સર્વ સ્વજનોને રણભૂમિ પર જ સૂતેલા રાખી, કૌરવયૌદ્ધાઓ પોતાના હાથી-ઘોડાઓને હાંકી જઈ નાસી જવા લાગ્યા.

પરંતુ મૃત્યુને હથેળીમાં રાખીને યુદ્ધ કરનારા કેટલાક વીર યોદ્ધાઓ ભાગવાને બદલે અભિમન્યુની સામે થયા; પરંતુ સમુદ્રમાં ભળી જતી નદીઓ જેમ પાછી ફરતી નથી, તેમ અભિમન્યુનો સામનો કરનારા તે યોદ્ધાઓ જીવતા પાછા ફર્યા નહીં. જેઓ બચી ગયા તેઓ વાયુવેગથી ભયભીત મહામગરમચ્છનાં જડબાંમાં ફસાયેલી નૌકા મહાસાગરમાં ડગમગે, તેમ અભિમન્યુના ઝપાટામાં આવેલા યોદ્ધાઓ થરથરવા લાગ્યા.

અભિમન્યુને જીવતો પકડી લેવાની મુરાદવાળા અભિમાની શલ્યપુત્ર રુક્મરથને સુભદ્રાપુત્રે મારી નાખ્યો, તેથી પ્રહાર કરવામાં કુશળ, મદોન્મત્ત રુક્મરથના મિત્રોએ તાડ જેવા પ્રચંડ ધનુષ્ય પર બાણસંધાન કરી અભિમન્યુને ઢાંકી દીધો, જેમ શાહુડી તેનાં પીંછાથી ઢંકાઈ જાય તેમ.

હવે વળતો પ્રહાર પરાક્રમી અભિમન્યુનો. પાંચ વર્ષની ફળાઉ આંબાવાડી કોઈ કારણે છિન્નભિન્ન થઈ જાય, તેમ અભિમન્યુ વડે સેંકડો રાજપુત્રો ઢળી પડ્યા.

ત્યાં તો દુર્યોધનનો પુત્ર લક્ષ્મણ દ્વંદ્વયુદ્ધ કરવા આવી પહોંચ્યો. ત્યારે સંજય ધૃતરાષ્ટ્ર પાસે તેનું વર્ણન કરતાં કહે છે : "દંડનો માર ખાધેલા સર્પની જેમ છંછેડાયેલો તમારો પૌત્ર અભિમન્યુ તમારા બીજા પૌત્ર લક્ષ્મણ સામે ધસે છે." કેટલો જલદ કટાક્ષ છે ! ધૃતરાષ્ટ્રને કેટલો બધો વિશદ ઠપકો છે ! નિવારી શકાયો હોત તેવા કુટુંબક્લેશનું કેવું ભયંકર પરિણામ ! સ્થિતપ્રજ્ઞ ઋષિ વ્યાસજી પોતાના જ પૌત્રોના કલહને કેટલી તટસ્થતાથી વર્ણવે છે ! સમગ્ર 'મહાભારત' વાંચીને સમજીએ તો ખ્યાલ આવે કે શ્રીકૃષ્ણ આવા સ્થિતપ્રજ્ઞ ઋષિના પ્રેરણાદાતા છે.

ગતિમાન વાયુ વાદળોને વેરવિખેર કરી નાખે, તેમ અભિમન્યુએ કલિંગરાજના વિશાળ ગજસૈન્યને ધમરોળી નાખ્યું ત્યારે શકુનિ દુર્યોધનને કહે છે : "આપણે સૌ સાથે મળીને જ હવે આને મારી નાખીએ. અભિમન્યુ તો એક-એક કરી બધાને સાફ કરતો રહ્યો છે." યુદ્ધનિયમોનો છડેચોક ભંગ કરવાનું કુટિલ શકુનિને જ સૂઝે. આદર્શને ધકેલી દેવાનો અધર્મનો આશરો લેવામાં શકુનિને કોઈ ખચકાટ

નથી. જોકે આ પ્રસંગે વ્યાસજી સ્પષ્ટ કરે જ છે કે રણમેદાન પર યોદ્ધાઓ જે કાટલાં વાપરે છે તે સામાજિક જીવન કરતાં તદ્દન જુદાં જ હોય છે. વ્યાસજી રણનીતિની કડવી વાસ્તવિકતા રજૂ કરે છે.

નિરાશામાં ગરકાવ સેનાપતિ દ્રોણાચાર્ય નિસાસો નાખતાં કર્ણને પ્રશ્ન કરે છે : "તમારામાં કોઈ એવો પુરુષ છે કે જે અભિમન્યુની કોઈ એકાદી નબળાઈ જાણતો હોય ?" વ્યાસજી દ્રોણની વ્યગ્રતા વ્યક્ત કરે છે કે અભિમન્યુના શૌર્યને બિરદાવે છે ?

કર્ણ જાણે ઝનૂને ચડ્યો. એણે અભિમન્યુનું ધનુષ્ય કાપી નાખ્યું કે તરત અન્ય છ મહારથીઓએ બાણમારો ચલાવી તેનો રથ તોડીને તેને રથવિહોણો કરી નાખ્યો. દ્રોણે તેની તલવાર કાપી; વળી કર્ણે ઢાલ તોડી, એટલે ભૂમિ પર ઊભેલો અભિમન્યુ હાથમાં ચક્ર લઈને દ્રોણ સામે ધસ્યો. આ વીર બાળક-યોદ્ધો કેવો શોભતો હતો ?

"સર્વાંગે બાણોથી ભરાયેલો તે શાહુડી જેવો દીસતો હતો. ચક્રના પ્રભાકણોથી ઉજ્જ્વળ અંગોવાળો, ઝરતા રુધિર સાથે એકરૂપ થઈ ગયેલા મુખવાળો, અમાપ બળવાળો, વિકરાળ ભ્રૂકુટિ ચડાવી સિંહનાદ કરી રૌદ્ર દેખાતો અભિમન્યુ રણમાં જાણે બીજો કૃષ્ણ હોય તેમ શોભતો હતો."

આ યુદ્ધ દરમિયાન ઘણાબધાએ ભેગા મળી એકલા એવા અભિમન્યુને રહેંસી નાખ્યો.

અભિમન્યુ જીવતો હતો ત્યારે તો તેની નજીક ફરકવાની કોઈની હિંમત જ ન હતી, પણ નિર્જીવ અભિમન્યુના શરીરને વીંટળાઈ વળેલા કૌરવયોદ્ધાઓનાં હૈયાં પણ ધબકતાં હતાં.

"કમલિનીને ખૂંદી નાખનાર હાથીની જેમ કૌરવસેનાને છિન્નભિન્ન કરનારો, ક્રૂર શિકારીઓ દ્વારા હણાયેલા વનરાજની જેમ હણાયેલો, શિશિરઋતુના અંતે સર્વ વૃક્ષોને બાળ્યા પછી શાંત પડેલા દાવાનળ જેવો, વૃક્ષોને તોડી નાખીને શાંત પડેલા વાયુ જેવો, શત્રુસેનાને તપાવી અસ્તાચલ તરફ જતા આદિત્ય જેવો, રાહુએ ગ્રસેલા ચંદ્ર સમો કે સુકાયેલા સાગર સમાન, પૂર્ણચંદ્ર જેવા વદનવાળો, આકાશમાંથી પૃથ્વી પર ઊતરી આવેલા ચંદ્ર જેવો, કેશની લટોથી ઢંકાયેલાં નેત્રોવાળો અભિમન્યુ ધરતી પર પડ્યો હતો."

"નક્ષત્રમાલાથી અલંકૃત આકાશ પૂર્ણ ચંદ્રથી અધિક શોભી ઊઠે, તેમ વીર

અભિમન્યુ રણભૂમિ પર અધિક શોભી રહ્યો હતો અને રણભૂમિ અભિમન્યુને કારણે શોભતી હતી.''

''અતિ મૂલ્યવાન છતાં છિન્નભિન્ન થયેલાં આભૂષણોવાળો ઇન્દ્ર સમો એ મહારથી રણભૂમિ પર પડ્યો ત્યારે આહુતિરહિત યજ્ઞવેદીના અગ્નિ સમાન નિસ્તેજ અભિમન્યુને મનુષ્યો જોઈ રહ્યા હતા.''

સત્પુરુષો તપ કરીને, બ્રહ્મચર્ય પાળીને, શાસ્ત્રજ્ઞાન મેળવીને કે નિર્મળ બુદ્ધિથી જે ગતિને પામવાની અભિલાષા સેવે તે જગતને અભિમન્યુ પામી ગયો.

દ્રોણના સેનાપતિપદના ત્રીજા દિવસની સાંજે અભિમન્યુ હણાયો તે ક્ષણનું વર્ણન કરતાં વ્યાસજી કહે છે :

''ઉત્કૃષ્ટ તલવારો, શક્તિ, ઋષ્ટિ, કવચો, ઢાલો અને વિવિધ અલંકારોની પ્રભાનું હરણ કરતો સૂર્ય જાણે કે આકાશ અને પૃથ્વીને એકરૂપ કરીને પોતાની પ્રિય મૂર્તિરૂપ અગ્નિમાં પ્રવેશ કરી રહ્યો હતો.''

સંધ્યાકાળનું વર્ણન હોઈ શકે, પણ સૂર્ય સમાન અભિમન્યુ પૃથ્વી પરથી વિદાય લઈ રહ્યો છે તેવું પણ વ્યાસજી કહેવા માગતા હોય ! રાત્રિકાળે સૂર્ય પોતાનું તેજ અગ્નિમાં સમર્પે છે તેવો સર્વવિદિત ઉલ્લેખ છે.

અભિમન્યુવધનું વર્ણન એટલે શૌર્ય, બીભત્સ અને અંતે કરુણરસથી છલોછલ. ભવભૂતિએ કહ્યું છે : ''એકો રસઃ કરુણ એવ...'' માનવમનને કરુણરસ જ વધુ સ્પર્શે છે. ખરેખર, નવેય રસો એક જ મહારસની અવાન્તર સ્થિતિઓ નથી ?

દરેક વ્યક્તિને પોતાનું ભાવજગત હોય છે. સાહિત્ય વાંચનારને આપણે 'વાચક' ન કહેતાં 'ભાવક' અથવા 'સહૃદય' કહીએ છીએ. સાહિત્ય એ કલા છે, તો સાહિત્યને માણવાની પણ એક કલા છે.

અભિમન્યુવધ વાંચતાં કોઈપણ સંવેદનશીલ વ્યક્તિની આંખ ભીની ન થાય તો જ નવાઈ. અને કેમ ન થાય ? અભિમન્યુનું શાતાદાયક તેજ લોકોની આંખમાં અમીનું આંજણ આંજતું હતું, સૌનાં હૈયે ઉલ્લાસની ભરતી ઉભરાવતું, મૃત્યુલોકને પણ અમીવર્ષણથી ચેતનવંતું બનાવતું. 'મહાભારત'કાર દરેક પાત્રને તેના પૂર્ણ ગૌરવ સાથે ઉઠાવ આપે છે. અભિમન્યુ ઝળકે છે થોડી વાર, પણ તેનું વિશેષ મહત્ત્વ છે, કારણ, અપાર પરાક્રમની ગાથા ગાવી ગમતી હોય, તો દરેકે 'મહાભારત' અને તેના અભિમન્યુના પાત્ર પાસે જવું જ રહ્યું.

અભિમન્યુ માટે આચાર્ય દ્રોણનાં પ્રમાણપત્રો તો જુઓ ! દ્રોણ કહે છે : "જેનાં બાણો સામે ટકવું મુશ્કેલ જ છે, છતાંય ક્ષત્રિયધર્મને ખાતર સામો ઊભો છું.", "રણભૂમિમાં અર્જુન આનાથી વધીને કાંઈ નથી." જેવું સુંદર દ્રોણનું પ્રમાણપત્ર, એવી જ મનનીય પ્રશસ્તિ વ્યાસજીની. વ્યાસજીએ તો અભિમન્યુના પરાક્રમને 'કૃષ્ણતુલ્ય' કહ્યું છે. વ્યાસજીએ લાડકવાયા અભિમન્યુને ખૂબ ખીલવ્યો છે, બહેલાવ્યો છે અને અભિમન્યુના વધને કરુણતાથી હૃદયદ્રાવક રીતે વર્ણવ્યો છે. અભિમન્યુ એક અને અદ્વિતીય છે, તેથી તો પતંગિયાની પાંખમાં ટાંકણી ભોંકવાથી જે અરેરાટી થાય તેવી તીવ્ર સંવેદના વ્યાસજીની લેખિનીમાં થાય છે, તે અદમ્ય ઊર્મિઓના ધસમસતા પૂરપ્રવાહમાં ઘસડી જવા સક્ષમ છે.

આવા મૃત્યુંજય કુમારની યશગાથાની કાવ્યમાધુરીને કટુતામાં અને કટુતાને રસમાધુર્યમાં ઝબોળી વ્યાસજીએ લક્ષ્ય સિદ્ધ કર્યું છે.

ધર્મના ઉદ્‌બોધક વ્યાસજી છ-છ મહારથીઓના સામટા પ્રહારથી, કેવળ અધર્મથી જ હણાયેલા કિશોરને શક્ય તેટલાં લાડ લડાવે છે. વિદ્વાન અને લેખક વચ્ચે જો કોઈ મોટી સમસ્યા હોય તો એ સરળતા છે. વ્યાસજીએ સરળ શૈલીના આલેખનથી સંસ્કૃતિને સમૃદ્ધ કરી છે. અંતરીક્ષમાંથી કહેવરાવ્યું છે : "નૈષઃ ધર્મઃ ।" "એ ધર્મ નથી."

द्रोणकर्णप्रमुखैः षड्भिर्धार्तराष्ट्रैः महारथैः ।
एकोऽयं निहतः शेते नैष धर्मो मतो हि नः ।।

છ જણાએ ભેગા થઈ અભિમન્યુને માર્યો તેના પ્રત્યાઘાતરૂપે 'આ ધર્મ નથી, આ અધર્મ છે' એમ સર્વત્ર સંભળાયું.

"કૌરવોના એકધારા નિર્દયી ને ક્રૂર આક્રમણથી એકલવાયો લાડકો અભિમન્યુ હણાયો."

શાંતિકુમાર પંડ્યા સાચું જ કહે છે : "વ્યાસજીએ સત્યનો ઇતિહાસ અને ઇતિહાસનું સત્ય બંનેને આત્મસાત્ કર્યાં છે. આપણાં બંને મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત' બંનેનો પ્રાદુર્ભાવ થયો વેદનામાંથી. તેમાંય 'મહાભારત' એટલે વેદનાની વ્યાસપીઠ.

અભિમન્યુ હણાયાના સમાચાર જાણી સુભદ્રા હૈયાફાટ રુદન કરે છે : "સ્વપ્નમાં જોયેલા ધનની જેમ તું દેખાવ દઈને નાશ પામી ગયો. અરેરે ! માનવીનું જીવન પાણીના પરપોટાની જેમ ચંચળ અને અનિત્ય જ છે."

બેબાકળી સુભદ્રા મૂંઝવણ અનુભવે છે : "વાછરડા વિનાની ગાય જેવી હું તારી તરુણ પત્નીને કઈ રીતે ધીરજ આપી શકીશ ?"

અર્જુન પણ પુત્રના એક-એક બોલને, હાવભાવને, દેખાવને, પરાક્રમને યાદ કરી કલ્પાંત કરે છે. અત્યંત કલ્પાંત કરતા અર્જુનને વ્યાસજીએ "ભિન્નપોતો વણિકઃ" એટલે કે મધદરિયે જેનાં બધાંય વહાણ ડૂબી ગયાં હોય તેવા વણિક જેવો વર્ણવ્યો છે.

આવું અકાળ મૃત્યુ ? ઈશ્વરે મૃત્યુ અનિવાર્ય કેમ ગણ્યું ? - એવા આપણાં મનમાં ઉદ્‌ભવતા પ્રશ્ન સામે સમતા ધારણ કરવાનો વ્યાસજી પાંડવપરિવાર સાથે આપણને પણ ઉપદેશ આપે છે. સૃષ્ટિ બનાવી પણ વિધાતાએ અને તેનો લય પણ તે જ કરે છે. પ્રકૃતિના આ અટલ નિયમ સામે આપણે નિઃસહાય છીએ. ભૂતકાળમાં અનેક પ્રતાપી લોકો કાળની કંદરામાં વિલીન થઈ ગયા છે, તો અભિમન્યુની શી વિસાત ! જન્મમરણના જગતપારના મહામાર્ગો સૌએ એકલપંડે જ ખેડવાના હોય છે એવું આશ્વાસન આપતાં આર્ષદ્રષ્ટા વ્યાસજી કહે છે : "તમારો પુત્ર અભિમન્યુ તો યુદ્ધમાં યશ પ્રાપ્ત કરીને ચંદ્રમાં લીન થઈ ગયો છે, કારણ, તે ચંદ્રમાનો પુત્ર હતો, માટે પ્રમાદ અને કલ્પાંત છોડી સત્વર યુદ્ધ કરવા તૈયાર થાઓ."

આપણને આશ્ચર્ય થાય કે વ્યાસજી જેવા ઋષિવર પણ આવા પ્રસંગે યુદ્ધનો આદેશ આપે છે !

અભિમન્યુ હણાયો એટલે કૌરવપક્ષી યોદ્ધાઓએ હાશકારા સાથે હર્ષોલ્લાસ પ્રગટ કર્યો. હાયકારો નીકળી જાય તેવા આ પ્રસંગે બીજા કોણે-કોણે રાજીપો વ્યક્ત કર્યો હશે ? હા, કૂતરાઓ, શિયાળો, કાગડાઓ, બગલાઓ, ગરુડો, વરુઓ, દીપડાઓ, લોહીનું પાન કરનારાં અન્ય પક્ષીઓ, રાક્ષસોનાં ટોળાં અને ભયાનક પિશાચોના સમૂહો ગેલમાં આવી ગયા, કારણ, અભિમન્યુના પરાક્રમના કારણે રણમેદાન પર યોદ્ધાઓનાં રુધિરભીનાં શબોનો ઢગલો ખડકાઈ ગયો હતો.

પ્રાણીઓ, પક્ષીઓ જે માંસભક્ષી હતાં તેઓ શબોની ચામડી તોડી, તેમાંથી ચરબી, માંસ, મજ્જા ચીરીચીરીને ખાવા લાગ્યાં. તેઓ શબોની ખેંચાખેંચી કરતાં હતાં અને મનભાવતું ભોજન મળવાથી જાણે ખડખડાટ હસતાં-ગાતાં કિકિયારીઓ કરતાં હતાં; મનુષ્યો, અશ્વો અને હાથીઓના મૃતદેહોને મનફાવે તેમ ખેંચીખેંચી રણભૂમિ પર જાણે રગદોળતાં હતાં. કેટલું ભયંકર અને જુગુપ્સાપ્રેરક દશ્ય સર્જાયું હશે !

'મહાભારત'નાં અસંખ્ય પાત્રોમાં શ્રીકૃષ્ણ અને ભીષ્મપિતામહની જોડી અદ્વિતીય છે. અર્જુન અને કર્ણને આલેખવામાં વ્યાસજીએ અપાર શક્તિ રેડી છે, છતાંય મોટા ભાગના વિદ્વાનોના મતાનુસાર વ્યાસજીનાં બેનમૂન પાત્રો એટલે અંધ ધૃતરાષ્ટ્ર અને તેનો મદોન્મત્ત દીકરો દુર્યોધન.

ખૂબ મથામણના અંતે કદાચ મહાસાગરનું ઊંડાણ માપી શકાય, પણ ધૃતરાષ્ટ્રને માપવો ભારી કઠિન. 'મહાભારત'કારે દરેક પ્રકૃતિના માનવસ્વભાવને આલેખવામાં પોતાની સાહિત્યશક્તિ ખરચી છે, પરંતુ ધૃતરાષ્ટ્રને આલેખવામાં તો જાણે તેઓ પરસેવે નીતર્યા છે.

મહાસંગ્રામ માટે સૌથી વધુ જવાબદાર લોભાંધ અને મોહાંધ ધૃતરાષ્ટ્ર જ જવાબદાર છે, તેથી વ્યાસજી ઇચ્છે છે કે જો કાળનિશ્ચિત યુદ્ધ લડાય જ છે, તો ધૃતરાષ્ટ્ર પોતાની સગી આંખે પોતાના કુકર્મોનાં ફળ જોઈને આત્મનિરીક્ષણ કરે, પણ જેનો આત્મા અંદરથી ડંખતો હતો તેવો ધૃતરાષ્ટ્ર પોતાની દૃષ્ટિથી જોવાની હિંમત ક્યાંથી લાવે ? તેથી તો તે સંજય દ્વારા સાંભળવાનું પસંદ કરે છે.

આજ સુધીના યુદ્ધની વિગત, વિશ્વની પ્રથમ રનિંગ કૉમેન્ટ્રી આપનાર સંજય પાસેથી જ મેળવી છે, પણ પાટલીબદલુ ધૃતરાષ્ટ્રે આજે અફસોસ વ્યક્ત કર્યો કે પોતે આજે કશું જોઈ શકતો નથી. યુદ્ધનાં રાક્ષસી-પિશાચી વર્ણન અને તેમાંય અતિ પરાક્રમી અભિમન્યુ હણાયો તે સાંભળવાથી તેને અંદરખાને વિકૃત આનંદ આવે છે, તેથી પોતે બધું પ્રત્યક્ષ જોઈ શકતો હોત તો કેટલું સારું થાત - એમ વિચારતો, પોતાના અંધાપાને કોસતો ધૃતરાષ્ટ્ર નિઃસંકોચ રીતે સંજયને કહે છે : "આ આંખોવાળાઓની મને ઈર્ષા થાય છે. બધા યોદ્ધાઓ અભિમન્યુને ઘેરી તેના પર તૂટી પડી કેવી રીતે હણે છે તેનું મને વિસ્તારથી વર્ણન કર."

"न हि मे तृप्तिरस्तीह शृण्वतो" ("તો જ મને સંતોષ થશે.") ધૃતરાષ્ટ્રથી વધુ દંભી, મોહાંધ, સત્તાલાલચુ બીજું કોણ હોઈ શકે ? ધૃતરાષ્ટ્રના વિચિત્ર મનોભાવ દ્વારા માનવસ્વભાવનું ગહન દર્શન કરાવવામાં વ્યાસજીને કોઈ ન પહોંચે.

અને દુર્યોધન ! ગુણવંત શાહનું અવલોકન કેટલું સચોટ છે ! "નાનું બાળક જ્યારે માબાપના કહ્યામાં હોય ત્યારે થોડીક સારી ટેવો કેળવાય તે માટે સોનેરી તક ગુમાવવા જેવી નથી. પિતા જ્યારે ધૃતરાષ્ટ્ર બને અને માતા ગાંધારી બને ત્યારે સંતાન દુર્યોધન બને તેમાં શી નવાઈ ? સંતાન વંઠેલ પાકે તે અકસ્માત નથી, માબાપની નબળાઈનું સ્મારક છે."

પુત્રશોકમાં ડૂબેલા અર્જુને બીજા દિવસના સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા તો લીધી, પણ તેને કેમ કરીને હણવો તેની મથામણ શ્રીકૃષ્ણે કરવાની થઈ. શ્રીકૃષ્ણ સારથિ દારૂક સાથે જાગીને ચિંતા કરતાં દારૂકને કહે છે :

न हि दारा न मित्राणि ज्ञातयो न च बान्धवाः ।
कश्चिन्नान्यः प्रियतरः कुन्तीपुत्रान्ममार्जुनात् ।।

"મને મારી સ્ત્રીઓ, મિત્રો, જ્ઞાતિજનો, બંધુબાંધવો કે બીજું કોઈ અર્જુનથી વિશેષ પ્રિય નથી." તેથી

"જે અર્જુનનો દ્વેષ કરે છે તે મારો પણ દ્વેષ કરે છે, જે અર્જુનને અનુસરે છે તે મને પણ અનુસરે છે. હે દારૂક ! તું તારી બુદ્ધિથી સમજી લે કે અર્જુન મારું અર્ધું અંગ જ છે."

શ્રીકૃષ્ણનો સારથિ પણ વ્યાસજીએ એવો જ શોધ્યો છે ને ? દારૂક વિશ્વાસપૂર્વક કહે છે :

जय जय ध्रुवस्तस्य कुत एव पराजयः ।
यस्य त्वं पुरुषव्याघ्र सारथ्यमुपजग्मिवान् ।।

"હે પુરુષવ્યાઘ્ર ! આપ જેના સારથિ થયા છો તેનો વિજય અવશ્ય થાય જ, તેનો પરાજય થાય જ કેવો ?"

'ન્યસ્તશસ્ત્ર' - 'શસ્ત્ર વિનાના' શ્રીકૃષ્ણનો ઉલ્લેખ કર્યા વિના વ્યાસજી રહી શકતા નથી.

કૃષ્ણ-પાંડવ-સંબંધો વિશે તો અલગ ગ્રંથ લખી શકાય. અર્જુન આખી રાત ભરનિદ્રા માણે છે અને શ્રીકૃષ્ણ રાતભર અર્જુનની પ્રતિજ્ઞા બાબતે ચિંતા કરે છે. સ્વપ્નમાં અર્જુનને શિવજી પાસે લઈ જઈ પાશુપત-અસ્ત્રનું જ્ઞાન અપાવવાની જવાબદારી પણ શ્રીકૃષ્ણની ? વાહ ! ભક્ત-ભગવાનના સંબંધની જય હો ! જય હો !

નિદ્રાવશ અર્જુનને સ્વપ્નમાં દર્શન આપી બીજા દિવસે તેની પ્રતિજ્ઞા પૂરી થશે જ એવી હૈયાધારણ આપે છે.

मा विषादे मनः पार्थ कृपाः कालो हि दुर्जय ।
काल सर्वाणि भूतानि नियच्छति परे विधौ ।।

"હે પાર્થ ! તું મનમાં દુઃખ ન લગાડ, કેમ કે કાળ ખરેખર દુર્જય છે. કાળ જ સર્વ પ્રાણીઓને અવશ્ય ભાવિ વિષયોમાં પ્રવર્તાવે છે."

યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને અર્જુનની પ્રતિજ્ઞા પૂરી કરવામાં મદદરૂપ થવા પ્રાર્થના કરે છે ત્યારે શ્રીકૃષ્ણ કોલ આપે છે : "આગ જેમ ઈંધણને સળગાવી દે છે, તેમ અર્જુન દુર્યોધનની સેનાને સળગાવી દેશે અને સૌભદ્રઘાતી જયદ્રથ અર્જુનનાં બાણોનો ભોગ બની એ માર્ગે જશે, જ્યાંથી એના જીવનું દર્શન ફરી આ લોકમાં શક્ય નહીં બને."

આમેય 'योगक्षेमं वहाम्यहम्' અને 'न मे भक्त: प्रणश्यति' કહેનારા શ્રીકૃષ્ણ આગોતરા જામીન થયા જ છે ને !

પરમ શક્તિ પરની શ્રદ્ધાએ આર્ષદ્રષ્ટા વ્યાસજીને માનવમનનાં ઊંડાણો, માનવવર્તનની સંકુલતાઓ, ઘટનાઓનાં કાર્યકારણ વગેરેમાં રસ લેતા રાખ્યા છે.

બીજી તરફ અર્જુનની ભીષણ પ્રતિજ્ઞા જાણીને કૌરવો સ્તબ્ધ થઈ ગયા. અસ્વસ્થ દુર્યોધનના મનમાં પ્રશ્ન ઊગે છે. તે દ્રોણાચાર્યને જઈને પૂછે છે : "અર્જુન અને હું એ બેમાંથી વિદ્યામાં વિશેષ કોણ છે એ મારે તત્ત્વથી જાણવું છે." ઈર્ષા, દ્વેષ, અહંકાર અને દ્રોણાચાર્ય માટેના અવિશ્વાસે જ આ પ્રશ્ન જન્મ્યો છે, પરંતુ દ્રોણાચાર્યની કુનેહ ક્યાં ઓછી છે ! તેઓ પ્રત્યુત્તર આપે છે : "આચાર્ય દ્વારા અપાતું જ્ઞાન તમને બંનેને સરખું જ મળ્યું છે. માત્ર યોગથી અને દુઃખથી સહન કરવું પડ્યું છે, તેથી અર્જુન તારા કરતાં ચડિયાતો છે."

હરીન્દ્રભાઈની છણાવટ યાદ આવે છે. તેઓ કહે છે : "દુર્યોધનમાં તો યોગ એટલે પ્રભુ સાથેનું તાદાત્મ્ય નથી. તેણે દુઃખ સહન કર્યું નથી. યોગ અને દુઃખ માનવીને મહાન બનાવે છે." છેવટે હરીન્દ્રભાઈનો તલસ્પર્શી પ્રશ્ન છે : "ભગવાનનો યોગ જેને થાય છે તેને જ ભગવાન અગ્નિની તાવણીમાં તપાવતા હશે ?" દુર્યોધન- દ્રોણાચાર્યનો સંવાદ એટલે પાયાની ફિલસૂફી.

'ભીષ્મપર્વ'ની પરમ ઘટના 'શ્રીમદ્ ભગવદ્ગીતા' છે, તો 'દ્રોણપર્વ'ની ચરમ ઘટના જયદ્રથવધ છે, જેનું વર્ણન મહાકવિએ ખૂબ બહેલાવ્યું છે.

સુવર્ણનું કવચ પહેરેલો રથીશ્રેષ્ઠ અર્જુન સોનેમઢ્યા રથ ઉપર આરૂઢ થઈ, કટિબદ્ધ થઈ યુદ્ધે ચડ્યો. જાણે મેરુપર્વત પર પ્રકાશી રહેલો ઉજ્જ્વલ સૂર્ય.

જેમ શર્યાતિ રાજાના યજ્ઞમાં ઇન્દ્રની સાથે બંને અશ્વિનીકુમારો આવે, તેમ

અર્જુનની સાથે જ રથમાં શ્રીકૃષ્ણ અને યુયુધાન (સાત્યકિ) પણ ચઢ્યા. અર્જુનની શોભા કેવી ગૌરવાન્વિત છે ! "જેમ અંધકારનો નાશ કરનાર ચંદ્ર, બુધ અને શુક્ર સાથે આકાશમાં શોભે, તેમ શ્રીકૃષ્ણ અને સાત્યકિના સાથમાં અર્જુન શોભતો હતો અને તારકામય સંગ્રામમાં વરુણ અને સૂર્ય સહિત ઇન્દ્રે ગમન કરેલું, તેમ સાત્યકિ અને શ્રીકૃષ્ણ સાથે અર્જુને યુદ્ધભૂમિ તરફ પ્રયાણ કર્યું."

અકલ્પ્ય ઉપમા આપી જાણનાર વ્યાસજીની આહ્‌લાદક મધુર વાણી માણવા જેવી છે. તેઓ કહે છે :

"પ્રલયકાળે જેમ પ્રજ્વલિત સૂર્ય પૃથ્વીને પ્રદીપ્ત કરે, તેમ મહાત્મા પાંડુપુત્ર અર્જુનનો ધ્વજ તેના સૈન્યને દીપાવી રહ્યો હતો." વળી "ધનુર્ધારીઓમાં અર્જુન શ્રેષ્ઠ છે, ધનુષ્યોમાં ગાંડીવ શ્રેષ્ઠ છે, ભૂતોમાં વાસુદેવ શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ છે અને ચક્રોમાં સુદર્શન શ્રેષ્ઠ છે, એવાં ચારેય તેજોનું વહન કરતો, અર્જુનનો શ્વેત અશ્વો જોડેલો રથ ત્યાં ઉદય પામેલા કાળચક્રની જેમ શત્રુઓની સામે આવીને ઊભો રહ્યો."

એવામાં મહારથી દ્રોણાચાર્ય ત્યાં એકાએક ધસી આવ્યા ને ધરતી ભયંકર આર્તનાદથી કંપી ઊઠી. રેશમના ઢગલાની જેમ રજોટના ગોટેગોટા ઊછળવા લાગ્યા અને સૂર્ય તેનાથી ઢંકાઈ ગયો.

શુકનશાસ્ત્રના જ્ઞાતા વ્યાસજીએ આ સમયે પાંડવોનો વિજય સૂચવતાં મંગલકારી શુકનો અને કૌરવોનો પરાજય સૂચવતાં અપશુકનોને પણ વર્ણવવાં બાકી નથી રાખ્યાં.

"ઉનાળામાં પવનથી ફૂંકાયેલો અગ્નિ સૂકા ઘાસને બાળે, તેમ મારી સેનાને અર્જુન બાળી નાખશે" એવો ધૃતરાષ્ટ્રને ધ્રાસકો પડે છે.

धर्मापेक्षा नरो नित्यं सर्वत्र लभते सुखम् ।
प्रेत्यभावे च कल्याणं प्रसादं प्रतिपद्यते ।।

"ધર્મની કાળજી રાખનારો પુરુષ હંમેશાં સર્વત્ર સુખ પામે છે. મૃત્યુ પછી પણ તે કલ્યાણ અને પ્રસન્નતા પ્રાપ્ત કરે છે."

न च मे श्रुतवान्मूढो मन्ये कालस्य पर्ययम् ।

"મૂરખ દુર્યોધને મારી વાત માની જ નહીં. મને લાગે છે કે સમય પલટાઈ ગયો છે."

ડૉ. જેકીલ અને મિ. હાઈડમાંનો જેકીલ અત્યારે બેઠો થઈને બોલે છે : "હવે સંધિ કરી લેવી જોઈએ."

આ બાજુ ત્રિશૂળધારી મહાદેવ જેવો અક્ષોભ્ય, પાશધારી વરુણ અને પ્રજાને બાળી નાખનાર પ્રજ્વલિત અગ્નિ જેવો અર્જુન - જેમ ક્રોધે ભરાયેલો સાઠ વર્ષનો મદઝરતો હાથી વાંસવનને રગદોળે - તેમ પ્રબળ પુરુષાર્થ કરીને કૌરવસેનાને રગદોળવા લાગ્યો. મહાસાગર જેવા ગજસૈન્યમાં તે મગરમચ્છની જેમ પ્રવેશ્યો, એટલે ઘોડાઓની ખરીઓના ટાંપથી, રથનાં પૈડાંના ઘોષથી, અર્જુનની ગર્જનાથી, પણછના ટંકારવથી, દેવદત્ત શંખના નિનાદથી, ગાંડીવના ટંકારથી હાથીઓનો વેગ ધીમો પડ્યો. હાથીઓ સર્પ સમાન ઝેરી બાણોથી વીંધાયા અને કપાયેલા પર્વતની જેમ વિવશ થઈ ચિત્કાર કરતા ધરતી પર ઢળી પડ્યા.

અર્જુનનાં ભલ્લબાણોથી યોદ્ધાઓનાં મસ્તકો કપાઈને ધરતી પર પડતાં ત્યારે લાગતું કે "અર્જુન ધરતીને કમલગુચ્છોનું સમર્પણ કરી રહ્યો છે." કેટલી અદ્ભુત અભિવ્યક્તિ !

અર્જુને નમેલા પર્વવાળા અર્ધચંદ્રાકાર બાણથી ભગદત્તના હૃદયને ચીરી નાખ્યું. પ્રાણરહિત ભગદત્ત ધરાશાયી થયો ત્યારનું દશ્ય કેવું હતું ?

"જેમ કમળનાળને ઉખાડવાથી કમલપુષ્પની પાંખડીઓ ખરી પડે, તેમ ભગદત્તના માથા પરનો ફેંટો ધરતી પર સરી પડ્યો અને જેમ પુષ્પિત કર્ણિકારવૃક્ષ વાયુના વેગથી પર્વત પરથી ઊખડી પડે, તેમ તે સુવર્ણમાળા તથા અન્ય અલંકારોથી શોભતો ઉન્નત પર્વત જેવો હાથી પરથી નીચે ગબડી પડ્યો."

स हेममाली तपनीयभाण्डात्
पपात नागाद् गिरिसंनिकाशात् ।
सपुष्पितो मारुतवेगरुग्णो
महीधराग्रादिव कर्णिकारः ।।

ભગદત્ત હણાયો તો ખરો, પણ તેની થોડી ક્ષણો પૂર્વે કૌતુક સર્જાય છે. અર્જુનની બાણવર્ષા અસહ્ય થતાં ભગદત્તનો હાથી નાસવા લાગે છે, ભગદત્તના અંકુશમાં રહેતો નથી તેનું વર્ણન મહાકવિએ આધુનિક લાગે તેવું અલંકારયુક્ત આલેખ્યું છે :

"દરિદ્ર પુરુષની પત્ની પોતાના સ્વામીનું કહ્યું ન માને, એમ આ હાથી ભગદત્તના અંકુશમાં ન રહ્યો." આર્ષદ્રષ્ટા કવિને ભવિષ્યના હાલહવાલ નજરે ચડ્યા વિના રહે ?

પછી પ્રલયકાળના સૂર્યરૂપી અમિત તેજસ્વી અર્જુને પોતાનાં અસ્ત્રોરૂપી કિરણોથી સંશપ્તક સૈન્યરૂપી સમુદ્રને શોષી લીધો. ભગદત્ત હણાયો ત્યારે વ્યાસજીએ વનસ્પતિ અને પર્વતો સાથે ઋતુઓને પણ યાદ કરી છે. કહે છે, "જેમ વૃત્રાસુર અને બલાસુર બંનેએ ભેગા મળી ઇન્દ્ર પર પ્રહાર કરેલો, તેમ વૃષક અને અચલ નામના શકુનિના બે ભાઈઓ અર્જુન સામે ધસ્યા. ત્યારે જેમ ગ્રીષ્મઋતુના બે મહિના તાપ અને પરસેવાથી લોકોને ક્લેશ આપે, તેમ લક્ષ્યવેધી તે બંને ગાંધારપુત્રો અર્જુનને અકળાવી નાખે તેવા પ્રહાર કરવા લાગ્યા." અર્જુને વળતા જવાબરૂપે એક જ રથમાં અડોઅડ બેઠેલા તે બંને ભાઈઓને એક જ બાણથી મારી નાખ્યા. કવિવર અત્યંત નાટ્યાત્મક રજૂઆત કરતાં કહે છે કે સિંહ સમા પરાક્રમી, લાલ નેત્રોવાળા, મહાભુજાઓવાળા, સમાન લક્ષણોવાળા તે બંને ભાઈઓ મૃત્યુ પામીને એકસાથે જ રથ પરથી નીચે ગબડી પડ્યા.

પોતાના ભાઈઓને હણાયેલા જોઈ અનેક માયાઓમાં વિશારદ એવા શકુનિએ શ્રીકૃષ્ણને મોહ પમાડવા માયા રચી.

તટસ્થ 'મહાભારત'કાર બંને પક્ષના વીરોનાં કીર્તિ, પરાક્રમ અને યુદ્ધકૌશલને વધાવે છે. શકુનિની ભય પમાડતી રૌદ્ર માયાનાં ગુણગાન પણ તેમણે એટલાં જ ગાયાં છે.

"શકુનિની માયાના પ્રભાવથી દંડાઓ, લોખંડના ગોળાઓ, પથ્થરો, શતઘ્નીઓ, શક્તિ, ગદાઓ, પરિઘો, ખડ્ગો, ત્રિશૂળો, હથોડાઓ, લોહપટ્ટીઓ, છરાઓ (કંપનો), ઋષ્ટિઓ, નખરો (વ્યાઘ્રનખ), મુસળો, ફરસીઓ, ક્ષુરબાણો, ક્ષુરપ્રો (ભાલાં), વત્સદંતો (વાછરડાના દાંત જેવાં વક્ર બાણ), અસ્ત્રિસંધિઓ, ચક્રો, પ્રાસો જેવાં અનેક આયુધો સર્વ દિશાઓ અને પ્રદિશા(ખૂણાઓ)માંથી આવીઆવીને અર્જુન પર પડવા લાગ્યાં."

"વળી ગધેડા, ઊંટ, પાડા, સિંહ, વાઘ, રોઝ, ચિત્તા, રીંછ, કૂતરા, ગીધ, વાંદરા, સાપ, વિવિધ પ્રકારના રાક્ષસો, અનેક પ્રકારનાં પક્ષીઓ ભૂતાવળ થઈને ક્રોધપૂર્વક અર્જુન તરફ ધસવા લાગ્યાં."

શૂરવીર અર્જુને પ્રબળ અને ઉત્તમ બાણોથી તે સહુનો સંહાર કરવા માંડ્યો ત્યારે તે હિંસક પશુઓ ચિત્કાર કરતાં નાશ પામવા લાગ્યાં.

અર્જુનના રથ સામે ગાઢ અંધકાર છવાયો. અંધકારમાંથી જાતજાતની ભયંકર વાણી થઈ અર્જુનને ધમકાવવા માંડી. અર્જુને તેજોમય અસ્ત્રથી અંધકારનો નાશ કરી નાખ્યો.

ત્યાં તો ભયંકર જલપ્રવાહો પ્રગટ થયા. અર્જુને આદિત્યાસ્ત્ર વાપર્યું ને જળ શોષાઈ ગયું.

શકુનિ અનેક માયા ફેલાવે છે ને અર્જુન તેનો નાશ કરતો જાય છે. શકુનિના માયાવી છળકપટનં કેટલું આબેહૂબ વર્ણન થયું છે ! પણ જેમ દૈવી સંપત્તિ આગળ આસુરી સંપત્તિએ ઝૂકવું જ પડે છે, તેમ અર્જુનના બાણપ્રહારથી ત્રાસ પામતો શકુનિ ઘોડા દોડાવતો ત્યાંથી ભાગ્યો. અધર્મથી લડાતા માયાવી યુદ્ધનું આખરે તો ક્ષત્રિયધર્મના લાંછનના વર્ણનથી વ્યાસજી તલસ્પર્શી સમાપન કરે છે.

જલાધિપતિ ભગવાન વરુણે શ્રુતાયુધને એક અજેય ગદા આપેલી ને કહેલું : "જે પુરુષ તારી સાથે યુદ્ધ કરતો ન હોય તેના પર આ ગદાનો પ્રહાર ન કરતો. જો કરીશ તો એ ગદા પાછી વળીને તારા ઉપર જ પડશે."

શ્રીકૃષ્ણ તો એની સામે યુદ્ધ ક્યાં કરતા હતા ? છતાં શ્રુતાયુધે તેમના પર ગદા ફેંકી ને ગદાએ શ્રુતાયુધનો જ વધ કર્યો. પર્ણાશાનો વહાલો પુત્ર શ્રુતાયુધ વાયુવેગથી પડેલા અનેક શાખાવાળા વૃક્ષ જેવો ભૂમિ ઉપર શોભતો હતો.

અર્જુનનાં તીક્ષ્ણ બાણોથી કંબોજરાજ સુદક્ષિણ દંડથી છૂટી પડેલી ધજાની જેમ ધરણી પર ઢળી પડ્યો. "જાણે ભાંગી પડેલું કરેણવૃક્ષ !"

વ્યાસજીની આ સુંદર કલ્પનામય ઉપમા સંસ્કૃત સાહિત્યમાં ખૂબ વણાઈ ગઈ છે. બાણની 'કાદંબરી'(પૂર્વ પેરા. ૩૬)માં કરેણનાં પુષ્પોથી સૂર્યપૂજા થાય છે. 'નૈષધ'માં (૨૧/૪૫) શિવપૂજામાં કરેણનાં પુષ્પો કામ આવે છે. ગ્રીષ્મઋતુના વર્ણનમાં રાજશેખર (અ. ૧૮) કહે છે : "પૃથ્વી ઉપર કરેણ અને કેરડાનાં પુષ્પો ખીલીને ભૂભાગને શોભાવે છે." કરેણ ઉદ્યાનવૃક્ષ હોવાથી કોઈ બાગ એવો નહીં હોય, જ્યાં કરેણ ન હોય. મહાદેવજીને અતિપ્રિય કરેણ આકર્ષક પુષ્પ છે. શિવપૂજા જાણે કરેણનાં ફૂલ વિના અધૂરી.

કુસંપના કારણે લડાયેલા આ મહાયુદ્ધના વિરોધી એવા વ્યાસજી થયેલા મહાસંહારને ભલે કચવાતા મને પણ વૃક્ષો, પુષ્પો, નદી, પર્વત વગેરે સાથે સરખાવ્યા વિના રહી શકતા નથી, કારણ, ઋષિપદ પામેલા વ્યાસજી પ્રખર પ્રકૃતિપ્રેમી છે. વૃક્ષારોપણ અને પર્યાવરણની જાળવણી માટે તેઓ અત્યંત સજાગ હશે.

પ્રકૃતિપ્રેમી વ્યાસજી અર્જુનના પરાક્રમને કેવી રીતે નવાજે છે ? "કલિંગદેશના ગજસવારોનાં મસ્તકો અને બાજુબંધવાળા બાહુઓથી છવાઈ ગયેલી ધરતી

સર્પોથી વીંટળાયેલા સુવર્ણના પથ્થરોવાળી હોય તેમ શોભતી હતી અને છેદાઈને પડેલાં મસ્તકો વૃક્ષો પરથી પડી રહેલાં પક્ષીઓ જેવાં દેખાતાં.'' હૈયાને વલોવતા આ વિનાશમાં તેઓ પ્રકૃતિનો જ વિનાશ જુએ છે.

'ભીષ્મપર્વ'ના દસ દિવસ અર્જુને મહાયુદ્ધ ખેલ્યું, પરંતુ અભિમન્યુના વધના કારણે છંછેડાયેલો અર્જુન 'દ્રોણપર્વ'માં દારુણ યુદ્ધે ચડ્યો. વ્યાસજી તેનું પરાક્રમ વર્ણવતાં કહે છે :

तेऽद्यापि न निवर्तन्ते सिन्धवः सागरादिव ।

''સમુદ્રમાં ગયેલી નદીઓ પાછી ફરતી નથી, તેમ આ યોદ્ધાઓ પણ અર્જુન સામે લડીને પાછા ફર્યા નથી.''

દ્રોણના પ્રચંડ યુદ્ધથી દુર્યોધન હરખાય છે, પણ કર્ણ ગાફેલ નથી. પાંડવો હારીને ભાગશે એવું માનતા દુર્યોધનને કર્ણ કહે છે કે વિષપ્રયોગ, અગ્નિદાહ અને દ્યૂતસભા જેવા ક્લેશો જેમણે ભોગવ્યા છે, ઉપરાંત જેમને ભાગ્યે વનવાસ આવ્યો છે એવા પાંડવો એ બધું ક્યારેય ન ભૂલે. તેઓ યુદ્ધમાં મરણ પસંદ કરે, પણ આપત્તિઓ વર્તાવનારને હાથે મરવું પસંદ ન જ કરે.

આ એક જ વાક્યમાં વ્યાસજીએ યુદ્ધનું પરિણામ કહી દીધું છે ને ?

પ્રહારવિદ ધૃષ્ટદ્યુમ્ન અને શ્રેષ્ઠ શસ્ત્રપ્રવીણ દ્રોણાચાર્ય વચ્ચે બરાબર મધ્યાહ્ને તુમુલ યુદ્ધ જામ્યું. જાણે બે મહામેઘો અથડાયા. ગ્રીષ્મકાળને અંતે વાયુ વડે ખળભળતો મહાસમુદ્ર એટલે દ્વિજશ્રેષ્ઠ દ્રોણાચાર્ય અને જળનો પ્રબળ મેઘ મોટા પુલને તોડવા મથતો હોય તેવો ધૃષ્ટદ્યુમ્ન. કોઈ કોઈને પછાડી શકે તેમ નથી.

યુદ્ધવર્ણન કહેતો સંજય સમયોચિત ઉપાલંભ આપી ધૃતરાષ્ટ્રની આંખો ખોલાવી ભાન કરાવે છે કે પોતાનો રોષ ઠાલવે છે ? ખબર નથી, પણ અત્યારે તે કહેવાનું ચૂકતો નથી : ''આપના વિલાપમાં મને તો અર્થના લોભી એવાં આપનાં વચન વિષ ભેળવેલા મધ જેવાં લાગે છે. આજ્ઞામાં ન રહેતા આપના ક્રોધી પુત્રોને યુદ્ધ કરતા રોક્યા હોત તો આવું સંકટ ન આવત. હવે તો પાંડવો, પાંચાલો, વૃષ્ણિઓ અને અન્ય સર્વ આપની કુબુદ્ધિનું ફળ અવશ્ય ભોગવશે. 'ગતોદકે સેતુબન્ધો' - પાણી વહી ગયા પછી પાળો બાંધવાનો કોઈ અર્થ નથી. ખરેખર, પરાજયનું મૂળ આપ જ છો.'' આગળ સંજય કહે છે : ''કોઈ દુષ્ટ રાજાનું રાજ્ય દુષ્કાળ, રોગ અને ચોર-ડાકુઓ દ્વારા નાશ પામે, તેમ પાંડવો વડે વિપત્તિમાં આવી પડેલી આપની સેના ઉપદ્રવ પામી રહી છે.''

વ્યાસજી કદી બંધિયાર રહ્યા નથી. ગંગાના તાજગીપ્રદ પ્રવાહની જેમ તેઓ સૌને ઋજુભાવે ઉન્નત કરી ચિત્તપ્રસાદ આપે છે. ઊર્ધ્વગામી બનવાની પ્રેરણા આપતા વ્યાસજી મન-વચન-કર્મથી ધર્મના આગ્રહી, પ્રેમી અને પક્ષપાતી છે, તેથી જ સંજય દ્વારા ધૃતરાષ્ટ્રને તેની ફરજ યાદ કરાવે છે. પુત્રમોહ, રાજ્યલોભ અને રાજ્યધર્મથી ભ્રષ્ટ થતા ધૃતરાષ્ટ્રને તેઓ પુત્રના દોષો દર્શાવે છે.

વ્યાસજી આર્ષદ્રષ્ટા કવિ હોવા સાથે યોગી પણ છે, તેથી તો યુદ્ધ પહેલાં સંજયને અને યુદ્ધ પછી ધૃતરાષ્ટ્ર-ગાંધારીને દિવ્ય દૃષ્ટિ આપી શક્યા છે અને ભલે યુદ્ધવર્ણન કરે છે, પણ તેમાં આધ્યાત્મિક ભાષાની રંગપૂરણી કર્યા વિના રહી શકતા નથી.

દ્રૌપદીના પાંચેય પુત્રો ક્રોધાયમાન બાહ્‌લિકરાજ સાથે યુદ્ધ કરતા હતા - "જાણે પંચેન્દ્રિયો સાથે મનનું યુદ્ધ થતું હોય તેવું."

વળી પાછા આપણે દ્રોણાચાર્ય અને ધૃષ્ટદ્યુમ્નના દ્વંદ્વયુદ્ધને માણીએ. અમર્યાદ બનેલા ધૃષ્ટદ્યુમ્ને પોતાના અશ્વોને દ્રોણાચાર્યના અશ્વો સાથે ભીડ્યા ત્યારે દ્રોણાચાર્યના લાલ ઘોડા અને ધૃષ્ટદ્યુમ્નના કબૂતરી રંગના ઘોડાઓ વીજળીમિશ્રિત વાદળોની જેમ શોભવા લાગ્યા. દ્રોણાચાર્ય પાસે ધૃષ્ટદ્યુમ્નનું ગજું કેટલું ? સિંહના પંજામાંથી મૃગને કોઈ છોડાવે, તેમ દ્રોણાચાર્યના સપાટામાં ફસાયેલા ધૃષ્ટદ્યુમ્નને શિનિશ્રેષ્ઠ સાત્યકિએ છોડાવ્યો, એટલે છંછેડાયેલા, ક્રોધથી લાલઘૂમ થયેલાં નેત્રોવાળા દ્રોણાચાર્ય ફુત્કાર કરતા સર્પની જેમ સાત્યકિ પર તૂટી પડ્યા. "દ્રોણાચાર્યરૂપી મહાનાગનો ક્રોધ જ તેનું વિષ હતું, નારાચબાણ જડબાં હતાં અને પહોળું કરેલું ધનુષ્ય સર્પનું ખુલ્લું મુખ હતું. મહામેઘ જેવા દ્રોણાચાર્યે બાણવર્ષાની ઝડી વરસાવી. રથની ઘરઘરાટીરૂપી મેઘગર્જના કરતો, ધનુષ્ય ખેંચવારૂપી પાણી છોડતો, નારાચબાણોરૂપી વીજળીના ચમકારા કરતો, શક્તિ ને તલવારરૂપી વજ્રવાળો, ક્રોધના વેગથી ઊછળતો, અશ્વોરૂપી વાયુથી ધસમસતો એવો દ્રોણાચાર્યરૂપી મેઘ ચઢી આવ્યો." વ્યાસજીએ રૂપકોની રમઝટ-ત્રમઝટ બોલાવી છે ને ?

દ્રોણાચાર્ય અને સાત્યકિ બંને અસ્ત્રકુશળ. બંનેની અનારાધાર બાણવર્ષા. ઇન્દ્રના હાથમાંથી છૂટેલા વજ્રના ગડગડાટ જેવો ટંકારવ સંભળાતો હતો. સર્વ સેનાઓ લડવાનું બંધ કરી, સ્તબ્ધ થઈને બંને રથશ્રેષ્ઠીઓને વીંટળાઈને જોઈ રહી. બંને પક્ષની સેનાઓ વર્ષાકાળે બગલાની હાર, આગિયાઓની પંક્તિ, ઐરાવત અને વીજળીઓથી યુક્ત મેઘપંક્તિ જેવી શોભતી હતી. વ્યાસજીની કલ્પનાશક્તિને કોઈ ન આંબે.

શિયાળાના અંતે વનને ભસ્મીભૂત કરતા દાવાનળની જેમ ધસતો અર્જુન જયદ્રથનો વધ કરવા ઉતાવળો થયો. અર્જુનનાં ઉત્સાહ અને પરાક્રમને વધાવવામાં વ્યાસજી કોઈ મણા રાખતા નથી. તેઓ કહે છે : "પોતાના નામથી અંકિત, પાણી પાયેલાં, કાલાગ્નિ જેવાં, ઝીણા ચર્મતંતુઓથી ગૂંથેલાં, મજબૂત, દૂર સુધી જનારાં, વાંસનાં કે લોખંડનાં બનાવેલાં બાણો બહુપાંખિયાં હોવાથી પક્ષીઓ સાથે ઊડીને યુદ્ધનાં પ્રાણીઓનું રુધિરપાન કરવા લાગ્યાં."

જયદ્રથનું રક્ષણ કરવા દ્રોણાચાર્યે માનવશરીરનો ગઢ રચ્યો ત્યારે અર્જુને તેમાં બાકોરાં પાડવા માંડ્યાં અને શ્રીકૃષ્ણ લાગ મળતાં જ વાયુવેગે રથ આગળ ધપાવતા હતા.

વાયુથી ફૂંકાયેલો અગ્નિ વનની તમામ સંપત્તિને બાળી નાખે, તેમ શ્રીકૃષ્ણરૂપી વાયુથી ફૂંકાયેલા અર્જુનરૂપી અગ્નિએ કૌરવસૈન્યરૂપી વનને બાળી નાખ્યું.

જયદ્રથવધની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા શ્રીકૃષ્ણ અને અર્જુન આગળ વધ્યા, જેમ બાળક રમતાં-રમતાં પસાર થઈ જાય તેમ.

रथनैकेन दंशितौ बालक्रीडनकनेव ।

કૌરવો ભાંગી ગયેલી દાઢવાળા સર્પોની જેમ હતાશ થઈ ગયા અને પોતાની જાતને ધિક્કારવા લાગ્યા.

धिगहो धिग्गत: पार्थ: कृष्णश्चेत्यब्रुवन्पृथक् ।

વ્યાસજીનું કાવ્યકૌશલ અને અર્જુનનું યુદ્ધકૌશલ ખીલતાં જાય છે.

सद्य पार्थिव पार्थेन निरुद्धा: सर्वपार्थिवा: ।
रथस्य धरणीस्थेन वाक्यमच्छान्दसं यथा ।।

અછાંદસ વાક્ય જેમ અસ્વીકાર્ય બને કે વેદવિરુદ્ધ વાક્ય અગ્રાહ્ય બને, તેમ બધા જ રાજવીઓએ અર્જુનને રોકી લીધો.

સંસ્કૃતિપોષક મૂલ્યોને અર્થસભર વાણી દ્વારા પ્રતિષ્ઠિત કરવાનું શ્રેય વ્યાસમુનિને ફાળે જ જાય છે. જુઓ ને, ચારેય બાજુ યુદ્ધ ખેલાતું હોય, પાણીના રેલાની જેમ સમય રેલાઈ જતો હોય, જયદ્રથવધની પ્રતિજ્ઞા ન પળાય તો અર્જુનની આત્મવિલોપનની ઘડી આવી જાય, દારુણ સંગ્રામનો પરિશ્રમ અને તેમાંથી ઉદ્ભવતી વિચારશૂન્યતાથી ઘેરાયેલા અર્જુનને શ્રમિત અને ઘવાયેલા અશ્વોની સ્થિતિનો વિચાર આવે છે. કેટલી ભવ્ય ઉદાત્ત સંવેદનશીલતા !

યુદ્ધ તો ચાલુ જ છે, છતાં વચમાં રથમાંથી ઊતરી અર્જુન ઘોડાઓના શરીરમાં ખૂંચેલાં બાણોને ખૂબ ધીમેથી ખેંચી કાઢવા શ્રીકૃષ્ણને વિનંતી કરે છે. શ્રીકૃષ્ણની સંમતિ પણ હોય જ ને ? આ બંનેનાં કેટલી સ્વસ્થતા, સંયમ અને સંવેદનશીલતા ! કેટલી નિર્ભયતા ! બંનેનાં કોમલ હૃદયની જ આ પ્રતીતિ.

અર્જુન રથમાંથી ઊતર્યો અને શ્રીકૃષ્ણે ઘોડાઓની માવજત શરૂ કરી ત્યારે કૌરવોએ મોકો જોઈને કાતિલ હલ્લો કરવો શરૂ કર્યો.

દૈવી અને આસુરી વૃત્તિઓનાં પ્રત્યક્ષ ઉદાહરણો.

અર્જુન પર ત્રાટકવા ઘાંઘા થયેલા કૌરવ શૂરવીરો એક જ સ્થાને ભેગા થઈ ગયા, જાણે રથીઓનો સાગર છલકાયો. બાણોરૂપી મોજાં ધ્વજોરૂપી ઘૂમરીઓ ખાવા લાગ્યાં. હાથીઓરૂપી મગરમચ્છો ને માછલાંરૂપી ધૂમ્રગોટાની છોળો ઊછળી. શંખ અને નગારાંનો નાદ જાણે મહાસાગરનાં ગર્જન. અર્જુન જાણે સાગરતટ હોય તેમ શત્રુસાગરનાં મોજાં ખાળતો રહ્યો.

એકએકથી ચડિયાતાં રૂપકો એ વ્યાસવાણીની આકર્ષક રીતિ.

અર્જુને એકલા હાથે બધાને પરાજય તો ચખાડ્યો, પણ અલૌકિક કામ એ કર્યું કે તરસ્યા અશ્વો માટે સુંદર જળાશય ઉત્પન્ન કર્યું. વિશ્વકર્મા સમાન અદ્‌ભુત કર્મ કરીને ઘોડાઓ માટે તેણે બાણઘર રચ્યું, જેમાં બાણોની વળીઓ, થાંભલા ઉપરાંત છાપરું પણ હતું. અત્યંત ખુશ થતા, મંદમંદ સ્મિત રેલાવતા પ્રસન્ન શ્રીકૃષ્ણ જાણે સ્ત્રીઓના ટોળા વચ્ચેથી પસાર થતા હોય એટલી સરળતાથી અશ્વોને બાણઘરમાં સારવાર માટે લઈ ગયા.

સંહાર સાથે જ જીવદયાને સાંકળી લેતા વ્યાસજીનું કાવ્યકૌશલ વખાણવું કે એમની પોતાની સંવેદનશીલતા ?

શેતરંજની રમતમાં ઊંટ ત્રાંસો ચાલે, ઘોડો અઢી ડગલાં ઠેકે, પણ સીધું એકએક ડગલું ભરતું પ્યાદું જ જેમ સામેના છેડે જઈ વજીર, હાથી કે ઘોડો બની જાય છે, તેમ સદ્‌ગુણ જ એકમાત્ર એવો માર્ગ છે, જેનો કોઈ વિકલ્પ નથી, પરંતુ અવળચંડા મનના માનવીને સીધો રસ્તો જ ગમતો નથી. વ્યાસજી આપણી ચેતનાની બધી બંધ બારીઓને ખોલતા જાય છે.

યુદ્ધવર્ણનમાં વ્યાસજી ક્ષત્રિયધર્મને માન અને સ્થાન આપે છે. અનુકૂળતા હોય તો વૈશ્ય પણ લડે. પ્રતિકૂળ સંજોગો વચ્ચે યુદ્ધ લડવાની વૃત્તિ દાખવે તે જ સાચો ક્ષત્રિય. સામી છાતીએ લડતાં જેઓ વીરગતિ પામ્યા તેઓને 'મહાભારત'કાર ખૂબ બિરદાવે છે. પેલું સુભાષિત યાદ આવે છે :

"કેટલાક વીરપુરુષો યુદ્ધરૂપી બજારમાં આવીને પોતાના શરીરની અંદર ભરાઈ રહેલ ચપળ પ્રાણનાં મૂલ્યો આપીને યશ ખરીદે છે, જે પૃથ્વીના ખૂણેખૂણે પહોંચી જનાર શાશ્વત મૂલ્ય છે."

આ સાથે પારોઠનાં પગલાં ભરનારની ટીકા પણ કરી છે : "નાસ્તિકો વેદથી દૂર રહે, તેમ જે અધમ યોદ્ધાઓ અર્જુન સામે પીઠ ફેરવીને નાસી ગયા તે સૌ નરકમાં પડી પાપનાં ફળ ભોગવે છે."

અર્જુન જયદ્રથ સુધી પહોંચી ન શકે તે માટે કૌરવોનું આક્રમણ જારી છે. જેમ અનેક ઔષધિઓ ભેગી મળી રોગનું નિવારણ કરે, તેમ સૌ યોદ્ધાઓ અર્જુનને નિવારવા લાગ્યા, પણ આ પરિશ્રમથી કાંઈ નીપજ્યું ? રોગનો સમૂહ શરીરને તપાવે, તેમ અર્જુનનાં સૂર્યકિરણ સમાં બાણો શત્રુસૈન્યને તપાવવા લાગ્યાં.

બે મોટાં માછલાંઓની જેમ શ્રીકૃષ્ણ અને અર્જુન સેનારૂપી જાળ ભેદીને ક્લેશમુક્ત થયેલા દેખાતા હતા અને શત્રુસેનારૂપી સમુદ્રને ખળભળાવી નાખતા હતા. "શ્રીકૃષ્ણ અને અર્જુન પ્રલયકાળે ઊગેલા બે સૂર્ય સમાન દેખાતા હતા" એમ કહેતા વ્યાસજીનું આ છે ભવ્ય શ્રદ્ધાસુમન.

મૃત્યુ અને જરારહિત આ બંને મહાબાહુઓ વિષધર સર્પ અને પ્રજ્વલિત અગ્નિ સમાન દ્રોણાચાર્ય આદિની પકડમાંથી મુક્ત થઈ શત્રુસૈન્યને ભેદી, જયદ્રથની નજીક પહોંચવામાં છે. પોતાના પરાક્રમથી બંને વીરો પ્રસન્નતા પામતા હતા. દ્રોણાચાર્યનાં અસ્ત્રોરૂપી મહામેઘથી મુક્ત થયેલા તે બંને વીરો અંધકારમાંથી મુક્ત થયેલા સૂર્ય-ચંદ્ર જેવા શોભતા હતા.

ચિંતાતુર, બેબાકળો, અધીરો દુર્યોધન વળી પાછો દ્રોણાચાર્ય ઉપર આક્ષેપબાજી શરૂ કરે છે, જયદ્રથને બચાવવા અદ્વિતીય પરાક્રમની માગણી કરે છે, કંઈ અણઘટતું ન બને તે માટેની વિવશતા વ્યક્ત કરે છે.

શબ્દસાયુજ્યની લીલા પ્રસરાવતાં વ્યાસજી કહે છે :

नारायणं नमस्कृत्यं नर चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत् ।।

"નારાયણને, નરોત્તમ નરને તથા દેવી સરસ્વતીને નમસ્કાર કરીને પછી 'જય'નું આખ્યાન કરવું."

વેદવ્યાસે આ 'જય' ગ્રંથ નારાયણને નજર સમક્ષ રાખીને જ લખ્યો છે. આથી જ યુદ્ધ દરમિયાન પણ વખતોવખત શ્રીકૃષ્ણની સ્તુતિ થતી રહી છે.

દ્રોણાચાર્યે દુર્યોધનને અભેદ્ય કવચ પહેરાવ્યું, જેથી જયદ્રથનું રક્ષણ કરતા દુર્યોધન સામે અર્જુન નિષ્ફળ જાય છે. શ્રીકૃષ્ણ વિસ્મય દર્શાવતાં ડોળ કરે છે, પણ ભાવુક અર્જુન કહે છે :

जानंस्त्वमपि वै कृष्ण मां विमोहयसे कथम् ।
न त्वेवं वेद वै कश्चिद्यथा त्वं मधुसूदन ।।

"હે કૃષ્ણ ! આપ પોતે તે જાણો છો, છતાં પણ મને મોહિત શા માટે કરો છો ? હે મધુસૂદન ! આપ જે જાણો છો તે બીજું કોઈ જાણતું નથી."

ઋજુ હૃદયના અર્જુનના મુખમાં આ શબ્દો જ શોભે ! ઔચિત્યનો જરા પણ ભંગ થતો નથી એવા પ્રસાદ અને માધુર્યના ગુણયુક્ત આ શ્લોક કવિના ભાવો વ્યક્ત કરતો કેવો સુંદર શ્લોક છે !

યુદ્ધવર્ણનમાં અચાનક દૃશ્ય બદલાયું છે. અત્યાર સુધી રણભૂમિ પર બનતા બનાવોમાંના રૌદ્ર, બીભત્સ અને કરુણરસમાં મગ્ન બનેલો ધૃતરાષ્ટ્ર ઓચિંતો યોદ્ધાઓની સુશોભિત ધજાઓ, તેનાં ચિહ્નો વગેરેનું વર્ણન કરવા સંજયને કહે છે. ધૃતરાષ્ટ્રની બાલિશતા છે કે વ્યાસજીની કોઈ કથાકરામત છે ?

વ્યાસજીએ રોચક વર્ણન વડે મહારથીઓના રથની ઉપરની ધજાઓ વર્ણવી છે - સુવર્ણ સમી સુશોભિત, પ્રજ્વલિત અગ્નિ જેવી મોહક પતાકાઓ જાણે રંગમંચ પર નૃત્ય કરતી વિલાસિનીઓ જેવી.

મહારથીઓના રથધ્વજનું પણ એવું જ વિસ્તૃત ને મનોરમ્ય વર્ણન કર્યું છે. કોઈ બાલસૂર્યની કાન્તિવાળો, કોઈ સુવર્ણમય હાથીના ચિહ્નવાળો, કૃપાચાર્યના બળદના ચિહ્નવાળો, કોઈ મયૂરધ્વજ છે, કોઈ વળી ચાસ પાડેલા ખેતરમાં બીજ અંકુરિત થયાં હોય તેવી ક્ષેત્રરેખાવાળો, કોઈ સુવર્ણજાળીથી ગૂંથેલો પૂષા (સૂર્ય) જેવો જયદ્રથનો ધ્વજ છે. ભૂરિશ્રવાનો ધ્વજ યજ્ઞસ્તંભના ચિહ્નનો છે. સેંકડો ઘૂઘરીઓથી રણકતો રાજા દુર્યોધનનો છે. આમ, અનેક રાજાઓના રથધ્વજનું આકર્ષક અને આબેહૂબ વર્ણન વ્યાસજીએ સંજયના મુખમાં મૂક્યું છે.

ફટકો મારવામાં કાબેલ સંજય છેલ્લે કહે છે : "આપની સેનામાં નવ ધ્વજો શોભાયમાન તો હતા, પરંતુ દસમો અર્જુનનો મહાકપિ હનુમાનના ચિહ્નવાળો ધ્વજ તો સૌથી વિશેષ, અગ્નિથી પ્રકાશિત હિમાલયની જેમ ઝળહળી રહેલો છે." સાંભળીને ધૃતરાષ્ટ્રના મનોભાવ ને મુખભાવ કેવા થયા હશે, વ્યાસજી જાણે !

સાત્યકિનું ખોફનાક યુદ્ધ રણભૂમિને છિન્નભિન્ન કરી નાખે છે. અનેક રથો

અને તેના સર્વ ભાગો તૂટીને છિન્નભિન્ન થઈ ગયા. યોદ્ધાઓનાં શિરસ્ત્રાણ, સુવર્ણનાં કડાંવાળા ચંદનયુક્ત બાહુઓ જ્યાંત્યાં વેરાયા હતા. હાથીની સૂંઢ જેવી શૂરવીરોની સાથળો કપાઈને પડી હતી. બળદ સમાન વિશાળ નેત્રોવાળા યોદ્ધાઓનાં ચંદ્રકાન્તિયુક્ત અને મનોહર કુંડળોવાળાં કપાઈ ગયેલાં મુખોથી રણભૂમિ છવાઈ ગઈ હતી. આભૂષણો અને વસ્ત્રોથી છવાયેલી ભૂમિ તારાખચિત આકાશ જેવી લાગતી હતી. મરેલા સત્ત્વહીન ઘોડાઓ ઢળી પડ્યા હતા. છતાંય મોતીની જાળીઓથી સુશોભિત, સોનાનાં ચોકડાં ધારણ કરેલા તે અશ્વો પણ ખૂબ શોભતા હતા.

વ્યાસજીનું અલૌકિક જ્ઞાન તો હાથીઓના વર્ણનમાં પ્રગટ થાય છે. અંજન, વામન, સુપ્રતીક, મહાપદ્મ અને ઐરાવત જેવા હાથીઓના વંશમાં ઉત્પન્ન થયેલા પર્વત જેવા કદાવર હાથીઓ કપાઈને ભૂમિ પર પડેલા તેના લીધે રણભૂમિ છિન્નભિન્ન થઈ ગયેલા પર્વતો જેવી શોભતી હતી. હાથીઓ વિશેની જાણકારીની મહાકવિની ગહનતા તો જુઓ ! તેઓ કહે છે :

"અંજન હાથી લીસા શરીરવાળા, શ્યામ અને મેઘ સમાન કદાવર, મોટી સૂંઢ અને વિશાળ મસ્તકવાળા હોય છે. વામન હાથીઓનાં માથાં ને ગરદન પર ટપકાં હોય છે, સૂંઢ ઢળેલી અને સ્કંધ ઉન્નત હોય છે. સુપ્રતીક હાથીઓ મોટાં માથાંવાળા, લાંબી સૂંઢવાળા અને વાદળ જેવી પ્રભાવાળા હોય છે. મહાપદ્મ હાથીઓ પ્રચંડ, એકસરખી લંબાઈનાં પડખાંવાળા અને યુદ્ધપ્રિય હોય છે.

કૌરવસેનાનો ગભરાટ દૂર કરવા ભયાનક યુદ્ધ ખેલતા દ્રોણને જોઈ પાંડવસેનામાં આતંકી કોલાહલ મચી ગયો. દ્રોણાચાર્યના પરાક્રમને સન્માનતાં વ્યાસજી કહે છે :

"અતિથિઓ કોઈ ગૃહસ્થના ઘરમાં સારી રીતે તૃપ્ત થાય, તેમ આ ધનુર્ધર યોદ્ધાઓ દ્રોણાચાર્યે છોડેલાં બાણો વડે જાણે તૃપ્ત થતા હતા (ઘાયલ થતા હતા). સાત્યકિ સાથે તો દ્રોણાચાર્યે, કોઈ બાળક દોરીથી બાંધેલા પક્ષી સાથે રમત રમે તેમ, રમત માંડી. પાંડવસેનાને દ્રોણાચાર્યના પંજામાંથી છોડાવે તેવો કોઈ રક્ષક આસપાસ દેખાતો ન હતો." ત્યારે રણભૂમિની શી હાલત હતી ?

"વર્ષાઋતુનાં વાદળોની જેમ યોદ્ધાઓ ગીચોગીચ ભેગા થયા હતા. હાથીઓ વાદળોની જેમ જલવૃષ્ટિ કરતા હતા. ધનુષ્યો મેઘધનુષ્યની જેમ રંગબેરંગી દેખાતાં હતાં. બિલાડીના ટોપની જેમ છત્રો જ્યાંત્યાં પડ્યાં હતાં. અથડાતાં અસ્ત્રોના તણખા પતંગિયા જેવાં અને ભાલા વીજળીની જેમ ચમકતા હતા. હાથીઓનાં કુંભસ્થલો પરથી ખરી પડેલાં મોતીઓથી વિશેષ ચમકતા

રાજાઓના મુકુટમણિઓથી સમસ્ત રણભૂમિ તેજથી દીપી રહી હતી.'' કેવું અલંકારયુક્ત વર્ણન !

જયદ્રથનો વધ કરવા ઊપડેલા અર્જુનને સહાય કરવા ધર્મરાજે સાત્યકિને આજ્ઞા આપી, તેથી દ્રોણાચાર્ય સાથેનું યુદ્ધ સમેટી સાત્યકિ કૌરવસેના વીંધી આગળ ધસવા લાગ્યો. સાત્યકિ તેના સારથિને કહે છે : ''દ્રોણાચાર્યના સૈન્યરૂપી મહાસાગરને આપણે તરી ગયા છીએ, જે અત્યંત દુષ્કર હતું, પ્રાણને હરી લે તેવું હતું. જાણે નરભક્ષી રાક્ષસોથી વીંટળાયેલ હોય તેવું એ દ્રોણાચાર્યનું સૈન્ય જલસંઘના જેવું વીંટળાયેલું હતું. બાકીનું સૈન્ય તો નાના વહેળા જેવું જ છે, જે સહેલાઈથી ઓળંગી શકાય તેમ છે. પ્રજ્વલિત અગ્નિને જેમ સૂકા ઘાસ કે કાષ્ઠનો ભય હોતો નથી તેમ હવે મને કોઈનો ભય નથી.'' સાત્યકિના જબ્બર આત્મવિશ્વાસનો નકોર રણકો સંભળાય છે ને ?

અર્જુન અને સાત્યકિ જયદ્રથની નજીક છે એ સમાચાર જાણી ધૃતરાષ્ટ્રના પેટમાં લાય બળવા લાગી. સંજયને ધૃતરાષ્ટ્ર કહે છે : ''આપણું સૈન્ય સર્વ દિશાઓથી નદીઓ દ્વારા પરિપૂર્ણ મહાસાગર જેવું છે, પાંખ વિનાના છતાં પક્ષી જેવી ગતિવાળા રથ અને અશ્વોથી ભરપૂર છે, શક્તિશાળી અસ્ત્રશસ્ત્રથી સજ્જ છે, વાયુવેગે દોડતાં વાહનો છે.'' ધૃતરાષ્ટ્રને પોતાના વિરાટ સૈન્ય પર કેટલો બધો મદાર છે ! હોય જ ને ? કારણ, ''દ્રોણાચાર્યરૂપી ઊંડા પાતાળવાળો, કૃતવર્મારૂપી મોટા ધરાવાળો, જલસંઘરૂપી મહામગરવાળો આ સૈન્યમહેરામણ છે. વળી કર્ણરૂપી ચંદ્રોદયથી તેમાં ભરતી આવે છે.''

અને તેથી જ અકળાયેલો ધૃતરાષ્ટ્ર બરાડી ઊઠે છે : ''આવા મારા સૈન્યરૂપી મહાસાગરને પાંડવશ્રેષ્ઠ અર્જુને તો ભેદી નાખ્યો, પરંતુ સાત્યકિ પણ એકમાત્ર રથથી તેને પાર કરી ગયો ?''

શ્રીકૃષ્ણ અને પાંડવોના બળ માટેનો અગાઉ પ્રગટ કરેલો અહોભાવ એક નાટક જ હશે, કારણ, હજુ પણ ધૃતરાષ્ટ્રને પોતાના વિજયની આશા છે.

અર્જુન અને સાત્યકિની પાછળ ધસતા પાંડવસૈન્યને એકલા કૃતવર્માએ અટકાવી દીધું, પરંતુ ભીમસેનનાં બાણોના પ્રહારથી કૃતવર્માનાં બધાં અંગો ઘવાઈ ગયાં, છતાં ઝનૂનથી લડીને ભીમસેન આદિ પાંડવોને જીતી લઈ કૃતવર્મા રણમેદાનમાં ધુમાડા વિનાના અગ્નિની જેમ ઊભો રહ્યો. ક્રોધ, પરાક્રમ અને ઝનૂનથી લડતા કૃતવર્મા માટે કેટલો ઉચિત પર્યાય !

હતાશ પાંડવો માટે સાત્યકિ દ્વીપ બની ગયો. ભીષણ યુદ્ધ કરી, કૃતવર્માને પરાજિત કરી, વાયુવેગી અને મોગરાના પુષ્પ, ચંદ્ર અને રૂપા સમાન શ્વેત કાન્તિવાળા, સુંદર ચાલ ધરાવતા શ્રેષ્ઠ અશ્વોવાળો, સૂર્ય સમાન તેજસ્વી અને કાન્તિયુક્ત પતાકાઓવાળો સાત્યકિનો રથ રણભૂમિમાં આગળ જવા માંડ્યો અને પછી સાત્યકિ ત્રિગર્તવીરોના ગજસૈન્ય પર મહામેઘની જેમ ત્રાટક્યો. ગજસૈન્ય ચિત્કાર કરતું નાસવા લાગ્યું ત્યારે મહારથી જલસંધે પોતાના હાથીને સાત્યકિના રજતવર્ણા અશ્વોવાળા રથ તરફ હંકાર્યો.

મધુવંશશ્રેષ્ઠ સાત્યકિએ બે ધારદાર બાણોથી પ્રતિકાર કરવા આવેલા મગધરાજ જલસંધના અલંકૃત બાહુઓ કાપી નાખ્યા. આ દ્વંદ્વયુદ્ધનું વર્ણન તો સંસ્કૃત સાહિત્યરૂપી નંદનવનના કલ્પવૃક્ષ સમા વ્યાસજી જ કરી શકે. "પરિઘ જેવા તે બંને બાહુઓ પર્વત પરથી પડી રહેલા પાંચ માથાંવાળા બે સર્પોની જેમ હાથી ઉપરથી નીચે પડ્યા. સાત્યકિએ ત્રીજા ધારદાર બાણ દ્વારા જલસંધના સુંદર દાઢવાળા, મનોહર કુંડળવાળા મસ્તકને કાપ્યું. મસ્તક અને બાહુઓ કપાઈ ગયા પછી તેનું ભયંકર ધડ હાથીને લોહીથી અભિષેક કરતું હતું."

સાત્યકિ પોતાની સુવર્ણકુંડળીઓ જડેલા ધનુષ્યને ઘુમાવતો દુર્યોધન સામે ધસ્યો. બંને મહારથીઓ સામસામાં શરસંધાન કરી બાણો છોડવા લાગ્યા. દુર્યોધન વડે ગાઢ વીંધાઈ ગયેલો સાત્યકિ તે સમયે "જેમ ચંદનવૃક્ષ પોતાનો રસ ઝરાવે છે, તેમ પોતાના શરીરમાંથી લોહીઝરતું હોવાથી અત્યંત શોભતો હતો." તો દુર્યોધન પણ વીંધાયેલો હોવાથી "યુદ્ધભૂમિમાં યજ્ઞસ્થાને ખોડેલા ઉન્નત યૂપ (સ્તંભ) સમાન શોભતો હતો."

સાત્યકિએ કૌરવસેનામાં ભંગાણ પાડ્યું એટલે દ્રોણાચાર્ય ત્યાં આવી પહોંચ્યા અને બંને વચ્ચે બલિરાજા અને ઇન્દ્ર જેવું તુમુલ યુદ્ધ શરૂ થયું. રાફડામાંથી ક્રોધે ભરાયેલો સર્પ બહાર આવે તેમ દ્રોણાચાર્યનાં બાણો નીકળવા માંડ્યાં, તો સામે સાત્યકિએ ચલાવેલાં રુધિરનું ભોજન કરનારાં બાણોએ આચાર્યને ઢાંકી દીધા. સાત્યકિએ અમાનુષી - અલૌકિક પરાક્રમ દાખવ્યું.

જ્યારે દ્રોણે છોડેલાં ત્રણ લોખંડી બાણો સાત્યકિના લલાટમાં ખૂંચી ગયાં ત્યારે સાત્યકિ ત્રણ શિખરવાળા પર્વતની જેમ શોભતો હતો. દ્રોણાચાર્યનો વ્યૂહ ભેદવા છતાં વિજયના કેફમાં રાચવાને બદલે મંદ હાસ્ય કરતો સાત્યકિ સારથિને કહે છે :

निमित्तमात्रं वयमत्र सूत दग्धारयः केशवफाल्गुनाभ्याम् ।
हतान्निहन्मेह नरर्षभेण वयं सुरेशात्मसमुद्भवेन ।।

"આ વિજયમાં આપણે તો નિમિત્તમાત્ર છીએ, કારણ કે શ્રીકૃષ્ણ અને અર્જુને આપણા શત્રુઓને પહેલેથી જ ભસ્મીભૂત કરી નાખ્યા છે. ઇન્દ્રપુત્ર નરશ્રેષ્ઠ અર્જુને હણી નાખેલાઓને જ આપણે હણી રહ્યા છીએ."

સાત્યકિની કેટલી વિનમ્રતા! અને દુર્યોધનની ઉદ્દંડતાનો ઉલ્લેખ તો વ્યાસજીએ ઠેકઠેકાણે કર્યો જ છે.

સાત્યકિના અસ્ખલિત પરાક્રમને બિરદાવવામાં વ્યાસજી જાણે ઓળઘોળ થઈ ગયા છે. "કોઈ વાઘ હરણોની ગંધેગંધે તેમની પાસે પહોંચી જાય, તેમ નરવ્યાઘ્ર સાત્યકિ કૌરવસેનાને ભય પમાડતો, નિજ તેજથી ઝળહળતો, નરસૂર્ય સાત્યકિ શરદઋતુમાં ઊગેલા સૂર્ય સમાન પ્રકાશતા મેરુપર્વત પરના શિખરની જેમ શોભતો હતો. સાંઢ સમા ખભા ને વૃષભ સમી આંખોવાળો સાત્યકિ ગાયોના ટોળા વચ્ચે શોભતા આખલા જેવો અનુપમ દેખાતો હતો."

'મહાભારત'કારની પાત્રાલેખનકલા વિશ્વસાહિત્યમાં અજોડ ગણાય છે તે પુરવાર થાય છે.

વ્યાસજી સાત્યકિને ચારેય પ્રકારની અસ્ત્રવિદ્યાના જ નિષ્ણાત તરીકે માન આપતા તેવું નથી. આ ચાર અસ્ત્રવિદ્યા એટલે શસ્ત્ર-આયોજન, સંધાન, મોક્ષ (શસ્ત્રપાત) અને સંહાર. સાત્યકિની સંપૂર્ણ કુશળતા જ ખૂબીપૂર્વકની છે.

દસ્યુઓને હતું કે પાષાણયુદ્ધમાં તેઓ જ નિષ્ણાત છે, તેથી દસ્યુઓ મદનિયા જેવડા પથ્થરો ઉઠાવી સાત્યકિ ઉપર આક્રમણ કરતા, પરંતુ સાત્યકિની બાણવર્ષાથી દસ્યુઓના પથ્થર ચૂરેચૂરા થઈ ગયા અને "આગિયાઓનાં ચળકતાં ઝુંડોની જેમ ચળકતા" એ પથ્થરના કટકાઓ દસ્યુસેનાનો જ નાશ કરવા લાગ્યા. ભમરાઓએ ડંખ માર્યા હોય તેવા વાગતા પથ્થરોના કારણે ત્યાં હાહાકાર મચી ગયો અને દસ્યુઓ ત્યાંથી નાસવા લાગ્યા. બાકી રહી ગયા તેઓનાં કપાયેલાં મસ્તકો રણભૂમિમાં ચાંચ વિનાનાં પક્ષીઓની જેમ આમતેમ રવડતાં હતાં. રક્તવર્ણાં વાદળોથી આકાશ શોભે, તેમ લોહીથી ખરડાયેલ કબંધોથી છવાયેલું રણમેદાન શોભવા લાગ્યું અને સાત્યકિ સ્વયં તો સો રથોમાં એકીસાથે બેસીને તાંડવનૃત્ય કરતો હોય તેવો શોભતો હતો.

વ્યાસજીના વર્ણનમાં કાવ્ય તો છે જ, હવે નૃત્ય પણ સામેલ થયું.

સંજય પાસેથી સાત્યકિની પરાક્રમગાથા સાંભળી ધૃતરાષ્ટ્રના પેટમાં તેલ રેડાયું. તે બોલી ઊઠે છે :

"મહાયશસ્વી શિનિપૌત્ર સાત્યકિએ જે યુદ્ધ કર્યું છે તેવું યુદ્ધ તો અર્જુને પણ કર્યું નથી."

સાત્યકિએ એકલા હાથે સૌને હંફાવ્યા, તેથી તેને બિરદાવતાં વ્યાસજી કહે છે : "આ લોકમાં આવું પરાક્રમ કૃષ્ણ કરી શકે અથવા તો ધનુર્ધર પાર્થ અથવા શિનિપૌત્ર નરવ્યાઘ્ર સાત્યકિ ! ચોથો કોઈ જ નથી."

कृष्णो वापि भवेल्लोके पार्थो वापि धनुर्धरः ।
शैनेयो वा नरव्याघ्रः चतुर्थस्तु न विद्यते ।।

પ્રતાપી દ્રોણાચાર્યે સંધાન કરેલાં સૂર્ય અને અગ્નિ જેવાં બાણોની ચોટથી પાંચાલ કુલનંદન વીરકેતુ ચંપકવૃક્ષની જેમ ઢળી પડ્યો. ત્યારબાદ પુષ્પો ચૂંટતા હોય તેમ દ્રોણાચાર્યે અન્ય પાંચાલ રાજપુત્રોનાં મસ્તકો પણ કાપી નાખ્યાં. કેવો છે વ્યાસજીનો ઉદ્યાનવિહાર !

છંછેડાયેલા દ્રોણાચાર્યે બૃહત્ક્ષેત્રને બાણથી વીંધ્યો. કાળોતરો સર્પ રાફડામાં પેસી જાય તેમ તે બાણ કેકેયનરેશના શરીરને ભેદીને ધરતીમાં પેસી ગયું. સામે ધૃષ્ટકેતુએ પોલાદી ગદા ફેંકી, પણ દ્રોણાચાર્યે તેને હવામાં જ ભેદી નાખી." આકાશમાંથી લાલ માળા અને લાલ આવરણ ધારણ કરેલી કોઈ તારિકા જેવી તે ગદા ભૂમિ પર આવી પડી. ભૂખ્યું ચાષપક્ષી પતંગિયાને ગળી જાય, તેમ શૂરવીર દ્રોણાચાર્ય એ મહાસમરમાં જાણે ધૃષ્ટકેતુને જ ગળી ગયા. અમિત તેજસ્વી ધૃષ્ટકેતુનાં કવચ અને હૃદયને ભેદી આચાર્યનું બાણ પદ્મસરોવરમાં પ્રવેશ કરતા હંસની જેમ ભૂમિમાં પેસી ગયું અને તે પછી મહાવાઘ હરણના બચ્ચાને મારી નાખે- તેમ ધૃષ્ટકેતુના પુત્રને પણ મારી નાખ્યો."

દ્રોણાચાર્યની બાણવર્ષાથી પાંચાલો સ્તબ્ધ થઈ ગયા. જાણે મગરોએ એમના પગ પકડી લીધા ન હોય !

વ્યાસજી આકાશ, પૃથ્વી, સરોવર, વન, પશુ, પક્ષી વગેરેનો વર્ણન કરવામાં એટલો બધો ઉપયોગ કરે છે, જાણે ઈશ્વરદત્ત તે તમામ તત્ત્વોને આત્મીય અર્ઘ્ય આપી રહ્યા ન હોય !

સત્યવાદી, બુદ્ધિમાન, ધર્માત્મા, અતિ દારુણ અને વીર દ્રોણાચાર્યે રણમેદાનમાં

પ્રલયકાળ જેવી ભયંકર રૌદ્રસ્વરૂપ શોણિતનદી વહેવરાવી પાંડવસેનાનો નાશ કર્યો.

દ્રોણાચાર્યના પરાક્રમને દ્રુપદરાજાના શબ્દો મહોર મારે છે : "ક્ષુદ્ર હરણાંઓને વાઘ મારી નાખે, તેમ આ લોભી બ્રાહ્મણ આપણા ક્ષત્રિયોને મારી રહ્યો છે." પ્રશંસા છે કે ઉપાલંભ ?

પરંતુ વ્યાસજી દ્રોણના પરાક્રમને અદ્ભુત શબ્દોથી નવાજે છે, તેમની સંહારલીલાના આલેખનમાં પ્રકૃતિનો લય પામવા મથે છે. પ્રકૃતિનાં સઘળાં તત્ત્વો સાથે તેમણે એકત્વ સાધ્યું હોવાથી તેઓ પર્વત, ફૂલ, ઝાડ, ભૂમિ - બધાંને વર્ણનમાં સમાવે છે, કારણ, વ્યાસજી વિશ્વને ઈશ્વરમય નિહાળે છે.

અને તેથી જ 'ભગવદ્‌ગીતા'ના 'વિભૂતિયોગ'વાળા અધ્યાયમાં "સમસ્ત ભૂતોની ઉત્પત્તિનું કારણ હું જ છું. કોઈ ચર કે અચર પ્રાણી એવું નથી, જે મારા વિનાનું હોય" એમ કહ્યું છે અને 'પુરુષોત્તમયોગ' અધ્યાયમાં "सर्वस्य चाहं हृदि सन्निविष्टो" - "હું જ સર્વ પ્રાણીઓનાં હૃદયમાં અંતર્યામીરૂપે રહેલો છું" એવું બધું જણાવ્યું હશે ને ?

ત્યારબાદ મહાઘોષ કરતો પક્ષીરાજ ગરુડ સમા વેગથી ભીમસેન આવ્યો અને જેમ કોઈ માતેલો આખલો વરસાદના ઝાપટાને રમતરમતમાં ઝીલી લે, તેમ નરવ્યાઘ્ર ભીમ દ્રોણાચાર્યની બાણવર્ષાને ઝીલી લઈને કૌરવસેનાને પાર કરી ગયો. ઘવાયેલો હોવા છતાં ભીમે દ્રોણાચાર્યના રથદંડને પકડી રથને જ ઊંચકીને દૂર ફેંકી દીધો અને આગળ ધસી જવા લાગ્યો. કેમ ન રોકાયો ? કારણ, તેને અર્જુન અને સાત્યકિની વહારે જવાનું હતું. યુધિષ્ઠિરની આજ્ઞા પાળવાની હતી. જયદ્રથવધ માટે ગયેલા અર્જુનની ચિંતામાં સાત્યકિને મોકલેલો, પછી તેના તરફથી પણ કોઈ સમાચાર ન મળતાં અશુભ બન્યાની શંકાને કારણે ભીમસેનને મોકલ્યો. "હવ્ય પદાર્થ વારંવાર હોમવાથી વધતા અગ્નિ જેવો યુધિષ્ઠિરનો શોક સ્મરણમાં રાખી ભીમસેન સમય ગુમાવવા ઇચ્છતો ન હતો."

ભાગ્યવશાત્ કર્ણ તેને રોકે છે. ભીમસેને નમેલા સાંધાવાળાં ત્રણ બાણો કર્ણની છાતીમાં પરોવી દીધાં. કર્ણ ને ભીમસેન બંને કંક અને ગીધનાં પીંછાંવાળાં બાણોનો પ્રહાર કરવા લાગ્યા. જાણે મદયુક્ત સારસોની હારમાળા !

અર્જુન, ભીમસેન અને સાત્યકિ ત્રણેય શત્રુનાશન મહારથીઓ દ્રોણાચાર્યના અભેદ્ય વ્યૂહને ભેદીને જયદ્રથ પાસે પહોંચી ગયા. એટલે 'વિનાશકાળે વિપરીત

બુદ્ધિ'ની જેમ ક્રોધાયમાન દુર્યોધને ગુરુવર્યનો ઊધડો લેવા માંડ્યો. કટાક્ષમાં સંભળાવે છે : "તમારો પરાજય એ તો આ લોકમાં સમુદ્રના સુકાવા જેવું થયું !" આમ તો દુર્યોધને પગ પર કુહાડો જ માર્યો, પણ વ્યાસજીના વાક્ચાતુર્યને તો વખાણવું પડશે. દ્રોણાચાર્યે સહેજ પણ અકળાયા વિના સ્વસ્થતાથી પ્રત્યુત્તર આપ્યો, જાણે યુદ્ધના પરિણામની આગાહી આપી દીધી. દ્રોણ કહે છે : "શકુનિની બુદ્ધિમાં દ્યૂત રમવાની વાત પ્રગટ થઈ હતી, આજે તે વાસ્તવિક બને છે. તે દિવસે દ્યૂતસભામાં કોઈ પક્ષ નહોતો હાર્યો, નહોતો જીત્યો (!). આજે અમે પ્રાણની બાજી લગાવી દ્યૂત રમી રહ્યા છીએ, ત્યાં જ સાચી હારજીત થવાની છે. શકુનિ જે ભયંકર પાસા નાખી છળભર્યું દ્યૂત ખેલતો હતો તે ખરેખર પાસા ન હતા, બાણો જ હતાં."

सेना दुरोदरं विद्धि शरानक्षान् विशां पते: ।
ग्लहं च सैन्धवं राजन्नत्र द्यूतस्य निश्चय: ।।

"આ સેના એ જુગારી છે. બાણો એ પાસા છે. સિંધુરાજ જયદ્રથ એ દાવ છે. એના પર હવે હારજીતનો ફેંસલો થશે."

ગાયોની વચ્ચે રહી ગર્જના કરતા બે આખલાઓ જેવા કર્ણ અને ભીમ વચ્ચે ફરીથી મહાસંગ્રામ થયો. પરસ્પરનું માંસ ખાવા તૂટી પડેલા બે સિંહોની જેમ બંને હુંકાર કરી રહ્યા હતા. ક્યારેક ગદાથી તો ક્યારેક સૂર્ય અને અગ્નિ જેવી ઝળહળતી સુંદર દંડવાળી શક્તિ ફેંકીને, ક્યારેક મોરપીંછવાળા યમદંડ સમાન બાણો છોડીને અને કાંઈ નહીં તો છેવટે વાગ્બાણોથી બંને યોદ્ધાઓ એકબીજા પર મરણિયા પ્રહાર કરતા હતા. ભીમે ચાર હાથના માપની સુવર્ણની ઘૂઘરી જડેલા દંડવાળી, છ આરાવાળી, સંપૂર્ણ લોહમયી ભારે ગદા ફેંકીને કર્ણના ઉત્તમ અશ્વોને મારી નાખ્યા અને પછી તરત જ રુધિરનું ભોજન કરનારાં તે કાળપ્રેરિત ફૂંફાડા મારતા સર્પો સમાન બાણોની વર્ષા કરવા માંડી, જે કર્ણના લોહીનું પાન કરવા લાગ્યાં.

કર્ણ પણ ક્યાં ઊણો ઊતરે તેવો હતો ? તેણે પણ ભીમ ઉપર નારાચબાણો છોડ્યાં, જે બાણો ક્રૌંચપર્વતમાં પ્રવેશતાં પક્ષીઓની જેમ ધરતીમાં પેસી ગયાં અને અસ્ત પામતા સૂર્યનાં દેદીપ્યમાન કિરણો સમાન તે બાણોથી વીંધાયેલા ભીમસેનના શરીરમાંથી પર્વત પરથી વહેતા પાણીની જેમ રુધિર વહાવવા લાગ્યાં. લોહીથી તરબોળ અને કવચ વિનાના તે બંને કાંચળી વિનાના સર્પો જેવા દીપી રહ્યા હતા.

ભીમની અવિરત બાણવર્ષાએ કર્ણને ઢાંકી દીધો. આખરે ભીમસેને છોડેલાં ગરુડ સમાન વેગવાળાં બાણોના પ્રહારથી ત્રાસીને કર્ણે યુદ્ધભૂમિમાંથી નાસવું પડ્યું.

કર્ણને વિષરહિત સર્પની જેમ જિતાયેલો અને ભીમના હાથે વારંવાર પરાજય પામતો સાંભળી ધૃતરાષ્ટ્ર ખિન્ન બને છે. આજ સુધી કર્ણ ઉપર ખૂબ મદાર બાંધેલો, પણ હવે તેને યાદ આવે છે કે અત્યાર સુધીમાં કર્ણે પાંડવો સાથે જેટલાં યુદ્ધ લડ્યાં છે તે બધાંમાં પાંડવોએ કર્ણને હરાવ્યો છે. ધૃતરાષ્ટ્રને હવે બ્રહ્મજ્ઞાન લાધે છે : "મારા પુત્રે કુબેરના ધન જેટલું યુધિષ્ઠિરનું ધન હરી લીધું છે, પરંતુ મધના લોભથી પર્વત પર ચઢવા જનારને પોતાનું પતન દેખાતું નથી, પણ તેનું પતન નિશ્ચિત છે એ અબુધ સમજતો નથી." વળી "પુત્રસ્નેહને વશ થઈ ગયેલા પુણ્યહીણા મેં પણ ધર્મપરાયણ મહાત્મા પાંડુપુત્રોને એમના ઐશ્વર્યથી વંચિત રાખ્યા છે."

સંજયને વળી પાછો મોકો મળ્યો. તે મોઢામોઢ સંભળાવે છે : "મરવા પડેલો માણસ પોતાને હિતકારક ઔષધનો અનાદર કરે, તેમ વારંવાર કહેવા છતાં હિતવચનો કાને ન ધરી આપે પોતે જ પચવામાં અતિ ભારે એવા કાલકૂટ-વિષનું પાન કર્યું છે."

મીંઢા, મોહાંધ અને મતલબી ધૃતરાષ્ટ્રને કાકા કાલેલકરે અદ્ભુત રીતે આલેખ્યા છે : "આ આંધળો રાજા બધાનું સાંભળે છે, બધું સમજે છે, છતાં કંઈ પણ ધર્મ્ય પગલું ભરવાનો વખત આવે ત્યારે એક યા બીજું બહાનું કાઢી છટકી જાય છે. કશું ન કરવું, પરિસ્થિતિને વશ થવું એ જ જાણે સ્વધર્મ છે અને છતાં કોઈ પણ હિંમતભેર પગલું ભરવાનો ઇન્કાર કરનાર આ રાજાને આપણે પ્રારંભથી આખર સુધી ભૂલી શકતા નથી, નજર આગળથી ખસેડી શકતા નથી. એની એક જ રઢ છે : પુરુષનું કર્યું કશું થતું નથી, દૈવ જ સર્વસમર્થ છે. કાળ ધારે તે જ થાય છે."

'મહાભારત'કારે ધૃતરાષ્ટ્રનું પાત્ર રચીને જગતની કમાલ કરી બતાવી છે.

દુર્યોધનના પાંચ ભાઈઓએ ભીમને કાબૂમાં રાખવા ખૂબ કોશિશ કરી, પણ ભીમે તો હાહાકાર જ વર્તાવ્યો અને વાયુથી મનોહર પુષ્પોવાળાં વૃક્ષો ભાંગી પડે તેમ તેઓ પણ ભીમ સામે પ્રાણરહિત થઈ ઢળી પડ્યા.

પાંચ ભાઈઓ હણાયા તેથી કોપાયમાન થયેલા દુર્યોધનના બીજા સાત

ભાઈઓ ભીમ પર ત્રાટક્યા અને સંહારકાળે સાત ગ્રહો ભેગા મળીને ચંદ્રને પીડે તેમ ભીમને પીડવા લાગ્યા, પણ ભીમનાં ધારદાર બાણોએ સાતેયનાં હૃદય ચીરી નાખ્યાં.

કૌરવપુત્રો હણાયાના સમાચાર જાણી રાધાપુત્ર કર્ણ પોતાનું પરાજયનું કલંક ધોવા ભીમનો સામનો કરવા પાછો ફર્યો. પક્ષીઓ ચારેય તરફથી આવીને કોઈ વૃક્ષ ઉપર વાસ કરવા બેસે, તેમ કર્ણનાં તેજસ્વી સુંદર બાણો ભીમના શરીર પર લાગી બેઠાં. જાણે પંક્તિબદ્ધ હંસો ! બંનેનાં ધનુષ્યમાંથી બાણો સડસડાટ એકધારાં છૂટતાં હતાં. રત્નજડિત બાણોથી આકાશ તીડોનાં ટોળાં જેવું પ્રકાશતું હતું, તો ક્યારેક સુવર્ણપૂંખવાળાં બાણોથી આકાશમાં સુવર્ણમાળા શોભતી દેખાતી. ક્યારેક સામસામાં અથડાઈને અગ્નિની ચિનગારીઓ વરસતી. ક્યાંરેક એકબીજામાં ભળી જઈ વાયુસ્વરૂપ દેખાતાં હતાં.

યુદ્ધભૂમિ પર ખેલાયેલા તાંડવ અને સંહારના વર્ણનમાં વ્યાસજીના શબ્દસાયુજ્યની લીલા દષ્ટિગોચર થાય છે. તેમની કલમનો વિહાર આંતરદ્યૂતિથી નીખરી ઊઠે છે. યુદ્ધવર્ણનમાં પણ તેઓ યુદ્ધ જેવા જ ભાતભાતના ખેલ ખેલી શકે છે. યોદ્ધાઓનાં અસ્ત્રશસ્ત્ર, પ્રહારો વગેરેની પ્રકૃતિતત્ત્વો સાથે થયેલી તાદશ સરખામણી, દ્વંદ્વયુદ્ધમાં કરાતા કટાક્ષો, વાગ્બાણો, ભૂલોનો સંતાપ, મિત્રભાવે અપાતો ઉપાલંભ, ક્ષાત્રધર્મ - આ બધા દ્વારા 'મહાભારત'કાર ઇન્દ્રિયાતીત પ્રયત્નથી આગવી શૈલી આલેખતા અનુભવાય છે.

અભિમન્યુની જેમ સાત્યકિ પણ વ્યાસજીનું લાડકું પાત્ર છે, તેથી તેને બિરદાવવાનું પણ તેઓ ચૂકતા નથી. "વર્ષાકાળે વજ્રધર ઇન્દ્ર વાદળરૂપે ગર્જના કરે, શરદઋતુમાં સૂર્ય પ્રખરતાથી તપે, તેમ ગર્જના કરતો પ્રદીપ્ત સાત્યકિ શત્રુઓનો સંહાર કરવા લાગ્યો." ભાવકને રસકીય સંતૃપ્તિ આપતા યુદ્ધવર્ણનમાં ઋતુલીલાનું સાતત્ય કવિએ સભાનતાપૂર્વક જાળવ્યું છે.

ગાયનું દૂધ, મોગરો, ચંદ્ર અને બરફ સમાન ઉજ્જ્વળ અને શ્વેત તેમ જ સુવર્ણની સાંકળીવાળી ઝૂલથી શોભતા સાત્યકિના જાતવંત અશ્વો નરસિંહ એવા સાત્યકિને તે જ્યાં ઇચ્છતો ત્યાં લઈ જવા લાગ્યા. કૃષ્ણના પ્રિય સાત્યકિની ઇન્દ્રિયો તેના આત્માના વશમાં હતી, એટલે જ તેને લક્ષ્યપ્રાપ્તિમાં કોઈ અંતરાય ન હતો તેવું વ્યાસજીનું કથન તેમની શ્રેષ્ઠ કાવ્યકલાગૂંથણીનું ઉદાહરણ છે.

અને કૌરવસેનાના મધ્યભાગમાં નૌકા વગર દુસ્તર સાગરમાં કોઈ પ્રવેશ કરે, તેમ સાત્યકિ પ્રવેશ્યો અને સર્વ યોદ્ધાઓને તણખલાની તોલે ગણી પરાજિત

કરી દીધા. આવો બળવાન સાત્યકિ પાણીમાં તરીને થાકેલી વ્યક્તિ જમીન પર પહોંચી જાય તેમ યુધિષ્ઠિરની આજ્ઞા પ્રમાણે અર્જુન પાસે પહોંચીને શાંતિ પામ્યો.

સાત્યકિનો વધ કરવા તત્પર એવા યૂપધ્વજ, યજ્ઞશીલ અને મહાયશસ્વી ભૂરિશ્રવાનો હાથ અર્જુને દૂરથી જ છેદી નાખ્યો. તે કપાયેલો હાથ પાંચ ફણાવાળા સર્પની જેમ વેગથી જમીન પર પડ્યો. શક્તિશાળી હાથની ઉપમા પણ કેટલી સમર્થ ને સચોટ !

સૂર્યાસ્ત થવામાં છે. જયદ્રથનો વધ જલદી આટોપવો જોઈએ. તેની ચિંતામાં જાણે ઊડતા હોય તેવા અશ્વો વડે વેગથી ધસતો અર્જુન માર્ગ રોકતા મહારથીઓને વીંધતો આગળ ધપતો હતો ત્યારે અત્યંત દર્શનીય લાગતો હતો.

''मृत्युः विग्रहवान्'' - સાક્ષાત્ મૃત્યુદેવ દેહ ધારણ કરીને યુદ્ધમાં ઊતર્યા હોય તેમ અર્જુન વિનાશ વરસાવતો હોવાથી રણભૂમિ રાક્ષસી અને પિશાચી ભીષણતાવાળી દેખાતી હતી.

વ્યાસજી તો આવા દશ્યને પણ સોહામણી ઉપમા આપે છે : ''સેંકડો મુકુટો વડે આચ્છાદિત ધરતી અત્યારે નવવધૂની જેમ શોભી રહી હતી.''

યુદ્ધભૂમિમાં અર્જુનનું બાહુબળ, એનાં બાણોની અખૂટતા, ગાંડીવનું સામર્થ્ય - બધું જ દેખાતું હતું. સમયોચિત શ્રીકૃષ્ણની સલાહ મુજબ અર્જુને પોતાનાં બાણોથી જયદ્રથના મસ્તકને કદંબના પુષ્પ સમાન હળવું ગણીને સમંતપંચકની બહારના ભાગે પહોંચાડ્યું.

शरैः कदम्बकीकृत्य काले तस्मिंश्च पाण्डवः ।
समन्तपंचकाद्बाह्यं शिरस्तव्याहरत्ततः ।।

જયદ્રથવધ રોમાંચક પ્રસંગ છે.

જયદ્રથવધનો મહિમા એ શ્રીકૃષ્ણની મૈત્રીનો મહિમા છે.

જયદ્રથવધ એ કુરુક્ષેત્રનો અદ્ભુત પ્રસંગ છે.

અર્જુને જયદ્રથનો વધ કર્યો એટલે કૃપાચાર્ય અને અશ્વત્થામા બંને રથીશ્રેષ્ઠોએ અર્જુન પર તીક્ષ્ણ બાણવર્ષા શરૂ કરી, પરંતુ કૃપાચાર્ય એટલે પોતાના ગુરુ અને અશ્વત્થામા ગુરુપુત્ર, તે સંબંધને માન આપી તેઓને ન મારવાની ઇચ્છાથી અર્જુન મંદ ગતિએ બાણ છોડતો હતો. ગુરુ અને દેવોની પૂજા કરવી, બ્રાહ્મણો પ્રત્યે આદર અને પ્રીતિ, ગુરુ પર પ્રહાર કરવો એ અધમ પ્રવૃત્તિ છે - એ બધા

સંસ્કારો વ્યાસજીએ હૃદયસ્પર્શી વર્ણનથી વ્યક્ત કર્યા છે. શાંતિકુમાર પંડ્યાએ જણાવ્યું છે તેમ : "વાસ્તવદ્રષ્ટા વ્યાસજીએ માનવસ્વભાવની તમામ ગતિવિધિઓની જેમ ગુરુ-શિષ્ય-પરંપરાને પણ યથાતથ નિરૂપી છે."

જયદ્રથવધ થયો ત્યારે રણભૂમિ કેવી દેખાતી હતી ?

સુવર્ણનાં સુંદર કવચો પહેરેલા, લોહી-નીંગળતા યોદ્ધાઓ વીજળીભરેલા વાદળો જેવા દેખાતા હતા. હણાઈને પૃથ્વી પર પડેલા રાજાઓ સત્ત્વશીલ હોવાને કારણે તેમના પ્રાણ ચાલ્યા ગયા હોવા છતાં અત્યંત તેજસ્વી દેખાતા હતા. જાણે હજુ સજીવ જ હોય ! ચારેય બાજુ પથરાયેલાં યોદ્ધાઓનાં કપાઈ ગયેલાં મુખકમળો, ખેદાનમેદાન થઈ ગયેલાં કમળવનોની ભૂમિ જેવી રણભૂમિ દેખાતી હતી. અર્જુનનાં બાણોના પ્રહારથી હજારો ઘોડાઓ મરણશરણ થઈ પડ્યા હતા તે કેવા દેખાતા હતા ? "હિમાલય પર્વતના પૃષ્ઠભાગમાં જળપ્રવાહના ઘસારાના કારણે મૃત થઈ પડેલા હંસો જેવા."

અને હવે તરત જ સૂર્યાસ્ત થાય છે. સૂર્ય મંદકિરણોવાળો થઈ અસ્તાચળ પર્વત પાસે જતો રહ્યો.

અર્જુનની જયદ્રથવધની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ, તેથી હર્ષાવેશમાં આવી શ્રીકૃષ્ણ અર્જુનને "શત્રુતાપન, શત્રુવિજયી, શત્રુનાશક" જેવાં વિશેષણોથી નવાજે છે, તેના અનુપમ પરાક્રમને બિરદાવે છે. કોઈએ કહ્યું છે : "બીજાના ગુણોનો વિસ્તાર કરનારા સુજનની શોભા અધિક બને છે, જેમ પોયણીનાં ફૂલોનો વિકાસ કરનાર ચંદ્રનો પ્રકાશ બમણી કાન્તિને ધારણ કરે છે."

પરંતુ ઋજુહૃદય, કૃષ્ણભક્ત, કૃષ્ણસખા અર્જુન ફુલાઈ થોડો જાય ? તે કહે છે : "હે માધવ ! દેવોને દુસ્તર એવી આ પ્રતિજ્ઞા આપની કૃપાથી જ પાર પાડી શક્યો છું." તે શ્રીકૃષ્ણના પ્રભાવને પ્રણિપાત કરે છે.

अनाश्चर्यो जयस्तेषां येशां नाथोऽसि माधव ।
त्वत्प्रसादान्महीं कृत्स्नां संप्राप्स्यति युधिष्ठिरः ।।

"હે માધવ ! આપ જેમના નાથ છો તેમનો વિજય જ થાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આપની કૃપાથી યુધિષ્ઠિર રાજા સંપૂર્ણ પૃથ્વી પ્રાપ્ત કરી લેશે."

तवैव भारो वार्ष्णेय तवैव विजयः प्रभो ।
वर्धनीयास्तव वयं प्रेष्याश्च मधुसूदन ।।

"હે પ્રભુ ! હે મધુસૂદન ! આ યુદ્ધનો સઘળો ભાર આપે જ ઉઠાવ્યો છે. આ વિજય આપનો જ છે. અમે તો સદા આપના સેવકો જ છીએ, આપના પ્રોત્સાહનના પાત્ર છીએ."

અહીં શ્રીકૃષ્ણની બીજાને યશ આપવાની મહાનતા અને ઉદારતા દર્શાવી છે અને સાથે અર્જુનની વિનમ્રતા, સમર્પણ અને શરણાગતિનું નિરૂપણ છે.

'प्रसीद देवेश जगन्निवास' અને 'शिष्यस्तेहं शाधि मां त्वां प्रपन्नम्' અર્જુનના આ બે પ્રસિદ્ધ ઉદ્‌ગારો આપણને અહીં યાદ આવે છે. આ બે પ્રાતઃસ્મરણીય શ્લોકો આપવા બદલ આપણે વ્યાસજીના ઋણી છીએ.

શ્રીકૃષ્ણ અને અર્જુન યુધિષ્ઠિરને શુભ સમાચાર આપે છે ત્યારે હર્ષાશ્રુથી ભીંજાયેલા યુધિષ્ઠિર પણ સંપૂર્ણ જશ શ્રીકૃષ્ણને જ આપે છે.

न तेषां दुष्करं किंचित्त्रिषु लोकेषु विद्यते ।
सर्वलोकगुरुर्येषां त्वं नाथो मधुसूदन ।।

તેમ જ

धनंजय सखा यश्च धनंजयहितश्च यः ।
तं धनंजयगोप्तारं प्रपद्य सुखमेधते ।।

"જે શ્રીકૃષ્ણ ધનંજયના સખા છે, જેઓ સદાકાળ ધનંજયનું હિત સાધનારા છે, તેવા ધનંજયના રક્ષક શ્રીકૃષ્ણને શરણે જનાર મનુષ્ય નિત્ય સુખને પ્રાપ્ત કરે છે."

અર્જુન અને યુધિષ્ઠિર બંને પ્રેમથી, ભક્તિભાવપૂર્વક શ્રીકૃષ્ણને વંદન કરી રહ્યા હશે તેવું આપણે પણ અનુભવી શકીએ છીએ. વ્યાસજીની રેશમી મુલાયમ કાવ્યશક્તિ અનુભવતાં પેલું સુભાષિત યાદ આવે છે :

"જેમ શુક્રાચાર્યની સંજીવનીવિદ્યા સર્વ દાનવોને સુખ આપનારી બનીને મરેલાને સજીવન કરે છે, તેમ આ કાવ્યવિદ્યા પોતાની શબ્દશક્તિ વડે સર્વદા સુખ આપનારી બનીને કાવ્યશ્રોતાઓને બેઠા કરે છે."

ભીમ અને સાત્યકિના આવતાં યુધિષ્ઠિર તેઓ બંનેને પણ અપ્રતિમ પરાક્રમ માટે ખૂબ અભિનંદન પાઠવે છે. શા માટે ? "શત્રુસૈન્યરૂપી સાગર દ્રોણાચાર્યરૂપી ઝૂડથી દુર્ધર્ષ અને હૃદિકપુત્ર કૃતવર્મારૂપી મગરવાળો હતો. સદ્‌ભાગ્યે તમે પૃથ્વીના સર્વ રાજાઓને પરાજિત કર્યા છે." ટૂંકા શબ્દોમાં સરસ કદરદાની !

હવે વ્યાસજી કર્ણ દ્વારા પ્રારબ્ધનો મહિમા ગાય છે : "આપણે સૌ રણભૂમિમાં ક્યારેક કપટથી અને ક્યારેક પરાક્રમથી પ્રયત્ન કરી જ રહ્યા હતા, પણ દૈવે પુરુષાર્થનો નાશ કરી આપણને નિષ્ફળતા જ આપી છે." "દૈવે નિશ્ચિત કર્યું હોય તેનાથી વિપરીત વર્તવા કોઈ સમર્થ નથી. કર્મની સિદ્ધિ તો દૈવાધીન છે, કારણ, દૈવ જ પ્રબળ છે. ગાઢ નિદ્રામાં પડેલા મનુષ્યનું પણ દૈવ તો જાગૃત જ હોય, આપણે યુદ્ધમાં જીતવા પ્રયત્ન કરીએ. દૈવ એને જે અનુકૂળ હશે તે માર્ગ અપનાવશે."

दैवदृष्टोऽन्यथाभावो न मन्ये विद्यते क्वचित् ।

કહ્યું છે ને કે "નવીન અર્થ હોય, જાતિ પ્રાકૃત ન હોય, શિષ્ટ હોય, શ્લેષ સરળ હોય, રસ સ્ફુટ હોય તેમ જ મધુર અક્ષરોની રચનાવાળું પદલાલિત્ય હોય - આ બધા કાવ્યગુણો એક ઠેકાણે હોવા મુશ્કેલ છે." પરંતુ શારદપુત્ર વ્યાસજી તેમાં પારંગત છે.

સિંધુરાજ જયદ્રથના વધથી અત્યંત દુઃખી થયેલો દુર્યોધન મરણિયો થઈ પાંડવસેનાનો સંહાર કરવા લાગ્યો. પાંડવયોદ્ધાઓ દુર્યોધનનાં બાણથી વીંધાઈને ટપોટપ મરવા લાગ્યા. વાયુ અને સૂર્યના પ્રભાવથી કમલતલાવડી સુકાઈને નિસ્તેજ થાય, તેમ દુર્યોધનના તેજથી પાંડવસેના નિસ્તેજ બની ગઈ.

અર્જુન અને સાત્યકિ દ્રોણાચાર્ય તરફ યુદ્ધ કરવા ધસ્યા ત્યારે લાલ-હિંગળોક એવી અંગારા વરસાવતી આંખોવાળા દ્રોણાચાર્ય ધૂમકેતુની જેમ ક્રોધે ભરાઈને રથમાર્ગો પર નૃત્ય કરતા હોય તેમ ઘૂમતા હતા અને નક્ષત્રોના તેજનું હરણ કરતા સૂર્યની જેમ પાંડવસેનાના તેજનું હરણ કરતા હતા.

રાત્રિયુદ્ધ શરૂ થયું. કેવી હતી એ રાત્રિઓ ? યોદ્ધાઓ માટે અમંગલ અને ભયંકર, શૂરવીરોને યમસદન પહોંચાડનારી અને હાથીઓ, અશ્વો તથા મનુષ્યોના પ્રાણોનો નાશ કરનારી રાત્રિઓ હતી.

મુખમાંથી અગ્નિજ્વાળાઓ ઓકતી, શિયાળવાં અને ઘુવડોના બિહામણા અવાજો કૌરવસેનામાં અતિ દારુણ ભયનાં અપશુકનો સૂચવતી હતી.

ભેરીઓ, મૃદંગો, હાથીઓની ચિંઘાડો, ઘોડાઓની હાવળો, શક્તિ વગેરે શસ્ત્રોનો ખડખડાટ અને ધજાઓનો ફડફડાટ થતો હતો. સિંહનાદોથી વાતાવરણ વધુ ભયાનક બનતું હતું. "પર્વત પરના વાંસવનમાં દવ લાગવાથી ફાટતા વાંસનો 'ચટ ચટ' શબ્દ થાય તેવો શસ્ત્રોનો ઘોર ચચરાટ સંભળાતો હતો."

સચોટ ઉપમાઓ દ્વારા વ્યાસજી અશ્વત્થામા અને ઘટોત્કચનું દ્વંદ્વયુદ્ધ વર્ણવે છે. "અભાગી પુરુષનો સંકલ્પ નિષ્ફળ નીવડે તેમ" ઘટોત્કચે છોડેલું ચક્ર અશ્વત્થામાના બાણોથી ટુકડેટુકડા થઈ ગયું. ગુસ્સે થયેલા ઘટોત્કચે રાહુથી ગળાતા સૂર્યની જેમ અશ્વત્થામાને ઢાંકી દીધો ત્યારે અશ્વત્થામા સામો ધસ્યો, એટલે કાજળના પર્વત સમાન ઘટોત્કચના તેજસ્વી પુત્ર અંજનપર્વાએ, જેમ ગિરિરાજ હિમાલય વાવાઝોડાને અટકાવે, તેમ અશ્વત્થામાને અટકાવ્યો. ભીમસેનના આ પૌત્રે અશ્વત્થામાને હંફાવ્યો. ઘટોત્કચ અને અશ્વત્થામાના બાણોનું જાણે આકાશમાં યુદ્ધ આરંભાયું.

અસ્ત્રોની અથડામણને કારણે ચિનગારીઓ ઝરવાથી ઘોર અંધારી રાતે આકાશ જાણે આગિયાઓથી ચમકતું હોય તેવું શોભતું હતું.

આ જ સમયે ધૃષ્ટદ્યુમ્ન અશ્વત્થામાને પડકાર ફેંકે છે. તેઓના દ્વંદ્વયુદ્ધના વર્ણનમાં વ્યાસજીનું શબ્દલાલિત્ય ખીલે છે.

મધની ઇચ્છાવાળા ભમરાઓ પુષ્પાચ્છાદિત વૃક્ષમાં પેસે, તેમ ધૃષ્ટદ્યુમ્નનાં તેજીલાં ને વેગીલાં બાણ અશ્વત્થામાના શરીરમાં પેસી ગયાં અને અશ્વત્થામા છંછેડાયેલા નાગની જેમ ફુત્કાર કરતો ધૃષ્ટદ્યુમ્નને બાણથી ઢાંકી દેવા કટિબદ્ધ થયો.

મારામારી અને કાપાકાપી પણ પ્રિય લાગતી હોય તેમ વ્યાસજી જણાવે છે કે બંને મહાબાહુ યોદ્ધાઓ ચિત્રવિચિત્ર, વેગીલું અને સુંદર યુદ્ધ કરી રહ્યા હતા, પરંતુ એકંદરે વર્ષાકાળના ગર્જના કરતા વાદળ જેવો અશ્વત્થામા 'પ્રલયકાળે સર્વ ભૂતોને ભસ્મીભૂત કરતા કાલાગ્નિ જેવો પ્રકાશવા લાગ્યો.'

અશ્વત્થામા આજે ખૂબ ઝનૂનથી લડતો હતો, કારણ ? કારણ એ જ કે તે દિવસે સવારે કર્ણ દુર્યોધન પાસે શેખી મારે છે : "હે કૌરવશ્રેષ્ઠ ! હું જીવતો છું ત્યાં સુધી તમારે દુઃખી થવાની જરૂર નથી. આજે હું અર્જુનને હણી નાખીશ. પાંડવોને સંપૂર્ણ સેના સાથે જીતી લઈશ."

કૃપાચાર્ય કર્ણને સંયમ જાળવવા ઠપકાપાત્ર વચનો કહે છે :

"બહુ વાણીવિલાસ કર્યા વિના ચૂપ રહીને માત્ર યુદ્ધ કર. શરદઋતુનાં જળ વિનાનાં વાદળોની જેમ નાહક ગર્જવાનું બંધ કર." અભિમાની કર્ણ સામો જવાબ આપે છે : "શૂરવીરો તો વર્ષાકાળનાં વાદળોની જેમ સતત ગર્જતા જ હોય છે. વર્ષાકાળે વાવેલું બીજ યોગ્ય સમયે ફળે, તેમ શૂરવીરોનું ગર્જન પણ યોગ્ય સમયે

ફળે !" આટલેથી કર્ણ અટક્યો હોત તો ઠીક, પરંતુ વડીલ ગુરુતુલ્ય કૃપાચાર્યને કહે છે, "હે અધમ બ્રાહ્મણ ! હે દુષ્ટબુદ્ધિ ! હે દુર્મતિ ! હવે પછી મને આવું અપ્રિય વચન કહેશો તો આ તલવારથી તમારી જીભ કાપી નાખીશ."

સૂતપુત્રે પોતાના મામાનું કઠોર વચનોથી અપમાન કર્યું, તેથી અશ્વત્થામા હાથમાં તલવાર લઈ કર્ણ સામે ધસી જાય છે, ત્યારે દુર્યોધને અને સ્વયં કૃપાચાર્યે તેને રોકી લીધો.

ઘમંડભરેલો કર્ણ યુદ્ધે ચડી પાંડવસેનામાં હાહાકાર મચાવે છે, પણ અર્જુન સામે પરાજિત થાય છે ત્યારે દુર્યોધન કર્ણને તો કશું કહી શકતો નથી, પણ અશ્વત્થામાને ઠપકો આપે છે : "કાં તો મારું ભાગ્ય મંદ હશે, કાં તો યુધિષ્ઠિરનું પ્રિય કરવા તારું પરાક્રમ મંદ રહ્યું છે."

मम वा मन्दभाग्यत्वान्मन्दस्ते
विक्रमो युधि धर्मराज प्रियार्थं ।।

અપમાનિત થયો હોવાથી અશ્વત્થામા અત્યંત ઝનૂનથી લડ્યો.

અન્ય સ્થળે સાત્યકિ અને સોમદત્તનું દ્વંદ્વયુદ્ધ ચાલે છે. વસંતઋતુમાં ખીલેલા કેસૂડા જેવા લાગતા તે બંનેનાં અંગોમાં સર્વત્ર બાણો ખૂંચી ગયાં હતાં. સળગતા ઊંબાડિયાથી વ્યાપ્ત બે ક્રોધાયમાન હાથી જેવા તે બંને એકબીજાને પછાડતા હતા.

પ્રકૃતિનાં પ્રબળ તત્ત્વોને પૂરી ગૂઢતા સાથે વ્યાસજીએ વર્ણવ્યાં છે.

દ્રોણાચાર્ય સામે ભલે કુશળતાથી, પણ વધુપડતા આત્મવિશ્વાસથી લડતા યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ ચેતવે છે. એક તરફ દ્રોણાચાર્યના યુધિષ્ઠિરને જીવતા પકડી લેવાના પ્રયત્નો ચાલુ છે, જ્યારે બીજી તરફ ધૃષ્ટદ્યુમ્નનો જન્મ જ દ્રોણાચાર્યના વધ માટે થયો છે, તેથી જ શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કોઈ અન્ય સ્થળે ચાલ્યા જવા સૂચન કરે છે. વિશાળ રથના ઘરઘરાટથી ધરતી ધ્રુજાવતા, દશે દિશાઓ ગજવતા યુધિષ્ઠિર બહાદુરીભરી પીછેહઠ કરી લે છે.

હવે ધૃષ્ટદ્યુમ્ન ચારેય તરફથી ઘેરાયેલો છે. અર્જુન શિબિયોદ્ધાઓ તથા પૌરવો સામે મુકાબલો કરવામાં વ્યસ્ત છે. બરાબર મોકો જોઈ, અભિમન્યુને ઘેરીને હણ્યો હતો તેમ સાત્યકિને લક્ષ્ય બનાવવાનું કર્ણ સૂચન કરે છે, તેથી કુરુવંશી ભૂરિએ ધસી જઈ સાત્યકિને અટકાવી દીધો, "જેમ જળાશયમાં પાણી પીવા આવતા હાથીને અધવચ્ચે અટકાવી દઈએ તેમ." પણ આ તો સાત્યકિ

છે, એ ક્યાં ગાંજ્યો જાય તેવો છે ! સાત્યકિની વજ્ર અને વીજળી જેવા સુસવાટા કરતી અતુલ બાણવૃષ્ટિથી ભૂરિ પોતાના રથમાંથી ઢળી પડ્યો. "પ્રદીપ્ત મંગળગ્રહ આકસ્મિક જ આકાશમાંથી ખરી પડે તેમ."

આકાશમાં વાદળોની જાળમાં ઢંકાતા સૂર્ય અને ચંદ્ર જેવા ભીમસેન અને દુર્યોધન સામસામા આવી ગયા.

એક તરફ દ્રુપદ અને કર્ણપુત્ર વૃષસેન દ્વંદ્વયુદ્ધે ચડ્યા. વૃષસેન માટે 'મહાભારત'કાર કેવી કલ્પના દોડાવે છે? "બંને વીરો તપ્ત સુવર્ણ સમા, દેદીપ્યમાન, કલ્પવૃક્ષ સમાન અને લાલ પુષ્પોથી ખીલી ઊઠેલાં કેસૂડાનાં વૃક્ષો જેવા પ્રકાશી રહ્યા હતા." વ્યાસજીના શબ્દોમાં જાણે વસંત ખીલી, સુગંધ પ્રસરી. પ્રકૃતિવર્ણન એ તેમની કાવ્યશક્તિનું સર્વોચ્ચ શિખર જાણે !

તરત જ પાછા વ્યાસજી આકાશસંચારી બની ગયા કે શું ? યુધિષ્ઠિરપુત્ર પ્રતિવિંધ્ય અને દુઃશાસન વચ્ચેના યુદ્ધને વર્ણવતાં તેઓ કહે છે : "વાદળ વિનાના આકાશમાં બુધ અને સૂર્યનો સમાગમ થાય" તેવો યુદ્ધસમાગમ થયો. પરંતુ નકુળ અને શકુનિ દાંત કચકચાવતા એકબીજાને હણવા તત્પર થયા ત્યારે તે બંને યોદ્ધાઓને "બાણરૂપી કાંટા"થી વીંધાઈ ગયેલા વ્યાસજી વર્ણવે છે. "જાણે કંટકયુક્ત શીમળાનાં બે વૃક્ષો અથડાયાં !" પ્રકૃતિ સાથેની ઘનિષ્ઠ મૈત્રી વ્યાસજી સતત નિભાવતા રહ્યા છે.

રાત્રિયુદ્ધ દરમિયાન ચંદ્રોદયસમયે ઊછળતા બે સાગરની જેમ કૌરવ-પાંડવોની સેનાઓ વચ્ચે યમના રાજ્યમાં વધારો કરનારો ઘોર સંગ્રામ ખેલાયો. "પદાતિઓના પદાઘાતથી ધરતી ભયભીત રમણીની જેમ ધણધણી ઊઠી." શૃંગાર અને રૌદ્ર બંને રસને અડોઅડ બેસાડી દીધા છે આ મહાકવિએ, તો બીભત્સ રસ પણ ઓછો નથી વર્ણવ્યો. તેઓ કહે છે : "અનેક રથીઓ પોતપોતાના રથમાં બેસીને અતિ વેગથી જતા હતા. તેઓ તીડોને ઝડપી લેતી સમડીઓની જેમ, પતંગિયાને પકડી લેતા કાગડાની જેમ, બાજપક્ષીને વીંધી નાખતા પારધીની જેમ એકબીજાને પકડી પાડતા હતા."

ધૃષ્ટદ્યુમ્ન પણ પોતાનું પરાક્રમ દર્શાવવામાં પાછો નથી પડતો. તેણે પોતાના ભલ્લબાણથી દ્રુમસેનનું સુવર્ણકુંડળથી શોભતું મસ્તક ધડથી જુદું પાડી દીધું. "દાંતથી ઓષ્ઠ દબાવેલું તે મસ્તક પ્રચંડ વાયુથી ફંગોળાયેલા તાડફળની જેમ ગબડી પડ્યું." અવર્ણનીય પરાક્રમી બનેલા ધૃષ્ટદ્યુમ્ને કર્ણનું ધનુષ્ય પણ કાપી

નાખ્યું. ત્યારે ? "કોઈ સિંહ પોતાનું પૂંછડું કપાઈ જાય તે સાંખી શકતો નથી" તેમ અતિ ઉગ્ર કર્ણ પણ પોતાનું ધનુષ્ય કપાઈ ગયું તે સાંખી શક્યો નહીં.

નદીમાં ધીરેધીરે વધતા જતા પાણીના પૂરની જેમ કર્ણના ધીરેધીરે વધતા ઘમંડને અને તેનાથી થનારા નાશની જાણે આ મહાકવિ આગાહી કરે છે !

શત્રુનાશક મહાબાહુ સાત્યકિએ શત્રુયોદ્ધાઓનાં મસ્તકો કાપવા માંડ્યાં, તો સિદ્ધહસ્ત અર્જુને કાપેલા હજારો બાહુઓ અને શરીરોથી છવાઈ ગયેલી ધરા પુષ્પોથી છવાઈ ગઈ હોય તેમ શોભવા લાગી.

રથવિહોણો શકુનિ પોતાના પુત્ર ઉલૂકના રથમાં ચડી બેઠો અને એ પિતા-પુત્રે અર્જુન પર બાણવર્ષા શરૂ કરી. કેવી રીતે ? "પર્વત પર વર્ષા કરતાં બે ઉન્નત વાદળોની જેમ." દરેક પ્રસંગે, દરેક ક્રિયામાં પ્રકૃતિતત્ત્વો જ દેખાય છે આ વનવાસી કવિજીવને.

રાત્રિયુદ્ધ દરમિયાન બે રાક્ષસો, ભીમસેનપુત્ર ઘટોત્કચ અને જટાસુરપુત્ર અલંબુસ વચ્ચે ખૂંખાર જંગ ખેલાય છે. બંને રાક્ષસો માયાજાળ રચવામાં અતિનિપુણ હતા, તેથી સેંકડો માયાઓ વડે એકબીજાથી ચડી જાય તેવું પરાક્રમ તેઓ દર્શાવતા હતા.

જો અભિમન્યુવધ હૃદયદ્રાવક છે, તો અલંબુસ અને ઘટોત્કચનું યુદ્ધ કમકમાટીભર્યું છે.

અલંબુસને પાંડવયોદ્ધાઓ ગોળાકારમાં ઘેરી લે છે ત્યારે અલંબુસ પોતાની અસ્ત્રમાયાથી સૌનાં અસ્ત્રોનો વેગ નષ્ટ કરી દે છે અને એ રીતે "જંગલમાં દાવાનળથી બચેલા હાથીની જેમ" અલંબુસ તેમના રથોના ઘેરાવામાંથી બહાર નીકળ્યો ને અલંબુસનાં બાણો ઘટોત્કચના શરીરમાં ઘૂસી ગયાં. પછી ઘટોત્કચે વળતો પ્રહાર કર્યો ત્યારે ઘાયલ અલંબુસ "બળી ગયેલા પર્વતના શિખર જેવો લાગતો હતો કે વીખરાઈ ગયેલા કાજળના ઢગલા જેવો દેખાતો હતો." આ દ્વંદ્વયુદ્ધ કેવું હતું ? વ્યાસજી વર્ણવે છે, "જાણે અગ્નિ અને મહાસાગર વચ્ચેનું, ગરુડ ને તક્ષક વચ્ચેનું, મેઘ અને મહામરુત વચ્ચેનું કે પછી વજ્ર અને પર્વત વચ્ચેનું." છેવટે બાજ જેમ માછલું પકડે તેમ મોટી ફલાંગ મારી ઘટોત્કચે અલંબુસને પકડીને ઉછાળ્યો અને ભરેલા ઘડાની જેમ પથ્થર પર પછાડ્યો. અલંબુસનાં સર્વ અંગો છૂટાં પડી ગયાં. હાડકાં અને આભૂષણોનો ચૂરો થઈ ગયો. વિકૃત દેખાતા અલંબુસના મસ્તકને ધડથી જુદું કરી નાખ્યું. અકસ્માત્ તૂટીને પૃથ્વી પર આવી

પડેલા મંગળગ્રહ જેવા તે રાક્ષસને પૃથ્વી પર પડેલો લોકોએ ભયભીત બનીને જોયો. લોહી-નીંગળતા અલંબુસના મસ્તકને કેશથી પકડી દુર્યોધનના રથમાં ફેંક્યું અને મેઘગર્જના કરતાં ઘટોત્કચે કહ્યું : "જે પુરુષને ધર્મ, અર્થ કે કામની ઇચ્છા હોય તેણે રાજા, બ્રાહ્મણ કે સ્ત્રીનાં દર્શન ખાલી હાથે ન કરવાં તેવી શાસ્ત્રની આજ્ઞા છે, એટલે તું તારા પરાક્રમી મિત્રનું મસ્તક મારી ભેટ તરીકે સ્વીકાર ! યાદ રાખજે, હવે કર્ણની અને તારી પણ આ જ વલે થશે. અહીં જ ઊભો રહે, કર્ણનું મસ્તક લઈને આવી જ પહોંચું છું."

બલ નામના દૈત્યનો વધ કરીને ઇન્દ્રે જેમ ગર્જના કરી હતી, તેમ ઘટોત્કચે બલવાનશ્રેષ્ઠ અલંબુસનો વધ કરી મોટી ગર્જના કરી.

ઘટોત્કચના આવા દુષ્કર કર્મને જોઈ બાંધવો સહિત તેના પિતા અને કાકાઓએ માનપૂર્વક તેની પ્રશંસા કરી. "પાકેલા ફળની જેમ રાક્ષસ અલંબુસનો વધ કરીને ઘટોત્કચ પોતે પણ અતિ આનંદમાં આવી ગયો."

ઘટોત્કચનું યુદ્ધ હવે બીજા રાક્ષસ અલાયુધ સાથે જામે છે. શીઘ્રગામી, કર્કશ હણહણાટ કરતા, પરંતુ હાથી જેવા પડછંદ, લોહીમાંસનું જ ભોજન કરતા એવા એકસો અશ્વોથી ખેંચાતા, અતુલ ઘોષ કરતા, અનેક તોરણોથી સુશોભિત, ગીધડાંઓનાં ચિત્રોથી અંકિત ધ્વજાવાળા, રીંછના ચામડાથી મઢેલા, ચારસો હાથની લંબાઈ-પહોળાઈ ધરાવતા રથમાં આરૂઢ થઈ અલાયુધ ઘટોત્કચ સામે લડવા મેદાને પડ્યો. અનેક પ્રકારનાં શસ્ત્રોથી લડવામાં નિષ્ણાત અલાયુધ યુદ્ધભૂમિમાં વીજળીની માયાવાળા મેઘની જેમ ઘૂમતો રહ્યો.

ત્રેતાયુગમાં વાલી અને સુગ્રીવ વચ્ચે જેવું મહાઘોર દ્વંદ્વયુદ્ધ થયેલું તેની યાદ આપે તેવું આ યુદ્ધ હતું. માત્ર જાતજાતનાં અસ્ત્રશસ્ત્ર જ નહીં, મોટાંમોટાં વૃક્ષો, ધાતુમિશ્રિત સખત પર્વતોનાં શિખરો, પથ્થરો, શિલાઓ - જે કાંઈ હાથ આવ્યું તેનો તેઓ સામસામો પ્રહાર કરતા હતા. બંને માયાવી હોવાથી તેમણે માયાપ્રયોગ પણ શરૂ કર્યા. અલાયુધે આકાશમાંથી રુધિરનો વરસાદ વરસાવ્યો. આકાશમાં વાદળોના કારણે ઘનઘોર અંધકાર છવાઈ ગયો. વીજળીના ચમકારા સાથે ચટ્-ચટ્ એવો ઘોર શબ્દ થવા લાગ્યો. આંખ ખોલીને જોઈએ તો જાણે આપણને ઘનઘોર આકાશ દેખાય, કાનેથી સાંભળીએ તો ઘોર શબ્દ જ કાને પડે તેવું કુનેહયુક્ત શબ્દચિત્ર વ્યાસજીએ આલેખ્યું છે ને ?

છેલ્લે અલાયુધને ઊંચકી, ગોળગોળ ફેરવી, જમીન પર પછાડી, ઘટોત્કચ

તેનું માથું કાપી નાખે છે અને દુર્યોધન સામે અટ્ટહાસ્ય ફેંકે છે. આસુરી શક્તિ રાત્રે જ બેવડાતી હોવાથી સંસ્કૃત સાહિત્યકારોએ રાત્રિને "બહુદોષા હિ શર્વરી" તરીકે વર્ણવી છે.

કૌરવસેનામાં ભંગાણ પડ્યું. યોદ્ધાઓના આક્રંદથી પ્રેતોના ચિત્કાર જેવો ઘોષ થવા લાગ્યો. અંધકારવ્યાપ્ત મેદાનમાં નાસભાગ કરતા યોદ્ધાઓના ઓળા વર્તાતા હતા. કોઈ કોઈને ઓળખી શકે તેમ ન હોવાથી કેવળ નામ કે ગોત્રના ઉચ્ચાર કરીને સામસામા પ્રહારો થતા હતા. સ્વયંવરમાં ત્યાં રહેલાઓનાં નામો સંભળાવવામાં આવે છે, તેમ અહીં પણ રાજાઓનાં નામો જ કાને પડતાં અને પ્રહાર થતા હતા.

વાક્યવિશારદ દુર્યોધને કવળાં વેણના ચાબખા માર્યા એટલે ધૂંધવાયેલા સર્પ જેવા કર્ણ અને દ્રોણાચાર્ય ક્રોધવશ બની પાંડવસેના સાથે ઘોર યુદ્ધ કરવા લાગ્યા.

ઉદારચિત્ત વ્યાસજીને તો બધાય સમાન હતા. કર્ણના યુદ્ધકૌશલને વખાણવામાં પણ તેઓ ક્યાંય કચાશ નથી રાખતા.

કર્ણે પાંચાલોની એવી કાપણી કરી કે યુદ્ધભૂમિ પર સુંદર નાસિકાઓ, પીસેલા ઓષ્ઠ, સુંદર કુંડળો ને ઝગમગતા મુકુટ ધારણ કરેલા યોદ્ધાઓનાં માથાં ઠેરઠેર રડવડવા લાગ્યાં. હાથી, અશ્વો કે રથો પરથી ગબડી પડેલા મૃત યોદ્ધાઓથી રણભૂમિ છવાઈ ગઈ. કોઈ યોદ્ધો રણ છોડી ભાગતો દેખાય, તો કર્ણ તેના બંને બાહુઓ કે મસ્તકને શત્રુબાણોથી છેદી નાખતો.

આમ કર્ણે પાંચાલસેનાને અસહ્ય પીડા આપી. સિંહથી ભયભીત મૃગલીની જેમ પાંડવસેનાએ હરણદોટ દીધી ને ચારેય દિશામાં જ્યાં સૂઝ્યું ત્યાં ભાગવા લાગી. ભયની તીવ્રતા આલેખતાં વ્યાસજી કહે છે : "પાંચાલો અને સૃંજયો એવા તો ભયભીત હતા કે એક તણખલું પણ હાલે ('તૃણ-પ્રસ્પન્દન') તો તેમને લાગતું કે સૂતપુત્ર કર્ણ આવ્યો. અરે ! પોતાના પક્ષના યોદ્ધાને દોડતો જુએ તોપણ કર્ણ આવ્યાનો જ ભાસ થતો અને ભયભીત થઈ તેઓ નાસવા લાગતા."

પાંડવયોદ્ધાઓ કર્ણની બાણવર્ષા સહન કરી શકતા ન હતા. વ્યાસજી આ નિઃસહાયતાને કોની સાથે સરખાવે છે ? "ઘુવડ સૂર્યનાં તેજસ્વી કિરણોને જોઈ શકતું નથી તેમ."

અરે ! યોદ્ધાઓની આવી હાલત તો જાણે સમજાય, પણ કર્ણ જે રીતે અતિમાનુષ પરાક્રમ દર્શાવી રહ્યો હતો તે જોઈને યુધિષ્ઠિર પણ ડરીને અર્જુનને

કહે છે : "જો તો ખરો ! આ ધનુર્ધર કર્ણ હાથમાં ધનુષ્ય લઈને કેવો ઊભો છે ! ભયંકર મધરાતના સમયે પણ તે પ્રખર તપતા સૂર્ય જેવો લાગે છે !" ત્યારે કોઠાસૂઝ ધરાવતા શ્રીકૃષ્ણની સમયોચિત સૂચનાને માન આપી ઘટોત્કચ કર્ણ સામે યુદ્ધે ચડે છે.

ધૃતરાષ્ટ્રની તીવ્ર ઉત્કંઠા સળવળીને બેઠી થાય છે. તે પૂછે છે, ઘટોત્કચ કેવી રીતે લડી રહ્યો હતો ? તેના રથ અને તેનાં આયુધો કેવાં હતાં ? ઘોડાઓ, રથધ્વજ અને ધનુષ્યનું માપ કેટલું ? કેવું કવચ પહેરેલું ? કંઠત્રાણ કેવું હતું ? આ બધા પ્રશ્નોના જવાબમાં સંજય ઘટોત્કચનું જે વર્ણન કરે છે તે વાંચીને કોઈ નવા નિશાળિયા જેવા અજાણને પણ ખ્યાલ આવી જાય કે ઘટોત્કચ હિડિંબાપુત્ર રાક્ષસ હતો.

કેટલું તાદશ વર્ણન છે !

"પ્રચંડ બાંધો, કદાવર કાયા, શ્યામવર્ણ ને વિશાળ માથું, મુખ તામ્રવરણું, અત્યંત લાલ નેત્રો, લાંબાં ભવાં, શંકુ-આકારના કાન, સ્થૂળ-પ્રચંડ નાક, કાન સુધી લંબાયેલી મોંફાડ, પિંગલવરણી દાઢી-મૂછ, જાડા-મોટા હોઠ, લાલઘૂમ લાંબી ને જાડી જીભ, મોં બહાર ધસી આવતી ચાર વિકરાળ દાઢો, લાલ માંસલ ગરદન, પાતળું પેટ, ઊંડી નાભિ, પ્રચંડ ભુજા, પગની હૃષ્ટપુષ્ટ પિંડીઓ, ભરાવદાર નિતંબ, માથે વાંકડિયા કેશ, શરીરે વિકરાળ જથ્થાબંધ વાળવાળો તે મહાકાય, મહાબાહુ અને મહાબળવાન હતો."

"હાથમાં બાજુબંધ, કાનમાં બાલસૂર્ય જેવાં તેજસ્વી કુંડળો, શરીરે વિવિધ અલંકારો, મસ્તકે તોરણના આકારનો શુભવર્ણો, શુદ્ધ સુવર્ણનો અતિ સુંદર મુકુટ અને ગળામાં અગ્નિમાળાઓ ધારણ કરનાર પર્વતની જેવી સુવર્ણની સેરોવાળી માળાઓ પહેરેલી."

"શરીરે કાંસાનું કવચ ધારણ કરેલું."

"ચારસો હાથ લાંબો-પહોળો, આઠ પૈડાંવાળો, રીંછના ચામડે મઢેલો, સેંકડો ઘૂઘરીઓથી રણકતો અને સર્વ પ્રકારનાં શસ્ત્રોથી ભરપૂર રથ હતો."

"રથ ઉપર આકાશને આંબતી ધજા અને ધજા ઉપર લાલ રંગનું મસ્તક ધરાવતા, માંસાહારી, મોં ફાડીને બેઠેલા વિકરાળ ગીધનું ચિહ્ન હતું."

"હાથી સમાન પડછંદ, લાલ નેત્રોવાળા, ભીષણ દેખાતા વેગીલા અશ્વો હતા. વિરૂપાક્ષ નામના સારથિએ સૂર્યકિરણો જેવી લગામ હાથમાં લઈ અશ્વોને

વશમાં રાખેલા. એક હાથ પહોળું અને બાર હાથ લાંબું, મજબૂત પ્રત્યંચા ધરાવતા ઘટોત્કચના ધનુષ્યનો ટંકારવ થાય ત્યારે યુદ્ધનો સર્વ કોલાહલ શાંત પડી જતો, કારણ, રથની ધરી જેવડાં મોટાં બાણો તે છોડતો હતો.''

આપણાં તો આ વર્ણન વાંચતાં જ મોતિયા મરી જાય તેવું ભયંકર વર્ણન વ્યાસજીએ કરીને ઘટોત્કચના વિશિષ્ટ વ્યક્તિત્વને રજૂ કર્યું છે.

નાના બાળકને દાદાજી વાર્તા કહેવા બેસે ત્યારે ''રાક્ષસ કેવો હોય ?'' તેવા બાળકના પ્રશ્નના જવાબમાં દાદાજી સરળતાથી, સહેલાઈથી ઉપર લખેલું વર્ણન કરી ધારી અસર ઉપજાવી શકે. વ્યાસમુનિ તો શબ્દના સ્વામી છે. દિલચસ્પ કે દિલધડક વર્ણન કરવામાં તો તેઓ બેતાજ બાદશાહ છે.

રામનારાયણ પાઠક જણાવે છે : ''મહાકાવ્યમાં અનેક માનવપ્રકૃતિમાં રસ લેવાની, સમાજના હલકા અને ઊંચા બધા સ્તરોના જીવનમાં રસ લેવાની સ્વાભાવિક વૃત્તિ હોવી જોઈએ.'' વ્યાસજી એમાં બાજી મારી જાય છે. તેમણે દુષ્ટો, ક્રૂરો, રાક્ષસો, શઠલોકો - બધાનો સ્વીકાર કર્યો છે.

ઘટોત્કચ અને કર્ણનું દ્વંદ્વયુદ્ધ અતિ રૌદ્ર ને બીભત્સ છે. શરૂઆતમાં બંને ધનુષબાણથી લડ્યા, પણ આખરે કર્ણનાં દિવ્ય શસ્ત્રો વધુ શક્તિશાળી પુરવાર થયાં. કાળદંડધારી યમરાજ જેવો ઘટોત્કચ વિવિધ અસ્ત્રશસ્ત્રના પ્રહારોથી માયા પ્રકટ કરીને, શરીરનાં નાનાંમોટાં કદ ધારણ કરીને, ક્યારેક મૈનાક પર્વત જેવડો તો ક્યારેક અંગૂઠા જેવડો બનીને, ક્યારેક સમુદ્રના તરંગોની જેમ ઉપરનીચે, આડાઅવળા ચકરાવા લઈને, ક્યારેક આકાશમાં ઊડીને, તો ક્યારેક અદશ્ય થઈને તે માયાવી યુદ્ધ કરવા લાગ્યો.

એ સમયે રણભૂમિ પર ઘણા મૂર્છાવશ થયા. કંઈક માથાં ભાંગ્યાં. કેટલાયનાં આંતરડાં બહાર નીકળી ગયાં. રાક્ષસી સંહારનો વેગ વધતો ગયો. કર્ણે પણ શસ્ત્રજ્ઞાન વડે ઘટોત્કચની માયાવી શક્તિનો નાશ કરવા માંડ્યો, પરંતુ ઘટોત્કચે જ્યારે શતઘ્નીનો જોરદાર પ્રહાર કર્યો તેથી કર્ણના રથના ચારેય ઘોડાની આંખો અને જીભ બહાર નીકળી ગઈ ને પૃથ્વી પર ઢળી પડ્યા. ઘડીક તો કર્ણ ખિન્ન થઈ ગયો. પછી પાછો તે સ્વસ્થ થયો ત્યારે ભયથી ત્રાસેલા કૌરવો કર્ણને અમોઘ શક્તિ વાપરવા દબાણ કરવા લાગ્યા.

અને અર્જુનને મારવા વર્ષોથી સાચવી રાખેલી શ્રેષ્ઠ વૈજયન્તી શક્તિ કર્ણે ઘટોત્કચ ઉપર ફેંકી. ''કાળરાત્રિની જેમ સળગતી, આગના લબકારા કરતી,

પાશયુક્ત, શત્રુની કાયાને ચીરી નાખતી, મૃત્યુની સગી બહેન જેવી શ્રેષ્ઠ પ્રજ્વલિત શક્તિ ઘટોત્કચની માયાને બાળી, તેના હૃદયને ચીરી, આકાશમાં ઊંચે ઊડી જઈને નક્ષત્રોની વચ્ચે વિલીન થઈ ગઈ.''

પાંડવોએ ઘટોત્કચ જેવા સમર્થ પુત્રનો ભોગ આપી જીવિત કરતાં વિજયને વહાલો ગણ્યો. ખરેખર ઘટોત્કચના મૃત્યુથી પાંડવો માટે વિજયદ્વાર ખૂલી ગયાં.

ઘટોત્કચના મૃત્યુને કારણે પાંડવો તીવ્ર આઘાત અનુભવતા હતા, જ્યારે શ્રીકૃષ્ણ ?

ननर्त हर्षसंवीतो वातद्धूत इव द्रुमः ।

શ્રીકૃષ્ણ હર્ષોલ્લાસથી સિંહનાદ કરે છે અને ''વાયુમાં વૃક્ષ ઝૂલે તેમ શ્રીકૃષ્ણ હર્ષથી ઝૂમીને નૃત્ય કરવા લાગ્યા.''

અર્જુન માટે સંઘરેલી અમોઘશક્તિ કર્ણે ઘટોત્કચને મારવામાં વાપરી નાખી, અર્જુન બચી ગયો એનો હાશકારો આનંદપૂર્વક વ્યક્ત કર્યા વિના શ્રીકૃષ્ણથી રહેવાતું નથી.

આથી ખિન્ન મનવાળો અર્જુન આશ્ચર્ય પામતો બોલી ઊઠે છે :

समुद्रस्येव संक्षोभो मेरोरिव विसर्पणम् ।
तथैतल्लाघवं मन्ये तव कर्म जनार्दन ।।

''હે જનાર્દન ! આપનું આવું વર્તન મને સમુદ્રના સુકાઈ જવા જેવું, મેરુ પર્વતના કંપવા જેવું અકળ લાગે છે.''

અર્જુન - પૃથાપુત્ર. પૃથ્વીનું એક નામ પૃથા. તે પ્રમાણે આપણે સૌ પણ પૃથાપુત્ર જ ને ? પણ ઋજુહૃદય (અર્જુન) ખરા ? અર્જુન જો શ્રીકૃષ્ણનું આ વર્તન સમજી શકતો ન હોય, તો આપણા જેવાં સામાન્ય માનવી ઈશ્વરની નાનીમોટી ઇચ્છા કેવી રીતે સમજી શકીએ ? આપણું શ્રેય શામાં છે તેની આપણને શી ખબર ? અર્જુન જેટલી શ્રદ્ધા અને સમર્પણની ભાવના એ જ આપણું ધ્યેય હોવું ઘટે, તેથી જ પૃથાપુત્ર અર્જુન આપણા કરતાં વેંત ઊંચેરો છે. અર્જુન કહે છે :

यद्येतन्न रहस्यं ते वक्तुमर्हस्यरिंदम ब्रुहि त्वमद्य मधुसूदन ।

''આ યોગ્ય જ હશે, પણ તે ગુપ્ત રાખવા જેવું ન હોય તો મને કહો.''

વ્યાસજી મનુષ્યજીવનની ઊંડી ફિલસૂફી દર્શાવે છે ખરેખર - बलीयसी केवलम् ईश्वरेच्छा ।

અર્જુનના હિત ખાતર જ ઘટોત્કચને યુદ્ધ લડવા પોતે મોકલ્યો હતો તેવું શ્રીકૃષ્ણ પાંડવોને સમજાવે છે. તે દરમિયાન શ્રીકૃષ્ણ કર્ણની પણ કેટલી ભવ્ય પ્રશંસા કરે છે !

બ્રાહ્મણો પ્રત્યે નિષ્ઠાવાન, સત્યવાદી, દાનવીર, તપસ્વી, વ્રતનિષ્ઠ, મહાધનુર્ધર, યુદ્ધવીર, ગ્રીષ્માન્તે વરસતી જલધારાની જેમ દિવ્ય અસ્ત્રો વરસાવતો કર્ણ કેટલો ભવ્ય ને ઉદાત્ત છે !

આધ્યાત્મિક શક્તિઓથી વિભૂષિત વ્યાસજી ત્રણેય કાળને હસ્તકમલવત્ જોઈ શકે છે, તેથી જ તેઓ શ્રીકૃષ્ણ દ્વારા સર્વ પ્રસંગદશ્યોને આબેહૂબ રજૂ કરી શક્યા છે.

શ્રીકૃષ્ણ સમજાવે છે કે ઘટોત્કચ ભીમનો પુત્ર ખરો, પણ મૂળે તે બ્રાહ્મણો અને યજ્ઞોનો દ્વેષ કરનાર રાક્ષસ હતો, ધર્મનો લોપ કરનાર પાપાત્મા હતો અને -

धर्मसंस्थापनार्थं हि प्रतिज्ञैषा ममाव्यया ।

"ધર્મનું સ્થાપન કરવા માટે મેં દઢ પ્રતિજ્ઞા લીધી છે. ધર્મનો લોપ કરનારા સર્વેનો હું વધ કરીશ, તેથી ઘટોત્કચવધ તે મારી યોજના હતી."

વળી ઉમેરે છે :

ब्रह्मं सत्यं दमः शौचं धर्मो ह्रीः श्रीर्धुतिः क्षमा ।
यत्र तत्र रमे नित्यमहं सत्येन ते शपे ।।

"હું તારી સામે સત્યના સોગંદ લઈને કહું છું કે જ્યાં વેદ, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, પવિત્રતા, ધર્મ, લજ્જા, શ્રી (સૌભાગ્ય), ધૈર્ય અને ક્ષમાનો નિવાસ છે ત્યાં હું નિત્ય રમણ કરું છું."

શ્રીકૃષ્ણે અર્જુન સમક્ષ જે રહસ્યસ્ફોટ કર્યો તે દ્વારા 'મહાભારત'કાર ઓજસ્વી વાણીમાં જ્ઞાન, ભક્તિ અને યોગનાં રહસ્યોને આકર્ષક રીતે વ્યક્ત કરે છે. વિશ્વ સત અને અસતનાં દળો વચ્ચેના અનંત સંગ્રામની સમરભૂમિ છે. તે દઢ સત્ય રજૂ કરે છે.

શ્રીકૃષ્ણે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં અર્જુનને વચન આપ્યું છે :

"न मे भक्तः प्रणश्यति ।" અને અર્જુનથી વિશેષ ભક્તિ કોની ? વિશેષ સમર્પણ કોનું ? તેથી જ શ્રીકૃષ્ણ અર્જુનને વધુ ફોડ પાડે છે.

વ્યાસજી 'મહાભારત'કથામાં વચ્ચેવચ્ચે ઉપાખ્યાનો રચીને પોતાનું કૌશલ

દર્શાવે છે. શ્રીકૃષ્ણ અર્જુનને હૈયાધારણ આપતાં કહે છે : "પહેલાં મેં તારા હિત ખાતર વિવિધ ઉપાયો કે નિમિત્તો યોજીને જરાસંધ, શિશુપાલ, એકલવ્ય વગેરે વીરોનો નાશ કરાવ્યો છે." તેમાં જરાસંધ વિશે વિગતવાર વાત કરતાં કહે છે ત્યારે વર્ણવેલી ઉપમા સાહિત્યક્ષેત્રે ખૂબ સ્પર્શી જાય તેવી છે.

"બલરામે જરાસંધને છંછેડ્યો. જરાસંધે કોપાયમાન થઈ અમારા બંને ઉપર લોખંડની ગદા ફેંકી." આ ગદા કેવી હતી ? "આકાશમાં જાણે સેંથો પાડતી હોય તેમ તે અગ્નિસમાન ઝળહળતી ગદા ઇન્દ્રે છોડેલા વજ્રની જેમ અમારા તરફ ધસી આવતી દેખાઈ."

કોઈ પણ વ્યક્તિ પાસે કુદરતે આપેલી શક્તિ મર્યાદિત જ હોય છે. આવેશ કે ઉશ્કેરાટમાં આવી ભલે અમોઘ, પણ મર્યાદિત શક્તિ જ્યાંત્યાં વેડફી નાખવી ન જોઈએ. શક્તિ સાથે સંયમ ભળે તો જ સાર્થકતા સિદ્ધ થાય અને તે આવશ્યક છે.

શ્રીકૃષ્ણની અગમચેતીને લીધે કર્ણે ઘટોત્કચ સામે અમોઘ શસ્ત્ર વાપરી સાચવેલી સોનેરી તક વેડફી નાખી તેનો આનંદ જેટલો કૃષ્ણને થયો છે તેથી વિશેષ દુઃખ અને નિરાશા સ્વાર્થી ધૃતરાષ્ટ્રને થાય છે.

પણ ધૃતરાષ્ટ્રનો વલોપાત પણ સમજાય તેવો છે. "કર્ણે બાકીના સૌને છોડી તે શક્તિ અર્જુન ઉપર કેમ ન ચલાવી ? આવા મૂર્ખ સાથીદારોનો સથવારો હોય ત્યાં મારા પુત્રોને વિજય મેળવવાની આશા કેવી ? કૂતરા અને ડુક્કરની લડાઈમાં ગમે તે એક મરે, લાભ તો ચાંડાલને જ થાય. એ સમજનારા શ્રીકૃષ્ણે જ દીર્ઘદૃષ્ટિથી કર્ણ અને ઘટોત્કચને લડાવી માર્યા."

કેટલું સચોટ ઉદાહરણ અલંકૃત કર્યું છે !

અકળાયેલો ધૃતરાષ્ટ્ર અનેક રીતે સંજયને સવાલો કરતો રહે છે, પણ જવાબ પણ પોતે જ આપતાં કહે છે :

"ઠૂંઠા હાથવાળા પુરુષના હાથમાં રહેલા બીલીના ફળને કોઈ બળવાન પુરુષ ઝૂંટવી લે, તેમ અમોઘ શક્તિને ઘટોત્કચ ઉપર વપરાવીને શ્રીકૃષ્ણે આખી બાજી નિષ્ફળ બનાવી દીધી."

સંજય આ વાતને ટેકો આપે છે :

विना जनार्दनं पार्थो योगानामीश्वरं प्रभुम् ।

"યોગેશ્વર જનાર્દન શ્રીકૃષ્ણ વિના યુદ્ધમાં અર્જુન તેના રથ, અશ્વો અને ધ્વજસહિત ભોંયભેગો થઈ ગયો હોત."

ધૃતરાષ્ટ્રનો વલોપાતભર્યો બબડાટ ચાલુ જ છે :

"અમે કર્ણને સલાહ આપતા કે અમોઘ શક્તિનો ઉપયોગ શ્રીકૃષ્ણ અને અર્જુનને હણવા માટે જ કર. વીજળી પડવાથી ઝાડ તૂટી પડે તેમ કર્ણની 'શક્તિ' વડે અર્જુન ખતમ થઈ જાત." હવે વ્યાસજીને વંદન કરવાનું મન થાય તેવાં વચનો ધૃતરાષ્ટ્રના મુખમાં તેઓ મૂકે છે : "પણ અર્જુન એકલો મરાયો હોત તો શ્રીકૃષ્ણે કદાચ બીજો અર્જુન ઊભો કરી દીધો હોત, માટે જ શ્રીકૃષ્ણનો વધ સૌપ્રથમ કરવો." ધૃતરાષ્ટ્ર શ્રીકૃષ્ણ માટે આવું કેમ માને છે ? ધૃતરાષ્ટ્ર કર્ણને તેનું કારણ જણાવે છે :

कृष्णो हि मूलं पाण्डुनां
पार्थः स्कन्ध इवोद्गतः ।
शाखा इवेतरे पार्थाः
पांचालाः पत्रसंज्ञिताः ।।

"શ્રીકૃષ્ણ જ પાંડવોનું મૂળ છે. અર્જુન તેનું થડ, અન્ય પાંડવો તેની શાખાઓ તથા પાંચાલો પાંદડાંઓ છે."

कृष्णाश्रयाः कृष्णबलाः
कृष्णनाथाश्च पाण्डवाः ।
कृष्णः परायणं चैषां
ज्योतिषामिव चंद्रमाः ।।

"શ્રીકૃષ્ણ જ પાંડવોનો આશ્રય, શ્રીકૃષ્ણ જ પાંડવોનું બળ.

શ્રીકૃષ્ણ જ પાંડવોના નાથ છે. ચંદ્ર સર્વ નક્ષત્રોનું આશ્રયસ્થાન છે, તેમ શ્રીકૃષ્ણ સર્વ પાંડવોનું આશ્રયસ્થાન છે."

तस्मात् पर्णानि शाखाश्च
स्कन्धं चोत्सृज्य सूतज ।
कृष्णं निकृन्धि पाण्डुनां
मूलं सर्वत्र सर्वदा ।।

"તેથી, હે સૂતપુત્ર કર્ણ ! તું પાંદડાં, ડાળીઓ, થડને છોડીને શ્રીકૃષ્ણને જ સર્વપ્રથમ મારી નાખ, કારણ કે તે જ સર્વત્ર, સર્વદા પાંડવોનું મૂળ છે."

ધૃતરાષ્ટ્રને અંદરખાને તો શ્રીકૃષ્ણની શક્તિ, સાવચેતી અને દૂરંદેશિતા વગેરે માટે કેટલો બધો ઊંચો અભિપ્રાય હશે અને તેથી જ શ્રીકૃષ્ણથી પોતે કેટલો બધો ભયભીત છે તે તેણે ઉચ્ચારેલાં આ વચનોથી પુરવાર થાય છે.

આપણે તો એટલું જ વિચારવાનું કે અતિ સુંદર, ભાવવાહી, પ્રાતઃસ્મરણીય અને અદ્વિતીય આ ત્રણ શ્લોકમાં વ્યાસજી શ્રીકૃષ્ણનો મહિમા જ ગાય છે. શ્રીકૃષ્ણ જ સર્વેસર્વા છે તેનું ભક્તિભાવપૂર્વક તેઓ નિરૂપણ કરે છે.

ફરી રાત્રિયુદ્ધ તરફ વળીએ. રાત્રિયુદ્ધ ચાલુ રહ્યું, તેથી સતત લડીલડીને થાકીને લોથ થઈ ગયેલા અને ઊંઘથી ઘેરાયેલા યોદ્ધાઓને હજી ત્રણ જ પ્રહર વીતેલી રાત્રિ હજાર પ્રહર જેવી લાગતી રહી. સૌનો ઉત્સાહ ઓસરવા લાગ્યો. તેઓ મહાપ્રયત્ને આયુધો હાથમાં ઝાલી નાછૂટકે જ લડવાનું ચાલુ રાખતા હતા, સંકોચના કારણે યુદ્ધભૂમિ છોડી જઈ નહોતા શકતા, છતાં કેટલાકે તો જાત પર કાબૂ ગુમાવ્યો. રથમાં, હાથી કે ઘોડા ઉપર, જમીન પર, જ્યાં મોકો મળ્યો ત્યાં નિદ્રાવશ થઈ ઢળી પડ્યા. કેટલાક જાણે અભાનપણે લડતા રહ્યા, જાણે આયુધો ફંગોળતા ન હોય !

આ બધું જોઈ અર્જુનને અનુકંપા પ્રકટી : "સૌ એકાદ મુહૂર્ત માટે સૂઈ જઈ આરામ કરો. ચંદ્રોદય થશે ત્યારે ફરીથી યુદ્ધ કરીશું."

આ સૂચન કોને ન ગમે ? સૌએ હર્ષોલ્લાસ સાથે પોકાર કર્યો : "હે નિષ્પાપ અર્જુન ! સર્વ વેદો, અસ્ત્રો, બુદ્ધિ, પરાક્રમ, ધૈર્ય, ધર્મ અને પ્રાણીઓ પ્રત્યે દયા એ સઘળું તારામાં જ વસે છે." વ્યાસજીએ અર્જુનનું ઉચિત પાત્રાલેખન કરી બતાવ્યું છે.

થોડીક જ વારમાં યુદ્ધભૂમિ શયનાગારમાં ફેરવાઈ ગઈ. આ વિશ્રાંતિગૃહનું પણ મનોરમ્ય વર્ણન કરવાનું વ્યાસજી ચૂકે ખરા ? "ફૂંફાડા મારતા મોટા સર્પોવાળા છૂટાછવાયા પર્વતો જેવા હાથીઓ, સૂંઢથી મોટા-મોટા શ્વાસો છોડી, ભૂમિને શીતલ બનાવતા ત્યાં જ નિદ્રાધીન થઈ ઢળી પડ્યા, તો અશ્વો પોતાની ખરીઓથી જમીનને ખોદીખોદીને વિષમ બનાવી હતી ત્યાં રથમાં જોડાયેલા જ રહીને નિદ્રાવશ થઈ ગયા."

"એકબીજાનાં બાણોથી ક્ષતવિક્ષત થયેલાં અંગોવાળા, કુંડળોથી શોભતા

ક્ષત્રિયવીરો હાથીઓનાં કુંભસ્થળોમાં ભરાઈને સૂતા હતા, જાણે કે તે વીરો કામિનીઓનાં સ્તનમંડલોને ભેટીને સૂતા ન હોય !''

રતિરંગ પણ એક પ્રકારનો રણરંગ જ ખરો ને ? રાક્ષસી અને પૈશાચી ભીષણતા વર્ણવતાં મહાકવિનો રૌદ્રરસ જાણે ખૂટી ગયો, એટલે શૃંગારરસના આલેખનમાં મન પરોવ્યું.

થોડા સમય પછી કામિનીઓના કપોલ જેવા ગૌરવર્ણનો કુમુદનાથ નેત્રોને આનંદ આપતો ઉદય પામી પૂર્વદિશાને શણગારી રહ્યો અને એક મુહૂર્તમાં તો સસલાના ચિહ્નથી સુશોભિત ભગવાન ચંદ્રે પોતાના તેજથી નક્ષત્રોની પ્રભાને ઝાંખી પાડીને પોતાના અરુણ રતુંબડા પ્રકાશનાં દર્શન કરાવ્યાં. રક્તવર્ણો ચંદ્ર પોતાની સુવર્ણ સમી કિરણાવલિઓને ફેલાવવા લાગ્યો. સૂર્યનાં કિરણો પડવાથી સરોવરનું કમલવન ખીલી ઊઠે, તેમ ચંદ્રનાં કિરણોથી સૈન્ય જાગી ગયું અને ચંદ્રદર્શને સાગર ખળભળે, તેમ સૈન્યસાગર ખળભળી ઊઠ્યો. યુદ્ધ ફરીથી શરૂ થયું.

મહાકાવ્યના કાવ્યપટમાં પ્રકૃતિનાં તમામેતમામ તત્ત્વોનાં વર્ણનો કરવાનો વ્યાસજીનો શોખ કદાચ અકલ્પિત મોહ સમો છે, પરંતુ તે વડે જીવનનાં ગહન અને વ્યાપક દર્શન, ચિંતન, મનન અને સર્જનનાં રસાત્મક સ્વાદિષ્ટ ફળો પણ તેઓ ચખાડતા રહ્યા છે. મધુમક્ષિકાની જેમ જ ધીરેધીરે સર્વ રસો આપણામાં સંક્રાન્ત થાય છે.

'મહાભારત'કાર વિભિન્ન માનવસ્વભાવની અદ્ભુત સરખામણી કરે છે. શ્રમિત, નિદ્રાધીન, ગ્લાનિયુક્ત મનવાળા હોવા છતાં ક્ષાત્રધર્મને વળગીને લડી રહેલા યોદ્ધાઓ તથા થાકેલાં પ્રાણીઓ પર દયાભાવ દાખવીને અર્જુને યુદ્ધવિરામની ઘોષણા કરી. દ્રોણાચાર્યે તે વાત કબૂલ રાખી, પણ દુર્યોધનને એ વાત કઠી. સેનાપતિ દ્રોણનો ઊધડો લેતાં દુર્યોધન કહે છે કે આ જ ખરો મોકો હતો, જ્યારે ઝનૂનથી પાંડવો પર આક્રમણ કરી શકાતું હતું, પરંતુ તમને પાંડવો પ્રત્યે પક્ષપાત જ છે.

સોંસરવા વીંધાઈ જવાય તેવાં કવળાં વેણ કહેવાની વિદ્યાના જ્ઞાતા દુર્યોધનનાં મહેણાંથી કોપાયેલા અને ઘવાયેલા દ્રોણાચાર્યે પાંડવસેનાને ત્રાહિત્રાહિ પોકરાવી દીધી.

નિર્ધૂમ અગ્નિ સમાન દ્રોણાચાર્યનું સંહારક પરાક્રમ જોઈ પાંડવસેના ધ્રૂજી ઊઠી. પાંચાલ યોદ્ધાઓ સામા ધસ્યા, પણ અગ્નિમાં ઘાસ ભસ્મ થાય તેમ તેઓ

હોમાવા લાગ્યા. હાહાકાર મચી ગયો. શબો રડવડવા લાગ્યાં. દ્રોણાચાર્યે રણભૂમિને કાળનું ક્રીડાંગણ બનાવી દીધી. રણભૂમિ પરના અનેક પ્રકારના ઘમસાણથી ફેલાયેલી રજને કારણે જાણે સૂર્ય પણ ઢંકાઈ ગયો.

દ્રોણાચાર્યના અભૂતપૂર્વ પરાક્રમનું પરિણામ શું ? "જેમાં યોદ્ધાઓનાં મુખ કમળના આકારનાં હતાં અને હાથીઓના કાન પરથી ખરી પડેલ ચમરો હંસના જેવી હતી, તેથી શોભતી રુધિરરૂપી જળવાળી નદીઓ ઊંચાનીચા તરંગોથી શોભતી હતી."

પરશુરામે એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રિય કરીને રુધિરથી ફક્ત પાંચ જ ધરા ભરેલા; દ્રોણાચાર્યે આ યુદ્ધમાં રુધિરજળની અસંખ્ય નદીઓ વહેવડાવી.

સૂર્યમંડળમાં ધૂમકેતુ ઘૂમે તેમ ક્ષાત્રમંડળમાં આ બ્રહ્મવીર ઘૂમતા હતા.

હવે જ ખરાખરીના ખેલ મંડાયા. દ્રોણાચાર્ય અને અર્જુન સામસામે આવી ગયા. ખૂબી એ કે આ યુદ્ધ માનુષ, આસુરી, રાક્ષસી, દૈવી કે ગાંધર્વયુદ્ધ - કોઈ પણ પ્રકારનું કહી શકાય તેવું ન હતું, પરંતુ માંસના ટુકડા માટે આકાશમાં ઊડતાં બે બાજપક્ષીના યુદ્ધ જેવું આ કઠોર યુદ્ધ હતું. ક્યારેક અર્જુન ચડિયાતો લાગે છે, ક્યારેક દ્રોણાચાર્ય અર્જુનથી ચડિયાતા વર્તાય છે. અસ્ત્રવિદ્યામાં આ બંને વચ્ચેનું અંતર કોઈ પારખી શકે તેમ નથી.

यदि रुद्रो द्विधाकृत्य युध्येतात्मानमात्मना ।
तत्र शक्योपमा कर्तुमन्यत्र तु न विद्यते ।।

"જો ભગવાન રુદ્ર પોતાના સ્વરૂપને બે ભાગમાં વહેંચી, પછીથી પોતાના એક અર્ધભાગ વડે પોતાના જ બીજા અર્ધભાગ સાથે લડે તો એ યુદ્ધ આ બંનેના યુદ્ધ જેવું ગણાય, બીજી કોઈ રીતે તો એની ઉપમા આપવી શક્ય નથી."

બસ, આંખો બંધ કરો અને વ્યાસજીના વર્ણવેલ શબ્દચિત્રનું ધ્યાન ધરો, પ્રત્યક્ષ થશે.

બંને એકસરખા શૂર અને શસ્ત્રાસ્ત્રકુશળ હતા. ખરા ગુરુ-શિષ્ય !

આચાર્યમાં અસ્ત્રોનું સંપૂર્ણ જ્ઞાન એકત્રિત થયું છે, તો અર્જુનમાં જ્ઞાન અને તપોયોગ બંને એકત્રિત થયાં છે. આચાર્યમાં સફળ શૌર્ય જ છે, જ્યારે અર્જુનમાં શૌર્ય અને જુવાનીનું જોર પણ છે.

"કાર્ય-અકાર્ય વચ્ચેનો ભેદ ન જાણનાર ગર્વિષ્ઠ ગુરુનો પણ ત્યાગ કરવો"

એ ન્યાયે અર્જુને ગુરુ દ્રોણ સાથે ઘોર યુદ્ધ કરેલું. એક ગ્રીષ્મનો સૂર્ય હતો, તો બીજો આંધીએ ચડેલો અગ્નિ હતો. ગોટાઈ રહેલો ધુમાડો જ્વાલામાં ફેરવાઈ જાય તેવી રીતે હતાશાથી ધૂંધવાયેલા દ્રોણે ભયાનક યુદ્ધનો આતંક ફેલાવ્યો.

છતાંય એક બાબત સતત ધ્યાન ખેંચે છે કે જીવસટોસટના આ યુદ્ધ દરમિયાન પણ અર્જુન ગુરુભક્તિ ભૂલતો નથી, મર્યાદાભંગ ન થાય તેની સભાનતા રાખે છે, તો સામા પક્ષે દ્રોણાચાર્ય પણ તેમનું આચાર્યપદ શોભાવતા હોય તેમ શિષ્યના યુદ્ધકૌશલથી ગુપ્તપણે આનંદ, સંતોષ અનુભવે છે. ગુરુ-શિષ્યની આપણી આ પરંપરાએ જ આપણી સંસ્કૃતિને ટકાવી છે, શોભાવી છે અને સંસ્કૃતિપોષક વ્યાસજીએ ભારતીય પ્રજાને ઓજસથી ભરપૂર પયપાન કરાવી નવપલ્લવિત રાખી છે. કાવ્યમય તત્ત્વજ્ઞાનના અમીસિંચન માટે આપણે આ ગ્રંથ અને ગ્રંથકારના ઋણી છીએ.

મહાભારત યુદ્ધની બીજી કેટલીક ઊજળી બાબતો વિશે વિચારીએ. વ્યાસજી માનવઆત્માના સનાતન ઇતિહાસકાર હોવાથી માનવસંબંધોનું શ્રેષ્ઠ નિરૂપણ અહીં થયું છે. 'માણસ સંજોગોનો ગુલામ છે, બાકી મૂળથી તો તે કાયમ ઊજળો જ છે' એ સત્ય તેમણે સતત દર્શાવ્યું છે.

દ્રોણાચાર્યનો વધ કરવા ધૃષ્ટદ્યુમ્ન ધસે છે. નકુલ-સહદેવ તેની મદદમાં છે. સામે કૃતવર્મા અને તેના ત્રણ ભાઈઓ દ્રોણાચાર્યને રક્ષવા મેદાને પડ્યા છે. આ સાતેય વીરોનાં પરાક્રમ એટલાં પ્રશંસનીય છે કે વ્યાસજી તેમને બિરદાવતાં કહે છે : "સાતેય વીરોનાં આત્મા, આચાર, કર્મ શુદ્ધ હતાં. તેમના યુદ્ધમાં કર્ણી, નાલીક, વિષ પાયેલાં બાણ, વસ્તક, સૂચી (કાંટાળાં અસ્ત્રો) કપિશો (વાંદરાંના હાડકાંમાંથી બનાવેલાં અસ્ત્રો) ગાય કે હાથીનાં હાડકાંમાંથી બનાવેલાં બાણો, બે ફણાવાળાં, દુર્ગંધવાળાં, વક્રગતિનાં બાણો જેવાં દૂષિત અસ્ત્રો નહોતાં વપરાતાં. તેઓ વચ્ચે કોઈ અધાર્મિક કે શાસ્ત્રરહિત યુદ્ધ ન હતું. ફક્ત કીર્તિની આકાંક્ષાથી નીતિયુક્ત ધર્મયુદ્ધ જ તેઓ લડી રહ્યા હતા."

વ્યાસજી માનવમનને કેટલું ઢંઢોળે છે !

અને હવે પછીનો સંવાદ એ તો વ્યાસજીના સાહિત્યસર્જનની પરાકાષ્ઠા છે.

દુર્યોધન અને સાત્યકિ તુમુલ યુદ્ધ કરવા સામસામા આવી ગયા. બંને નરશાર્દૂલોનાં હૃદયનું વ્યાસજીએ કેવું સ્નેહસભર વર્ણન કર્યું છે ! ક્ષણભર તો તેઓએ લડવાનું છોડી, પોતાની બાલ્યાવસ્થાની ઘટનાઓનું સ્મરણ કરી, મુખ

મલકાવતા, પ્રસન્ન અને પ્રેમભાવથી એકબીજાને જોઈ રહે છે. પોતાના વર્તનની નિંદા કરી, વાત કરવાની પહેલ દુર્યોધન કરે છે. માન્યામાં આવે ? પણ માનવના અકળ મનને ઓળખવું જ દુષ્કર. વ્યાસજીનું મનોવિશ્લેષણ ! દુર્યોધન કહે છે : "હે મિત્ર ! આજે આપણે પરસ્પર હણવા તૈયાર થયા છીએ. આપણે તો એકબીજાને પ્રાણથી પણ પ્રિય છીએ અને છતાં ક્રોધ, મોહ, મત્સર, અહં ઉપરાંત ધન અને સત્તા મેળવવાનાં લોભ-લાલસાને કારણે જ હું લડવા તૈયાર થયો છું. મને ધિક્કાર હજો !"

क्व सा क्रीडा गतास्माकं बाल्यं वै शिनिपुंगव ।
क्व च युद्धमिदं भूयः कालो हि दुरतिक्रमः ।।

"ક્યાં ચાલી ગઈ આપણી બાળપણની ખેલકૂદ ? અને ક્યાં આવી પડ્યું આ યુદ્ધ ? ખરેખર કાળની ગતિ અકળ છે."

દુર્યોધન પણ ખરેખર તો સુયોધન જ હતો અને છે, ખરું ને ?

હવે સાત્યકિનો પ્રત્યુત્તર જુઓ !

"પહેલાં આપણે ખેલકૂદ કરતા તેવું આ નથી સભાસ્થાન કે નથી આચાર્યનું ઘર. ક્ષત્રિયોનો આ જ તો ધર્મ છે. પ્રસંગોપાત્ત વડીલો સાથે પણ યુદ્ધ માંડવું પડે છે. હે રાજા ! જો હું તને પ્રિય હોઉં તો તું મને મારી નાખ. વિલંબ ન કર. મિત્રોના આ ભારે મોટા સંકટને હું જોઈ શકતો નથી."

સાત્યકિ તો કૃષ્ણનો પડછાયો છે. તે કર્મ-ફરજ-પરસ્ત છે. તેણે ક્ષત્રિયધર્મ ધારણ કરેલો છે. હૃદયમાં વેદના છે. હાથમાં હથિયાર છે. સાત્યકિના વ્યક્તિત્વને સમજવા શ્રીકૃષ્ણની આંખ જરૂરી ?

દુર્યોધન-સાત્યકિ બંને ભાવભીના, બંને ખેલદિલ, બંને શૂરવીર. તરત જ બંને પુરુષસિંહો વચ્ચે હાથી અને સિંહના યુદ્ધ જેવું ઘોર યુદ્ધ શરૂ થઈ ગયું.

ભાવભીનો પ્રસંગ માણ્યો, તો હવે દુઃખદાયક પ્રસંગ યાદ કરીએ.

દ્રોણ અને દ્રુપદ ગુરુકુળમાં સહાધ્યાયી. બંનેની ગાઢ મૈત્રી, પરંતુ દ્રુપદે વૈભવ-રાજગાદી વહાલાં ગણી, મૈત્રીને અવગણી, જૂનો સ્નેહસંબંધ તુચ્છકાર્યો. દ્રોણને લાગેલા હાડોહાડ અપમાને વેરનો બદલો લેવાનો નિર્ધાર કર્યો અને કોઈ કાળઘડીએ મહાભારત યુદ્ધનાં બીજ રોપાયાં.

નાની શી વાત અને મહાભારત પરિણામ ! આપણે પણ રોજ કેટલાયનાં

હૃદયને ઠેસ પહોંચાડી દિવસો પૂરો કરતા હોઈશું, પરંતુ ક્યારેક નાની વાત મોટું સ્વરૂપ પકડી લે છે. ધારીએ તો કેટલા બધા ક્લેશ-કંકાસને ટાળી શકીએ ! કોઈનું પણ અપમાન કે અવજ્ઞા શા માટે ? ઉદ્દંડ બનવાને બદલે નમ્ર રહીએ તે વધુ શાંતિદાયક, ખરું કે નહીં ?

બાણોથી વીંધાયેલું કે કુહાડીથી કપાયેલું વન ફરીથી ઊગે, પરંતુ નિંદાભર્યાં ભૂંડા વચનથી મન કદી પ્રસન્ન થતું નથી.

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ,
ઘોડો ભાંગ્યો ખેલતાં, નહીં સાંધો નહીં રેણ.

ડંખીલા દ્રોણ પોતાની થયેલી અવહેલના ભૂલી શક્યા નહીં. દ્રુપદ પોતાનું અહં ઓગાળી શક્યો નહીં. અંતે તો એ બંનેને માટે અમંગલકારી ઘટના બની રહી. અભિશાપ તે આનું નામ.

દ્રુપદને બંદીવાન બનાવી તેને અર્જુન ગુરુદક્ષિણામાં દ્રોણ સમક્ષ ખડો કરે છે. ગુરુ આનંદવિભોર બની ગયા. અર્જુનને ભેટી પડતાં કહે છે . "મદારી જેમ કરંડિયામાં સર્પને સંઘરી રાખે તે રીતે મેં દ્રુપદ પરનું વેર વર્ષો સુધી સંઘરી રાખ્યું હતું. તારા જેવો સમર્થ શિષ્ય મળતાં આજે એ વેર ધન્યતામાં ફેરવાઈ ગયું."

હવે દ્રોણના અપમાનનો બદલો લેવા દ્રુપદે યજ્ઞ આદર્યો અને યજ્ઞવેદીમાંથી "દેવ જેવો જ્વાલાવર્ણ, ઘોર રૂપ, કિરીટી, ખડ્ગધારી, ધનુષ્યબાણયુક્ત" એવો એક પુરુષ પ્રગટ થયો. તરત જ રથમાં બેસી તેણે રથ દોડાવ્યો. આ જ દ્રોણવધ માટે ઉત્પન્ન થયેલો રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન.

સંગ્રામો પોતાની પાછળ શું-શું છોડી જાય છે ? કટુતા, વેર, અસંતોષ, સર્વનાશ કરનાર કે કરાવનાર - કોઈનાય માટે ક્યારેય કલ્યાણકારક નથી થતાં, તો શ્રેયકર તો ક્યાંથી જ હોય ? મહાભારત યુદ્ધે સ્પષ્ટ બતાવી દીધું છે કે વેરને બદલે પ્રેમ, કુસંપને બદલે સંપ, અન્યાય સામે ન્યાય, શોષણને બદલે પોષણ એ જ શ્રેયમાર્ગ છે. એ જ શાંતિ અને સુખ આપશે.

અર્જુન સાથે યુદ્ધ ચાલતું જ હતું ત્યાં જ દ્રોણાચાર્યે વૈરાગ્નિથી ધગધગતા ધૃષ્ટદ્યુમ્નને પોતાની સામે શરસંધાન કરતો ભાળ્યો. કેવું હતું એ બાણ ? વ્યાસજીનું શબ્દચિત્ર જોઈએ : "દ્રોણનો વધ કરવાની ઇચ્છાથી ખેંચેલા ધનુષ્યની મંડલાકાર પણછ પર ચઢાવેલું, વિષધર સર્પ જેવું ભયંકર અને મહાજ્વાલાવાળા

અગ્નિ જેવું તેજસ્વી બાણ વર્ષાઋતુના અંતે આભામંડળ વચ્ચે પ્રકાશતા સૂર્યની જેમ ઝળહળી શોભતું હતું.''

દ્રોણાચાર્યને પોતાનો અંતકાળ આવ્યો દેખાઈ ગયો. અંતકાળના પસ્તાવા જેવો ક્ષોભ પણ થાય છે, પોતાની વેરવૃત્તિ માટે તિરસ્કાર પણ જન્મે છે. એકંદરે મન ખિન્ન ને સ્તબ્ધ થઈ ગયું. પાણીમાં પલળતી રેતી જેવાં તેમનાં ગાત્રો શિથિલ થઈ ગયાં. હતાશા, દુર્યોધનનાં વાગ્બાણનો ધૂંધવાટ, મૃત્યુનો દેખાતો ઓછાયો, ભૂતકાળનાં અયોગ્ય કર્મો - બધાને પરિણામે ન કરવા જેવું શૂદ્રકાર્ય હવે કરી બેઠા. તેમણે બ્રહ્માસ્ત્ર છોડ્યું.

સેનાપતિ દ્રોણ હવે પૃથ્વીને નિષ્પાંડવી કરશે એવું લાગતાં વ્યથિત શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર મારફત 'નરો વા કુંજરો વા' બોલાવે છે. દુર્યોધનયોજિત દુષ્ટતામાંથી છુટકારો મેળવવા, તીવ્ર કોઠાસૂઝ ધરાવતા, શીઘ્ર નિર્ણય લઈને આ જ સદોષ માર્ગ શ્રીકૃષ્ણને સૂઝ્યો. નાછૂટકે જ આ વિચાર અમલી બનાવ્યો હશે ને ?

સત્યભાષણ અને ધર્મનિષ્ઠા માટે અભંગ પ્રતિષ્ઠા ધરાવતા યુધિષ્ઠિર સંસારની નજરે પૃથ્વીથી ચાર આંગળ અધ્ધર ચાલતા હતા, પણ 'નરો વા કુંજરો વા' બોલતાં જ સૌની નજરે ધરતી પર ચાલતા થઈ ગયા. યુધિષ્ઠિરે આદર્શોને કોરાણે મૂકી કઠોર વાસ્તવિકતા અપનાવવી પડી અને તેની કિંમત પણ ચૂકવવી પડી. સત્યનિષ્ઠ ધર્મપુત્રની કીર્તિને કલંક આભડી ગયું.

'અશ્વત્થામા હણાયો'ની ભીમે ફેલાવેલી અફવા, યુધિષ્ઠિરે આપેલું અનુમોદન, 'નરો વા કુંજરો વા'નું અર્ધસત્ય અને અંતે દ્રોણવધ એ મહાભારતની અતિશય કરુણ કલંકકથા છે. 'મહાભારત'કાર કોઈ પણ સંકોચ કે સંશય રાખ્યા વિના નોંધે છે : ''યુધિષ્ઠિરનો રથ સત્યપાલનવ્રતના પ્રભાવથી પૃથ્વીથી ચાર આંગળ ઉપર ચાલતો, પરંતુ અસત્યભાષણને લીધે કુદરતે શિક્ષા ફરમાવી હોય તેમ હવે તે પૃથ્વી પર ચાલવા માંડ્યો. રથના અશ્વો પણ પૃથ્વીને સ્પર્શીને ચાલવા લાગ્યા. યુધિષ્ઠિરનો યશરૂપી રથ જે અત્યાર સુધી ગગનગામી હતો તે અપયશરૂપ બની ધરતી પર ઊતર્યો.''

વ્યાસજી અસત્યને કદાચ ધિક્કારની હદ સુધી અવગણે છે, અસત્ય-આચરણનાં અશુભ પરિણામો તરફ સતત અંગુલિનિર્દેશ કરતા રહે છે. સત્યની સંપ્રતિષ્ઠાને માટે પ્રાણવાન પ્રેરણા પૂરી પાડનાર વ્યાસજી પોતે જ જાણે એક સત્યસ્વરૂપ છે.

'રામાયણ'ના પ્રખર અભ્યાસી મોરારિબાપુ જણાવે છે : ''વાલ્મીકિએ 'રામાયણ'માં સત્યની કેડી કંડારી છે, જ્યારે વ્યાસજીએ 'મહાભારત'માં સત્યનો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો છે.''

આચાર્ય વિષ્ણુદેવ પંડિત જણાવે છે : ''પ્રસંગોપાત્ત અસત્ય બોલવું પડે તો તે ક્ષન્તવ્ય છે. શ્રીકૃષ્ણની તેમાં મંજૂરી છે. 'અશ્વત્થામા હણાયો' એટલું જ જો યુધિષ્ઠિર બોલ્યા હોત તો તે દોષ ખરો, પણ ક્ષમાપાત્ર ગણાત.''

વેદવ્યાસ એમ સમજાવે છે : '''હતઃ કુંજરઃ' એટલું વચન જો દ્રોણે સાંભળ્યું હોત તો સંજોગોને લક્ષમાં રાખી યુધિષ્ઠિર સત્યવાદી ગણાવાનું ચાલુ રહેત. યુધિષ્ઠિરને મનમાં 'મારે જૂઠું બોલવું પડે' તે ભય હતો, પરંતુ સાથેસાથે વિજય મેળવવાની આસક્તિ પણ હતી. યુધિષ્ઠિરનો આત્મા ડંખતો હશે, તેથી જ 'નરો વા કુંજરો વા' બોલ્યા.''

આમ તો યુધિષ્ઠિરે પોતાના આત્માને જ છેતર્યો ને ? આત્મવંચના જેવું બીજું કોઈ પાપ નથી.

ઉપનિષદ જણાવે છે કે જેણે આત્માનું અપહરણ કર્યું તે ચોર જ ગણાય. ધર્મના લક્ષણમાં શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને આત્મપ્રિયની સંગતિ સાધી છે. યુદ્ધ કે આપત્કાળે જૂઠ બોલાય તે ક્ષમ્ય ગણાય, છતાં આત્મવંચના કરનારને કોણ ક્ષમા આપે ?

દરેકનો આત્મા જાગૃત હોય જ છે અને ખોટું કર્મ કરતાં રોકે જ છે, પણ લોભ, મોહ અને રાગદ્વેષને વશ માણસ ખરાબ કર્મ કરતો રહે તો તેનો અંતરાત્મા પણ બદલાઈ જાય. આત્મા પણ મનને વશ વર્તી કુકર્મનો પ્રેરક બને છે.

વ્યાસજીએ આવા પરવશ આત્માની પ્રેરણાને દુર્યોધનના મુખે જણાવી છે :

जानामि धर्मं न च मे प्रवृत्तिः
जानामि अधर्मं न च मे निवृत्तिः ।
केनापि दैवेन हृदि स्थितेन
यथा प्रयुक्तोऽस्मि तथा करोमि ।।

''હું ધર્મ જાણું છું, પણ તેમાં પ્રવૃત્તિ થતી નથી. અધર્મ જાણું છું, તેમાંથી નિવૃત્તિ થતી નથી. મારા હૃદયમાં બેઠેલ કો'ક દેવ જે પ્રેરણા કરે તે પ્રમાણે હું કરું છું.''

યુધિષ્ઠિરે આત્મવંચના તો કરી, સાથે ગુરુદ્રોણનો વિશ્વાસઘાત કર્યો.

એકલી ઘટનાનું આલેખન એ ઇતિહાસ ગણાય. 'મહાભારત'માં આલેખન અને આલોચના હોવાથી તે મહાકાવ્ય - મહાકથાગ્રંથ બન્યું છે.

કુદરતની આટાપાટાની રમત જુઓ ! જે દ્રોણનો વધ કરવા ધૃષ્ટદ્યુમ્ન સાથે દ્રૌપદીએ જન્મ લીધો એ જ દ્રોણને મારવા અર્જુન તૈયાર નથી. પતિને જેના માટે આદર હતો એને જ માટે પત્નીને તિરસ્કાર હતો. ધર્મનિષ્ઠ, સત્યવક્તા યુધિષ્ઠિરને મહાસંહારના અગ્નિએ એવા તપાવ્યા કે નાછૂટકે અનુચિત આચરણ કરવાની મનોદશાને પામ્યા.

કૌરવો-પાંડવો વચ્ચે જે તાત્ત્વિક તફાવત હતો તે વ્યાસજી સુંદર રીતે રજૂ કરે છે. દ્રોણાચાર્યને મારવા પાંડવોને જે કપટનો આશરો લેવો પડ્યો, તેથી તેઓને એટલો બધો ક્ષોભ થયો કે ધર્મ-અધર્મની ચર્ચા કરતાં-કરતાં ભાઈઓ લડી પડ્યા. ધૃષ્ટદ્યુમ્ન સાત્યકિને ક્રૂર અને કઠોરતાથી કહે છે : ‘‘ધર્મ શું છે તે તો બધા જાણે જ છે, પણ વિજય મેળવવા અધર્મ ન કરે એવું કોઈ છે ખરું ? તેથી ધર્મ શું ને અધર્મ શું તે નક્કી કરવું બહુ મુશ્કેલ છે.’’

દુર્યોધનની છાવણીમાં આવી કોઈ જ ચર્ચાવિચારણા નથી, કારણ, આવું કપટ તો રોજિંદું હતું.

દ્રોણપર્વ એટલે વ્યાસજીની કલમે આલેખાયેલો મૃત્યુનો મહિમા. પિતામહ ભીષ્મ પછી કૌરવપક્ષે બીજો એક રણસ્થંભ જમીનદોસ્ત થયો, ખરેખર ! બ્રહ્મચર્ય, વેદાધ્યયન, શસ્ત્ર કે શાસ્ત્રની પારંગતતા કે પછી યજ્ઞાદિ કર્મકાંડ - કોઈના પણ વડે મૃત્યુથી બચી શકાતું નથી, એ વ્યાસજી ભારપૂર્વક જણાવે છે.

વ્યાસજીનાં યુદ્ધવર્ણનો કાવ્યાત્મક અને પ્રભાવપૂર્ણ છે. કથાપ્રવાહ વચ્ચેવચ્ચે ગ્રીષ્મની અલ્પસ્રોતા નદી જેવો છે અને વર્ણનો વર્ષાકાળની ઊભરાતી મહાનદી જેવાં છે.

રોષથી ભભૂકતા અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર પ્રકટ કર્યું. કેવું હતું આ દિવ્યાસ્ત્ર ? ‘‘આકાશમાં પ્રજ્વલિત મુખોવાળા સર્પો સમાન બળબળતાં હજારો અણિયાળાં બાણો પાંડવોનો નાશ કરવા જ ઉદ્ભવ પામ્યાં છે. સૂર્યનાં કિરણો મુહૂર્તવારમાં પ્રસરે, તેમ તે બાણો શત્રુસૈન્યમાં પ્રસરી ગયાં. સ્વચ્છ આકાશમાં ઝળહળતાં નક્ષત્રોની જેમ લોખંડના ગોળા, આગના ગોળાઓ, તીક્ષ્ણ ધારવાળાં ચક્રો અને અનેકવિધ શતઘ્નીઓ ઉત્પન્ન થવા લાગ્યાં.’’

પાંડવો, પાંચાલો અને સૃંજયો આ વિનાશક, ઘાતક દિવ્યાસ્ત્રથી અત્યંત ગભરાઈ ગયા. નારાયણાસ્ત્ર પાંડવોને બાળવા લાગ્યું.

ત્યારે વાસુદેવ શ્રીકૃષ્ણની સૂચના અનુસાર પાંડવયોદ્ધાઓએ મન અને અંતઃકરણથી અસ્ત્રશસ્ત્રનો ત્યાગ કર્યો અને નત મસ્તકે ઊભા રહ્યા, પણ ભીમે શ્રીકૃષ્ણને અવગણ્યા. અશ્વત્થામાએ અભિમંત્રિત બાણો વડે ભીમને ઢાંકી દીધો. સુવર્ણ સમાન અગ્નિના તણખાઓથી, અગ્નિજ્વાળાઓની માળાથી વીંટળાયેલો દેખાતો ભીમ, પ્રલયસમયે સચરાચર જગતને ભસ્મીભૂત કરીને અગ્નિ ભગવાન રુદ્રના મુખમાં પ્રવેશે, તેમ નારાયણાસ્ત્ર વડે ઢંકાઈ ગયો.

ઈશ્વરતત્ત્વની અવગણના કે અનાદર કરવામાં, વિરાટ શક્તિનો પ્રતિકાર કરવામાં કે અંતરમાંથી પ્રકટતી દૈવીવાણીસ્વરૂપ શ્રીકૃષ્ણના સૂચનને અવગણવાથી બીજો શો અંજામ આવે ?

ભીમે શરણાગતિ સ્વીકારી એટલે ઘોર તેજ રણભૂમિમાંથી દૂર થયું. ભીમ પણ "રાત્રિ વીતતાં સૂર્યની જેમ પુનઃ સ્થિરબુદ્ધિ થયો." 'રાત્રિ વીતી', 'ઉદય પામતો સૂર્ય', 'સ્થિરબુદ્ધિ' શબ્દોને વિચારીશું તો ગાયત્રીમંત્રનો મહિમા વ્યક્ત થતો લાગશે. સાથે કવિ ન્હાનાલાલનું 'ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમે તેજે તું લઈ જા' યાદ આવી જશે.

અશ્વત્થામા વધારે ધૂંધવાયો. તે તીક્ષ્ણ બાણવર્ષા કરવા લાગ્યો. આકાશ, અંતરીક્ષ, દિશા, પ્રદિશાઓ છવાઈ ગયાં. આખરે તેણે રથમાં એકચિત્ત થઈ, જળનો સ્પર્શ કરી, દેવો માટે પણ અસહ્ય એવા આગ્નેયાસ્ત્રને ગ્રહણ કર્યું, પરિણામે ધુમાડા વિનાના અગ્નિ જેવું તે દેખાતા-ન-દેખાતા સર્વ શત્રુઓને લક્ષ્ય બનાવી ભયંકર શરવર્ષા કરવા મંડ્યું. અત્યંત ગરમ વાયુઓ ફૂંકાવા લાગ્યા. તેની ઉષ્ણતા આગળ સૂર્યનો તાપ પણ મંદ પડ્યો. દાનવો કોલાહલ કરવા લાગ્યા. આકાશમાંથી રુધિર વરસાવતાં વાદળો ઘોર ગર્જના કરવા લાગ્યાં. પશુપક્ષી ને જિતેન્દ્રિય મુનિઓ સંતાપ પામવા લાગ્યા. જાણે સૂર્ય પણ પાછો ફરી ગયો. સૂતેલા સર્પો અગ્નિબાણથી દાહ પામી ઊછળવા લાગ્યા. જળાશયો તપી ગયાં. અશ્વો અને રથોના સમૂહો દાવાનળથી બળી ગયેલાં વૃક્ષોનાં ઠૂંઠાં જેવા દેખાવા લાગ્યા. ભગવાન અગ્નિ પાંડવસૈન્યને ભસ્મીભૂત કરવા લાગ્યા.

આગ્નેયાસ્ત્રની પ્રભાવી વિનાશક શક્તિનું અદ્‌ભુત વર્ણન વાંચતાં જ આપણને હિરોશીમા-નાગાસાકી નજર સામે તરવરી જાય.

હવે અર્જુને સર્વ પ્રકારનાં અસ્ત્રોનું નિવારણ કરવા કમલયોનિ, બ્રહ્માસર્જિત

બ્રહ્માસ્ત્રને પ્રકટ કર્યું. મુહૂર્તમાત્રમાં અંધકાર દૂર થયો. દિશાઓ નિર્મળ થઈ ગઈ. શીતલ વાયુ વહેવા લાગ્યો.

અશ્વત્થામાની નિરાશાનો પાર નથી. 'અમોઘ શસ્ત્ર મિથ્યા કેમ થયું ?' એમ પોકારે છે, ત્યાં વેદવ્યાસ રણભૂમિ પર દર્શન દે છે.

વ્યાસજીનું આ જ ખરું કવિકર્મ. આ મહાકાવ્યમાં પોતે પણ એક પાત્ર છે એ દષ્ટિએ કૃષ્ણદ્વૈપાયનના પાત્રને જોવા જેવું છે. વ્યાસજી બેવડી ભૂમિકામાં છે, પણ પોતાના પાત્રને ક્યાંય વધારે ઉપસાવતા નથી. એ જ એમની સજગતા. પોતાની જ કુળકથા છતાં કેટલા નિરપેક્ષ, નિઃસ્પૃહ અને અનાસક્ત ! કેટલું તાદાત્મ્ય, છતાં કેટલી બધી તટસ્થતા !

વ્યાસજી અશ્વત્થામાને આશ્વાસન આપે છે :

"રાજનીતિ અને યુદ્ધવિદ્યાનો આ એક અદ્ભુત સંયોગ છે, એને કોઈ પરાજિત ન કરી શકે. છેવટે તો સર્વત્ર ધર્મનો જ વિજય છે."

૩. કર્ણપર્વ :

દ્રોણાચાર્યના વધ પછી સર્વ કૌરવમહારથીઓ દુઃખી અને વિષાદગ્રસ્ત બની, એકબીજા સાથે વાત કર્યા વિના શૂન્યમનસ્ક બની બેસી રહ્યા. શોકના કારણે બળ અને ઉત્સાહ એટલાં ભાંગી ગયાં કે બેઠાં-બેઠાં પણ તેઓના હાથમાંથી શસ્ત્રો પડી જવા લાગ્યાં. કમર ઉપર બાંધેલાં શસ્ત્રો પણ શિથિલ બની આકાશમાંથી પડતા નક્ષત્રની જેમ ભૂમિ પર પછડાતાં હોય તેવાં લાગતાં હતાં.

ભીષ્મપિતામહ પડ્યા, ગુરુદેવ દ્રોણ પણ પડ્યા, તેથી દુર્યોધનની સેના "શસ્ત્રપીડિતા, હતપ્રવીરશ, વિધ્વસ્તા, શોકપરાયણા, કમ્પમાના, પુનઃપુનઃ અશ્રુપૂર્ણેક્ષણા, ત્રસ્તા, દીનાઃ, વિચેતા, હતોત્સાહા" બની ગઈ.

એટલે કે જેમનાં તેજ-ઓજસ-ઉત્સાહ હણાઈ ગયાં છે, જેમની આંખો અશ્રુથી ભરાઈ આવી છે, જેઓ વારંવાર ધ્રૂજી રહ્યા છે, હેબતાઈને દીન બની ગયા છે, જેમના મોટા ભાગના અગ્રણી વીરો મૃત્યુ પામ્યા છે ને આગળ લડવાની હોંશ રહી નથી તેવા બની ગયા.

કેટકેટલાં વિશેષણો વડે વ્યાસજીએ કૌરવપક્ષની દયનીય પરિસ્થિતિ વર્ણવી છે ! આવી સેનાનો સંઘ ક્યારેય દ્વારકા પહોંચે ખરો ?

ટૂંકમાં દ્રોણાચાર્યના વધ પછી કૌરવસેના સમુદ્રમાં નાવ તૂટી જતાં તરનારા મનુષ્ય જેવી આપત્તિવાળી બની ગઈ.

રાત્રે શિબિરમાં સ્વર્ગમાં સુખશય્યા પર બેઠેલા દેવોની જેમ શોભતા, મૂલ્યવાન પથારીવાળા ઉત્તમ પલંગ પર અને સુંદર આસન ઉપર બેસીને દુર્યોધન અને સૌ મહારથીઓ મંત્રણા કરે છે.

સમયપારખુ એવા મીંઢા દુર્યોધને શાંતિપૂર્વક ઉત્તમ મધુર વાણીથી સર્વ ધનુર્ધારીઓની 'હવે શું કરવું ?' તે બાબતે સલાહ માગી. ત્યારે પ્રાતઃકાલીન સૂર્ય જેવા તેજસ્વી, દુર્યોધનના પ્રશ્નનો ગહન અર્થ જાણનાર, બુદ્ધિશાળી અશ્વત્થામાએ કર્ણને સેનાપતિપદે નિયુક્ત કરવા સૂચન કર્યું. દુર્યોધનને તો આ જ જોઈતું હતું. સૂચનનો સહર્ષ સ્વીકાર કરી કર્ણને વધાવે છે અને કહે છે : "ઉદય પામેલો સૂર્ય પોતાના તેજથી અંધકારનો નાશ કરે, તેમ તું તારા તેજથી શત્રુઓનો નાશ કર." સૂર્યપુત્ર અને પરમ મિત્ર માટે દુર્યોધન યોગ્ય જ ઉપમા આપે છે ને ?

કર્ણનો વિધિપૂર્વક સેનાપતિપદે અભિષેક થયો. ફૂલ્યો સમાતો ન હોય તેમ આપવડાઈ હાંકવામાં પાવરધો કર્ણ દુર્યોધનને કહે છે :

जेष्यामि पाण्डवान्राजन्सपुत्रान्सजनार्दनान् ।
स्थिरो भव महाराज जितान्विद्धि च पाण्डवान् ।।

"મેં તમને પહેલેથી જ કહેલું કે હું એકલો જ બધા પાંડવો, તેમના પુત્રો અને જનાર્દનને પણ જીતીશ. હવે આપ સૌ શાંત થઈ પાંડવો પરાજિત થયા છે એમ જ માનો."

वचनेषु किम् दरिद्रता। કર્ણને સાંભળી દુર્યોધન હર્ષ પામી કર્ણના વખાણે ચડ્યો : "ઘુવડ સૂર્યકિરણોને જોઈ શકતું નથી, તેમ શ્રીકૃષ્ણ અને પાંડવો તમારાં બાણોને સહન કરી શકશે નહીં અને તુચ્છ હરણ સિંહને જોતાં નાસી જાય તેમ કર્ણના ભયથી અર્જુન મુખ ફેરવી નાસી જશે."

'અહો રૂપમ્ અહો ધ્વનિ'નું સચોટ દૃષ્ટાંત.

યુદ્ધના સોળમા દિવસે પ્રાતઃકાળે કર્ણ યુદ્ધ કરવા નીકળ્યો. સફેદ ધ્વજ, ઊગતા સૂર્ય જેવા અશ્વો, જેનો પાછળનો ભાગ સોનાથી મઢ્યો છે તેવું ધનુષ્ય, હાથીના ચિહ્નવાળો ધ્વજ, બાણોથી ભરેલો ભાથો, ગદા, શતઘ્ની, કિંકિણી, શક્તિ, શૂળ, તોમર જેવાં શસ્ત્રો અને અનેક ધનુષ્યો સાથે રથમાં બેસી કર્ણ યુદ્ધ કરવા નીકળ્યો. કર્ણના રથના તેજને વર્ણવતાં કવિ કહે છે : "સૂર્યોદય થતાં તેજ વધે તેવી રીતે પતાકાઓથી શોભતા કર્ણના રથનું તેજ વધ્યું." સૂર્યપુત્ર માટે યોજાયેલી ઉપમાઓમાં સૂર્ય જ હોય ને !

સોનાના તારવાળો શંખ વગાડતા, સુવર્ણયુક્ત ધનુષ્યનો ટંકાર કરતા, રથીઓમાં શ્રેષ્ઠ, મહાન ધનુર્ધારી, રથમાં બેઠેલા કર્ણને અંધકારનો નાશ કરનાર, સહસ્રકિરણવાળા સૂર્ય સમાન પ્રકાશિત જોઈને કૌરવો ભીષ્મ ને દ્રોણના હણાયાનું દુઃખ જાણે ભૂલી ગયા. માનવસહજ ટૂંકી યાદદાસ્ત પરનો મહાકવિનો આ કટાક્ષ છે કે અમર આશા ટકાવી રાખતા માનવીને સત્કારે છે ?

સોળમા દિવસના યુદ્ધમાં ક્યાંક કૌરવો ને ક્યાંક પાંડવો જીતતા રહ્યા, પણ યુદ્ધનો વેગ ઘટ્યો નહીં.

તુમુલ યુદ્ધ થવા લાગ્યું. પુણ્યનો નાશ થતાં સ્વર્ગવાસી લોકો વિમાનમાંથી નીચે પડે તેવી રીતે શત્રુથી મરાયેલા વીર યોદ્ધા રથ, હાથી, ઘોડા પરથી પડવા લાગ્યા. જાતજાતનાં શસ્ત્રો, કપાયેલાં વીરજનોનાં મસ્તકો વગેરેથી યુદ્ધમેદાન ભરાઈ ગયું. "જેમનાં મસ્તકો પૂર્ણ ચંદ્ર સમાં, સૂર્ય જેવાં કાન્તિમાન અને કમલ સમાન શોભતાં હતાં, જેમની હથેળીઓ અને આંગળીઓ લાલ રંગની હતી તેવા અગર-ચંદન લગાવેલા તરફડતા હાથથી તે ભૂમિ ગરુડે મારેલા પાંચ મુખવાળા સર્પની જેમ શોભતી હતી." વ્યાસજીનું આ અદ્ભુત અવલોકન ! કાવ્યકલ્પના કે સુંદર ઉપમાની ભવ્યતા ? આ ભયંકર યુદ્ધમાં રથ રથને, ઉન્મત્ત હાથી મદમસ્ત હાથીને, ઘોડેસવારો ઘોડેસવારને અને પદાતિઓ અશ્વદળો વડે કચરાઈને મૃત્યુ પામ્યા હતા.

સેનાનાયકોથી વીંટળાયેલો ભીમસેન હાથી ઉપર બેસીને યુદ્ધ કરવા ધસ્યો. "ઉદયાચળ ઉપર ઉદય પામતા સૂર્યની શોભા વધે તેમ અતિશય ભયંકર, વિધિપૂર્વક શણગારેલા હાથીની શોભા વધી." ભીમસેનને કારણે હાથીની શોભા વધે એવું કહેવાનું તો વ્યાસજીને જ સૂઝે. તો હાથી ઉપર આરૂઢ થયેલો ભીમસેન ક્યાં ઓછો શોભતો હતો ? શરદઋતુમાં આકાશ તારાઓથી પ્રકાશે, તેમ ભીમસેનનું લોખંડી કવચ શ્રેષ્ઠ રત્નથી વિભૂષિત હોવાથી ચમકતું હતું. પરાક્રમી અને સુંદર મુકુટ અને અલંકારો ધારણ કરેલો ભીમસેન હાથમાં તોમર અને પ્રાસ લઈ બપોરના સૂર્યની જેમ શત્રુને તપાવતો હતો.

એટલે કૌરવસેનાનો તેજસ્વી યોદ્ધો ક્ષેમધૂર્તિ હાથી ઉપર બેસી ભીમસેનને આહ્‌વાન આપતો આવ્યો અને તેઓનું દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. ક્ષેમધૂર્તિનો હાથી પણ યુદ્ધમાં અત્યંત નિપુણ હોવાથી બંનેના ગજરાજો વચ્ચેનું યુદ્ધ પણ આકર્ષક હતું. દૈવની ઇચ્છાથી વૃક્ષોવાળા બે પર્વતો ટકરાય તેમ બંને હાથીઓ એકબીજાને ટક્કર મારી ભયંકર કોલાહલ કરતા હતા અને તેમાં પાછા બંને યોદ્ધાઓ ગર્જના

કરતા, ધનુષ્યના અવાજથી તાલ મેળવી, વીરોને અભિનંદતા સિંહનાદ કરવા લાગ્યા. ક્ષેમધૂર્તિએ સૂર્ય સમાન તેજસ્વી લોખંડનું તોમર ભીમસેનની છાતીમાં માર્યું. તે છતાં સાત ઘોડાવાળા રથમાં શોભતા સૂર્યની જેમ તોમર વાગવાથી ઉદ્દીપ્ત શરીરવાળા ભીમસેનની શોભા અધિક થઈ.

કોપાયમાન ભીમસેને ક્ષેમધૂર્તિના હાથીને ઘાયલ કર્યો, તેથી વ્યાકુળ બનેલો તે હાથી રોક્યો ન રોકાય તેમ ભાગ્યો, જેમ પવનથી ખેંચાયેલું વાદળ અટકે જ નહીં તેમ. ક્ષેમધૂર્તિના અનેક પ્રયત્નો છતાં હાથી ભાગવા જ લાગ્યો, પણ ત્યારે વિજયમદમાં છકેલો ભીમનો હાથી ક્ષેમધૂર્તિના હાથીની પાછળ દોડ્યો. વ્યાસજી તેનું કલ્પનાતીત વર્ણન કરે છે :

"આંધીથી ઊડેલ વાદળ વાયુના વશમાં રહેલ વાદળ તરફ દોડે તેવી રીતે ભીમના હાથીએ ક્ષેમધૂર્તિના હાથીનો પીછો કર્યો." છેવટે ભીમની ગદાના પ્રહારથી ક્ષેમધૂર્તિ નિષ્પ્રાણ બની પોતાના જ હાથી પાસે પડ્યો. આવો ક્ષેમધૂર્તિ એટલે જાણે "વજ્રથી તૂટેલા પર્વત પાસે વજ્રથી મારેલો સિંહ !"

આ સમયગાળા દરમિયાન સાત્યકિ અને કેકયકુમારો વિંદ અને અનુવિંદ વચ્ચે ઘમસાણ મંડાય છે. મહાવનમાં બે હાથી ભેળા મળી પોતાના વિરોધી હાથીને દાંત મારે, તેમ તે બંને ભાઈઓએ સાત્યકિના હૃદયમાં બાણ માર્યાં, પણ છંછેડાયેલા સાત્યકિએ ક્ષુરપ્ર બાણથી અનુવિંદનું મસ્તક કાપી નાખ્યું. શંબરના મસ્તકની જેમ અનુવિંદનું કુંડળથી શોભતું મસ્તક કેકયનો શોક વધારતું પૃથ્વી પર પડ્યું. ભાઈની હત્યાનું વેર વિંદની બાણવર્ષાએ લીધું અને સાત્યકિનાં બધાં અંગો ઘવાયાં. પુષ્કળ લોહી વહેવા લાગ્યું ત્યારે સાત્યકિ કેસૂડાનાં ફૂલની જેમ દીપતો હતો. વજ્રકાઠું ધરાવતા સાત્યકિના પ્રહારથી, વજ્રના પ્રહારથી પર્વત પડે તે રીતે વિંદ પણ યુદ્ધભૂમિમાં રોળાયો.

શ્રુતકર્માએ બાણપ્રહારથી ચિત્રસેનને વિચિત્ર રૂપવાળો બનાવી દીધો. વ્યાસજી તેને કેવો વર્ણવે છે ? "સોનાથી અલંકૃત શિંગડાંવાળો યુવાન સાંઢ ગાયના સમૂહમાં શોભે તેવો તે શોભતો હતો. ત્યાં જ તરત શ્રુતકર્મા દ્વારા ચિત્રસેનનું વિચિત્ર મુકુટવાળું મસ્તક એવી રીતે કપાયું, જાણે કે દૈવની ઇચ્છાથી સ્વર્ગમાંથી તૂટેલો ચંદ્ર પૃથ્વી પર પડે તેમ તે પૃથ્વી પર પડ્યું." વ્યાસજીના અતિશયોક્તિ અલંકારને અતિ આનંદથી માણીએ.

વિશાળ રણમેદાનમાં અન્ય કોઈ સ્થળે પ્રતિવિંધ્યે રાજા ચિત્ર ઉપર

સોનેમઢ્યું તોમર ચલાવ્યું અને "જેવી રીતે મોટો સર્પ તળાવ વીંધીને પાતાળમાં ચાલ્યો જાય, તેમ પેલી તોમર ચિત્રના પહેરેલા કવચને વીંધી પૃથ્વીમાં પેસી ગઈ."

વ્યાસજીનો ભાષાવૈભવ માણવા જેવો તો છે ભીમ અને અશ્વત્થામાના દ્વંદ્વયુદ્ધમાં. દેવો અને સિદ્ધો પણ આશ્ચર્યચકિત થઈ આ ઉગ્ર યુદ્ધ નિહાળી રહ્યા છે.

અશ્વત્થામાએ ભીમને નારાચબાણથી ઘાયલ કર્યો. કોઈ ઉન્મત્ત ગેંડો શિંગડું ધારણ કરે, તેમ ભીમે વાગેલા બાણને ધારણ કર્યું અને ભીમે અશ્વત્થામાને સામાં ત્રણ નારાચબાણ માર્યાં ત્યારે અશ્વત્થામા કેવો શોભતો હતો ? "વર્ષાઋતુમાં પાણીથી પલળેલો ત્રણ શિખરવાળો પર્વત શોભે તેમ."

અશ્વત્થામાએ સેંકડો બાણ મારી ભીમને દુઃખી કર્યો, પણ હવા લાગવાથી જો પર્વત કંપે કે જલધારાથી પર્વત ચલિત થાય તો ભીમ જરીક પણ ડગે. બે તેજસ્વી સૂર્યો લોકોનો નાશ કરવા પોતાનાં કિરણોથી પરસ્પર તપાવે તેમ બંને યોદ્ધા એકબીજાને તપાવવા લાગ્યા.

"પ્રજાના નાશ માટે આકાશમાં થતા ગ્રહોના ઘોર યુદ્ધની માફક આ બંને જ્ઞાનસંપન્ન અને પરાક્રમીઓનું યુદ્ધ ખૂબ જામ્યું. ભીમસેનનું બળ, બંનેની અદ્ભુત અસ્ત્રનિપુણતા, શક્તિની વિલક્ષણ શ્રેષ્ઠતા, અપૂર્વ યુદ્ધકુશળતા, બંને જણ યુદ્ધમાં યમરાજ અને કાળ સમાન. તે બંને નરસિંહો, બે રુદ્ર કે બે સૂર્ય અથવા બે યમરાજ સમાન પ્રગટ થયા હોય તેવા વાઘની માફક ઝનૂનથી ઘૂમવા લાગ્યા. ધનુષ્ય જાણે વાઘનું મુખ હતું અને બાણ વાઘની દાઢ હતું. બંને દુર્ધર્ષ અને ભયાનક લાગતા હતા."

વ્યાસજીને કોના માટે સ્નેહ ને આત્મીયતા નથી ? અશ્વત્થામાના વ્યક્તિત્વનાં પણ પેટ ભરીને વખાણ કરે છે : "જે વીરને બ્રાહ્મણશ્રેષ્ઠ દ્રોણે વિચિત્ર અને પ્રકાશયુક્ત ચાર પ્રકારનાં દિવ્ય અસ્ત્ર આપ્યાં હતાં તે મહારથી, પુણ્યશાળી, ઝડપી શસ્ત્ર ચલાવનાર, મજબૂત મુઠ્ઠીવાળો, મજબૂત બાણવાળો, મહાવેગવાન ને પરાક્રમી, તરુણ, સ્વરૂપવાન, દર્શનીય યશસ્વી..." વગેરે.

અર્જુન અને સંશપ્તકો વચ્ચેના યુદ્ધનું વ્યાસજી કેટલું અદ્ભુત શીર્ષક આપે છે ! "સંશપ્તકોનાં શરીર, પ્રાણ અને પાપ એમ ત્રણેયનો નાશ કરનારું ભયાનક યુદ્ધ."

અર્જુને સંશપ્તકોની સેનામાં પ્રવેશી, વાયુ સમુદ્રમાં પેસી તેને ખળભળાવે તેમ તેમને વ્યાકુળ કરી નાખ્યા અને પૂર્ણ ચંદ્ર સમાન મુખવાળાં સારી ભ્રૂકુટિ અને આંખો તથા દાંતવાળાં મસ્તકો કાપ્યાં, ''જાણે નાળ વિનાનાં કમળોથી પૃથ્વી છવાઈ ગઈ.'' અર્જુને સૌનાં શરીર, કવચ અને શસ્ત્રો સહિતના ગોળ, લાંબા, મજબૂત, અગર-ચંદન લગાવેલા હાથ કાપી નાખ્યા. જાણે પાંચ મુખવાળા સર્પો પડ્યા. વળી ''શરદઋતુમાં વનમાં કુહાડીથી કાપતાં મોટાં વૃક્ષો પડી જાય તેમ અર્જુનનાં બાણથી કપાઈને મદની ધારા વહાવતા હાથીઓની સૂંઢો પણ પૃથ્વી પર પડવા લાગી.''

ગાય માટે યુદ્ધ કરનાર સાંઢ જેવા અર્જુને સંશપ્તકોની સેનામાં કાળો કેર વર્તાવ્યો. શત્રુઓના રથના એકએક ભાગના ટુકડેટુકડા કરી નાખ્યા. અર્જુને પ્રલયકાળના સૂર્ય જેવાં તીવ્ર કિરણી બાણો વડે સંશપ્તકોરૂપી મહાસાગરને સૂકવી નાખ્યો. અર્જુને એકલાએ જ શત્રુઓના ભયને એટલો તો વધારી દીધો કે સિદ્ધો, દેવર્ષિઓ, ચારણો અર્જુનની પ્રશંસા કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ અને અર્જુનનાં મસ્તક પર પુષ્પવૃષ્ટિ થવા લાગી.

ચંદ્ર, સૂર્ય, વાયુ અને અગ્નિની કાન્તિ, તેજ, બળ અને દીપ્તિ ધારણ કરેલા, બ્રહ્મા અને શિવ સમાન અજેય એવા એક જ રથ ઉપર બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુન નર-નારાયણ જેવા શોભતા હતા. નર-નારાયણ માટે જેટલી ઉપમા આપો એટલી ઓછી પડે. વ્યાસજીએ આટલાથી સંતોષ માન્યો હશે !

અર્જુન અને સંશપ્તકો વચ્ચેના દારુણ યુદ્ધનો ત્રાસ અશ્વત્થામાથી જીરવાયો નહીં, તેથી તે અર્જુન પ્રતિ બાણવર્ષા કરવા લાગ્યો, એટલે ''વૈદિક વિધિમાં ઇન્દ્રને લઈને વાયુ યજ્ઞ તરફ જાય'' તેવી રીતે શ્રીકૃષ્ણે વિજયી અર્જુનના રથને અશ્વત્થામા પાસે પહોંચાડ્યો. આકર્ષક રૂપકથી શ્રીકૃષ્ણની ગતિવિધિને વ્યાસજીએ આપણી નજર સમક્ષ લાવી દીધી.

છિન્નભિન્ન થયેલી સંશપ્તકોની સેનાને પડતી મૂકી અર્જુન અશ્વત્થામા સામે ગયો, ''જેમ કોઈ દાનવીર યાચકોના ટોળામાંથી કુપાત્રોને પડતાં મૂકી સુપાત્ર ભણી વળે તેમ''. કેવી સચોટ અને વાસ્તવિક ઉપમા ! પછી શું થયું ?

''આકાશમાં નક્ષત્ર માટે શુક્ર અને અંગિરસનું યુદ્ધ થાય તે રીતે અર્જુન-અશ્વત્થામાનું યુદ્ધ થયું અને વિરોધી માર્ગે જઈ રહેલા બે ગ્રહો લોકોમાં ભય ઉત્પન્ન કરે તેવી રીતે આ તેજસ્વી નરશ્રેષ્ઠોએ એકબીજાને તપાવી ભય પમાડવા માંડ્યો.''

મોટાં વાદળોમાંથી ઊગતાં કિરણોવાળા સૂર્યને છુપાવનારા વાયુ સમાન અર્જુને અશ્વત્થામાને પ્રાતઃકાળના સૂર્ય સમાન પ્રકાશમાન બાણોથી ઢાંકી દીધો. સામે એવો જ સમર્થ અશ્વત્થામા હતો. તેણે અર્જુનનાં બાણોનું નિવારણ કરી, શ્રીકૃષ્ણ અને અર્જુનને તેજસ્વી બાણોથી આચ્છાદિત કરી, ગર્જના કરતાં વર્ષાકાળનાં વાદળ સમાન ગર્જના કરવા લાગ્યો.

યુદ્ધમાં શસ્ત્ર લઈ ભાગ નહીં લે તેવી પ્રતિજ્ઞા છતાં વખતોવખત શ્રીકૃષ્ણની મોકાની મદદ વિના પાંડવો જીતી શકે ખરા ? અત્યારે અશ્વત્થામાને ઉશ્કેરીને શ્રીકૃષ્ણ કામ કઢાવી લે છે. તેઓ કહે છે : "તાકાત હોય તો અર્જુન સામે લડવા આવ ! માલિકનું ખાધેલું વસૂલ કરી આપવાનો આ સમય છે. બ્રાહ્મણો સૂક્ષ્મ વાક્ચાતુર્યથી અને ક્ષત્રિયો સ્થૂળ પરાક્રમથી જય-પરાજયનું માપ કાઢે છે."

આ જ શ્રીકૃષ્ણ અર્જુનને ઉપાલંભ આપવામાં પણ સંકોચ પામતા નથી. શ્રીકૃષ્ણે બારીક નિરીક્ષણ કર્યું કે સ્નેહસંબંધ છૂટી જાય તોપણ સાધુપુરુષોના ગુણો વિકાર પામતા નથી. કમળની નાળ તૂટી જાય તોપણ તંતુઓ સંબંધ સાચવી રાખે છે.

ગુરુપુત્ર સામે મૃદુ યુદ્ધ કરતા અર્જુનને શ્રીકૃષ્ણ ટકોર કરે છે : "યુદ્ધમેદાનમાં હું એક અજાયબી જોઈ રહ્યો છું. અશ્વત્થામા તારાથી ચડિયાતો બની રહ્યો છે ! તારા હાથમાં ગાંડીવ સલામત તો છે ને ? તારાં શક્તિ-પરાક્રમ અગાઉ જેવાં જ છે ને ?"

શરમિંદો અર્જુન પરમ ધનુર્વિદ્યાનો પરચો બતાવે છે. ઝાકળનો નાશ કરતા વાયુની જેમ તેણે અશ્વત્થામાની બાણવૃષ્ટિ વીંખી નાખી, ગાઉ છેટે ઊભેલા રથીઓ, પદાતિઓ સૌને વીંધી નાખ્યા, અશ્વત્થામાને પણ ક્ષતવિક્ષત કરી નાખ્યો. તેણે મેદાન છોડવું પડ્યું. "મંત્ર, ઔષધિ, ચિકિત્સા અને દાનના બળે રોગ શરીરનો ત્યાગ કરી જાય, તેમ રણ છોડીને ભાગતા અશ્વત્થામાને તેના ઘોડા યુદ્ધના મેદાનમાંથી દૂર લઈ ગયા."

'મહાભારત'કાર વાસ્તવદર્શી છે, તેમ છતાં સમાજજીવન અને કુટુંબવ્યવસ્થાનાં સનાતન મૂલ્યોના હિમાયતી છે. કોઈ પણ પાત્રની ગરિમા ઝંખવાણી ન બને તેનું પૂરતું ધ્યાન તેમણે રાખ્યું છે. આ આદર્શો અને મૂલ્યોને લીધે જ ભીષ્મપિતામહ, ગુરુવર્ય દ્રોણાચાર્ય કે ગુરુપુત્ર અશ્વત્થામા સામે અર્જુન મૃદુ યુદ્ધ કરે છે. તે જ પ્રમાણે પિતામહ પણ અર્જુન સામે મન મૂકીને લડતા નથી. આ જ તો આદર્શયુક્ત કવિકર્મનું કૌશલ્ય ને ?

પાણીના ઓઘની જેમ ગર્જના કરતા શ્રીકૃષ્ણ અને અર્જુન સંશપ્તકો સામે લડવા પાછા ફરતા હતા ત્યાં તો પાંડવસેનાની ચીસો સંભળાઈ. બધા ગ્રહોમાં અસહ્ય પરાક્રમી કેતુ સમાન મગધનરેશ દંડધારે ઉત્પાત-સમયે નાશ કરતા ધૂમકેતુની જેમ પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળ્યો.

અર્જુન ત્યાં પહોંચ્યો અને મગધનરેશ દંડધારના હાથીની સૂંઢ જેવા બંને હાથ અને મુખચંદ્ર એકસાથે કાપી નાખ્યા અને ત્યારબાદ મદ વહેવડાવતા, મેઘ સમાન, વાયુવેગી કાળચક્ર જેવા હાથી ઉપર સેંકડો બાણ છોડ્યાં. "દાવાનળથી સળગતાં ઔષધિવૃક્ષોવાળો પર્વત રાતે શોભે તેમ તે હાથી શોભવા લાગ્યો." વ્યાસજીનું ભાષાસૌંદર્ય પણ શોભે છે ને ?

ક્રોધાયમાન બનેલો દંડધારનો ભાઈ દંડ અર્જુન સામે ધસ્યો. અર્જુને તેને પણ યમસદન પહોંચાડ્યો.

વ્યાસજી આ ઘટનાને પણ અલૌકિક સૃષ્ટિના વિહારદર્શન સાથે વર્ણવે છે.

ચંદન લગાડેલા તે રાજાના વિશાળ હાથ તોમરથી કપાઈને "પર્વતના શિખર પરથી સર્પ પડે" તેમ હાથી ઉપરથી પડ્યા અને કિરીટધારી અર્જુનના એક જ બાણથી "સંધ્યાસમયે અસ્તાચળમાં સૂર્ય ડૂબે તેમ" લોહીથી ભરેલું દંડનું મસ્તક હાથી ઉપરથી પડ્યું.

વિજયી અર્જુને સંશપ્તકોની સેનાનો નાશ કરવા માંડ્યો. આ પરાક્રમનું વર્ણન કરતાં વ્યાસજીનું ખગોળજ્ઞાન અને જ્યોતિષજ્ઞાન પ્રત્યક્ષ થાય છે. તેઓ કહે છે : "મંગળનો ગ્રહ વક્રી ગતિ અને અતિ વક્રી ગતિથી નાશ કરે, તેમ અર્જુન ક્યારે બાણ કાઢે છે, ક્યારે ચઢાવે છે, ક્યારે ખેંચીને છોડે છે ને ક્યારે શત્રુને વાગે છે તે જ સમજાતું ન હતું. માત્ર શત્રુના રથ, હાથી, ઘોડો ને પાયદળનાં શરીર મૃત્યુ પામીને પડ્યાં છે તે જ દેખાતું હતું."

જેવી રીતે એક ગાય માટે એક આખલા સામે અનેક આખલા યુદ્ધ કરવા આવે, તેમ એક અર્જુન સામે સેંકડો શૂરવીરો આવતા હતા. તેમણે અનેક શસ્ત્રોની વર્ષા વરસાવી, જાણે હિમાલય ઉપર વાદળોએ વર્ષા વરસાવી; છતાં પરાક્રમી અર્જુન થકી સંશપ્તકોની સેના વેરણછેરણ થઈ યુદ્ધભૂમિ પર છવાઈ ગઈ. "આગ, વાયુ અને પાણીથી નાશ પામેલા કોઈ ધનિકના ઘર જેવી અસ્તવ્યસ્ત યુદ્ધભૂમિ દેખાતી હતી." "જેવી રીતે વજ્ર, વાયુ અને આગથી સળગીને નાશ પામેલાં પર્વતશિખર પરનાં મકાન નીચે પડે, તેવી રીતે અનેક હાથીઓ અને છિન્નભિન્ન થયેલાં કવચો નીચે પડતાં હતાં."

પણ અર્જુન તો હાથી, ઘોડા ને પાયદળરૂપી જળથી ભરેલાં મહાન શસ્ત્રોરૂપી તરંગવાળા સેનારૂપી સમુદ્રને પોતાનાં અસ્ત્રશસ્ત્ર વડે સેતુ બાંધી પાર કરવા જ ઇચ્છતો હતો.

શેની હતી આટલી અધીરાઈ ? અર્જુને તો આખરે કર્ણને હણવા આગળ જ ધપવાનું હતું. ઇન્દ્ર રાક્ષસોનો નાશ કરે, તેમ અર્જુન સંશપ્તકોનો નાશ કરતો આગળ ચાલ્યો.

અર્જુનના અદ્વિતીય પરાક્રમથી પ્રભાવિત થઈ શ્રીકૃષ્ણ પણ બોલી ઊઠે છે : "આ આશ્ચર્ય છે !" અને પછી પોતે કર્ણ સામે થવા રથ હંકારે છે અને તળાવમાં પ્રવેશતા હંસોની જેમ સફેદ અશ્વો તે સૈન્યમાં પ્રવેશ્યા.

માનવસંહારભર્યા યુદ્ધમેદાનને જોઈ શ્રીકૃષ્ણ સવ્યસાચી અર્જુનને રણભૂમિનું વર્ણન કરે છે. વ્યાસજીની આ જ તો ખૂબી છે. સીધું જ વર્ણન કરવાને બદલે કોઈ પાત્રના મુખે તેઓ વર્ણવે છે. નાટ્યશૈલી જેમને હસ્તગત છે તેવા વ્યાસજી આ રીતે સાહિત્યરસ જાળવે છે. શ્રીકૃષ્ણ કહે છે :

"સુંદર કુંડળસહિત, ચંદ્ર અને નક્ષત્ર સમાન તેજસ્વી દાઢી-મૂછવાળા મુખથી તથા લોહીના કાદવથી ભરેલી આ ભૂમિ જુઓ. ઉત્તમ કવચ, અલંકારો, વિવિધરંગી વસ્ત્રો અને આયુધો ધારણ કરેલા વીરો ઘોડા, ધજા અને રથસહિત મૃત્યુ પામી પૃથ્વી પર સૂતા છે. કોઈક વીરની જીભ અને કોઈકનાં આંતરડાં બહાર નીકળી ગયાં છે. તે જોવું કઠિન છે." વળી કહે છે કે "અનેક ધનુર્ધારીઓનાં ધનુષ્યબાણ, ભાથા ને શસ્ત્રો પડ્યાં છે. સોનાનાં પીંછાંવાળાં નમેલાં બાણ, તેલમાં ધોયેલાં નારાચબાણ જાણે કે કાંચળીમાંથી છૂટેલા સાપની માફક ધનુષ્યમાંથી છૂટીને પડ્યાં છે. હાથીદાંતની મૂઠવાળી સોનેમઢી તલવારો અને તોમરો પડ્યાં છે. તૂટેલાં કવચ, સુવર્ણભૂષિત પ્રાસ, શક્તિઓ, ગદાઓ, ઋષ્ટિઓ, પટ્ટીશો, સોનાના દંડવાળા પરશુ પડ્યાં છે. ઉપરાંત લોખંડના ભાલા, મુશળો, વિવિધ શતઘ્નીઓ, અસંખ્ય પરિઘો, ચક્ર, મુદ્ગરો વગેરે મેદાનમાં પડ્યાં છે."

આખું મેદાન શરદઋતુના નભોમંડળ જેવું શોભતું હતું.

"બધા યોદ્ધાઓ રુધિરથી ભીંજાયેલા પ્રાણરહિત બની છિન્નભિન્ન થયેલા પડ્યા છે. ચંદન અને અગરુ લગાડેલાં ઉત્તમ આભૂષણો અને કેયૂરોથી શોભતા કપાયેલા હાથથી યુદ્ધમેદાનની શોભા અદ્ભુત દેખાય છે. હાથ ઉપર વીંટી, અન્ય આભૂષણો અને ઉપર સુંદર ચૂડામણિ બાંધેલાં છે. કપાયેલાં બળદગાડાંથી પૃથ્વી શોભે છે. આખી ભૂમિ શાંત પડેલી અગ્નિની જ્વાલા જેવી દેખાય છે."

"પર્વત સમાન હાથીઓ, જેઓની વૈજયંતીમાલા અને મહામૂલ્યવાન કાંબળાવાળી ઝૂલ વીખરાયેલી પડી ગઈ છે, તેવા હાથીઓ જીભ કાઢીને સૂતા છે. રણભૂમિ રંગબેરંગી ફૂલમાળાની જેમ શોભે છે." પ્રકૃતિપ્રેમી વ્યાસજીની સંવેદનશીલતા પણ કેટલી બધી! તેઓ કહે છે: "મહાન વનમાં દાવાનળથી દાઝેલાં શરીર થયાં હોય તેમ મત્ત હાથી ભ્રાન્તિ પામી આમતેમ ઘૂમી રહ્યા છે."

"વૈદૂર્યમણિ જડેલા દંડ, હજારો અંકુશો, ઘોડેસવારની ધજાઓ, સુંદર ચાબુકો, ઘોડાની પીઠ પર મૂકેલ મણિજડિત, સોનાના તારથી બનેલ મૃગના ચામડાનાં પાથરણાં ને જીન પૃથ્વી પર પડ્યાં છે."

"પ્રાણ ધારણ કરેલા કેટલાય લોકો ચારેય બાજુ વિલાપ કરે છે. કેટલાક શસ્ત્રોનો ત્યાગ કરી પીડિતોની સેવા કરે છે. મૃત યોદ્ધાઓનાં શબને વસ્ત્રથી ઢાંકતાં સ્વજનો રુદન કરે છે. પાણીની યાચના કરતા પડેલા સ્વજનને કોઈ જલ પ્રદાન કરે છે. કેટલાક પાણી લેવા જાય છે ત્યાં જ વીંધાયેલા વીર પ્રાણરહિત બની જાય છે. પાણી આવેલું જોઈ તરસ્યા વીર પુરુષો પરસ્પર ઝઘડી પાણી માટે દોડે છે. જુઓ! પાણી પીધા પછી કેટલા બધા મૃત્યુ પામે છે! કોઈ પાણી પીતાં-પીતાં મૃત્યુ પામે છે. બીજા અનેક મૃત્યુ પામેલા પોતાના પ્રિય બાંધવોને યુદ્ધભૂમિમાં છોડીને ચાલ્યા જતા દેખાય છે." (આ શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને "હે પ્રિય બંધુ!" એવું પ્રથમથી જ સંબોધન કરે છે અને પછીના શ્લોકમાં વ્યાસજી 'બાંધવો' શબ્દ વાપરી યથાર્થ શબ્દની અગત્ય આપે છે.)

હાથીઘોડાની ભીષણ લાગતી ગર્જના, રથચક્રનો ઘરઘરાટ, ઘાયલ યોદ્ધાનાં આક્રંદ, કપાયેલાં શરીરનાં અંગોના કારણે વહેતી લોહી-માંસની નદી, સૂગ ઉપજાવતી તીવ્ર ગંધ- ટૂંકમાં, રણભૂમિ પર સમગ્રપણે ખડું થતું કમકમાટીભર્યું પિશાચી વાતાવરણ વર્ણવતા વ્યાસજીનો હેતુ શો હશે? પશુઓના ઘોર કતલખાના જેવી રણભૂમિ વર્ણવી વ્યાસજી આપણને કોઈ બોધપાઠ સમજાવવા ઇચ્છે છે? આ યુદ્ધે તો માનવસહજ સંસ્કાર ત્યજી પશુસહજ આક્રમક હિંસક વૃત્તિ જ અનાવૃત કરી છે ને? કે પછી ગમ્મતગુલાલ ઉડાડવા જેવી આ વાતને અત્યંત સહજતાથી વર્ણવવા જેટલી વ્યાસજીની સ્વસ્થતા ને તટસ્થતા છે? કારણ કે વ્યાસજી કહે છે: "પ્રાચીન સમયમાં દેવ-દાનવનું યુદ્ધ થતું હતું, તેમ બંને સૈન્યના માનવી, હાથી, ઘોડા - બધા જ ખૂબ પ્રસન્નપણે પરસ્પર પ્રહાર કરી યુદ્ધ કરતા હતા."

જે પોતાને ભીષ્મ અને કર્ણથી અધિક માને છે, પોતાને શ્રીકૃષ્ણ અને અર્જુન સમાન માને છે, પોતાની ન્યૂનતા સમજતો નથી તેવા પોતાની જાતને ઉત્તમ માનતા પાંડ્યદેશના રાજાએ, પ્રલયસમયે ગુસ્સે થઈ પ્રજાનો નાશ કરતા યમની જેમ કર્ણની સેનાનો નાશ કરવાનો પ્રારંભ કર્યો. પાંડ્યદેશના રાજાનાં બાણથી પીડા પામી શત્રુસેના કુંભારના ચાકડા પ્રમાણે ઘૂમવા લાગી. પાંડ્યરાજાએ જેમ વાયુ વાદળને ઉડાડી દે, તેમ શત્રુસેનાનાં આયુધો સાથેના યોદ્ધાઓનો નાશ કર્યો. જાણે ઇન્દ્રે વજ્ર મારી દાનવોને પાડ્યા.

રાજા મલયધ્વજ પાંડ્યે બાણવર્ષા કરી કૌરવસેનામાં હાહાકાર મચાવ્યો, જેમ બળવાન સિંહ નીડરતાથી મૃગસમૂહને સંહારે તેમ.

પાંડ્યરાજના પ્રહારને જોઈ અશ્વત્થામાએ તેને યુદ્ધ કરવા આહ્‌વાન આપ્યું. તે કહે છે : "હે કમલપત્રાક્ષ રાજન્ ! વર્ષાઋતુના અંતકાળે પાણી ધાન્યના ખેતરને ડુબાડે તેમ તમે શત્રુઓનો નાશ કરો છો. હવે મારી સાથે યુદ્ધ કરો."

ઉત્તમ અને તેજસ્વી મણિરત્નો અને સુવર્ણમાળા તથા મોતીથી શોભતા અશ્વત્થામાના મુગટ પર મલયધ્વજે તોમરનો પ્રહાર કર્યો અને "ઇન્દ્રના વજ્રના પ્રહારથી વનયુક્ત પર્વતનું શિખર પૃથ્વી પર પડે, તેમ અગ્નિ સમાન તેજસ્વી મુકુટ ચૂરોચૂરો થઈ જમીન પર પડ્યો." - કોને વખાણીએ - મુગટને કે તોમરના પ્રહારને ?

લાત વાગવાથી ગુસ્સે થતા સર્પની જેમ ગુસ્સે થયેલા અશ્વત્થામાએ પાંચ બાણથી હાથીની સૂંઢ અને ત્રણ બાણથી મલયધ્વજના બંને હાથ અને મસ્તક ઉડાડી દીધાં. "ગરુડે મારેલા બે સર્પ પૃથ્વી પર પડે, તેમ અનેક કિંમતી આભૂષણોથી શોભતા બંને હાથ તથા તેજસ્વી અને ક્રોધથી લાલચોળ આંખોવાળું, ઊંચી નાસિકાવાળું પાંડ્યરાજાનું મસ્તક પૃથ્વી પર પડ્યું." કેવી રીતે ? "જેમ વિશાખાના મધ્યભાગમાં રહેલો ચંદ્ર પડે તેમ." કેટલી ભવ્ય ઉપમા ! આકાશી ગ્રહોના અગાધ જ્ઞાનીને આ જ શોભે !

દ્વંદ્વયુદ્ધ શરૂ થતાં પહેલાં અશ્વત્થામા અને મલયધ્વજના સંવાદ દ્વારા કવિ યુદ્ધશૈલીનું ઉમદા પાસું રજૂ કરે છે. વાગ્બાણોને બદલે પરસ્પરના શૌર્યની કરાતી પ્રશંસા ઊડીને આંખે બાઝે તેવી છે. મલયધ્વજના યુદ્ધકૌશલને સન્માનપૂર્વક વધાવી અશ્વત્થામા યુદ્ધનું આહ્‌વાન આપે, મલયધ્વજ તેનો સહર્ષ સ્વીકાર કરે અને પાછો પહેલો પ્રહાર કરવાનું માન અશ્વત્થામાને આપે ! ભલે ખેલાતાં ભીષણ યુદ્ધ, પણ ખેલદિલીની ખાનદાની પણ ગજબની છે !

સાહિત્યની સમગ્રતાને પોતાની કલમની બાથમાં લેવા મથતા વ્યાસજી ઉષ્માસભર મનુષ્યત્વ પણ સરસ ઉપસાવે છે ને ?

"બપોરના સમયે સૂર્ય પ્રાણીઓને તપાવે" તેમ ઉગ્ર અગ્નિ સમાન તેજસ્વી કર્ણ પાંડવસેનાને દઝાડી રહ્યો હતો. "ઉન્મત્ત થયેલો હાથી કમલતળાવડીમાં માછલીને ડખોળી નાખે" તેમ કર્ણે શત્રુસેનાને ડખોળી નાખી. "સારથિ ઘોડાને ચાબુક મારી કાબૂ મેળવે" તેમ બાણો વડે વીરોનાં શરીર અને પ્રાણને તે કાબૂમાં લેવા લાગ્યો. ટૂંકમાં, "પોતાના દૃષ્ટિપથમાં આવેલા મૃગને સિંહ છટકવા ન દે", તેમ કર્ણે શત્રુવીરોને ઝડપ્યા.

કુરુ, સૃંજય અને પાંડવો પ્રાણની પરવા કર્યા સિવાય ઘોર યુદ્ધ કરવા લાગ્યા. રણભૂમિ બિહામણી દેખાવા લાગી. આ તો વ્યાસજીની શબ્દસૃષ્ટિ છે ! શબ્દો ક્યારેક રંગીન, ક્યારેક સંગીન, ક્યારેક ગમગીન.

"જેવી રીતે કપાયેલા ચંદનના વૃક્ષમાંથી લાલ રસ વહે" તેમ મહાસંહારને કારણે મૃત્યુ પામેલા કે ઘવાયેલાઓનાં શરીરમાંથી લોહી વહેતું હતું. આખી પૃથ્વી જાણે રુધિરથી ભીંજાયેલી દેખાતી હતી.

વ્યાસજીની કલ્પનામાં સઘળું શોભાયમાન જ દેખાય છે. તેઓ કહે છે : "મહાયુદ્ધમાં મૃત્યુ પામેલા મહાવીરોનાં મુખ અને શરીર કચડાયેલાં કમળ અને સુકાયેલી માળા જેવાં" શોભતાં હતાં, તો કેટલેક સ્થળે "જેવી રીતે ખૂલેલું દાડમ હોય તેવી રીતે કેટલાકના લોહીથી રંગાયેલા દાંત દેખાતા હતા."

હવે કવિ વનસ્પતિશાસ્ત્ર છોડી દુન્યવી વાસ્તવિકતા તરફ ઢળે છે અને વર્ણવે છે અદ્ભુત અવલોકન !

"ખૂબ સુંદર હાથી, ઘોડા અને માનવી મૃત્યુ પામવાથી, જેવી રીતે ક્ષારના કારણે વસ્ત્રની શોભા નાશ પામે તેવી રીતે તેઓની શોભા નાશ પામી. તેમના તરફ જોવું પણ દુષ્કર હતું."

પાંડવવીરોએ અંગનરેશના સુંદર મુખવાળા, તેજસ્વી પતાકા અને સુવર્ણ-દોરી અને કવચવાળા પર્વત સમાન પ્રદીપ્ત હાથીઓને વીંધી નાખ્યા અને વજ્રથી કપાતા પર્વતની જેમ હાથીઓ કપાઈને પડવા લાગ્યા, તેથી ભય પામેલી કૌરવસેના "બંધ તોડી નદી દોડી જાય" તેમ નાસવા માંડી.

એ જોઈ દુઃશાસન ગુસ્સે થયો ને સહદેવ સામે યુદ્ધ કરવા દોડ્યો, પરંતુ સહદેવે તલવારના એક જ ઝાટકે દુઃશાસનનાં ધનુષ, બાણ, પણછના ટુકડા કરી

નાખ્યા અને પછી તરત જ સહદેવના બાણે દુ:શાસનને અને તેના કવચને વીંધી નાખ્યાં. કોઈ પુરુષ ગુસ્સે થઈ કીડીઓના સમૂહનો નાશ કરે તેમ સહદેવે કૌરવસૈન્યને કાપી નાખ્યું.

હવે નકુળ કૌરવસૈન્યનો નાશ કરવા લાગ્યો ત્યારે વૈકર્તન કર્ણે તેને આગળ વધતો જ અટકાવ્યો. કર્ણ અને નકુળ વચ્ચે પહેલાં તો વાગ્યુદ્ધ ચાલ્યું, પછી કર્ણે નકુલનું ધનુષ્ય કાપી તેને પણ પીડિત કર્યો. "જેવી રીતે ઝેરી સર્પ પૃથ્વીને ભેદીને પાણી પીએ, તેવી રીતે કર્ણનું તે બાણ નકુળના કવચને તોડી તેનું લોહી પીવા માંડ્યું." આલંકારિક ભાષામાં કેવું રાક્ષસી વર્ણન !

"સૂર્ય વાદળોથી ઢંકાયેલો હોવા છતાં વ્યથિત થાય નહીં" તેમ નકુળે વ્યથિત થયા વિના બીજું ધનુષ્ય હાથમાં લીધું. સામસામાં બાણયુદ્ધ થવા લાગ્યાં. "જેમ પંક્તિબદ્ધ હંસ ઊડે તેમ સુવર્ણથી શોભતાં બંનેનાં બાણની કતાર શોભતી હતી." બાણથી આકાશ છવાઈ ગયું. સૂર્ય ઢંકાઈ ગયો. પૃથ્વી પર સૌની હલચલ થંભી ગઈ. આ બાણજાળથી તો બે મહારથીઓની શોભા વધારે વધી. કેવી ? "બે બાળસૂર્યની શોભા હોય તેવી" અને વ્યાકુળ બનેલી બાકીની સેના દૂરથી પ્રેક્ષક બની રહી.

દ્વંદ્વયુદ્ધમાં નકુળ અસ્ત્રશસ્ત્રરહિત થઈ જાય છે. કર્ણ તેને ઘાયલ કરે છે, પણ મારતો નથી. વ્યાકુળ નકુળ નાસવા લાગ્યો ત્યારે કર્ણે પાછળ દોડી નકુળના ગળામાં પોતાનું સજ્જ ધનુષ્ય નાખ્યું ત્યારે "આકાશમંડળીથી શોભતો ચંદ્ર અથવા તો ઇન્દ્રધનુષથી શોભતા વાદળની જેમ નકુળ શોભવા લાગ્યો." વિષમ પરિસ્થિતિમાં પણ સ્વસ્થ વ્યાસજીને તો આવી ઉપમા જ સૂઝે.

સૂતપુત્રથી પરાજય પામેલો નકુળ લજ્જિત, દુ:ખથી સંતપ્ત, દીર્ઘ શ્વાસ લેતો, ઘડામાં પુરાયેલો સાપ વ્યથિત થાય તેવો પીડિત, હતાશ અને મ્લાન દેખાતો હતો.

એક તીક્ષ્ણ બાણથી શિખંડીએ કૃતવર્માનું ધનુષ્ય કાપી નાખ્યું. કૃતવર્મા "કપાઈ ગયેલાં શિંગડાંવાળો બળદ" હોય તેવો દેખાવા લાગ્યો. કૃતવર્માએ વળતો પ્રહાર કર્યો. ખભા ઉપર બાણ વાગવાથી શિખંડી "અનેક શાખાઓવાળા મહાન વૃક્ષની માફક શોભવા લાગ્યો."

એકબીજાને શિંગડાંથી પ્રહાર કરતા બળદ જેવા તે બંને વીરો રુધિરથી ભીંજાઈ ગયા.

તરત જ કૃપાચાર્યે આવીને મજબૂત ગાંઠાવાળાં અનેક બાણોથી શિખંડીને ઢાંકી દીધો અને "જેમ નદીમાં તરતા પથ્થરને જોઈને લોકોને આશ્ચર્ય થાય" તેવી જ રીતે શિખંડીને યુદ્ધમાં નિશ્ચેત જોઈને બધાને આશ્ચર્ય થયું. શિખંડીને વ્યાકુળ જોઈ ચિત્રકેતુનો પુત્ર સુકેતુ વહારે ધાયો, પણ કૃપાચાર્યે એક ક્ષુરપ્રથી તેનું કુંડળ અને પાઘડી સાથેનું મસ્તક કાપી નાખ્યું. "જેવી રીતે બાજ માંસનો ટુકડો લાવે, તેમ મસ્તક પૃથ્વી પર પડ્યું ને પછી શરીર પણ પડ્યું."

"વાયુ રૂના ઢગલાને ઉડાડી મૂકે" તેમ શ્વેત અશ્વવાળા અર્જુને કૌરવસેનાને નસાડી મૂકવાનો પ્રારંભ કર્યો. અર્જુનને અટકાવવા ત્રિગર્ત, શિબિ, કૌરવો સાથે શાલ્વ, સંશાતક અને નારાયણી સેનાના વીર યોદ્ધાઓ આવ્યા અને જેવી રીતે જળપ્રવાહ સમુદ્ર તરફ જાય, તેમ સઘળા વીરો ભેગા થઈ અર્જુન ઉપર બાણવર્ષા વરસાવવા લાગ્યા, પરંતુ ગરુડને જોઈને સર્પ નાસી જાય, તેવી રીતે લાખો યોદ્ધાઓ અર્જુનની પાસે આવતાં જ વિલય પામી ગયા. તેમ છતાં "જેમ પતંગિયાં સળગી જાય, પણ અગ્નિને છોડે નહીં", તેમ યુદ્ધમાં મરતા હોવા છતાં તેઓ પાંડુપુત્ર અર્જુનને છોડી શક્યા નહીં. અર્જુનનું અપ્રતિમ શૌર્ય બિરદાવાયું છે, તેમ કૌરવપક્ષના યોદ્ધાઓના ક્ષાત્રધર્મને બિરદાવવાનું પણ વ્યાસજી ચૂકતા નથી.

આજના યુદ્ધમાં કર્ણે ઘણા પાંચાલોનો, અર્જુને ત્રિગર્તોનો અને સંશપ્તકોનો તથા ભીમે ઘણા કૌરવો અને ગજસેનાનો નાશ કરી નાખ્યો.

યુદ્ધમાં કેવળ શસ્ત્રોનો જ ઉપયોગ થતો ન હતો. યોદ્ધાઓ એકબીજા ઉપર મુઠ્ઠીથી પ્રહાર કરતા, પરસ્પર વાળ ખેંચી ફેંકી દઈને ઘાયલ કરતા. કેટલાક શત્રુને બે હાથથી ઊંચકી, જમીન પર પછાડી, તેમની છાતી પર પગ રાખી, દબાવી, તડપાવી શત્રુનાં મસ્તક કાપી નાખતા. કોઈ વળી પડેલા શત્રુને મરેલા માની લાત મારતા. કોઈ જીવતા દુશ્મનની છાતીમાં કટાર મારતા. પોતે કોની સામે યુદ્ધ કરે છે તેની ઓળખ સુધ્ધાં ન હોવા છતાં પરસ્પરને તેઓ હણી રહ્યા હતા. કોઈને એ ખબર પડતી ન હતી કે આ અમારી સેનાનો યોદ્ધો છે કે બીજી સેનાનો. યુદ્ધ કરવું એ એક જ કર્તવ્ય તેઓ સમજતા હતા. બંને પક્ષના લોકો મર્યાદા ભૂલીને છતાં વીરવ્રત ધારણ કરીને સામસામા જ યુદ્ધ કરતા હતા. કોઈ કોઈને પીઠ બતાવતું ન હતું.

રણભૂમિમાં સૈનિકોના આર્તસ્વરો, શસ્ત્રો અને રથના અવાજો સિવાય કાંઈ સંભળાતું ન હતું. આકાશમાંના તારાઓની જેમ આખી રણભૂમિ અલંકૃત અને

સુંદર આંખોથી યુક્ત, ચંદ્ર સમાન તેજસ્વી મસ્તકોથી ભરાઈ ગઈ હતી. યોદ્ધાઓના મૃતદેહને કારણે યુદ્ધભૂમિ ગંધર્વનગરી સમાન ભયાનક લાગતી. સૈન્ય નાસી જવાથી, હાથી, ઘોડા, રથ, પાયદળ પરસ્પર અથડાઈને ચોટ લાગતાં લથડિયાં ખાતાં મૃત્યુ પામતા હતા અને એ સૌનાં મૃત શરીરોને કારણે જમીન ક્યાંય સપાટ ન દેખાતાં ઊંચીનીચી લાગતી હતી. તૂટી પડેલા પર્વત સમાન યુદ્ધભૂમિ અગમ્ય બની ગઈ. પૃથ્વી પર લોહીમાંસનો કાદવ એટલો બધો થઈ ગયો કે ચાલવું મુશ્કેલ બની ગયું.

એકદમ સચોટ અવલોકન કરતાં 'મહાભારત'કારે સાહજિક માનવસ્વભાવનું આલેખન કરતાં કહ્યું છે કે માણસ મરણિયો બને ત્યારે કેવો જીવસટોસટનો દાવ ખેલે છે ! 'એક મરણિયો સોને ભારે' એ કહેવત આ યુદ્ધભૂમિમાં અક્ષરશઃ સાચી ઠરે છે.

યુદ્ધના કંપારી છૂટે તેવા વર્ણનને પણ સંવેદનસિક્ત થઈ વિચારીએ તો એકંદરે એમાં કરુણાનો ભાવ જ ભરેલો છે. આ વેદના, આ વિષાદ - આ જ માનવીની પામરતા !

મહાભારતકથામાં અગણ્ય દ્વંદ્વયુદ્ધો વર્ણવાયાં છે, પરંતુ તેથી સમગ્ર મહાસંગ્રામને કવિ હાંસિયામાં ધકેલતા નથી. વ્યાસજી યુદ્ધ અને રણભૂમિનું વર્ણન ખૂબ વિસ્તારથી, વિદ્વત્તાથી અને વિશદતાથી વર્ણવે છે.

યુદ્ધના સોળમા દિવસના મધ્યાહ્ન બાદ ઉન્મત્ત સાંઢ જેવા યુધિષ્ઠિર અને ઝેરી સર્પ જેવો દુર્યોધન ગર્જના કરતા, ફૂંફાડા મારતા એકબીજા પર બાણઝડી વરસાવવા લાગ્યા. બંને ઘાયલો લોહી વહેવાથી કેસૂડાનાં ફૂલો જેવા શોભતા હતા. દુર્યોધને ફેંકેલી સોનાના દંડવાળી, સંપૂર્ણ લોખંડની તીક્ષ્ણ અને ઉલ્કા સમાન શક્તિને યુધિષ્ઠિરે સરાણ પર ઘસેલા ત્રણ બાણથી કાપી નાખી અને તે શક્તિ ઉલ્કાની માફક અગ્નિ જેવી પ્રકાશતી પૃથ્વીમાં પેસી ગઈ.

સંધ્યાકાળ નજીક આવતો હતો અને યુદ્ધ મધ્યાહ્ન જેવું તપતું હતું. મુશળ, પરિઘ ને શતઘ્ની સમાન બાણો તેજસ્વી વજ્રની જેમ શત્રુ ઉપર વરસતાં હતાં. લોહીમાં ભીંજાયેલાં શસ્ત્રો અને કવચો ભૂમિ પર પડ્યાં હતાં. ભીષણતામાં પણ સૌંદર્યનો ભાસ સેવતા વ્યાસજી આ ભૂમિને સુંદર રંગથી રંગાયેલા વસ્ત્ર સમાન વર્ણવે છે. વાહનોએ માનવીનો અને માનવીઓએ વાહનોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. ખીલેલા કમળ, પૂર્ણિમાનો ચંદ્ર અને કાન્તિમાન સૂર્ય સમાન તેજસ્વી

મુખવાળા, સફેદ દાંત, સુંદર આંખો, ઘાટીલાં નાકવાળા, મનોહર મુગટ અને કુંડળથી શોભતા યોદ્ધાઓનાં મસ્તકોથી પૃથ્વી ભરાઈ ગઈ.

પ્રલયકાળની યમનગરીની જેમ આ યુદ્ધભૂમિ ભયાનક લાગતી હતી.

"રુદ્રની ક્રીડાભૂમિ સમાન આ ભયંકર રણમેદાન પર યક્ષ, રાક્ષસ, ભૂત, પિશાચ તથા શિકારી પ્રાણીઓએ પણ ચડાઈ કરી. મરણ પામેલાઓનાં માંસ-રુધિરનો સ્વાદ માણવા જે પક્ષીઓ આકાશમાં ભમતાં હતાં તે જાણે કે દારુણ અસ્ત્રથી બળાત્કારે પોતાની કાયાને ત્યજી ગયેલા પ્રાણો મૂર્ત રૂપ ધારણ કરીને ભમતા હોય અને પોતાની કાયામાં પ્રવેશ કરવા ટાંપી રહ્યા હોય તેવાં લાગતાં હતાં."

તે દિવસે પાંડવોથી પરાજિત થયેલા, ઘાયલ અને ભગ્ન અવયવવાળા, કવચ, આયુધ કે વાહનરહિત થયેલા કૌરવસેનાના વીરો દીન વાણીમાં વાત કરતા-કરતા દુઃખી થઈ છાવણીમાં પાછા ફર્યા. "ભાંગેલી દાઢવાળા, વિષરહિત તથા પગ નીચે કચડીને લાત મારવામાં આવેલા સર્પ સમાન તેઓની સ્થિતિ હતી."

ધૃતરાષ્ટ્રને સંજય દ્વારા આ ઘટના સાંભળવા મળી ત્યારે ધૃતરાષ્ટ્રને મુખ્ય રંજ એ હતો કે પાંડવો જાણે સ્ત્રીઓની વચ્ચે પ્રવેશ કરતા હોય તેમ નિર્ભયતાથી કૌરવસેના મધ્યે પ્રવેશતા હતા.

આપત્તિકાળે સ્વજન સાંભરે, તેમ રાત્રિશિબિરમાં દુર્યોધનને કર્ણ યાદ આવ્યો. એકલા દુર્યોધનનું જ નહીં, બધાનું મન કર્ણ તરફ ગયું. ઠંડીથી વ્યાકુળ માનવી સૂર્ય તરફ જ જુએ ને ? વ્યાકુળ કૌરવમહારથીઓને સૂર્યપુત્ર જ સાંભરે ને ?

દુર્યોધન શલ્યને કર્ણના સારથિ બનવા લુચ્ચાઈભરી કાકલૂદી કરે છે. વ્યાસજીએ દુર્યોધનના મુખમાં કેવા શબ્દો મૂક્યા છે ! તે કહે છે, "બ્રહ્મ શિવનું રક્ષણ કરે છે તેમ તમે બધી રીતે કર્ણનું રક્ષણ કરો." આ સાંભળી કુળ, ઐશ્વર્ય, જ્ઞાન અને બળના અભિમાનથી ભરેલા મહાબાહુ શલ્યનાં વિશાળ નેત્રો લાલઘૂમ બની ગયાં. એક આંખમાં ક્રોધ અને બીજી આંખમાં તિરસ્કાર ભરી, પોતે અપમાનિત થયો છે તેવું તે સ્પષ્ટ જણાવે છે. તકવાદી સ્વાર્થબુદ્ધિ દુર્યોધન કેટલી હદ સુધી ખુશામતખોરી કરે છે ! વ્યાસજી દુર્યોધનના મુખમાં શબ્દો મૂકે છે : "કર્ણ તો અર્જુનથી માત્ર અસ્ત્રવિદ્યામાં શ્રેષ્ઠ છે, પણ આપ તો શ્રીકૃષ્ણથી અશ્વવિદ્યા, બળ બંનેમાં શ્રેષ્ઠ છો !"

'મહાભારત' એક મહાકથા છે, એટલે તેમાં કથારસ જળવાય તે માટે

રસાળ શૈલી, પ્રસંગો અને વ્યક્તિચિત્રોનાં રસપૂર્ણ વર્ણનો, દશ્યો સર્જવાની સર્જકતા અને ક્ષમતાભર્યું આલેખન આવશ્યક છે. વળી કટુ સત્યનું આલેખન પણ જરૂરી અને તેની અભિવ્યક્તિની વાણીમાં સજ્જનને શોભે તેવી સંસ્કારિતા અને વિવેકશક્તિ પણ જળવાવી જોઈએ. 'મહાભારત'કાર મહાકવિ - મહામુનિના લખાણમાં આ બધું સંતુલિત ન હોય એવું તો અસંભવિત જ.

મહાદેવે તારકાસુરના ત્રણ પુત્રોનો અને દૈત્યોનો નાશ કરી દેવોને સંતુષ્ટ કરેલા તે પૌરાણિક દષ્ટાંત દ્વારા દુર્યોધન શલ્યને કર્ણના રથના સારથિ બની પોતાને હિતકર્તા બનવા અપાર વિનંતી કરે છે. ગરજવાનને અક્કલ હોય ? ના. પરંતુ દુર્યોધન ભલે ગરજવાન હતો, પણ બુદ્ધિશાળી ને મુત્સદ્દી હતો. દરેક વાતમાં તેની ગણતરી હતી જ. આખરે ધૃતરાષ્ટ્રનો પુત્ર છે ને !

વાત એવી છે કે દેવો અને રાક્ષસો વચ્ચે તારકાસુરના નાશ માટે યુદ્ધ થયેલું. દાનવોનો પરાજય થયો. તારકાસુરના ત્રણ પુત્રો - તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલી બચ્યા. તેઓએ તપ, સંયમ-નિયમથી બ્રહ્માને સંતુષ્ટ કરી ઇચ્છિત વરદાન મેળવ્યું. ત્રણેયે સોનાનું નગર સ્વર્ગમાં, રૂપાનું નગર આકાશમાં અને લોઢાનું નગર પૃથ્વી ઉપર બનાવ્યું. ત્રણેય રાક્ષસરાજ પોતાના તેજના મદથી છકી ગયા. બળ અને અભિમાને તેઓ નિર્લજ્જ અને વિવેકહીન બન્યા. મર્યાદા છોડી, દેવોનાં ઉદ્યાનો, ઋષિઓના આશ્રમો, વિજયસ્તંભો, રમણીય પ્રદેશોનો તેઓ નાશ કરવા લાગ્યા ત્યારે બધા દેવોએ બ્રહ્મસ્વરૂપ મહાદેવનું શરણ સ્વીકારી ભાવભરી સ્તુતિઓ કરી. કેવાં સુંદર વિશેષણો પ્રયોજ્યાં છે ! "અદ્વિતીય, અજન્મા, અજેય, અમોઘ, અપ્રમેય, અનિરુદ્ધ, ત્રિનેત્ર, ત્ર્યંબક, ત્રિશૂલધારી, રક્તવર્ણી, તપસ્વી, તેજોરાશિ, સ્તુતિપાત્ર, શ્રેષ્ઠદેવ, નીલકંઠ, મૃગચર્મધારી, શૂલધારી, જગત્કર્તા, જગત્પતિ, વ્રતશીલ અને તપના યોગથી આત્માને જાણનાર" વગેરે નામોચ્ચારભરી સ્તુતિ કરી.

પૃથ્વી પરના રાક્ષસોને મારવા તત્પર બનેલા મહાદેવ વિશે અદ્‌ભુતરસ ઉત્પન્ન કરતું વર્ણન વ્યાસજી કરે છે :

"વિશાળ નગરથી શોભતી, પર્વત, વન અને ટાપુઓથી યુક્ત, પ્રાણીમાત્રના આધારરૂપ પૃથ્વીને વિશ્વકર્માએ બુદ્ધિપૂર્વક શિવજીનો રથ બનાવી. મંદરાચલ પર્વત રથની ધુરા, ગંગા એ ચક્રની નાભિ, દિશા-પ્રદિશા રથનાં અંગ, ચમકતા ગ્રહો રથની ઈસ, તારાઓ રથની જાળ, ધર્મ, અર્થ અને કામ સાથે બનાવેલી બેઠક અને ફળફૂલ સહિતની ઔષધિઓ તે રથની ઘંટડી બન્યાં. સૂર્ય-ચંદ્ર રથનાં

બે ચક્રો બન્યા. શમ, ધૃતિ, મેધા, સ્થિતિ, સન્નતિ અને ગ્રહ, તારા, નક્ષત્રથી શોભતા આકાશને રથનું છત્ર બનાવ્યું."

જુઓ તો ખરા, મહાદેવની પ્રતિષ્ઠા અને સ્તુતિ !

"ઇન્દ્ર, વરુણ, યમ અને કુબેર એ ચાર લોકપાલ રથના ઘોડાઓ, પૂર્વ અમાસ, પૂર્વ પૂનમ, ઉત્તર અમાસ અને ઉત્તર પૂનમ રથના ઘોડાઓનાં જોતરાં તેમ જ તેના અધિકારી દેવો લગામના કાંટા બન્યા. કર્મ, સત્ય, તપ અને અર્થ તેની લગામ બન્યાં. મન રથની બેઠક અને સરસ્વતી રથનો માર્ગ બન્યાં.

પવન અનેક વર્ણની પતાકા ઉડાડતો ને ઇન્દ્રધનુષ વડે રથ પ્રકાશિત થવા લાગ્યો. ભગવાન શંકરે રથમાં પોતાનાં દિવ્ય શસ્ત્ર રાખ્યાં અને રથદંડને આકાશવ્યાપી કરી તેના ઉપર નંદીને બેસાડ્યો.

બ્રહ્મદંડ, કાળદંડ, રુદ્રદંડ અને જ્વર રથનું રક્ષણ કરતા, પરંતુ રથચક્રના રક્ષક હતા અથર્વ અને અંગિરસ મુનિઓ.

'ઋગ્વેદ', 'સામદેવ' અને પુરાણ આગળ ચાલવા લાગ્યા. ઇતિહાસ અને 'યજુર્વેદ' રથની પાછળ રક્ષા કરતા ચાલતા હતા. બધી વિદ્યા અને દિવ્ય વાણી પાર્શ્વચર બની ગઈ.

અંકુશ, કવચ વગેરે વષટ્કાર અને ૐકાર શિવના મુખમાં સ્થિર થઈ શોભવા લાગ્યા.

મહાદેવે છ ઋતુઓ સહિત સંવત્સરનું અનોખું ધનુષ્ય બનાવ્યું, મનુષ્યની કાલરાત્રિને દોરી બનાવી ને ધનુષ્યની અવિનાશી પ્રત્યંચા બનાવી.

વિષ્ણુ, અગ્નિ અને ચંદ્ર એ ત્રણ બાણ બન્યા. અગ્નિ અને ચંદ્ર જગતનું તેજ છે. સમગ્ર વિશ્વ વિષ્ણુમય છે."

અદ્ભુત ! અદ્ભુત ! વ્યાસજીની વર્ણનશક્તિ અદ્ભુત કે તેમની શિવભક્તિ અદ્ભુત અને અદ્વિતીય ?

શિવના કાલરાત્રિરૂપી ધનુષ્યની દોરી તથા બાણના સ્પર્શને અસુરો સહન કરી શક્યા નહીં. શીઘ્રકોપી શિવના એ બાણની વિશિષ્ટતા એ હતી કે એ બાણમાં પોતાનો અસહ્ય ક્રોધ તથા ભૃગુ અને અંગિરાએ રોષથી ઉત્પન્ન કરેલા અગ્નિને રાખ્યો હતો. આ વખતે શિવજી ધૂમ્રવર્ણવાળા, મૃગચર્મધારી, ભયંકર, હજારો સૂર્ય સમાન તેજસ્વી, નીલલોહિત અને તેજસ્વી જ્વાલાઓથી વીંટળાયેલા શોભતા હતા.

તે પછી દેવોએ પવિત્ર સુગંધનું વહન કરનાર વાયુને તે પરમાત્મા શિવના રથના ઘોડા બનાવ્યા ત્યારે પ્રસન્ન, વરદાયી, ખડ્ગ, ધનુષ્ય અને કવચધારી શિવે હસીને દેવોને પૂછ્યું કે સારથિ કોણ બનશે ? દેવો ગૂંચવાયા એટલે શિવે કહ્યું કે તમારામાં જે શ્રેષ્ઠ દેવ હોય તેને મારો સારથિ બનાવો.

પિનાકપાણિ શિવ દાનવોને ભયત્રસ્ત કરી યુદ્ધ કરવા તૈયાર છે. શત્રુને નસાડનાર રથમાં ચારેય વેદ ઘોડા બની તૈયાર છે. વન અને પર્વત સહિત પૃથ્વી અને નક્ષત્રગણ, કવચ વગેરે તૈયાર છે. હવે ફક્ત સારથિની જ વાટ જોવાય છે. રથ, યોદ્ધા, શસ્ત્ર વગેરેની સફળતા સારથિ પર આધારિત છે. આ સાંભળી દેવો બ્રહ્માને વીનવે છે : "હે બ્રહ્મા ! તમે બધા દેવોમાં શ્રેષ્ઠ અને સર્વગુણસંપન્ન છો. તમે સારથિપણું સ્વીકારો."

ત્રિલોકસ્વામી પ્રપિતામહ બ્રહ્માએ ઘોડાની લગામ હાથમાં લીધી અને મનોવેગી ઘોડાને હંકાર્યા.

ભગવાન શિવે પાશુપત-અસ્ત્રનું સંધાન કરી દેવશત્રુ એવા દૈત્યોને ભસ્મીભૂત કરી પશ્ચિમ સમુદ્રમાં નાખી દીધા.

દુર્યોધન હવે કહે છે : "જેવી રીતે ત્રણેય લોકને ધારણ કરનારા પ્રપિતામહ ભગવાન બ્રહ્મા શિવના સારથિ બન્યા, તેવી રીતે તમે રાધાપુત્ર કર્ણના સારથિ બનો."

જન્મજાત કવિ અને સાંગોપાંગ સર્જક વ્યાસજી પાસેથી કેટકેટલાં રૂપકો, અલંકારો, દૃષ્ટાંતો આપણને સાંપડે છે ! વ્યાસજી પૌરાણિક કથાનક લઈ તેનો કેવો કલ્પનામય, કલાત્મક ઉપયોગ કરે છે !

શલ્ય સારથિ તરીકે નિયુક્ત થયો. સત્તરમા દિવસે સવારે સિંહ પર્વતના શિખર પર ચડે, તેમ મહાતેજસ્વી શલ્ય કર્ણના શ્રેષ્ઠ રથ પર ચડ્યો. આ જોઈને કર્ણ પોતે પણ "વીજળી સહિત વાદળ ઉપર સૂર્ય સ્થિર થાય", તેમ રથારૂઢ થયો. જાણે આકાશમાં સૂર્ય અને અગ્નિ એકસાથે પ્રકાશ્યા હોય, તેમ રથ ઉપર સૂર્ય અને અગ્નિ સમાન તેજસ્વી કર્ણ અને શલ્ય શોભતા હતા. યજ્ઞમાં ઋષિઓની સ્તુતિ થાય, તેમ આ બંને વીરોની સ્તુતિ થવા લાગી. ઇન્દ્રને પ્રસન્ન કરવા વિશ્વકર્માએ બનાવેલા 'વિજય' નામના ધનુષ્યનો કર્ણે ટંકાર કર્યો ત્યારે આસપાસ મંડળોવાળો બીજો સૂર્ય હોય તેમ તે શોભતો હતો.

કર્ણ જ્યારે યુદ્ધે ચડ્યો ત્યારે સૂર્યમાંથી સાત ગ્રહો નીકળતા હોય તેમ

દેખાવા લાગ્યું. ઉલ્કાપાત થયો અને દિશાઓ સળગવા લાગી. ભયંકર આંધી સાથે વીજળી પડવા લાગી. હરણ અને વિશાળકાય પક્ષીઓ ભયની સૂચના આપતાં હોય તેમ સૈન્યની જમણી બાજુએ ઊડવા લાગ્યાં. કર્ણે પ્રસ્થાન કર્યું કે તરત જ તેના અશ્વ પડી ગયા. આકાશમાંથી હાડકાંનો વરસાદ વરસવા લાગ્યો. શસ્ત્ર આપોઆપ સળગવા લાગ્યાં. ધ્વજ કંપવા લાગ્યા. હાથી અને ઘોડા આંખમાંથી આંસુ વરસાવવા લાગ્યા.

પરંતુ પ્રારબ્ધવશ મોહ પામેલા કૌરવોએ આ ઉલ્કાપાતને ન ગણકાર્યો. ઊલટાનું તેઓ એમ માનવા લાગ્યા કે હવે પાંડવો પરાજિત થશે.

આવી અમંગળ એંધાણી એટલે જાણે પરીક્ષા પહેલાં જ જાહેર થતું પરિણામ. કૌરવોએ તે કાંઈ લક્ષમાં ન લીધું એ માનવસહજ નિર્બળતા અને પ્રારબ્ધનિર્માણ.

શેખીખોર કર્ણ શલ્યને કહે છે : "દેવરાજ ઇન્દ્ર અને વિષ્ણુ સમાન પરાક્રમી અને શત્રુથી અવધ્ય એવા ભીષ્મ અને દ્રોણ યુદ્ધમાં માર્યા ગયા, તોપણ હું યુદ્ધથી ડરતો નથી." ત્યારબાદ દ્રોણની પ્રશંસા કરતાં કહે તે છે : "મહાત્મા દ્રોણ શિક્ષા, પ્રસન્નતા, બળ, બુદ્ધિ, અસ્ત્રશસ્ત્રની નિપુણતા અને નમ્રતાથી ભરેલા હતા. હવે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે હું આજે તે બધાને મરણાધીન માનું છું. કર્મની અનિત્યતા હોવાથી જગતમાં કશું જ શાશ્વત નથી. ગુરુ દ્રોણના મૃત્યુ પછી નિઃશંક કહી શકાય કે કાલના સૂર્યોદય સુધી જીવતા રહેવાનું અભિમાન કોણ રાખી શકે ? અસ્ત્ર, પરાક્રમ, સિદ્ધિ, ઉત્તમ નીતિ - આ બધાં માનવીને પૂર્ણ સુખ આપનાર નથી, સમર્થ જ નથી. આ સર્વગુણયુક્ત સાક્ષાત્ દ્રોણ પણ શત્રુના હાથે યુદ્ધમાં હણાયા. તેઓ તેજમાં અગ્નિ અને સૂર્ય સમાન, પરાક્રમમાં વિષ્ણુ અને ઇન્દ્ર સમાન, નીતિમાં બૃહસ્પતિ અને શુક્રાંચાર્ય સમાન હતા."

કર્ણના મુખમાંથી દ્રોણાચાર્યની આટલી ગુણપ્રશંસા એ ઉદાત્ત ભાવનાનું જ દર્શન છે. વ્યાસજીના શબ્દો સંસ્કારના 'ઍમ્બૅસેડર' છે.

વળી પાછો કર્ણ પોતાની બડાઈ હાંકવા લાગે છે. ભાગ્યસંજોગ નહીં તો બીજું શું ? તે કહે છે : "આ મહાયુદ્ધમાં યમ, વરુણ, કુબેર અને ઇન્દ્ર પણ એકસાથે પોતાના સૈન્ય સાથે આવી અર્જુનની રક્ષા કરવા ઇચ્છે તોપણ હું તે સર્વ સહિતના અર્જુનને જીતી લઈશ."

શલ્યે દુર્યોધનને કહેલું એક વાક્ય - વચન યાદ રાખવા જેવું છે : "પોતાની નિંદા અથવા પ્રશંસા તથા બીજાની નિંદા કે સ્તુતિ - આ ચાર પ્રકારનાં આચરણો આર્યો કરતા નથી."

'મહાભારત'ના મર્મજ્ઞો કહે છે : ''દેહ પરનાં કવચ-કુંડળ ઊતરડી આપવાં સહેલાં છે, પણ અહંકાર, આગ્રહ, પૂર્વગ્રહ કે હઠાગ્રહરૂપી કવચ-કુંડળ આપવાં દુષ્કર નહીં, અતિ દુષ્કર છે.''

અર્જુનનો વધ કરવા તલપાપડ કર્ણે જાહેર કર્યું કે અર્જુન અને શ્રીકૃષ્ણ રણભૂમિમાં ક્યાં છે તેની ભાળ આપનારને અઢળક ભેટસોગાદો આપવામાં આવશે. સૈન્ય તો પ્રસન્ન થઈ ગયું, પણ શલ્યે અટ્ટહાસ્ય કરતાં ચોપડાવ્યું : ''હે સૂતપુત્ર ! તમે કોઈને હાથી સમાન બળદ જોડેલો સોનાનો રથ આપો નહીં. મૂઢતાથી કુબેર સમાન સંપત્તિનો તમે ત્યાગ કરી રહ્યા છો.'' પછી તે આશ્ચર્ય દર્શાવે છે : ''શું તમે બળવાન અર્જુનને યુદ્ધ કરવા આમંત્રણ આપો છે ? તેજસ્વી અર્જુનને આજે તમે મોહવશ બની જીતવાની ઇચ્છા કરે છે ?'' ''માતાના ખોળામાં સૂતેલું બાળક ચંદ્ર મેળવવાની ઇચ્છા કરે તેવી અર્જુનને પરાજિત કરવાની તમારી ઇચ્છા પણ બાલિશ છે. ગળામાં પથ્થર બાંધીને ખાલી હાથે સમુદ્ર તરવો છે ? માછલીઓથી ભરેલા, ચંદ્રોદય સમયે ઊછળતા જળથી પૂર્ણ સમુદ્રને નાવ વગર પાર કરવાની ઇચ્છા તમે ધરાવો છો ?''

ઠપકો આપતાં શલ્ય આગળ કહે છે : ''ભડભડતી આગમાં પડતું મૂકતાં તમને રોકે એવો તમારે કોઈ મિત્ર નથી ?'' આમાં કર્ણને ઠપકો છે, પણ દુર્યોધન ઉપર કટાક્ષ પણ ખરો ને ! શલ્ય વાસ્તવિકતા સમજાવી કર્ણને ધરતી પર લાવવા પ્રયત્ન કરે છે : ''મૂર્ખ અને વેગથી દોડતા ક્ષુદ્ર હરણ કોઈ કેશવાળીવાળા સિંહને, કોઈ સસલું મોટી ઈસ જેવા દાંતવાળા હાથીને, મૂર્ખાઈથી લાકડી મારીને દરમાં બેઠેલા ક્રોધી અને ઝેરી સર્પને, કોઈ નાનકડો સાપ પક્ષીશ્રેષ્ઠ વિનતાપુત્ર ગરુડને પોતાના નાશ માટે કે પછી નાનકડું વાછરડું કોઈ ઉન્મત્ત અને નગારા જેવી ડોકવાળા, તીક્ષ્ણ શીંગડાંવાળા બળદને યુદ્ધ કરવા ઉશ્કેરે, તેમ તમે બળવાન અર્જુનને યુદ્ધ કરવા આમંત્રણ આપો છો.''

શલ્ય અર્જુનના પરાક્રમને બિરદાવે છે : ''પાણીથી વરુણને, બળતણથી અગ્નિને કોણ મારી શકે ? અર્જુન અપરાજિત જ રહેશે. અર્જુનને હરાવવો મુશ્કેલ છે. યુદ્ધમાં જે અર્જુન પર વિજય મેળવે તે પૃથ્વીને ઉપાડી શકે, સમગ્ર પ્રજાને ભસ્મીભૂત કરી શકે, સ્વર્ગમાંથી દેવોને પણ નીચે પાડી શકે.''

અનેક દાખલા-દૃષ્ટાંતો વડે અર્જુનનાં પ્રતિભા-શૌર્ય સાથે સરખામણી કરીકરીને શલ્ય કર્ણને નીચો પાડવાનું ચાલુ રાખે છે. તે કહે છે : ''એક જ રથ

પર બેઠેલા સૂર્ય-ચંદ્ર સમાન શ્રીકૃષ્ણ અને અર્જુનને જ્યાં સુધી તમે જોયા નથી ત્યાં સુધી તમે પોતાની જાતને વાઘ માનો છો."

શલ્ય જાણે પીછો છોડતો નથી. તે કહે છે : "મહાન ગર્જના કરનાર ને પ્રજાને પાણી આપનાર મેઘ સામે દેડકાં અવાજ કરે, તેમ તમે બાણવર્ષા વરસાવનાર મેઘ જેવા અર્જુન સાથે યુદ્ધ કરવાની વ્યર્થ, બાલિશ અને મૂર્ખાઈભરેલી ઇચ્છાથી ગર્જના કરો છો.

સિંહને જોયા સિવાય વનમાં સસલા સાથે રહેતું શિયાળ પોતાને સિંહ માને, તેમ તમે પોતાને સિંહ માની કૌરવો વચ્ચે ગર્જના કરતા ફરો છો, પરંતુ જ્યાં સુધી ગાંડીવનો ટંકાર સંભળાતો નથી ત્યાં સુધી તમારી ઇચ્છા મુજબ તમે બકવાસ કરી શકો છો. જ્યારે તમે દશેય દિશાઓ ગજવતા અર્જુનને જોશો ત્યારે તમે શિયાળ બની જશો."

કર્ણને નાહિંમત કરતો શલ્ય કર્ણને ચેતવતાં કહે છે : "ઘરમાં બેઠેલો કૂતરો વનના સિંહ સામે ભસે, તેવી રીતે તમે નરવીર અર્જુનને યુદ્ધ કરવા બોલાવી વ્યર્થ પુરુષાર્થ કરો છો. યુદ્ધમાં ક્યારેય શિયાળે સિંહને માર્યો જાણ્યો છે ? વનમાં માંસ ખાઈ તૃપ્ત થયેલું શિયાળ સિંહ પાસે જઈ નાશ પામે, તેમ તમે પણ અર્જુન સામે નાશ પામશો."

હવે જુઓ શેખી મારતા કર્ણના પરાક્રમને નપુંસક ઠરાવતાં શલ્યનાં વચનો : "જેવી રીતે ઉંદર અને બિલાડી, કૂતરો અને વાઘ, શિયાળ ને સિંહ, સસલું અને ઉન્મત્ત હાથી પોતાની નિર્બળતા અને બળ માટે પ્રસિદ્ધ છે, તેમ તમે અને અર્જુન પ્રસિદ્ધ છો." હજુ તો શલ્યને ફટકો મારવો બાકી છે : "જેમ અસત્ય અને સત્ય, ઝેર અને અમૃત, તેમ તમે અને અર્જુન પોતાનાં કર્મોથી પ્રસિદ્ધ છો. શ્રીકૃષ્ણ અને અર્જુન પોતાના તેજથી પ્રખ્યાત છે. તમે તો માનવીમાં પણ પતંગિયા સમાન છો."

કર્ણને કટુવચનો સંભળાવી હતોત્સાહ કરવાનું વચન યુદ્ધપ્રારંભે જ યુધિષ્ઠિરને આપેલું તે શલ્યે પાળી બતાવ્યું. કલમના કસબી વ્યાસજીએ કેટકેટલાં દૃષ્ટાંતો તથા અલંકારોથી શલ્યની વાણીને તેજીલી બનાવી છે !

સંસ્કૃત સુભાષિત છે : "જેમ આકાશમાં ઉન્નતિ પામેલા ચંદ્રનો રાહુ કોળિયો કરી જાય છે, તેમ સજ્જનને ઉન્નતિ પામેલો જોઈને દુર્જન તેનો વારંવાર દ્વેષ કરે છે."

દ્વેષીલો કર્ણ અર્જુનનાં વખાણ સાંખી શકતો નથી. ઊલટો તે આપવડાઈમાંથી ઊંચો આવતો નથી. તે કહે છે : "જળના સ્વામી સમુદ્રને રોકનાર કિનારાની જેમ હું અર્જુનનાં બાણને રોકી પાડીશ. બળવાન પ્રહાર કરવામાં કુશળ, ઉગ્ર વાયુ સમાન તોડફોડ કરનારા અર્જુનના વેગને હું હિમાલય પર્વતની જેમ સ્થિર રહી સહન કરીશ." અત્યારે તો કર્ણ સ્વબચાવ જેવા શબ્દો બોલે છે, પણ તરત પાછો આક્રમક બને છે : "સૂર્ય સમાન તપ્ત યશથી પ્રકાશિત સૂર્યને મેઘ ઢાંકી દે છે, તેમ હું મારાં બાણથી અર્જુનને ઢાંકી દઈશ." "જગતને બાળનાર જ્વાલા અને ધુમાડાવાળા અગ્નિરૂપી અર્જુનને હું શાંત કરી નાખીશ." કર્ણ આત્મવિશ્વાસની મર્યાદા વટાવી આત્મપ્રશંસા કરતાં કહે છે : "દંડધારી યમ, ફાંસીધારી વરુણ, ગદાધારી કુબેર અને વજ્રધારી ઇન્દ્ર અથવા કોઈ પણ આતતાયીથી હું ડરતો નથી. હે શલ્ય ! હું કોઈથી ડરતો નથી !"

મહાભીષણ યુદ્ધ દરમિયાન ચાલુ રહેલી ચીસાચીસ, આક્રંદ, આક્ષેપો, વાગ્બાણો, આહ્‌વાનો, કરગરતા કરુણ સૂરો વચ્ચે પણ વ્યાસજી 'શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા' જેવો સંદેશ, શિખામણ, માનવતા, ક્ષમાભાવનાઓનો ઉલ્લેખ કરવાનું ચૂકતા નથી. આ જ તેમનું સાહિત્યક્ષેત્રે નમતું પલ્લું છે.

આટલા બધા અપમાનિત શબ્દો, આક્ષેપો ને મહેણાં-ટોણા વચ્ચે પણ કર્ણ મિત્રના ગુણો અને શત્રુનાં લક્ષણો બોલ્યા વિના રહેતો નથી. તે કહે છે :

"મિત્ર તેને કહેવાય, જે સ્નેહ, આનંદ, પ્રિય કરવું, રક્ષણ કરવું એવાં કાર્યો કરે છે અને એ બધા ગુણો મારામાં છે; અને જે મારે છે, શાસન કરે છે, ક્ષીણ કરે છે, હિંસા કરી શિથિલ કરે છે, ત્યાગ કરે છે તે શત્રુ કહેવાય; અને આ બધા ગુણો તારામાં સ્પષ્ટ દેખાય છે."

આજથી સત્તર દિવસ પહેલાં શ્રીકૃષ્ણે 'શ્રીમદ્‌ ભગવદ્‌ગીતા' દ્વારા અર્જુનને દૈવી અને આસુરી સંપત્તિનાં લક્ષણો વર્ણવેલાં. આજે કર્ણ મિત્ર અને શત્રુના ગુણધર્મો ચર્ચે છે. ક્યાં અર્જુનની નમ્રતા અને ક્યાં કર્ણની આત્મપ્રશંસા ! દેવત્વ અને મનુષ્યત્વનો આ જ તફાવત. ચંદ્ર અમૃત વરસાવતો જ રહે, સર્પ ઝેર ઓકતો જ રહે.

"દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત."

શલ્ય કર્ણને સારથિના ધર્મો સમજાવે છે. શબ્દો સમજવા જેવા છે : "સારથિએ સારો-ખરાબ સમય, રથીનું બળ અને નિર્બળતા, રથની ખામી-ખૂબી, રથી સાથેના અશ્વનું બળ, શ્રમ અને સમજદારી, અસ્ત્રશસ્ત્રની જાણકારી, પશુ-

પક્ષીનાં શુકન-અપશુકન, ભાર-અતિભાર, વાગેલાં બાણોનો ઉપચાર વગેરે રથીને કહેવાં જોઈએ.

હું આ રથનો સારથિ હોવાથી કુટુંબી બન્યો છું, તેથી બધી બાબતોનું જ્ઞાન મારે રાખવું જોઈએ.''

શલ્ય કર્ણને એક કથા સંભળાવે છે - ઉચ્છિષ્ટ ખાવાથી પુષ્ટ અને ગર્વિષ્ઠ બનેલો કાગડો અને માનસરોવરના દૂરગામી હંસની કથા, કર્ણને કંઈ જ્ઞાન થાય એ અપેક્ષાથી.

મૂર્ખ કાગડો હંસોની નિંદા કરી આપવડાઈ હાંકે છે ને કહે છે, હું એકસોએક પ્રકારની ઉડાન જાણું છું. દરેક ઉડાન સો યોજનની. કેટલીક ઉડાનનાં નામ તે ગણાવે છે : ઉડ્ડીન, અવડીન, પ્રડીન, ડીન, નિડીન, સંડીન, તિર્યગ્ડીન, વિડીન, પરિડીન, પારડીન, સુડીન, અતિડીન, મહાડીન, પારિડીન, ગતાગત, પ્રતિગત, નિકુડીન વગેરે વગેરે...

પક્ષીશાસ્ત્રના જ્ઞાતા હોવાથી જ વ્યાસજી આટલી ઉડાનનાં નામ આપી શકે છે ને ? વ્યાસજી કહે છે ચક્રાંગ હંસ એક જ પ્રકારે ઊડનાર હતો. હોડમાં ઊતરેલો કાગડો સ્વપ્રશંસા કર્યા કરતો હતો, પણ થોડી જ વારમાં સમુદ્રના પાણીમાં ગોથાં ખાતો કાગડો જીવ બચાવવા કરગરતો હતો. હારેલા-થાકેલા કાગડાને ઉદાર- હૃદય હંસોએ બચાવી લીધો ને તેને જીવતદાન મળ્યું.

શલ્ય કર્ણને ટોકે છે કે તું પણ પેલા કાગડા જેવો છે. કૌરવોનું ઉચ્છિષ્ટ ખાઈને તું છકી ગયો છે ને બધાને નિંદે છે.

દુર્યોધને કર્ણને મિત્ર લેખ્યો છે, પણ શલ્યના આ આક્ષેપોથી તો ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્યના 'અર્થસ્ય દાસોऽહં' ઉદ્‌ગારો યાદ આવે છે.

'મહાભારત' મૈત્રીનું મહાકાવ્ય પણ છે. શ્રીકૃષ્ણ અને અર્જુન - નર-નારાયણ તેમ જ દુર્યોધન-કર્ણની ઉદાત્ત મૈત્રીનો ઉન્મેષ જોવા મળે છે; જ્યારે દ્રોણ-દ્રુપદની બાળપણની મૈત્રીમાં મોટપણે લૂણો લાગ્યો છે.

પગ તળે કચડાયેલો નાગ ફૂંફાડા મારતો બેઠો થાય કે પછી ચાબુકના પ્રહારે પાણીદાર ઘોડો ઝાડ થાય, તેમ શલ્યના તીખા અને ધારદાર શબ્દોથી ધૂંધવાઈને કર્ણ બેબાકળો બને છે. તે રોષથી બરાડે છે : ''દોરામાં પરોવાયેલા બે મણિ જેવા, પ્રેમથી બંધાયેલા આ બંને મામા-ફોઈના અપરાજિત ભાઈઓને તું મારાથી મરાયેલા જોઈશ !''

કર્ણ સૂર્યપુત્ર છે, તેથી બુદ્ધિશાળી જ હોય; પરંતુ બુદ્ધિશાળી હોવું જેટલું લાભદાયક છે તેટલું જ નુકસાનકારક બની શકે છે. કર્ણની બુદ્ધિએ તેના અહંકારને ઢંઢોળી ભીતરની ચેતનાને ડહોળી નાખી છે.

સારથિ હંમેશાં સ્વસ્થ રહી, રથીને પ્રેરણા આપે, રથી સારથિને માન આપે, પરંતુ અહીં બેમાંથી કાંઈ બનતું નથી. શલ્ય કર્ણને પાછો પાડે છે અને કર્ણ ક્રોધ, અહંકાર અને દ્વેષના કારણે શલ્યને ભાંડવા માંડે છે. કર્ણ કહે છે :

"તું મૂર્ખ અને દુષ્ટ છે, કાયર છે. મહાયુદ્ધો લડવાનું તને જ્ઞાન નથી. શ્રીકૃષ્ણ-અર્જુનનાં વખાણ કરી મને શા માટે ડરાવે છે ? દુષ્ટ દેશમાં જન્મેલા, હે શલ્ય ! તું આવું કર તેમાં નવાઈ નથી, કારણ, મદ્રદેશના માનવી હંમેશાં મિત્રદ્રોહી, દ્વેષી, દુષ્ટ, અસત્યવાદી, કુટિલ, ગંદા, અપવિત્ર, ચંચળ મનવાળા છે તેવો સર્વ શાસ્ત્રજ્ઞોનો અનુભવ છે." વળી મદ્રદેશની સ્ત્રીઓ માટે પણ અત્યંત હીન અને અશ્લીલ આક્ષેપો કરતા કર્ણ કહે છે : "મદ્રદેશની સ્ત્રીઓ ભારે શરીરની, ખાઉધરી, મલિન માળા અને ચંદન લગાવેલી, મદ્યપાન કરી મોહિત થઈ, વસ્ત્રો ઉતારી, નગ્ન બની નૃત્ય કરતી, મૈથુન માટે સંયમ છોડી પ્રવૃત્ત થઈ અનેક રીતે પોતાની ઇચ્છા પ્રમાણે કોઈ પણ પુરુષની ઇચ્છા રાખે છે. સોળ વર્ષની ગૌરવર્ણવાળી, પુષ્ટ અને આભૂષણોથી શોભતી સ્ત્રીઓ નૃત્ય કરી તૃપ્ત થયા પછી ડુંગળી સાથે બોકડાનું પણ ભક્ષણ કરતી; સૂવર, મરઘાં, ગાય, ગધેડા, ઊંટ અને બોકડાનું માંસ જેઓ ખાતા નથી તેમનો જન્મ નિરર્થક છે એવું ગાનારી તે સ્ત્રીઓ લજ્જાહીન, નિર્લજ્જ, અધર્મી સ્ત્રીઓ ગધેડી સમાન અને ઊંટડી સમાન ઊભીઊભી લઘુશંકા કરે; કૂતરાએ ચાટેલા માટી અને લાકડાનાં વાસણમાં જમતા, સંસ્કાર અને વૈદિક કર્મરહિત, કૃતઘ્નતા, બીજાનું દ્રવ્ય હરી લેવું, ગુરુપત્ની સાથે ગમન કરવું, ભીખ માગવી તે ક્ષત્રિયનું કલંક, વેદશાસ્ત્રથી વિપરીત આચરણ તે બ્રાહ્મણનું કલંક; સ્ત્રીઓનું કલંક તે મદ્રદેશની સ્ત્રીઓ અને પૃથ્વીનું કલંક તે બાહ્‌લિક દેશ... આવી નિર્લજ્જ મદ્રવાસી સ્ત્રીનો પુત્ર થઈને તું મને ધર્મ સમજાવે છે ?"

मद्रके संगतं नास्ति हतं वृश्चिक ते विषम् ।
आथर्वणेन मंत्रेण यथा शांतिः कृता मया ।।

'અથર્વવેદ'માં મંત્ર છે : "મદ્રવાસીઓ સાથેનું સખ્ય વ્યર્થ હોય એ સત્ય સ્વીકારી વૃશ્ચિકનું આ વિષ નષ્ટ થાઓ. હે વૃશ્ચિક સમાન શલ્ય !

મદ્રદેશવાસીઓમાં સૌહાર્દની ભાવના હોતી નથી. હું આ મંત્ર બોલ્યો છું, તેથી તારું ઝેર સંપૂર્ણપણે નાશ પામ્યું છે."

સંયમ ઓળંગતાં આટઆટલાં વચનો પછી પણ કર્ણ થાકતો નથી. તે શલ્યને ધમકી આપે છે : "તડકાથી પીડાતા હરણની માફક કંઠ સુકાય ત્યાં સુધી તું વિલાપ કરતો રહે. ક્ષાત્રધર્મમાં સ્થિર એવા મને તું ડરાવી શકીશ નહીં. જો તું બોલતો બંધ નહીં થાય તો તને મારીને હું માંસભક્ષી પ્રાણીઓને આપી દઈશ. વજ્ર સમાન ગદાથી તારું મસ્તક તોડી નાખીશ."

કર્ણને શલ્ય સાથે ન બન્યું, તેથી સમગ્ર મદ્રવાસીઓ માટે અત્યંત હીણાં વચનો સંભળાવ્યાં. 'ભગવદ્‌ગીતા'નો શ્લોક યાદ આવે છે ને ?

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.

વાણી-વ્યભિચારી કર્ણ વધુ નીચે ઊતર્યો, મનથી પણ નબળો પડ્યો. ભીષ્મે કહ્યું જ હતું : "તેં નીચની સોબત કરી છે." આ શબ્દો કેટલા સાચા છે ! કુંતી જેવી માતા, સૂર્ય જેવા પિતા, કદાવર સુવર્ણમય દેહ, અસાધારણ ગુણો, બુદ્ધિ, શક્તિ, છતાં આવી ભાષા ? કર્ણની પ્રશંસા કરવી, દયા ખાવી કે ઘૃણાભાવ રાખવો ? કેવું વ્યક્તિત્વ !

કર્ણના અતિ નિંદનીય વાણી-વ્યભિચારથી શલ્ય વીંધાઈ ગયો; તે એટલું જ બોલી શક્યો : "બધા દેશના માનવીઓ પરસ્પર વાતો કરતી વખતે ઉપહાસ કરી દુઃખી કરે છે અને બધા દેશોમાં સ્ત્રીઓ સાથે કામોપભોગ પણ કરે છે. બીજાના દોષો જોવામાં બધા જ નિપુણ હોય છે, પણ પોતાના દોષ કોઈ જોતું-જાણતું નથી. કદાચ જાણે છે, પણ છતાં અજાણ્યાની જેમ આંખ આડા કાન કરે છે."

પેલું સુભાષિત છે ને કે "દુર્જન બીજાના દોષો સરસવ જેટલા નાના હોય તે પણ જુએ છે અને પોતાના દોષ બીલા જેવડા મોટા હોય તોપણ તેને દેખાતા નથી."

એક આડવાત. જયદ્રથને માટે અર્જુનને અત્યંત તિરસ્કાર છે. અર્જુન જયદ્રથને 'પાપદેશોદ્‌ભવઃ' - "પાપી દેશમાં ઉત્પન્ન થયેલો" અને "બધાય પ્રાણીઓનાં દૂધ અને માંસ ખાનારો" કહ્યો છે. અર્જુન પણ ઓછો નથી. હવે વિચારવાનું એ છે કે ભારતને ખૂણેખૂણેથી આવેલા લડવૈયા ભલે એકબીજાને

પડખે ઊભા રહ્યા છે, છતાં એકબીજા માટે કેવો અભિપ્રાય ધરાવે છે ! કેવું બોલે છે ! વ્યાસજીએ માનવસ્વભાવની અસલ આકૃતિ ચિત્રિત કરી છે.

મહારથી શલ્ય અને કર્ણની વાત ચાલતી હતી ત્યારે જ ગંગા-જમુના સમાન વેગવાળી બંને સેના સામસામી આવી ગઈ.

સંજય ધૃતરાષ્ટ્રને અહેવાલ આપે છે કે તમારા પુત્રની દુષ્ટ નીતિને કારણે અર્જુને પોતાની સેનાનો વ્યૂહ બદલ્યો.

કબૂતરી રંગના ઘોડાવાળા રથ પર ચડેલો ધૃષ્ટદ્યુમ્ન સૂર્ય-ચંદ્ર સમાન શોભતો હતો. લોકોને તે કાળસ્વરૂપ દેખાવા લાગ્યો. દ્રૌપદીપુત્રો તથા અન્ય યોદ્ધાઓ રક્ષણાર્થે તેને ઘેરીને ઊભા ત્યારે ધૃષ્ટદ્યુમ્ન "તારાઓ વચ્ચેના ચંદ્ર સમાન શોભતો હતો."

પૂર્વે અર્જુને નિવાતકવચ દાનવો સાથે યુદ્ધ કર્યું હતું તેવું અર્જુન સાથે સંશપ્તકોનું મોટું યુદ્ધ થયું. પાતાળની ઘૂમરીની જેમ ડૂબી જતા અર્જુનના રથને જોઈ સંશપ્તકો પ્રસન્ન થઈ, ગર્જના કરવા લાગ્યા, પરંતુ તરત જ પ્રલયકાળના શિવ પ્રજાનો નાશ કરે, તેમ અર્જુન ચારેય દિશામાં ઘૂમતો શત્રુઓને મારવા લાગ્યો.

તો આ તરફ ઇન્દ્ર રાક્ષસોનો નાશ કરે, તેમ કર્ણ પાંડવસેના ઉપર ત્રાટકી તેનો નાશ કરવા લાગ્યો. સર્વત્ર હાહાકાર થઈ ગયો. કર્ણના આક્રમણને ખાળવા પાંચાલ વીરો ધસી ગયા. માનસરોવરના હંસોની જેમ આવી પડેલા પાંચાલોએ ધોધમાર બાણવર્ષા કરવી શરૂ કરી.

પરંતુ બાણરૂપી જ્વાલા અને પરાક્રમરૂપી ક્રોધયુક્ત કર્ણરૂપી અગ્નિ મેદાનમાં ચારેય તરફ નૃત્ય કરતો હોય તેમ પાંડવરૂપી વનને બાળવા લાગ્યો.

રૂપકપ્રેમી વ્યાસજી કર્ણના અમાનુષી બાણને વર્ણવતાં કહે છે : "આકાશ, અંતરીક્ષ, પૃથ્વી, બધી દિશાઓ તીક્ષ્ણ બાણોથી ભરાઈ ગયાં ત્યારે આકાશ લાલ રંગનાં વાદળોથી આચ્છાદિત હોય તેવું લાગતું હતું." ચિત્રકારદૃષ્ટિના વ્યાસજી ચિત્ર આલેખતાં જણાવે છે : "વાયુવેગથી શાલવૃક્ષ જમીનદોસ્ત થાય, તેમ યોદ્ધાનાં હાથ, મસ્તક કવચરહિત બની જમીનદોસ્ત થઈ ગયાં."

પિતા કર્ણની મદદે પુત્ર સત્યસેન દોડી આવ્યો, પણ ભીમે તેનું ચંદ્ર જેવા મુખવાળું મસ્તક કાપી નાખ્યું. "જાણે દાંડલીથી કમળ છૂટું પડી ગયું."

હજારો સૈન્યબળથી ઘેરાયેલો કર્ણ સૈન્યન તોડી યુધિષ્ઠિર તરફ દોડ્યો. વૈદ્ય, મંત્ર અને ઔષધિ રોગને અટકાવે, તેમ પાંચાલો, પાંડવોએ યમરાજ જેવા વૈકર્તન કર્ણને શરવર્ષાથી રોક્યો, પરંતુ મંત્ર કે ઔષધિથી કાબૂમાં ન આવતા રોગની માફક કર્ણ બધા વીરોને અટકાવી યુધિષ્ઠિર તરફ દોડ્યો. જોકે જેમ બ્રહ્મદેવતાને મૃત્યુ મારી શકતું નથી, તેમ કર્ણ પણ આગળ જઈ શક્યો નહીં, છતાંય યુધિષ્ઠિરના રથચક્રની રક્ષા કરતા બે પાંચાલ વીરોને તો કર્ણે વીંધ્યા જ. તે વીરો કેવા શોભતા હતા ? "ચંદ્રની પાસે પુનર્વસુ નક્ષત્ર શોભે તેવા."

શબ્દપૂજારી - શબ્દચિત્ર આલેખતા વ્યાસજી યોગ્ય સ્થળે, યોગ્ય અને મનભાવન રંગો પૂરી મનમોહક સાથિયા પૂરે છે, રૂપકો આદિથી અલંકૃત તોરણો ટાંગી આપણને જાણે તેઓ આવકારે છે.

તેજસ્વી બાણોથી કર્ણે યુધિષ્ઠિરનું બખ્તર ચીરી નાખ્યું. કેટલું સુંદર દેખાય છે આ બખ્તર ? "સૂર્યયુક્ત વીજળી સહિત મેઘવાયુનો આઘાત સહીને નીચે પડે તેમ સોનેમઢ્યું બખ્તર પડ્યું. કવચરહિત યુધિષ્ઠિરનું દિવ્ય રત્નોવાળું શરીર નિરભ્ર આકાશમાંના તારા જેવું શોભતું હતું." છે ને રજવાડી ઠાઠ !

કર્ણે યુધિષ્ઠિરને ખૂબ પીડ્યા અને પછી શત્રુતાપન, બળવાન, ઝડપથી શસ્ત્ર ચલાવનાર, વિદ્વાન અને યુદ્ધકલાના જ્ઞાતા રાજા યુધિષ્ઠિરને કર્ણે યુદ્ધવિમુખ કર્યા, યુધિષ્ઠિર યુદ્ધ પડતું મૂકી નાસવા લાગ્યા અને ત્યારે બધા શ્રેષ્ઠ બળવાન પાંડવ યોદ્ધાઓ પાતાળમાં ડૂબતા બલિની માફક સૈન્યસાગરમાં ડૂબતા મહારાજના ઉદ્ધાર માટે દોડ્યા. અંતે કાદવમાં ફસાયેલી ગાયની જેમ ધૃષ્ટદ્યુમ્ને યુધિષ્ઠિરને બચાવી લીધા.

એક તરફ કર્ણ કાળો કેર વર્તાવતો હતો, બીજી તરફ શરમાઈને રણમેદાન છોડી ગયેલા યુધિષ્ઠિરની અવેજીમાં ભીમસેન અને અન્ય યોદ્ધાઓ ભીષણ યુદ્ધ ખેલવા લાગ્યા. ભીમસેન અને સાત્યકિના આક્રમણથી કૌરવસેનામાં ભંગાણ પડ્યું અને સૌ નાસવા લાગ્યા, જેમ જંગલમાં સિંહથી વ્યાકુળ બનીને હાથીઓ નાસી જાય તેમ.

આ રૌદ્ર યુદ્ધને પરિણામે માનવરક્ત અને માંસના કીચડથી ભરેલી ભૂમિ ભયાનક લાગવા માંડી. ક્ષણમાત્રમાં લોહીની નદીઓ વહેવા લાગી.

अगम्यरूपा पृथिवी मांसशोणितकर्दमा ।
क्षणेनासीन्महाराज क्षतजौघप्रवर्तिनी ।।

બંને પક્ષેથી વિવિધ વાજિંત્રોનો અવાજ, હાથી-ઘોડાઓના ચિત્કાર, રથચક્રની ધણધણાટી, શંખનાદ અને પીછેહઠ ન કરનાર વીરોના સિંહનાદથી જાણે પર્વત, વૃક્ષ, સમુદ્ર સહિત પૃથ્વી, વાયુમય આકાશ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર સહિત સ્વર્ગ ફરી રહ્યું હોય તેવું લાગતું હતું. બળવાન પ્રાણીઓએ આ અવાજ સાંભળ્યો. તેઓ પણ ગભરાટ અનુભવવા લાગ્યાં. દુર્બળ હતાં તેઓ તો ભયથી મરણશરણ થઈ ગયાં.

આખી પૃથ્વી મૃત વીરો અને હાથી-ઘોડાઓથી ભરાઈ ગઈ હતી. એકની એક ઘટનાને અનેક શબ્દગૂંથણીથી વર્ણવતાં વ્યાસજી થાકતા નથી.

આકાશમાં પણ એ અવાજ આંબતો હતો. વિમાનમાં બેઠેલી અપ્સરાઓ વાજિંત્રો સાથે ગીતો ગાતી હતી. હજારો વીરોને પોતાના વિમાનમાં બેસાડી અપ્સરાઓ તેમને સ્વર્ગમાં લઈ જતી દેખાઈ. આ મહાન આશ્ચર્ય પ્રત્યક્ષ નિહાળીને બધા શૂરવીરો સ્વર્ગમાં જવાની ઇચ્છાથી ઝનૂનમાં આવી પરસ્પર યુદ્ધ કરતા હતા.

ઘાયલ સૈનિકો, અનેક પ્રકારના અવાજો, સિંહનાદો, પડકારોની કાન ઉપર કેવી અસર થતી હશે ! નિર્વેદ વ્યાપી જાય તેવું વર્ણન કરી વ્યાસજી મેદાન મારી જાય છે.

ભીમસેન કર્ણ સામે ધસે છે, પણ વનમાં ગર્વિષ્ઠ હાથીને જ્વાલાથી મારવામાં આવે, તેમ કર્ણે ભીમના શરીરમાં પચીસ નારાચબાણ માર્યાં, એટલે ગુસ્સે થયેલા ભીમે પર્વતને પણ ચીરનાર, વજ્ર અને વીજળી સમાન અવાજ કરતું એક ઘોર બાણ કર્ણ પર છોડ્યું અને વજ્ર પર્વતમાં પ્રવેશી જાય, તેમ તે બાણ કર્ણના શરીરમાં પેસી ગયું. કર્ણ ભીમના ભયરૂપી આપત્તિના સમુદ્રમાં ડૂબી ગયો. કર્ણનું રક્ષણ કરવા અને ભીમસેનને મારવાની ઇચ્છાથી પતંગિયું દીપક તરફ દોડે તેમ કૌરવપુત્રો બેબાકળા થઈ ભીમ તરફ દોડ્યા.

પણ ભીમસેન પાસે તેમનો શો ભાર ? ભીમે ભલ્લબાણથી દુર્યોધનના ત્રણ ભાઈઓને મારી નાખ્યા. તેમાં પણ દેવપુત્ર સમાન પરાક્રમી, વિકટ અને સમ "આંધીને કારણે વૃક્ષ ઉખડીને પડે" તેમ વીંધાઈને પડ્યા. કેવું સચોટ વાક્ય ! વાયુપુત્ર ભીમ આંધી જ ઉત્પન્ન કરે ને ?

ગદાયુદ્ધમાં અતિ નિષ્ણાત એવા ભીમસેને મોટા દંતૂશળવાળા કેટલાય હાથીઓને રામશરણ કર્યાં. મર્મભાગને જાણનાર ભીમે હાથીના હોઠ, આંખો, મસ્તક, ગાલ અને બધા મર્મભાગ ઉપર ગર્જના કરી પ્રહાર કર્યાં. આવા

શક્તિશાળી ગદાપ્રહારથી હાથીઓનાં ગંડસ્થળોમાંથી મોતી ખરવા માંડ્યાં અને તે મોતીઓ રણક્ષેત્રરૂપી ખેતરમાં વાવેલાં કીર્તિનાં બીજ જેવાં શોભી રહ્યાં. વિચારસમૃદ્ધિ તો વ્યાસજી પાસે જ !

કેટલાક હાથીઓને મહાવતે પાછા વાળ્યા તે બધાં ભીમસેનને ઘેરી લઈ ઊભા રહી ગયા, "જાણે કાળાં વાદળો વચ્ચે શોભતો સૂર્ય."

"કપાતાં વૃક્ષોનો જેવો અવાજ થાય તેવો અવાજ ગદાપ્રહારથી પડતા કૌરવવીરોનો તથા તેમની મરણચીસોનો થવા લાગ્યો. કૌરવસેના ગભરાવા લાગી. અગ્નિના પડવાથી ચામડું સળગે, તેમ ભીમસેનરૂપી સૂર્યના તેજથી કૌરવસેના સળગીને ઓછી થવા લાગી. છતાં પણ પુષ્પવાળા વૃક્ષ પર પક્ષીઓનાં ટોળાં આવે તેમ કૌરવસેનાના મુખ્ય વીરો ભીમસેનના બાણથી ઘાયલ થયા હોવા છતાં ચારેય બાજુએથી ભીમ તરફ દોડ્યા."

ભીમસેન અને કર્ણ જેવા મનસ્વી વીરો ઉગ્ર બાણવર્ષા કરવા લાગ્યા. "બાણોની જાળ આકાશમાં ક્રૌંચપક્ષીની પીઠ જેવી લાલ દેખાવા લાગી !"

પ્રમુખ યોદ્ધાઓ સહિત કર્ણને પાંડવો સાથે તુમુલ યુદ્ધ કરતો જોઈ નાસી ગયેલા કૌરવસૈનિકો પાછા ફર્યા. વરસાદથી વૃદ્ધિ પામતો સમુદ્ર ગર્જના કરતો હોય, તેમ કૌરવ-પાંડવ-સેના ગર્જના કરતી સામસામે અથડાઈ. પછી થોડી શાંત થઈને કલરવ કરતી નદીનો જળપ્રવાહ સમુદ્રને મળે તેમ બંને સેના મળી અને સંગમ થવાથી બે નદી એક બની જાય, તેમ બંને સૈન્ય પરસ્પર મળી જાણે એક થઈ ગઈ.

આખરે તો આ યોદ્ધાઓ, પશુઓ, વાહનો યુદ્ધનદીના પ્રવાહમાં તણાતાં જ રહેવાનાં ને ? તેથી જ કદાચ વ્યાસજી નદી, સાગરની ઉપમાઓ પ્રયોજે છે.

ચીસાચીસ કરતા, એકમેકનો નાશ કરતા યોદ્ધાઓને કારણે રણભૂમિમાં પશુઓનું કોઈ ઘોર કતલખાનું ચાલતું હોય તેવું લાગતું હતું અને અસંખ્ય રક્તરંગી જીવડાં એટલે કે ઇન્દ્રગોપથી ધરતી ઢંકાઈ ગઈ હતી. વ્યાસજી ક્યાંથી ક્યાં કલ્પના દોડાવે છે ! તેઓ હવે કહે છે : "જેમ સોળ વર્ષની શ્યામા યુવતી સફેદ વસ્ત્રને લાલ ચંદનથી રંગીને પહેરે ત્યારે જેવી લાગે તેવી આ યુદ્ધભૂમિ લાગતી હતી. કોઈ સાંવરીસૂરત યુવતી લાલચટ્ટાક ભાતવાળાં સફેદ વસ્ત્ર પહેરીને સૂતી હોય તેવી આ વસુંધરા લાગતી હતી."

રક્ષણ, પોષણ અને આનંદ આપતી ધરિત્રીને બાલિશ, મૂર્ખ, ગર્વિષ્ઠ ને

સ્વાર્થી મનુષ્યો પ્રચંડ સંહાર દ્વારા શોણિતથી રંગીને, પ્રકૃતિની આ મહામૂલી દેણને શાપમાં પલટાવી નાખે છે તેવું વ્યાસજી આ ઉપમાઓ દ્વારા સૂચન કરે છે.

જોકે એક વાત નક્કી - વ્યાસજીને સૌંદર્ય, પછી તે સ્ત્રીનું હોય કે પ્રકૃતિનું, પેટ ભરીને જોવા-માણવાની દૃષ્ટિ હશે.

માંસ અને લોહીથી ખરડાયેલી યુદ્ધભૂમિ ઉપર સોનાના અલંકારોથી શોભતા શૂરવીરોના હાથ કપાઈને પડતા હતા, અન્યના શરીર સાથે ચોટી જતા હતા. કેટલાક હાથ સાપની જેમ સળવળતા ઘસડાતા હતા. માંસભક્ષી પક્ષીઓના અવાજથી રણભૂમિ યમરાજની ભૂમિ જેવી ભેંકાર ને ભયંકર ભાસતી હતી અને ભૂત-પિશાચ તેનું માંસ ખાઈ પ્રસન્ન ચિત્તે નૃત્ય કરતાં હતાં. ઘોર અને રૌદ્ર સંહારને 'મહાભારત'કાર યુદ્ધનદી તરીકે વર્ણવી વારંવાર આપણી સંવેદનશીલતાને ઢંઢોળે છે.

ક્ષત્રિયોનું વિનાશક યુદ્ધ ચાલતું હતું ત્યારે બીજી બાજુ અર્જુન નારાયણી સેના અને સંશપ્તકોનો સંહાર કરી રહ્યો હતો. પછી અર્જુને જેવો ગાંડીવટંકાર કર્યો કે એ અવાજમાત્રથી કૌરવસૈન્ય ભયભીત બની નિશ્ચેતન જેવું બની ગયું. અનેક પ્રકારનાં ફૂલો જેવા ચૈત્રરથ વન જેવું કૌરવસૈન્ય જરાક સભાન થયું કે તેઓ અર્જુન ઉપર બાણવર્ષા વરસાવવા લાગ્યા અને સાથે દુર્યોધન અને પ્રમુખ મહારથીઓ સમુદ્રમાં તૂટેલી નાવ જેવી કૌરવસેનાની મદદે આવી ગયા.

વ્યાસજી કૃપાચાર્યનું પરાક્રમ હોંશથી વર્ણવે છે.

કૃપાચાર્યે પતંગિયાના સમૂહ જેવા સૃંજયવંશી ક્ષત્રિયોને શાંત કરી દીધા, ગાંઠવાળાં બાણોથી શિખંડીને ઢાંકી દીધો. શિખંડીની ઢાલ કપાઈ ગઈ ત્યારે કૃપાચાર્યથી વશમાં આવેલો શિખંડી તલવાર લઈને ધસ્યો. કેવી રીતે ? "રોગી મૃત્યુના મુખ તરફ જાય તેવી રીતે." શિખંડીને બચાવવા સુકેતુ શીઘ્ર ગતિએ દોડ્યો, પણ ભૂકંપથી ડોલવા લાગતા વૃક્ષની જેમ સુકેતુ વીંઝાયો, વીંધાયો અને બાજ માંસનો ટુકડો લાવે તેમ તેનું મસ્તક ધરતી પર પડ્યું.

માંસના ટુકડા માટે બાજ અને ગીધ ઝપાઝપી કરે, તેમ કૃતવર્મા અને ધૃષ્ટદ્યુમ્ન વચ્ચે ભયંકર ઝપાઝપી થઈ. કૃતવર્માના બાણવર્ષણથી ધૃષ્ટદ્યુમ્ન દેખાતો પણ બંધ થઈ ગયો. મંત્રિત દિવ્ય અસ્ત્રોના જાણકાર અશ્વત્થામાએ બાણથી યુધિષ્ઠિરને અટકાવ્યા. મેદાન બાણમય બની ગયું. આકાશ શમિયાણાની જેમ બાણથી છવાઈ

ગયું. મેઘની છાયાવાળું આકાશ બાણથી એટલું વ્યાપ્ત થયું કે આકાશની કોઈ વસ્તુ નીચે પડતી ન હતી. અશ્વત્થામાનાં અગ્નિ જેવાં બાણોથી પાંડવસૈન્યરૂપી કાષ્ઠ બળવા લાગ્યું અને મોટી માછલી આવતાં નદીનું મુખ ડહોળાય, તેમ તપ્ત થયેલી યુધિષ્ઠિરની સેના ખળભળી ઊઠી. મધ્યાહ્નના સૂર્ય જેવા અશ્વત્થામાને શત્રુઓ જોઈ શકતા ન હતા.

દુર્યોધન અને ધૃષ્ટદ્યુમ્નના દ્વંદ્વયુદ્ધને વ્યાસજી ભારોભાર કવિત્વશક્તિથી ખીલવે છે. સૂર્યનાં કિરણ વિશ્વમાં બધી જ બાજુએ પ્રસરે, તેમ દુર્યોધનનાં સરાણ પર ઘસેલાં, સોનેરી અને તેજસ્વી બાણો આકાશમાં છવાઈ ગયાં. ધૃષ્ટદ્યુમ્નનું સમગ્ર શરીર ઘવાયું. સામે સર્પની જેમ ફૂંફાડા મારતા ધૃષ્ટદ્યુમ્ને શિલા પર તીક્ષ્ણ કરેલ કંક અને મયૂરપંખવાળું બાણ છોડ્યું અને દુર્યોધનનું સોનાનું કવચ કપાઈને પૃથ્વીમાં પેસી ગયું. ત્યારે દુર્યોધનનું શું થયું ? "વસંતમાં કેસૂડાની શોભા વધે તેવી તેની શોભા વધી." દુર્યોધન પણ ક્યાં પાછો પડે તેવો હતો ? "ધૃષ્ટદ્યુમ્નનું મુખ રસના લોભી ભ્રમરથી યુક્ત ખીલેલા ચંપકના ફૂલ જેવું શોભવા લાગ્યું." દુર્યોધનની નિશાનતાકની નિપુણતા પણ ક્યાં જેવીતેવી હતી ?

વિજયની ઇચ્છા ધરાવતા પાંચાલો કર્ણ તરફ ધસ્યા, જાણે પક્ષીઓનું ટોળું વૃક્ષ ભણી ઊડ્યું, પણ કર્ણે પાંચાલોના રથને નસાડી દઈ મહાસંહાર કર્યો. ભય પામેલા હરણની જેમ પાંચાલો નાસવા લાગ્યા અને કર્ણ તેમાં મધ્યે ફરતા સિંહની જેમ નિર્ભયતાથી ફરતો હતો. સિંહમુખ પાસે આવેલું કોઈ હરણ જીવતું ન રહે, તેમ કર્ણ પાસે કોઈ પાંચાલ જીવતા રહેતા ન હતા. સૃંજયવંશીઓ કર્ણરૂપી અગ્નિમાં હોમાઈને ભસ્મ થવા લાગ્યા.

"એક ગરુડ અનેક સર્પો પર આક્રમણ કરે" તેમ એકલો સૂતપુત્ર કર્ણ અનેક મહારથીઓ સામે યુદ્ધ કરતો હતો. "પર્વત સુધી પહોંચેલું પાણી અહીંતહીં ફેલાઈ જાય", તેમ કર્ણ પાસે પહોંચતાં જ શત્રુયોદ્ધા અહીંતહીં ફેલાઈ રફેદફે થઈ જતા. આખરે "શરદઋતુમાં શાંત થઈ જતાં સમુદ્રનાં પાણીની" જેમ પાંડવસેના શાંત - નિશ્ચેતન લાગવા લાગી.

અર્જુનથી આ સહન ન થયું. શ્રીકૃષ્ણ અને અર્જુને કૌરવસૈન્યમાં પ્રવેશી તેને વિખેરી નાખી ત્યારે ક્રોધથી લાલ આંખોવાળા તેજસ્વી તે બંને વીરો, "જેવી રીતે યજ્ઞમાં ઋત્વિજોએ વિધિપૂર્વક બોલાવેલા અશ્વિનીકુમારો આવે, તેમ શ્રીકૃષ્ણ અને અર્જુન શત્રુઓએ આહ્‌વાન કરતાં રણયજ્ઞમાં આવ્યા."

અર્જુને છોડેલાં બાણોથી વ્યાપ્ત આકાશ ચોમેર સર્પ ઊડવાથી આકાશ

દેખાય તેવું દેખાતું હતું. શસ્ત્રહીન બનેલા કૌરવયોદ્ધાઓ પૃથ્વી પર ઢળી પડવા લાગ્યા.

પણ રાજા સુદક્ષિણનો નાનો ભાઈ હિંમતવાળો નીકળ્યો. તે અર્જુનની સામે થયો. ત્યારે અર્જુને તેને વીંધી નાખ્યો. "મનઃશિલ ધાતુથી ભરેલું પર્વતનું શિખર વજ્રના પ્રહારથી તૂટી પડે તેમ તે પોતાનું લોહી વહેવડાવતો વાહન પરથી ગબડી પડ્યો. સોનાના પર્વતની માફક તેને પડતો બધા લોકોએ તેને જોયો."

હવે ઝેરી સર્પ જેવા સ્પર્શવાળા ભાઈઓ સાથે મળીને દુર્યોધન યુધિષ્ઠિરનો પીછો કરે છે. યુધિષ્ઠિરને મારવાની દુર્યોધનની પ્રબળ ઇચ્છાને 'મહાભારત'કાર મનોહર ઉપમા વડે વર્ણવે છે : "જેમ યાચક શ્રેષ્ઠ રત્ન મેળવવા ઇચ્છે, તેમ ધૃતરાષ્ટ્રનો પુત્ર હાથી, ઘોડા, રથ અને પાયદળ સહિત મહારાજને પકડવા ઇચ્છે છે." દુર્યોધનની કેટલી મોટી મહત્ત્વાકાંક્ષા ! ભીમ અને સાત્યકિ કૌરવસૈન્યનો માર્ગ રોકીને ઊભા રહ્યા છે. યુદ્ધભૂમિ પર શું ચાલી રહ્યું હશે તેની કલ્પના કરવાનો પણ આપણે પ્રયત્ન ન કરવો પડે તે રીતે વ્યાસજી સમજાવે છે :

"ઇન્દ્ર અને અગ્નિ અમૃતનું અપહરણ કરવા માટે લડતા દાનવોને રોકે, તેમ ભીમ અને સાત્યકિ આડા ઊભા રહ્યા છે, પણ કૌરવમહારથીઓ જબરા ઉત્સાહી છે. વર્ષાઋતુમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી સમુદ્ર તરફ વહે, તેમ કૌરવ-મહારથીઓ અનેક હોવાથી ધર્મરાજ તરફ જઈ રહ્યા અને અગ્નિમાં પડતી આહુતિ ભસ્મ થાય, તેમ દુર્યોધનરૂપી મૃત્યુના મુખમાં યુધિષ્ઠિર ચાલ્યા જતા હોય તેવું લાગ્યું."

અન્ય સ્થળે કર્ણ પાંડવસૈન્યને પરેશાન કરે છે. "તળાવમાં પ્રવેશેલો હાથી કમલદલનો નાશ કરે, તેમ પાંડવસૈન્યને ધમરોળીને ઊભેલો કર્ણ દાનવોને હરાવી દેવોથી ઘેરાયેલો ઇન્દ્ર શોભે તેમ તે શોભતો હતો." કર્ણ પોતે જ પોતાના પરાક્રમથી ખુશ થયેલો દેખાતો હતો. જેમ ઉદયાચળ ઉપર સૂર્ય શોભે, તેમ કર્ણ શ્વેત કાન્તિથી શોભતો હતો.

વ્યાસજી ક્યારેક પુરાણકથાનો તો ક્યારેક આરાધ્ય દેવોનો, તો ક્યારેક પ્રકૃતિનો ઉલ્લખે કરી વર્ણનમાં પ્રસંગની ગરિમા ઉપસાવે છે.

યોદ્ધાઓના અધિપતિ સમા ભીમનાં બાણોથી કૌરવસેના રણભૂમિથી વિમુખ બની. "લોહીથી ભીંજાયેલી આ ભારતી સેના નાશ પામેલા અનાજવાળી ભૂમિ જેવી દેખાતી હતી." યુદ્ધમાં થતા વિનાશ માટે સંવેદનાસભર વ્યાસજીનો કેવો

કપરો કટાક્ષ ! પોષણ માટે સર્જાયેલી ધરતીમાતા તો અનાજ દ્વારા માનવોને તૃપ્ત કરવાની આશા સાથે રાહ જોતી બેઠી છે, પણ કામ, ક્રોધ, અહંકાર અને લોભને કારણે મમતાવશ થયેલો માનવી રણશૂરો બનીને ધરતીમાતાને રગદોળી નાખતાં અચકાતો નથી. છત્ર, ધજાઓ, પતાકાઓ, શસ્ત્રો - બધું ચોમરે વીખરાઈને પડ્યું હતું, જાણે માનવીનું અભિમાન ધરાશાયી થયું.

ભીમસેનના પરાક્રમને જોઈ અર્જુનને પાનો ચડ્યો, એટલે તીક્ષ્ણ બાણોથી બાકી રહી ગયેલા સંશપ્તકોને તે મારવા લાગ્યો : "સંશપ્તકોનો સમૂહ ઇન્દ્રનો મહેમાન બની પ્રસન્નતાપૂર્વક શોકથી મુક્ત બની ગયો." (એટલે કે જીવનમુક્ત બન્યા, મૃત્યુને આધીન થયા.) વ્યાસજી ટીખળ પણ કરી જાણે છે, ગર્વીલાની ઠેકડી પણ ઉડાડી જાણે છે.

આ તરફ શિખંડીનાં બાણથી અવરોધાવાને કારણે ગુસ્સે થઈ કર્ણે શિખંડીની ભમર વચ્ચે ત્રણ બાણ માર્યાં. લલાટમાં ધારણ કરેલાં બાણોથી શિખંડી "ચાંદીના પર્વતના શિખરની જેમ શોભવા લાગ્યો." વ્યાસજીનો વધુ એક અતિશયોક્તિ અલંકાર !

કર્ણનાં બાણથી બચવા શિખંડી રણ છોડી ભાગ્યો. કર્ણે પ્રાણીમાત્રને માટે ભયાનક એવું યુદ્ધ અવિરત ચાલુ રાખ્યું.

અશ્વત્થામાને યુધિષ્ઠિર સામે ધસતો દેખી, જેના સહાયક શ્રીકૃષ્ણ છે તે અર્જુને સમુદ્રના વેગને પર્વત અટકાવે તેમ અશ્વત્થામાને અટકાવ્યો. વ્યાસજી શ્રીકૃષ્ણનો મહિમા તો ગાય છે, સાથે અર્જુનનું શ્રેષ્ઠ શિષ્યત્વ ને શૂરવીરતાનો પણ મહિમા ગાય છે. અર્જુને સુવર્ણથી શોભતું પરિઘ છોડ્યું ને અશ્વત્થામાના બાણના ટુકડેટુકડા થઈ ગયા. કેમ જાણે વેગવાન વાયુએ પર્વત તોડી પછાડ્યો !

મનસ્વી અને મહાબળવાન કર્ણે દારુણ કર્મ કરી પાંડવસેનાનું નિકંદન કાઢવા માંડ્યું. ધૂંઆધાર અગ્નિ જેવો કર્ણ એકલો જ શત્રુસેનાને હંફાવે તેવો હતો. તેણે પરશુરામે આપેલું ભાર્ગવાસ્ત્ર છોડ્યું. તેનાથી શું થયું ? "વનમાં આગ લાગવાથી બધી બાજુએ અગ્નિ ફેલાઈ જવાને લીધે હાથીઓ મૂર્છા પામે" તેમ કર્ણના બાણથી ચેદિ અને પાંચાલવીરો મૂર્છા પામ્યા અને પ્રલયસમયે જગત હાહાકાર કરે તેમ પાંડવસૈનિકો ભયભીત થઈ આર્તનાદ કરવા લાગ્યા. કવિ કેટલી ભવ્ય રીતે ઘટનાને તાદૃશ કરે છે ! "યમપુરીમાં દુઃખી બની ગયેલ પ્રાણી પ્રેતરાજને બોલાવે, તેમ પીડિત પાંડવવીરો શ્રીકૃષ્ણ અને અર્જુનને પોકારવા લાગ્યા."

યુદ્ધમાંથી થોડો સમય નિવૃત્ત થઈ શ્રીકૃષ્ણ અને અર્જુન કર્ણ વડે ઘાયલ થયેલા અને વિજયની આશારહિત એવા યુધિષ્ઠિરને મળવા શિબિરમાં જાય છે.

યુધિષ્ઠિરે માન્યું કે કર્ણ મૃત્યુ પામ્યો છે, તેથી આનંદયુક્ત વાણીથી પ્રસન્નચિત્તે બંને પરંતપોને તેમણે સત્કાર્યા. "સૂર્ય બંને અશ્વિનીકુમારોનું સ્વાગત કરે એ રીતે કે પછી મહાન અસુર જમ્ભના મૃત્યુ પછી બૃહસ્પતિએ વિષ્ણુ અને ઇન્દ્રનો સત્કાર કર્યો હતો તેવો તેમનો સત્કાર કર્યો."

શરૂઆતમાં તો યુધિષ્ઠિર કર્ણના પ્રતાપી વ્યક્તિત્વનું વર્ણન કરે છે. "બળમાં ઇન્દ્ર, પરાક્રમમાં યમ, અસ્ત્રવિદ્યામાં પરશુરામ, ગંભીરતામાં પાતાળ સમો, યુદ્ધમાં ઝેરી સર્પ જેવો, શત્રુ માટે યમરાજ જેવો, મદોન્મત્ત, ધનુષ્યધારીમાં શ્રેષ્ઠ, અભિમાનથી ભરપૂર, મિત્રોનો આનંદ વધારનાર તેમ જ બધા પુરુષોમાં અનન્ય પુરુષ." અદ્‌ભુત વિશેષણોથી કર્ણને નવાજ્યો છે ને ?

આવા અનન્ય વીર કર્ણનો ભય પોતાને કેવો સતાવતો હતો તે વર્ણવતાં યુધિષ્ઠિર કહે છે :

"હું કર્ણના ભયથી તેર વર્ષ સુધી રાત્રે નિદ્રા લઈ શક્યો ન હતો અને દિવસે સુખ પ્રાપ્ત કરી શકતો ન હતો."

त्रयोदशाहं वर्षाणि यस्माद्भीतो धनंजय ।
न स्म निद्रां लभे रात्रौ न चाह्नि सुखं क्वचित् ।।

યુધિષ્ઠિરને કર્ણથી કેટલો બધો ગભરાટ !

जाग्रत्स्वयंश्च कौन्तेय कर्णमेव सदा ह्यहम् ।
पश्यामि तत्र तत्रैव कर्णभूतमिदं जगत् ।।

"હંમેશાં સૂતાં અને જાગતાં કર્ણને જ જોતો હતો. મારા માટે સમગ્ર જગત કર્ણમય હતું."

यस्यामगमत्कालश्चिन्तयानस्य मे विभो ।
कथं शक्यो मया कर्णो युद्धे क्षपयितुं भवेत् ।।

"હે વિભુ ! હું કર્ણને યુદ્ધમાં કેવી રીતે મારું તે વિચારતાં જ મારો આ સમય પસાર થઈ ગયો."

यत्र यत्र हि गच्छामि, कर्णाद् भीतो धनंजय ।
तत्र तत्र हि पश्यामि कर्णमेवाग्रतः स्थितम् ।।

"હે ધનંજય ! હું જ્યાંજ્યાં સૂતો હતો ત્યાંત્યાં કર્ણના ભયથી તેને મારી પોતાની સામે જ જોતો હતો."

અને પછી અત્યાર સુધી મનમાં સાચવેલો ફફડાટ તેઓ વ્યક્ત કરે છે : "વધસ્થાનનું પશુ પોતાના મૃત્યુ માટે વધસ્થાનમાં જાય, તેમ હું મારા મૃત્યુને જાણવા છતાં તેની સાથે યુદ્ધ કરવા ગયેલો." પરંતુ "જેવી રીતે સિંહ રુરુ નામના હરણને મારે તેવી રીતે તેં આજે બધા મિત્રોની હાજરીમાં લડતા કર્ણનું મસ્તક કાપ્યું છે."

યુધિષ્ઠિર હર્ષોલ્લાસમાં આવી આશ્ચર્ય વ્યક્ત કરે છે : "હે સવ્યસાચી ! શું ખરેખર તેં ગાંડીવ ધનુષ્યમાંથી છોડેલા વીજળી સમાન બાણથી તે મંદબુદ્ધિ પાપીનું, સૂર્ય સમાન તેજસ્વી કુંડળ સહિત મસ્તક ધડથી કાપી પૃથ્વી પર પાડ્યું ?"

માનવમનમાં ભૌતિક ઇચ્છા સંતોષાવાથી ઉદ્ભવતા વિવિધ ભાવોનું અહીં કલાત્મક અને આબેહૂબ નિરૂપણ વ્યાસજી કરે છે.

"કર્ણ હજી મરાયો નથી" - અર્જુનને મુખેથી આ વાક્ય સાંભળી યુધિષ્ઠિર આક્રોશ વ્યક્ત કરતાં કહે છે : "ફળની ઇચ્છાવાળાને અધિક ફૂલવાળાં પરંતુ ફળ વગરનાં વૃક્ષ નિરાશ કરે, તેમ તેં મારી આશા નષ્ટ કરી છે. જેમ કોઈ માંસ લપેટી કોઈને કંટક ખાવા આપે, કોઈ ઉત્તમ ભોજનમાં ઝેર આપે, તેમ તેં અહીં આવીને જે રાજ્યની ઇચ્છા રાખતા હતા તેમને આપત્તિના સ્વરૂપનું દર્શન કરાવ્યું છે." યુધિષ્ઠિર સંભળાવવાનું કંઈ બાકી નથી રાખતા. તેઓ કહે છે : "તારા જન્મના સાત દિવસ થયેલા ત્યારે શતશૃંગ પર્વતના શિખર પર ઋષિઓએ આકાશવાણી સાંભળી તારા માટે કહેલું, 'સૌંદર્યમાં ચંદ્ર, વેગમાં વાયુ, સ્થિરતામાં મેરુ, ક્ષમામાં પૃથ્વી, તેજમાં સૂર્ય, ધનમાં કુબેર, શૌર્યમાં ઇન્દ્ર, બળમાં વિષ્ણુ, સ્વજનના વિજય અને શત્રુનાશ માટે પ્રખ્યાત કુળનું આભૂષણ !' અરેરે ! દેવો પણ અસત્ય બોલે છે !"

કામના અપૂર્ણ રહેતાં થયેલો ઉશ્કેરાટ, સંતાડી રાખેલી અર્જુન પ્રત્યેની ઈર્ષા, હતાશાથી ગુમાવેલી ઈશ્વરીય શ્રદ્ધા - આ બધાં જ માનવસહજ લક્ષણો વ્યાસજીએ યુધિષ્ઠિરમાં મૂક્યાં છે.

"વ્યાસજીને ગમે તેવા મહાન માનવીની મર્યાદા પ્રગટ કરવામાં સંકોચ નથી. યુધિષ્ઠિરના મુખમાં કર્ણપર્વના અડતાલીસમા અધ્યાયના ચૌદ શ્લોકોમાં અર્જુન ઉપર જે ફિટકાર વરસાવતા શબ્દો મૂક્યા છે તે આપણને આશ્ચર્યમાં મૂકી દે

તેવા છે. યુધિષ્ઠિર - ધર્મરાજ આવા ? તેઓ કઈ કક્ષાએ પહોંચ્યા ? યુદ્ધમાં પોતે હારેલા, થાકેલા, નિરાશ છે, પણ સાથેસાથે ઊંડેઊંડે કદાચ તેમને પણ તેનો ખ્યાલ નહીં હોય તેવું એમના મનમાં અર્જુન વિશેનું વિષ સંઘરાયેલું પડ્યું હશે તે અત્યારે છતું થાય છે. માણસ ગમે તેટલો ધર્માત્મા હોય કે શૂરવીર હોય, ક્યારેય પૂરેપૂરો નિર્મળ કે નિખાલસ હોતો નથી.'' હરીન્દ્રભાઈના આ શબ્દો કેટલા સાચા છે ! આપણી અત્યંત ખરાબીમાં પણ કંઈક સારું હોય છે, શ્રેષ્ઠ વ્યક્તિમાં પણ કાંઈક ખરાબી હોય છે. માણસ પૂર્ણ નથી.

ઉશ્કેરાટમાં યુધિષ્ઠિર ગાંડીવનું પણ અપમાન કરે છે. પ્રતિજ્ઞાબદ્ધ અર્જુન યુધિષ્ઠિરને મારવા તલવાર ઉગામે છે. હંમેશની જેમ શ્રીકૃષ્ણ બાજી સંભાળી લે છે. 'મહાભારત'નો પાયાનો એક સંદેશ શ્રીકૃષ્ણમુખે કહેવાયો છે. તેઓ કહે છે : ''હે પાર્થ ! મને લાગે છે કે તેં વૃદ્ધોની સેવા નથી કરી. તને અયોગ્ય ક્રોધ ચડ્યો છે. ધર્મને જેઓ જાણે છે તેઓ આવું કાર્ય કરતા નથી. કરવા યોગ્ય કર્મ ન કરવાં અને ન કરવા યોગ્ય કર્મ કરવાં એ મૂર્ખનું લક્ષણ છે.''

હરીન્દ્રભાઈ યોગ્ય જ કહે છે : ''હવે શ્રીકૃષ્ણ અર્જુન અને યુધિષ્ઠિરને જે ઉપાલંભ આપે છે તે ધર્મપ્રવચન જ છે.'' ''સત્યવચન ઉત્તમ છે, સત્યથી ચડિયાતું કાંઈ જ નથી, પરંતુ સત્ય શું છે તે નક્કી કરવું એ વિકટ કાર્ય છે. ક્યારેક સત્ય બોલવા જેવું નથી હોતું. ક્યારેક જૂઠાણું પણ સત્ય જ ગણાય. ક્યારેક સત્ય જ જબરદસ્ત જૂઠાણું બની જાય.'' 'મહાભારત'કાર આપણને દૃઢ કરાવે છે કે માણસને, કુટુંબને, સમાજને, હિતસંબંધોને સ્થાપવા કે તેમને ટકાવી રાખવા કે વિકસાવવા એ જ ધર્મનો મૂળ અને મુખ્ય સ્વભાવ છે. એ જ ધ્યેય હોવું ઘટે. ધારણ કરવું, ટકાવવું તે ધર્મ, તેથી સંબંધ કે સમાજને ટકાવવામાં મદદરૂપ સર્વ કાંઈ ધર્મસ્વરૂપ જ ગણાય. જે વિઘાતક નીવડે તે અધર્મ. દરેક પ્રતિજ્ઞા પાળવા જેવી નથી હોતી.

શ્રીકૃષ્ણે અર્જુન-યુધિષ્ઠિર બંનેને વિષવિમોચનની તક આપી. યુધિષ્ઠિરને પસ્તાવો થયો, તેથી કહે છે : ''તમને નાથ તરીકે પામીને અમે બંને વ્યસનના સાગરની પાર ઊતરી ગયા.''

भवन्तं नाथमासाद्य आवां व्यसनसागरात् ।

મનુષ્યસ્વભાવના વિવિધ ભાવો અને સત્ય-અસત્ય વિશેની સાચી સમજણ, ધર્મનો તત્ત્વદર્શી અર્થ આપી વ્યાસજી માનવજીવનનું કલેવર મજબૂત કરે છે.

સત્તરમા દિવસે સેનાપતિ કર્ણ સામે અર્જુન યુદ્ધે ચડે છે. પ્રારંભમાં શ્રીકૃષ્ણ

અર્જુનના પરાક્રમને બિરદાવી પાનો ચડાવે છે, છતાં કર્ણ સામે તે ગાફેલ ન રહે તે માટે કર્ણની શક્ય તેટલી પ્રશંસા કરે છે : "કર્ણ બળવાન, હિંમતવાન, શસ્ત્રનિષ્ણાત છે. મહારથી હોવાથી તે અનેક રીતે લડી જાણે છે. તે દેશકાળનો જાણકાર અને અગ્નિ જેવો તેજસ્વી છે. વાયુ જેવો વેગવાન અને યમરાજ જેવો ક્રોધી છે. તે સિંહ જેવો હત્યારો, દુર્જેય ને આકર્ષક છે. પાંડવોનો નિત્યશત્રુ અને કૌરવોના હિતમાં તે મગ્ન છે. તે દુષ્ટ બુદ્ધિનો છે. યુદ્ધમાં જીતવો લગભગ અશક્ય." અગાઉ ઉદ્યોગપર્વમાં શ્રીકૃષ્ણે કર્ણને 'વેદવાદાન્ સનાતનાત્' જેવા વિશેષણથી સંબોધ્યો છે. કોઈ પણ પ્રલોભન આવે તોપણ પોતે સત્યથી વિચલિત નહીં થાય તેવો છે.

શ્રીકૃષ્ણે કેટલા થોડા શબ્દોમાં કર્ણનું સંપૂર્ણ પાત્રાલેખન કર્યું છે !

કર્ણનો વધ કરવા શ્રીકૃષ્ણ અર્જુનને ઉશ્કેરવા માટે દ્યૂતસભામાં કર્ણનું વર્તન, દ્રૌપદી માટે તેણે ઉચ્ચારેલા અભદ્ર શબ્દો વગેરે યાદ દેવરાવે છે. કર્ણ પ્રત્યે તીવ્ર ક્રોધ, તિરસ્કાર, વેર, ધિક્કારનો અગ્નિ પ્રજ્વલિત થાય અને અર્જુનને ઝનૂન ચડે તેવો શ્રીકૃષ્ણનો પ્રયત્ન છે.

શ્રીકૃષ્ણે આટલો બધો ધિક્કાર કૌરવપક્ષના કોઈને માટે નથી દર્શાવ્યો. આમ શા માટે ? મહાકવિએ શ્રીકૃષ્ણની માનવીય નિર્બળતા ઉઘાડી પાડી છે. શ્રીકૃષ્ણે કર્ણને પાંડવપક્ષમાં ખેંચી લેવા પ્રયત્ન કરેલો, પણ તેઓ તેમાં નિષ્ફળ ગયેલા તેનો વસવસો, છૂપો ડંખ, પોતાને લાગેલા અપમાનની અકળામણ, રંજ અને ક્ષોભ - બધું જાણ્યે-અજાણ્યે વ્યક્ત થઈ જાય તે સ્વાભાવિક છે. વળી કર્ણના પરાક્રમથી પૂરા વાકેફ હોવાથી પાંડવવિજયનું વહાણ માત્ર કર્ણના કારણે જ કાંઠા પરના ઘૂંટણભર પાણીમાં ગારદ થઈ જાય તો ? - એવી દહેશત, પાંડવો પ્રત્યેના પડળ વગેરે શ્રીકૃષ્ણના ભાવો પણ વ્યક્ત કરી વ્યાસજી શ્રીકૃષ્ણને પણ માનવીય ગુણયુક્ત આલેખ્યા છે !

અર્જુન તો શ્રીકૃષ્ણનો સખા અને શિષ્ય. થોડામાં ઘણું સમજી જાય તેવો. કર્ણને કોઈ પણ હિસાબે મારવા તે કટિબદ્ધ થાય છે. શ્રીકૃષ્ણને તે કહે છે : "ઇન્દ્રે શંબરાસુરને મારેલો, તેમ કર્ણને યુદ્ધમાં મારીને તેર વર્ષનાં દુઃખોમાંથી હું મુક્ત થઈશ." "ગરમીના દિવસોમાં અગ્નિ લાકડાંને બાળે, તેમ હું ગાંડીવનાં બાણની જ્વાલાથી બધા કૌરવો, બ્રાહ્લિકોને બાળીને ભસ્મ કરી દઈશ." અર્જુનના મુખમાં પણ સ્વપ્રશંસા મૂકી છે. યાદ રહે, શ્રેષ્ઠ ધનુર્ધારી હોવાનું અભિમાન જ સ્વર્ગારોહણ દરમિયાન તેના પતનનું કારણ બન્યું છે.

યુદ્ધમાં મેઘઘટા જેવો હાથીઓનો સમૂહ હતો. અસ્ત્રો જળધારાની જેમ વરસતાં હતાં. મેઘગર્જના જેવાં વાદ્યો અને રથચક્રો ગર્જતાં હતાં. ક્ષત્રિયો અને પશુઓના નાશને કારણે લોહીનો પ્રવાહ વહેતો હતો.

ધૃષ્ટદ્યુમ્નને જોતાં દ્રોણાચાર્યને યમદૂત જોયાની લાગણી થઈ હતી. અશ્વત્થામાને જોતાં ધૃષ્ટદ્યુમ્નને તેવી જ લાગણી થઈ. કાળ જેમ કાળ સામે ધસે, તેમ બંનેએ ભીષણ યુદ્ધ આદર્યું, પણ અશ્વત્થામા પાસે ધૃષ્ટદ્યુમ્નની હાલત કંગાળ અને દયનીય બની ગઈ. "તે રથ પરથી ઊથલી પડ્યો અને અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નને ગરુડ સાપને પકડે" તેમ પકડ્યો.

"ભૂખ્યો સિંહ બળદ તરફ દોડે" તેમ સહદેવ શકુનિ સામે લડવા દોડ્યો.

'મહાભારત'કાર આ ધર્મયુદ્ધમાં નીતિનિયમોને વળગીને યુદ્ધનો મહિમા ગાવાનું ભૂલ્યા નથી. ઉત્તમૌજા તેજસ્વી તલવારથી કૃપાચાર્યના રથચક્રની રક્ષા કરનારને તથા ઘોડાને મારી નાખે છે ને પછી શિખંડીના રથ પર તે ચડી ગયો, પરંતુ રથ પર બેઠેલો શિખંડી રથ વિનાના કૃપાચાર્યને મારવાનો વિચાર પણ કરતો નથી. અશ્વત્થામા કૃપાચાર્યને બચાવી લે છે.

સુવર્ણકવચધારી ભીમસેને કૌરવસૈન્યમાં હાહાકાર મચાવ્યો. પ્રલયસમયે યમનું રૂપ જોઈ પ્રજા ગભરાય, તેમ ભીમસેનના અલૌકિક બળથી કૌરવવીરો ડરવા લાગ્યા.

વાયુવેગી, વાયુ સમાન પરાક્રમી, પ્રતાપી વાયુપુત્ર કૌરવસૈન્યમાં વાયુની જેમ ફરી વળ્યો. કૌરવસેના તૂટેલી નાવ સમુદ્રમાં ત્રસ્ત થાય તેમ ત્રસ્ત થવા લાગી. ભીમસેને જે હાથ આવ્યા તે બધાને મારી નાખ્યા, તેથી કૌરવસેના નિશ્ચેતન જેવી લાગતી હતી અને આંધી વાદળને દૂર હડસેલે તેમ ભીમે કૌરવસૈન્યને હટાવ્યું.

ગુસ્સો, જુસ્સો, બળ-શક્તિથી યુક્ત કૌરવસેના ભીમસેનનાં બાણને લીધે ઉત્સાહ અને તેજથી રહિત બની ગઈ. મદ ઊતરી ગયો. રુધિરથી ભીંજાયેલા સૌ વ્યાકુળ બની ગયા, છતાંય કેટલાક ક્ષાત્રધર્મ બજાવતા વીરો ભીમસેન તરફ દોડ્યા. પક્ષીઓનાં ટોળાં જેવા તેઓએ ભીમને બાણથી ઘેરી લીધો. ભીમ ચારેય બાજુથી ઘેરાયેલા નક્ષત્ર જેવો શોભતો હતો. "પાણીમાં નાખેલી જાળમાંથી માછલી બહાર નીકળી જાય, તેમ ભીમ કૌરવમહાસેનાની જાળમાંથી બહાર નીકળી ગયો."

આજે અર્જુન કોઈનો રોકાયો રોકાય તેમ ન હતો. વ્યાસજી તેના શૌર્યને મનભર વખાણે છે : "કોઈ સાપને પકડવા જતા ગરુડનો જે અવાજ થાય તેવો

શત્રુસૈન્યમાં પ્રવેશતા અર્જુનનો અવાજ સંભળાવા લાગ્યો.'' ''સમુદ્રમાં પ્રવેશતા મગરની જેમ અર્જુન કૌરવસેનામાં પ્રવેશ્યો ત્યારે ખળભળી ઊઠેલા સમુદ્રમાં થતા પાણીના અવાજથી જેમ અર્જુન ઉપર પ્રહાર કરનાર કૌરવસૈનિકોનો અવાજ સંભળાવા લાગ્યો, પણ આખરે તો પાણીનો પ્રવાહ પર્વત સાથે અથડાય અને અવાજ થાય તેવો નાસી જતી કૌરવસેનાનો જ અવાજ થતો રહ્યો.''

અર્જુને નાગાસ્ત્ર ચલાવી બધા વીરોના પગ બાંધી દીધા. શત્રુસેના કર્મરહિત બની પથ્થરના પૂતળાની જેમ ઊભી રહી ગઈ. પછી તારકાસુરના વધમાં ઇન્દ્રે દાનવોને મારેલા, તેમ અર્જુને બધા યોદ્ધાઓને માર્યા.

વ્યાસજી 'વિજ્યી વીરોમાં શ્રેષ્ઠ' એવા અર્જુનને વિજ્યી વિષ્ણુ સાથે સરખાવે છે. આ યુદ્ધને પણ દેવોના ત્રણ લોકના રાજ્ય માટે દાનવો સાથે થયેલા યુદ્ધ સાથે સરખાવે છે. અર્જુન શત્રુયોદ્ધાનાં શરીર, પ્રાણ અને પાપનો નાશ કરનારું ભયંકર યુદ્ધ ખેલી રહ્યો છે.

આંધીએ ચડેલા અર્જુનનાં બાણથી સઘળું છિન્નભિન્ન થઈ ગયું. ભીમ અને અર્જુનનાં પરાક્રમ સાથે વ્યાસજીની કાવ્યશક્તિ પણ જાણે પરાક્રમી બનતી ગઈ છે. ''અર્જુનનાં સુવર્ણપીછાંવાળાં બાણ વાગવાથી સોનેરી જળથી આવૃત, વૈજ્યંતી-ધ્વજાવાળા, વીરોએ શણગારેલા મોટા હાથીઓ સળગતો પર્વત શોભે તેમ શોભતા હતા અને ભગ્ન અવયવવાળા શત્રુના હાથે પરાજિત થયેલા કૌરવવીરો ઝેરી દાંત તોડી નાખવાને કારણે વિષરહિત થયેલા અને લાત મારવામાં આવેલા સાપ જેવા નિર્માલ્ય બની ગયા હતા.''

ભીમસેનનું ભયંકર કર્મ જોઈને શકુનિ તેની સાથે યુદ્ધ કરવા ધસ્યો અને તીક્ષ્ણ બાણવર્ષા કરી તેને અટકાવ્યો પણ ખરો, પરંતુ પ્રતાપી ભીમે સોનાના દંડવાળી લોખંડની શક્તિ શકુનિ તરફ ફેંકી. સાપની જીભ જેવી તે ચંચળ શક્તિ શકુનિ ઉપર પડી. કૌરવસેનામાં હાહાકાર થવાથી કર્ણે ભીમસેન તરફ પોતાનો રથ દોડાવ્યો.

મેઘગર્જના જેવો અથવા તો પર્વત ફાટવાથી થતા અવાજ જેવો કર્ણના રથનો અવાજ થવા લાગ્યો. કર્ણ શત્રુસૈન્યને બાળવા લાગ્યો. પાંચાલ સૈનિકોનાં કરુણ આક્રંદ અને ચિત્કારથી પાંડવસેના ખૂબ વ્યાકુળ બની ગઈ. પર્વત સાથે અથડાતાં પાણીની જેમ પાંડવસેના કર્ણ પાસે પહોંચતાં જ જ્યાંત્યાં નાસી જવા લાગી. અતિમાનુષી કર્મ કરતો, યમરાજ સમાન, ધુમાડારહિત અગ્નિ સમાન મહાબાહુ

કર્ણ પાંડવસેનાને બાળતો યુદ્ધમધ્યે ઊભો રહ્યો. ગુસ્સે થયેલો સિંહ વનનાં હરણાંને ભગાડે તેમ અથવા વરુ પશુઓનાં ટોળાંને નસાડે તેમ કર્ણનું પરાક્રમ શત્રુઓને નસાડતું હતું.

કર્ણના અમાનુષી પરાક્રમના કારણે, પ્રલયકાળે જગત હાહાકાર કરે તેમ પાંડવસૈનિકો ભયની ચીસો પાડતા, ડરતા અને નાસતા-નાસતા આર્તનાદ કરવા લાગ્યા. મહાત્મા કર્ણના બાણકૌશલ્યથી બધા દેવો, સિદ્ધપુરુષો અને શ્રેષ્ઠ ઋષિઓ પ્રસન્ન થયા.

કર્ણે જે પ્રમાણે યુદ્ધમાં માંસ, ચરબી ને હાડકાંથી ભરપૂર લોહીરૂપી નદી વહેવડાવી તેથી વિસ્મય પામી અર્જુન શ્રીકૃષ્ણને કહે છે : "હે જનાર્દન ! સિંહની ગંધમાત્રથી ગાયો નાસી જાય, તેમ પાંચાલવીરો કર્ણને જોઈને જ ઉદ્વિગ્ન બને છે. વળી મૃત્યુના ફેલાયેલા મુખ સમાન કર્ણ સામે પાંડવસૈન્ય આપત્તિમાં આવી ગયું છે."

અર્જુન પોતે પણ કર્ણના શૌર્યની પ્રશંસા કરતાં કહે છે : "વનમાં ભમરાનો સમૂહ ફરે તેમ કર્ણના ધનુષ્યમાંથી છૂટેલાં બાણ પાંડવસૈન્યને દુઃખી કરે છે." સચિંત અર્જુન આગળ કહે છે : "રોગની ઉપેક્ષા કરવાથી તે શરીરનો નાશ કરે, તેમ કર્ણની ઉપેક્ષા કરવાથી તો બધા સૃંજય, પાંચાલ અને પાંડવોનો તે નાશ કરશે."

કર્ણને કટ્ટર દુશ્મન પાસેથી મળતો શિરપાવ આથી વિશેષ બીજો શો હોઈ શકે ? વ્યાસજી વીરોના પરસ્પર સન્માન અને ઔદાર્યના હિમાયતી હોવાનું સ્પષ્ટ વર્તાય છે.

અર્જુનનાં આવાં વચનો સાંભળી શ્રીકૃષ્ણ સવ્યસાચી અર્જુનના રથને કર્ણ સાથે દ્વૈરથ યુદ્ધ કરવા માટે મહારથી કર્ણ તરફ લઈ ગયા અને તરત જ બોલ્યા : "જેનો ધ્વજ ઇન્દ્રધનુષની માફક આકાશમાં રેખા ખેંચી રહ્યો છે તે દુર્યોધનનો હિતેચ્છુ કર્ણ, જો, અહીં આવી જ રહ્યો છે." કર્ણની પ્રશસ્તિમાં શ્રીકૃષ્ણ પણ પાછા પડતા નથી.

ત્યારે અર્જુનનો રથ ઇન્દ્રવજ્ર કે મહાન જળપ્રપાત જેવો ગડગડાટ કરતો હતો. વ્યાસજીના શબ્દો જ રથનો અવાજ કાનમાં ભરે છે !

અર્જુનના રથને આવતો જોઈ શલ્ય કર્ણને સાવધાન કરી કહે છે : "તમારા સૈન્યની ચારેય બાજુ વાયુ વાય છે, માંસાહારી પ્રાણીઓનો તથા રણભૂમિનો

ભયંકર અવાજ સંભળાય છે, રોમહર્ષણ ભય ઉત્પન્ન કરનાર મેઘ સમાન ધૂમકેતુ સૂર્યને ઢાંકી દે છે, ચારેય તરફ અનેક પ્રકારનાં પશુઓ તથા વાઘ વગેરે સૂર્ય તરફ જોઈ રહ્યાં છે, હજારો ગીધ અને કાગડા એકત્રિત થઈ ભયાનક કોલાહલ કરે છે. હે કર્ણ ! તમારા રથના અશ્વો કંપે છે, બાણમાંથી અગ્નિ નીકળવા લાગ્યો છે, ધજા ફરકે છે. આ બધાં અપશુકનોથી મને ખાતરી છે કે પૃથ્વી પર આજે હજારો રાજાઓ મૃત્યુ પામશે.''

શુકનશાસ્ત્રના જાણકારો એ સમયે ઘણા લોકો હશે !

સામા પક્ષે અર્જુન કર્ણ સામે યુદ્ધ કરવા જાય છે ત્યારે બધી દિશાઓ નિર્મળ થઈ ગઈ. નીલકંઠ, સારસ, ક્રૌંચ વગેરે માંગલિક પક્ષીઓ અર્જુનની જમણી બાજુ ઊડવા લાગ્યાં. નરજાતિનાં અનેક કલ્યાણમય પક્ષી જાણે અર્જુનને યુદ્ધ માટે ઝડપ કરાવતાં હોય તેમ હર્ષનાદ કરવા લાગ્યાં. અર્જુનને જતો જોઈ તેના રથની આગળ માંસ ખાવાની ઇચ્છાવાળા કંક, ગીધ, બાજ, કાગડા વગેરે પક્ષીઓ ઊડવા લાગ્યાં. આમ, અનેક શુભ શુકનો શત્રુના વિનાશ માટે તથા કર્ણના વધ માટે સૂચના આપતાં હતાં. વ્યાસજી શુકન-અપશુકનની સંભાવનાના દાખલાની રકમ આપે છે અને તેનો જવાબ પણ સાચો જ પડે છે.

અત્યાર સુધી કટુવચનોથી કર્ણને હતોત્સાહ કરતો શલ્ય હવે ખરા ટાણે સારથિધર્મ બજાવી કર્ણને પોરસ ચડાવે છે. તે કહે છે : ''તમે ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય સમાન પરાક્રમ કર્યું છે, તેથી તમે સવ્યસાચી અર્જુન સમાન જ હોવાથી પાંડુપુત્રને હવે અટકાવો. સમુદ્રના તોફાન સમાન ગુસ્સે થયેલા અર્જુનને તમારા સિવાય કોઈ ધનુર્ધર રોકવા સમર્થ નથી. હે કર્ણ ! લટકતા સાપ, ગર્જના કરતા સાંઢ અને બળવાન સિંહ સમાન અર્જુનને તમે મારી નાખો.'' કર્ણને પાનો ચડાવતાં છતાં અર્જુનની પરોક્ષ પ્રશંસાનું પ્રમાણપત્ર આપ્યા વિના શલ્ય રહી શકતો નથી તો !

કર્ણ પણ થોડા સમય પહેલાં શલ્ય સાથે થયેલું વાગ્યુદ્ધ ભૂલી જાય છે. કર્ણ ખરો વીર, ખરો શૂર છે. તે અત્યારે અર્જુનની પ્રશંસા કરતાં કહે છે : ''પાંડુપુત્ર અર્જુન સમાન બીજો કોઈ યોદ્ધો જગતમાં જોવા મળતો નથી. તે સર્વગુણસંપન્ન, શ્રીકૃષ્ણની સહાયવાળો, અનંતપરાક્રમી, અપ્રતિમ, લોકનાથ નારાયણથી રક્ષાયેલો છે.'' કર્ણ ખરેખર ખેલદિલ તો ખરો જ. જોકે વિજયનો સંપૂર્ણ યશ તો કર્ણ શ્રીકૃષ્ણને જ આપે છે : ''શંખ, ચક્ર, ખડ્ગ ધારણ કરનાર, વિષ્ણુરૂપ, જગતને

જીતનાર મહાત્મા વસુદેવપુત્ર શ્રીકૃષ્ણના ગુણો ત્રણેય લોક એકત્રિત થઈને દસ હજાર વર્ષ સુધી ગાય તોપણ તેનો અંત આવે નહીં." કર્ણ કેટલો ખેલદિલ !

वर्षायुतैर्यस्य गुणा न शक्त्या
वक्तुं समेतैरपि सर्वलोकैः ।
महात्मनः शंखचक्रासिपाणे
र्विष्णोर्जिष्णोर्वसुदेवात्मजस्य ।।

"શ્રીકૃષ્ણ અને અર્જુનને એક રથ ઉપર બેઠેલા જોઈને મને ભય લાગે છે."

પરંતુ માનવસ્વભાવનું નિરૂપણ કરવામાં વ્યાસજીને કોઈ ન પહોંચે. આ જ કર્ણ શ્રીકૃષ્ણ અને અર્જુનને વિભૂતિનો દરજ્જો આપી એક વખત આદર બતાવી પાછો મૂળ સ્વભાવ પર આવી જાય છે. તે શલ્યને કહે છે : "આજે તું મારું બાહુબળ ને વિદ્યાબળ જો. આજે હું એકલો પાંડવસેનાનો નાશ કરીશ. અર્જુનથી ગભરાશો નહીં. શ્રીકૃષ્ણ અને અર્જુન બંનેનો હું વધ કરીશ. મારા સિવાય બીજું કોણ તેમનો સામનો કરી શકે તેમ છે ? શલ્યરાજ ! કુરુક્ષેત્ર આજે જામદગ્નેયનો ધનુર્વેદ નિહાળશે." કર્ણ કયા જોર પર અહંકાર કરતો હતો ?

"મારું ધનુષ્ય 'વિજય' વિશ્વકર્માએ ઇન્દ્ર માટે ઘડ્યું હતું. ઇન્દ્રે તે પરશુરામને આપ્યું, પરશુરામે મને આપ્યું." એ જ ધનુષ્યથી પરશુરામે એકવીસ વખત પૃથ્વીને જીતી હતી.

વળી પાછો કર્ણ શેખી છોડી ધરતી પર આવી જઈને ડહાપણભર્યું બોલે છે : "યુદ્ધમાં વિજય નિશ્ચિત હોતો નથી. આજે તે બંનેને મારીને અથવા મૃત્યુ પામીને હું કૃતાર્થ થઈશ."

स्वप्स्ये वा निहतस्ताभ्यामसत्यो हि रणे जयः ।
कृतार्थो वा भविष्यामि हत्वा तावथ वा हतः ।।

ખરેખર માનવીના મનની ભીતર અસંપ્રજ્ઞાત મનની નિગૂઢ પ્રક્રિયાને વ્યાસજી કેટલા રોમાંચકારી ચિત્રરૂપે આલેખે છે !

કર્ણ સામે ધસતા અર્જુનને કૌરવયોદ્ધાઓ અટકાવવા લાગ્યા. સમુદ્ર બધી નદીઓને શાંત કરી દે, તેમ બધા વીરોને અર્જુન ગળી જવા લાગ્યો. આવું જ બને ને ! કારણ, જેમ "વૈશાખ-જેઠનો સૂર્ય જગતને તપાવે, તેમ તેજસ્વી

બાણકિરણોયુક્ત ખેંચેલા ગોળાકાર ગાંડીવવાળો અર્જુનરૂપી તપતો સૂર્ય કૌરવસેનાને તપાવતો હતો.''

સમર્થ કવિનું સચોટ રૂપક ! વ્યાસવાણી એટલે મુખ્યત્વે ઋતુવર્ણન, છયે ઋતુઓને આવરી લેતું વર્ષપંચાંગચક્ર.

સૂર્ય સામે દોડતાં વાદળોની જેમ કૌરવો અર્જુન તરફ દોડ્યા, પણ વૃત્રાસુરને મારવા જતા ઇન્દ્રની જેમ અર્જુને સૌને હંફાવ્યા. કૌરવસેના વેરવિખેર થઈ ગઈ. એક અશ્વત્થામાએ મચક ન આપી. મણિ, હીરા અને સુવર્ણથી શોભતા તક્ષક સમાન રંગવાળા સુદૃઢ ધનુષ્યને મહાસર્પની જેમ તેણે હાથમાં લીધું. યુદ્ધભૂમિમાં શ્રેષ્ઠ યોદ્ધાઓએ છોડેલાં બાણોથી અંધકાર છવાઈ ગયો. સૂર્યનું તેજ અંધકારમાં ફેરવાયું.

હવે કર્ણના સૈન્યને છોડી, ભીમસેનને ઘેરી વળેલા કૌરવવીરો ઉપર અર્જુને આક્રમણ શરૂ કર્યું. પહેલાં જ્યાં પક્ષીઓ ઊડતાં હતાં ત્યાં અર્જુનનાં બાણો ઊડવા લાગ્યાં. વીજળી અને વજ્રપાતનો ભયંકર અવાજ જાણે ઘેરી વળ્યો. શત્રુસંહારક અર્જુનની બાણવર્ષાએ કૌરવસેના ઉપર કાળો કેર વર્તાવ્યો.

''વાંસના વનમાં રાત્રે આગ લાગે અથવા મહાવનના દાવાનળથી ઘેરાયેલાં હરણાં નાસભાગ કરે કે પછી સમુદ્રના તોફાનથી કોઈ નાવ ટકરાઈને તૂટી જાય, તેમ સવ્યસાચીનાં બાણથી પીડાતી અને ઉદ્વિગ્ન બનેલી કૌરવસેના નાસી જવા લાગી.

સમગ્ર સૈન્ય જાણે સળગતું હતું. અશોકપુષ્પોથી વન શોભે તેમ લોહીભીની, વ્યાકુળ અને તૂટેલા કવચવાળી કૌરવસેના દેખાતી હતી.''

વાલ્મીકિએ અશોકવાટિકાના ઉલ્લેખ દ્વારા અશોકવૃક્ષનું ગૌરવ વધાર્યું છે. લાલચોળ અશોકપુષ્પ અને રતૂમડાં કિસલયનાં ગુણગાન ગાતાં સંસ્કૃત કવિઓ થાક્યા નથી. વ્યાસજીએ અશોકપુષ્પ માટે જે રૂપક પ્રયોજ્યું છે તે આપણને 'મૃચ્છકટિક'માં મળે છે : ''સમરભૂમિમાં લોહીવાળા કાદવથી ખરડાયેલો સુભટ શોભે તે પ્રમાણે લાલચોળ કુસુમો અને પલ્લવોના ભારથી ઝૂકી પડેલું અશોકવૃક્ષ શોભે છે.'' કાલિદાસ તો અશોકવૃક્ષ ઉપર અત્યંત મુગ્ધ છે. 'માલવિકાગ્નિમિત્ર'ના કથાવસ્તુમાં અશોકવૃક્ષનો સિંહફાળો છે.

દુઃશાસનના નાના દસ પુત્રો અર્જુન પર આક્રમણ કરવાની હિંમત કરે છે - કેવી બાલિશતાથી ? ''શિકારી સળગતી લાકડીઓથી હાથીને ડરાવે'' તેમ અર્જુનને

ડરાવતા તે દસ પુત્રોને અર્જુનનાં નારાચ અને ભલ્લબાણોએ પૃથ્વી પર પાડ્યા ત્યારે "આકાશમાંથી ચમકતા ખરતા તારા જેવા તેઓ શોભતા હતા."

વળી પાછા વ્યાસજી અર્જુનના પરાક્રમને બિરદાવવા તરફ વળ્યા : "સૂર્ય પોતાનાં કિરણોથી અંધકારનો નાશ કરે તેમ" અર્જુને કૌરવોની વિસ્તૃત સેનાને કાપી નાખી.

"ઇન્દ્રે વજ્રથી અનેક પર્વતોને કાપી નાખ્યા હતા, તેમ અર્જુને વિવિધ પ્રકારનાં ચિહ્નોવાળાં બાણોથી બધા હાથીઓની ધજાપતાકા અને વીરોનાં મસ્તકો કાપી નાખ્યાં." "અગ્નિની જ્વાલા સહિત પડતા પર્વતની જેમ સુવર્ણમાળાથી શોભતા મોટા હાથીઓ વ્યાકુળ બની પૃથ્વી પર પડ્યા." "પુણ્યનો નાશ પામવાથી વિમાન સહિત સિદ્ધ સ્વર્ગમાંથી નીચે પડે, તેમ કિરીટધારી અર્જુનનાં વિવિધ બાણોથી કૌરવયોદ્ધાઓ મૃત્યુ પામી નીચે પડ્યા."

વ્યાસજીની અનુપમ ઉપમાઓ અને અર્જુનનું બાહુબળ સર્વત્ર વ્યાપી રહ્યાં છે. તેમાં ભીમનો ટેકો મળ્યો. ભીમે ગદા વડે સંહાર આદર્યો. બિહામણું વર્ણન કરતાં વ્યાસજી કહે છે :

"કાળરાત્રિ જેવો ભયંકર ભીમ માનવી, હાથી અને ઘોડાનો કાળ કરીને ભોજન કરનારી તેમ જ કિલ્લા, અટ્ટાલિકાઓ, નગરો તથા દરવાજાઓ તોડી પાડનાર દારુણ ગદા ફેંકવા લાગ્યો. લોખંડનાં કવચ પહેરેલા અનેક મનુષ્યો તથા અશ્વોને તેણે ધરણી પર ઢાળ્યા. આર્તનાદ સાથે સૌ પ્રાણરહિત બન્યા."

કૌરવસૈન્યમાં પાછો હાહાકાર વર્તાયો. સૌ એકબીજાનો આશ્રય લેવા ઝંખતા હતા. કુંભારના ચાકડાની જેમ સૈન્ય ચક્કરભમ્મર થવા લાગ્યું. ભયભીત બનેલી સેના સમુદ્રમાં ડૂબતો માનવી ટાપુ તરફ જાય તેમ કૌરવયોદ્ધાઓ કર્ણના રથ તરફ વળ્યા. કર્ણ સૌનો તારણહાર હતો.

'ભય વિના પ્રીતિ નહીં' એ ન્યાયે માનવી મૃત્યુના ભયથી ધર્મનો આશ્રય લે છે, તેવી રીતે અર્જુનના ભયને કારણે કૌરવયોદ્ધાઓ કર્ણનો આશ્રય લેવા દોડ્યા, એટલે 'ઉન્મત્ત હાથી પોતાના દંતૂશળથી બીજા હાથીની સાથળમાં પ્રહાર કરવા દોડે તેમ સાત્યકિ કર્ણ પાછળ દોડ્યો." કેવું ભયાનક ઝનૂન છે !

કૃપાચાર્ય, કૃતવર્મા, કર્ણ અને દુર્યોધન ચારેય ભેળા મળી સાત્યકિને વીંધવા લાગ્યા, પણ "ચાર લોકપાલ સામે દૈત્યરાજ લડે" તેમ સાત્યકિ તેઓ સાથે લડ્યો. "શરદઋતુમાં મધ્યાહ્ને સૂર્ય જેવો તેજસ્વી દેખાય" તેવો અસંખ્ય

બાણવર્ષા કરનાર સાત્યકિ અજેય બની ગયો અને ત્યારે "જેવી રીતે દૈત્યનો નાશ કરતી વખતે મરુતગણો ઇન્દ્રનું રક્ષણ કરતા હતા તેવી રીતે શત્રુતાપન પાંચાલ યોદ્ધાઓ શિનિશ્રેષ્ઠ સાત્યકિનું રક્ષણ કરવા લાગ્યા."

વ્યાસજીને પૌરાણિક કથાઓ પણ કેટલી સમયસર યાદ આવે છે!

સાત્યકિએ બાણવર્ષા કરી કર્ણના પુત્ર સુષેણને હતાહત કર્યો. સુષેણ જાણે નૃત્ય કરતો હોય તેમ પૃથ્વી પર પડ્યો અને તરત જ મૃત્યુ પામ્યો. કરુણ ઘટનામાં પણ વ્યાસજીની કલા ખીલતી જ રહે!

પુત્રના મૃત્યુથી અતિ વ્યથિત કર્ણ કારમું યુદ્ધ ખેલી સંહારક બન્યો. વ્યાસજીને તો અન્ય પાત્રોની જેમ કર્ણ પણ અતિપ્રિય છે. વ્યાસજીને કોના માટે સ્નેહ નથી? કર્ણ માટે અઢળક માન છે. વ્યાસજી સતત જાગૃતિ રાખી, તટસ્થતા જાળવી કર્ણનું આલેખન કરે છે. અર્જુનનો 'ગાંડીવ'ટંકાર તો કર્ણનો 'વિજય'ટંકાર! કર્ણના ધનુષ્યટંકારથી વૃક્ષો તથા પર્વતો સહિત પૃથ્વી ફાટી જશે એમ માની બધા ડરવા લાગ્યા. રણભૂમિ પર કર્ણ કેવો શોભતો હતો?

"તેજસ્વી કિરણોવાળો પરિઘયુક્ત સૂર્ય દેખાય, તેમ ઇન્દ્રધનુષ્યની માફક ખેંચેલા મંડલાકાર ધનુષ્યથી બાણ છોડતો કર્ણ શોભતો હતો."

હવેના બે શ્લોકો વાંચીને કોઈ પણ સહેલાઈથી કહી શકે કે એ શ્લોકો વ્યાસરચિત જ હોઈ શકે, કારણ, એમાં પણ ગીતાધ્વનિ જ સંભળાય છે:

ते पंच पांचालरथाः सुरुपैर्वैकर्तनं कर्णमभिद्रवन्तः।
तस्माद्रथाच्यावयितुं न शंकुर्धैर्यात्कृतात्मानमिवेन्द्रियाणि ।।

ધૃષ્ટદ્યુમ્ન, ઉત્તમૌજા, જનમેજય, યુધામન્યુ અને શિખંડી એ પાંચેય પાંચાલદેશી રથીઓ બાણથી કર્ણને પીડિત કરવા લાગ્યા, પરંતુ "જેવી રીતે આત્મજ્ઞાની માનવીને ઇન્દ્રિયોના વિષયો તેના ધૈર્યથી ચલિત કરી શકતા નથી, તેમ પાંચાલદેશી પાંચ રથી વીર વૈકર્તન કર્ણ ઉપર પ્રહાર કરી તેને રથ ઉપરથી નીચે પાડી શક્યા નહીં."

पराजिताः पंच महारथास्तु
ते महाहवे सूतसुतेन मारिष।
निरुद्यमास्तस्थुरमित्रमर्दना
यथेन्द्रियार्थात्मवता पराजिताः ।।

"હે મારિષ! જ્યારે સૂતપુત્ર કર્ણે આ પરંતપ પાંચેય મહારથીને પરાજિત કર્યા ત્યારે તે પાંચાલો વીર આત્મજ્ઞાની માટે નિષિદ્ધ વિષયોની જેમ પ્રવૃત્તિરહિત બની સ્તબ્ધ રહી ગયા."

આવા વીર કર્ણની "ઇન્દ્રિયો તેના આત્માના વશમાં હતી" અને તેથી "જેમ આત્મજ્ઞાની વ્યક્તિ વિષયોના આક્રમણ સામે નિશ્ચલ રહે તેમ" કર્ણને લક્ષ્યપ્રાપ્તિં કરવામાં કોઈ અંતરાય ન હતો.

સચોટ ઉપમા તથા દૃષ્ટાંતો દ્વારા 'મહાભારત'કાર પરિસ્થિતિને આપણાં મગજમાં બરાબર ઠસાવે છે.

કર્ણરૂપી સાગરમાં ડૂબતા પાંચાલવીરોને દ્રૌપદીના પાંચ પુત્રો બચાવે છે, "જેવી રીતે કોઈ ઉત્તમ માનવી જેની નાવ સમુદ્રમાં ડૂબી ગઈ છે તેવા ડૂબતા વણિકને પોતાની નાવ પર ચડાવી બચાવે તેમ."

કર્ણે પાંચાલવીરોની કેવી કંગાળ દશા કરી મૂકી હશે!

મહાભારતનું સૌથી ચર્ચાસ્પદ દ્વંદ્વયુદ્ધ હવે શરૂ થાય છે.

वृकोदरो महारुरुं सिंह इवाभिपेतिवान् ।

"સિંહ મહારુરુ નામના હરણ તરફ દોડે" તેવી રીતે ઝડપથી ભીમસેન દુઃશાસન તરફ દોડ્યો. બંને અતિશય ગુસ્સે થઈ, જીવનની આશા છોડી અતિશય અમાનવીય યુદ્ધ કરવા લાગ્યા. તે બંનેનું યુદ્ધ "શંબર અને ઇન્દ્રના યુદ્ધ સમાન હતું." શરીરનો નાશ કરે તેવાં તીક્ષ્ણ બાણોથી પરસ્પર વીંધતા તે બંને યોદ્ધાઓ કેવા લાગતા હતા? "એક હાથણી માટે બે મદોન્મત્ત હાથી યુદ્ધ કરે તેવા."

ભીમે દુઃશાસનના માથા ઉપર ગદા ઝીંકી અને દુઃશાસન પડ્યો. તેનું કવચ ચિરાઈ ગયું. યુવરાજ-ઉચિત આભૂષણો અંગ પરથી સરી પડ્યાં. લોહીથી રંગાઈ ગયેલાં વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ફાટી ગયાં. રથના ભૂકા થઈ ગયા. દુઃશાસન વેદનાથી તરફડવા લાગ્યો." લોહીલુહાણ દુઃશાસનની છાતી પર ભીમ ચઢી બેઠો.

કવિ તરીકે વ્યાસજી કોઈ પક્ષના દાવેદાર નથી. તેઓ પ્રત્યેક પાત્રને ભરપૂર ઉપસાવે છે. ભીમના ગદાપ્રહારથી ધરાશાયી થયેલા દુઃશાસનના પૌરુષને મહાકવિએ છલોછલ બહેલાવ્યું છે.

દુઃશાસનના ગળા પર લાત મારીને તલવાર કાઢીને ભીમ પૂછે છે: "દ્યૂતસભામાં દ્રૌપદીના કેશ તેં કયા હાથથી ખેંચ્યા હતા એ બતાવ! હે દુઃશાસન! ભીમ તને આ પ્રશ્ન પૂછી રહ્યો છે." પણ દુઃશાસન કાયર નથી.

આવા વખતે પણ તે પૂરી હિંમત બતાવે છે. 'પરિવર્તનેત્રે' - બદલાઈ ગયેલી આંખે તે પ્રત્યુત્તર આપે છે : "પીનસ્તનનું વિમર્દન કરનાર, હજારો ગાયોનાં દાન કરનાર અને ક્ષત્રિયોનો વિનાશ કરવાવાળા આ મારા હાથ હાથીની સૂંઢ જેવા લાંબા છે ! આ હાથથી, ભીમ, મેં કુરુમુખ્યોના દેખતાં, તારા દેખતાં અને સર્વ સભાસદોના દેખતા યાજ્ઞસેનીના કેશ ખેંચ્યા હતા." ઘડી પછી મૃત્યુ પામવાની ક્ષણે પણ દુઃશાસન કાયરતા, દીનતા, યાચના કે જીવ બચાવવાની વૃત્તિવાળો નથી થતો.

થઈ રહ્યું ! ભીમનો ગુસ્સો હવે કાબૂમાં રહે ખરો ? "એક જ આંચકે માંડવા પરથી દૂધી તોડે એ રીતે દુઃશાસનનો જમણો હાથ ખભામાંથી તેણે તોડી નાખ્યો. તૂટેલા હાથ વડે તે તેને ધબધબ ધીબવા માંડ્યો. તેણે કારમા પ્રહાર કરવા માંડ્યા અને છેવટે એ તૂટેલા હાથને કૌરવસેનામાં ફંગોળ્યો." ત્યારબાદ તલવાર કાઢી દુઃશાસનની છાતીમાં ભાલાની જેમ ભોંકી દીધી. રુધિરનો ફુવારો છૂટ્યો. ઊડી રહેલા રુધિરમાં નાહી રહેલા ભીમે ખોબામાંથી ગરમ લોહીનું પાન કરી પ્રતિજ્ઞા પૂરી કરી. "ભયાનક યુદ્ધ કરીને સિંહ જેમ માતેલા પાડાનું લોહી પીએ, તેમ ભીમે રુધિરપાન કર્યું. વેરતૃપ્તિના આનંદમાં યુદ્ધભૂમિ પર પાગલ વ્યક્તિની જેમ નાચતાં-નાચતાં તે સ્વાદનાં ગુણગાન ગાતો રહ્યો."

स्तन्यस्य मातुर्मधुसर्पिषो वा माध्वीकपानस्य च सत्कृतस्य ।
दिव्यस्य वा तोयरसस्य पानात्पयोदधिभ्यां मथिताच्च मुख्यात् ।
सर्वेभ्य एवाभ्यधिको रसोऽयं मतो ममाद्याहितलोहितस्य ।।

"માતાનું દૂધ, મધ, ઘી, ઉત્તમ પુષ્પરસરૂપ મદ્ય, દિવ્ય સુગંધી જળ, દૂધ અને દહીંના વલોવેલા માખણ કરતાં પણ મારા આ દુશ્મનનું લોહી વધુ સ્વાદિષ્ટ લાગે છે."

પરાકાષ્ઠા તો હવે આવે છે. દુઃશાસનને મૃત્યુ પામેલો જોઈ ભીમ નિરાશ થાય છે. તે હસીને મૃત્યુ પાસે લાચારીનો એકરાર કરે છે :

किं वा कुर्याम् मृत्युना रक्षितोऽसि ।

"હું તો હજી પણ વધુ તને રિબાવવા માગું છું, પણ શું કરું ? તું હવે મૃત્યુના ખોળામાં જઈ સહીસલામત બની ગયો છે !"

મનુષ્ય મનુષ્ય સાથે કેટકેટલા સ્તર પરથી, કેટકેટલી રીતે વર્તી શકે છે તેનું આબેહૂબ ચિત્ર અહીં વ્યાસજીએ આપણી સમક્ષ રજૂ કરેલું છે.

વ્યાસજી ફરીથી પૌરાણિક કથાનો આશરો લે છે.

"વૃત્રાસુરને મારી સહસ્રાક્ષ ઇન્દ્ર પ્રસન્ન થયા હતા, તેવી રીતે રુધિરથી ભીંજાયેલા શરીરવાળા મહાબળવાન દુઃશાસનને મારી પ્રસન્ન ભીમ ગર્જના કરવા લાગ્યો."

જેમણે ભીમને દુઃશાસનનું લોહી પીતો જોયો તે બધા વ્યાકુળ બની 'આ માનવી નથી' તેમ કહી નાસી જવા લાગ્યા.

તે કાર્ય સત્પુરુષો દ્વારા નિંદિત અને નીચ પુરુષો જ આચરે તેવું હતું. વળી તે અતિ ભયંકર કૃત્ય પણ હતું જ. ખરેખર તે કાર્ય ખૂબ જ અઘટિત થયું હતું.

ભીમ બહાદુર હોવા ઉપરાંત અત્યંત બાહોશ અને સમજુ હતો. આવો ભીમ યુદ્ધમેદાનની વચ્ચે, સૌના દેખતાં દુઃશાસનની છાતી ચીરી, ખોબેખોબા લોહી પીએ, આનંદમાં આવી કૂદકા મારે, ગર્જના કરે - તેવું બધું કાંઈ કરે ખરો ? હાસ્તો ! કર્યું જ હતું ને ? તો તેની પાછળ કારણ પણ હશે ને ?

પ્રખ્યાત વીર લોકો સાંભળે તેમ ભીમ બૂમો પાડીને કહે છે : "મને પ્રમાણકોટિ તીર્થમાં ઝેર પિવડાવી નદીમાં નાખી દેવામાં આવ્યો, કાલકૂટ ઝેર ખવડાવ્યું, કાળા સર્પ કરડાવ્યા. અમને લાક્ષાગૃહમાં બાળવા ઇચ્છતા હતા. જુગાર રમી કપટથી અમારું રાજ્ય લઈ લીધું. અમને તેર વર્ષ વનમાં મોકલ્યા. યુદ્ધમાં અમને બાણ અને ઘાતક શસ્ત્રોથી મારવા ઇચ્છતા હતા અને ઘરે પણ સુખપૂર્વક રહેવા દીધા ન હતા. આ બધાં દુઃખ હું જાણું છું. અમને કદી સુખ મળ્યું નથી. દુઃશાસનની બાબતમાં મેં સભામાં જે પ્રતિજ્ઞા લીધી હતી તે આજે સત્ય કરી લીધી."

પણ આથી પણ વિશેષ કોઈ કારણ એના મનમાં રમતું હશે ?

ભીમસેનને દ્રૌપદી અત્યંત પ્રિય હતી. દુઃશાસન દૃષ્ટિ સમક્ષ આવતાં જ તેની સાથે તુમુલ યુદ્ધ દરમિયાન તેને બધાં દુઃખોમાં પણ વિશેષ દ્રૌપદીની માનહાનિ સૌથી વધુ પીડા પહોંચાડતી હશે. દ્રૌપદીના આજ સુધી જિવાયેલા વ્યથિત જીવનનું ચલચિત્ર યુદ્ધ પહેલાં ઘણી વખત બંધ આંખે, દાંત કચકચાવીને તેણે જોયું હશે. તે જ ચલચિત્ર વીજળીના ઝબકારાની જેમ તેની નજર સમક્ષ અત્યારે પસાર થયું હશે.

અને આ દ્રૌપદી પણ કેવી ?

દ્રોણના અપમાનનો બદલો લેવા દ્રુપદે કરેલા યજ્ઞ દરમિયાન યજ્ઞવેદીના

મધ્યભાગમાંથી એક કુમારી પ્રગટ થઈ એ જ દ્રૌપદી. આનંદથી તરબોળ થઈને વ્યાસજી તેના સૌંદર્યનું વર્ણન કરે છે :

"કૃષ્ણા, કલ્યાણી, દર્શનીયાંગી, મનોરમા, જાજ્વલ્યવંત, પંડિતા, બ્રહ્મવાદિની, ચારુદત્તા, વિશાલાક્ષી, શ્યામા, કટિતન્વી, શુભાંગી, શ્રિયાવૃતા, અરાલપક્ષ્મા, સુમધ્યમા, સુશ્રોણિ, હસ્તિહસ્તોપમસંહિતોરુ, મૃગાક્ષી, સુન્દરી, ગજગામિની, કમલનયની, અમરાંગના, કામિનીશ્રેષ્ઠા, સુભગા, પદ્મપલાક્ષક્ષી, નીલ-કુટિલ-કેશિની, મધુઘાતિની..."

વ્યાસજીને સૌંદર્ય - પછી તે સ્ત્રીનું હોય કે પ્રકૃતિનું - પેટ ભરીને જોવાની દૃષ્ટિ હશે !

આવી પાંચાલી પાંચે પાંડવોની પત્ની બનશે તેવું યુધિષ્ઠિર દ્રુપદને જણાવે છે. દ્રુપદને ત્યારે આઘાત લાગે છે અને તે કહે છે : "એક સ્ત્રીને ન્હોય, નૃપતિ, પતિઓ ઘણા !" પણ યુધિષ્ઠિર કહે છે : "અમે પાંચેય ભાઈઓ 'રત્નસ્ય સહભોજન'માં માનીએ છીએ અને તમારી પુત્રી દ્રૌપદી તો એક રત્ન છે. અમારી માતાની પણ એ જ ઇચ્છા છે. એમાં અધર્મ હું માનતો નથી. હું ચોક્કસપણે માનું છું કે જ્યારેજ્યારે સંદેહ ઉત્પન્ન થાય, આમ કરવું કે તેમ કરવું તેવી દ્વિધા ઉત્પન્ન થાય, ત્યારે સજ્જનોને માટે અંતઃકરણ જ સૌથી વધુ પ્રમાણભૂત છે, તેથી અમારી આ ગોઠવણ છે." (કાંલિદાસે 'અભિજ્ઞાનશાકુંતલ'માં વ્યાસજીના આ વચન પરથી પ્રેરણા લીધેલી ?)

દ્યૂતસભાને યાદ કરતાં જ ભીમ ક્રોધથી ધ્રૂજી ઊઠતો. તેને એ કેવી લાગતી ? "એ રાજસભા નહોતી. એ તો હતી કૌરવોની રાક્ષસસભા અને એ કાળોતરા કૌરવનાગોનાં નસકોરાંમાંથી ઝેર નીગળતાં હતાં."

શકુનિએ આચરેલાં કપટ અને હાથચાલાકીથી યુધિષ્ઠિર દ્યૂતમાં હારે છે. ચડસીલા યુધિષ્ઠિરથી દ્યૂતક્રીડા દરમિયાન વસ્તુ હોડમાં મુકાઈ નથી કે સામા પક્ષે જિતાઈ નથી ! જોતજોતાંમાં વીજળીવેગે, વીજળી જેમ વાદળના અંધકારમાં અદશ્ય થાય તેવી રીતે યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મી પરાજયના અંધકારમાં અદશ્ય થઈ ગઈ. વાત ઠેઠ દ્રૌપદીના વસ્ત્રાહરણ સુધી આવી પહોંચી. ભીમને વર્ષોથી યાદ સતાવતી. એને સતત યાદ હતું : "રડતી, કકળતી, એકવસ્ત્રા, દુઃખમાં ડૂબી ગયેલી, રજસ્વલા, સનાથ હોવા છતાં અનાથ જેવી લાગતી દ્રૌપદીને સભામાં લાવવામાં આવી." આ પ્રસંગના વર્ણન નિમિત્તે ચાલો, આપણે કરસનદાસ માણેકના જ શબ્દો વાગોળીએ :

"ક્રોધથી સળગી રહેલી, છતાં મલાજો સાચવવાનો પ્રયત્ન કરતી, સતત વિરોધ કરતી, એક પછી એક કટુ વાગ્બાણો છોડતી, ધર્મની આણ દેતી, ભવિષ્યમાં આવનારા ભયાનક પ્રતિકારની દુહાઈ આપતી, વિવસ્ત્રા અને દીન દ્રૌપદી સભામાં પ્રશ્નોની ઝડી વરસાવે છે."

ત્યારે યુધિષ્ઠિરની હાલત કેવી હતી ?

"કોઈ શરાબી ખૂબ-ખૂબ ઢીંચીને ઉધમાતે ચડ્યો હોય અને બાદમાં નશો ઊતરી જતાં લોટના કોથળા પેઠે ભૂમિ પર પડ્યો હોય તેવો હતવીર્ય બનીને તકિયા ઉપર તે ઢળી પડ્યો."

તો સામે દ્રૌપદીનું આક્રંદ કેવું ? "મગરમચ્છોથી ભરેલા સાગર સરખી કૌરવોની આ સભામાં હું આજે વલોવાઈ રહી છું !" "મારા અંગને સ્પર્શતા વાયુને પણ જે પાંડવો સાંખી ન લેતા હતા એ પાંડવો આજે ધર્મના પાશથી બંધાઈને આ દુષ્ટના પાશવીપણાને સાંખી રહ્યા છે !"

દ્રૌપદી હતાશામાં ભરીસભામાં છેલ્લો ફટકો મારે છે: "જેનો ભર્તા યુધિષ્ઠિર છે તે સ્ત્રીને સુખ ક્યાંથી હોય ?"

अशोच्यत्वं कुतस्तस्या
यस्य भर्ता युधिष्ठिरः ।

ભીમ આ ઘટના ભૂલી શકે ખરો ? દુઃશાસનનું લોહી પીવાની પ્રતિજ્ઞા તેણે આ વેળાએ જ કરેલી.

અજ્ઞાતવાસ દરમિયાન પ્રાણેશ્વરી દ્રૌપદીને વિરાટરાજાને ત્યાં રાણી સુદેષ્ણા પાસે સૈરન્ધ્રી થઈને રહેવું પડે છે. સૌ પાંડવોમાં કીચકને પાઠ ભણાવવા દ્રૌપદી ભીમ ઉપર જ મદાર રાખે છે.

દ્રૌપદીના સૌંદર્યથી મોહાંધ બનેલા કીચકને પોતે હણેલો ત્યારે અને પછી પણ કીચકની શબવાહિનીની સાથે બાંધેલી દ્રૌપદીને પોતે છોડાવેલી તે યાદથી ભીમ સતત દાંત કચકચાવતો.

વિરાટપર્વમાં કીચકવધનું ભયાનક, બીભત્સ, છળી મરાય તેવું, તો ક્યારેક રમૂજી શૈલીમાં નાટ્યાત્મક નિરૂપણ વ્યાસજીએ કરેલું છે. ભીમ રંગમંચ ઉપર પ્રવેશે તે પહેલાં દ્રૌપદી હિંમત બતાવે છે. પોતાના પર આક્રમણ કરી રહેલ કીચકને દ્રૌપદીએ એટલા બધા જોરથી હડસેલ્યો કે એ "મૂળ પર આક્રમણ

થતાં વૃક્ષ પટકાઈ પડે તેમ" પૃથ્વી પર પછડાયો. દ્રૌપદી આ તકનો લાભ લઈ નાસી છૂટી.

ભીમ છલાંગ મારીને કૂદે છે અને કીચકને તેણે "સિંહ જેમ કોઈ પાડાને પકડે" તેમ પકડ્યો.

મૃત કીચકનું ચિત્રાત્મક વર્ણન 'મહાભારત'કારે સચોટતાથી આપ્યું છે : "આની ડોક ક્યાં છે ? પગ ક્યાં છે ? હાથ ક્યાં છે ? માથું ક્યાં છે ?" લોકો અંદરોઅંદર એવું પૂછવા લાગ્યા. કીચકના સો ભાઈઓને કીચક કેવો દેખાયો ? "જેનાં બધા જ અંગો છૂંદાઈ ગયાં છે એવા પાણીમાંથી બહાર ખેંચી કઢાયેલા કાચબા જેવો !"

ભીમને પૂરી ખબર છે કે દ્રૌપદી "દુર્યોધનના વિનાશ માટે અને પોતાના પતિઓની અર્થસિદ્ધિ માટે ઉગ્ર તપ કરી રહી છે અને જ્યાં સુધી તે વેરનો બદલો ન લે ત્યાં સુધી હંમેશાં ભોંયપથારીમાં સૂએ છે."

यदा च द्रौपदी कृष्णा भर्तृणामर्थसिद्धये ।
स्थण्डिले नित्यदा शेते यावद्वैरस्य यातना ।।

દ્રૌપદીની આ મનોદશા, યાતના અને ત્યાગ ભીમને સતત સતાવતાં રહેલાં.

બાર વર્ષના વનવાસ દરમિયાન પતિ સાથે દ્રૌપદી ઠેકઠેકાણે ભટકી છે. કરસનદાસ માણેકે દ્રૌપદી માટે યોગ્ય ઉલ્લેખ કર્યો છે :

"જીવનભર આક્રંદ કરવા માટે જ સર્જાઈ છે આ નારી - દ્રુપદની તનયા ! ઉત્તર હિન્દુસ્તાનની ભાગ્યે જ કોઈ નદી હશે, જેના કાંઠે તેનાં આંસુ નહીં પડ્યાં હોય ! હિમાલયનું ભાગ્યે જ કોઈ શિખર હશે, જે તેના રુદનથી કંપી નહીં ઊઠ્યું હોય ! આર્યાવર્તનું ભાગ્યે જ કોઈ વન હશે, જેનાં વૃક્ષો એનો વિલાપ સાંભળીને દ્રવી નહીં ઊઠ્યાં હોય !"

અને દ્રૌપદીને પણ ભીમ પર કેટલો બધો વિશ્વાસ ? વનપર્વમાં હિમાલય ચઢતાં પાંચાલી થાકી જશે તો તેને તેડી લઈને પોતે આગળ વધશે તેવું ભીમે યુધિષ્ઠિરને કહેલું. ત્યારે દ્રૌપદીએ ભીમને કહેલું : "બજરંગબલી જેવા તારા બાહુઓ એ જ આપણી સ્વપ્નસૃષ્ટિની આધારશિલા છે, વૃકોદર ! લાક્ષાગૃહમાંથી તેં જ તો અમને તાર્યાં હતાં !"

દુઃશાસનના રુધિરપાનની ઘટના સામાન્ય નથી, સાધારણ પણ નથી. આમ જુઓ તો મહાભારતકથા પોતે પણ ક્યાં સાધારણ કથા છે ? અહીં માનવીને

જિંદગીના પ્રવાહમાં આમતેમ ફંગોળતાં લાભ, ક્રોધ, કામ, ઈર્ષ્યા, પ્રેમ, મિત્રતા, શૌર્ય વગેરેનું એક અત્યંત ઘેરું, અતિશય તોફાની ચિત્ર રજૂ થયું છે.

જીવનભરનાં કુકર્મો એ જાણે તેનાં પરાક્રમ હોય, તેમ દુઃશાસન વર્ણવતો હતો. તે જ હાથને ભીમે જડમૂળથી જુદો કર્યો. ભીમે કરેલું રુધિરપાન ભલે ને કૌરવોના કર્મવિપાકનું ફળદાયી કૃત્ય હોય, પરંતુ માણસ માણસનું લોહી ખોબો ભરીને પીએ, પીતાં-પીતાં ઉન્માદથી નાચે, વખાણી-વખાણીને પીએ, તે નરી પશુતા-જંગલિયત-બર્બરતા કહેવાય. આવો ન્યાય તોળવો ભીમને માટે યોગ્ય નહોતો તેમ સ્પષ્ટ જણાવી 'મહાભારત'કારે 'નૈષ માનુષઃ' - "આ ભીમ માણસ નથી" એમ વર્ણવ્યું છે.

સાથેસાથે એ પણ સત્ય છે કે યોગ્ય કારણ માટે, યોગ્ય સમયે, યોગ્ય સ્થળે અને ખાસ તો યોગ્ય રીતે ગુસ્સો વ્યક્ત કરવો તે ઘણું અઘરું કામ છે.

ઉપરાંત, માનવીય વ્યક્તિત્વને સમજનારી મનોવૈજ્ઞાનિક ચિકિત્સામાં વ્યક્તિના ભૂતકાળના અનુભવો, અપેક્ષાઓ અને તરંગલીલાઓનું ઝીણવટથી નિરીક્ષણ કરવું ઘટે. લોકોની નજરે દોષ જેટલો પ્રગટ થાય છે, તેટલો ગુણ પ્રગટ થતો નથી. ચંદ્રનું કલંક જેટલું જાણીતું છે તેટલી તેની પ્રસન્નતા ક્યાં જાણીતી છે ?

ભીમ કેટલો જવાબદાર ?

'મહાભારત'કાર વ્યાસ નિર્ણય કરવાનું આપણા ઉપર છોડે છે.

ભીમસેનના અમાનવીય પરાક્રમથી કર્ણ આશ્ચર્ય પામ્યો, વિચારમાં પડી ગયો, ચિંતાતુર પણ થયો. શલ્ય તેને આશ્વાસન આપી પાનો ચઢાવે છે. કર્ણ સ્વસ્થ બની ફરીથી પૂરા જોમથી યુદ્ધે ચડે છે. વ્યાસજી આ સમગ્ર ઘટનાને એક શ્લોકમાં સુંદર રીતે વર્ણવે છે :

दृष्ट्वा भीमस्य विक्रान्तमन्तकस्य प्रजास्विव ।

"જેવી રીતે પ્રજા ઉપર યમનું પ્રભુત્વ હોય છે તેવું ભીમનું પરાક્રમ જોઈ કર્ણે મહાયુદ્ધમાં પ્રવેશ કર્યો."

અન્ય સ્થળે વિચિત્ર રીતે યુદ્ધ કરતા નકુળે અનેક હાથી, ઘોડા, શ્રેષ્ઠ વીરોને તલવારથી મારી નાખ્યા. અને તેની તલવાર કેવી ? "લોખંડની બનેલી, તીક્ષ્ણ તેજ ધારવાળી, મ્યાનમાંથી બહાર કાઢેલી, માર સહન કરવામાં શક્તિશાળી, સર્પ

સમાન ઉગ્ર, અતિશય ભયંકર, શત્રુનો નાશ કરનારી" તે તલવાર લઈ નકુળ ઘૂમવા લાગ્યો.

અને પછી ? વ્યાસજી નિપુણ યોદ્ધાની કુશળતા અને પરાક્રમનું વર્ણન કરવામાં પાછા પડે ? કેવી આકર્ષક ઉપમા આપેલી છે ! "અશ્વમેધયજ્ઞમાં યજ્ઞના પશુને મારવામાં આવે તેવી રીતે કપાઈને એ સહુ પૃથ્વી પર પડ્યા."

નકુળે ભયંકર બાણો વરસાવી વૃષસેન ઉપર આક્રમણ કર્યું અને તે પણ કેવું ? "શત્રુ જંભને મારવા ઇન્દ્ર દોડ્યા હતા તેમ."

પણ પોતાના રથનો ઘોડો મૃત્યુ પામવાથી અને વૃષસેનના બાણથી ઘાયલ થવાથી નકુળે ભીમના રથ ઉપર ચડી જવું પડે છે. નકુલ કેવી રીતે ચડ્યો ? "પર્વતના શિખર ઉપર કૂદકો મારી સિંહ ચડે તેવી રીતે."

કુણિંદદેશના યોદ્ધાઓ કૌરવ નરવીરો તરફ દોડ્યા. કેવી રીતે ? "નવા કાળા વાદળ સમાન, કાળા વર્ણવાળા, પર્વતના શિખર સમાન, ભારે ઝડપી હાથી ઉપર બેસીને" અને આ હાથીઓ કેવા હતા ? "વીજળીસહિત કાળાં વાદળ આકાશમાં શોભે તેમ હિમાલયપ્રદેશના, સુસજ્જ, સોનાની જાળવાળા, યુદ્ધ કરવાની ઇચ્છાવાળા, યુદ્ધકુશળ મહાવીર યોદ્ધાથી યુક્ત હાથીઓ શોભવા લાગ્યા." મહારથીઓનો પ્રભાવ તો ખરો જ, પરંતુ હાથીનાં ગુણગાન ગાવામાં પણ 'મહાભારત'કાર વ્યાસજી કંઈ મણા રાખતા નથી.

કૌરવોનું પાંડવો અને સૃંજયો સાથે ભયંકર યુદ્ધ જામ્યું. "રથ, હાથી, ઘોડા અને પાયદળથી પરસ્પર માર્યા ગયેલા યોદ્ધાઓ જમીન ઉપર પડવા લાગ્યા." કેવી રીતે ? "મોટી આંધી આવતાં વીજળી અને ગર્જના સહિત મેઘ બધી દિશામાં વરસવા લાગે તેવી રીતે."

નકુળપુત્ર શતાનિકના સૈન્યના હાથીઓને કૃતવર્માએ શસ્ત્રપ્રહારથી છિન્નભિન્ન કરી નાખ્યા. "ઇન્દ્ર પોતાના વજ્રથી પર્વતને પાડે" તેમ અશ્વત્થામાએ પણ હાથીઓને પ્રાણરહિત કરી પૃથ્વી પર પાડ્યા. દુર્યોધનના બાણથી હાથી, કુલિંદરાજના નાના ભાઈ સહિત, જમીન ઉપર પડ્યો અને "જેવી રીતે વર્ષાકાળમાં ઇન્દ્રના વજ્રના પ્રહારથી મેરુ પર્વત ઉપરથી લાલ રંગનું પાણી વહે તેવી રીતે તે હાથીના શરીરમાંથી લોહી વહેવા માંડ્યું."

તેટલા સમયમાં શતાનિકે આક્રમણ કરી કૌરવસેનાના ચૂરેચૂરા કર્યા અને તે પણ કેવી રીતે ? "ગરુડની પાંખના પવનથી વિહ્વળ બની સાપ જમીન ઉપર

પડે તેવી રીતે.'' કૌરવ-પાંડવ-યુદ્ધના વર્ણનને પશુ-પક્ષીઓ એકબીજા ઉપર આક્રમક બની જે તરાપ મારતા હોય તેની સાથેની તાદશ સરખામણી કરવાનું વ્યાસજી ચૂકતા નથી.

કર્ણપુત્ર વૃષસેને શતાનિકને ઘાયલ કર્યો અને અર્જુન, ભીમ, નકુળ અને શ્રીકૃષ્ણ ઉપર બાણવર્ષા કરી, ''પૂર્વે ઇન્દ્રને બાણ મારી જેવી રીતે નમુચિ ગર્જના કરતો હતો'' તેમ વૃષસેને ગર્જના કરી અને તે અર્જુન સામે ધસ્યો.

અર્જુનનાં બાણથી ઘાયલ થઈ વૃષસેન હાથ અને મસ્તકથી રહિત બની રથ ઉપરથી નીચે પૃથ્વી પર પડ્યો. કેવી રીતે ? ''ખીલેલાં પાનવાળું વિશાળ શાલનું વૃક્ષ વાવાઝોડાથી પર્વતના શિખર ઉપરથી પડે તેવી રીતે.''

વ્યાસજીની કૃતિમાં વૃક્ષો સાથેનો અંતરંગ સંબંધ કલ્પના અને અલંકારોની સહાયથી ઉત્કટતાપૂર્વક આલેખાયો છે.

કહેવાય છે કે કર્ણાર્જુનસંગ્રામ વિશ્વનાં તમામ દ્વંદ્વયુદ્ધોમાં સૌથી ભીષણ હતો. ''એક વાદળ બીજા વાદળ સાથે અથડાય'', ''એક પર્વત દૈવયોગે બીજા પર્વત સાથે ટક્કર લેવા આવે તેમ ટકરાય'', ''અનેક વૃક્ષ અને ફાલીફૂલી લતા અને ઔષધિયુક્ત ઊંચા શિખરવાળા બે પર્વત યુદ્ધ કરવા નીકળે તેમ'', ''બે મહાપ્રલયો સામસામા અફળાય'' એવા બે મહારથીઓ વચ્ચેના મહાસંગ્રામનું 'મહાભારત'કાર દિલચસ્પ વર્ણન કરે છે અને આ વર્ણન દ્વારા સમગ્ર દશ્ય ચાક્ષુષ કરવાનું સૌષ્ઠવ પણ આ કવિ દ્વારા જ પ્રગટ થયું છે.

પૃથ્વી પર મનુષ્યો પૂછે છે : ''કોણ જીતશે - અર્જુન કે કર્ણ ?'' અંતરીક્ષમાં 'ભૂતો' પણ આ જ પ્રશ્નની ચર્ચા કરતાં હતાં, પણ સર્વસંમત નિર્ણય કોઈ લઈ શકતું નહોતું. સૃષ્ટિમાં કોઈ તટસ્થ નહોતું, અપક્ષ નહોતું તે જણાવવા 'મહાભારત'કાર બંને પક્ષકારોનું ખૂબ વિગતવાર રસપૂર્ણ વર્ણન કરે છે.

''નક્ષત્રસહિત સમગ્ર 'દ્યૌ' (આકાશની અધિષ્ઠાત્રી દેવી) કર્ણનો વિજય વાંછતી હતી. માતા સમાન વિશાળ ભૂમિ પોતાના પુત્ર ધનંજયના જયની આકાંક્ષા રાખતી હતી.''

''વસુ, મરુત, સાધ્યો, રુદ્ર, વિશ્વદેવ, અશ્વિનીકુમારો, અગ્નિ, ઇન્દ્ર, ચંદ્ર, વાયુ, દેવો, પિતૃઓ, વરુણ, કુબેર અને યમ અર્જુનના વિજયની ઇચ્છા રાખવા લાગ્યા. કર્ણને પક્ષે તમામ આદિત્યો છે.'' સૂર્ય કર્ણને પક્ષે છે. ઇન્દ્ર અને સૂર્ય અલગઅલગ પક્ષે હોવાથી દેવો અને અસુરો પણ બે પક્ષમાં અલગઅલગ હતા.

"રત્ન, ખાણ, ઇતિહાસ, પુરાણ, વેદ, ઉપવેદ, ઉપનિષદ, રહસ્યસંગ્રહો, વાસુકિ, ચિત્રસેન, ઐરાવત, કામધેનુના વંશજો, તક્ષક, ઉપતક્ષક તથા ઝેરી નાગો અર્જુનના પક્ષે હતા, જ્યારે નાના સાપ કર્ણને પક્ષે હતા."

"નદીઓ, સમુદ્ર, પર્વત, વનસ્પતિએ મુગુટધારી અર્જુનનો પક્ષ લીધો. અસુરો, યાતુધાનો (રાક્ષસો), ગુહ્યકો અને ખેચરોએ કર્ણનો પક્ષ લીધો."

દેવતાઓ બ્રહ્માને પૂછે છે : "આ બંનેમાં કોણ જીતશે ? અમે તો ઇચ્છીએ છીએ કે હે દેવ ! આ બંને નરસિંહોનો સમાન વિજય થાઓ."

એક બાજુ શલ્ય સતત કર્ણને હતોત્સાહ કરતો રહે છે, તો અર્જુન શ્રીકૃષ્ણને જાણે કે મજાક-મશ્કરીમાં પૂછે છે : "કદાચ કર્ણના હાથે મારું મોત થાય તો તમે શું કરશો ?"

તો શ્રીકૃષ્ણે હસીને આ શ્રેષ્ઠ વાત કહી : "સૂર્ય પોતાના સ્થાન પરથી પડે, પૃથ્વી અનેક રીતે તૂટીફૂટી જાય અને અગ્નિ ઠંડો થઈ જાય, પણ કર્ણ અર્જુનને મારી શકે જ નહીં; અને કદાચ જો એમ થાય તોપણ આ જગત અવળું થઈ જશે. હું માત્ર મારા બે હાથથી કર્ણ અને શલ્યને યુદ્ધમાં કચડી નાખીશ."

આમાં શ્રીકૃષ્ણનો આત્મવિશ્વાસ ગણવો ? શ્વાસના પ્રવાહમાં વિશ્વાસનો મહિમા ઓછો નથી તેવું સ્પષ્ટપણે માનતા અર્જુનનું સમર્પણ ગણવું કે પછી અર્જુન-શ્રીકૃષ્ણ વચ્ચેનો સખ્યભાવ ગણવો ? 'મહાભારત'કાર ખૂબીથી નિર્ણય લેવાનું આપણા ઉપર છોડી દે છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં શ્રીકૃષ્ણ ભગવાને 'न मे भक्तः प्रणश्यति' દ્વારા આપેલી બાંહેધરી જ યાદ કરવી રહી.

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળી ઉત્સાહિત થયેલા કપિધ્વજ અર્જુને કહ્યું : "જેવી રીતે ઉન્મત્ત હાથી ખીલેલા વૃક્ષને તોડી પાડે છે, તેવી રીતે હું કર્ણને મારીશ તે તમે જોશો."

"હે માધવ ! આજે આપ રડતી દ્રૌપદી અને ધર્મરાજ યુધિષ્ઠિરને અમૃત સમાન વચનથી સાંત્વન આપશો." "હે જનાર્દન ! આજે તમે તમારા પિતાની બહેન કુંતી અને અભિમન્યુની માતા તેમ જ તમારી બહેન સુભદ્રાથી ઋણમુક્ત બની, પ્રસન્ન મનથી એમને સાંત્વન આપશો."

કવિ આ બંનેના રથનું, બંનેના સારથિનું, બંનેનાં પરાક્રમનું મન મૂકીને વર્ણન કરે છે.

વ્યાસજી બંને નરશ્રેષ્ઠો માટે સમાન વિશેષણો પ્રયોજે છે : द्वौ अपि एतौ सुदर्शनौ - "બંને દર્શનીય હતા." આવા દેખાવડા યોદ્ધાઓની મુક્ત મને પ્રશંસા કર્યા વિના વ્યાસજીથી રહેવાતું નથી : "તુલ્યરૂપૌ, મહાબલૌ, સિંહસ્કન્ધા, દેવતુલ્ય, દેનગર્ભો..."

એકમેકને માત કરવા તલપાપડ બનેલા આ બંને વીરો કેવા શોભતા હતા ? "રથીઓમાં શ્રેષ્ઠ, પુરુષસિંહ, શરીર પર લાલ ચંદન લગાડેલા બંને સાંઢ જેવા પુષ્ટ, ઝેરી સર્પ જેવા તેજ, યમ, કાળ અને અંતક જેવા ભયંકર, ઇન્દ્ર અને વૃત્રાસુરની માફક ક્રોધથી ભરપૂર, સૂર્ય અને ચંદ્ર સમાન તેજસ્વી, પ્રલય કરવા તત્પર બે ક્રૂર ગ્રહો જેવા, પુરુષાર્થ અને બળમાં દેવરાજ ઇન્દ્ર અને શંબર સમાન, ગાંડીવ અને વિજય ધનુષ્ય ધારણ કરેલા."

અને આ ઉપમામાં તો વ્યાસજીનો બંને યોદ્ધાઓ માટેનો અહોભાવ ભરપૂર છલકાય છે ! द्वाविवार्कौ समागतौ - "એકસાથે જાણે બે સૂર્ય પ્રગટ થયા."

દિવ્ય દૃષ્ટિથી સંપન્ન સંજય ધૃતરાષ્ટ્ર સમક્ષ યુદ્ધનો ચિતાર વર્ણવી રહ્યો હોય છે. 'મહાભારત'કાર કુનેહથી સંજયના મુખમાં જે શબ્દો મૂકે છે તેનાથી ધૃતરાષ્ટ્રને ચોક્કસ હૃદયશૂલ ઊપડવાનું. ઇતિહાસ એટલે "આમ હતું તેવું સાંભળ્યું છે." અને દ્યૂતક્રીડાથી જ સર્વનાશ વેરતા ઇતિહાસના ઘોરતમ પ્રકરણનો આરંભ થયો છે તે ઠસાવવા જ સંજય કહે છે : "કૌરવપક્ષે યુદ્ધરૂપી જુગારમાં કર્ણ પાસારૂપે છે, પાંડવો તરફથી અર્જુન પાસારૂપે છે.

જે પ્રથમ વખતના જુગારમાં સભાસદો હતા તે ત્યાં પ્રેક્ષકોની માફક ઊભા રહીને જુએ છે.

યુદ્ધરૂપી જુગારમાં એકનો વિજય અને બીજાનો પરાજય નિશ્ચિત છે, તેથી જય-પરાજયને દાવમાં રાખી કૌરવો અને પાંડવો યુદ્ધરૂપી જુગાર રમી રહ્યા છે."

કર્ણ અને અર્જુનનો સમાગમ થયો ત્યારે "દેવો, અસુરો, નાગો, રાક્ષસો, સિદ્ધો, યક્ષો, ગંધર્વો, અપ્સરાઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ અને ગરુડોથી ભરાઈ ગયેલું આકાશ આશ્ચર્ય પમાડતું દીપી રહ્યું હતું. બ્રહ્મા અને શિવ પણ દિવ્ય વિમાનોમાં બેસીને યુદ્ધ જોવા આવ્યા હતા.

મનને અનેક પ્રકારનો આનંદ આપનાર અવાજ, વાદ્ય, ગીત, સ્તોત્ર અને નૃત્યથી આકાશ ભરાઈ ગયું. પૃથ્વીવાસીઓ આકાશમાં વિચરતાં તે તત્ત્વોને વિસ્મયથી જોતા રહ્યા."

"પુષ્કળ કમળ, ઉત્પલ, માછલી, કાચબા વગેરેથી ભરેલા પક્ષીસમુદાયના અવાજથી યુક્ત બે મોટાં સરોવરો વાયુથી ખળભળી ઊઠીને એકબીજાને મળે તેમ બંને સામસામા ધસ્યા."

"જેવી રીતે અશ્વોમાં ઉચ્ચૈઃશ્રવા, રાજાઓમાં કુબેર, દેવોમાં ઇન્દ્ર શ્રેષ્ઠ, તેમ યુદ્ધ કરનારમાં કર્ણ શ્રેષ્ઠ." આવા કર્ણના ધનુષ્યના અગ્રભાગમાંથી "જાણે કે ભમરાઓની પંક્તિ બહાર નીકળતી હોય તેમ સેંકડો ધારાઓ બહાર નીકળવા લાગી."

પણ સામે પક્ષે "બરફ વરસવાથી આકાશ છવાઈ જાય, તેમ ગુસ્સે થયેલા અર્જુનનાં બાણથી દિશા, પ્રદિશા, સૂર્યનાં કિરણ અને કર્ણનો રથ છવાઈ ગયાં."

અર્જુનના શરીરના સર્વ સ્રોતમાંથી તેજના તણખા નીકળવા લાગ્યા.

ન્હાનાલાલે આ ભયાનક દ્વંદ્વયુદ્ધનું આબેહૂબ દૃશ્ય આલેખ્યું છે : "બંને વચ્ચે ગગનગાજતો કુરુસંગ્રામ જામ્યો. કિરણ કિરણને કાપે તેમ શર શરને કાપતા, ઝુંડ ઝુંડને અફળાય તેમ શરઝુંડો અફળાતાં. કર્ણ મારણમંત્રો ભણતો, તો પાર્થ નિવારણમંત્રો ભણતો. કર્ણ જામદગ્નેયના અગ્નિને સ્મરતો, તો પાર્થ ચંદ્રવંશના અમૃતકૂપને. મંત્રો મંત્રોને અથડાતા હતા. ધનુર્વિદ્યા ધનુર્વિદ્યાને છેદતી હતી."

બંને યોદ્ધાઓ એકમેકનાં ધનુષ્યો તોડતા હતા, ધ્વજદંડ પાડતા હતા, જાતજાતનાં અસ્ત્રો અજમાવતા હતા, એકબીજાનાં શસ્ત્રોને નિષ્ફળ બનાવતા હતા અને એકબીજાને ઘાયલ કર્યે જતા હતા.

શરીરમાં ખૂંપી ગયેલાં અસંખ્ય બાણોને લીધે કર્ણ "વૃક્ષો વડે પર્વત શોભે તેમ શોભી રહ્યો." આવો કર્ણ ઘવાયો ત્યારે "સૂકું લાકડું અગ્નિથી સળગે તેમ કર્ણ ગુસ્સાથી સળગવા લાગ્યો."

કર્ણના શૌર્યને મહાકવિ એક નવી પરાકાષ્ઠા પર લાવે છે. અશ્વસેન નાગ અર્જુન સામે વેર લેવા માટે છાનોમાનો કર્ણના ભાથામાં પેસી જાય છે. આવા બાણના સંધાનથી અર્જુન હણાશે નહીં તે શલ્ય જાણી જાય છે, તેથી સારથિધર્મ બજાવી કહે છે : "ફરી સંધાન કરો." કર્ણ કહે છે : "હે શલ્ય ! કર્ણ કદી બે વાર સંધાન કરતો નથી. મારા જેવો શૂરવીર કપટયુદ્ધ ખેલી ન શકે. પ્રથમ સંધાન પ્રતિસ્પર્ધીને પોતાનો વ્યૂહ લેવા ચેતવે. પ્રતિસ્પર્ધીને અંધારામાં રાખીને બીજું સંધાન કરવું તે અધર્મ. પ્રતિસ્પર્ધીના તમામ વ્યૂહને નિષ્ફળ બનાવે તેવું સંધાન ન થાય તો જેવું પ્રારબ્ધ, પણ કપટથી તો યુદ્ધ ન જ થાય."

શ્રીકૃષ્ણની સમયસૂચકતાથી અર્જુન બચી ગયો. સર્પમુખ બાણ ફક્ત અર્જુનનો મુગટ જ ઉડાવી શક્યું અને કિરીટ વિનાનો સોહામણો અર્જુન "કોઈ નીલ ઉચ્ચ શૈલશૃંગ શોભે તેમ શોભી રહ્યો", પરંતુ અર્જુન સ્વસ્થતા ગુમાવતો નથી અને હવે પોતાના લાંબા કેશને ઝડપથી સફેદ વસ્ત્રથી બાંધીને કટિબદ્ધ થયેલો અર્જુન "સૂર્યકિરણોથી પ્રકાશિત ઉદયગિરિ શોભે તેવો શોભી રહ્યો."

અગાઉ દુર્યોધન સમક્ષ ભીષ્મપિતામહે પાંડવોના બળનું વર્ણન કરેલું તે પણ અત્યારે યાદ કરવા જેવું છે. તેઓ અર્જુન માટે વિશેષણ વાપરે છે : 'લોહિતાક્ષઃ' - લાલ આંખવાળો અર્જુન. તેમાંયે અર્જુન સ્વયં કોપાયમાન થાય ત્યારે એ કેટલો દુઃસહ ? અને એમાં 'નારાયણ સહાયવાન્' - એની સહાયતાએ નારાયણ છે, શ્રીકૃષ્ણ છે. બંને સેનામાં અનેક વીરો છે, પણ એના જેવો રથી બીજો કોઈ નથી. તો શ્રીકૃષ્ણ ? "સુંદરતા, કુશળતા, વિદ્વત્તા, શૂરવીરતા અને ત્વરિત નિર્ણયશક્તિમાં તેમની બરાબરી કરી શકે તેવું કોઈ નથી."

શ્રીકૃષ્ણે અર્જુનને મોતના મુખમાંથી બચાવ્યો એ ભીષ્મપિતામહે તેમના માટે ઉચ્ચારેલા શબ્દોનું જાણે અનુમોદન છે.

કયા વખતે શું કરવું એની આપોઆપ સ્ફુરણા થાય અને એવી સ્ફુરણા થતાં તેનું કાર્યમાં રૂપાંતર થઈ જાય એ જ સાચો પરાક્રમયોગ. શ્રીકૃષ્ણ પરાક્રમયોગ ધરાવતા હશે, તેથી જ અર્જુનને તત્કાલ સાવધાની અમલમાં મૂકી બચાવી લીધો.

હરીન્દ્રભાઈએ યોગ્ય નોંધ્યું છે : "પાંડવોને આશાન્વિત કરવામાં તેમ જ વિજયી બનાવવામાં શ્રીકૃષ્ણનો ફાળો અતિશય મૂલ્યવાન, અમોઘ અને ઐતિહાસિક હતો. યુદ્ધો કેવળ શસ્ત્રોથી, સેનાપતિઓથી અને સેનાથી નથી જિતાતાં; બુદ્ધિબળથી, ચારિત્ર્યથી, સત્યનિષ્ઠાથી, ધર્મના આચરણથી, ઈશ્વરના આશીર્વાદથી અને મંગલ માર્ગદર્શનથી જિતાય છે તે શ્રીકૃષ્ણચરિત્રમાં ક્ષણેક્ષણે વ્યાસજીએ આબેહૂબ નિરૂપ્યું છે."

દ્વંદ્વયુદ્ધ આગળ વધે છે. 'મહાભારત'કારે આલેખેલું હવે પછી સુંદર વર્ણન ભાવને પરિપુષ્ટ કરતું હોવાથી સરસ્વતીના કર્ણફૂલમાંથી ખરેલી પરાગરજ જેવું ભાસે છે.

અશ્વસેન નાગ કર્ણને ફરી એક વાર સંધાન કરવાનું કહે છે અને વચન આપે છે : "હું અર્જુનનો પ્રાણ હરીશ જ."

ત્યારે કર્ણની યુદ્ધમાં આચરવાયોગ્ય ધર્મવૃત્તિ તો જુઓ ! અર્જુનનો વધ

કરવા પોતે થનગની રહ્યો છે, પણ આવો અવસર મળે છે ત્યારે તે કહે છે : "હે નાગ ! કિશોરવયથી પોષેલું અને જતન કરેલું અર્જુન ઉપરનું વેર એટલી હદે મારામાં વિષમય બની ગયું છે કે તારું વિષ તો એની આગળ ગરોળીના ઝેર જેવું છે. સો અર્જુનનો વધ કરી શકાય તેમ હોય તોપણ હું એકનું એક બાણ ફરી વાર નં વાપરું. પારકા બળનો આશ્રય લઈને કર્ણ વિજય મેળવવા ઇચ્છતો નથી."

કર્ણની ખાનદાનીથી છલકાતો આ પ્રસંગ એટલે સંસ્કારિતાનો સુયોગ ! મહાકવિ વ્યાસ પરિસ્થિતિ નિરૂપે છે ત્યારે પૂરી નાટ્યાત્મકતાથી નિરૂપે છે. માનવીની અંદર રહેલી પૂર્ણતાને પ્રગટાવવાનું કાર્ય વ્યાસજીએ કર્યું છે.

સત્તરમા દિવસની સાંજે સમર્થ યોદ્ધા કર્ણનો અંત આવ્યો : "જેવી રીતે ઇન્દ્રે વૃત્રાસુરને, રામે રાવણને, શ્રીકૃષ્ણે મુરને યુદ્ધમાં માર્યા હતા અથવા ભૃગુવંશના પરશુરામે કાર્તવીર્યને માર્યો હતો, તેમ અર્જુને કર્ણને માર્યો." કુંતાનો પુત્ર, અર્જુનનો સહોદર, દુર્યોધનનો સાચો મિત્ર, મહાન ધનુર્ધર, કુરુઓની રાજનીતિનો કુશળ સૂત્રધાર, જીવનમાં દરેક પગલે અન્યાયો જ સહન કરનાર, રૂપ, બુદ્ધિ અને બળનો સ્વામી, મહાન દાનવીર એના સહોદરના હાથે જ વધ પામીને કુરુક્ષેત્ર મેદાનમાં હંમેશ માટે સૂઈ ગયો.

એણે કરેલી નીચની સોબત તેને છેવટે સદી નહીં. દુર્જનના સંગથી સજ્જનને પણ દોષ આવી પડે છે. રાવણે અપરાધ કર્યો, પણ બંધન સમુદ્રને પ્રાપ્ત થયું. પેલું સંસ્કૃત સુભાષિત યાદ આવે છે : હે ચંદ્ર ! તું સાગરમાં પેદા થયો છે. મહાદેવની જટાના સમૂહમાં તારું પ્રસિદ્ધ સ્થાન છે. તું વિશ્વના વિશાળ પેટની અંદર દીવો બનીને રહેલો છે, વિધિએ તારાં અમૃતની સાથે સર્જન કર્યાં છે, પણ હે શીતળ કિરણવાળા ચંદ્ર ! તેં કમળને છોડીને કુમુદના સમૂહને વિકાસને પાત્ર બનાવ્યો, તે કારણે તારો બધો મહિમા મ્લાન બનીને ધોવાઈ ગયો છે."

કર્ણ એટલે મહત્ત્વાકાંક્ષાની પરાજયપરંપરા.

કર્ણ એટલે માનવતાની પરાજયમૂર્તિ.

કર્ણ એટલે મૂર્તિમંત તેજોદ્વેષ.

કર્ણ એટલે ઈર્ષ્યાની ઝાળો.

પરાજયપરંપરા એ ઈર્ષ્યાનો પિતા, અતિમહત્ત્વાકાંક્ષા એ ઈર્ષ્યાની જનેતા !

કર્ણને 'વંચિતોના વીરનાયક' તરીકે જગત હંમેશાં ઓળખશે.

કરપીણ ખેલાયેલા દ્વંદ્વયુદ્ધનો અંત અત્યંત કરુણ અને નાટ્યાત્મક છે. 'મહાભારત'કાર જણાવે છે : "સૂર્યપુત્ર કર્ણનું માથું સૂર્યાસ્ત સમયે પૃથ્વી પર પડ્યું" ત્યારે "કર્ણના દેહમાંથી નીકળેલું તેજ આથમતા સૂર્યના રક્તબિંબમાં સમાઈ જતું યુદ્ધભૂમિ પર અનેકોએ જોયું." અને પશ્ચિમ દિશાએ આવેલા સમુદ્ર તરફ ઢળી રહેલો સૂર્ય શલ્યને કેવો લાગ્યો ? "પોતાના પનોતા પુત્રને જલાંજલિ અર્પવા સમુદ્ર ઉપર ઊતરવા માગતો હોય તેવો." આવા વર્ણન દ્વારા વ્યાસજી કવિ તરીકેની વિલક્ષણ મુદ્રા ઉપસાવે છે.

વ્યાસજીની પ્રતિભા "પ્રચંડ સૂર્ય"ની છે. તેના તેજના ઝગારાથી આંખો પણ અંજાઈ જાય અને તેમાં ક્યારેય ક્ષય સંભવી શકે નહીં, પણ સાથેસાથે તે "સ્પૃહણીય ચંદ્રમા" જેવી પણ ખરી. 'મહાભારત'કાર વ્યાસજીએ કરેલું આ વર્ણન કોને ન ગમે ? સૂર્યની પ્રચંડતા અને ચંદ્રની સ્પૃહણીયતા - બંને વ્યાસજીની કૃતિમાં ભારોભાર ઊભરાય છે.

પણ વ્યાસજીને આટલાથી સંતોષ નથી. તેમના જ શબ્દોમાં "યાચકોરૂપી પક્ષીઓના કલ્પવૃક્ષ સમો કર્ણ આજે પડ્યો. માગવા આવેલાઓને જે હંમેશાં 'આપું છું' એવો એક જ શબ્દ સંભળાવતો હતો અને 'નથી' જેવો શબ્દ જેની જિહ્વા પર ક્યારેય નહોતો તેવો કર્ણ આજે પડ્યો !"

કર્ણ ધરાશાયી થયો ત્યારે કેવો શોભતો હતો ? વ્યાસજી કલાત્મક વર્ણન કરે છે : "વજ્રના પ્રહારથી તૂટેલું પર્વતનું શિખર, મદમસ્ત હાથી અન્ય હાથીને મારી નાખે તેમ લોહીથી લથબથ કર્ણ પોતાના તેજથી પૃથ્વીને પ્રકાશિત કરી સૂતો છે." "કર્ણનું શરવિશીર્ણ શરીર અંશુમાલી સૂર્યની જેમ શોભી રહ્યું."

અશક્ય શક્ય બન્યું. યુદ્ધકૌશલ્યના કેફમાં રાચતો શલ્ય ડઘાઈ જાય છે, સ્થાન છોડે છે. દુર્યોધન પાસે પરાણેપરાણે પહોંચી થોથવાતી જીભે બનેલી ઘટનાનો તે ઉલ્લેખ કરે છે : "જે મનુષ્યોને સદા પ્રિય લાગતો હતો, જે સર્વપ્રિય વસ્તુઓનું દાન કરતો હતો એ કર્ણ તમારા જયની આશા, તમારું સુખ તથા તમારું રક્ષાકવચ પોતાની સાથે લઈ સ્વર્ગમાં ગયો." શોકસમાચાર વ્યક્ત કરવામાં શલ્યે યુદ્ધનું પરિણામ પણ આગોતરું જાહેર કરી દીધું ! કર્ણનો મહિમા ગાવાનું વ્યાસજી લેશ પણ ઓછું નથી કરતા.

ધૃતરાષ્ટ્રને કર્ણ પર કેટલો બધો મદાર હતો ! કર્ણવધના સમાચારથી તેણે જે આઘાત અનુભવ્યો અને જે વિલાપ કર્યો તે 'મહાભારત'કારના શબ્દોમાં જ જોઈએ.

"પૃથ્વી, આકાશ, દિશાઓ અને પાણીનો સર્વનાશ થવો અથવા પુણ્ય કે પાપરૂપી કર્મનું ફળ ન મળવું તે જેમ આશ્ચર્યકારક છે, તેવી રીતે કર્ણવધરૂપી અસંભવિત કર્મ કેમ સંભવિત બન્યું ?"

"મહાન બુદ્ધિશાળી ભૃગુપુત્ર પરશુરામના મનમાં મોહ ઉત્પન્ન થવો અથવા ભયંકર કર્મ કરનાર ઇન્દ્રનો તેના શત્રુના હાથે પરાજય થવો જેમ અસંભવિત છે અથવા મહાન સૂર્ય આકાશમાંથી પૃથ્વી પર પડે અથવા અક્ષય જળથી ભરપૂર સમુદ્ર સુકાઈ જાય તે જેમ વિચારી શકાય નહીં, તેમ કર્ણનું મૃત્યુ પણ વિચારી શકાય નહીં." વ્યાસજીની ભાષાસમૃદ્ધિમાં ધૃતરાષ્ટ્રનો કર્ણ પ્રત્યેનો વિશ્વાસ છતો થાય છે.

"વિશ્વાસ ન બેસે તેવું અદ્‌ભુત, પ્રાણીમાત્રને મોહ પમાડનાર, કર્ણનો વધ એવો ભયાનક છે, જાણે કે મેરુ તેના સ્થાન પરથી અન્ય સ્થાન પર ચાલ્યો ગયો હોય."

ધૃતરાષ્ટ્રનું મન હજી માનતું નથી.

"ચંદ્ર અને સૂર્યનાં કિરણોથી રહિત પૃથ્વી એક વાર થઈ શકે છે, પરંતુ યુદ્ધમાં પીછેહઠ નહીં કરનારા શાર્દૂલ સમાન વેગવાળા, નરસિંહ, પુરુષશ્રેષ્ઠ કર્ણનો વધ મને સંભવિત લાગતો નથી."

શોકાતુર ધૃતરાષ્ટ્ર સૂર્યપુત્ર કર્ણના ગુણોને યાદ કરીકરી શોક પ્રગટ કરે છે : "જેણે સવારના સમયમાં કમલનાં વનને જગાડ્યાં, રાત્રિના અંધકારને દૂર કર્યા, પોતાના તેજના પ્રભાવથી ચંદ્રને તેજ અને પ્રકાશ વિનાનો કરી મૂક્યો અને જેણે ભરબપોરે પોતાનાં તેજસ્વી અને દીર્ઘ કિરણોથી નદીઓનાં જલ પીધાં તે જ સૂર્ય વિવશ બનીને સમીસાંજે અસ્ત પામે છે, હે સંજય ! શું એ શોકજનક નથી ?"

છેવટે ધૃતરાષ્ટ્ર વાસ્તવિકતા સ્વીકારે છે :

"પ્રારબ્ધ બળવાન છે. નિરર્થક પૌરુષેયને ધિક્કાર છે. દુઃખથી હું મૃત્યુ પામતો નથી, તેથી હું મારા હૃદયને વજ્રથી પણ વધુ મજબૂત અને દુર્ભેદ્ય માનું છું, દુઃખી બની જીવી રહ્યો છું, કારણ કે દૈવે પહેલેથી જ મારું આયુષ્ય લાંબું બનાવ્યું છે."

બધી બાબતોમાં પ્રારબ્ધનો દોષ કાઢવાના ધૃતરાષ્ટ્રના સ્વભાવની છણવાટમાં વ્યાસજીને ટિખળ સૂઝે છે.

ધૃતરાષ્ટ્રને હવે પોતાની અસહાયતા સતાવે છે : "જેવી રીતે રમતો બાળક પક્ષીને પકડી તેની બંને પાંખો કાપી નાખી આનંદપૂર્વક છોડી દે, પણ પાંખ નાશ પામવાથી તે પક્ષી ઊડી શકતું નથી, તે તૂટેલા પાંખવાળા પક્ષીની માફક વિકટ સ્થિતિમાં આવેલા મારી આ અવસ્થા છે."

સ્વાર્થી ધૃતરાષ્ટ્રને છેક હવે પોતાનો પુત્ર સાંભરે છે. તેને યાદ આવે છે કે "યુવાનીનું જોમ અને શસ્ત્રજ્ઞાનનું બળ એ બે ગુણોથી યુક્ત એવો કર્ણ યુદ્ધનું પાસું ફેરવી શકશે તેવી અપેક્ષા દુર્યોધનને કર્ણ માટે હતી."

દુર્યોધનની દશાનું ભાન થતાં હવે તે વસવસો કરે છે : "લંગડાનાં પગલાં કે દરિદ્રની અભિલાષા સંકાચાયેલાં હોય, તેમ કર્ણના મૃત્યુથી તરસ્યાને મળતાં બે ટીપાં જળ જેવી દુર્યોધનની આકાંક્ષાઓ અધૂરી જ રહી."

ભિન્નભિન્ન મનોવૃત્તિના અતિ સૂક્ષ્મ ભાવ પણ આ કવિ તરત પારખી કાઢે છે.

પ્રાણને હલબલાવી નાખતા, ઉપરાઉપરી બનતા હૃદયદ્રાવક બનાવોને વ્યાસજી ખૂબ કુશળતાથી રજૂ કરે છે.

કુરુકુળ કાળના પ્રવાહમાં ઘસડાયે જતું હતું અને આપણે સ્તબ્ધ બની વિસ્મયપૂર્વક કુરુઓના જીવનનાટકને બસ નીરખ્યા કરવાનું જ રહે છે !

*

૪. શલ્યપર્વ :

કર્ણવધ પછી નિરાશામાં ડૂબેલા અને શૂન્યમનસ્ક થઈ ગયેલા દુર્યોધન પાસે કૃપાચાર્ય લાગણીથી પણ મક્કમ ભાષામાં વાસ્તવિકતા વર્ણવે છે. અર્જુનના અપ્રતિમ પરાક્રમનું વર્ણન કરતાં કૃપાચાર્ય કહે છે : "સેનામાં ચારેય તરફ ઘૂમતો અને ઇન્દ્ર જેવા પ્રભાવવાળો અર્જુન અમને ચાર દાંતવાળા ગજરાજ જેવો દેખાતો હતો. હે રાજન્ ! આપની સેનાને ખળભળાવી નાખતો તે અમને કમળનાળને ઉખેડી નાખતા કુંજર જેવો ભાસતો હતો. હરણાંનું ટોળું સિંહને જોતું હોય તેમ યોદ્ધાઓને ડરાવતા અર્જુન સામે અમે જોતા હતા અને તેથી મહાસાગરમાં વાયુથી ફંગોળાતી નાવ ડોલવા લાગે, તેમ અર્જુને કૌરવસેનાને કંપાવી નાખી અને તેથી જેમ વાયુ શરદઋતુનાં વાદળોને વિખેરી નાખે તેમ કૌરવસેના વેરવિખેર થઈ રહી.

વળી જેમ વાયુ વાદળને ખેંચી જાય, તેમ શ્રીકૃષ્ણ દ્વારા રથમાં લઈ જવાતા અર્જુને શિશિરઋતુમાં જંગલને બાળતા અગ્નિની જેમ કૌરવસેનાને બાળી.''

વ્યાસજીની કલાસૂઝ અને શબ્દગોઠવણી તો જુઓ !

સાધારણ રીતે વનવાસીઓ શિશિરઋતુમાં તાપવા માટે તાપણાં કરતા હોય છે. આમ હોવાથી શિશિરઋતુમાં જ વનમાં આગ લાગવાની શક્યતા વિશેષ હોય છે. બીજી રીતે વિચારો તો મહાભારત સંગ્રામ પણ શિશિરઋતુમાં જ ખેલાયો છે !

શિશિરમાં પ્રગટેલા પાંડવોના ક્રોધાગ્નિએ કૌરવસેનાને બાળી નાખી એવો અર્થસંકેત પણ આ અલંકારમાં હોઈ શકે.

સર્વ સ્થળે વ્યાસજીની ચિત્તની ઊર્મિશીલતા, મસ્તિષ્કની વિચારશીલતા અને કલાત્મક શબ્દવ્યાપાર વર્તાય છે અને એમાં ઉમેરાતો કલ્પનાનો જાદુ આપણાં ચિત્તનો કબજો લેવા શક્તિશાળી છે.

ભીમસેન અને સાત્યકિના પરાક્રમને વખાણતાં કૃપાચાર્ય કહે છે : ''પર્વતોને પણ દળી નાખે તેવો, સાગરને પણ સૂકવી નાખે તેવો આ બંનેના પરાક્રમનો વેગ હતો.''

અંતે કૃપાચાર્ય વ્યાકુળ બનેલી કૌરવસેનાની નિઃસહાયતાનું વર્ણન કરતાં કહે છે : ''જેનો સેનાપતિ કર્ણ હણાયો છે તેવી એ સેના ચંદ્ર વિનાની રાત્રિ જેવી કે પછી કિનારાનાં વૃક્ષો હાથીએ ભાંગી નાખ્યાં હોય તેવી સુકાયેલી નદી જેવી દેખાય છે.''

ઠપકાભર્યા શબ્દો બાદ કૃપાચાર્ય દુર્યોધનને સલાહ આપે છે : ''આપ આપના આત્માને બચાવી લો. આત્મા જ સર્વને ધારણ કરનાર છે. જો પાત્ર તૂટી જાય તો તેમાં રહેલી વસ્તુઓ નીચે પડી જાય છે.''

ત્યારબાદ કૃપાચાર્ય બૃહસ્પતિએ દર્શાવેલી રાજનીતિનો ઉલ્લેખ કરે છે : ''જ્યારે સ્વપક્ષ સામર્થ્યમાં નબળો હોય અથવા શત્રુપક્ષની સમકક્ષ હોય ત્યારે સંધિ કરી લેવી સારી. શક્તિમાં આપણે પાંડવો કરતાં નબળા છીએ. પાંડવો સાથે સંધિ કરી લેવી યોગ્ય છે.''

'મહાભારત'કાર રાજનીતિજ્ઞ પણ ખરા ને !

પણ દુર્યોધન માને ખરો ? તે કહે છે : ''મરવા પડેલા માણસને ઔષધ

ન ગમે તે રીતે આપ જેવા સન્મિત્રની વાત મને સાંભળવી ગમતી નથી.'' દુર્યોધને કૃપાચાર્યની સલાહનો પણ સવિનય ઇન્કાર કર્યો.

દુર્યોધનને સંધિની વાત ગળે ઊતરતી જ નથી. કહે છે ને કે ગમે તેટલો કસ્તૂરીનો લેપ કરો, પણ લસણ સુગંધીદાર બને ખરું ? કરોડો ઉપાય કરો તોપણ દુર્જન સદ્બુદ્ધિવાળો થવાનો નથી. મનુષ્ય મતલબી હોય તો તે માનવાનો જ નથી.

હવે કોને સેનાપતિ બનાવવા તે જાણવા દુર્યોધન અશ્વત્થામા પાસે જાય છે. યુદ્ધના સત્તર-સત્તર દિવસ વીતી ગયા, પણ હજુ સુધી વ્યાસજીને અશ્વત્થામાનાં દેખાવ, પ્રકૃતિ, પરાક્રમ, અન્ય ગુણો વગેરે વર્ણવવાનું જાણે યાદ જ નથી આવ્યું. હવે જાણે અચાનક સાંભર્યું હોય તેમ અશ્વત્થામાના મનમોહક વ્યક્તિત્વનું તેઓ ખૂબ ખીલીને વર્ણન કરે છે.

''સુંદર શરીરવાળો, લાંબા કેશથી આચ્છાદિત મસ્તકવાળો, શંખ જેવી ગ્રીવાવાળો, પ્રિય બોલનારો, ખીલેલા કમળ સમાન દેખાતા અને વાઘના જેવા મુખવાળો, મેરુપર્વત જેવો મહાન હતો. તેનાં કાંધ, નેત્ર, ગતિ અને અવાજ ભગવાન શિવના વૃષભ જેવાં હતાં. ભુજાઓ વિશાળ, મજબૂત અને પરિપુષ્ટ હતી. છાતી ખૂબ પહોળી અને દઢ હતી.

તે વેગમાં અને બળમાં ગરુડ અને પવન જેવો, સૂર્યના જેવો તેજસ્વી તથા બુદ્ધિમાં શુક્રાચાર્ય જેવો હતો.

કાન્તિ, રૂપ અને ઐશ્વર્ય એ ત્રણેય પ્રમુખ ગુણોમાં તે ચંદ્રમા જેવો હતો. સુવર્ણની શિલાઓ ખડકી હોય તેવો તેનો દેહ હતો. શરીરના સાંધાઓ સુદઢ રીતે સંકળાયેલા હતા.

તેની સાથળ, કટિ અને જાંઘ ગોળાકાર અને સુંદર હતી તેમ જ બંને ચરણો, આંગળીઓ અને નખ પણ આકર્ષક હતાં.'' એવું લાગતું જાણે વિધાતાએ યાદ કરીકરીને એના ગુણોનું પ્રયત્નપૂર્વક સર્જન કર્યું હતું કે પછી વ્યાસજીએ રહીરહીને વર્ણવેલા અશ્વત્થામાના ગુણો યાદ કરીકરીને આલેખ્યા છે ?

''અશ્વત્થામા સર્વલક્ષણસંપન્ન, નિપુણ, જ્ઞાનનો ભંડાર, શત્રુને ઝડપથી જીતી લેનાર અને શત્રુઓના બળથી અજેય હતો.

બહુ જ ઊંડાણથી ધનુર્વિદ્યાનાં દશ અંગ (વ્રત, પ્રાપ્તિ, ધૃતિ, પુષ્ટિ, સ્મૃત, ક્ષેપ, શત્રુભેદન, ચિકિત્સા, ઉદ્દીપન અને દૃષ્ટિ) તથા ચાર ચરણો (ધનુર્વેદનાં ચાર

ચરણ - દીક્ષા, શિક્ષા, આત્મરક્ષા અને તેનું સાધન-યુક્તિ) તે જાણતો હતો તેમ જ છ અંગો(શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ)વાળા ચાર વેદોના અને ઇતિહાસરૂપી પાંચમા વેદનો તે વિદ્વાન હતો.''

અપ્રતિમ પરાક્રમી, રૂપમાં અનન્ય, સર્વ વિદ્યામાં પારંગત, ગુણસાગર અને નિષ્કલંક અશ્વત્થામાનું વ્યક્તિચિત્ર તો મહાકવિ જ આલેખી શકે. તેમના પેંગડામાં પગ ઘાલવાનું કોઈ માટે શક્ય નથી જ નથી.

અશ્વત્થામો સૂચવ્યા પ્રમાણે અઢારમા દિવસે કુળ, પરાક્રમ, તેજ અને કીર્તિમાં સર્વગુણસંપન્ન એવા શલ્યની સેનાપતિપદે નિયુક્તિ થઈ.

આ સમાચારથી પાંડવછાવણીમાં સોપો પડી ગયો. ચિંતામાં ગરકાવ થયેલા યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને જે યોગ્ય લાગે તે કરવા વીનવ્યા.

શ્રીકૃષ્ણ જેવા શ્રીકૃષ્ણ પણ કબૂલે છે કે લડાઈમાં જ્યારે શલ્ય લડતો હોય ત્યારે તેના જેવો યોદ્ધો બીજો કોઈ શોધ્યો જડે તેમ નથી. અર્જુન, ભીમ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન કે શિખંડીથી પણ તે વિશેષ બળવાન છે.

શ્રીકૃષ્ણ પાંડવોને સાવધ રહેવા સૂચવતાં કહે છે : ''મહાતેજસ્વી, મહામનસ્વી તથા મહાધનુર્ધારી તથા જેમ ક્રોધે ભરાયેલ મહાકાલ પ્રલયકાળે પ્રજાઓમાં ઘૂમે, તેમ આ સિંહ તેમ જ હાથી જેવો બળવાન અને નીડર મદ્રરાજ શલ્ય રણમેદાનમાં ઘૂમતો હોય છે તેવી તેની ખ્યાતિ છે''

નિરાશાથી ઘેરાયેલા યુધિષ્ઠિરને પાનો ચડાવતાં શ્રીકૃષ્ણ કહે છે : ''હે પુરુષવ્યાઘ્ર ! પરાક્રમી શલ્ય સામે લડી શકે તેવો આપના સિવાય બીજો કોઈ યોદ્ધો મને જણાતો નથી.''

ઉત્સાહ જગાડતાં શ્રીકૃષ્ણ ટકોર પણ કરી લે છે : ''કર્ણરૂપી તળાવ, ભીષ્મ અને દ્રોણરૂપી મહાસાગરને પાર કરીને હવે ગાયનાં પગલાં જેવા શલ્યરૂપી ખાબોચિયામાં થોડા ડૂબી જવાના ?''

યુધિષ્ઠિર શલ્ય વિશેની ચિંતા દૂર થતાં હાશકારો અનુભવી ઉત્સાહમાં આવે છે અને ''વિશલ્ય બનેલ હાથીની માફક'' શિબિરમાં સૂઈ ગયા અને ત્યારબાદ કર્ણના મૃત્યુથી ખુશ થયેલા પાંડવો, પાંચાલો, સોમકો પણ પોતપોતાની શિબિરમાં સુખેથી સૂઈ ગયા.

આ બાજુ કૌરવસેનાની શી હાલત હતી ? શલ્ય સેનાપતિપદે અભિષિક્ત થયો ત્યારે કોઈને કર્ણની ખોટ જણાઈ નહીં. સૌ યોદ્ધાઓ સ્વસ્થ અને પ્રસન્ન

ચિત્તે માનવા માંડ્યા કે હવે શલ્યના વશમાં આવીને પાંડવો નાશ પામશે. માણસ કેટલી ટૂંકી યાદદાસ્ત ધરાવે છે તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ.

યુદ્ધના છેલ્લા દિવસનું વર્ણન કરતાં સંજય ધૃતરાષ્ટ્રને જણાવે છે : "શૂળીના દાંડા જેવી, અગ્રભાગે ઝળહળતી ઉલ્કાઓ સૂર્યમંડળ સાથે ટકરાઈને આકાશમાંથી જમીન ઉપર ચારેય તરફ પડવા માંડી; હરણાં, પાડાઓ અને પક્ષીઓ - બધાં જ આપની સેનાની ડાબી બાજુએથી જવા લાગ્યાં." આ બધાં ડાબી બાજુથી પસાર થઈ ભાગી જાય ત્યારે તે અપશુકન ગણાય છે, ભારે હાનિ અને પરેશાની થાય તેવું શુકનશાસ્ત્ર કહે છે. વ્યાસજીની ઊંડી - વિવિધ જાણકારીને સલામ !

અઢારમા દિવસે કૌરવો અને સૃંજયોનું ભયંકર યુદ્ધ શરૂ થયું, જેવું દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયેલું. રથો અને હાથીઓથી રગદોળાતાં બંને પક્ષનાં સૈન્યો મહાસાગરની જેમ ગાજતાં હતાં.

પાણીની જેમ લોહી વહાવતો મહાસંગ્રામ ખેલાતો રહ્યો.

ત્યારે યુદ્ધભૂમિ રુદ્રદેવની ક્રીડાભૂમિ સ્મશાન જેવી ભાસતી હતી. વર્ષાકાળમાં જેવો વાદળોનો ગડગડાટ થાય તેવી રીતે ભયાનક દેખાવવાળા હાથીઓનો ભીષણ કોલાહલ સંભળાતો હતો. હિમાલયના પ્રદેશમાં જળ પીવા પૃથ્વી પર ઊતરી આવેલા હંસોના જેવા શ્વેત ચામરોથી શોભતા અશ્વો ચારેય બાજુ દોડી રહ્યા હતા. "તે અશ્વોની ખરીઓથી ખરડાયેલી ભૂમિ નખક્ષતના નિશાનથી શોભતી નમણી રમણીના જેવી શોભાયમાન લાગતી હતી."

વ્યાસજીએ ભયાનક રણભૂમિને રસિક હૃદયથી જોઈ છે. અને કેમ ન જુએ ? તેમની રમ્ય, અર્થસભર, વચનરૂપી ઉજ્જ્વલ અને કાન્તિયુક્ત કાવ્યકલા પણ અણીની જેવી જ રસમય પ્રાણ ધારણ કરનારી છે ને ! તે ગુણોથી ઉલ્લાસ પામનારી, ચિત્તરંજન રીતિ અને વૃત્તિથી યુક્ત, સાધુપ્રયોગવાળી તેમ જ ભાવ અને અલંકારને યોગ્ય આગમવાળી છે.

આખી રણભૂમિ અનેક પ્રકારના પડકારો, ચિત્કારો, શંખોના જયઘોષ વગેરેના કારણે જાણે વજ્રપાત થયો હોય તેમ ગાજતી હતી. ટંકાર કરતા ધનુષ્યોના ચમકારથી, વીંઝાતી તલવારોના ઝબકારથી અને કવચોના ઝળહળાટથી કાંઈ પણ દેખાતું ન હતું. ગજરાજની સૂંઢ જેવા ઘણા હાથ કપાઈ જવાથી વળ ખાતા ઊછળતા હતા ને દારુણ વેગથી પાછા પછડાતા હતા. જ્યારે ભૂમિ ઉપર કપાયેલાં મસ્તકો પડતાં હતાં ત્યારે તાડવૃક્ષ પરથી પડતાં તાડફળ જેવો અવાજ આવતો હતો. ધરતી લોહીથી તરબોળ હતી. કેવી લાગતી હતી એ ધરતી ? "શરદઋતુના

સમયમાં સોનાનાં જેવાં કમળથી જળાશયની સપાટી લાગે તેવી.'' સંમોહક માધુર્ય તે આનું નામ.

''કરપીણ રીતે કપાઈને નિષ્પ્રાણ થયેલા સૈનિકોનાં ઊંચાં ચડી ગયેલાં નયનોથી રણભૂમિ શ્વેતકમળથી છવાયેલી હોય તેવી દેખાતી હતી.''

ભીષણ ઘટના માટે પણ કમનીય શૈલી યોજવી એ વ્યાસજીનો જાણે ડાબા હાથનો ખેલ છે. જુઓ ને, હજુ તેઓ વર્ણવે છે :

''રુધિરથી ખરડાયેલાં અંગોવાળા અનેક યોદ્ધાઓ ત્યાં નિર્ભય રીતે ઘૂમતા હતા, જાણે ખીલેલાં કેસૂડાનાં ફૂલો.''

દરેક કવિ તેના પુરોગામી સાહિત્યકાર પાસેથી પ્રેરણા લે છે. વ્યાસજીએ વાલ્મીકિ પાસેથી પ્રેરણા મેળવી હશે ! 'રામાયણ'(૬/૧૦૩-૭)માં શ્લોક છે :

दृष्टः फुल्ल इवारण्ये सुमहान्किंशुकद्रुमः ।

રામ-રાવણ-યુદ્ધમાં રામ લોહીલુહાણ થયા ત્યારે ''સુમહાન કિંશુકવૃક્ષ જાણે પુષ્પિત થયું કેમ ન હોય !'' એમ કહી કવિ વાલ્મીકિ કિંશુકને યાદ કરે છે.

વ્યાસજીને અત્યારે બધું વન-ઉપવન સમું જ ભાસે છે !

''છત્રો અને ચામરોથી શોભતું, સેંકડો ધડોથી છવાયેલું તે સેનારૂપી વન ખીલેલાં ફૂલોથી શોભતા ઉપવન જેવું લાગતું હતું.''

આ છત્રો કેવાં હતાં ? કવિ વર્ણવે છે :

''જેની દાંડીઓ ભાંગી ગઈ છે અને જે ધરતી પર ઊંધાં પડેલાં છે એવાં છત્રો, પ્રૌઢ ચંદ્રની જેવી કાન્તિવાળાં હોવાથી, જાણે કે યમરાજને આહાર આપવા રૂપાનાં વાસણ મૂક્યાં હોય તેવાં શોભતાં હતાં.''

ભૌતિક સાધનસામગ્રી, સુખસામગ્રી અહીં જ રહેશે. કવિએ ગંતવ્યસ્થાનનું ભાન કરાવ્યું છે.

રાજાઓના હાથીની સૂંઢ જેવી કપાયેલી સાથળો વડે સમરાંગણ છવાયેલું હતું. હણાયેલા હાથીઓને જોઈ કવિનું હૃદય વલોવાઈ જાય છે. ''બાણ અને તોમરોથી ઘવાયેલા ગજરાજો આકાશમાંથી તૂટી પડેલાં કાળાં વાદળ જેવા દેખાતા હતા.''

જ્યાંત્યાં હણાઈ રહેલી કૌરવસેના ''મદમત્ત સ્ત્રીની જેમ બેહોશ થવા લાગી.'' ગંભીર વાત પણ ગરિમાપૂર્ણ રીતે રજૂ થાય, સમજણ અને ગંભીરતા ટકી રહે

તે જ વ્યાસશૈલીની ખૂબી છે, કારણ, કાવ્યકલામાં કોઈ એક જ રસ રહે તે યોગ્ય નથી. એક જ રસને પ્રમુખ દરજ્જો મળે તો જીવન ચોક્કસ છીછરું બને. બહુરસસભર કલા જ જીવનપોષક છે. વિવશ બનેલી કૌરવસેનાના વર્ણનમાં શૃંગારરસના છંટકાવથી થોડું ચેતન વર્તાય છે.

પાંડવો અને સાત્યકિના ખોફનાક આક્રમણ સામે એકલા શલ્યે યુદ્ધમાં ઝડપથી ધસી આવતી મોટી પાંડવસેનાને રોકી લીધી, પરિણામે નદીના વેગ આડે પર્વત આવતાં પ્રવાહ રોકાઈ જાય તેમ પાંડવસેના અધવચ્ચે જ રોકાઈ ગઈ.

મહારથી કર્ણનો પુત્ર ચિત્રસેન અને નકુલ ચમકતાં ધનુષ્ય ધારણ કરી સામસામા આવી ગયા. "જાણે દક્ષિણ અને ઉત્તરમાંથી ચડી આવેલાં વરસતાં વાદળો !"

શત્રુની ભુજામાંથી છૂટેલાં અને પોતાના લલાટમાં લાગેલાં ત્રણ બાણોથી નકુલ ત્રણ શિખરવાળા પર્વત જેવો દેખાતો હતો અને પછી જેનું ધનુષ્ય તૂટી ગયું છે તેવો રથ વિનાનો નકુલ હાથમાં ઢાલ અને તલવાર લઈ યુદ્ધમાં ઊતર્યો, "કેમ જાણે ગિરિશિખરેથી કેસરી સિંહ ઊતરતો હોય !"

પોતાના ભાઈને કપાયેલો જોઈ કર્ણના બંને મહારથી પુત્રો- સુષેણ અને સત્યસેને મહાવનમાં હાથીને મારી નાખતા બે વિકરાળ વાઘની જેમ નકુલ સામે ધસી આવીને બાણોનો મારો ચલાવ્યો. "ઘનઘોર વાદળાં જલધારા વરસાવે તેમ તેઓ બાણ વરસાવવા લાગ્યા."

નકુલ ક્યાં ગાંજ્યો જાય તેવો હતો ? તેણે "હળાહળ ઝેરવાળી નાગકન્યાની જેમ લબકારા મારતી શક્તિ વડે" સત્યસેનને હણી કાઢ્યો અને પછી ફેંકેલા અર્ધચંદ્રાકાર બાણથી, મહાવેગી નદીના કિનારા પરનું વૃક્ષ પડી જાય તેમ સુષેણના મસ્તકને પાડ્યું. સુષેણ રણભૂમિ પર ઢળી પડ્યો.

મહાભયાનક યુદ્ધને કારણે બંને પક્ષની સેનામાં તીવ્ર ભય ફેલાઈ ગયો. સૌની મનઃસ્થિતિનો ચિતાર આપતાં વ્યાસજી લખે છે : "જેમ વર્ષાઋતુમાં બે નદીઓ વ્યાકુળ થઈને ઊછળવા માંડે, તેમ તે બંને સેનાઓ એકબીજીને સંહારતી, ખૂબ જ સંતાપ કરતી વ્યાકુળ થઈ ઊછળવા લાગી."

કાયરોને ડરાવનારું આ યુદ્ધ સૂર્યોદય સમયે ચાલતું હતું ત્યારે પાંડવોએ

"કૌરવસેનાને દાવાનળમાં ઘેરાઈ ગયેલી મૃગલી જેવી આકુળવ્યાકુળ કરી દીધી", એટલે "કાદવમાં ખૂંપી ગયેલી દૂબળી ગાયની જેમ દુઃખી થતી કૌરવસેનાને" બચાવવા શલ્ય પાંડવોની સેના ઉપર હુમલો કરવા ધસી આવ્યો.

મહાબલી શલ્યે કૌરવસેનાને ઉગારવા ધૃષ્ટદ્યુમ્ન, સાત્યકિ અને શિખંડીને ઘાયલ કર્યા અને તે માટે "જેમ ખૂબ ગરમી પડે અને વરસાદ તૂટી પડે, તેમ શલ્યે બાણોનો ધોધમાર વરસાદ વરસાવ્યો." "ભમરાના સમૂહો કે તીડનાં ટોળાં ઊતરી પડે તથા વાદળાંઓમાંથી વીજળી પડે તેમ શલ્યનાં બાણો છૂટવા લાગ્યાં."

બાણ વરસાવતો શલ્ય રણમેદાનમાં કેવો શોભતો હતો ? વ્યાસજી મનમોહક ઉપમાઓથી તેને વધાવે છે : "પ્રલયકાળના ઝળહળતા અગ્નિ જેવો, હાથમાં પાશ ધારણ કરેલ સાક્ષાત્ યમરાજ· જેવો, શિખરોવાળા કૈલાસ જેવો, વજ્રધારી ઇન્દ્ર જેવો અને મદમત્ત ઘૂમતા ગજરાજ જેવો !" આવો શલ્ય પાંડવસેનાને સંહારતો હતો.

ક્રોધે ભરાઈને હોઠ અને દાંત ભીંસતો ભીમસેન શલ્યનો વિનાશ કરવા યમદંડ જેવી અને હાથીઓ, અશ્વો તથા મનુષ્યોના પ્રાણ હરવા તત્પર કાલરાત્રિ જેવી ગદા ધારણ કરી ધસી આવ્યો.

આ તો ભીમસેનની ગદા હતી - અનોખી અને આકર્ષક ! "સોનાના પતરાથી મઢેલી, ઝળહળતી ઉલ્કા જેવી, શીકામાં ભરાઈ બેઠેલી ભયાનક નાગણી જેવી, લોખંડમાંથી બનાવેલી, વજ્રના જેવી ભયંકર, અગરુ-ચંદનના લેપયુક્ત, માંસ, મેદ અને રક્તથી પરિપુષ્ટ, યમરાજની જીભ જેવી તે ગદા ભીમની મનગમતી ગદા હતી.

તે ગદા સેંકડો ઘૂઘરીઓથી ઘમકતી, ઇન્દ્રના વજ્ર જેવી અને કાંચળીમાંથી મુક્ત થયેલા ફણાધર જેવી, ગજરાજના મદથી ખરડાયેલી હતી. શત્રુસેનાને ભય પમાડનારી, પોતાની સેનાને હર્ષ દેનારી, ગિરિશિખરોના ટુકડા કરનારી તે જબરદસ્ત ગદા મનુષ્યલોકમાં વિખ્યાત હતી, કારણ, આ જ ગદા વડે ભીમસેને કૈલાસધામમાં ભગવાન શંકરના મિત્ર, અલકાપતિ કુબેરને યુદ્ધમાં પડકાર્યા હતા અને કુબેરભવનમાં જઈ માયાવી અને અભિમાની ગુહ્યકોને મારી નાખ્યા હતા. જે ગદા વજ્ર, મણિઓ અને રત્નોથી મઢેલી, આઠ ધારવાળી અને વજ્ર જેવી ભારે હતી તે ઉપાડીને મહાબાહુ ભીમસેન શલ્ય સામે ધસી ગયો." એક ગદા માટે પણ આટલું રૌદ્ર, બીભત્સ અને શૃંગારરસથી મિશ્રિત વર્ણન કરવામાં પણ વ્યાસજીનો ઉત્સાહ અદમ્ય વર્તાય છે ને ?

સામા પક્ષે તપાવેલા સોનાના પતરાથી મઢેલી અગ્નિજ્વાલા જેવી ઝળહળતી તથા ચમકતી શલ્યરાજની ગદા પણ ભારોભાર ભય વધારનારી હતી.

સાંઢની જેમ ઘૂરકતા આ બંને પુરુષસિંહોનું દ્વંદ્વયુદ્ધ ભયંકર હતું. મંડલાકાર ઘૂમવાની રીત અને ગદાપ્રહાર કરવાની બાબતમાં બંનેની અદ્ભુત કલા વર્તાતી હતી. ગદાઓના અણિયાળા અગ્રભાગથી તેઓ એકબીજા પર એવી રીતે પ્રહાર કરતા, જેમ બે ગજરાજો પોતાના દંતશૂળ વડે અથવા તો બે મોટા સાંઢ શિંગડાં ભોંકાવે.

ભીમસેનના વારંવારના ગદાપ્રહાર છતાં શલ્ય બિલકુલ વ્યથિત ન થતાં અડગતાથી સામનો કરતો હતો. હાથીના દંતૂશળથી ગિરિરાજને અસર થતી નથી, તેમ શલ્યને પણ જાણે કશી અસર જ થતી ન હતી.

દ્વંદ્વયુદ્ધ આગળ વધે છે. ધરતીકંપ વખતે પણ અડગ રહેતા બે પર્વતો જેવા તે બંને પહેલાં તો અડગ રહ્યા. આખરે બંને ઘવાઈને એકસાથે જમીન પર પટકાયા, "જાણે ઉત્સવને અંતે ઇન્દ્રધ્વજના બે થાંભલા પડ્યા."

ત્યારબાદ વિજય મેળવવાના સંકલ્પવાળા, પ્રાણની દરકાર નહીં કરનારા ધૃતરાષ્ટ્રપુત્રો તથા કૌરવસૈનિકો પાંડવસેનામાં ઘૂસ્યા. કેવી રીતે ? "જેવી રીતે હંસો મોટા સરોવરમાં પ્રવેશ કરે તેમ."

નીરક્ષીરને પારખનારા વ્યાસજી હંસને કદી ભૂલે ખરા ? ન જ ભૂલે; પણ ભૂલ તો કરી કૌરવસેનાએ. વ્યાસજીએ કૌરવસેનાને હંસ સાથે સરખાવી છે, ત્યારે ફસાઈ ગયેલા હંસ માટેનું સુભાષિત યાદ આવે છે : "હે હંસ ! એ સરોવર જુદું હતું કે જેનાં તીરનાં પગથિયાંમાં વેરેલા તલ અને ચોખાને ચૂગતા તારા જેવા રાજહંસને મુનિઓ પ્રસન્ન મુખથી જોઈ રહ્યા હોય. આ તો ભીલ લોકોની વાવડી છે કે જ્યાં કમલિનીના ખંડની ઓથે સંતાઈ રહેલા પારધીઓએ તારા જેવા મુગ્ધને જાળમાં ફસાવવાની ક્રિયા રચેલી છે. આ તફાવત તું જાણી શકતો નથી ?"

શેક્સપિયરે નથી કહ્યું - "Fools rush in where angels fear to tread !"

કૌરવસેનાનું પણ તેવું જ થયું. તેણે હાથે કરીને મહાવિનાશને આમંત્ર્યો.

"ઘોર સંગ્રામ જામે, પવનથી ધૂળના ગોટા ઊડે, આંધીમાં બધું જ ઢંકાઈ જાય, ધૂળની ડમરી લોહીથી બેસી જઈ શાંત થઈ જાય અને દિશાઓ સ્વચ્છ

અને નિર્મળ બને." યુદ્ધભૂમિનું નાનકડું છતાં વાસ્તવિક વર્ણન કરી વ્યાસજી આગળ કહે છે :

"લોહી વહેવાથી રજનો મૂળ ભાગ ઠરી ગયો અને જે ભાગ ઉપર રહ્યો તે પવનને લીધે ઊંચે ચડ્યો. આ રજ અગ્નિ થતાં પહેલાં ઊઠતી ધુમાડી જેવી લાગતી હતી કે જે અગ્નિ શાંત થતાં સળગતા કોયલા જ બાકી રહે."

ધૂંધવાયેલી આગનો બાકી રહી ગયેલો તણખો જ ભારે ખતરનાક હોય છે.

ક્રોધાવેશભરેલા શલ્યે દિશાઓને ઢાંકી દેતી બાણવર્ષા કરી, તો સામે ધસી આવતા યુધિષ્ઠિરની છાતી પર જાણે આખું જાળું બંધાઈ ગયું. બાણોની મેઘઘટાથી છવાઈને પીડાયેલા યુધિષ્ઠિર તદ્દન પરાક્રમહીન બની ગયા, "જેમ ઇન્દ્રથી હણાયેલો જંભાસુર નિર્વીર્ય બની ગયો હતો તેમ." હરીફોને હંફાવતા શલ્યે પાંડવસેનાનો સંહાર કરી તેમને કાબૂમાં લઈ લીધા. કેવી રીતે ? "ક્રોધે ભરાયેલો મહાવત મહાન ગજરાજોને અંકુશ મારીને કાબૂમાં લઈ લે તેમ."

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને ચેતવેલા તે સત્ય જ ઠર્યું હોય તેમ શત્રુની અસ્ત્રશસ્ત્રવૃષ્ટિને શલ્યે ઉડાડી દીધી, "જેમ વાયુ વાદળઘટાને ઉડાડી મૂકે તેમ." શલ્યે તીડનાં ટોળાં જેવી શરવૃષ્ટિ વરસાવ્યા કરી.

અન્ય સ્થળે "જેમ બે બળવાન વૃષભો શિંગડાંઓથી એકબીજાને ઘાયલ કરે" તેમ અર્જુન અને અશ્વત્થામા જેવા બે મહારથીઓ વચ્ચે વૃષ્ટિપાત જેવી બાણવર્ષા થવા લાગી. વ્યાસજી કહે છે : "એકબીજા સાથે અથડાતાં અસ્ત્રોનો સંગમ અત્યંત ભયાનક હતો." વ્યાસજી અર્જુનના પરાક્રમ પર વારી જાય છે. "સર્વ ભારને સહન કરનારું શ્રેષ્ઠ અને સુદૃઢ ધનુષ્ય ખેંચીને અર્જુને સુસવાટા મારતા સર્પ જેવાં બાણો વરસાવી અશ્વત્થામાને ઢાંકી દીધો." સામે પણ ફણાધર અશ્વત્થામા હતો. તેણે સામે ધસી આવતા સુરથ ઉપર યમદંડ જેવું નારાચબાણ છોડ્યું, તેથી શું થયું ? "ઇન્દ્રે છોડેલું વજ્ર ધરતીતલને ભેદી નાખે, તેમ નારાચબાણ સુરથનું હૃદય ભેદી અંદર ઊતરી ગયું." અને પર્વતશિખર સમો સુરથ ઢળ્યો.

અર્જુને કૌરવસેનાનો ઘાણ વાળી દીધો. "સચરાચર સૃષ્ટિને ભસ્મીભૂત કરીને સાક્ષાત્ ભગવાન અગ્નિદેવ નિર્ધૂમ પ્રકાશતા હોય" તેવો અર્જુન દેખાતો હતો. "બાણોરૂપી જ્વાલાઓવાળો, ધનુષ્યટંકારરૂપી વાયુથી વધેલો અર્જુનરૂપી અગ્નિ કૌરવોને ઇંધણની જેમ બાળવા લાગ્યો." સમરભૂમિ અર્જુનમય બની ગઈ.

અગાઉ શતક્રતુ ઇન્દ્રનું દાનવોની વિશાળ સેના સાથે થયેલા મહાન વિનાશક યુદ્ધ જેવું જ અર્જુનનું શત્રુઓ સાથેનું આ યુદ્ધ હતું.

અર્જુને મહાવિનાશ વેર્યો.

ધરાતલ પર રથનાં પૈડાં, ધૂંસરીઓ, ભાથા, ધજાઓ ચારેય તરફ વીખરાયેલાં પડ્યાં હતાં. ચોમેર ઈષાઓ (રથનો મુખ્ય ભાગ અને ધૂંસરીને જોડતી લાકડાની પટ્ટીઓ), રથના નીચેના ભાગો, ત્રિવેણુઓ, ધરીઓ, જોતરાં, ચાબુકો પડેલાં હતાં. કુંડળો અને ટોપ સાથેનાં મસ્તકો, ભુજાઓ ને ધડો આમતેમ રવડતાં પડ્યાં હતાં. રણભૂમિ લોહી-માંસના કાદવથી ભરાઈ ગઈ હોવાથી ચાલવું મુશ્કેલ હતું.

તો શત્રુવિનાશક શલ્યનો રથ, પુરાતન કાળમાં અસુરોનો સંહાર કરતા ઇન્દ્રનો રથ ઘૂમ્યો હતો તે પ્રમાણે ઘૂમતો હતો. સુસવાટા મારતાં વછૂટેલાં તેનાં ભયાનક બાણોથી ધરતી છવાઈ ગઈ અને શંબરાસુર તથા ઇન્દ્ર વચ્ચે થયેલા ભયંકર યુદ્ધના જેવું યુદ્ધ શલ્ય અને સાત્યકિ વચ્ચે થયું.

પૌરાણિક દૃષ્ટાંતો વડે તાદૃશતા દર્શાવતા વ્યાસજીની વર્ણનકલા માટે કહેવાયું છે : ''સર્વ પ્રકારનાં દૃષ્ટાંતોથી ભરેલી એવી 'મહાભારત'ની કથાની જેમ જેમની ભારતીવાણી દિશાઓના અંત સુધી પહોંચી ગઈ નથી તે કવિના કાવ્યથી શું ?''

''નભોમંડળમાં ચંદ્રમાની પાસે શનિનો ગ્રહ દેખાય તેવો યુધિષ્ઠિર સામે લડતો શલ્ય દેખાતો હતો.'' કવિની કલ્પના ચડે કે તેમનું ખગોળજ્ઞાન ચડે ?

શલ્યની પીડાને લીધે રણ છોડી ગયેલા યુધિષ્ઠિર ફરી મેદાને પડ્યા. અન્ય પાંડવવીરો સાથે છે. શલ્ય સામે ધસ્યા ત્યારે મહામેઘને રોકતા ઉદયાચલ-અસ્તાચલ પર્વતોની જેમ પાંડવવીરોને દુર્યોધને તથા શલ્યે મળીને રોક્યા અને ફરીથી ઇન્દ્રની જલધારાની જેમ ધર્મરાજ ઉપર શલ્યરાજ બાણોની ઝડી વરસાવવા લાગ્યો. માંસની ઇચ્છાથી લડતા બે ભૂખ્યા સિંહોની જેમ આ બંને નરસિંહો વિવિધ બાણોથી એકબીજાને ઘાયલ કરતા હતા. પ્રાણની પરવા કર્યા વિના યુદ્ધ કરવા મદમત્ત બનેલા આ બે મહારથીઓ કંકપત્રવાળાં બાણોથી ઘવાઈને લોહીથી તરબોળ થઈ ગયા ત્યારે તેઓ ''વનમાં ખીલી ઊઠેલા શીમળા અને કેસૂડાનાં વૃક્ષો જેવા'' શોભતા હતા.

'મહાભારત'માં 'શલ્મલિ' શબ્દપ્રયોગ છે. શલ્મલિ તે જ શાલ્મલિ અને એ જ શીમળો, જેમ કિંશુક એ જ કેસૂડો.

શાલ્મલિને તપાવેલા સોના જેવાં લાલચોળ પુષ્પો, નીલમ જેવાં ઘેરાં લીલાં

પાન અને લોખંડ જેવા રંગના કાંટાઓ હોય છે. શિયાળામાં આ વૃક્ષનાં બધાં જ પાન ખરી જાય ત્યારે આ ઝાડનું ઠૂંઠું જોવું પણ ન ગમે, પરંતુ વસંત આવતાં તેના ઉપર લાલચટાક, મોટાં ફૂલ આવે ત્યારે આખું વૃક્ષ કોઈને પણ વાહવાહના ઉદ્ગારો કઢાવે. વસંતને સત્કારનાર આ વૃક્ષનાં ફૂલો એટલે ગુલાલનો મનભર છંટકાવ. આઘેથી જોઈએ તો જાણે આગ લાગી હોય તેવો ભ્રમ કરાવે. વ્યાસજી આવા સુંદર શાલ્મલિવૃક્ષ અને તેનાં પુષ્પો પર ઓળઘોળ થાય તેમાં શી નવાઈ ?

'ઋતુસંહાર'માં નિદાઘના વર્ણનમાં કાલિદાસ આવા 'દવાગ્નિ'નો પરિચય કરાવે છે : "શાલ્મલિવનોમાં ઝાડનાં પોલાં થડમાં સોના જેવો તેજસ્વી કનકગૌર લાલચોળ દવ ફરી વળ્યો છે" એમ કહીને શાલ્મલિનાં પુષ્પોની અગ્નિસદૃશ રક્તિમાને ગૂંથવા પ્રયાસ કર્યો છે.

આ જ રીતે 'રામાયણ'માં કિંશુકનો ઉલ્લેખ અવારનવાર આવ્યા કરે છે.

વસંતઋતુમાં કેસૂડા પુષ્પિત થાય અને આખું વન લાલચોળ થઈ જાય. ચોતરફ ડુંગરો ઉપર દેદીપ્યમાન વૃક્ષો પર ખીલેલાં કેસૂડાનાં ફૂલોનું નિરતિશય સૌંદર્ય રામ સીતાને દર્શાવે છે. ('રામાયણ', ૨/૫૬-૬)

સુગ્રીવ અને વાલી દ્વંદ્વયુદ્ધમાં લોહીલુહાણ થયા. વાલ્મીકિ એ દૃશ્ય એક માતબર ઉપમા દ્વારા મૂર્તિમંત કરે છે. "શાલ્મલિ અને કિંશુક વૃક્ષો જાણે ભેગાં ચોંટી ન ગયાં હોય !"

परस्पर शोणितरक्तदेहौ । परस्परं शाल्मलिकिंशुकाविव ।।

- रामायण : ६/४०-१४

"શીમળાનાં અને કેસૂડાનાં બંને લાલચોળ પુષ્પો એકબીજામાં ગૂંથાઈ ગયાં હોય અને જેવાં શોભે તેવા લોહીલુહાણ સુગ્રીવ અને વાલી શોભવા લાગ્યા." વાહ ! શી ભવ્ય કલ્પના છે !

રામ-રાવણ-યુદ્ધ વખતે પણ આવી જ ઉપમા આપી છે. ('રામાયણ' : ૬/૮૮-૭૧)

હનુમાને લંકા સળગાવી ત્યારે ભડભડ બળતી નગરી તેમ જ રામ-રાવણ-યુદ્ધ વખતે સમરભૂમિ રાક્ષસો અને વાનરોના લોહીથી લાલચોળ થઈ ગઈ ત્યારે આવી ઉપમાઓ વાલ્મીકિએ આપી છે.

"વસંતઋતુમાં મહી જેમ કિંશુકોથી ઢંકાઈ જઈને લાલચોળ જણાય તેવી." ('રામાયણ' ૬/૫૮-૨૮)

કુરુઓમાં મહાવીર એવા યુધિષ્ઠિરે સુંદર અને પ્રચંડ હાથાવાળી, મણિઓ અને પરવાળાઓથી દીપ્ત એવી 'શક્તિ'ને ખૂબ જ વેગપૂર્વક, ઘોર મંત્ર ભણીને મદ્રરાજ ઉપર ફેંકી. આગના તણખા વેરતી, ઉલ્કા સમી તે 'શક્તિ'ને કૌરવસૈનિકો એકત્ર થઈ જોઈ જ રહ્યા.

હાથમાં પાશ ધારણ કરેલી, કાલરાત્રિ જેવી, યમરાજને પોષનારી, ભયાનક ધાત્રી જેવી, બ્રહ્મદંડ સમી એ અમોઘ 'શક્તિ'નો યુધિષ્ઠિરે ખૂબ સાવધાનીપૂર્વક પ્રયોગ કર્યો.

એ 'શક્તિ' પાંડુપુત્રોએ સુગંધી દ્રવ્યો, પુષ્પમાળા, અગ્ર આસન, પાન અને ભોજન અર્પણ કરીને પ્રયત્નપૂર્વક પૂજી હતી. પ્રલયકાળના અગ્નિ જેવી ઝળહળતી, અથર્વાંગિરસ ઋષિના મંત્રોથી પ્રગટેલી 'કૃત્યા'ના જેવી તે ભયાનક હતી.

આ 'શક્તિ' વિશ્વકર્માએ ભગવાન શંકર માટે બનાવી હતી. તે શત્રુઓનાં પ્રાણ અને શરીરનો નાશ કરનારી તેમ જ જળ, સ્થળ કે આકાશમાં રહેનારાં પ્રાણીઓને વેગપૂર્વક હણી નાખવા સમર્થ હતી.

ઘૂઘરીઓ, પતાકાઓ, મણિઓ અને રત્નોથી શોભતી, વૈદૂર્યમણિ(નીલમ)થી વિભૂષિત, સોનાના હાથાવાળી, બ્રહ્મદ્રોહીઓનો નાશ કરનારી, અમોઘ એવી આ 'શક્તિ' વિશ્વકર્માએ પ્રયત્નપૂર્વક નિયમ પ્રમાણે બનાવી હતી.

રુદ્રદેવે અન્તકાસુરનો નાશ કરવા બાણ છોડ્યું હતું તેવી રીતે ધર્મરાજ યુધિષ્ઠિરે ક્રોધથી નાચતા હોય તેમ મજબૂત અને સુંદર હાથને ફેલાવી, ગર્જના કરી લલકાર્યું : "હવે તમે મર્યા સમજો !"

પરિણામ શું ? શલ્યરાજે સિંહગર્જના કરીને "બરાબર પ્રગટેલી અગ્નિજ્વાલા ઘીની ધારાને ઝીલી લે, તેમ 'શક્તિ'ને ઝીલી લીધી. શલ્યરાજના મર્મસ્થાનને ભેદી, વિશાળ છાતી અને કવચને છેદી ક્યાંય ન અટકતી, પાણીની જેમ પૃથ્વીમાં સમાઈ ગઈ અને એનાથી શલ્યની વિશાળ કીર્તિ ભસ્મીભૂત થઈ ગઈ."

રથમાંથી ઊછળીને જમીનદોસ્ત થયેલા શલ્ય માટે વ્યાસજી સચોટ કલ્પના દોડાવે છે :

"હાથ પહોળા કરીને પૃથ્વી પર પડેલો શલ્ય, મહાવીર ઇન્દ્રના અશ્વ ઉચ્ચૈઃશ્રવા જેવો, વજ્રથી તૂટેલા ગિરિશિખર જેવો, ઉન્નત ઇન્દ્રધ્વજ ભૂમિ પર પડે તેવો એ નરપુંગવ જાણે પ્રેમથી ભૂમિને ભેટતો હોય તેમ પડ્યો."

વ્યાસજી કથારસમાં અભિવૃદ્ધિ કરવા ઇચ્છતા હોય તેમ વર્ણવે છે : "જેમ

કોઈ પ્રિયતમ પ્રિયતમા પત્નીની છાતી પર પડે તેમ શલ્ય પૃથ્વીને પ્રિયતમાની જેમ લાંબો સમય ભોગવીને, અંગેઅંગથી એને આલિંગન આપીને જાણે સૂતો હોય તેમ તેના પર પડ્યો હતો.'' ભારોભાર છલકતો શૃંગારરસ !

શલ્ય પૃથ્વીપતિ હતો એ હકીકત કલાત્મક રીતે સજાવી છે. શલ્યનું વીરોચિત મૃત્યુ સ્મરણીય બને તેવું આ નિરૂપણ છે.

શલ્ય હણાયો એટલે તેનો નાનો ભાઈ યુધિષ્ઠિર સામે ધસ્યો. યુધિષ્ઠિરે ભાલાના પ્રહારથી તેને સોંસરવો વીંધી ડોકું ઉડાવી દીધું. પ્રખર સાહિત્યકાર આટલા નાના વાક્યથી આખો પ્રસંગ થોડો પૂરો કરે ? અદ્દભુત રીતે વર્ણવતાં કવીશ્વર કહે છે : "જેવી રીતે સ્વર્ગમાં વસનારનું પુણ્ય ક્ષીણ થાય અને તે જીવ પૃથ્વી પર પાછો આવે, તેમ તેનું કુંડળવાળું મસ્તક રથ ઉપરથી ભૂમિ પર પડતું દેખાયું."

દુઃખી થઈ ગયેલી કૌરવસેના સંતાપ કરવા લાગી. લોહીથી ખરડાયેલા તેઓને અંગે પરસેવો વળી ગયો. તેઓ વિષાદથી ઘેરાઈ ગયા. સમગ્ર સેના પાછી પાની કરી ભાગવા લાગી. જોકે ઊડતી રજથી સેના ઢંકાઈ ગઈ હોવાથી કોઈને જાણ ન થઈ કે કૌરવસૈન્ય લગભગ નાશ પામ્યું છે અને બાકીનું સૈન્ય રણમેદાનમાંથી નાસી રહ્યું છે. અંતે ભયાનક રીતે ઊડતી રજ લોહીના પ્રવાહથી જાણે શાંત થઈ ગઈ.

પોતાનું સૈન્ય ભાગી રહ્યું છે તે જોઈ દુર્યોધને એકલાએ અપ્રતિમ યુદ્ધકૌશલ દાખવી પાંડવસૈનિકોને રોકી લીધા. ઘણા પ્રયત્ન છતાં પાંડવસૈન્ય દુર્યોધનને અટકાવી શક્યું નહીં; એવું તેનું પરાક્રમ હતું. "જેવી રીતે યજ્ઞમાં મંત્રથી પાવન બનેલો અગ્નિ પ્રકાશે તેવી રીતે દુર્યોધન રણમેદાનમાં ઊભેલો પ્રકાશી રહ્યો હતો."

શ્રેષ્ઠ મહારથી દુર્યોધન રથ ઉપર બિરાજેલો હતો ત્યારે પ્રતાપી રુદ્રદેવ જેવો અસહ્ય લાગતો હતો. મહામેઘની જલધારાથી પર્વત આખો ભીંજાઈ જાય, તેમ હજારો બાણો વરસાવીને દુર્યોધને ધરતીને ઢાંકી દીધી અને શત્રુઓને બાણવર્ષાથી ભીંજવી દીધા.

પાંડવોની સેનામાં એવો એક પણ યોદ્ધો, અશ્વો, હાથીઓ, રથો વગેરે કાંઈ જ એવું ન હતું, જે દુર્યોધનનાં બાણોથી ઘવાયું ન હોય. ઊડતી ધૂળની ડમરીથી સેના ઢંકાઈ જાય, તેમ દુર્યોધનનાં બાણોથી પાંડવસેના ઢંકાઈ ગઈ.

"જેવી રીતે મર્ત્ય માનવીઓ મૃત્યુનું ઉલ્લંઘન નથી કરી શકતા તેવી રીતે શત્રુયોદ્ધાઓ દુર્યોધનનો સામનો કરી શક્યા નહીં."

સર્વ આશાઓ નષ્ટ થઈ હોવા છતાં દુર્યોધન ખૂબ જોમથી લડ્યો. શલ્યવધ પછી ધૃતરાષ્ટ્રપુત્રો અને કૌરવસૈનિકો મહદ્ અંશે યુદ્ધવિમુખ બન્યા તે વિશે વ્યાસજી વર્ણવે છે :

"જેમ ઝંઝાવાતી વાયુ વૃક્ષોને ધ્રુજાવી નાખે અથવા તો પૂર્વીય વાયુથી મહાનદી ગંગા ખળભળી ઊઠે", તેમ પાંડવસેનાના આક્રમણે કૌરવસેનાને ખળભળાવી મૂકી.

અને હવે વ્યાસજી ક્ષત્રિયધર્મને લજવતા વીરોની વાત માંડી કટાક્ષ અને હાસ્યરસનો છંટકાવ કરે છે :

"ધર્મપુત્ર યુધિષ્ઠિર દ્વારા જિતાયેલા લોકો શિંગડાં ભાંગેલા આખલા જેવા અને દાંત તૂટેલા હાથીઓ જેવા, બપોરના સમયે રણભૂમિમાંથી ભાગવા લાગ્યા."

યોદ્ધાઓની સ્થિતિ તો સમજ્યાં, પણ હાથીઓની પણ આ દશા ? "મોટા પર્વતો જેવા અને પ્રહાર કરવા સમર્થ એવા બે હજાર હાથીઓ શલ્યનો વધ થતાં અંગૂઠા જેવડા અંકુશથી પ્રેરાઈને નાસવા લાગ્યા."

અને છતાંય મહાસાગરમાં વહાણ ભાંગી જવા છતાં વેપારી સમુદ્ર પાર કરવાની ઇચ્છા ધરાવે, તેવી રીતે શલ્યવધ પછી પણ કેટલાક કૌરવસૈનિકો રણરૂપી સાગરને તરવા ઇચ્છતા હતા. જોકે એકંદરે કૌરવસેના ઝાંખી, નિસ્તેજ, હતોત્સાહ, ખિન્ન, ઉદ્વિગ્ન અને બેબાકળી બની ગઈ હતી.

રણભૂમિ પણ ખેદાનમેદાન થઈ ગઈ હતી. કુશદર્ભથી છવાયેલી યજ્ઞવેદીની જેમ રણભૂમિ યોદ્ધાઓથી છવાઈ ગઈ. રથના તૂટેલા ભાગો, મરી ગયેલા મહારથીઓ અને ઢળી પડેલા અશ્વોથી ભૂમિ ભરાઈ ગઈ હતી. ધૂંસરીઓને વળગીને લટકી રહેલા યોદ્ધાઓ અશ્વોથી ખેંચીને લઈ જવાતા હતા ત્યારે તેઓ હવામાં ફંગોળાતા હતા. કેટલાક અશ્વો ભાંગેલાં પૈડાંવાળા રથોને ખેંચતા હતા, તો કેટલાક અશ્વો અર્ધા રથને ઉપાડી દશેય દિશામાં દોડતા હતા. કેટલાક અશ્વો ધૂંસરીઓમાં ફસાઈ ગયેલા દેખાતા હતા.

પાયદળની હાલત પણ એટલી જ દયનીય હતી. અનેક પ્રકારનાં ફૂલોની માળા ધારણ કરેલા, વિવિધ કુંડળોથી શોભતા, હણાયેલા અને લોહીનીતરતા

સૈનિકો ભૂમિ પર સૂતેલા હતા. આખું પાયદળ "ઝંઝાવાતથી ભાંગી ગયેલાં સપુષ્પ કરેણવૃક્ષો" જેવું લાગતું હતું.

આમ, કોઈ અદ્ભુત, વિચિત્ર, ભયાનક, રૌદ્ર અને કમકમાટી ઉપજાવે તેવા વાતાવરણથી ભયંકરતા વર્તાતી હતી.

પણ તેમાં ખાસ તો કૃપાચાર્યનું પાંચ દ્રૌપદીપુત્રો સાથેનું ભયંકર, અમર્યાદ યુદ્ધ વિશેષ નોંધપાત્ર છે. શા માટે ? વ્યાસજીએ વર્ણવેલી ઉપમાને કારણેસ્તો !

"જેવી રીતે દેહધારી જીવાત્માને પાંચ ઇન્દ્રિયો સાથે યુદ્ધ ચાલ્યા કરે છે તેવું", "જેમ ઇન્દ્રિયો મૂઢ જીવાત્માને પીડે તેમ" તે દ્રૌપદીપુત્રો કૃપાચાર્યને પીડવા લાગ્યા અને કૃપાચાર્ય પણ ક્રોધવશ થઈ સામા લડવા લાગ્યા. જીવાત્માને ઇન્દ્રિયો સાથે વારંવાર યુદ્ધ થાય છે, તેમ કૃપાચાર્યનો દ્રૌપદીપુત્રો સાથે અદ્ભુત જંગ જામ્યો.

तस्य तैरभवद्युद्धमिन्द्रियैरिव देहिनः ।
घोररूपमसंवार्यं निर्मर्यादमतीव च ।।

ते च तं पीडयामासुरिन्द्रियाणीव बालिशम् ।
स च तान्प्रतिसंरब्धः प्रत्ययोधय दाहवे ।।

एवं चित्रमभूद्युद्धं तस्य तः सह भारत ।
उत्थायोत्थाय हि यथा देहिनामिन्द्रियैर्विभो ।।

'શ્રીમદ્ ભગવદ્ગીતા' તો ખરી જ, પણ તે ઉપરાંત અન્ય કુલ ચુમ્માલીસ 'ગીતા'ઓના રચયિતા 'મહાભારત'કારની કલમેથી આપણને આવું જ સાંપડે તેમાં કોઈ આશ્ચર્ય ખરું ?

હવે રણભૂમિ ઉપર કેવું વાતાવરણ બન્યું તે વર્ણવતાં વ્યાસજી કહે છે :

"સમરાંગણમાં યોદ્ધાઓ સામસામા ઝઝૂમતા, અથડાતા, પરસ્પર વીંધતા અને મારતા હતા ત્યારે...

ત્યાં દોડતા અશ્વો અને અસવારોને લીધે વાયુથી ઊડેલી, શસ્ત્રોના પ્રહારથી ઊડેલી, રથચક્રો તેમ જ હાથીઓના ઉચ્છ્વાસોથી ઊંચે ઊડેલી ધૂળની ડમરી, સંધ્યાસમયનાં પિંગળાં વાદળના જેવી આકાશમાર્ગે જવા માંડી. ધૂળની ડમરીના કારણે સૂરજ નિસ્તેજ બન્યો, રણભૂમિ અને રણશૂરા રજોટાઈ ગયા, પણ પછી

ક્ષણભરમાં બધું જ રજરહિત બની ગયું, કારણ, વીરોના લોહીથી ભીની રણભૂમિમાં તે ધૂળની ડમરી શમી ગઈ."

કેટલી ધૂળ જેવી સામાન્ય વાત અને કેટલું આબેહૂબ વર્ણન !

જગતમાં ચારેય બાજુ શોક ઉત્પન્ન કરનારો મહાસંહાર થયો. અનેક સ્ત્રીઓના સેંથાનું સિંદૂર ભૂંસાઈ ગયું. હજારોની સંખ્યામાં સારથિઓ, અશ્વો વગેરે જ્યાંત્યાં પડ્યા હતા. અનેક સૈનિકો એકબીજા સાથે એવા ભીંસાઈ ગયા હતા કે અંગો કપાયાં ન હોવા છતાં મુખેથી લોહીની ઊલટી કરતા હતા. તેઓના વાળ પણ એકબીજા સાથે ગૂંચવાઈ ગયા હતા, તેથી તેઓ હલનચલન પણ કરી શકતા ન હતા.

મલ્લો એકબીજા સાથે અથડાઈને એકબીજાને મારી નાખતા હતા. ઘણા નિષ્પ્રાણ મલ્લોને અશ્વો ખેંચી જતા હતા. સૈનિકોનાં કપાયેલાં મસ્તકોવાળાં, છેદાયેલાં હાથવાળાં અને લોહીથી ખરડાયેલાં કબન્ધો (ધડ) રડવડતાં હતાં. સમરાંગણ હણાયેલા નિષ્પ્રાણ મનુષ્યો ને પશુઓથી એવું તો છવાઈ ગયું હતું કે કોઈ અશ્વારોહીને ત્યાં ચાલવું શક્ય ન હતું. હથિયારો સાથેની ભુજાઓ કપાયેલી હતી, છતાં પછડાતી હોવાથી રૂંવાડાં ખડાં કરી દે તેવા ભયાનક કડાકાભડાકાનો અવાજ આવતો હતો. યોદ્ધાઓ ઘવાયેલા પડ્યા હોવાથી તેઓના કણસવાનો દર્દનાક અવાજ સંભળાતો હતો. થાકેલા, ગભરાયેલા, મોતને સામે જ ઊભેલું જોતાં કેટલાય સૈનિકો તરસ છિપાવવા પાણી ઝંખતા હતા. જીવ પર આવી ગયેલા કેટલાક સૈનિકો લોહીની ગંધથી ભાન ભૂલેલા બની પોતાના કે શત્રુના માણસનો ભેદ પારખ્યા વિના હણવા તત્પર બની ગયા. યુદ્ધના આ અંતિમ દિવસે સેનાનો ઘોર સંહાર થયેલો જોતાં વરુ, ગીધ, શિયાળ વગેરે અતિશય આનંદ પામતાં ફરતાં હતાં.

ટૂંકમાં માનવો અને પશુઓની તમામ પ્રકારની શક્તિઓનો, કિંમતી યુદ્ધ-સામગ્રીઓનો, કિંમતી આભૂષણોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સર્વ પ્રકારે સર્વનાશ થઈ ચૂક્યો હતો.

દુરાત્મા દુર્યોધનની દુર્બુદ્ધિ અને દુરાચારને લીધે જ દારુણ સંગ્રામ ખેલાયો છે એવું અત્યારે અર્જુનને સ્પષ્ટ ભાસે છે, દુર્યોધનના મૃત્યુ પછી જ આ વેરનો અંત આવશે તે સમજાય છે, તેથી દુર્યોધન ઉપરનો ગુસ્સો ઠાલવતો અર્જુન શ્રીકૃષ્ણને કૌરવસેના મધ્યે રથને લઈ જવા વિનંતી કરે છે ત્યારે...

હવે વ્યાસજીએ રમતા મૂકેલા શબ્દલાલિત્યને માણીએ.

સવ્યસાચી અર્જુનના કહેવાથી યદુનંદન શ્રીકૃષ્ણે નિર્ભય રીતે શત્રુસેનાની મધ્યે પ્રવેશ કર્યો.

"ધનુષ્યોને કારણે ઘનઘોર, શક્તિઓ જેવાં શસ્ત્રોરૂપી કંટકોથી છવાયેલા, ગદા અને પરિઘોરૂપી રસ્તાવાળા, રથો અને હાથીઓરૂપી ઘેઘૂર વૃક્ષોવાળા, રણભૂમિરૂપી ગાઢ જંગલમાં પ્રવેશી ભગવાન ગોવિંદ ફરકતી ધજાવાળા રથમાં ઘૂમવા લાગ્યા."

વ્યાસજી આપણા શાંત ખૂણાને અજવાળતા ગુણસભર કવિતાની ધરોહર છે. તેમણે કરેલા મનોહર વર્ણનથી પેલું સુભાષિત યાદ આવે છે :

"હે સરસ્વતી ! તમારાં ચરણકમળના પરાગની કણિકા સુકવિઓની હૃદયરૂપી ભૂમિમાં પ્રાપ્ત થાય છે. તે આ કવિતારૂપી લતા બનીને વૃદ્ધિ પામે છે. પછી તે કવિતાલતાનો પલ્લવ સુભાષિતના નામથી પ્રગટ થાય છે. તેને જ તમે લાંબા કાળ સુધી કાનના ભૂષણ તરીકે ધારણ કરો છો. ત્યારબાદ તાનમાં આવીને તમે મસ્તક ધુણાવો છો ત્યારે તે પારિજાતની કળીનો ગુચ્છ નીચે પડી જાય છે."

પુષ્પોનો એ ગુચ્છ ચોક્કસપણે વ્યાસજીના શિરે જ પડ્યો હશે ! દેવી સરસ્વતીએ જ વ્યાસજીને કાવ્યસાધનાની શક્તિ બક્ષી હશે. તેથી જ મા શારદાએ વ્યાસજીને અસત્ય અને જડતાનું વિમોચન કરનારી વાણીનું વરદાન આપ્યું છે.

અર્જુને વળી સપાટો બોલાવ્યો. તેનાં તીક્ષ્ણ બાણોથી કૌરવસૈનિકો વીંધાઈને ત્રાસ પામવા લાગ્યા. ભડભડ બળતા અગ્નિની જેમ અર્જુન શત્રુયોદ્ધાને બાળવા લાગ્યો. "જેવી રીતે વનવાસીઓએ પ્રજ્વલિત કરેલો અગ્નિ વનમાં સૂકા ઘાસ સાથે આવાસને પણ બાળી નાખે અને પછી ઉગ્ર થયેલો તાપ વનરાજિને ભસ્મ કરી દે, તેમ તીક્ષ્ણ બાણોના તાપથી અર્જુને કૌરવસેનાને બાળી નાખી."

તેમાં પણ મહાયોદ્ધા સત્યેષુને જે નિર્દયતાથી અર્જુન હણે છે તે કમકમાટી ઉપજાવે તેવું છે. "જેવી રીતે વનમાં ભૂખ્યો સિંહ હરણને પકડીને દબાવી દે" એ રીતે બધા યોદ્ધાઓ જોતા રહ્યા અને અર્જુને તેને દબાવી દીધો.

અર્જુનની ચપળતા, સૌષ્ઠવ અને પરાક્રમ સર્વશ્રેષ્ઠ હતાં એ ઠસાવવામાં 'મહાભારત'કાર ઘણી શક્તિ ખર્ચે છે.

કૌરવોની રથસેના ભાંગી ગઈ ત્યારે શકુનિ મદદે આવ્યો. એના ત્રણ હજાર હાથીઓએ પાંચેય પાંડવોને ઘેરી લીધા. "જાણે કાળાં વાદળોથી નક્ષત્રો ઘેરાયાં."

અર્જુન અને ભીમસેને સમરભૂમિમાં હાહાકાર વર્તાવ્યો. દુર્યોધન ક્યાંય દેખાતો ન હતો, તેથી અકળાયેલા દુર્યોધનના ચાર ભાઈઓ દુર્મર્ષણ, જૈત્ર, ભૂરિબલ અને રવિએ ભેગા મળી ભીમસેન ઉપર આક્રમણ કર્યું. શિકારી હાથીને દૂર ખેંચી જાય તેમ તેઓ ભીમસેનને દૂર ખેંચી ગયા.

પણ ક્રોધે ભરાયેલા ભીમે ઝેર અને અગ્નિ જેવાં કાતિલ બાણો ફેંકી જૈત્ર, ભૂરિબલ અને રવિ યોદ્ધાઓને વીંધી નાખ્યા. "ફૂલોથી રંગીન થયેલા કેસૂડાનાં વૃક્ષો કપાઈને ધરતી પર પછડાય" તેમ તેઓ રથમાંથી પછડાઈને મૃત્યુ પામ્યા.

તે પછી શત્રુપીડક ભીમે દુર્વિમોચનને પણ યમલોકમાં મોકલી આપ્યો. એ પડ્યો ત્યારે "પવનથી ભાંગી ગયેલું કુટજ(કડુ)વૃક્ષ પર્વત શિખર પરથી પડે" તેમ તે ભૂમિ પર ઢળી પડ્યો.

આ કેટલી બધી ભવ્ય, યોગ્ય અને અલંકૃત સરખામણી ! કૂટજનું વૃક્ષ પર્વત- શિખરે જ થાય - ડુંગરોનાં શિખરો ઉપર જ થાય, તેથી તેનું નામ કૂટજ. લગભગ દરેક ડુંગર પર તે થતું હોવાથી સંસ્કૃત કવિઓએ તેનું નામ 'ગિરિમલ્લિકા' પાડ્યું છે. આ મહાકવિએ તેને 'કડુ' તરીકે વર્ણવ્યું ત્યારપછી તે 'કડુ' તરીકે વધુ પ્રચલિત થયું છે. કાલિદાસે 'ઋતુસંહાર'માં (૩/૧૩), ભવભૂતિએ 'માલતીમાધવ'(૯/૧૫)માં કડુને ખૂબ ચગાવ્યું છે. "દળેલાં મોતીના ચૂર્ણ જેવાં ધોળાં અને ઝરણાઓનાં ચમકતાં જલબિંદુઓ જેવાં સુંદર દેખાતાં કૂટજપુષ્પોના પરાગના કણો દહીંના કણોનું અનુકરણ કરતા હતા."

કૂટજપુષ્પોની શ્વેતતા બતાવવા આ સુંદર શ્લોક ભવભૂતિએ રચ્યો છે, પણ સાથે યાદ રહે, વ્યાસજી પહેલાં વાલ્મીકિએ પણ 'રામાયણ'માં કૂટજની યોગ્ય પ્રશંસા કરી છે. વ્યાસજીની લેખિનીમાં બળ અને ઉપમાસામર્થ્ય મનોરમ્ય રીતે વ્યક્ત થાય છે.

હવે 'મહાભારત'કાર પૌરાણિક કથાના આશ્રયે દ્વંદ્વયુદ્ધ વર્ણવે છે.

"પૂર્વકાળમાં જંભાસુર અને ઇન્દ્રનું યુદ્ધ જેવું જામ્યું હતું તેવું વિચિત્ર અને ભયાનક યુદ્ધ દુર્યોધન પુત્ર શ્રુતર્વા અને ભીમ વચ્ચે જામ્યું. બંનેનાં યમદંડ જેવાં સીધાં વછૂટતાં બાણોથી ધરતી ને આકાશ ઢંકાઈ ગયાં. શ્રુતર્વાની બાણવર્ષાથી પર્વની તિથિમાં મહાસાગર ખળભળે, તેમ ભીમસેન ક્રોધથી ખળભળી ઊઠ્યો."

મહાવિનાશ વેરતા ભીમસેન અને સહદેવના બાણોથી છવાયેલી કૌરવસેના અંધકારથી આકાશ જેવી વ્યાપ્ત થઈ ગઈ અને આખી રણભૂમિ હણાયેલા

યોદ્ધાઓ, અશ્વો, તૂટેલા પ્રાસો વગેરેથી છવાયેલી હોવાથી ''રંગબેરંગી ફૂલોથી છવાયેલી વનભૂમિ જેવી શોભતી હતી.''

બિહામણા ને ભયજનક વાતાવરણ માટે પણ કેટલી મનોરમ્ય આલંકારિક ભાષા !

''જેની આંખો અવળી થઈ ગઈ હતી અને ક્રોધથી જેઓ હોઠ ભીંસી રહ્યા હતા તેવા યોદ્ધાઓનાં કમળપરાગ જેવાં સોનેરી કુંડળોવાળાં મુખોથી રણભૂમિ છવાયેલી હતી.''

ભયંકર દશ્યોમાં પણ કવિરાજને સૌંદર્ય દેખાય છે. વ્યાસજીને પ્રકૃતિ આરાધ્ય છે. વ્યાસજી પરંપરાવાદી હોવાથી ભારતવર્ષની પૌરાણિક કથાઓમાં જે કાંઈ વિસ્મયજનક, અગમ્ય અને પવિત્ર છે, શ્રેષ્ઠ છે, પૂજનીય ને આદરણીય છે તે તપોવન સાથે સંકળાયેલું છે. ઉન્નતિ કે અવનતિ કોઈ પણ પરિસ્થિતિમાં ભારતવર્ષે તપોવનની વિસ્મૃતિ નથી કરી. વન, ઉપવન, ઉદ્યાન આર્યસંસ્કૃતિનો પ્રાણ છે, જે ક્યારેય અળગાં થઈ શકે નહીં.

વ્યાસજી તથા તેમના પછીના સંસ્કૃત કવિઓએ તપોવનના સૌંદર્યને અને પ્રકૃતિની શોભાને ક્યારેય વિસારે નથી પાડ્યાં.

જુઓ ને, મહાકવિ કાલિદાસનું 'શાકુંતલ' વનના શોભાવર્ણનથી નાટ્યપડદો ઉઘાડે છે. 'રઘુવંશ'માં દિલીપ અને સુદક્ષિણા વસિષ્ઠ આશ્રમ તરફ જતાં રસ્તામાં ગોવાળિયાઓને માર્ગ પરનાં વૃક્ષો વિશે પૂછીને માહિતી મેળવે છે. ('રઘુવંશ', સર્ગ ૧/૪૫)

ચાલો, યુદ્ધ તરફ પાછાં વળીએ. શકુનિનો વધ કરવાનું પોતાને ભાગે આવતું કામ યાદ કરી સહદેવ સોનેમઢેલા રથમાં બેસી તેની સામે ધસી ગયો અને તીક્ષ્ણ ધાર કાઢેલાં બાણો મારીને તેને પીડવા લાગ્યો, જેમ મહાવત અંકુશથી હાથીને પીડે તેમ. સહદેવે ત્રાડ પાડી : ''જેમ લાકડી વીંઝીને ઝાડ પરથી ફળ પાડીએ, તેમ હું 'ક્ષુરપ્ર' ફેંકીને તારું માથું પાડી તને મારી નાખીશ.'' અને પછી...

જેનું મસ્તક કપાયું હતું તેવા લોહીથી ખરડાયેલ અંગોવાળા શકુનિને ભૂમિ પર પડેલો જોઈ, સુકાયેલાં મુખવાળા, ભાન ભૂલેલા, ગાંડીવના ધ્વનિથી ભયભીત એવા કૌરવયોદ્ધાઓ મન ફાવે ત્યાં ભાગવા લાગ્યા.

સાથીઓના મહાસંહારક વિનાશથી દુર્યોધન હતોત્સાહ અને નિરાશ થઈ જાય છે. સ્વબળના સંશય પર દષ્ટિ કરતો દુર્યોધન પણ એક વખત તો ભાગે જ છે.

बलक्षयं तथा दृष्ट्वा स एकः पृथिवीपतिः ।
हतं स्वह्यमुत्सृज्य प्राङ्मुखः प्राद्रवद् भयात् ।।

स एकः पृथिवीपति - પૃથ્વીનો પતિ અને એકલો ! કવિનું આ બહુ કરુણ નિરીક્ષણ અને વિધાન છે. પૃથિવીપતિ પોતાને એકલો જુએ છે અને પોતાના મૃત અશ્વને ત્યાં જ છોડીને ભયનો માર્યો યુદ્ધભૂમિ છોડીને પલાયન થઈ જાય છે.

ધરામાં સંતાયેલા દુર્યોધનને બહાર આવીને દ્વંદ્વયુદ્ધ કરવા યુધિષ્ઠિર કટાક્ષયુક્ત વાણીમાં આહ્‌વાન આપે છે ત્યારે પહેલાં તો દુર્યોધન કહે છે :

"જેના વીર ક્ષત્રિયો નાશ પામ્યા છે, એવી નરરત્નો વિનાની વિધવા સ્ત્રી સમાન, શ્રીહીન પૃથ્વીને ભોગવવા હું ઇચ્છતો નથી."

क्षीणरत्नां च पृथिवीं हतक्षत्रियपुंगवाम् ।
नाभ्युत्सहाम्यहं भोक्तु विधवामिव योषितम् ।।

દુર્યોધનનું આ મિથ્યાભિમાન કે દંભ કે ક્ષણિક ટકતો સ્મશાનવૈરાગ્ય ?

પણ પાછો નાગ ફૂંફાડો ન ભૂલે તેમ દુર્યોધન કહે છે : "જેવી રીતે સંવત્સર આવનારી સર્વ ઋતુઓને ક્રમશઃ સ્વીકારે, તેમ જળમાંથી ઊભો થઈને હું યુદ્ધમાં તમારી સામે લડીશ."

વળી પડકારે છે :

"જેમ રાત્રિ પૂરી થાય ત્યારે સૂર્યદેવ સર્વ નક્ષત્રોનું તેજ નષ્ટ કરી દે છે તે રીતે, હે પાંડવો ! હું શસ્ત્રહીન અને રથવિહીન છું, તોપણ શસ્ત્રધારી અને રથવાળા એવાં તમારું તેજ હરી લઈશ. તમે ધીરજ રાખો."

છે ને ખુમારી ? ક્ષત્રિયવટ ક્યાં ઓછી છે ? ક્ષત્રિયધર્મની સૂઝ પણ કેટલી ઊંડી છે ! પાછી પાની કરવી, પારોઠનાં પગલાં ભરવાં એ ક્ષત્રિયને શોભે ખરું ?

"દરમાં રહેલો મહાનાગ ફૂંફાડા મારે તેમ" નરશાર્દૂલ પાણીની અંદર રહીને ફૂંફાડા મારવા લાગ્યો. "જેમ જાતવાન અશ્વ ચાબુકના પ્રહારને સહન ન કરે તેમ" એ બુદ્ધિમાન દુર્યોધન વાણીના વીંઝાતા ચાબખા સહન કરી ન શક્યો.

અને પછી જળને ખળભળાવતો, ફણાધરની જેમ ફૂંફાડા મારતો દુર્યોધન પાણીના ધરામાંથી બહાર આવ્યો ત્યારે પણ દુર્યોધનનું વ્યક્તિત્વ કેવું વીરત્વભર્યું લાગતું હતું !

"હાથમાં ગદા ધારણ કરવાથી તે શિખરવાળા પર્વત જેવો દેખાતો હતો - પ્રજા પર ક્રોધે ભરાયેલા ત્રિશૂળધારી શિવ જેવો, તપતા સૂર્ય જેવો, યમદંડ ધારણ કરેલા યમરાજ જેવો." કેટકેટલી રીતે આ વીર યોદ્ધાને નવાજવો ! બુદ્ધિ દુષ્ટ હોવી એ એક વાત છે, પણ વીરત્વ હોવું એ નોખી જ બાબત છે.

લોહીથી ખરડાયેલો હોવાથી જ્યારે દુર્યોધન જળમાંથી બહાર આવ્યો ત્યારે તેનું શરીર જળનીતરતું હોવાથી તે 'જળધારા વહાવતા પર્વત' જેવું દેખાતું હતું.

અન્ય પ્રેક્ષકોની વાત જવા દઈએ, પણ પાંડવોને તે કેવો દેખાતો હતો ? "જીવને બાંધવા માટે તૈયાર થયેલા યમકિંકરોની સાથે જાણે સાક્ષાત્ યમરાજ ઊભા છે."

પરાક્રમી દુર્યોધન ગદાયુદ્ધ માટે પાંડવોને લલકારવા લાગ્યો. ગદાયુદ્ધ માટે થનગનતા ભીમને તે ચોપડાવે છે : "શરદઋતુનાં જળ વિનાનાં વાદળાંની જેમ તું ખોટી ગર્જના કર મા. જો તારામાં બળ હોય તો તું આજે એ બળ મારી સામે બતાવ."

"એકસાથે ઊગેલા સૂર્ય-ચંદ્ર જેવા બંને યોદ્ધા ગદાયુદ્ધના કૂંડાળામાં આવી ઊભા." પ્રલયકાળે ઊગેલા બે સૂર્ય જેવા બંને મહાબલી કુરુશ્રેષ્ઠો સૂર્યકિરણોથી ચમકતા હોય તેવા દેખાતા હતા. બંને શૂરવીરો, બે વાઘ જેવા ગર્જના કરતા જલધર મેઘ જેવા, ત્રાડ નાખતા કેસરી સિંહ જેવા, ભડભડ બળતી અગ્નિજ્વાળા જેવા, શિખરવાળા બે પર્વત જેવા, હણહણતા જાતવાન અશ્વો જેવા, ચિંઘાડતા ગજરાજ જેવા, બળથી મદોન્મત્ત બનેલા દૈત્યો જેવા દેખાતા આક્રમણ કરવા તત્પર થઈ ઊભા હતા."

બંને પરાક્રમી યોદ્ધાઓનું ખુમારીભર્યું વ્યક્તિત્વ વર્ણવી વ્યાસજી બંનેને સમાનભાવે વધાવે છે.

આ દર્શનીય દ્વંદ્વયુદ્ધ નિહાળવા સમસ્ત રાજમંડળ ત્યાં બેસી ગયું. જાણે "નભોમંડળમાં રવિમંડળ". અને આ રાજમંડળની મધ્યમાં સ્થાન ગ્રહણ કરી રહેલા શ્વેત કાન્તિવાળા, નીલાંબરધારી બલરામ "રાત્રિએ નક્ષત્રોથી વીંટળાયેલ પૂનમનો પૂર્ણ ચંદ્ર શોભે તેમ શોભતા હતા."

કુરુક્ષેત્રના એ સમંતપંચકક્ષેત્રમાં દુર્યોધન અને ભીમનું ગદાયુદ્ધ આરંભાયું ત્યારે પ્રકૃતિની પ્રતિક્રિયા કેવી હતી ? પરમ વીર્યવાન દુર્યોધને આખલાની પેઠે હર્ષનાદ કરીને, મેઘગર્જના જેવા સિંહનાદ સાથે ભીમસેનને યુદ્ધનું આહ્વાન

આપ્યું ત્યારે "ગગનમાં ગડગડાટ સાથે તોફાની વાયુ વહેવા લાગ્યો. ધૂળની વૃષ્ટિ થવાથી દિશાઓ અંધકારથી છવાઈ ગઈ. અતિ પ્રચંડ શબ્દ કરનારા, તુમુલ સુસવાટા કરતા પવનો છૂટી નીકળ્યા, આકાશ ફાડી નાખે તેવા કડાકા કરતી સેંકડો ઉલ્કાઓ પૃથ્વી પર પડવા લાગી, અનેક આકારનાં મૃગો દશે દિશામાં નાસી જતાં દેખાયાં. પ્રદીપ્ત મુખોવાળાં, ઘોર દેખાવનાં, મહા દારુણ શિયાળો દીર્ઘસ્વરે રુદન કરવા લાગ્યાં. સળગી ઊઠેલી દિશામાં અશુભસૂચક મૃગો દેખાવા લાગ્યાં. જળાશયોનાં જળ આપોઆપ વૃદ્ધિ પામીને ઊછળવા લાગ્યાં અને કોઈ શરીરધારીએ નહીં કરેલા મહાપ્રચંડ શબ્દો સંભળાવા લાગ્યા. પાંડવોના હાથીઓ ચિંઘાડવા લાગ્યા અને તેમનાં શસ્ત્રો ચમકવા લાગ્યાં." શુકનશાસ્ત્ર વ્યક્ત કરી વ્યાસજી ભવિષ્ય તરફ સંકેત આપે છે કે શું ?

"શરદઋતુમાં મદોન્મત્ત થયેલા બે ગજરાજો હાથણીનો સમાગમ કરવા એકબીજા સાથે આથડે, તેમ આ બંને મદાંધ યોદ્ધાઓ એકબીજા પર પ્રહારપૂર્વક ધસી જવા લાગ્યા."

ભીષણ યુદ્ધવર્ણનમાં પણ કવિ શૃંગારરસ વણી શકે છે !

બંને મહાબલીઓનું દ્વંદ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે "આકાશ આગિયાના ઝુંડથી ચમકતું હોય તેવું શોભી રહ્યું હતું" અને "લોહીથી લથબથ થયેલાં અંગોવાળા તે બંને વીરો હિમાલય પર ફૂલોથી ખીલી ઊઠેલા બે કેસૂડાનાં વૃક્ષો જેવા શોભતા હતા." કિંશુકોનાં લાલચટક ફૂલોની ઉપમાથી લોહી-નીંગળતા ભીષણ દૃશ્યનો હૂબહૂ ખ્યાલ કરાવતા વ્યાસજી વનરાજિને વીસરતા નથી.

ભીમના ગદાપ્રહારથી "મહાવનમાં વાયુના વેગથી ઝંઝેડાઈને કંપી ઊઠેલ, ખીલેલું સાલવૃક્ષ ઢળી પડે" તેવી રીતે અત્યાર સુધી ફૂંફાડા મારતા નાગરાજ જેવો દુર્યોધન પહેલાં તો ઢળી પડ્યો, પણ પછી પાછો પાણીના ધરામાંથી ગજરાજ ઊભો થાય એમ ઊભો થયો અને કૌશિક(ઘુવડ)ના જેવી યુદ્ધરીતિઓ અજમાવતો દુર્યોધન તાલીમબદ્ધ યોદ્ધાની જેમ ભીમસેનના ગદાપ્રહારો ચુકાવી દેવા લાગ્યો.

તો સામે ભીમસેન દુર્યોધનને ભુલાવામાં નાખીને 'યમક' તેમ જ જમણા, ડાબા અને 'ગૌમૂત્ર' નામના ગોળાકાર દાવમાં ઘૂમવા લાગ્યો. (બળદ ચાલતાં-ચાલતાં મૂત્ર કરે ત્યારે મૂત્રનો જે પ્રકારે આકાર થાય તેવી ઘૂમવાની રીત.)

અગરુ-ચંદનના લેપથી ખરડાયેલી ભયાનક ગદાઓ ઘુમાવતા, ક્રોધે ભરાયેલા યમરાજ જેવા, વેરનો અંત લાવવા તત્પર, સર્પનું માંસ ખાવાની ઇચ્છાથી લડતાં બે ગરુડો જેવા, કાદવ ખૂંદતા બે પાડાઓની જેમ બંને ઘાવ-પ્રતિઘાવ કરતા હતા.

દુર્યોધન પૃથ્વી પર પડ્યો. "કુદરતમાં અસંખ્ય અમંગલકારી નિશાની વર્તાવા લાગી. ફરીથી કડાકાભડાકા સાથે વાયુ વાવા માંડ્યો, ધૂળની વૃષ્ટિ થવા લાગી, વૃક્ષો અને ગિરિમાળા સહિત પૃથ્વી કંપી ઊઠી, ઘોર વીજળીઓ પડવા લાગી, મેઘ લોહીનો વરસાદ વરસાવવા લાગ્યો. અંતરીક્ષમાં યક્ષો, રાક્ષસો તથા પિશાચોની ગર્જનાઓ સંભળાવા લાગી. અનેક હાથપગવાળાં ઘોર દેખાવનાં ભયંકર ધડો નૃત્ય કરવા લાગ્યાં. ધરાઓ તથા કૂવાઓમાંથી પાણીને બદલે લોહી નીકળવા લાગ્યું. નદીઓ ઊલટા પ્રવાહે વહેવા લાગી, સ્ત્રીઓ પુરુષરુપ તથા પુરુષો સ્ત્રીરૂપ દેખાવા લાગ્યાં."

વ્યાસજીએ તો અતિશયોક્તિ અલંકારની ઝડી વરસાવી છે, પરંતુ ઋષિ અને આર્ષદ્રષ્ટા સાથે તેઓ સંવેદનશીલ કુટુંબપ્રેમી હતા. આવનાર સમયને ઓળખી જનારા વ્યાસજીને અમંગલ આગાહીઓ ઓળખાઈ ગઈ હશે એટલું ચોક્કસ.

ભીમે દુર્યોધનને ધરતી પર ઢાળ્યો ત્યારે ભીમસેન યુદ્ધશ્રમિત હોવાથી ફણાધરની જેમ ફૂંફાડા મારતો શ્વાસના સુસવાટા બોલાવતો હતો. અત્યંત ક્રોધ, આવેશ અને આક્રોશને લીધે અનેક કઠોર વચનો કહેતાં-કહેતાં તેણે પોતાના ડાબા પગથી સિંહ જેવા રાજા દુર્યોધનને શિરે ઠોકર મારી અને પછી પગથી મસ્તક રગદોળ્યું.

સોમકોમાં જેઓ શ્રેષ્ઠ ધાર્મિક હતા તેઓએ ભીમસેનના આ કૃત્યને અત્યંત વખોડ્યું, પરંતુ પાંડવો અને પુરુષશ્રેષ્ઠ પાંચાલો પ્રસન્ન થઈ તેને બિરદાવતા હતા.

આપણને પણ પ્રશ્ન થાય જ કે ભીમે જે કર્યું તે સારું કર્યું ? વેર ભલે ગમે તેટલું હોય, પણ આવું અધમ કૃત્ય કરાય ? 'મહાભારત'કાર પાસે ઉત્તર હાજર છે. વ્યાસજી તો શ્રીકૃષ્ણ-સમર્પિત છે, તેથી ધર્મ-અધર્મના વિવાદમાં શ્રીકૃષ્ણ દ્વારા જ ઉકેલ લાવવાનું તેમને ઉચિત લાગે છે.

મધુસૂદન શ્રીકૃષ્ણ કહે છે :

"જે શત્રુનો એક વાર વધ થયો હોય તેનો આ રીતે બીજી વાર વધ કરવો યોગ્ય નથી. વારંવાર ઉગ્ર અને કટુ વાણી દ્વારા આ મંદબુદ્ધિ દુર્યોધનને તમે ફરી વાર હણી રહ્યા છો."

પછી શ્રીકૃષ્ણ બિલકુલ સુયોગ્ય વિધાન કરે છે :

"લાકડા જેવા જડ બની ગયેલા એને વાણી દ્વારા વધુ ઘાયલ કરવાથી શો લાભ ?"

શ્રીકૃષ્ણનાં આ ક્ષમાશીલ વચનોથી દુર્યોધનને ખરું જોતાં તો શરમ, સંકોચ, ક્ષોભ થવાં જોઈતાં હતાં, પરંતુ તેના બદલે તે ભૂમિ પર હાથ પછાડતો, દાંત પીસતો, મદોન્મત્ત ગજરાજ જેવો, પોતાના વાળનાં જુલ્ફાં હલાવતો, પૂંછડી દબાવાથી ક્રોધે ભરાતા ઊંચા થઈ ફૂંફાડા મારતા ફણાધર જેવો ભયાનક બન્યો.

ગદાયુદ્ધમાં શાસ્ત્રવિરુદ્ધ પ્રહાર કરી ભીમે દુર્યોધનને ભૂમિ પર પછાડ્યો તે જોઈને બલવાન બળરામને ભારે ક્રોધ ચડ્યો અને હળ ઉપાડી ભીમ સામે દોડ્યા. કાળઝાળ થતા બલરામ ત્યારે કેવા લાગતા હતા ?

''જાણે ધાતુઓથી સુંદર લાગતો શ્વેત મહાગિરિ હિમાલય ન હોય !'' પરંતુ વિનયી અને વિનમ્ર શ્રીકૃષ્ણે પોતાના માંસલ અને ગોળાકાર બાહુઓથી બલરામને રોકી લીધા.

યદુકુળના બે શ્રેષ્ઠ મહાપુરુષો - એક શ્યામ અને બીજા શ્વેત. બંને ભાઈઓ ''સંધ્યાસમયે નભોમંડળમાં સૂર્યચંદ્ર શોભે તેમ શોભતા હતા.''

વ્યાસજીએ કેવાં સુંદર વિશેષણથી 'વિનયી વિનમ્ર' કૃષ્ણને નવાજ્યા છે ! અને સૂર્યચંદ્રની ઉપમા પ્રયોજી આપણાં મનશ્ચક્ષુ સામે તે ભંને ભાઈઓને જાણે ખડા કરી દીધા છે.

મરણ ભલે ઢૂંકડું દેખાતું હોય, પણ દુર્યોધન સ્વમાની છે; પશ્ચાત્તાપ તેના સ્વભાવમાં નથી, પોતે જે જીવ્યો, જેવું જીવ્યો અને જેટલું જીવશે તેનાથી તેને તો સંતોષ જ છે અને તેથી કહે છે : ''મેં વિધિવત્ અધ્યયન કર્યું છે, દાન દીધું છે, પૃથ્વી પર શાસન કર્યું છે, રાજાઓને દુર્લભ હોય એવા દેવ-તુલ્ય ભોગો ભોગવ્યા છે અને અનુપમ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે. હવે સ્વધર્મનું પાલન કરનાર વીર ક્ષત્રિયે સ્વીકારેલું મનગમતું અને અનોખું મૃત્યુ પણ મને મળ્યું છે. મારા જેવો ઉત્તમ અંત બીજા કોનો હોય ?''

શૂરવીર અને તનમનથી અતિ દૃઢ અને બળવાન પુરુષના મુખમાં શોભે તેવાં જ વાક્યો દુર્યોધનના મુખમાં શોભે છે ને ?

દુર્યોધન તો આ મહાસંહાર, પોતાના પક્ષના પ્રમુખ યોદ્ધાઓના મૃત્યુ પાછળ પાંડવોનું બાહુબળ નહીં, પણ શ્રીકૃષ્ણનો જ દોરીસંચાર જુએ છે, તેમને જ જવાબદાર ગણે છે, તેથી તે જીવનની છેલ્લી ક્ષણોમાં શ્રીકૃષ્ણ અને પાંડવોને ઠપકો આપતાં કહે છે :

"હે અચ્યુત ! મારા મિત્રો અને બંધુઓ સાથે હું તો આ સ્વર્ગલોકમાં ચાલ્યો. તમારા સંકલ્પો પૂરા ન થવાથી શોક કરતાં-કરતાં તમે હવે જીવન વિતાવો !"

ससुहृत् सानुबन्धश्च स्वर्गं गन्ताहमच्युत ।
यूयं विहतसंकल्पाः शोचन्तो वर्तयिष्यय ।।

ગમે કે ન ગમે, પરંતુ આપણે પણ આ બાબતે સંમતિ આપવી જ પડશે. જોકે વ્યાસજી પણ દુર્યોધનનાં જીવન અને વચનને બિરદાવે તો છે જ.

"પવિત્ર સુગંધવાળાં પુષ્પોની ભારે વૃષ્ટિ થવા લાગી. ગંધર્વો વાજિંત્રો વગાડવા લાગ્યા. અપ્સરાઓ ગીતો ગાવા લાગી. સિદ્ધો 'ખૂબ સરસ ! ખૂબ સરસ !' એવાં વચનો ઉચ્ચારવા લાગ્યા. પવિત્ર સુવાસભર્યો આનંદદાયક વાયુ વહેવા લાગ્યો અને વૈદૂર્યમણિ જેવું નીલ અને નિર્મળ નભોમંડળ શોભવા લાગ્યું."

આવાં અપૂર્વ દશ્યો વડે જાણે દુર્યોધનની પૂજા થતી હોય તે જોઈ શ્રીકૃષ્ણ વગેરે પ્રમુખ પુરુષો શરમિંદા બન્યા. ભીષ્મ, દ્રોણ, કર્ણ, ભૂરિશ્રવા વગેરેને અન્યાય અને અધર્મથી હણ્યા છે તેવું સાંભળી તેઓ શોકસંતપ્ત થઈ અફસોસ કરવા લાગ્યા.

'મહાભારત'કારની તટસ્થતા પણ બિરદાવવા યોગ્ય જ.

'ભગવદ્ગીતા'માં વર્ણવેલાં દૈવી સંપત્તિનાં લક્ષણોમાં પ્રથમ લક્ષણ એવું 'અભય' દુર્યોધનમાં ભરપૂર છે. નિર્ભયતા એના લોહીમાં જ ભળેલી છે, પરંતુ અભાવ હતો સત્ત્વસંશુદ્ધિનો. વેરભાવ ઉપર વિજય મેળવવામાં તે નાકામિયાબ નીવડ્યો. દુર્યોધન યુદ્ધ ધર્મથી કરે છે, પણ જીવન અધર્મથી જીવ્યો છે. દુર્યોધન દુષ્ટ હતો, પણ સદ્ગુણશૂન્ય ન હતો.

'મહાભારત'માં દુર્યોધનને સુયોધન પણ કહ્યો જ છે ને ? દુર્યોધન કાંઈ તદ્દન નકામો માણસ ન હતો.

આ વાત સમજવી હોય તો ભારવિનું નાટક 'કિરાતાર્જુનીયમ્' વાંચવું પડે. ભારવિએ કહ્યું છે કે દુર્યોધન હંમેશાં અહંકાર વિના પોતાના કપટરહિત - નિમકહલાલ સેવકોને પ્રીતિપાત્ર મિત્રો સમાન જ ગણતો હતો. વળી મિત્રોને પણ તે પોતાના સગા ભાઈ જેવો જ ગણે છે. કર્ણનું ઉદાહરણ ક્યાં નથી ? આપણને ભલે દુર્યોધન ખૂબ અભિમાની, તોછડો ને કટુભાષી લાગતો, પણ દુર્યોધન સફળ શાસક પણ હતો, એ કયા ગુણોના કારણે ?

વાયુમંડળમાં ઘૂમતા બંદીજનો પાસેથી દુર્યોધન હણાયાના સમાચાર સાંભળી

ગદા, તોમર, શક્તિ તથા તીક્ષ્ણ બાણોથી ઘવાયેલા હોવા છતાં અશ્વત્થામા, કૃપાચાર્ય ને કૃતવર્મા અશ્વો પર બેસીને દુર્યોધન પાસે આવી ઊભા ત્યારે "ત્રણ અગ્નિઓથી આવૃત વેદી શોભે તેમ લોહીનીતરતા, નિસાસા નાખતા તે ત્રણ મહારથીઓથી ઘેરાઈને તે રાજા શોભતો હતો."

"જંગલમાં શિકારીએ વીંધી નાખેલ ગજરાજ તરફડતો હોય, આકાશમાંથી આપમેળે સૂર્યચક્ર નીચે પડ્યું હોય તેવો તેજસ્વી છતાં ઝંઝાવાતી વાયુથી સુકાઈ ગયેલા સાગર જેવો, નભોમંડળમાં હિમથી આચ્છાદિત પૂર્ણ ચંદ્ર જેવો ઝાંખો" દુર્યોધન કેટલો બધો પ્રતિભાશાળી હશે ?

વ્યાસજી પણ દુર્યોધનને વખાણતાં થાકતા નથી.

હવે જુઓ સંસારની વાસ્તવિકતા !

"ધૂળથી ખરડાયેલો, પ્રલંબ ભુજાઓવાળો, મદોન્મત્ત ગજરાજ જેવી શક્તિવાળો દુર્યોધન ચારેય બાજુથી માંસભક્ષી પ્રાણીઓ, પક્ષીઓ અને ભૂતગણોથી ઘેરાયેલો પડ્યો હતો", કેમ જાણે ઉત્તમ રાજવી ધનના લોભી પરિજનોથી ઘેરાયેલો હોય !

કાળની ગતિને કોણ જાણી શકે ? જેના મસ્તક પર અભિષેક થતો હોય તેવા રાજાઓના પણ અગ્રણી એવા દુર્યોધનના મુખમાં તણખલાં સાથેની ધૂળ પડી છે. સમયનું આ જ તો પરિવર્તન !

"હે મહારાજ ! સર્વોત્તમ ભૂપતિ ! આપનું એ શિરછત્ર ક્યાં ગયું ? ક્યાં ગયા એ વીંજણા ? ક્યાં ગઈ આપની વિશાળ સેના ? કાર્ય-કારણની વચ્ચે જે ગતિ છે તે સમજવી ખરેખર દુષ્કર છે. ખરેખર મનુષ્યમાત્રમાં લક્ષ્મી અસ્થિર છે."

અશ્વત્થામાનો વિલાપ ચાલુ છે. તે વિચાર કરતાં કહે છે : "હે પુરુષશ્રેષ્ઠ ! હું તમારો શોક નથી કરતો, પરંતુ જેમના બધા જ પુત્રો મરાયા છે તેવાં માતા ગાંધારી અને મહારાજ ધૃતરાષ્ટ્ર અંગે શોક કરું છું. હવે તેઓ ભિખારી જેવાં ગરીબડાં બનીને દુ:ખ ભોગવશે."

दुर्योधन न शोचामि
त्वामहं पुरुषर्षभ ।
हतपुत्रां न शोचामि
गान्धारीं पितरं च ते ।
भिक्षुकौ विचरिष्येते
शौचन्तौ पृथिवीमिमाम् ।।

હવે ઓછી જાણીતી વાત, જે મૂળ 'મહાભારત' વાંચીએ તો જ સમજમાં આવે.

અશ્વત્થામા હણાયેલા દુર્યોધન સામે વિલાપ કરતો ઊભો છે, પણ સાથે કબૂલાત કરે છે, પોતાનો સ્વાર્થ સધાયાનો વસવસો વ્યક્ત કરે છે :

"હે નરવ્યાઘ્ર ! તમારા પરાક્રમને કારણે કૃપાચાર્ય, પિતા દ્રોણાચાર્ય તથા મારાં ઘર નોકર-ચાકરથી તથા રત્નોથી સમૃદ્ધ થયાં છે."

कृपस्य तव वीर्येण मम चैव पितुश्च मे ।
सभृत्यानां नरव्याघ्र रत्नवन्ति गृहाणि च ।।

"હે દુર્યોધન ! તમારી કૃપાથી જ મિત્રો-બાંધવો સાથે અમે પુષ્કળ દક્ષિણાવાળા અનેક યજ્ઞો કર્યા અને સંપત્તિ મેળવી. હવે અમે આવો સાથ-સહકાર બીજે ક્યાંથી મેળવીશું ?"

છેવટે વાસ્તવિકતા સ્વીકારી અત્યંત દુઃખ સાથે તે બોલે છે : "અમે સ્વર્ગ અને અર્થથી વંચિત થઈને તમારાં સુકૃત્યોનું સ્મરણ કરતાં-કરતાં અહર્નિશ શોકાગ્નિમાં સળગીશું."

અશ્વત્થામાના વિલાપમાં દુર્યોધન માટે પ્રેમ, માન, આદર, આત્મીયતા, નિષ્ઠા ઉપરાંત કશુંક બીજું પણ છે ? અજાગૃતપણે કશું કહેવાયું છે ? હા, એવું લાગે છે. ભલે તે ગૌણ હશે, પણ છે તો ખરું. કોને કેટલી અગત્ય આપવી ?.

યુદ્ધસંગ્રામ શરૂ થતાં પહેલાં ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય - ત્રણેય જણે પોતાને 'અર્થસ્ય દાસઃ' જણાવેલા છે. અશ્વત્થામાના વિલાપમાં પણ આ જ વાત છે. જોકે અશ્વત્થામા વિશે આ બાબતનો ક્યાંય કોઈ ઉલ્લેખ મળતો નથી એ આશ્ચર્ય છે.

*

૫. સૌપ્તિકપર્વ :

સઘળા પાંચાલોને યમપુરીમાં મોકલી આપવાનું દુર્યોધનને વચન આપીને અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા ભાગતા-ભાગતા થોડે દૂરના વનમાં પહોંચ્યા. અનેક જળાશયો, પુષ્કળ પશુઓ અને વિવિધ વૃક્ષોથી ભરચક તે વનમાં તેમણે એક વિશાળ વડ જોયો.

उपेत्य तु तदा राजन् न्यग्रोधं ते महारथाः ।
दर्दशुर्द्विपदां श्रेष्ठाः श्रेष्ठं तं वै वनस्पतिम् ।।

"મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા તે મહારથીઓએ શ્રેષ્ઠ વનસ્પતિરૂપ વડના ઝાડનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું."

ત્રણેય યોદ્ધાઓ વડ નીચે બેસી યુદ્ધમાંના પરાજયને વાગોળતા નિસાસા નાખતા બેઠા. શ્રમિત અને વ્યથિત એવા કૃતવર્મા અને કૃપાચાર્ય તો ધરતી પર જ નિદ્રાધીન થઈ ગયા, પણ વેર લેવાની ભાવનાવાળા અશ્વત્થામાને નિદ્રા ન આવવાથી ચારેય બાજુ રહેલા કાગડાઓના માળાને તે જોયા કરતા હતો.

ત્યારે શરીરે કદાવર, વિશાળ આંખો, લાંબા નાકવાળો, મોટા નખવાળો, પિંગળો, ઘુવડ ભયંકર વેગથી આવ્યો અને વડમાંના માળાઓ પર તેણે આક્રમણ કર્યું.

અને એક જ ક્ષણમાં તે બલિષ્ઠ ઘુવડે અનેક કાગડાઓને મારી નાખ્યા તથા તે મૃત કાગડાઓનાં વિભિન્ન અંગોથી વડનું આખું ઝાડ વ્યાપ્ત થઈ ગયું.

રાત્રિના સમયે ઘુવડપક્ષીએ જે કપટકાર્ય કર્યું તે જોઈને અશ્વત્થામાએ ઘુવડના મનોભાવ પ્રમાણે સંકલ્પ કરી, એકલો વિચાર કરતો બેઠો.

વનસ્પતિ, પ્રાણી-પક્ષી વગેરે સાથે માનવીનો અતૂટ ગાઢ સંબંધ છે તે ઠસાવવા વેદકાળથી વન-ઉપવન-તપોવનનો આદર્શ રજૂ થતો જ આવ્યો છે, પરંતુ વ્યાસજીએ અત્યારે કેવી પલટી મારી છે ! કેવી કદરૂપી ઘટનાનો આકાર આપ્યો છે !

અશ્વત્થામા વિચારે છે : "આ પક્ષીએ શત્રુઓને મારવાની મને એક યુક્તિ બતાવી છે. નિષ્કપટ યુદ્ધ લડીને જય પામેલા પાંડવોને હું હણી શકું તેમ નથી. દુર્યોધન પાસે તેમને મારવાની પ્રતિજ્ઞા લીધી છે. જો લડીશ તો-તો મારું મોત નક્કી છે. કપટ કરીશ તો શત્રુક્ષય શક્ય બનશે. વિદ્વાનોનો મત છે કે સંશયભરેલા કામમાં પડવા કરતાં સંશય વિનાના કામમાં પડવું સારું. ક્ષત્રિયધર્મનો ચુસ્ત આગ્રહ રાખનારે પણ ક્યારેક લોકનિંદિત કામ કરવું પડે છે અને પાંડવોએ પણ નિંદિત કર્મો ક્યાં નથી કર્યાં ?

ન્યાયવેત્તાઓ પણ કહે છે કે થાકેલા, વીંખાઈ ગયેલા, જમતા, કૂચ કરતા, સેનાપતિ વિનાના, કુસંપથી બે ભાગમાં વહેંચાઈ ગયેલા, અર્ધરાત્રિએ ઊંઘી ગયેલા શત્રુઓ પર પ્રહાર કરવાથી વિજય મળે છે, માટે ઊંઘતા શત્રુને મારવા એ નિશ્ચય છે."

વળી "પ્રત્યેકને પોતાના વિચાર સારા જ લાગે છે. આરંભાયેલ તે કામમાં

ફતેહ મળે તો તે વ્યક્તિનાં લોકો વખાણ કરે છે અને ફતેહ ન મળે તો તેની નિંદા કરે છે.''

માણસની બુદ્ધિ અવસ્થા પ્રમાણે જુદીજુદી થાય છે. ઘુવડ અને કાગડાની ઘટના આમ તો તદ્દન સાધારણ અને પ્રાકૃતિક છે, છતાં અશ્વત્થામાએ તેમાંથી પાશવી પ્રેરણા મેળવી. વેર માનવીની વૃત્તિને ઉશ્કેરે છે. વેદના, વિલાપ અને વેર ત્રણેયને ગાઢ સંબંધ છે. અશ્વત્થામાના વેરને કવિએ માનવીય રંગે રંગ્યું છે.

અશ્વત્થામા જો થોડો પણ સ્વસ્થ, સમજદાર ને તટસ્થ હોત તો ઘુવડના કર્મને કુકર્મ માની તેનું અનુકરણ કરવાનો નિર્ણય ન કરત. આ ઘટનાને તેણે નજરઅંદાજ કરી હોત.

'મહાભારત'કાર કહે છે : ''ઘટના એક જ જાતની હોય, પરંતુ માનવી પોતાની રીતે તેમાંથી પ્રેરણા મેળવે છે. ક્યારેક તે કલ્યાણકારક નીવડે, ક્યારેક અકલ્યાણકારક.''

વ્યાસજીએ મનુષ્યના વ્યક્તિત્વને, લાગણીઓને અનેક રંગે રંગી બતાવ્યાં છે. સાથે તેઓ કહે છે કે જીવન હંમેશાં નિર્દયી નથી હોતું. રંગ બદલાય તે દરેક રંગને અપનાવવાનું ધૈર્ય હોવું જોઈએ. સામી વ્યક્તિને સમજવાની આ જ તો ચાવી છે. વ્યાસજી આ વાત આપણને દઢ કરાવે છે.

ત્યારબાદ બનેલી ક્રૂર, કરપીણ કતલનું વર્ણન વાંચવા જેવું છે.

નિદ્રાધીન પાંચાલોની રક્ષામાં રહેલા રુદ્ર સામે લડતી વખતે અશ્વત્થામાએ જાણે ઘરમાંથી સાપને બહાર કાઢ્યો હોય તેવી રીતે તલવાર બહાર કાઢી, જે તલવાર સોનાની મૂઠવાળી, દિવ્ય અને આકાશ જેવી નિર્મળ કાન્તિવાળી હતી.

તે રાત્રિએ પાંડવોના સૈનિકોએ છાવણીમાં કાળરાત્રિને ગાયન કરતી દીઠી.

પાંચાલોની કતલ ચાલતી હતી ત્યારે ફરસીથી કપાતાં જંગલવૃક્ષો જેવો ભીષણ અવાજ આવતો હતો.

કૌરવ-પાંડવોના પરસ્પર યુદ્ધને કારણે કાળથી મોહિત થયેલા જગતમાં માત્ર સ્ત્રીઓ જ જીવતી રહી.

દ્રૌપદીને પોતાના સઘળા ભાઈઓ તથા પુત્રોની કતલ થયાના ખેદજનક ખબર મળ્યા. ''પવનથી ધ્રૂજતી કેળની જેમ શોકથી ધ્રૂજતી અને ભેદાઈ ગયેલા હૃદયવાળી પીડિત દ્રૌપદી ધરતી પર ફસડાઈ પડી.'' મૂર્છિત થયેલી દ્રૌપદીને

મૂર્છા વળી એટલે તેને યુધિષ્ઠિર પાસે લાવ્યા ત્યારે "વિકસિત કમળપાંખડી જેવું તેનું મુખ રાહુથી ગ્રસ્ત ચંદ્રની જેમ એકાએક શોકથી મૂરઝાઈ ગયું."

અણચિંતવ્યો આવી પડ્યો આ દુર્દશા કરતો આઘાત. યુધિષ્ઠિર પણ અત્યંત વિલાપ કરતાં કહે છે : "શત્રુઓ હાર્યા છતાં જીત્યા અને અમે જીત્યા છતાંય હાર્યા. અમારો વિજય પરાજય જેવો જ થયો."

આ દુર્ઘટના અને તેના પરિણામે વ્યાપેલા નિર્વેદનું કારણ પણ યુધિષ્ઠિરે પોતે જ શોધી કાઢ્યું હોય તેમ તેઓ કહે છે :

"ભીષ્મ, દ્રોણ, કર્ણ અને શલ્યના સપાટામાંથી બચેલા અમે અમારી ગફલતને લીધે જ અચેત રહ્યા અને કપાઈ ગયા. અમારા પ્રમાદનું જ આ ફળ છે."

"ક્રોધસભર કર્ણ નરોમાં સિંહ જેવો, 'કર્ણિ' અને 'નાલિક' નામનાં બાણો તેની દાઢ, યુદ્ધમાં ઉઠાવેલી તલવાર તેની જીભ, ખેંચાયેલું ધનુષ્ય તેનું મુખ અને ધનુષ્યપ્રત્યંચાનો ટંકાર એ તેની ગર્જના હતી. યુદ્ધમાં ક્યારેય પીઠ ન બતાવનાર પુરુષસિંહના હાથથી બચ્યા તે બધા જ આખરે અસાવધાનીને કારણે જ નાશ પામ્યા છે."

પરાક્રમી કર્ણને યુધિષ્ઠિરનું આ અદ્ભુત પ્રમાણપત્ર કે પાંડવોના પ્રમાદના પરિપાકરૂપે નીકળેલા નિકંદનનો નિર્વેદ ?

"રથરૂપી ધરાવાળા, બાણવૃષ્ટિરૂપી તરંગોવાળા, રત્નોથી સુશોભિત વાહનયુક્ત, જેમાં 'શક્તિ' અને 'ઋષ્ટિ'રૂપ માછલીઓ હતી, ધનુષ્યના હલનચલનરૂપી ફીણ ઊછળતાં હતાં, સંગ્રામ જ ચંદ્રોદય બની જેનો વેગ વધારતો હતો એવા દ્રોણાચાર્ય જેમાં મહાસાગરરૂપ હતા, જેમની પ્રત્યંચા અને રથચક્રનો ઘરઘરાટ તે જ સાગરની ગર્જના હતાં એવા દ્રોણરૂપી સમુદ્રને નાનાંમોટાં શસ્ત્રોની નૌકા બનાવીને જે રાજકુમારોએ પાર કર્યો તે જ રાજપુત્રો બેદરકારીને કારણે છાવણીમાં માર્યા ગયા."

"ધૂમકેતુની જેમ ખૂબ ઊંચે ઊડી રહેલી ધજાવાળા, જેની બાણોરૂપી જ્વાલાઓ ક્રોધરૂપી પવનના સુસવાટાથી વધુ પ્રજ્વલિત થતી હતી, જેમાં કવચ પર પડતાં અનેક શસ્ત્રોનો હોમ થતો હતો. ધનુષ્યટંકાર અને રથનેમિના ઘરઘરાટથી ભભૂકી રહ્યો હતો એવા વિશાળ સેનારૂપી ઘાસની ગંજીને દાવાનળની જેમ સળગાવનાર ભીષ્મરૂપી દાવાનળને જે વીરોએ સહન કરી બતાવ્યો તે વીરો પ્રમાદને કારણે માર્યા ગયા."

"ઇન્દ્રિયનિગ્રહ, ત્યાગ અને અપ્રમાદ એ ત્રણ તો બ્રહ્મત્વને પામવાના અશ્વો છે." ઉપનિષદમાં મન, ઇન્દ્રિયો, રથ, રથી, અશ્વો, લગામ વગેરે શબ્દો અને અલંકારો અહીં યાદ આવ્યા વિના રહેતા નથી.

"ખરેખર, પ્રમાદથી વધીને આ સંસારમાં કોઈ મૃત્યુ નથી. પ્રમાદી જનને દ્રવ્ય છોડીને ચાલ્યું જાય છે તથા વગર બોલાવ્યે અનિષ્ટો દોડી આવે છે."

"પ્રમાદી મનુષ્ય વિદ્યા, તપ, શ્રી કે કીર્તિ મેળવી શકતો નથી. જુઓ, ઇન્દ્ર સાવધાન રહીને જ પોતાના શત્રુઓનો નાશ કરીને પછી જ સુખેથી સૂએ છે ને ?"

"ઇન્દ્ર જેવા પરાક્રમી આ રાજકુમારો - પુત્રો અને પૌત્રો કેવળ પ્રમાદને કારણે માર્યા ગયા. જેમ કોઈ શ્રેષ્ઠી આખો સમુદ્ર તરીને પાર કર્યા બાદ પ્રમાદથી નાની નદીમાં ડૂબી જાય, તેમ આ રાજકુમારો અસહનશીલ શત્રુઓ દ્વારા સુષુપ્ત અવસ્થામાં જ ગયા. નિશ્ચયપૂર્વક તેઓ સ્વર્ગમાં પહોંચી ગયા હશે."

વ્યાસજીની પ્રૌઢ-શૈલી-યુક્ત ભાષાસમૃદ્ધિ, ભાવાનુકૂળ દૃષ્ટાંત અને અલંકાર-વૈવિધ્ય સક્ષમ કવિની છબી ઉપસાવે છે. આદર્શો, ભાવના, લાગણી તથા ઊર્મિલ કલ્પનો પતંગિયાની જેમ ઊડાઊડ કરતાં અનુભવાય છે. વ્યાસજી ચિરંજીવ યશના અધિકારી છે જ.

*

૬. સ્ત્રીપર્વ :

મહાભારત યુદ્ધને અંતે ઉભયપક્ષની મળીને કુલ અઢાર અક્ષૌહિણી સેનાનો વિનાશ થઈ ચૂક્યો છે. ધરા નિર્જન બની ગઈ છે. શૂન્યાવકાશ છવાઈ ગયો છે.

રાજ્યનો નાશ, સુહૃદો તથા પુત્રોનો વિનાશ થવાથી સંતપ્ત થયેલો ધૃતરાષ્ટ્ર ડાળી કપાઈ ગયેલા વૃક્ષ જેવી સ્થિતિ પામ્યો છે.

સર્વના અંતિમ સંસ્કાર કરવાના સૂચનમાત્રથી "પવન કે વંટોળિયાથી ઝાડ તૂટી પડે" અથવા તો "જેની પાંખો કાપી નાખવામાં આવી છે તેવા પક્ષી જેવો ધૃતરાષ્ટ્ર" આ જીવન જીવવાથી હવે શો લાભ - એમ વિચારતો બેઠો છે. "ક્ષીણકાન્તિ સૂર્ય સમાન હવે ક્યાંય મારો પ્રતાપ દેખાશે નહીં" એવા વિચારથી વિષાદયુક્ત બનેલા ધૃતરાષ્ટ્રને નિર્વેદ વ્યાપી ગયો.

સંજય ટોણો મારવાનું ચૂકતો નથી. તે કહે છે : "જે સ્વયં અગ્નિ પ્રકટાવીને

પછી તેને પોતાના જ વસ્ત્રથી ઢાંકે તે મનુષ્ય આગ લાગતાં જ પોતે બળી મરે છે. તેને કોઈ 'પંડિત' કે 'સમજુ મનુષ્ય' કહેતું નથી.

કેટલું યથાર્થ દૃષ્ટાંત !

ધૃતરાષ્ટ્રે ધાર્યું હોત તો તે મહાસંગ્રામ નિવારી શક્યો હોત. આ બાબતે પણ સંજય કટાક્ષ કરતાં કહે છે :

"તમારા લોભરૂપી ઘૃતનું સિંચન કરીને, વચનરૂપી વાયુથી અર્જુનરૂપી અગ્નિને તમે સળગાવ્યો, હવે શોક કરવો નિરર્થક. તમારાં શોકપૂર્ણ અશ્રુઓ તમને આગના તણખાની માફક ભસ્મ કરી નાખશે."

સંજયના મુખમાં મુકાયેલી વ્યાસવાણી કેટલી તીખી છે ! ધૃતરાષ્ટ્ર અંદરથી તમતમી ગયો હશે ને ?

પરંતુ ઠરેલ સ્વભાવના વિદુર સાંત્વન આપે છે : "યુદ્ધમાં જે હણાય તે સ્વર્ગ પામે અને જે શત્રુને હણે તે વીરયશ મેળવે છે. ક્ષત્રિયો માટે બંને હિતકારક છે. યુદ્ધમાં નિષ્ફળતા હોતી જ નથી. યુદ્ધમાં મૃત્યુ પામેલાને ઇન્દ્ર મનોવાંછિત લોક આપે છે. વીરોને જેટલી સરળતાથી સ્વર્ગ મળે છે તેટલી સુગમતાથી પ્રચુર યજ્ઞો કરવાથી કે તપશ્ચર્યા કરવાથી કે વિદ્યા પ્રાપ્ત કરવાથી મળતું નથી."

સ-રસ ક્ષત્રિયધર્મ સમજાવતા વ્યાસજીની આજ્ઞાથી શ્રીકૃષ્ણ સહિત ધૃતરાષ્ટ્ર, પાંડવો તથા કૌરવકુળની સ્ત્રીઓ યુદ્ધભૂમિ પર ગયાં.

મહર્ષિ વેદવ્યાસના વરદાનથી દેવી ગાંધારીને દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય ગાન સંપન્ન થયાં. રૂંવાડાં ખડાં કરી દે તેવી રણભૂમિને જાણે પાસેથી જ જોતી હોય તેમ જોઈ ગાંધારી શોક કરવા લાગી.

ગાંધારીને રણભૂમિ કેવી ભયાનક અને જુગુપ્સાપ્રેરક દેખાઈ ? વર્ણન છે :

"હાડકાં, વાળ, ચરબી અને લોહીથી લથબથ, મલિન, મસ્તક વગરનાં ધડ, વેરવિખેર મસ્તકો, હાથી, અશ્વો અને નરવીરોના આક્રંદથી કલુષિત ભૂમિ ભયાનક લાગતી હતી. ઊડાઊડ કરતાં બગલા, કાગડા, ઘુવડ, ગીધ, કંકપક્ષીઓની ચીસો નરભક્ષી રાક્ષસોને આનંદ આપતી હતી. માંસાહારી પ્રાણીઓ, શિયાળો, બલ- પક્ષીઓ, ભૂત-પિશાચ અને બીજાં અનેક નિશાચર પ્રાણીઓ મૃત શરીરોની ઉજાણી કરતાં હતાં."

દુ:ખથી વ્યાકુળ ગાંધારી જાણે શોકથી સળગી ઊઠી. ઉગ્ર વાતાવરણ અને

મહાસંહાર નિહાળી ધર્મને જાણનાર સુબલપુત્રી ગાંધારી પુરુષોત્તમ શ્રીકૃષ્ણને સંબોધી કહેવા લાગી :

"અમારા પુત્રોની વિધવાઓ પોતાના કેશ ખેંચતી ટીટોડીની જેમ કકળી રહી છે ! સ્ત્રીઓ પોતપોતાના પતિ, પિતા, પુત્રને શોધતી દોડી રહી છે !"

'મહાભારત'કાર હૈયાફાટ રુદન કરતી, ધરતી પર પટકાતી વ્યાકુળ સ્ત્રીઓનું વર્ણન કરે છે. અત્યંત વ્યથિત ગાંધારી જનાર્દન પાસે હૈયાની વેદના ઠાલવે છે. યુદ્ધહાનિનું હૃદયદ્રાવક વર્ણન કરતાં તે કહે છે :

"મૃત્યુ પામ્યા પછી પણ હજુ બળતા અગ્નિ જેવા પ્રકાશિત ભીષ્મ, કર્ણ, અભિમન્યુ, દ્રોણાચાર્ય, દ્રુપદ, શલ્ય વગેરેથી રણાંગણ શોભી રહ્યું છે. હે મહાબાહો ! હજી ગઈ કાલે જે મહાવીરો ઝનૂનથી એકબીજાને હણવા તત્પર હતા તેઓ આજે એકબીજાની પડખે ઢળી પડ્યા છે, જાણે કોઈ વિરોધ જ ન હતો !"

ખરેખર મૃત્યુ પછી બધાં જ વેરઝેરનો અંત આવે છે.

"સુંદર રૂપરંગવાળા, બલિષ્ઠ, યુદ્ધમાં અવધ્ય, કંઠે લીલા હાર ધારણ કરેલા જે યશસ્વી વીરો અગાઉ અગરુ-ચંદનના લેપ કરી, મહામૂલ્યવાન પલંગોમાં કોમળ-સ્વચ્છ શય્યા પર પોઢતા હતા તેઓ આજે ખુલ્લી ધરતી પર સૂતા છે."

હૈયાસોંસરવો ઊતરી જાય તેવો હાયકારો કાઢતાં ગાંધારી કહે છે :

"સમયસમય પર સ્તુતિ કરનારા ભાટ-ચારણો જેમને સ્તુતિવચનોથી આનંદ આપતા હતા તે જ વીરો આજે શિયાળોની ભેંકાર લાળી સાંભળતા સૂતા છે. માંસાહારી પ્રાણીઓ અને પક્ષીઓ વીરોના મૃતદેહની ખેંચતાણ કરી રણભૂમિને વધુ ભયંકર બનાવે છે.

ચંદ્રાકાર ચિહ્નોથી વિભૂષિત ઢાલો, સૂર્ય જેવી તેજસ્વી ધજાઓ, સોનાનાં કવચો, સોનાના કંઠા, મૂલ્યવાન હારો તથા માથાના રક્ષણાર્થે વપરાતી કિંમતી પાઘડીઓ એ સૌ ઘીની આહુતિ અપાતાં તેજસ્વી બનેલ અગ્નિની જેમ દેદીપ્યમાન દેખાય છે."

દિવ્ય દૃષ્ટિ પામીને ગાંધારીને વેરાયેલી સંપત્તિની ઝાકમઝોળે આકર્ષી કે શું ?

ગાંધારી હણાયેલા વીરપુરુષોના મૃતદેહ પાસે જઈને હૈયાફાટ રુદન કરે છે. પ્રત્યેક મહાવીરનાં દેખાવ, પરાક્રમ, શક્તિ, ગુણો તથા વૈભવ યાદ કરીને મધુસૂદન પાસે તે આક્રોશ ઠાલવે છે.

આ વર્ણનોમાં જાણે વ્યાસજીની પ્રશિષ્ટ સાહિત્યમંદાકિનીનો પ્રવાહ વહેતો રહ્યો છે.

"હાય રે ! મૃતવીરોનાં શરીર પરનાં આભૂષણો હજારો શિયાળો ખેંચી રહ્યાં છે."

છેલ્લે 'સીંદરી બળે પણ વળ ન છોડે' તેમ ગાંધારીના શબ્દો વ્યક્ત થાય છે :

"યુદ્ધના અભિમાની વીરપુરુષોએ જાણે હજુ જીવતા હોય તેમ હાથમાં આયુધો ધારણ કરેલાં છે. જેમ હાથીઓ પોતાના યૂથપતિને આગળ કરીને લડે, તેમ મારા મહારથી પુત્રોએ અર્જુનના ભયથી કર્ણનો આશ્રય કરી પાંડવસેના સાથે યુદ્ધ કર્યું."

દુર્યોધનની જેમ ગાંધારીને પણ કર્ણ ઉપર કેટલો બધો વિશ્વાસ ! કેટલો બધો મદાર !

કર્ણની પ્રશંસાનાં પુષ્પો પણ કેટલાં બધાં ખુશબૂદાર વર્ણવ્યાં છે !

"યુદ્ધમાં શત્રુઓ માટે ઇન્દ્ર સમાન અજેય, પ્રલયના અગ્નિ સમો તેજસ્વી, હિમાલય જેવો સ્થિર અને દુર્યોધનનો શરણદાતા !" ગાંધારીને કર્ણ માટે કેટલું બધું માન છે ! તે કહે છે : "જેમ એક સિંહ બીજા સિંહને, એક મદોન્મત્ત હાથી બીજા હાથીને મારે તેમ અતિશય દ્વેષી, મહાધનુર્ધારી મહારથી કર્ણને અર્જુને યુદ્ધમાં મારી નાખ્યો." કર્ણની બહાદુરી, મિત્રતા અને વફાદારીને વ્યાસજીએ ગાંધારી મારફત બિરદાવી છે. વળી કર્ણના મૃતદેહનું પણ ભવ્ય વર્ણન ! "મહાત્મા કર્ણના શરીરને માંસભક્ષી પ્રાણીઓ ખાતાં-ખાતાં થોડું જ છોડ્યું છે. કૃષ્ણપક્ષની ચૌદશનો ચાંદ જોનારને રુચિકર લાગતો નથી, તેમ કર્ણનું દર્શન પણ પ્રસન્નકારક લાગતું નથી." યોગ્ય શબ્દો કરુણ ઘટનાને ચાક્ષુષ કરવામાં સાથ આપે છે ને ?

ગાંધારી આગળ વધે છે. અન્ય યોદ્ધાઓના મૃતદેહો પાસે જઈને ઉચ્ચારાયેલા શબ્દો પણ અદ્ભુત છે : "જુઓ તો ખરા, કાળ કેવો પરિવર્તન પામ્યો છે ! ભીમસેને જેને માર્યો તે શૂર અવંતીનો રાજા અનેક બંધુઓવાળો હોવા છતાં અત્યારે બંધુહીન થઈને પડ્યો છે અને ગીધ, શિયાળ તેની ઉજાણી કરે છે !"

શ્રીકૃષ્ણને સંબોધી ગાંધારી આગળ કહે છે : "હે શ્રીકૃષ્ણ ! મહાધનુર્ધારી પ્રતીપપુત્ર મનસ્વી બાહ્‌લિકરાજ ભલ્લબાણથી મરાઈને વાઘ જેવો પૃથ્વી પર

પડ્યો છે. મૃત હોવા છતાં આ નરેશના મુખનો રંગ કેવો પૂનમના ચાંદ જેવો દેખાય છે !''

"હે જનાર્દન ! ઘમંડી જયદ્રથ તો દ્રૌપદીનું હરણ કરીને કેકયો સાથે ભાગ્યો ત્યારે જ પાંડવો માટે તે વધ્ય હતો, પરંતુ દુઃશલા પ્રત્યેના સન્માનને કારણે તેને છોડી દીધેલો, તો પછી આ વખતે તેનું માન કેમ ન જાળવ્યું ? એનું શરીર તો માંસાહારી પક્ષીઓ ટોચીટોચીને ખાય છે અને મારી પુત્રી દુઃશલા પતિનું મસ્તક ન મળવાથી શોકાતુર બની શોધતી દોડાદોડ કરે છે. જે જયદ્રથે અભિમન્યુને બચાવવા આવેલા પાંડવોને રોકી રાખ્યા હતા ને શત્રુસેનાનો નાશ કર્યો હતો તે સ્વયં આજે કાળનો કોળિયો બની ગયો છે.''

"હે પુરુષોત્તમ ! શલ્યના પૂર્ણ ચંદ્ર સમાન સુંદર મુખ તથા કમલદલ સમાં નેત્રોવાળા વ્રણરહિત મુખને કાગડાઓ ઠોલી ખાય છે. શલ્યના મુખમાંથી તપાવેલા સોના જેવી જીભ બહાર નીકળી આવી છે.''

"જેને મસ્તકે કેશોને શોભાવતી સુવર્ણમાળા છે અને હાથમાં હાથીનો અંકુશ રહી ગયો છે તેવા પર્વતવાસી પ્રતાપી ભગદત્તના શરીરને શિકારી પશુઓ ખાઈ રહ્યાં છે.''

અને પિતામહ ભીષ્મને માટે તો શું મનમોહક વાણી ઉચ્ચારી છે !

"શાંતનુપુત્ર ભીષ્મ ! સૂર્ય સમાન તેજસ્વી, જાણે આકાશમાંથી પછડાઈ પડેલ ખુદ સૂર્યનારાયણ જ ! મનુષ્યરૂપી સૂર્ય શસ્ત્રના તાપથી શત્રુઓને તપાવીને હવે સાયંકાળે અસ્તાચલગામી સૂર્યની જેમ જ અસ્ત થવા તત્પર છે. હે કેશવ ! જેમ કાર્તિકેય કાસડાના થુંબડામાં સૂતા હતા, તેમ આ પિતામહ કર્ણિ, નાલિક અને નારાચબાણોથી વીંધાઈને ઉત્તમ બાણશય્યા પર પોઢ્યા છે.''

ભીષ્મના પરાક્રમ સાથે યુદ્ધમાં વિજયની અનિશ્ચિતતા વિશે ગાંધારી વેદનાયુક્ત શબ્દો કાઢે છે :

"યુદ્ધમાં કોઈ કુશળ, વિદ્વાન કે વીર હોતો જ નથી, કારણ કે તેથી જ શાંતનુનંદન ભીષ્મ માર્યા જઈને સૂતા છે !'' વીરોત્તમ, નરશ્રેષ્ઠ ભીષ્મને આથી વિશેષ કઈ અંજલિ હોઈ શકે ?

"હે માધવ ! શત્રુસેનાને બાળતી વેળા જેની ગતિ અગ્નિ સમાન રહેતી તે દ્રોણાચાર્ય બુઝાયેલી જ્વાલાઓવાળા અગ્નિની જેમ ભૂમિ પર સૂતા છે, છતાંય જીવતા જ હોય તેમ તેમણે ધનુષ્ય મુઠ્ઠીમાં દૃઢપણે પકડી રાખ્યું છે.

હાથે બાંધેલું કપડું પણ જેમનું તેમ જ છે. ચાર વેદો અને આયુધો પ્રલયકાળે બ્રહ્મા પાસેથી જતાં નથી રહેતાં, તેમ દ્રોણાચાર્ય પાસેથી પણ દૂર થયાં નથી. વળી જે દ્રોણાચાર્યના સ્તુતિપાઠકોથી વંદિત ચરણોની સેંકડો શિષ્યો પૂજા કરતા હતા તે પ્રણામયોગ્ય તેમનાં બંને ચરણોને શિયાળો ખેંચી રહ્યાં છે."

ગાંધારી દઢપણે માને છે કે ગાંધારરાજ બલિષ્ઠ મામા શકુનિ જ આ મહાસંહાર માટે જવાબદાર છે, તેથી તે કહે છે : "જેણે મારા પુત્રોના વિનાશ માટે જ દ્યૂતવિદ્યા શીખેલી તે મારો ભાઈ શકુનિ છળનું પૂતળું હતો. દ્યૂતસભામાં માયાથી જ તે યુધિષ્ઠિરને જીતતો હતો ને સમગ્ર રાજ્ય પણ છળથી પડાવી લેતો હતો. આ જ શકુનિ આજે જીવન હારી ગયો છે. જેને સોનાના દાંડાવાળા બે ચામરોથી વીંજણો ઢોળવામાં આવતો હતો તે સ્વયં આજે રણમાં સૂતો છે અને પક્ષીઓ પોતાની પાંખ વડે તેને વીંજણો ઢોળે છે !" શકુનિ હણાયો, પણ ગાંધારીને હજુ તેનો ડર છે. તે કહે છે : "હે મધુસૂદન ! મારા પુત્રો સરળ છે. મને ભય છે કે કુટિલ શકુનિ પુણ્યલોકમાં પહોંચીને બધા ભાઈઓમાં (કૌરવ-પાંડવોમાં) પરસ્પર વિરોધ ઉત્પન્ન ન કરાવે !"

ગાંધારી કેટલી તટસ્થ, ઉદાત્ત અને સત્યભાષી !

"હે માધવ ! વનમાં ડાલામથ્થો સિંહ મદોન્મત્ત ગજરાજને પાડીને મારી નાખે, તેમ યુદ્ધમાં દ્રોણ દ્વારા મરાયેલા રાજા દ્રુપદને તમે જુઓ ! હે કમલનયન વાસુદેવ ! રાજા દ્રુપદનું શ્વેત છત્ર શરદચંદ્ર જેવું પ્રકાશી રહ્યું છે."

"નદીના વેગથી કપાયેલા વૃક્ષની જેમ ચેદિનરેશ ધૃષ્ટકેતુ દ્રોણના હાથે હણાયો અને આ ધૃષ્ટકેતુનો સુંદર મુખવાળો, કાનમાં મનોહર કુંડળ ધારણ કરેલો પુત્ર યુદ્ધમાં દ્રોણાચાર્યના બાણથી કપાઈને પડ્યો છે. હે મહાબાહો ! શત્રુ સાથે લડનારા પિતા ધૃષ્ટકેતુનો સાથ પુત્રે અંત સુધી છોડ્યો નથી. આજે યુદ્ધ સમાપ્ત થવા છતાં પુત્ર પિતાને વળગીને પડ્યો છે."

કુટુંબપ્રેમી વાત્સલ્યમૂર્તિ 'મહાભારત'કારે ગાંધારીના મુખમાં જે રીતે શબ્દો મૂક્યા છે તે કોઈની પણ સંવેદનાને જાગૃત કરવા સમર્થ છે.

"ચોતરફ ઊગેલાં કરેણનાં પુષ્પોથી પર્વત શોભે, તેમ દુઃસહનું શરીર બાણોથી શોભે છે. પ્રાણરહિત થઈ ગયો હોવા છતાં સુવર્ણમાળા અને ચમકતા કવચથી જાણે અગ્નિથી ચમકતો શ્વેત પર્વત હોય તેમ તે શોભી રહ્યો છે."

ગાંધારી અત્યારે સંવેદનાપૂર્ણ છે. કૌરવ-પાંડવોનાં વેરઝેર ભૂલી પાંડવપક્ષના મહારથીઓ પાછળ પણ તે એટલો જ વિલાપ કરે છે :

"હે માધવ ! આ અભિમન્યુ બળ અને શૌર્યમાં તમારા અને અર્જુનના કરતાં પણ સવાયો હતો. મદોન્મત્ત હાથી જેવો તે ગર્વિષ્ઠ હતો. અતિ તેજસ્વી અભિમન્યુનું તેજ તે હણાયો છતાં હજુ શાંત થયું નથી."

વિલાપ કરતી ઉત્તરા અને પાંચાલની નારીઓ પણ ગાંધારીની નજરબહાર નથી. ઉત્તરાને દર્શાવીને તે કહે છે :

"હે કૃષ્ણ ! અભિમન્યુને જોતી તે બાળા તમને કહે છે કે હે કમલનયન ! અભિમન્યુની આંખો તમારી આંખો જેવી ચિત્તાકર્ષક છે."

"હે અનઘ ! જે બળ, વીર્ય, તેજ અને રૂપમાં સુભદ્રાપુત્ર અભિમન્યુ તમારા સમાન છે તે જ અભિમન્યુ શત્રુઓથી વિનષ્ટ થતાં આજે ધરતી પર ઢળી પડ્યો છે."

અને સાંભળો, ઉત્તરા શું કહે છે : "હે સ્વામી અભિમન્યુ ! મોટા સુવર્ણ-બાજુબંધયુક્ત, નિયમિત ધનુષ્ય ખેંચવાથી જેમના શરીરની ચામડી કઠોર થઈ ગઈ છે તેવા તથા હાથીની સૂંઢ જેવા પુષ્ટ આ બંને વિશાળ બાહુઓને ફેલાવી તમે આજે પૃથ્વી પર સૂતા છો !"

વ્યાસજી ગર્ભવતી ઉત્તરાનો વિલાપ આલેખે છે ત્યારે નિષાદથી વીંધાયેલ પંખીને જોઈને વાલ્મીકિને થયેલો શોક યાદ આવી જાય છે :

"હે જનાર્દન ! કાજળવાળાં નયનોવાળી વિરાટની સ્ત્રીઓ છિન્નભિન્ન અંગોવાળા વિરાટરાજાને રુધિરથી ભીંજાયેલી ધરતી પર પક્ષીઓ દ્વારા ટોચાતા જોઈને દુઃખી અને વિવશ થઈ છે, પણ પક્ષીઓને તેના શરીર પરથી હઠાવી શકતી નથી." કેવી વિવશતા !

"હે મધુસૂદન ! પુત્ર વિકર્ણનાં બધાં મર્મસ્થાનો યુદ્ધમાં કર્ણિ, નાલીક્ અને નારાચ બાણોથી છેદાઈ ગયાં છે, તેમ છતાં તેનાં અંગોની કાન્તિ તેને છોડતી નથી. હાથીઓના ઝુંડમાં સૂતેલો આ વિકર્ણ શરદઋતુનાં વાદળાંની વચ્ચે રહેલા સૂર્યની જેમ શોભે છે !"

"હે તાત કૃષ્ણ ! શત્રુગણનો સંહાર કરનારા વીર દુર્મુખનું મુખ હિંસક પશુઓ અડધું ખાઈ ગયાં છે, તોપણ તે સાતમના ચંદ્રની જેમ શોભી રહ્યું છે."

ખગોળજ્ઞાતા વ્યાસજીની કલ્પના આભને આંબી ગઈ છે : "હે માધવ !

હાસ્યથી છલકતું, સુંદર નાસિકા અને ભૃકુટિવાળું અને સુંદર લલનાઓ જેની સેવામાં નિત્ય મગ્ન રહેતી તે દેવતુલ્ય વિવિંશતિનું મુખ તેજોયુક્ત ચંદ્ર જેવું નિર્મલ દેખાય છે.''

''હે કમલનયન ! અદ્ભુત માળાઓ અને આભૂષણોનો શોખીન ચિત્રસેન આજે હણાઈને પડ્યો છે.''

''ગ્રીષ્મઋતુમાં હવાના વેગને લીધે બે શાલવૃક્ષ પડી જાય, તેમ અવંતિદેશવાસી વિન્દ અને અનુવિન્દ યુદ્ધમાં ધરાશાયી થયા છે.'' એ બંને કેવા દેખાતા હતા ?

''સુવર્ણનાં બાજુબંધ અને કવચ ધારણ કરેલા, ધનુષ્યબાણ અને તલવારથી સજ્જ, નિર્મળ પુષ્પમાળા પહેરેલા, વૃષભ જેવાં વિશાળ નેત્રોવાળા તેઓ અત્યંત સ્વરૂપવાન દેખાતા હતા.''

ગાંધારીને તે બંને માટે અત્યંત માન અને વિશ્વાસ તથા શ્રદ્ધાથી ભરપૂર છે, તેથી જ કહે છે : ''હે માધવ ! દૈવને માટે કોઈ વસ્તુ કઠિન નથી, કારણ, દૈવે જ નરશ્રેષ્ઠ ક્ષત્રિયોનો સંહાર કરાવ્યો !''

દુર્યોધનને મરણ પામેલો જોઈ ગાંધારી જંગલમાં કપાઈ ગયેલી કેળની જેમ ફસડાઈ પડી. પુષ્ટ અને વિશાળ હાંસડીવાળા તથા મોતીના હાર અને કંઠાથી વિભૂષિત દુર્યોધનને અશ્રુઓથી નવડાવી ગાંધારી હૃદયદ્રાવક વિલાપ કરે છે :

''અસ્ત્રવિદ્યામાં નિપુણ મારો આ અમર્ષી (કોઈને પણ સહન ન કરનારો) પુત્ર વીરશય્યામાં પોઢ્યો છે.'' આમ બોલી કલ્પાંત કરતી ગાંધારી તેના ભૂતકાળને યાદ કરતાં કહે છે :

''જેની આગળ સદા રાજાઓ બેસતા તે દુર્યોધન પાસે અત્યારે ગીધડાં બેઠાં છે. અગાઉ હાથમાં પંખા લઈને લલનાઓ પવન ઢોળતી હતી ત્યાં આજે વિકરાળ પક્ષીઓ પાંખથી પવન નાખે છે. હે કૃષ્ણ ! હે વૃષ્ણિવંશી યાદવ ! થોડા દિવસ પહેલાં મેં હાથી, ઘોડા અને ગાયોથી સમૃદ્ધ એવી આ પૃથ્વીને દુર્યોધનના વશમાં જોઈ હતી, પણ તે સ્થિતિ ચિરકાળ રહી નહીં. તે જ પૃથ્વી આજે બીજાના અનુશાસનમાં આવી ગઈ.''

ગાંધારીના આ વિલાપમાં વિચારસમૃદ્ધિ સાથે જાણે વાણીનું સંગીત અને અર્થની જુગલબંધી રચી વ્યાસજી તેમની કાવ્યકલાને વધુ સમૃદ્ધ બનાવે છે.

કુરુવંશની કુલવધૂઓ રણભૂમિ પર પોતાના વીરપુરુષને ઓળખી, તેમનાં

સ્વરૂપ, શૌર્ય, સ્વભાવ અને પ્રતિભાને યાદ કરીને ધરતી પર પછડાતી આક્રંદ કરે છે.

ગાંધારીના આક્રંદમાં કલ્પાંત કરતી કુળવધૂઓની વ્યથા વ્યક્ત કરવામાં વ્યાસજી એટલી તાદૃશતા દર્શાવે છે કે જાણે આપણને ગાંધારીના જેવી જ દિવ્ય દૃષ્ટિ મળી ગઈ હોય ! વિલાપ કરતી કથા ચિત્રપટમાં આલેખી હોય અને પડદા ઉપર જોતાં હોઈએ તેમ એક ધબકારો ચૂકી જવાય તેવો અનુભવ થાય છે.

પશ્યૈતાઃ પુંડરીકાક્ષ - "હે કમલનયન ! મારી આ પુત્રવધૂઓને જુઓ ! જેમના પતિઓ માર્યા ગયા છે તેવી તેઓ વીખરાઈ ગયેલા કેશવાળી કુરુરીરિવ કલ્પાંત કરી રહી છે. શોકવિહ્વળ, દુઃખથી કરુણ આક્રંદ કરતી આ ઉત્તમ સ્ત્રીઓનાં સુકાયેલાં મુખો અત્યારે લાલ કમળો જેવાં સુંદર લાગે છે. કુરુકુળની લલનાઓનાં મુખ ક્રોધ અને સાથે વિલાપના કારણે સૂર્ય સમાન તથા સુવર્ણ અને તાંબાની જેમ લાલચોળ થઈ ગયાં છે."

"કોઈ સ્ત્રી પોતાના સ્વજનનું સુશોભિત મસ્તક હાથમાં લઈને ઊભી છે. હે પુંડરીકાક્ષ ! દુઃખની વાત એ છે કે આ સ્ત્રીઓનાં કમલ સમાન મનોહર વદનોને અત્યારે સૂર્ય તપાવી રહ્યો છે. સૂર્યના તાપથી સંતપ્ત આ રાજસ્ત્રીઓ પરિશ્રમને કારણે ફિક્કી થઈ ગઈ છે."

"હે યદુનંદન ! ધૃતરાષ્ટ્રની સુંદર કેશવાળી પુત્રવધૂઓ જાણે વછેરીઓનું ટોળું હોય તેવી દેખાય છે. જે મારી બાલિકાવધૂઓ ચરણમાં ઝાંઝર ઝમકાવતી રાજમહેલમાં ફરતી હતી તે બધી આજે ગીધ, શિયાળ અને કાગડાઓને સ્વજનોનાં શબ પરથી ઉડાડતી, વિપત્તિજનક સ્થિતિમાં રુધિરથી ભીની થયેલી ધરતી પર ચાલે છે."

"જુઓ ! જુઓ ! હંસની જેમ ગદ્‌ગદ અવાજે બોલનારી, દુઃખ-શોક-પીડિત સારસીઓની જેમ વિલાપ કરતી સ્ત્રીઓ ધરતી પર આળોટે છે !"

કોઈ પણ માયાળુ વડીલ આવી મનોદશાથી હલબલી ઊઠે, છતાં આવી પરિસ્થિતિમાં પણ ગાંધારીને કુલવધૂઓના સૌંદર્ય પ્રત્યે કેટલું બધું ગૌરવ છે !

કરમાયેલા મુખનું સૌંદર્ય સૂર્યની લાલિમા સાથે સરખાવતાં ગાંધારી કહે છે :

"મદોન્મત્ત હાથી જેવા દુર્જય જયદ્રથને ઘેરીને ચંદ્રમુખી તેની રમણીઓ ત્યાં બેઠી છે."

વ્યાસજી સૂર્ય-ચંદ્રને પૂજે, સૌંદર્યને પૂજે, એટલે સ્વાભાવિક છે કે આકર્ષક સૌંદર્ય તેમને ચાંદ-સૂરજ જેવું જ લાગે.

"સૂર્યતાપથી કરમાઈ ગયેલી ફૂલમાળની જેમ કમ્બોજનરેશની પત્નીઓ શોકથી કરમાઈ ગઈ હોવા છતાં હજુ તેમની કમનીયતા ઓછી થઈ નથી."

ગાંધારીનું અવલોકન તો જુઓ !

"એક જ વસ્ત્ર ધારણ કરેલી, પાતળી કમરવાળી તથા છૂટા કેશવાળી સોમદત્તની પુત્રવધૂઓ સાગરમાં કલ્પાંત કરતી સારસીઓ જેવી વિલાપ કરે છે." પછડાટો ખાઈને આક્રંદ કરતી તેઓને ગાંધારી વર્ણવે છે. 'મહાભારત'કારે દ્યૂતક્રીડામાં યુધિષ્ઠિર હારે છે ત્યારે દુઃશાસન વડે ખેંચાતી, ઘસડાતી દ્રૌપદીનું વર્ણન આવું જ કર્યું છે ને !

ગાંધારીને અત્યારે એ પ્રસંગ યાદ આવતો હશે ખરો ?

एकवस्त्रधरा नार्यः परिपेतुरनाथवत् ।

કરેલાં કર્મનો બદલો ચૂકવવો જ પડે છે. કાળ પોતાનું લેણું વસૂલ કરવાનો જ. વ્યાસજીની આ ટકોર સમજવા જેવી છે. વ્યાસજી રસભરી હૃદયસ્પર્શી વાણીનું આલેખન કરી સુકુમાર ભાવોને પ્રગટ કરે છે, પણ ક્યારેક કઠોર પરિસ્થિતિ યથાર્થ કરવા વિશિષ્ટ શૈલીનું સ્વરૂપ પણ પકડે છે.

સંગીતની મહેફિલમાં કલાકાર એક રાગ પરથી બીજા રાગમાં સહેલાઈથી સરી જઈને મનોરંજક સૂરોની રસલહાણી કરાવે, તેમ વ્યાસજી રૌદ્ર, બીભત્સ અને કરુણરસ પીરસ્યા બાદ શૃંગારરસની વર્ષા પણ વરસાવે છે. તેમણે ગાંધારીના મુખમાં શબ્દો મૂક્યા છે :

"મારી આ સ્ત્રીઓ કુમળી વયની છે, વળી તેમનાં સ્તનો તથા મુખ દર્શનીય છે. બધી સ્ત્રીઓ કુલીન, લજ્જાશીલ અને કાળીભમ્મર આંખો તથા સુંદર કેશથી શોભતી છે."

"હણાયેલા કેટલાક વીરપુરુષો પરિઘ જેવા પુષ્ટ હાથોથી જાણે કે પ્રિય પત્નીનું આલિંગન કરી રહ્યા હોય તેમ ગદાને છાતીસરસી દબાવીને સૂતા છે."

"બાણોથી કપાઈ ગયેલી ભુજાઓ, સાથળો અને ચરણોને જોડતી અને પછી તેને જોતી સ્ત્રીઓને એવું લાગે છે કે આ તે શરીર નથી."

"હે કૃષ્ણ ! નિત્ય દુર્યોધનની સુંદર ભુજાઓમાં રહેનારી સુવર્ણવેદી સમાન

તેજવાળી, પાતળી કમરવાળી અને જેના કેશ વીખરાયેલા છે તેવી લક્ષ્મણની માતાને જુઓ !"

"અગાઉ જ્યારે રાજા દુર્યોધન જીવતો હતો ત્યારે આ પ્રશસ્ત ચિત્તવાળી બાળા સદાય રાજાની ભુજાઓમાં રમણ કરતી હશે. નિર્દોષ, વિશાળ લોચનવાળી, સુંદર જાંઘોવાળી આ લક્ષ્મણની માતા ક્યારેક લોહીથી ખરડાયેલા પોતાના પુત્ર લક્ષ્મણનું મસ્તક સૂંઘે છે, તો ક્યારેક પતિ દુર્યોધનના શરીર પર હાથ ફેરવે છે."

ઉત્તરાના વિલાપનું વર્ણન પણ હૃદયદ્રાવક છે : "કમનીય સ્વરૂપવાળી, કાજળવાળાં નયનોવાળી આ ઉત્તરા અભિમન્યુના ખીલેલા કમળ જેવા અને શંખ સમાન ગ્રીવાવાળા મુખને સૂંઘીને આલિંગન આપે છે. પૂર્વે તેણે મધુપાન કર્યા પછી જ આ રીતે લજ્જાભાવે મદોન્મત્ત થઈ આલિંગન કર્યું હશે."

જોકે ઉત્તરાના વિલાપમાં સ્ત્રીસહજ સ્વભાવ, ઈર્ષા અને અપેક્ષા છતાં થાય છે :

"હે નરવ્યાઘ્ર ! હે અભિમન્યુ ! તમે હવે પિતૃલોકમાં જઈને હસીને, મધુર વાણી દ્વારા મારી જેમ કોઈ બીજી સ્ત્રીને બોલાવશો ? હે સ્વામિન્ ! તમે તમારા સૌંદર્યથી તથા સ્મિતપૂર્વકના સંભાષણથી સ્વર્ગમાં અપ્સરાઓનાં ચિત્તને પણ વશ કરી નાખશો.

હે સુભદ્રાપુત્ર ! તમે પુણ્યશાળી જનોના લોકમાં અપ્સરાઓ સાથે મળીને જ્યારે પણ વિહાર કરો ત્યારે મારાં સારાં કર્મોને પણ યાદ કરજો."

ગાંધારી પણ સ્ત્રીસહજ મનમાં ને મનમાં બળી જાય છે : "હે વાસુદેવ ! મદોન્મત્ત હાથીઓ જેવા બળવાન તથા ઈર્ષાળુ એવા મારા પુત્રોની પત્નીઓને આજે સામાન્ય લોકો પણ જોઈ રહ્યા છે."

બારીક વસ્ત્રો ધારણ કરેલી ક્ષત્રિયાણીઓ શલ્ય પાસે વિલાપ કરે છે : "જેમ એક વખત પ્રસૂતિ પામેલી હાથણીઓ કાદવમાં ખૂંચી ગયેલા હાથીની આસપાસ વીંટળાઈને ઊભી રહી જાય, તેમ શલ્યની સ્ત્રીઓ શલ્યરાજને ઘેરી વળીને ઊભી છે."

રતિરંગ પણ એક પ્રકારનો રણરંગ જ છે ને !

સુંદર લોચનવાળી, પાતળી કેડવાળી, ભૂરિશ્રવાની સુંદર પત્ની પોતાના

પતિનું મસ્તક ખોળામાં લઈને કરુણ વિલાપ કરતાં કહે છે : "આ તે જ હાથ છે, જે મારી કટિમેખલા ખેંચતો હતો."

લગભગ આવી જ કંબોજરાજ સુદક્ષિણની પત્નીની કામના વ્યક્ત થાય છે :

"હે સ્વામી સુદક્ષિણ ! સુંદર, ઊજળી હથેળી તથા આંગળીઓવાળા તમારા પરિઘ જેવા બે બાહુઓ વડે મને પાસે લેતા હતા ત્યારે જે પ્રસન્નતા થતી તેનાથી મુક્ત થઈ શકાયું નથી."

છેલ્લે સોના જેવી કાન્તિવાળા, ગદાપ્રિય દુર્યોધનની બાજુમાં સુવર્ણ-અલંકારોથી ભૂષિત ગદા જોઈ ગાંધારી નિઃશ્વાસ નાખી કહે છે : "સોનેમઢેલી આ ગદા પણ આ વીરની સાથે જ શય્યા પર ધર્મપૂર્વક, જેમ પ્રીતિમતી પત્ની શયન કરે તેમ સૂતી છે."

ચિત્તનો કબજો લઈ લેતાં વર્ણનોમાં અલંકારવૈવિધ્યનો આશરો લઈ, માનવજીવનના તમામ ભાવોને વ્યાસજીએ વ્યક્ત કર્યા છે. તેમના પ્રત્યે વિશેષ માન એટલા માટે કે આત્મલક્ષી ઊર્મિની અભિવ્યક્તિને તેમણે ખૂબ તટસ્થતાથી રજૂ કરી છે અને તેથી જ ભિન્નભિન્ન લાગણીઓને ચિત્રિત કરવામાં તેમની આત્મસૂઝમાં પણ તટસ્થતા સચવાતી વર્તાય છે.

*

અનેકવિધ પ્રસંગો, પરિસ્થિતિઓ, પરાક્રમો, પરીક્ષાઓનાં પરિણામોને વટાવી ચૂકેલું, મહાવિનાશક મહાભારત યુદ્ધ તો અઢાર દિવસોના અંતે પૂરું થયું.

પરંતુ માનવજીવનનાં અનેકવિધ અભિલાષા, અરમાન, અહમ્ અને અગણિત આસક્તિઓનો અંત ખરો ?

અવ્રત એ બ્રાહ્મણનો મેલ, મૂર્ખજન એ પૃથ્વીનો મેલ, કુતૂહલ એ સ્ત્રીનો મેલ અને અહં એ પુરુષનો મેલ... ક્યારેય ધોવાશે ખરા ?

□

10

સંવેદના જગવતી યુદ્ધનદીઓ



વેદવ્યાસજી એટલે સર્વજ્ઞાત, સર્વસિદ્ધ શબ્દ-પરખંદા, વાગ્દેવીનું વરદાન લઈને અવતરેલા સત્યનિષ્ઠ સાધક.

માતા સરસ્વતીના આ લાડકડા સંતાનને સાહિત્યના નવેય રસ સિદ્ધ છે. સૌમ્ય, રૌદ્ર, કરાલ, કોમળ ભાવોને મનભર નાણવા અને માણવાનો જન્મજાત સંસ્કારનિધિ તેમની પાસે અઢળક ભર્યો છે. રસસંક્રાન્તિ અને ભાવસંક્રાન્તિ પ્રસંગે-પ્રસંગે આલેખવાની અજબની તાકાત તેમની પાસે છે.

ભીષણ તત્ત્વો અને દારુણ યુદ્ધનું વર્ણન કરવામાં તેઓ જેટલા માહેર છે તેટલા જ કોમળ અને ઋજુ ભાવો આલેખી જાણે છે. સૌંદર્યયુક્ત ભાવો હોય કે જુગુપ્સાપ્રેરક દશ્યો હોય, ઝેર ઓકાતું હોય કે અમૃત નીતરતું હોય, પ્રત્યેક દ્વંદ્વ તેમને હસ્તગત છે. મઘમઘતાં ફૂલો વચ્ચે પણ તેઓ કાંટાને એવા તો ગોઠવી દે છે કે આપણે બેમાંથી એકેકને અલગ તારવી કે દેખી શકતાં નથી, બંને એકસાથે માણી શકીએ છીએ, કારણ, એમને મન કાંટા અને ફૂલ બંને સત્ય છે. વ્યાસજી પોતે જ સત્ય છે અને તેમના 'મહાભારત'ના આલેખનમાં ગોઠવાયેલા વિરોધાભાસી સત્યની જ તો મજા છે ને ?

જુઓ ને, વ્યાસજી વીરરસથી ભરપૂર એવા અઢાર દિવસના મહાયુદ્ધમાં વચ્ચેવચ્ચે યુદ્ધનદીઓનાં જુગુપ્સાપ્રેરક વર્ણનો મૂકીને વાતાવરણ કેવું કમકમાટીભર્યું સર્જી રહ્યા છે !

'ભીષ્મપર્વ'માં મૃદુ યુદ્ધ કરતા અર્જુનને સચેત કરવા મોહમુક્ત કરવા શ્રીકૃષ્ણે તેજીને ટકોરો મારીએ તેમ અર્જુનને ઠંડો ચાબખો મારી દીધો અને પરિણામ ? અર્જુને શરવર્ષા આદરી અને કૌરવસૈન્યને પીડવા માંડ્યું.

યુદ્ધરમણે ચડેલા અર્જુને યુદ્ધનદી રેલાવવી શરૂ કરી દીધી. કેવી હતી એ નદી ?

"તીક્ષ્ણ બાણો અને સામૂહિક પ્રહારને કારણે નરવીરોનાં શરીરમાંથી નીકળતી લોહીરૂપી જળવાળી તે નદી, મૃત્યુ પામેલા હાથી-ઘોડાનાં શરીરોથી અવરોધાતી હોવા છતાં, એટલા પહોળા પ્રવાહે વહેતી હતી કે તેનો અવાજ ભયાનક લાગતો હતો.

નદીમાં મેદ, ચરબી, માંસ, મજ્જા અને મનુષ્યોનાં આંતરડાંરૂપી કાદવ ભરાયેલો હતો. મૃત યોદ્ધા આદિનાં મસ્તકો, ખોપરીઓ અહીંતહીં અથડાતાં વહેતાં હતાં. ગૂંચવાયેલા વાળરૂપી શેવાળ, ભાંગી ગયેલાં કવચોરૂપી ઊછળતાં મોજાં, હાથી, ઘોડા અને નરવીરોનાં કપાયેલાં અસ્થિઓ અને તરી રહેલાં શરીરોને ત્યાં નિવાસ કરતા અસંખ્ય રાક્ષસો અને ભૂતગણો જાણે ભરખી રહ્યાં હતાં.

મહાવિનાશરૂપી પાતાળ હતું, જ્યાં આંતરડાંની માળાથી ગીધની ચાંચ ગૂંથાઈ ગઈ હતી. માંસાહારી પક્ષીઓ તથા તરક્ષુ, એટલે કે મુખમાં કાંટા હોય તેવા એક પ્રકારના જળચર જીવોને કારણે એ નદી વધુ ભીષણ લાગતી હતી.

કિનારા પર માંસભક્ષી પક્ષીઓ ભૂખ્યાંડાંસ થઈ તરાપ મારવા તત્પર થઈ બેઠાં હતાં."

યુદ્ધની દારુણ માનવભક્ષી હિંસકતા સૂગ તો ઉપજાવે, પણ અમાનુષિતા ભરી હોવાથી, મન ઉદ્વિગ્નતા સાથે કમકમાટી અનુભવે છે. વ્યાસજી આવાં વર્ણનો અને વ્યવહારો આલેખીને માનવીની નબળાઈઓ દર્શાવે છે, સબળાઈની ઓછપનો આપણને ઇશારો કરે છે, સાનમાં સમજાવે છે - જો આપણે સમજવા ઇચ્છીએ તો.

ભીષ્મપિતામહના મહાસંહારથી યુદ્ધભૂમિ અતિ ભયંકર લાગતી હતી. મેઘઘટા જેવી ગર્જના કરતા ઘાયલ હાથીઓ અને ઘોડાઓ બેકાબૂ બની

આડાઅવળા દોડાદોડી કરતા હતા. બેબાકળુ સૈન્ય નાસવા લાગ્યું. ઘોર અને રૌદ્ર સંહારને 'મહાભારત'કારે નદીની ઉપમા આપી, ફરીથી આપણું ધ્યાન હિંસાનાં દુષ્પરિણામ પ્રતિ દોર્યું છે.

प्रावर्तत नदी घोरा शोणितान्त्रतरङ्गिणी ।

આંતરડાંના તરંગોવાળી લોહીની ભયાનક નદી વહેવા લાગી.

अस्थिसंचयसंघाता केशशैवलशाद्बला ।
रथह्रदा शरावर्ता हयमीना दुरासरा ।।

"હાડકાંના ઢગલારૂપી ઘાટવાળી, વાળના ગૂંચળારૂપી શેવાળવાળી, રથરૂપી ઊંડા ધરાવાળી, બાણરૂપી ઘૂમરીઓવાળી અને અશ્વોરૂપી માછલાંવાળી એ લોહીની નદી અત્યંત દુસ્તર હતી."

વળી તે મસ્તકોરૂપી પથ્થરોથી છવાયેલી, કવચો અને પાઘડીઓનાં ફીણથી છલકાતી અને હાથીઓરૂપી મગરમચ્છો, ધનુષ્યરૂપી ટાપુઓ, તલવારરૂપી કાચબાઓ અને ધજાપતાકારૂપી તણાતાં વૃક્ષોની બે કાંઠે વહેતી એ નદી મનુષ્યરૂપી કિનારાને પણ જાણે તાણી જવાના જોમથી ભરી હતી.

જ્યાં માંસભક્ષી પશુપક્ષીનાં ટોળાં જામ્યાં હતાં તે નદી જાણે કે યમરાજના રાજ્યને સમૃદ્ધ કરવા માગતી હોય તેમ અનેક જીવોને તાણી જતી હતી. શૂરવીરો પણ કેવા હતા ? અશ્વો, હાથીઓ અને રથરૂપી હોડકામાં બેસી નિર્ભયતાથી યમસદન જવા આતુર હોય તેમ વેગથી વહેતા હતા.

વૈતરણી મરેલા જીવોને યમરાજના નગર ભણી લઈ જાય, તેમ આ નદી રણભૂમિમાં કાયરતાથી ઘેરાયેલા, ભયભીત યોદ્ધાઓને યમધામ તરફ તાણી જતી હતી."

ખરેખર રાક્ષસી અને પૈશાચી ભીષણતાનું સમગ્રતયા દર્શન કરાવવું એ કવિની આકરી કસોટી છે. ગમે તેટલી અતિશયોક્તિ પણ વાસ્તવિકતા પાસે અલ્પોક્તિ જ સાબિત થવાની.

ભીષ્મના બરોબરિયા જ ગણાય તેવા દ્રોણાચાર્યે પણ મહાસંહાર સર્જ્યો અને યુદ્ધનદીને વહેવડાવી છે. "દ્રોણાચાર્યનો ક્રોધ એ જ જાણે નદી હોય તેમ આ યુદ્ધનદી વેગથી વહેતી હોવાથી તેમાં માંસાહારી રાક્ષસો અને પશુપક્ષીનાં ટોળાં ઘૂમરીઓ લેતાં હતાં, સેનારૂપ પ્રવાહથી ધસમસતી ભરપૂર નદીમાં યોદ્ધાઓરૂપ વૃક્ષો તણાતાં દેખાતાં હતાં. નદીના રુધિરરૂપ જળમાં રથરૂપી વમળો

વચ્ચે હાથી-ઘોડારૂપી તટ સાથે અથડાતા કવચરૂપી તરાપા આમતેમ વહેતા હતા. માંસ, મજ્જા અને હાડકાંરૂપી રેતી ઉપર યોદ્ધાઓની પાઘડીઓના ઢગલા ફીણસ્વરૂપે ઊછળતા હતા. યુદ્ધનાં વાદળો જાણે રક્તરંજિત વરસાદ વરસાવતાં હતાં. નાનાંનાનાં ભાલાં નાનકડાં માછલાંની જેમ વેગીલી નદીના પ્રવાહમાં ઉપરનીચે ઝોલાં ખાતાં હતાં. રથ અને હાથીરૂપી મોટા ધરાઓ વચ્ચે તલવાર અને ખડ્ગરૂપી મોટાં માછલાં દેખાતાં હતાં. યોદ્ધાઓનાં શરીરોરૂપી કાષ્ઠથી જાણે નદીનો ઘાટ રચાતો હતો ને મસ્તકોરૂપી પથ્થરોથી નદીનું તળિયું રચાયું હતું. વીરોની કપાયેલી ભુજાઓ ભુજંગો જેવી ભાસતી હતી. વીરોનાં આભૂષણોરૂપી કમળો નદીમાં તરી રહ્યાં હતાં. ભૂમિની ધૂળથી રચાતી મોટી તરંગમાળાને પરાક્રમી સહેલાઈથી તરી શકે, પણ કાયરો માટે પાર કરવી દુષ્કર હતી.

હંસોનાં ટોળાં જેવાં ભાંગેલાં છત્રો અને જળચર પક્ષીઓરૂપી મુકુટોથી નદીતટ ભરપૂર હતો. સેંકડો કલેવરોથી ચિકાર એવી આ નદીમાં અસંખ્ય રથચક્રરૂપી કાચબાઓ, ગદારૂપી મગરમચ્છો અને નાનાં બાણરૂપી માછલાં તણાતાં હતાં. બગલા, ગીધ અને શિયાળોનો સમૂહ તટ પર પડાવ નાખી પડ્યો હતો. કેશરૂપી શેવાળ અને લીલા ઘાસવાળી આ નદી ભીરુઓનો ભય વધારનારી, ભયંકર ભાસતી, પ્રબળ વેગથી વહેતી હતી.''

કર્ણપુત્ર વૃષસેને બળબળતાં બાણો વરસાવી પાંડવસેનાને ત્રાહિત્રાહિ પોકરાવી દીધી ત્યારે અર્જુન પોતાના રથ વડે ધરતી ગજવતો પાંડવયોદ્ધાઓની મદદે આવ્યો અને તેણે ''રુધિરરૂપી જળમાં રથોની ઘૂમરીઓ પેદા કરતી, શૂરવીરોનાં હાડકાંથી ભરાયેલી, પ્રેતોરૂપી કાંટાનું હરણ કરનારી વિનાશક યુદ્ધનદી ઉત્પન્ન કરી. વર્ષાકાળે જેમ ગંગા અને સરયૂ પ્રબળ વેગીલા પ્રવાહ સાથે એકબીજીને મળે, તેમ કૌરવ-પાંડવ-સેના જોશપૂર્વક એકબીજીને મળવા ધસમસતી આગળ વધી.''

પરંતુ દ્રોણાચાર્યના અભૂતપૂર્વ પરાક્રમને પરિણામે સર્જાયેલી યુદ્ધનદી કેવી દેખાતી હતી ?

''જેમાં યોદ્ધાઓનાં મુખ કમળ-આકારનાં હતાં અને હાથીઓના કાન પરથી ખરી પડેલ ચામરો હંસના જેવી વર્તાતી હતી, તેવી આ રુધિરરૂપી જળવાળી નદીઓ ઊંચાનીચા તરંગોથી શોભતી હતી.'' પરશુરામે એકવીસ વાર હણીને ક્ષત્રિયોના રુધિરથી ફક્ત પાંચ જ ધરા ભર્યા હતા, પરંતુ પરશુરામના પટ્ટશિષ્ય એવા દ્રોણાચાર્યે તો આ યુદ્ધમાં અસંખ્ય રુધિરનદીઓ વહેવડાવી હતી.

કર્ણે કાળો કેર વર્તાવ્યો. યુધિષ્ઠિરે રણમેદાનમાં પારોઠનાં પગલાં ભર્યાં ત્યારે ભીમ બાજી સંભાળવા ધસી આવ્યો. રૌદ્ર યુદ્ધ મંડાયું છે. વીરોને રણશય્યા પર સૂતેલા જોઈ આકાશથી ઊતરી આવેલી અપ્સરાઓ બધા શૂરવીરોને વિમાનમાં બેસાડી સ્વર્ગમાં લઈ જવા તત્પર બની છે, તેથી તો શૂરવીરો સ્વર્ગમાં જવાની ઇચ્છાના આવેગથી અતિ ઝનૂનથી યુદ્ધમાં પ્રવૃત્ત થઈ ગયા. તેથી શું થયું ?

"લોહી જ જળપ્રવાહ બન્યું. હજારો હાથી, માનવી અને ઘોડા, પરિઘ, મુશળ, શક્તિ, તોમર, નખર ભુશુંડી અને ગદાથી ઘવાયેલા પૃથ્વી પર પડ્યા અને યુદ્ધમાં લોહીની નદીઓ વહેવા માંડી. હાથી, ઘોડા અને મનુષ્યોનાં શરીરો એ રક્તધારામાં વહેવા લાગ્યાં. નદીને બંને કિનારે ઊભા રહી વિજયની ઇચ્છાથી અનેક વીરો જ્યાં ગહન હતું ત્યાં ડૂબકાં ખાતા બીજા કિનારે જતા હતા. નદીમાં જવાથી તે વીરોનાં શરીરો, વસ્ત્રો, કવચ અને શસ્ત્રો લાલ બની ગયાં. અનેક વીર તેમાં સ્નાન કરવા લાગ્યા, તો કોઈ તે જોઈને ખિન્ન થયા. વીર યોદ્ધાનાં મસ્તકો નદીના બંને કિનારાને પથ્થરની જેમ આચ્છાદિત કરતાં હતાં. યમનું સામ્રાજ્ય વધારનાર રુધિરની નદીઓએ ચોમેર રુધિરનાં શબ્દ, ગંધ, સ્પર્શ, રૂપ અને રસ પ્રસાર્યાં, જેથી કરીને બંને સૈન્યના મનમાં મહાન્ વિષાદ ઉત્પન્ન થયો."

ભીમસેને ગદાયુદ્ધ વડે કૌરવસેનાનો કચ્ચરઘાણ વાળવા માંડ્યો. એણે હાથી, ઘોડા કે યોદ્ધા કોઈને છોડ્યા નહીં. ભીમ અને કર્ણ ! કોણ કોનાથી ચડે ? કોણ કોને હંફાવે ? - એ પ્રશ્ન જાગે તેવા મનસ્વીપણે બંને ભયાનક યુદ્ધ ખેલવા લાગ્યા. આ બંને ખેલૈયા સાથે બંને પક્ષના યોદ્ધાઓ પણ યુદ્ધનદીમાં ઝંપલાવે જ ને ? અને એ ઘોર યુદ્ધ અને તેના પરિણામે સર્જાતી સંહારલીલાએ લોહીના પૂરનું ઘૂઘવતી યુદ્ધનદીનું સ્વરૂપ ધારણ કર્યું. કેવી હતી એ નદી ?

"જે નદીમાં ધ્વજ-પતાકારૂપી વૃક્ષો તણાતાં હતાં, શોણિતવાળા પાણીમાં રથોનાં વમળો મંડરાતાં હતાં, તેથી હાથી-ઘોડારૂપી મોજાંઓ બેકાબૂ બની ઊછળતાં હતાં. યુદ્ધનદીમાં કોઈને ક્યાં તરીને પાર ઊતરવું હતું ? છતાં બખ્તરો તરાપાની જેમ તરતાં હતાં. રથચક્રરૂપી કાચબા, ગદારૂપી મગરો અને બાણોરૂપી નાનાં માછલાંઓ આમતેમ અટવાતાં હોવાથી યુદ્ધનદીને વધુ ભીષણ બનાવતાં હતાં. માંસરૂપી કીચડ ઊભરાતો હતો. સંગ્રામમાં હણાયેલા સેંકડો સૈનિકોને પિતૃલોકમાં લઈ જઈ વીરગતિ અપાવવા યુદ્ધનદી ધસમસતી આગળ વધી રહી હતી."

અર્જુને નાગાસ્ત્ર ચલાવી વીરોના પગ બાંધ્યા અને તારકાસુરના વધ વખતે ઇન્દ્રે દાનવોને માર્યા હતા, તેમ અર્જુને કર્મરહિત બનેલી, અચેત જેવી કૌરવસેનાને મારી. પરાજિત કૌરવસેના નિસ્તેજ બની ગઈ. આ સંહાર થયો ને વળી "લોહીના કાદવથી ભરેલી નદી વહેતી થઈ. તે નદીમાં રથરૂપી ઘૂમરી, હાથીઓરૂપી પ્રાણીઓ, માનવરૂપી માછલીઓ, ઘોડારૂપી મગરો અને કેશરૂપી શેવાળ તો હતાં જ, પણ વધુમાં રત્ન અને મણિયુક્ત કપાયેલા હાથરૂપી સાપ અને મોટી-મોટી સાથળોરૂપી મગરો હતાં. ધનુષ્યરૂપી ઘાસ તેમાં ઊગ્યું હતું. બાણ અંકુર જેવાં લાગતાં હતાં. મહાવિનાશલક્ષી પાતાળ સમી આ નદીમાં ગીધોની ચાંચ પણ યોદ્ધાઓની આંતરમાળામાં અટવાઈ ગઈ હતી."

સેનાપતિ શલ્યનું પાંડવસૈન્ય સાથેનું યુદ્ધ પણ ખોફનાક ખેલાયું છે. સમરાંગણમાં ઘમસાણ મચ્યું ત્યારે યુદ્ધનદી કેવી હતી ?

"બાણ અને તોમરોથી ઘવાયેલા યોદ્ધાઓ અને ગજરાજોના વહી નીકળેલા લોહીની નદીમાં ઘોડાપૂર આવ્યું છે. રથોરૂપી ઘૂમરીઓ ખાતી એ નદીમાં હાડકાંરૂપી કાંકરા પથરાઈને પડ્યા છે. ધનુષ્યરૂપી પ્રવાહમાં વચ્ચે હાથીઓરૂપી પર્વતો અને અશ્વોરૂપી શિલાઓ ઊભાં છે. રત્ન અને મણિથી યુક્ત કપાયેલા હાથરૂપી સર્પો યુદ્ધનદીમાં સરતા રહે છે. માથાના ટોપરૂપી શેવાળથી છવાયેલી આ નદીમાં પતાકારૂપી સુંદર વૃક્ષો ઊભાં છે. ત્રિવેણીરૂપી સર્પથી ભરેલાં રથનાં ચક્ર ચકવા-ચકવી સમાન દેખાય છે."

યુદ્ધનદીનું વર્ણન વ્યાસજીએ વિસ્તારપૂર્વક, વિદ્વત્તાપૂર્ણ રૂપકો દ્વારા આયોજિત આલંકારિક ભાષામાં કર્યું છે. સમગ્ર આલેખન રસપૂર્ણ અને હૃદયસ્પર્શી રહ્યું છે. વ્યાસજીની સંવેદનશીલતાની ઉત્કટતા એકના એક દૃશ્ય કે સ્થળ-પ્રસંગને વારંવાર પંચેન્દ્રિયથી અનુભવવા કે માણવા પ્રેરે છે ત્યારે તેઓ પુનરુક્તિનો દોષ વહોરીને પણ પોતાને પડેલા સ્વાદને વર્ણવવાનું છોડતા નથી.

હા, વ્યાસજીએ યુદ્ધનદીના વર્ણનમાં ઘણું પુનરાવર્તન કર્યું છે, પણ તેમણે સ્થળ-સંજોગોને વધુ ભાવવાહી બનાવવા જ આવું કર્યું હશે. મોટા ભાગના ઉપમા અલંકારો અગાઉનાં વર્ણનો પ્રમાણે જ છે, પણ વ્યાસજીએ ક્યારેક હાડકાંના ઢગલાને કાંકરાની સાથે તો ક્યારેક મરેલાં માછલાંના ઢગલા સાથે સરખાવેલા છે. ક્યારેક વ્યાસજીને મસ્તક પરના વાળ ઘાસ જેવા તો ક્યારેક શેવાળ જેવા દીસે છે.

યુદ્ધનદીના વર્ણનમાં વ્યાસજીનાં કલ્પના, અવલોકન અને શબ્દગૂંથણી

ભલે અદ્‌ભુત છે, પરંતુ ભયાનક દૃશ્યનું સર્જન કરવા માટે જાત સાથે અનુભવેલી સંવેદના આપણી સૌની સંવેદનાને જાગૃત કરી સમસંવેદક બનાવવા સમર્થ બની છે.

કેવી ભયાનક હશે એ યુદ્ધનદી ? શબ્દ, ગંધ, સ્પર્શ, રૂપ અને રસ જેવી પાંચ જ્ઞાનેન્દ્રિયો, આંખ, કાન, નાક, ત્વચા, જીભ જેવી પાંચ કર્મેન્દ્રિયો ઉપર કેવી વિશદ અસર તે ઉત્પન્ન કરતી હશે ? લોહીની નદીઓ, માંસ, મેદ, મજ્જાના કીચડો, યોદ્ધાઓ-હાથીઓ-અશ્વોના કપાયેલા અવયવો, માંસાહારી પશુ-પક્ષીથી કોચાયલા અવયવો - આ બધાની વાસ નાસિકેન્દ્રિય ઉપર કેવી અસર કરતી હશે ?

આ ઉપરાંત યુદ્ધનદીમાં કપાયેલા માનવ-અવયવોની સાથેસાથે પશુઓના અવયવો વહેતા જોવા, યુદ્ધસંગ્રામમાં તોડી નખાયેલા રથો તેમ જ અસ્ત્ર-શસ્ત્ર, જૂનો કાટમાળ, વિખેરાઈને ભૂમિ પર પડેલા મુકુટો અને અલંકારો - આ બધાની આંખ ઉપર કેવી અસર થતી હશે ?

ઘાયલ સૈનિકોની અને પશુઓની મરણચીસો, ચિત્કાર, આર્તનાદ, મૃત્યુમાંથી બચી જવાની જિજીવિષાયુક્ત ચીસો કાનને કેટલી વેદના આપતાં હશે ?

જોવાં, સાંભળવાં કે અનુભવવાં અત્યંત કઠિન એવાં દૃશ્યોના ભાવોનું નિરૂપણ કરવામાં વ્યાસજી પોતે પણ હૃદયના આંતરિક ખૂણે કેટલી વેદના સહેતા હશે ? ત્યારે જ તો તેઓ આવું નિર્વેદપૂર્ણ આલેખન કરી શક્યા હશે ને ?

'મહાભારત'કાર વ્યાસજી તો આર્ષદ્રષ્ટા છે, મહાઋષિ છે. ઘોર, દારુણ યુદ્ધ અને કમકમાટી ઉપજાવે તેવી યુદ્ધનદીનાં વર્ણનો દ્વારા ભવિષ્યની પેઢીને યુદ્ધહાનિ તરફ તેઓ અંગુલિનિર્દેશ કરતા તો નહીં હોય ને ?



11

યુદ્ધ, હાનિ, ગ્લાનિ, નિરર્થકતા



કહે છે કે પગ વડે ચાલે તે યાત્રા, પ્રાણ વડે ચાલે તે જીવન, સમુદાયથી ચાલે તે સમાજ, પેઢીઓથી ચાલે તે ઇતિહાસ અને યુગોથી ચાલે તે સંસ્કૃતિ.

પરંપરા, પ્રસંગો, રીતિનીતિ આલેખતો ઇતિહાસ એટલે એવો ગ્રંથ, જેમાં આલેખાયેલા વિષયો-પ્રસંગો, તેનાં સારાં-માઠાં તત્કાલીન પરિણામો એ બધું જ પૂર્ણ થઈ જાય અને પછી જે રાખેલી નોંધને રસપ્રદ શૈલીથી સમાજ સમક્ષ મૂકવામાં આવે. ઇતિહાસ નથી એકલો માહિતીભંડાર, નથી કપોળકલ્પિત વાતોનો ખજાનો. અહીં તો સત્યઘટનાને ભાતીગળ ઓપ આપી, રુચિકર અને મધુર બનાવી, સમાજને ભૂતકાળમાં ડોકિયું કરાવવાનો પ્રયાસ હોય છે. સત્યનો રણકો ન હોય તો તે ઇતિહાસ નથી, કેવળ વાર્તાવિનોદ છે.

ઉદાત્ત, મૂલ્યવાન, ભવ્ય વારસો આલેખતો આપણો ઇતિહાસ એટલે 'મહાભારત', જે સાત-સાત પેઢીઓને જીવંત બનાવનાર વ્યાસજીની શબ્દસમૃદ્ધિથી મૂલ્યવાન બનેલ છે.

શ્રી શાંતિકુમાર પંડ્યાએ નોંધ્યું છે : "વિવાદાસ્પદ ઘટનાઓનાં ઘોડાપૂર ઊમટે ત્યારે ઇતિહાસ ન લખાય. ઘટનાઓએ ઊભાં કરેલાં વમળો શાંત થાય,

ઇતિહાસનું સત્ય દૂષિત ન થાય કે કોઈને સંક્ષુબ્ધ ન કરે ત્યારે જ સાચો ઇતિહાસ લખાય.''

'મહાભારત'ના 'આદિપર્વ'માં જણાવ્યું છે : ''જ્યારે કૌરવકુળનાં મુખ્ય પાત્રોએ જીવનના તખતા પરથી વિદાય લઈ લીધી, પાંડવોએ પણ સ્વર્ગારોહણ કર્યું, સૌ પરમ ગતિને પામ્યા ત્યારે વ્યાસજીએ આ ઉત્તમ ઇતિહાસકથાની રચના કરી.''

પાંડવોના સ્વર્ગારોહણ પછી ત્રણ વર્ષે વ્યાસજીએ આ ઇતિહાસગ્રંથ પૂરો કર્યો ત્યારે તેનું નામ 'જય' રાખેલું. સંભવ છે કે મૂળ ગ્રંથમાં પાંડવતરફી કે કૌરવતરફી કથા નહીં હોય. વ્યાસજી તટસ્થ દ્રષ્ટા છે. પોતાના કુળની કથા હોવાથી અવસાદ વ્યાપ્યો હોય અને તેમણે વિષાદકથા આલેખી હોય. કૌરવ-પાંડવ વ્યાસજીની ડાબી-જમણી આંખ છે. એમણે દરેકનાં સારાં-માઠાં કાર્યની નોંધ લીધી છે, પછી જ સમાજની અખિલાઈ ઓળખી અને આલેખી છે. યુગદ્રષ્ટા વ્યાસજીએ પ્રાચીન ભારતના ઇતિહાસનો જ્ઞાનભંડાર ખુલ્લો મૂક્યો છે.

સઘળી દિશાઓને તેજસ્વી સૂર્યકિરણો સમાન દેદીપ્યમાન બનાવીને શણગારી છે એવા આ ઇતિહાસગ્રંથને અખંડ રૂપે અનુભવીએ છીએ, કારણ, એમાં સત્યનો સ્પર્શ છે. આ એવો ઇતિહાસગ્રંથ છે, જેમાં સંસારનાં સૌમ્ય-રૌદ્ર, કરાલ-કોમલ, ભયાનક અને લાલિત્યપૂર્ણ, કટુ-મિષ્ટ, ઝેર-અમૃત એવાં અનેક દ્વંદ્વને વ્યક્ત કરવામાં આવ્યાં છે.

વ્યાસજીનું ધ્યેય પરમ તત્ત્વનું દર્શન કરવા યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરાવવાનું હોવાથી, માનવમનની પ્રબળતમ લાગણીઓ તેમણે વ્યક્ત કરી હોવાથી આ ઇતિહાસકૃતિ ક્યારેય જૂની નથી લાગતી. ક્યાંય વાસીપણાની બદબૂ નથી આવતી. જ્યારે વાંચો ત્યારે કોઈ નવીન અર્થની ખુશબૂ જ અનુભવાય છે. માનવમનના તમામ ખૂણાઓને પ્રકટ કરતી આ ઇતિહાસકથાએ પૂર્ણ સમાજવર્તુળ ફરતો આંટો માર્યો છે.

કહે છે કે ભૂતકાળ તો ઈશ્વર પણ બદલી શકતો નથી. હા, ઇતિહાસકાર એ કામ કરી શકે છે. વેદવ્યાસજીની 'જય' ઇતિહાસકથામાં સમયપ્રવાહ સાથે કાંઈક ને કાંઈક ઉમેરણ થતું ગયું હોવાથી ક્યાંક ઘટનાક્રમ ફેરવાયો હશે, પરંતુ વ્યાસજી પોતે સત્ય અને ધર્મના આગ્રહી હોવાથી તેમના નીતિવર્ણનમાં ફેરફાર થતો જોવામાં આવતો નથી.

'મહાભારત' ગ્રંથ પૂરો થયા પછી સૌ પહેલાં નારદે દેવોને કથા સંભળાવી, ત્યારપછી અસિત દેવલે યક્ષ-ગંધર્વ-લોકમાં કહી. ત્યારબાદ શુકદેવે રાક્ષસ-અસુર

લોકને કહી તથા ગામેગામ આખ્યાન કર્યું અને છેવટે વૈશંપાયને જનમેજયને કથા કહી; તેથી વિચાર થાય કે જનમેજય પાંડવવંશના હોવાથી વૈશંપાયને જ્યારે 'જય'-કથા સંભળાવી ત્યારે જાણ્યે-અજાણ્યે તેમણે પાંડવતરફી ઝોક લીધો હોય. અત્યારના 'મહાભારત'ગ્રંથમાં પાંડવોને ધર્મ્ય અને કૌરવોને અધર્મ્ય વર્ણવ્યા છે, પરંતુ યાદ રહે, વ્યાસજીએ પાંડવોને 'ધર્મવૃક્ષ' કહ્યા છે, પરંતુ કૌરવોને 'અધર્મવૃક્ષ' નથી કહ્યા. હા, તેમને 'મન્યુવૃક્ષ' કહ્યા છે.

ગુણવંત શાહ નોંધે છે : "'મહાભારત'માં જે લડાઈ હતી તે લડાઈ પરિશુદ્ધ ધર્મ અને અમિશ્રિત અધર્મ વચ્ચેની નહીં, પરંતુ ધર્માનુકૂલ જીવનશૈલી અને ધર્મવિરોધી જીવનશૈલી વચ્ચેની હતી. પાંડવો કાંઈ પૂર્ણ માનવી ન હતા, કૌરવો સંપૂર્ણપણે ધર્મશૂન્ય પ્રતિમાનવો નહોતા."

કથાનો આરંભ કથાના અંતથી કરવાની કલા માટે વિખ્યાત વ્યાસજી વર્ણવે છે કે યુદ્ધ પહેલાં, વિષ્ટિ નિષ્ફળ જવાની જાણ હોવા છતાં, કૃષ્ણ સમાધાનકારી પ્રયત્નો કરે છે, તેમ યુદ્ધવેળાએ પાંડવોએ યુદ્ધધર્મ ન ચુકાય તેના પ્રયત્નો કર્યા છે. યુદ્ધના કારણે કુલક્ષય ન થાય તે માટે ફક્ત પાંચ ગામ મેળવીને સંતોષ માનવા પાંડવો તૈયાર છે, છતાં યુદ્ધ થાય છે. પાંડવપક્ષે યુદ્ધમાં ધર્મસંગત આચાર થાય તેનો ખ્યાલ રાખ્યો છે, પરંતુ કૌરવપક્ષે ક્યાંય વેદનાનું સ્પંદન જાગતું નથી.

ધર્મભીરુ પાંડવોમાં સૌને યુદ્ધ વખતે અપાર વેદના છે, નિર્વેદ વ્યાપે છે, વ્યામોહ છવાય છે, સ્વજનોને માર્યાનું પાપ ખમવા જેટલું કઠણ હૃદય કોઈનું નથી. એકલો અર્જુન જ વ્યથા પામે છે તેવું નથી; જ્યારે કૌરવો કુલક્ષય થાય કે ગમે તે થાય, યુદ્ધ કરવા થનગને છે. આત્મીય જનોનો ક્ષય થવાનો હોવા છતાં કોઈના પેટનું પાણી હલતું નથી, સિવાય ભીષ્મ-દ્રોણ જેવી પીઢ અને સમજુ વ્યક્તિઓ.

વેદવ્યાસ કૌરવોના પણ કુળપિતા છે અને યુદ્ધવર્ણન કૌરવોના મંત્રી સંજયના મુખે થાય છે, એટલે જો કૌરવપક્ષે કોઈ સંવેદના જાગી હોત તો જરૂર તેનો ઉલ્લેખ થયો હોત.

વ્યાસજી ઇતિહાસ રચવા બેઠા ત્યારે વયોવૃદ્ધ થયા છે. આંખની દૃષ્ટિ ઝાંખી પડી હશે, પરંતુ અનુભવનું 'વિઝન' વધુ સતેજ બન્યું હશે. અનુભવી આંખથી જોઈ, તટસ્થતાથી વિચારી, પ્રત્યક્ષ અને પરોક્ષ નિરીક્ષણ કરીને મર્માળો જગત-ઇતિહાસ આલેખવાનો સમય ઓળખ્યો. 'જીવન એટલે આપણે પોતે અને આપણા

અનુભવો' એ સત્ય સ્વીકારી એમણે પોતાનું અનુભવભાથું આપણી સમક્ષ છોડ્યું અને આપણે આપણી જ્ઞાનભૂખ, આપણાં રસરુચિ પ્રમાણે 'મહાભારત'ને આસ્વાદીએ છીએ.

'મહાભારત'માં નથી ઝાઝી તીખાશ કે નથી કવળાં વેણવાળી કડવી વાણી કે નથી કૃત્રિમ મિષ્ટતા. 'મહાભારત' એટલે પૂર્ણ જીવનપ્રસાદ.

યુદ્ધહાનિ

'મહાભારત'ના વિશાળ ગ્રંથમાંથી આપણે તો ફક્ત યુદ્ધના ૧૮ દિવસનાં વિવિધ પાસાંઓને વર્ણવવા પ્રયત્ન કરીએ છીએ. યુદ્ધ હોય એટલે યુદ્ધહાનિ, ગ્લાનિ અને યુદ્ધની નિરર્થકતા પણ હોવાની જ.

ક્રિયાશીલ અને રમ્ય લાગતી યુદ્ધકથા આપણને વાંચવી કે સાંભળવી ગમે છે, પરંતુ યુદ્ધ ક્યારેય રમણીય હોતું નથી, કારણ, યુદ્ધમાં વેર અને વિનાશ જોવાં પડે છે. યુદ્ધહાનિ સહેવી પડતી હોવાથી ગ્લાનિથી મન ઉદ્વિગ્ન બને છે અને અંતે યુદ્ધની નિરર્થકતા સમજાય ત્યારે પસ્તાવો કરવાનો સમય આવે છે. અમંગળ વાતાવરણ ઘેરી વળે છે.

યુદ્ધમાં શસ્ત્રો ઉગામવાં શરૂ થાય છે ત્યારે વીર-આચાર જળવાતો હોય છે. દારુણ જીવનવ્રત ધરાવતા યોદ્ધાએ વજ્ર જેવી છાતી અને વજ્રહૈયું ઘડવું પડે છે. યુદ્ધ હંમેશાં સ્નેહસંબંધને બાધા કરનારું હોય છે. કલ્યાણકારી પરિણામની તો આશા જ ઠગારી.

સાત્ત્વિક અને સંવેદનશીલ વ્યાસજી વેદનાનું વરદાન પામેલી વ્યક્તિ હોવાથી, યુદ્ધ દરમિયાન અનિચ્છનીય બનાવો બન્યા ત્યારે ખૂબ વેદના પામ્યા છે.

જેમ ચંચળ સ્વભાવની લક્ષ્મી ક્યાંય સ્થિરતાથી રહેતી નથી, તેમ શક્તિ પણ કોઈ પાસે સમાઈને રહેતી ન હોવાથી જ જગત પર લડાઈનું સામ્રાજ્ય છવાય છે.

લડાઈ પૂરી થયા પછી યુદ્ધહાનિ જોઈ સૌને આત્મગ્લાનિ અને પસ્તાવો થાય છે, પણ પાણી વહી ગયા પછી પાળ બાંધવાથી શું ?

યુદ્ધ પછી બંને સેનાનો સોથ વળી ગયો. ભયાનક શાંતિ છવાઈ ગઈ. પાંડવપક્ષે સાત અને કૌરવપક્ષે ત્રણ મળીને કુલ દસ વ્યક્તિ જીવિત છે. ધૃતરાષ્ટ્રની અંધ આંખોને પણ દારુણતા દેખાય છે. સર્વનાશ માટે દુર્યોધન જેટલો જ પોતે જવાબદાર છે તેનું તેને ભાન થાય છે.

ધૃતરાષ્ટ્ર ધર્માત્મા યુધિષ્ઠિરને બોલાવી યુદ્ધહાનિ વિશે વિગતે વાત કરવા કહે છે ત્યારે યુધિષ્ઠિર કહે છે : "હે રાજન્ ધૃતરાષ્ટ્ર ! કૌરવ-પાંડવ વચ્ચે થયેલા મહાભારત યુદ્ધમાં કુલ એક અબજ છાંસઠ કરોડ ને વીસ હજાર યોદ્ધા માર્યા ગયા છે." (કુલ અઢાર અક્ષૌહિણી સૈન્ય નાશ પામ્યું હોય તો સંખ્યા ૪૭,૨૩,૯૨૦ થાય. અહીં દર્શાવેલ સંખ્યા સાથે તેનો મેળ બેસતો નથી. - મહર્ષિ વેદવ્યાસ-રચિત 'મહાભારત')

"હે રાજેન્દ્ર ! આમાં ચોવીસ હજાર એકસો પાંસઠ યોદ્ધા કોણ હતા તે જાણી શકાયું નથી."

"જેમણે પ્રસન્ન થઈને આ યુદ્ધમાં પોતાનાં શરીરો હોમી દીધાં તે વીર યોદ્ધાઓ સત્ય-પરાક્રમી હોઈને દેવરાજ ઇન્દ્રના લોકમાં ગયા."

"જેઓ નારાજ મનથી 'મરી જ જવું છે' એમ નિશ્ચય કરીને યુદ્ધક્ષેત્રમાં લડતાં-લડતાં મરણ પામ્યા તે બધા ગંધર્વલોકમાં ગયા છે."

"જે લોકો યુદ્ધમાં પ્રાણોની ભીખ માગતા પાછા ફરવા તત્પર બન્યા, પીછેહઠ કરી, છતાં પણ શત્રુપક્ષના યોદ્ધાઓથી માર્યા ગયા તે બધા યક્ષલોકમાં ગયા."

"જે મહાત્માઓને શત્રુઓએ યુદ્ધમાં શસ્ત્રોથી પાડી નાખ્યા હતા અને જેમની પાસે લડવા માટે કોઈ આયુધ ન હતું, જેઓ શસ્ત્રવિહીન હોવા છતાં લજ્જાને કારણે સતત શત્રુનો સામનો કરતા હતા તેવા યોદ્ધાઓ ક્ષત્રિયધર્મ બજાવ્યો હોવાથી બ્રહ્મલોકમાં ગયા છે, તેમાં કોઈ શંકા નથી."

"જે વીરો યુદ્ધના સીમાડાની અંદર રહીને ગમે તે ભોગે મરાયા છે, તે યોદ્ધાઓ ઉત્તર-કુરુપ્રદેશમાં જન્મ ધારણ કરશે."

"આ ઉપરાંત અસંખ્ય હાથીઓ, અશ્વો, રથો, ધજાપતાકા અને રણસામગ્રી તથા અસ્ત્રશસ્ત્રનો નાશ થયો છે."

ભલે યુધિષ્ઠિર ધર્મરાજ હતા, પરંતુ યુદ્ધમાં વીરગતિ પામેલા યોદ્ધાઓની મરણોત્તર ગતિ કેવી થઈ એ તેઓ કઈ રીતે જાણી શક્યા હશે ? પૂર્ણ માહિતી પીરસનાર મહાકવિ કહે છે, ગંધમાદન પર્વત પરના વસવાટ દરમિયાન લોમેશ ઋષિના આશીર્વાદથી યુધિષ્ઠિરને દિવ્ય દૃષ્ટિ મળેલી, જેના લીધે તેઓ યુદ્ધહાનિ સચોટ રીતે દર્શાવી શક્યા.

પરંતુ આપણી પાસે આ માહિતી પહોંચાડનાર તો વ્યાસજી ને ? કુ. ઇન્દુકલા ઝવેરીએ નોંધ્યું છે : "પ્રાચીન વ્યુત્પત્તિ દર્શાવે છે કે સાચો કવિ તો એ છે જે

ક્રાન્તદર્શી છે, જે ઋષિ છે, દ્રષ્ટા છે ને વસ્તુની આરપાર જોઈ શકે છે. આવી દૃષ્ટિની પરિપૂર્ણતા કે વ્યાપકતા એ સાચા કવિનું પહેલું અને અગત્યનું અનિવાર્ય લક્ષણ છે.''

સંશોધક, સાક્ષર અને અવલોકનકાર વ્યાસજીના ઉદ્ગાર છે : ''આ એક ગૂઢ રહસ્ય તમને કહું છું કે આ સમગ્ર બ્રહ્માંડમાં મનુષ્યથી અધિક બીજું કશું જ નથી.''

સંવેદનશીલ, વિચારશીલ અને મનુષ્યમાત્રના ચાહકને આ યુદ્ધમાં થયેલી માનવહાનિ કેટલી બધી કઠે ? એથી તો 'મહાભારત'કાર યુદ્ધહાનિને વર્ણવીને પોતાનું વેદનાભર્યું હૈયું ઠાલવે છે.

યુદ્ધહાનિ દર્શાવવાની સાથે વીર યોદ્ધાની સદ્ગતિ વર્ણવીને વ્યાસજી આપણાં જખમી થયેલાં હૃદય પર મલમપટ્ટા કરી, શાંતિ-શાતા વાળવા પ્રયત્ન કરતા હોય તેવું અનુભવાય છે.

સંહાર હોય ત્યાં સર્જન કરનાર, ખંડન હોય ત્યાં મંડન કરનાર અને સર્વનાશની ભસ્મ પર સદ્ગતિની સંજીવનીનાં અમીછાંટણાં કરવાની સંવેદના ધરાવનાર, મનુષ્યોનો આવો મોટો મહિમા ગાનાર વિશ્વમાં બીજો કોઈ કવિ પાક્યો નથી.

યુદ્ધનિંદા

'મહાભારત' એટલે મહાસાગર સમો વિશાળ ગ્રંથરાશિ. એમાં પડનારો ભલભલો તરવૈયો પણ ડૂબી જાય. આ દરિયામાં પડ્યા એટલે પાછા વળાય નહીં, કિનારો દેખાય નહીં. જળરાશિ સમ ગ્રંથરાશિને પૂર્ણપણે પામવાનું કામ ભારે દોહ્યલું.

'મહાભારત'નાં પ્રસંગપાણી નથી શાંત, નથી ધીરાં; મોજાંઓથી તરંગિત આ જળપ્રવાહ તો સદાયનો ખળભળતો, કિનારે આવીને મોજાં અથડાવી, વળી ઊંડાણમાં સમાઈ જતો જળરાશિ છે.

આ પારાવારમાં પ્રવેશવા માટે ઘણાં અખાતો, ભૂશિરો અને સામુદ્રધુનિ મળી રહે, પરંતુ સમુદ્રની આરપાર નીકળવું અશક્ય. 'મહાભારત'ને પૂરેપૂરું પામવું કદાચ અસંભવિત.

વ્યાસજી કૌરવ-પાંડવોના પિતામહ છે. સમગ્ર કુળનાશનો દાવાગ્નિ તેમની નજર સમક્ષ જ પ્રગટ થવામાં છે. ચિનગારી ભડકો ન થાય તે માટેના પ્રયત્નો એળે ગયા છે. એનું સાક્ષી છે આખેઆખું 'મહાભારત', જે કરુણાવત્સલ વ્યાસજીની આંતરવ્યથાથી પીડાય છે.

વ્યાસજીએ માનવસ્વભાવની સંસ્કૃતિ અને વિકૃતિનાં શિખરો અને ખાઈઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે, તેથી યુદ્ધ થાય તો કેવું થશે, કોણ કેવું વર્તશે, પરિણામ શું આવશે અને યુદ્ધ પછીના કેવા પ્રત્યાઘાત હશે એ બધું જ એમણે વિચાર્યું છે. સત્ય અને ધર્મના ઉપાસક આર્ષદ્રષ્ટા છે. એમની વાણી ક્યારેય મિથ્યા થતી નથી.

સૉક્રેટિસે પણ કહ્યું છે : "સાદો આસવ, પોષક ખોરાક અને જાડાં લૂગડાંની જરૂરિયાતથી આગળ જવું એટલે યુદ્ધ."

કોઈ પણ મહાયુદ્ધ રોટલાને કારણે નથી થયું, પરંતુ અહંકાર, ઉચ્છૃંખલતા, લોભ, મોહ, મમત્વને કારણે જ યુદ્ધ થાય છે અને અતિ સમૃદ્ધિ આ બધાં અનિષ્ટોને જન્મ આપનારી છે.

રાજપરિવારનું જ એક અંગ હોવાથી, અવારનવાર પરિવારની મુલાકાત લેતા હોવાથી યથોચિત સમયે, યથાયોગ્ય સલાહ અને શિખામણ આપતા વ્યાસજી યુદ્ધપૂર્વે ધૃતરાષ્ટ્રને કહે છે : "યુદ્ધ મહાદોષ છે. યુદ્ધ વિકૃત છે. કૌરવસેનાની વિશાળતા ઉપર વિજયનો મદાર ન રાખતા. સંપીલા, ઉત્સાહી, દૃઢનિશ્ચયી અને યુદ્ધમાં વિજય જ જેનું ધ્યેય છે તેવા અલ્પ સંખ્યાના યોદ્ધાઓ પણ શત્રુના મોટા દળને પરાજિત કરી શકે. મોટી સેના જ હંમેશાં વિજયી બનશે તેવું નથી. જય તો અનિશ્ચિત છે અને દૈવ-આશ્રિત છે. બાકી તો સંગ્રામમાં જય મેળવનારાઓનો પણ અંતે તો ક્ષય જ થાય છે."

अध्रुवो हि जयो नाम, दैवं चात्र परायणम् ।
जयन्तो ह्यपि संग्रामे, क्षयवन्तो भवन्त्युत ।।

વ્યાસજીના આ કથનથી આપણે શું સમજવું ? यतो धर्मस्ततो जयः - એ મૂલ્ય સાચું કે ઉપરનું કથન સાચું ? બંને સાચાં છે. ગૂઢાર્થ વાણી સાથે ભાવિ ભાખી શકતા વ્યાસજી ધૃતરાષ્ટ્રને ચેતવવા કહે છે કે મોટી સેનાને લીધે જય થશે તેમ માનવું નહીં, એટલે કે કૌરવપક્ષનો પરાજય થશે. વ્યાસજીનું આ ભવિષ્યકથન છે, પરંતુ સત્તાલાલચુ ધૃતરાષ્ટ્ર ફક્ત ચર્મચક્ષુથી જ અંધ છે તેવું નથી. તેણે મમત્વના પાટા પણ આંખે બાંધ્યા છે. આદર્શ સૈન્ય હોવાની ભ્રમણામાં જીવનારો એ ગર્વીલો રાજા છે, તેથી વ્યાસજીનાં વચનો ભીંતે અથડાઈને પાછાં વળ્યાં છે.

ત્યારબાદ વ્યાસજી કહે છે : "જય દૈવ-આશ્રિત છે અને સંગ્રામમાં જય મેળવનારાઓનો પણ અંતે ક્ષય થાય છે." આ વાક્યો પાંડવોને લાગુ પડે છે

અને આ શબ્દો સાચા ઠર્યા છે. યુદ્ધવિજય પછી પાંડવો પાસે શું રહ્યું ? સ્વજનો, મિત્રો, સ્નેહીઓ, પોતાના જુવાન પુત્રો-પૌત્રો બધું જ ગુમાવ્યું. વધ્યો એક વિષાદ. યુદ્ધ કરીને રાજ મેળવવાનો લોભ અને પરિણામે થતો પશ્ચાત્તાપ એ સિવાય શું મળ્યું ? એમની ગતિ પણ આખરે સ્વર્ગારોહણ તરફ જ થઈ ને ?

યુદ્ધને અંતે કશું જ હાથમાં આવતું ન હોવાથી જ યુદ્ધ નિરર્થક અને નિષ્ઠુર છે.

યુદ્ધ કેટલું હાનિકારક અને સંહારક છે તે વાત યુધિષ્ઠિર પણ કરે છે. વિષ્ટિ કરવા જઈ રહેલા શ્રીકૃષ્ણને યુદ્ધનિંદા કરતાં યુધિષ્ઠિર કહે છે. "ક્ષત્રિય ક્ષત્રિયને, માછલું માછલાને અને કૂતરું કૂતરાને મારીને જીવે છે એ પરંપરાગત ધર્મ તો જુઓ ! હે કૃષ્ણ ! યુદ્ધમાં હંમેશાં અનીતિ જ છે. લડાઈમાં પ્રાણની હાનિ થાય છે. નીતિ બળવાન છે. નીતિ જ શાંતિ બક્ષે છે. જીદમાં, હઠમાં પરાણે લાદેલા યુદ્ધમાં જય-પરાજય બંને રહેલા છે. યુદ્ધ સંપૂર્ણપણે પાપરૂપ છે. એમાં કયો હણનારો પોતાને નથી હણતો ? હે હૃષીકેશ ! હણાયેલાને તો જય-પરાજય સરખા જ ને અને પરાજય પામીને જીવતા રહેવું તે તો મૃત્યુથી પણ ભૂંડું છે."

મહાયુદ્ધ પછી ત્રણ પાસાં વધી જાય છે : દુઃખી લોકો, અપંગ માણસો અને ચોર લોકો. મહાભારત યુદ્ધને અંતે જે વાત યુધિષ્ઠિરે કહી તે જ બની. "શ્રેષ્ઠ યોદ્ધાઓ માર્યા જવાના. નબળા અને સામાન્ય કક્ષાના બચી જવાના." ખરી વાત છે. નબળા અને પારોઠનાં પગલાં ભરનાર જ યુદ્ધમાં બચી જાય છે.

યુધિષ્ઠિર આગળ કહે છે : "હે કેશવ ! વિજેતાએ પણ યુદ્ધમાં એટલું બધું ગુમાવ્યું હોય છે કે યુદ્ધ જીત્યા પછી એને જીવવાનો કંટાળો આવી જાય છે." "હે કૃષ્ણ ! ઘી હોમવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય, તેમ વેરથી વેર વધે છે, વેરથી વેર શમતું નથી."

न चापि वैरं वैरेण केशव, व्युपशाम्यति ।
हविषाग्निर्यथा कृष्ण भूय एवाभिवर्धति ।।

"વેર-પ્રતિવેરનું વિષચક્ર ચાલ્યા જ કરે છે. શત્રુના કુળનો સદંતર નાશ શક્ય નથી, નહીંતરેય એવી પ્રવૃત્તિ તો હીન જ ગણાય ને ?"

સંપ, સુલેહ, સંધિના નિષ્ફળ પ્રયત્નો એટલે સંગ્રામનો પ્રારંભ. પંડિતો અને નેસડામાંના કૂતરાઓની ઉપમા આપતાં કહે છે : "પૂંછડી પટપટાવવી એટલે ધજા

ફરકાવવી, દાંતિયાં કરવાં તે ઈર્ષાવૃત્તિથી ઝેરી નજરે જોવું, ઘૂરકિયાં કરવાં તે શત્રુની નિંદા અને આત્મપ્રશંસાનાં જૂઠાણાં ફેલાવવાં. વિવર્તન તે વ્યૂહરચના, દાંત દેખાડી ભસવું તે સિંહનાદ. આ રીતે શ્વાનયુદ્ધનાં લક્ષણો સાથે માનવયુદ્ધ શરૂ થાય છે. જેમ બળવાન કૂતરો નબળા કૂતરાનું માંસ ખાઈ જાય છે, તેમ માનવયુદ્ધમાં બળવાન પુરુષ નબળાનું આમિષ એટલે કે ધન-સંપત્તિ ખાઈ જાય છે, તેમાં સહેજે તફાવત નથી.''

વ્યાસજી યુધિષ્ઠિરના મુખે તદ્દન સચોટ અને માર્મિક કથન કહેવરાવે છે, સમાજ સડવા લાગ્યો હોય તેવી દુર્ગંધયુક્ત વાત હથોડાપછાડ શબ્દો વાપરી યુદ્ધનિંદા કરે છે, યુદ્ધવિમુખ બનવા આપણને શીખ આપે છે અને અપેક્ષા પણ રાખે છે કે 'શાંતિ એ જ જીવન છે' એવું આપણે સમજીએ અને સ્વીકારીએ.

યુદ્ધગ્લાનિ

નીતિશાસ્ત્ર કહે છે : ''અંતની કાળજી પણ આરંભ જેટલી જ રાખવી જોઈએ.''

પાંડવો આ સૂત્ર વીસરી ગયા. વિજયમદમાં આવી ગયેલા પાંડવો પોતાની શિબિરમાં હળવાશની પળો માણવા લાગ્યા, નિરાંતે ઊંઘતા રહ્યા, ત્યારે અન્ય શિબિરમાં ઊંઘતા દ્રૌપદીના પાંચેય પુત્રો, તેમના મામા ધૃષ્ટદ્યુમ્ન - એ બધાનો અશ્વત્થામાએ ક્રૂર કર્મ આચરતાં મહાસંહાર કર્યો. એકમાત્ર બચેલા ધૃષ્ટદ્યુમ્નના સારથિએ યુધિષ્ઠિરને આ શોકસમાચાર આપ્યા.

દુશ્મન જીવતો હોય ત્યાં સુધી નિરાંતે ઊંઘ ખેંચવી એ યોદ્ધાને યોગ્ય નથી. દુશ્મનની તાકાત ઓછી આંકવી એનાથી મોટી બીજી કોઈ મૂર્ખતા નથી. આવી મૂર્ખતાનો ભોગ બનેલા યુધિષ્ઠિર સહિત પાંડવો દુઃખ અને આઘાત અનુભવવા લાગ્યા અને સંખ્યાબંધ શ્લોકો વડે આ ઘટના માટે પ્રમાદને દોષિત ઠેરવવા લાગ્યા.

મહાન માનવીની પણ મર્યાદા વ્યક્ત કરતાં અચકાય નહીં તે ખરો કવિ. વ્યાસજી તેમાં પ્રથમ આવે. વ્યાસજીની કલ્પનાશક્તિ, સ્વસ્થ દૃષ્ટિ અને સનાતનને સમજવાની તટસ્થ દૃષ્ટિ અહીં વ્યક્ત થાય છે.

આગલી રાતે જ્યાં ભયંકર સંહાર થયો છે તેવા અમંગલ સ્થાને પહોંચી યુધિષ્ઠિરે જોયું કે તેમના પુત્રો, મિત્રો, હિતચિંતકો રુધિરથી ખરડાયેલાં મસ્તક અને ધડ જુદાં થઈને રવડતાં ધરતી પર બધા ચિરનિદ્રામાં પોઢેલા હતા.

યુધિષ્ઠિર કલ્પાંત કરે છે : ''અરેરે ! દિવ્ય દૃષ્ટિવાળાઓ પણ લાભ ક્યાં

છે તે જોઈ શકતા નથી. શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કર્યા પછી હું સ્વયં પરાજિત થઈ ગયો છું."

जित्वा शत्रुज्जितः पश्चात्यर्त्य देवपदातुरः ।

"પરાજય પામેલા શત્રુઓ જીત્યા છે અને જય પામેલા અમે જિતાયા છીએ."

"શત્રુઓ હાર્યા છતાં જીત્યા, અમે જીત્યા તોપણ હાર્યા. આવો જય શા કામનો ?"

जीयमाना जयन्त्यन्वे जयमाना वयं जीताः ।

"અમે ભાઈઓનો, મિત્રોનો, પિતાઓનો, પુત્રોનો, બાંધવોનો, સુહૃદગણોનો, અમાત્યોનો તથા પૌત્રોનો સંહાર કરી નાખી વિજય મેળવ્યો છે, પરંતુ હવે અમે જ શત્રુઓથી પરાજય પામ્યા છીએ."

"અમારો આ વિજય પરાજયમાં પલટાઈ ગયો છે."

जयोऽयमजयाकारो जयस्तस्मात्पराजयः ।।

રસક્ષતિ ન થાય તેવી સંસ્કારિતા જાળવીને પ્રત્યેક પ્રસંગકથા કે વ્યક્તિપ્રસંગને વર્ણવવામાં વ્યાસજીના પેંગડામાં પગ ઘાલવાની કોઈની તાકાત નથી. વાતને વિનાકારણ લંબાવી કે ટૂંકાવીને રસક્ષતિ થવા દીધી ન હોવાથી 'મહાભારત' આજે પણ જીવંત બની રહ્યું છે.

ગ્લાનિથી ઘેરાયેલા યુધિષ્ઠિર જાણે પોતાને જ પ્રશ્ન કરતા હોય તેમ કહે છે :

"જે દુષ્ટબુદ્ધિ પુરુષને જીત મેળવ્યા પછી પણ આપત્તિમાં આવી પડેલા મનુષ્યની જેમ પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવી પડે છે, તેનો વિજય એ વિજય કઈ રીતે કહી શકાય ? તેને તો શત્રુઓએ ઘોર પરાજય આપેલો છે એમ જ સમજવાનું."

કોઈ પણ યુદ્ધ શાંતિકરાર સાથે હોઈ શકે જ નહીં. યુદ્ધનાં બીજ ઘણાં ઊંડાં હોય છે. વર્ષોથી મનમાં ભંડારાઈને પડેલું વેરનું બીજ અચાનક ફૂટી નીકળે ત્યારે યુદ્ધ ફાટી નીકળે છે. યુધિષ્ઠિર પહેલેથી યુદ્ધવિરોધી હતા જ, છતાંય યુદ્ધની નોબત ગગડી એટલે ક્ષત્રિયસ્વભાવ સાબદો થઈ ગયો, છતાંય યુદ્ધની હાનિ- ગ્લાનિને પણ ઉવેખી ન શકે એ તેમની પ્રકૃતિ છે.

વ્યક્તિ ગમે તેટલી મહાન હોય, જિંદગીમાં ક્યારેક તો એણે પશ્ચાત્તાપની

આગમાં શેકાવું પડે છે. યુધિષ્ઠિરને તેઓ જુગારમાં હાર્યા, વનવાસ વેઠ્યો ત્યારે પણ આંતરિક રીતે અજંપો ને પશ્ચાત્તાપ હતા જ. યુદ્ધ પછી તે વધી ગયા. ગ્લાનિથી ઘેરાયેલા યુધિષ્ઠિરનો વિલાપ લાંબો ચાલે છે.

સગાં-સ્નેહીઓનો ઉત્તરક્રિયા પ્રસંગે હસ્તિનાપુરની બહાર, ગંગાકિનારે સપરિવાર વસતા યુધિષ્ઠિરને ગંગાનું શૈત્યપાવનત્વ પણ શાંત કરતું નથી. નારદજી, વ્યાસજી જેવા ઋષિગણ પાસે પણ હૃદયક્લેશ વ્યક્ત કર્યા વિના તેઓ રહી શકતા નથી. 'મહાસંહાર પાછળ પોતાનો રાજ્યલોભ હતો' તેવો ક્ષોભ અને ગ્લાનિ તેઓ અનુભવે છે અને કહે છે : "હે ભગવાન ! સુભદ્રાપુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પાંચેય પ્રિય પુત્રોને યુદ્ધમાં ફક્ત અમારા રાજ્યલોભવશાત્ જ મરાવી નાખીને મેળવેલો આ વિજય મને પરાજય જેવો લાગે છે."

सौभद्रं द्रौपदेयांश्च घातयित्वा प्रियान्सुतान् ।
जयोऽयमजयकारो भगवान्प्रतिभाति मे ।।

યુધિષ્ઠિરે યુદ્ધનિંદા કરી યુદ્ધગ્લાનિ અનુભવી, આત્મધિક્કાર, ક્ષોભ, શરમ અને આત્મતિરસ્કાર અનુભવ્યા.

યુદ્ધમાં સર્વનાશ થયો. શ્રીકૃષ્ણ, સાત્યકિ સહિત પોતે પાંચ ભાઈઓ, કૌરવપક્ષે અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા મળીને કુલ દસ વ્યક્તિ હયાત છે. પાંચેય પાંડવોનો એક પણ પુત્ર બચ્યો નથી, પૌત્ર પણ બચ્યો નથી, સિવાય પેલો અભિમન્યુની પત્ની ઉત્તરાનો ગર્ભસ્થ શિશુ. બધા જ યુદ્ધહુતાશનમાં ભસ્મીભૂત થઈ ગયા છે.

યુદ્ધગ્લાનિ એકલા યુધિષ્ઠિરને જ થાય છે એવું નથી. યુદ્ધ પછી બચેલા ધૃતરાષ્ટ્ર વગેરે વડીલવર્ગ, સ્ત્રીવર્ગ - બધાંને યુદ્ધગ્લાનિ થાય જ છે. યુદ્ધહાનિના સંતાપથી દગ્ધ થયા વિના કોણ બચી શકે ? પાષાણને પિગળાવી દે તેવું કરુણ-દારુણ વાતાવરણ ઘેરાઈ ગયું છે.

આજે તો સો-સો પુત્રોની માતા ગાંધારીનો ખોળો સૂનો પડી ગયો છે, તેમ જેમનાં શૌર્ય-પરાક્રમ માટે ગર્વ લેતી દ્રૌપદી પણ પુત્ર વિનાની બની ગઈ છે. બંને માતા એકબીજાનું દુઃખ સમજી શકે છે, પરંતુ પેલી કુંતીનાં દુઃખને કોણ જાણશે ? એ તો પોતાનો શોક પણ પ્રદર્શિત કરી શકે તેમ નથી. મન મૂકીને રડવાનું પણ એના ભાગ્યમાં નથી. સૂર્યકાન્તિ સમો તેજસ્વી, ઉદાર, દાનવીર, શૂરવીર, નિષ્ઠાપૂર્ણ, વફાદાર વ્યક્તિત્વ ધરાવતો કર્ણ પોતાનો પુત્ર હતો, જે કુંતીએ ગુમાવ્યો છે તે કોણ માનશે ?

કર્ણની ઉત્તરક્રિયા કરવાનો વખત આવ્યો ત્યારે અત્યંત ક્ષોભ અને લજ્જા સાથે તેણે કર્ણની ઓળખ યુધિષ્ઠિરને આપી. યુધિષ્ઠિરાદિ પુત્રોની આંખનો રોષ જીરવવાની કુંતીની શક્તિ રહી હોય ખરી ? છતાં તે જીરવી જાય છે, કારણ, તેણે કર્ણની ઉત્તરક્રિયા કરાવવાની છે.

અર્જુનના હાથે જ સગા ભાઈનો વધ થયો એ વિચારમાત્રથી ધ્રૂજી ઊઠેલા યુધિષ્ઠિરને વળી પાછી ગ્લાનિ ઘેરી વળી. "રૂના ઢગલામાં આગ ચાંપી હોય" તેવા તેઓ દુઃખી થઈ ગયા.

બળતામાં ઘી હોમવાની દ્રૌપદીને આદત છે. યાજ્ઞસેની છે ને ? એટલે સ્વભાવ ઉગ્ર તો હોવાનો જ. દ્રૌપદી સ્વાભિમાન અને અભિમાનની ભેદરેખા પર ઊભેલી વ્યક્તિ છે. પુત્રશોકની પીડાથી તે વધુ પ્રજ્વલિત બની ગઈ છે. વ્યથાએ સંયમ ગુમાવ્યો. મહેણાં મારી યુધિષ્ઠિરની મનઃસ્થિતિ વધુ દયનીય બનાવતી દ્રૌપદીનો ગ્લાનિયુક્ત આક્રોશ વહેતો થયો.

કહે છે કે આપણે એક જ નદીના એક જ પાણીમાં બે વાર સ્નાન કરી શકતા નથી, કારણ, નદી પ્રતિક્ષણ વહેતી રહે છે. વ્યાસજીની વાણી પણ ધસમસતો નદીપ્રવાહ છે. માનવસ્વભાવના પ્રતિક્ષણ પલટાતા ભાવોને વર્ણવવામાં વ્યાસવાણી પુરઝડપે વહેતી રહે છે. પુત્રો ગુમાવ્યાની પીડાથી હલબલી ગયેલી યાજ્ઞસેની યુધિષ્ઠિરને પ્રશ્ન કરે છે :

"હે મહારાજ ! શું તમે ક્ષાત્રધર્મ અનુસાર પોતાના પુત્રોને યમરાજને સોંપીને પૂર્ણ આનંદથી સમગ્ર પૃથ્વીનો ઉપભોગ કરી શકશો ?"

दिष्ट्या राजंस्त्वमद्येमामखिलं भोक्ष्यसे महीम् ।
आत्मजान्क्षत्रधर्मेण संप्रदाय यमाय वै ।।

દ્રૌપદીના ઠપકામાંથી અર્જુન પણ બચતો નથી. દ્રૌપદી કહે છે : "મદોન્મત્ત હાથી જેવી ચાલવાળા સુભદ્રાપુત્રનું તમને સ્મરણ નથી થતું ? આ સમગ્ર પૃથ્વીને ભોગવીને તમે સુખી છો ?"

"ક્ષાત્રધર્મ અનુસાર શૂરવીર પુત્રોનું મરણ સાંભળીને ઉપપ્લવ્યનગરમાં મારી સાથે રહેતાં શું તમને પુત્રોની યાદ નહીં આવે ? હે પાર્થ ! પાપી અશ્વત્થામાએ મારા નિદ્રાધીન પુત્રોનો વધ કર્યો છે, તેથી અગ્નિ જેમ લાકડાને બાળે તેમ શોક મને બાળી રહ્યો છે.

शोकस्तपति मां पार्थ हुताशन इवाशयम् ।

તે પાપી અશ્વત્થામા અને તેના અનુયાયીઓનો જો તમે યુદ્ધમાં પરાક્રમ કરી પ્રાણ નહીં હરો, તેઓના પાપકર્મનું ફળ ન આપવાના હો, તો હું અનશન કરી પ્રાણત્યાગ કરીશ.''

અર્જુન અને યુધિષ્ઠિરની શી મનોદશા હશે ? પોતે દુઃખી, કુલક્ષયનો પારાવાર સંતાપ, દ્રૌપદીનાં દુઃખ જોઈ શકવાની અક્ષમતા, પોતાને થતી પુત્રો-પૌત્રો-વડીલો-સ્વજનો ગુમાવ્યાથી યુદ્ધગ્લાનિ, તેમાં દ્રૌપદીનાં કવળાં વેણની બાણવર્ષા. યુધિષ્ઠિરાદિની ધીરજ વખાણવી કે દ્રૌપદીનો આક્રોશ અનુભવવો ?

'મહાભારત'કાર સ્ત્રીસહજ સ્વભાવની લાક્ષણિકતા દર્શાવે છે. યાદ રહે, આ એ જ કૃષ્ણા છે, જેણે કૃષ્ણ પાસે યુદ્ધની તરફેણ કરેલી. યુધિષ્ઠિર, ભીમ, અર્જુને યુદ્ધ નિવારવાના હેતુથી સુલેહ માટે પ્રણિપાત કરવા પડે તો તેમ કરીને યુદ્ધ ટાળવા વિષ્ટિ કરવા જતા શ્રીકૃષ્ણને ભારપૂર્વક વિનંતી કરેલી, ત્યારે વીફરેલી દ્રૌપદીએ પોતાના ગૌરવની રક્ષા માટે, અપમાનનો બદલો લેવા, દુષ્ટ-પાપી દુર્યોધન અને દુઃશાસનને યોગ્ય શિક્ષા કરવા, દુઃશાસનના લોહીથી પોતાના છૂટા કેશને તરબોળ કરવા, વેરનો બદલો લેવા શ્રીકૃષ્ણને પાનો ચડાવેલો. યુદ્ધનિર્ણયમાંથી પીછેહઠ ન કરવા શ્રીકૃષ્ણને તેણે અતિ આગ્રહ કરેલો.

પોતાના મતની, પોતાના હઠાગ્રહની યોગ્યતા સિદ્ધ કરવા તેણે પોતાનો સુંદર નીલ કેશકલાપ ડાબા હાથથી પકડી શ્રીકૃષ્ણને બતાવતાં કહે છે :

''જ્યારે શત્રુ સાથે સંધિ કરવા ઇચ્છો ત્યારે દુઃશાસને વીંખેલા આ ચોટલાને યાદ કરજો. ભીમ-અર્જુન સંધિ કરવા ઇચ્છે તો તેમને સંધિ કરવા દેજો. મારા વૃદ્ધ પિતા, તેમના મહારથી પુત્રો અને મારા પાંચેય મહાપરાક્રમી પુત્રો અભિમન્યુની આગેવાની હેઠળ યુદ્ધ કરશે. દુઃશાસનના એ કાળાં કર્મ કરનાર હાથને ધૂળમાં રગદોળાતા ન જોઉં ત્યાં સુધી મારા હૃદયને શાંતિ નહીં થાય !''

વેરની આગની ભયાનક જ્વાળાઓ એટલી દાહક હતી કે દ્રૌપદી ભીમ અને અર્જુનને 'કૃપણ' શબ્દથી ઉપાલંભ આપતાં પણ અચકાતી નથી.

આ સ્ત્રી-સ્વભાવનું આબેહૂબ આલેખન ! દ્રૌપદી પહેલાં પાંડવોને યુદ્ધ માટે સતત ઉશ્કેરે છે, જીત મેળવવા પાનો ચડાવે છે. દ્રૌપદીના હૃદયમાં વેરની આગ સતત ઢબૂરાયેલી રહી છે. યુદ્ધમાં વિજય ન થાય ત્યાં સુધી ભોંય પર સૂવાની તેણે પ્રતિજ્ઞા લીધી છે. યુદ્ધ દરમિયાન 'શ્રીકૃષ્ણ સહાયેન' જીતીશું જ તેની ખાતરી તેણે રાખી છે અને હવે એ જ દ્રૌપદીનું વહેણ બીજી દિશામાં વહેતું થયું છે.

વૈરાગ્નિભરેલી દ્રૌપદીને પણ જય-પરાજયમાં ઝાઝો ફરક દેખાતો નથી. માણસની આ જ કરુણતા છે. જે નથી મળ્યું તેની ઝંખના રહે અને મળ્યા પછી મેળવ્યાનો આનંદ તે માણી શકતો નથી. 'નથી'નો અભાવ જ માણસને પીડે છે. વ્યાસજી પાત્ર-પ્રસંગ દ્વારા જ કહેવાનું હોય તે કહી દે છે.

અભિમન્યુની રાહબરી નીચે રણસંગ્રામ ખેલી શત્રુને પરાસ્ત કરવાની વાત જ અત્યારે ભુલાઈ ગઈ છે. રંગમંચ પર વિજયની ઉજવણી ઉપર વિષાદનો પડદો પાડી વ્યાસજી જાણે નાટ્યમધ્યાંતર જાહેર કરે છે. ઉત્કટ ઊર્મિઓની અભિવ્યક્તિથી પોતે જ જાણે મનોમંથનમાંથી પસાર થાય છે.

યુદ્ધગ્લાનિ તો યુદ્ધ પછી જ અનુભવી શકાય. જે ધૃતરાષ્ટ્ર હીનકર્મી દુર્યોધનનું પીઠબળ બન્યો હતો, સત્તા ટકાવવા શઠતા આચરતો હતો તે ખલપાત્ર ધૃતરાષ્ટ્ર પણ હવે ગ્લાનિ અનુભવે છે. ગાંધારીની વ્યથા તો પાટા બાંધેલી આંખમાં જ પુરાઈ રહી છે.

કહ્યું છે ને કે 'કાગળ હોય તો વાંચીએ, કરમ લખ્યાં કેમ વંચાય ?'

ક્રૂર કર્મ કર્યા પછી જરાક શાંત ને સ્વસ્થ થયેલા અશ્વત્થામાથી શરૂ કરી ભીમ, અર્જુન, કૌરવસ્ત્રીઓ - બધાં જ પોતપોતાની રીતે ગ્લાનિ અનુભવે છે.

પરંતુ ક્યારેક પ્રશ્ન થાય તેવું છે કે ધૃતરાષ્ટ્ર ખરેખર ગ્લાનિ જ અનુભવે છે કે કોઈ બીજો ભાવ અનુભવે છે ?

ધૃતરાષ્ટ્ર કેવળ 'મહાભારત'નું જ નહીં, સમગ્ર સૃષ્ટિના સાહિત્યમાંનું ઉત્તમમાં ઉત્તમ ખલપાત્ર છે, પોતાની જાતને થયેલી હાનિનું દુઃખ એને વધુ થતું લાગે છે. ધૃતરાષ્ટ્રનો વિલાપ કેવો છે ? યુદ્ધમાં સ્વજનો મર્યા તેના દુઃખ કરતાં હવે થનારી તેમની પોતાની અસહાય અવસ્થા અને પ્રારબ્ધનો દોષ તેને વધારે પીડે છે, તેથી તો તે કહે છે :

"જેની પાંખો કાપી નાખવામાં આવી છે એવા પક્ષીની જેમ આ જીવન જીવવાથી શો લાભ ? ક્ષીણકાન્તિ સૂર્ય સમાન મારો પ્રતાપ ક્યાંય દેખાશે નહીં."

દુર્યોધનના રાજ્યલોભ, સત્તામોહ તેને ધૃતરાષ્ટ્ર પાસેથી વારસામાં મળ્યા છે. આદર્શોની વાતો જગતમાં ભલે થતી રહે, ત્યાગ-વૈરાગ્ય કે નિર્મોહતાની વાતો પણ ભલે સંભળાતી રહે, પરંતુ વ્યક્તિની સત્તા અને કીર્તિ મેળવવાની ઘેલછા અને 'સ્વ' માટેનું મમત્વ વ્યક્ત થયા વિના રહેતું નથી.

ધૃતરાષ્ટ્રને પસ્તાવાની વાતો કરવાનો વખત મળ્યો છે. તે કહે છે : "મેં

મારા મિત્રોની વાત ન માની. જમદગ્નિસુત શ્રી પરશુરામ, દેવર્ષિ નારદ, કૃષ્ણદ્વૈપાયનમુનિ, વિદુર, શ્રીકૃષ્ણ, ભીષ્મપિતામહ, આચાર્ય દ્રોણ કોઈની વાત ન સાંભળી. અરે, સંજય ! મેં તારો પણ હિતકારક ઉપદેશ ન માન્યો !''

સંજય પાસે વ્યથા ઠાલવતાં ધૃતરાષ્ટ્ર કહે છે : ''બધા કહેતા હતા કે વેર વધારવાથી શો ફાયદો ?'' સાચી વાત છે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું મારવાથી શો ફાયદો થવાનો ?

ધૃતરાષ્ટ્રને પોતાનો દોષ જોવો ન હોય, દેખાય તોપણ તે ઢાંકવો હોય ત્યારે દૈવને દોષ દેવાનું તેને સહેલું પડે છે. તે સંજયને કહે છે : ''હે સંજય ! ચોક્કસ પૂર્વજન્મમાં મેં કોઈ મોટું પાપાચરણ કર્યું હશે, જેના કારણે વિધાતાએ મને આવા કઠિન દુઃખકર્મમાં ધકેલ્યો છે.''

''મારી વૃદ્ધાવસ્થા થઈ છે, મારા બધા જ પુત્રો-પૌત્રો, બંધુ-બાંધવોનો યુદ્ધમાં સંહાર થયો છે. પ્રારબ્ધવશ મારા મિત્રો, સુહૃદો અને અમાત્યોનો પણ વિનાશ થયો છે, એટલે આ જગતમાં મારા જેવો કે મારાથી વધુ દુખિયારો બીજો કોણ હોઈ શકે ? હે સંજય ! મને લાગે છે કે મારું હૃદય અવશ્ય પર્વતના સારતત્ત્વથી બનેલું છે, કારણ, સો-સો પુત્રો રણમાં રોળાયા એવા સમાચાર સાંભળવા છતાં પણ મારા હૃદયના હજાર ટુકડા થયા નહીં !''

अद्रिसारमयं नूनं हृदयं मम संजय ।
हतं पुत्रशतं श्रुत्वा यन्न दीर्णं सहस्रधा ।।

ધૃતરાષ્ટ્રના જાતભાતના બખાળા ચાલુ જ છે. તે કહે છે : ''અમારા બધા જ પુત્રોનું મરણ થવાથી વૃદ્ધ દંપતી એવાં અમારી બંનેની શી દશા થશે ? પાંડવોના શાસન તળે હું જીવવાની ઇચ્છા ધરાવતો નથી. સંપૂર્ણ પૃથ્વી પર હુકમ ચલાવી, બધાનો અગ્રેસર બનીને, અરેરે ! હવે હું કોઈનો આશ્રિત બનીને કેવી રીતે જીવન ચલાવીશ ?''

'હવે મારું શું થશે ?' એ જ સ્વાર્થપૂર્ણ વિચારપ્રાધાન્ય ભોગવતો ધૃતરાષ્ટ્ર એટલે સ્વકેન્દ્રીય મનોવૃત્તિની પરાકાષ્ઠા. પોતાની સત્તા નહીં રહે, પોતાનું ધાર્યું નહીં થાય, વર્ચસ્વ જતું રહેશે, વૃદ્ધાવસ્થામાં પોતાની કાળજી બરાબર નહીં લેવાય એવા-એવા વિચારો જ તેને સતાવે છે. યુદ્ધસંહારની ગ્લાનિ તેને સ્પર્શે છે ખરી કે જાતરખ્ખુની હૃદયવ્યથા છે ?

પોતે ધાર્યું જ હોત તો યુદ્ધ અટકાવી શકત, પરંતુ ત્યારે તેની ઇચ્છા

દુર્યોધનાદિને નારાજ કરવાની ન હતી, કારણ, એમાં પોતાનો સ્વાર્થ પણ હતો. હવે સર્વનાશ થયો ત્યારે પ્રારબ્ધને દોષિત ઠેરવી પોતે છટકી જવાની પલાયનવૃત્તિ બતાવે છે. પ્રારબ્ધ કે અન્ય કોઈ પરિબળ ઉપર દોષારોપણ કરવાની આપણી વૃત્તિને વ્યાસજીએ ધૃતરાષ્ટ્રના વ્યક્તિત્વમાં આબેહૂબ વર્ણવી છે.

મહાભારતે મનુષ્યના પ્રત્યેક પ્રકારના સ્વભાવનું ઊંડાણ માપ્યું છે. વ્યાસજી માટે તે સહજ વાત છે.

આર્ષદ્રષ્ટા વ્યાસજી દર વખતની જેમ ઓચિંતા ધૃતરાષ્ટ્ર પાસે આવી ચડે છે. ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપતાં તેઓ કહે છે : "ખરેખર કોઈ મનુષ્ય કાળની ગતિવિધિઓનું ઉલ્લંઘન કરી શકતો નથી. યમરાજની ચેષ્ટાને સ્થાવર-જંગમ કોઈ ઉવેખી શકતું નથી."

વચનમંત્ર જેવું કાર્ય કરતાં વ્યાસજી પરમ સત્યની ફિલસૂફી ગૂંથીને કાળ અને વિધિ પાસેની પ્રાણીમાત્રની લાચારી કેટલા ઓછા શબ્દોમાં સમજાવી દે છે ! આપણે જાણીએ કે આપણે સમય સાચવીએ છીએ, પણ ના, ચાલે છે તો સમય. આપણે તો તેનાં પગલાં જ માત્ર. કાળ પાછળ ઘસડાવા સિવાય આપણું કોઈ ગજું જ નથી.

દુઃખી દ્રૌપદી, મૂંઝાયેલી કુંતી અને શોકવિહ્વળ પાંડવો ગાંધારી પાસે ગયાં ત્યારે જોઈને તાજુબ થઈ જવાય તેવી ગાંધારી સ્વસ્થ હતી.

ખરેખર ગાંધારી ખૂબ વિચારશીલ છે, સત્યની આગ્રહી છે, ન્યાયબુદ્ધિ ધરાવનાર વડીલના સ્થાનને શોભાવે તેટલી પરિપક્વ, ઠરેલ ને ઠાવકી છે, માટે જ તે સ્વસ્થ છે. દ્રૌપદીને આશ્વાસન આપતાં તે કહે છે : "બેટી દ્રૌપદી ! તું આમ શોક ન કર, મારા દુઃખને પણ જો. આ સમયે જેવું મને દુઃખ થાય છે તેવું જ તને પણ દુઃખ પ્રાપ્ત થયું છે. મને કોણ સાંત્વના આપશે ? મારા જ અપરાધથી આ ઉત્તમ કુળનો નાશ થયો છે."

यथैव त्वं तथैवाहं को वा माश्वसयिष्यति ।
ममैव ह्यपराधेन कुलमग्र्यं विनाशितम् ।।

ગાંધારીના આ શબ્દો સાંભળી મંદોદરીની વાત યાદ આવે છે.

રામ-રાવણ-યુદ્ધમાં મેઘનાદ મરાયો. મેઘનાદની પત્ની અત્યંત કલ્પાંત કરવા લાગી. મંદોદરી એને શાંત પાડવા ખૂબ આશ્વાસન આપવા લાગી અને ધીરજ ધરવા સમજાવતી રહી ત્યારે આક્રોશપૂર્વક મેઘનાદની પત્નીએ કહ્યું : "માતા !

તમને મારા જેવી સ્થિતિનો સામનો કરવો પડે તો ખ્યાલ આવે કે કેટલું દુઃખ થાય છે !" સ્વસ્થ, શાંત, સમજુ, શાણી મંદોદરી જવાબ આપે છે : "હા, બેટા ! તારી વાત સાચી, પરંતુ યાદ રાખ કે તારી આ સ્થિતિમાં તારા વાંસે હાથ ફેરવી આશ્વાસન આપનાર હું છું, પણ જ્યારે રાવણ રણમાં રોળાશે, મારી પણ તારા જેવી દશા થશે, ત્યારે મને કોણ આશ્વાસન આપશે ?"

મહાભારત યુદ્ધને અંતે સૌએ સર્વસ્વ ગુમાવ્યું છે. કોણ કોને આશ્વાસન આપે ?

ખુલ્લાં કમાડ સમા હૃદયના વ્યાસજી કરુણાથી સભર છે. માનવજીવનનો અદકેરો મહિમા ગાનાર મહાકવિ સૌને માટે હૃદયવ્યથા અનુભવે છે.

રાજઘરાનામાં શોકગ્રસ્ત વાતાવરણ છવાઈ ગયું છે, તે રીતે કૌરવપક્ષના અન્ય યોદ્ધાઓની સ્ત્રીઓનો વિલાપ પણ જેવોતેવો ન જ હોય !

કૌરવપક્ષની સ્ત્રીઓની વ્યાકુળતાને કારણે થતો રુદનનો અવાજ એટલો બધો મોટો હતો કે બધાને લાગ્યું : "પ્રલયનો સમય આવતાં દગ્ધ થતાં પ્રાણીઓના ચિત્કારની જેમ તે મહાધ્વનિ વાતાવરણમાં ગુંજતો હતો. બધા એમ સમજવા લાગ્યા કે પ્રલયકાળ આવી પહોંચ્યો છે."

યુધિષ્ઠિર ગંગાતટે પહોંચ્યા. ટીટોડીની જેમ કરુણ આક્રંદ કરતી સ્ત્રીઓનાં ટોળાં તેમણે જોયા. બધી સ્ત્રીઓ હાથ ઉપર ઉઠાવીને આર્તસ્વરે વિલાપ કરતી, ખૂબ ઊંચા અવાજે પાંડવોના પ્રિય અને અપ્રિય જનો વિશે વચનો બોલતી હતી. હજારો સ્ત્રીઓ યુધિષ્ઠિરને વીંટળાઈને કહેવા લાગી : "હે યુધિષ્ઠિર ! તમારી ધર્મજ્ઞતા અને દયાળુતા ક્યાં જતી રહી ? તમે તમારા પોતાના કાકાઓ, ભાઈઓ, ગુરુઓ, પુત્રો અને મિત્રો - બધાને રણમાં જ મારી નાખ્યફ ? હે મહાબાહો ! ગુરુ દ્રોણાચાર્ય, પિતામહ ભીષ્મ તથા જયદ્રથનો પણ વધ કરીને હવે તમારા મનની અવસ્થા કેવી થઈ છે ? હે ભારત ! તમારા ભાઈઓને, પિતાતુલ્ય વડીલોને, મહામુશ્કેલીએ પણ પરાભવ ન આપી શકાય તેવા અભિમન્યુને તથા દ્રૌપદીના પુત્રોને ન જોતાં હવે આ મોટા રાજ્યને તમે કેવી રીતે ભોગવશો ?"

અશ્વત્થામાને ગ્લાનિ ઓછી થાય છે કે શું ? તે દૃઢપણે માને છે કે પાંડવોએ ધર્મમર્યાદાનો સેતુ અગાઉથી જ તોડી નાખ્યો, તેથી પોતે આવું ઘોર કૃત્ય કરવા પ્રેરાય છે. તે કહે છે : "ધર્મનો ત્યાગ કરીને પાપી પાંચાલ ધૃષ્ટદ્યુમ્નને તો હું તેના જેવા જ નીચ કર્મ દ્વારા મારીશ ! પાપી ધૃષ્ટદ્યુમ્નને શસ્ત્રનો પ્રહાર કર્યા

વિના કેવળ પશુની જેમ હું તેને છૂંદી નાખીશ, જેથી શસ્ત્રો વડે લડનારાને જે લોક મળે તે પણ તેને ન મળી શકે અને પુણ્યલોકની તેને પ્રાપ્તિ ન થાય !''

હણાયેલા દુર્યોધન પાસે તેનો ખૂબ વિલાપ ચાલુ છે, પરંતુ વિનાશકારી યુદ્ધના પરિણામનો ઉલ્લેખ કરતો આ શ્લોક નોંધનીય છે :

दुर्योधन न शोचामि, त्वामहं पुरुषर्षभ ।
हतपुत्रां शोचामि, गान्धारीं पितरं च ते ।
भिक्षुकौ विचरिष्येते शौचन्तौ पृथिवीमिमाम् ।।

''હે પુરુષશ્રેષ્ઠ દુર્યોધન ! હું તમારો શોક કરતો નથી, પરંતુ જેમના બધા જ પુત્રો મરાયા છે તેવાં માતા ગાંધારી અને મહારાજ ધૃતરાષ્ટ્ર અંગે શોક કરું છું. હવે તેઓ ભિખારી જેવાં ગરીબડાં બનીને દુઃખ ભોગવશે.''

ધૃતરાષ્ટ્ર-ગાંધારીની સ્થિતિ દયનીય છે, પરંતુ આપણને એવો પણ વિચાર આવે કે યુદ્ધમાં માર્યા ગયેલા અસંખ્ય યોદ્ધાઓનાં માતાપિતા પણ આવી જ વિષાદપૂર્ણ પરિસ્થિતિને પામ્યાં હશે ને ? અશ્વત્થામા ભલે સૌનો ઉલ્લેખ કરતો નથી, પણ મનમાં તો આ મનોમંથન, મનોવેદના અને ગ્લાનિયુક્ત આક્રોશ છલકાતાં જ હશે ને !

યુદ્ધના આરંભે અર્જુનને મોહ જાગ્યો, યુદ્ધ ન કરવા નિશ્ચય કર્યો, શ્રીકૃષ્ણના ઉપદેશને પરિણામે 'नष्टोमोह स्मृतिर्लब्धा' કહીને યુદ્ધ કરવા તૈયાર થયો, પણ હકીકતે અર્જુનને પણ યુદ્ધ માટે વિષાદ અને ગ્લાનિ થયાં જ છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો પ્રથમ અધ્યાય 'વિષાદયોગ'માં આવરી લેવાયો છે ને ?

પોતાનો પુત્ર ઈરાવાન હણાયો ત્યારે વળી પાછો અર્જુન ભારે દુઃખ, વિષાદ અને ગ્લાનિથી ઘેરાઈ ગયો અને ''ક્રોધથી ફણાધરની જેમ ફૂંફાડા મારવા લાગ્યો.'' શ્રીકૃષ્ણને અર્જુન કહે છે : ''જેમનો સંગ્રામમાં વધ ન કરી શકાય તેવા આપણા અસંખ્ય શૂરવીરોને કૌરવોએ હણી નાખ્યા છે અને આપણે તેઓને હણી નાખ્યા છે. આવાં બધાં નિંદનીય કુકર્મો ધનને માટે જ કરવામાં આવે છે. આવા ધનને ધિક્કાર છે, જેના માટે સ્વજનોનો, જ્ઞાતિજનોનો વિનાશ કરવામાં આવે છે.''

अर्थ हेतोर्नरश्रेष्ठ क्रियते कर्म कुत्सितम् ।
धिगर्थान्यत्कृते ह्येवं क्रियते ज्ञातिसंशयः ।।

વિષાદથી ઘેરાયેલો અર્જુન કહે છે :

''ધન વિના મૃત્યુ પામવું સારું, પરંતુ સ્વજનોનો વિનાશ કરીને, જ્ઞાતિવધ

આચરીને મળતું ધન નકામું છે. હે કૃષ્ણ ! આ એકઠા થયેલા સ્વજનોને હણીને મને શું પ્રાપ્ત થવાનું ?''

अधनस्य मृतं श्रेयो न च ज्ञातिवधाद्धनम् ।
किं नु प्राप्स्यामहे कृष्ण हत्वा ज्ञातिन्समागतान् ।।

''હે મધુસૂદન ! આજે હવે મને બરાબર સમજાય છે કે રાજા યુધિષ્ઠિરે દુર્યોધન પાસે પાંચ ગામની જે યાચના કરી હતી તે બરાબર જ કર્યું હતું, પરંતુ દુર્મતિ દુર્યોધને રાજ્યનો અર્ધો ભાગ કે પાંચ ગામ આપવાની માગણી પણ સ્વીકારી ન હતી.''

दृष्ट्वा हि क्षत्रियाग्र शूराग्र शयनान्धरणीतले ।
निन्दामि भृषमात्मानं धिगस्तु क्षत्रजीविकाम् ।।

''આ શૂરવીર ક્ષત્રિયોને ધરણીતલ પર ઢળી પડેલા જોઈને હું મારી જાતની નિંદા કરું છું. ક્ષત્રિયોની આવી આજીવિકાને ધિક્કાર છે.''

''હે મધુસૂદન ! આ બધા ક્ષત્રિયો મને કાયર ન માને એટલા માટે જ સ્વજનો સામે હું આ યુદ્ધ કરી રહ્યો છું.''

અર્જુનને સ્વજનો સામે યુદ્ધ કરવું ગમતું નથી, તેથી વિષાદ થયો છે. જ્ઞાતિક્ષય ન થાય તેવું તે ઇચ્છે છે. તે પ્રિયજનોને ગુમાવવા ઇચ્છતો નથી, તેથી તેનાં ગાત્રો શિથિલ થઈ જાય છે. ઋજુહૃદય અર્જુન સ્વભાવે જ કુટુંબવત્સલ છે, તેમાં પણ જ્યારે પોતાના પુત્રનું મરણ થાય છે ત્યારે તે વધુ ઉદ્વિગ્ન બને છે. યુદ્ધ માટે અને પોતાના માટે પણ તેના મનમાં ઘૃણા જાગે છે.

કથાનાયક સમા વ્યાસજી અર્જુનના સૂક્ષ્મ અને નાજુક હૃદયભાવને અત્યંત ભાવુકતાથી વ્યક્ત કરે છે :

युद्धधर्मो हि निष्ठुरः । ''યુદ્ધનો ધર્મ જ નિષ્ઠુર છે.''

આપણને વિચાર આવે કે આ વાક્ય યુધિષ્ઠિર કે અર્જુન યુદ્ધના દિવસો દરમિયાન બોલ્યા હશે. પણ ના, આ વાક્ય વ્યાસજીએ ભીમના મુખમાં મૂક્યું છે. ધૃતરાષ્ટ્રના પુત્રોમાંનો એક દાસીપુત્ર વિકર્ણ જ્યારે હણાયો ત્યારે વજ્રહૃદય ગણાતો ભીમ શોકાતુર થઈને આ શબ્દો બોલે છે. અહીં વ્યાસજી એમના કાવ્યકલા- કૌશલ માટે મેદાન મારી જાય છે.

કર્ણની રક્ષા કરતો વિકર્ણ ભીમના હાથે જ મરાય છે. આ તો યુદ્ધ છે.

શત્રુદળની વ્યક્તિ સામે હુમલો કર્યે જ છૂટકો. ભીમના હાથે વિકર્ણ હણાયો, પરંતુ ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રોમાં એક વિકર્ણ જ એવો હતો જે પાંડવોને પ્રિય હતો, કારણ ? કારણ કે દ્રૌપદીએ દ્યૂતસભામાં પોતાના પ્રશ્નનો ન્યાયી ઉત્તર માગ્યો ત્યારે ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય - બધા જ નતમસ્તકે ચૂપ બેસી રહ્યા હતા ત્યારે એક વિકર્ણ જ એવો હતો, જેણે દ્રૌપદીને સમર્થન આપ્યું હતું. ન્યાયી, તટસ્થ, સમજુ અને સહૃદય વીર જ્યારે યુદ્ધમાં હણાય ત્યારે ભીમ જેવી વ્યક્તિ પણ વ્યથા તો અનુભવે જ.

અલબત્ત, અન્ય પ્રસંગે અર્જુન પણ બોલે છે : ''યુદ્ધ કઠોર ઘટના છે. એમાં કેટકેટલું કરવું પડે છે, જે કરતાં જીવ ચાલતો નથી.''

'ભીષ્મપર્વ'માં ભીષ્મ સામે, 'દ્રોણપર્વ'માં દ્રોણ સામે વ્યથિત થઈ ગયેલો અર્જુન 'દ્રોણપર્વ'માં કૃપાચાર્ય સામે લડતાં પણ ભાવુક બની જાય છે. ગુરુજનો ઉપર પ્રહાર ન કરવાનું શિક્ષણ જેમની પાસેથી મેળવ્યું હતું એ જ આચાર્ય ઉપર પ્રહાર કરવાનો થાય ત્યારે કોઈ પણ સંવેદનશીલની સંવેદના જાગી જ ઊઠે. વ્યથિત અર્જુન કહે છે : ''જેઓ રણભૂમિમાં કદી પલાયન થતા નથી એ ગૌતમવંશના પૂજ્ય આચાર્યશ્રીને પ્રણામ. હે કૃષ્ણ ! એમના પર પ્રહાર કરનાર મને ધિક્કાર હજો !''

યુદ્ધનાં વિનાશકારી પરિણામોમાં શ્રીકૃષ્ણ પણ સંડોવાયા છે. ગાંધારી દઢપણે માને છે કે શ્રીકૃષ્ણે ધાર્યું હોત તો તેઓ યુદ્ધ નિવારી શક્યા હોત. મહાસંહારમાંથી બચી જવાયું હોત. ગાંધારી શ્રીકૃષ્ણને જવાબદાર ઠેરવી શાપ આપે છે : ''હે મધુસૂદન ! તમે પણ આજથી ૩૬મા વર્ષે મંત્રી, જાતિ, પરિવાર અને પુત્રોના લડવાના પ્રસંગને જોશો અને તેઓ તેમાં નાશ પામશે. તમે પોતે પણ નિંદિત કારણ વડે માર્યા જશો.''

બાણશય્યા પર પડેલા ભીષ્મપિતામહને પ્રણામ કરીને પાછા વળતાં શ્રીકૃષ્ણ અને પાંડવો કુરુક્ષેત્રમાંથી પસાર થયા ત્યાં તેમણે શું જોયું ?

''જે કુરુક્ષેત્રમાં મહાત્મા ક્ષત્રિયોએ દેહત્યાગ કર્યો હતો તે કેશ, મજ્જા તથા હાડકાંથી ભરપૂર હતું. સ્થળે-સ્થળે હાથીઓનાં, ઘોડાઓનાં તથા મનુષ્યોનાં હાડકાંના પર્વતો જેવડા મોટા ઢગ થયેલા હતા. સર્વ તરફ શંખોના જેવા મનુષ્યોનાં શીર્ષકપાલો (ખોપરીઓ) રવડતાં હતાં. હજારો ચિતાઓ દૃષ્ટિએ પડતી હતી. કવચો અને જાતજાતનાં શસ્ત્રોથી સર્વ પ્રદેશ વ્યાપ્ત હતો. જાણે ઉપયોગ કરીને છોડી દીધેલી, કાળની મદ્યપાન માટેની ભૂમિ હોય તેવો દેખાવ લાગતો હતો.

ઠેકઠેકાણે ભૂતોનાં ટોળાં ઘૂમી રહ્યાં હતાં. સંખ્યાબંધ રાક્ષસો તે પ્રદેશનું સેવન કરતા હતા.''

પાસે જ 'રામહ્રદ' નામના પ્રસિદ્ધ પાંચ સરોવર હતાં. પરશુરામે તે સરોવરોને ક્ષત્રિયના રુધિરથી ભરી દઈ તેમાંથી પોતાના પિતૃઓને જલાંજલિ આપી તૃપ્ત કર્યા હતા.

કેટલું કરુણ અને જુગુપ્સાપ્રેરક વર્ણન છે ! યુદ્ધના પરિણામે ભલે એકને ભાગે જય અને બીજાને ભાગે પરાજય આવે, પણ એકંદરે તે સૌને ભાગે ગ્લાનિ તો આવે જ છે. વ્યાસજીના યુદ્ધવર્ણનમાં આંતરિક રીતે તો ગ્લાનિપ્રવાહ જ વહેતો રહ્યો છે. તેમાં સંવેદનાની ઉત્કટતા અને કરુણનો સ્પર્શ સતત વર્તાયા કરે છે.

કાચો પારો અને કાબૂ બહારની સત્તા જીરવવાં મુશ્કેલ છે. એ જીરવાય નહીં ત્યારે માણસ બેફામ બને છે, અભિમાન સત્તા જમાવે છે, માણસાઈ મરી પરવારે છે અને અંતે મહાવિનાશકારી અનર્થો સર્જાય છે. સંસ્કૃતિનો ગમે તેટલો વિકાસ થાય, પણ માણસમાં રહેલાં અસભ્યતા, સ્વાર્થ, લોભ, વેર જેવા અનર્થકારી અવગુણો સદંતર તો ક્યારેય નાશ પામતા નથી અને તેથી જ પૃથ્વી ઉપર યુદ્ધોનો ઇતિહાસ રચાતો રહે છે.

મહાભારત એટલે માનવીની મર્યાદાઓની કથા અને છતાં સહઅસ્તિત્વનું કાવ્યગાન. પરિણામ ? હર્ષ સાથે શોક અને ગ્લાનિનું સંયોજન !

યુદ્ધની નિરર્થકતા

દેવર્ષિ નારદે દેવોને, અસિત દેવલે પિતૃલોકને તથા શુકદેવે ગંધર્વ-યક્ષ-રાક્ષસોને કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ રચિત આ બે શ્લોકો સંભળાવેલા :

''દુર્યોધન અહંકારથી સંપૂર્ણ ભરેલું હોય તેવું મહાન વૃક્ષ છે, કર્ણ આ વૃક્ષનું થડ, શકુનિ આ વૃક્ષની ડાળી, દુઃશાસન તેનાં મોટાં ફૂલ અને ફળ છે. અજ્ઞાનથી અંધ અને પ્રજ્ઞારહિત ધૃતરાષ્ટ્ર આ વૃક્ષનું મૂળ છે.''

''ધર્મના સાક્ષાત્ સ્વરૂપ જેવા મહાન વૃક્ષ તરીકે યુધિષ્ઠિર છે, વૃક્ષનું થડ અર્જુન છે, ભીમસેન વૃક્ષની ડાળી છે, માદ્રીના બંને પુત્રો પુષ્પ અને ફળ છે, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ, દેવો અને બ્રાહ્મણો તેનાં મૂળ છે.''

આ બંને વૃક્ષોને અડોઅડ રાખીને જોઈએ તો કોઈ પણ આયાસ વિના જ યુદ્ધની અર્થહીનતા, યુદ્ધગ્લાનિ, યુદ્ધહાનિ અને યુદ્ધની નિરર્થકતા સમજી શકાય.

જીવનની નિરર્થકતા સાથે એ પણ સમજાઈ જાય કે જય-પરાજય કશાનો

અર્થ નથી. કાળ સર્વોપરી હોવાથી અનાયાસ મળેલા માનવજીવનને સાર્થક કરીએ અને જીવનને ક્લેશમય ન બનાવીએ.

આ બધું જ જાણવા છતાં માણસ કાળ અને કર્મ પાસે લાચાર થઈને જીવે છે. 'મહાભારત'માં એકલા યુદ્ધની ગ્લાનિ નથી, માનવજીવનની ગ્લાનિ છે.

દુર્યોધન સિવાયના બધાને યુદ્ધની નિરર્થકતા સમજાઈ છે, છતાં કોઈ ને કોઈ કારણસર બધા જ યુદ્ધ માટે પ્રેરાયા છે.

આપણે સૌ ભીમની ઓળખ કેવી આપીએ છીએ? ખાઉધરો, ઝનૂની, લડવાડિયો, પોતાના બળ પર મુસ્તાક, લડાઈ ઊભી કરવા બહાનાં શોધતો, તડફડિયો માનીએ છીએ, પરંતુ હકીકત જુદી છે. બધા ભાઈઓમાં ભીમ જ સૌથી વધુ સમજુ, બુદ્ધિશાળી, દૂરંદેશ, કોઠાસૂઝવાળો અને તનમનથી મજબૂત હતો. હા, તે થોડો ઉતાવળિયો અને અન્યાય સાંખી લેનાર ન હતો. પોતાના બળ માટે તે સજાગ હતો અને એનો એને ગર્વ પણ હતો, પણ કોઈની શેહશરમમાં કે લાગણીના પ્રવાહમાં તણાઈ સ્વસ્થતા ગુમાવે તેવો તે ન હતો અને અકારણ કોઈનો દ્વેષ કરનારો પણ ન હતો.

શ્રીકૃષ્ણ ભીમના હાર્દને ઓળખી શક્યા હોવાથી તો તેને માન આપતા અને ભીમની સલાહ લેવી પણ તેઓ ચૂક્યા નથી.

વિષ્ટિ કરવા જતા શ્રીકૃષ્ણને સંધિ કરવાનું સૂચન સૌપ્રથમ ભીમનું હતું. ત્યારે શ્રીકૃષ્ણને પણ આશ્ચર્ય થાય છે, કારણ, સૌ પહેલી પ્રતિજ્ઞા ભીમે જ લીધી છે દુઃશાસનનું લોહી પીવાની, પરંતુ જ્યારે યુદ્ધ આંગણે આવીને ઊભું છે ત્યારે દૂરંદેશ ભીમ જ સંધિપ્રસ્તાવનું સૂચન કરે છે અને તે ડરના કારણે કે હારી જવાની શંકાના કારણે નહીં.

વ્યાસજીએ ભીમના મુખમાં શબ્દો મૂક્યા છે: "યુદ્ધમાં મને ભારે અનુરાગ છે, ધાર્યું પરાક્રમ કરી જાણું છું, યુદ્ધ થાય તો તેમાં હું શું કરીશ તે વિશે સંદેહ ન રાખશો, પરંતુ મેં જે શાંતિની વાત કરી તે એ વિચારથી કે ભરતકુળનો નાશ થાય, તેના કરતાં જે ક્લેશ થાય તે સહી લેવો ઠીક."

યુદ્ધ થયા પછી ગ્લાનિ અનુભવવી તેના કરતાં પહેલેથી સંયમ અને જાગૃતિ રાખવી. લોભ-મોહ છોડી દેવા સારા. પાછળથી પસ્તાવાનો સમય આવે એવું કાર્ય કરવું નહીં એ ભીમની સમજણ.

મહાભારત યુદ્ધને અંતે પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ, સાત્યકિ, અશ્વત્થામા, કૃપાચાર્ય

અને કૃતવર્મા - એટલા જ બચ્યા છે. ચિત્ર અમગંળ બની ગયું. આ હકીકત દ્વારા વ્યાસજી શું સૂચવતા હશે ? એ જ ને કે યુદ્ધ સર્વભક્ષી છે, બચે છે માત્ર ધર્મયુદ્ધપક્ષી જ. આખરે ધર્મનો જય છે. "સૂર્યને આથમતો જોયો છે, પણ સત્યને કદી આથમતું જોયું નથી" એ પ્રચલિત કથન આજકાલનું નથી. સત્ય અને ધર્મ અલગ છે જ નહીં. જ્યાં સત્ય છે ત્યાં ધર્મ છે.

બીજી અગત્યની વાત એ પણ છે કે પાંડવોને વિજય મળ્યો, તેની પણ કેટલી કિંમત ચૂકવવી પડી ? કેટલી કરપીણ હત્યાઓના અંતે ? પાંડવોના વિજય માટે વ્યાસજીએ કેવું અર્થસભર વિશેષણ વાપર્યું છે : 'रुधिरप्रदिग्ध' ! વ્યાસજીએ રમતા મૂકેલા શબ્દમાં ફેરફાર કરવો જ અશક્ય. 'रुधिरप्रदिग्ध' જયથી પાંડવોને પશ્ચાત્તાપ કરતા દર્શાવ્યા. તેઓને પણ વૈરાગ્ય વ્યાપી ગયો. વ્યાસજી આપણને કહે છે : "એવા કામાર્થી ન બનતા, જેથી યુદ્ધ પ્રગટે."

આપણો આદર્શ છે : ભરતશાસન દંડમાં યમ જેવું, ન્યાયમાં વરુણ જેવું અને ઐશ્વર્યમાં ઇન્દ્ર જેવું હોવું જોઈએ, પરંતુ 'મહાભારત'કાર વિષાદપૂર્વક કહે છે : "યુદ્ધમાં આ પક્ષ જીતે કે બીજો પક્ષ જીતે, રણસંગ્રામ છેવટે તો 'यमराष्ट्रविवर्धन' જ છે. હા, યુદ્ધ યમરાજના રાજ્યની વૃદ્ધિ કરનારું જ નીવડે છે." વ્યાસજીએ યુદ્ધની નિરર્થકતા સિદ્ધ કરી છે અને વિજેતાઓ પાસે પણ રુદન જ કરાવ્યું છે.

ભલે કહેવાતું કે 'युद्धस्य कथाः रम्या', પરંતુ જે માતાપિતાએ પોતાનો પુત્ર ગુમાવ્યો હોય, જે પત્નીએ પતિ ગુમાવ્યો હોય, તેઓને યુદ્ધકથા રમ્ય ક્યાંથી લાગે ? તેઓને માટે તો સંગ્રામ એટલે ભયાનક, ભીષણ કાલકરાલ રાત્રિ જ. ધાંધલ-ધમાલ વિનાનું ક્ષાત્રતેજ ઝગમગે, બાકી યુદ્ધમાં ઝળકેલું ક્ષાત્રતેજ માંગલ્યમય કે કલ્યાણકારી ક્યાંથી સંભવે ?

માનવજિંદગીનો અને માનવમનનો તલસ્પર્શી અભ્યાસ કરનાર વ્યાસજીનું અનુભવક્ષેત્ર વિશાળ છે, તેથી જ સાચી સમજણ આપતાં તેઓ કહે છે : "ગમગીનીને તમારી અંદર જ મોકળાશ અને આશ્રય આપો." લોકસાહિત્યકાર લોકહૃદયની વાત કરતાં પણ એ જ કહે છે ને, 'સુખમાં સૌને નોતરજે, દુઃખ તું એકલો સહેજે.' 'મહાભારત' લોકહૈયે કેટલું ધબકે છે તેની આ પ્રતીતિ છે.

વ્યક્તિ પોતાનો વિષાદ પોતાના હૈયે સંઘરે તો જગતમાં દુઃખ પ્રસરતું અટકે. જાતને કે જગતને દુઃખી કરવાનો અધિકાર કોઈને નથી.

જગતની ઘણીખરી સમસ્યા વેરવૃત્તિમાંથી જ જન્મે છે. 'Worldly Goods' નામની માઈકલ કોરડાએ લખેલી નવલકથાનાં બે વાક્યો વાગોળવા જેવાં છે : "વેરની વાનગી તો ઠંડી હોય ત્યારે જ આરોગવી સારી" અને "વેર લેવાનો ઉત્તમ રસ્તો એટલે સુંદર રીતે જીવવું."

'મહાભારત'કથામાં રહેલો વિષાદ એ આપણી અંતર્યાત્રાનું એક પગથિયું છે.

મહાકવિ યુદ્ધગ્રસ્ત, યુદ્ધત્રસ્ત અને યુદ્ધમસ્ત રહેતી માનવજાતની તીવ્ર-વેદના-યુક્ત તીણી ચીસ આલેખીને શાંતિની ઝંખના વ્યક્ત કરે છે. હિંસકવૃત્તિ નહીં અટકે તો શાંતિ તો શું, શાંતિનાં સ્વપ્નાં પણ રગદોળાઈ જશે.

યુદ્ધવિરોધ અને યુદ્ધની કડવાશ વ્યક્ત કરતા વ્યાસજીએ શાંતિસંદેશના વણાટકામમાં માનવ સાથે પશુપક્ષી અને પ્રકૃતિનાં અન્ય સર્વ તત્ત્વને વણી લઈને 'वसुधैव कुटुम्बकम्' જેવી ભાતીગળતા આલેખી છે. 'શાકુંતલ'માં કાલિદાસે કણ્વઋષિના આશ્રમનું જે વર્ણન કર્યું છે તેનો પ્રેરણાસ્રોત વ્યાસજીનું કથન છે. યુદ્ધની ભીષણતા વ્યક્ત કરતા વ્યાસજી ભાવોની મધુરતા પણ છલકાવી દે છે.

ગુણવંત શાહનું વાક્ય યાદ આવે છે : "યુદ્ધ આપણો ઇતિહાસ છે, શાંતિ એ આપણું શમણું છે."

યોગેશ્વરજીએ નોંધ્યું છે : "ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની યુદ્ધોત્તર પ્રતિક્રિયાનું વર્ણન સૂચવે છે કે સંગ્રામો નાના હોય કે મોટા, તોપણ પોતાની પાછળ પ્રતિશોધભાવ, પીડા અને અશાંતિ મૂકી જાય છે. તે જીતનાર કે હારનાર કોઈને સંપૂર્ણ શાંતિ કે સંતોષ આપતા નથી, હંમેશાં અકલ્યાણકારી જ ઠરે છે, માટે પ્રયાસ તો એવા કરવા કે યુદ્ધ થાય જ નહીં અને જો થાય તો શક્ય તેટલી ત્વરાથી શમી જાય. યુદ્ધ પાછળની પ્રેરકવૃત્તિ, સ્વાર્થ, લોભ, મોહ, અહંકાર, દ્વેષ વગેરેમાંથી મુક્તિ મેળવવામાં આવે તો માનવ વિઘાતક અસરમાંથી બચી શકે, બીજાને બચાવી શકે."

યુદ્ધમાં મૃત્યુ પામેલા વિરોધી વીર યોદ્ધાઓની પણ વિધિપૂર્વક ઉત્તરક્રિયા કરીને યુધિષ્ઠિરે માનવતાની વેલને સજીવ રાખી છે. સંઘર્ષ કે સંગ્રામ સિદ્ધાંત માટે હોય, અન્યાય સામે કે અશુભ સમાચાર સામે હોય, પણ તેથી કાંઈ માનવતાનો મૃત્યુઘંટ વાગવા ન દેવાય. માનવે દાનવ નથી બનવાનું, દાનવતાને ડામી દફનાવી દેવાની છે. 'હું માનવી, માનવ થાઉં તો ઘણું'.

આ મહાકાવ્ય લખવા પાછળ વ્યાસજીના અનેક આશયો હશે. અનુભવ-પરંપરા વડે તેમણે અનેક પાત્રો અને પ્રસંગોથી કથાને સમૃદ્ધ બનાવી છે. માહિતીનો ભંડાર તેનું બીજું નામ 'મહાભારત'. પેઢી-દર-પેઢી આ આલેખન વંચાતું અને વિચારાતું રહે અને જીવન સાર્થક થાય એવું વ્યાસજી હૃદયપૂર્વક ઇચ્છે છે.

આ આર્ષદ્રષ્ટાને ખ્યાલ આવી ગયો હશે કે આવનારી પેઢીને આ જ્ઞાનપાક એકસાથે પચાવવો અઘરો પડશે. 'ફાસ્ટફૂડ'ની પેઢીની મંદ પાચનશક્તિ સામે શુદ્ધ ઘીના લસલસતા લાડવા જેવી વાનગી એમણે પીરસી છે. તેને પચાવવા મહેનત કરવી પડશે, મથવું પડશે, પણ સદાચાર, સંયમ, સહિષ્ણુતા, સહનશક્તિ, સહાનુભૂતિ, સંપ વગેરે સાથે યુદ્ધની નિરર્થકતા પચાવશે ત્યારે જ માનવજીવન સ્વાસ્થ્યપૂર્ણ બની શકશે.

યુદ્ધમાં મળેલો વિજય પણ કેટલો કડવો હોઈ શકે, તેની પ્રતીતિ મહાભારતના ત્રિભેટે મળે છે. વિનાશના અંતે મળેલો વિજય વિષાદને સવાયો બનાવી દે છે.

આજનાં યુદ્ધોએ સ્પષ્ટ કર્યું છે કે માણસે જે વિજ્ઞાનની શોધ કરી તે વિજ્ઞાનનાં સાધનોએ જ માનવસંહાર કરવાનું જાણે બીડું ઝડપ્યું છે.

મહાભારત તો ધર્મયુદ્ધ હતું. હિન્દભૂમિ પર આજ સુધી લડાતાં આવેલાં યુદ્ધો ધર્મના વિવેકભાન સાથેનાં હતાં. યુદ્ધના નિયમોને અનુસરવામાં આવતા. કોની સાથે લડવું, કોની સાથે ન લડવું તેની ચોખ્ખી સમજ હતી.

આજનાં યુદ્ધો માણસાઈ ગુમાવી, નિયમભંગ કરીને થતાં રહ્યાં છે. વૈજ્ઞાનિકો, નીતિશાસ્ત્રીઓ, માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ - બધા જ યુદ્ધને વગોવે છે ખૂબ, પણ તેને અટકાવી શકવાની નથી કોઈની હામ કે નથી ગુંજાઈશ.

મહાભારત યુદ્ધ થયું તે ઘટનાને વ્યાસજીએ જે દૃષ્ટિકોણથી વિચારીને આલેખન કર્યું છે, તે રીતે ભવિષ્યમાં આજનાં યુદ્ધોનું આલેખન થશે ત્યારે તેમાં રહેલા દોષો દેખાશે.

જાપાનનું હિરોશીમા નાશ પામ્યું એ જીવતુંજાગતું દૃષ્ટાંત છે. તે યુદ્ધમાં જેઓ મર્યાં તેઓ તો જાણે ગયાં, પણ જેઓ જીવ્યાં તેઓની જે દુર્દશા થઈ તે જોઈ-સાંભળીને અરેરાટી છૂટે છે. માનવજાતની જે અવદશા થઈ તેનાથી સમસ્ત જગતની આંતરવેદના જાગી ઊઠી છે. પરંતુ હવે શું ? પાણી વહી ગયા પછી પાળ બાંધવાથી શો ફાયદો ?

મહાભારત યુદ્ધને બચ્ચું કહેવરાવે તેવા ત્રીજા વિશ્વયુદ્ધનો બિહામણો

ઓછાયો સમાજને ધ્રુજાવી રહ્યો છે. હવેના યુદ્ધમાં કોઈ કરતાં કોઈ વિજેતા નહીં હોય. સિવાય કબ્રસ્તાન-સ્મશાન અને હવામાં ઊડતી હશે લાશભસ્મ.

પહેલા અને બીજા વિશ્વયુદ્ધમાં ચર્ચિલે મહત્ત્વની ઉચ્ચકક્ષાની કામગીરી બજાવેલી. આ યુદ્ધોનો કડીબંધ વૃત્તાંત તેમણે બે દળદાર ગ્રંથમાં આપ્યો છે. યુદ્ધની નિરર્થકતા સમજવા આ બે ગ્રંથોને તપાસવા જેવા છે.

યુદ્ધની કારણમીમાંસા કરતા પ્રથમ ગ્રંથના પ્રથમ પ્રકરણનું નામ રાખ્યું : "The Follies of the Victors" 1919-1929" ('વિજેતાઓની બેવકૂફી' : 1919-1929')

યુદ્ધની નિરર્થકતા અંગેના ગ્રંથની પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં ચર્ચિલે લખ્યું : "One day President Roosvelt told me that he was asking publicity for suggestions about what the second world war should be called. I said at once : 'the unnecessary war'."

ચર્ચિલે કહ્યું : "યુદ્ધ અનાવશ્યક છે", વ્યાસજીએ કહેલું : "યુદ્ધ વિકૃતિ છે."

૨૯-૪-૧૯૪૬ના રોજ એબર્ડન ખાતે ચર્ચિલે ભાષણ આપ્યું : "બે વિશ્વયુદ્ધોએ માનવહૃદયમાંથી સદ્ભાવ અને સંસ્કૃતિનું નિકંદન કાઢવાનું, સલાહ-સંપથી રહેવાની સામાજિક વૃત્તિનો નાશ કર્યાનું, સાયન્સે મૃત્યુમુખી વિગ્રહના ભીષણ ઝંઝાનિલથી ઘસડાઈને મનુષ્યના હાથમાં મૂકેલા વિનાશકારી સાધનોનું, મનુષ્યની માનસિક શક્તિઓના વળેલા કચ્ચરઘાણનું, જંગાલિયતનું, કલહોનું કરુણ બયાન કર્યું અને યુદ્ધને ભયાનક માંદગી સાથે સરખાવ્યું."

ચર્ચિલે એબર્ડન ખાતેના પોતાના પ્રવચન બાદ ખૂબ ભાંગી પડેલા અને હૉલમાં જાહેરમાં રોઈ પડ્યા હતા.

મહાભારતના મહાસંહાર પછી યુધિષ્ઠિર સહિત સૌએ કેટકેટલો વિલાપ કરેલો !

ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરાએ આ માહિતી તેમના પુસ્તક 'મહાભારત : અદ્યતન સંદર્ભ'માં આપેલી છે.

રસપ્રદ વાત એ છે કે શ્રી સાંડેસરાએ યુધિષ્ઠિરના વિલાપનો અંગ્રેજી અનુવાદ કરીને ચર્ચિલને મોકલ્યો અને સાથે લખ્યું : "યુદ્ધની નિરર્થકતા તમને આજે સમજાય છે, પણ અમારી સંસ્કૃતિમાં હજારો વર્ષ પહેલાંથી આ જાણકારી છે. તમારા હૃદયસ્પર્શી પ્રવચનમાં અને યુધિષ્ઠિરના વિલાપમાં સમાનતા છે."

અને વિચક્ષણ, વજ્રહૃદયના છતાં સજ્જન એવા તે મુત્સદ્દીએ વળતી ટપાલે સાંડેસરાના વિવેચન પર મંજૂરીની મહોર મારતો પત્ર બીડેલો.

જે હોય તે, મહાભારત યુદ્ધનું વર્ણન વ્યાસજીની વેદનામાંથી ઉદ્‌ભવ્યું અને તેને સચોટ વાચા પણ આપી, એટલી હદ સુધી કે કોઈ એક વ્યક્તિની નહીં, પણ સમસ્ત ધરતીની, સમગ્ર માનવજાતિની એ વેદના બની ગઈ. વ્યાસજીએ વેદનાને સંવેદનામાં રૂપાંતરિત કરી, પોતાના શબ્દવૈભવનો આશરો લઈ વાણીના અલંકૃત લાલિત્યથી વિભૂષિત બનાવી, આપણી આંતરચેતના જગાડવા કવિતાના આ કસબીએ આપણી હૃદયઊર્મિઓનો કબજો લઈ લીધો છે.

કહે છે, જ્ઞાન સાથે કરુણા ભળે ત્યારે શાણપણનો ઉદય થાય છે, આંતરચેતના જાગે છે, ભવિષ્ય ભાખવાની શક્તિ કેળવાય છે. જેટલી આંતરચેતના જાગશે તેટલું જ માનવભવિષ્ય દિવ્યતાને પામશે.

શુભ સંકલ્પ તરફ આપણું મંગલ પ્રયાણ થાઓ.

□

12

વ્યાસજીનું ભાષાસૌંદર્ય



વ્યાસજીના ભાષાસૌંદર્ય માટે કોઈએ યોગ્ય નિરીક્ષણ કર્યું છે : "વ્યાસજીનો અમૃત-મધુર વાણીવિલાસ, ચંદ્રિકા અને ચંડાતાપ સમી કવિતા અને તાર્કિકતા પર સમાન પ્રભુત્વ, સૂક્તિઓની સરળતા, મધુરતા સાથે ક્વચિત જ જોવા મળે તેવી વક્રતા, કઠિનતા અને કટાક્ષ - એ સર્વ માટે આપણે ગર્વ લેવો ઘટે."

વ્યાસજીની અદ્વિતીયતા શેમાં ? વાણીને તેમણે 'આત્માની અમૃતા કલા' બનાવી. સ્થિર દૃષ્ટિથી અખિલાઈને આવરી લેતી આવી કવિપ્રતિભા જગત-સાહિત્યમાં અનન્ય છે. કીર્તિની પાંખ પર સવાર થયેલા તેમના શબ્દો તેમની પ્રતિષ્ઠાને દિગંતવ્યાપી બનાવે છે.

શબ્દ સાથે સાયુજ્ય કેળવનાર કવિને મન શબ્દ કેટલો મહત્ત્વનો છે અને તેની મહત્તા કેટલી છે તે તો જે શબ્દ સમજે છે તે જ સમજી શકે છે, એટલે જ તો શબ્દથી કવિ ઓળખાયો છે અને શબ્દથી જ કવિ પોંખાયો છે.

ધીરુ પરીખ કહે છે તેમ : "સાહિત્યમાં વિચાર, બાની, સાહિત્યપ્રકાર વગેરેમાં એક પ્રકારના સંયમનો મહિમા થતો રહ્યો છે. આ સંયમથી જે સાહિત્ય રચાય છે, તેને શિષ્ટ અને પછી પ્રશિષ્ટ શબ્દથી નવાજવામાં આવ્યું છે."

વ્યાસજીએ સભાનપણે પ્રશિષ્ટતા પ્રત્યેનું પોતાનું વલણ દાખવેલું છે અને તેમની આ પ્રશિષ્ટતા સર્વકાલીન અને સર્વસ્થલીય ઉત્તમતા બની રહે છે.

વ્યાસજીના સાહિત્યનું ત્યારપછીના કવિઓએ અનુકરણ કર્યું છે. અનેક લોકોને તેમાંથી જીવન જીવવાની કલા મળી, કવિઓને એમાંથી સર્જનનું અખૂટ ભાથું મળ્યું. 'મહાભારત'કાર વ્યાસે પીરસેલી કથાનો અમૃતભંડાર હજી પણ ખૂટ્યો નથી. મહાકવિ વેદવ્યાસજીને ભુવનવિજયી કહી શકાય, કારણ કે તેમના કાવ્યામૃત સાગરનાં કેટલાક બિંદુઓનું પાન કરીને પણ નવીન કવિઓની મેઘમાલા યુગાંતરો સુધી અમૃતવર્ષા કરતી રહી છે.

યોગ્ય જ કહેવાયું છે :

इदं सर्वै: कविवरैराख्यानमुपजीव्यते ।
उदयप्रेप्सुभिर्भृत्यैरभिजात इवेश्वर: ।।

"જેવી રીતે ઉન્નતિની ઇચ્છાવાળો સેવક રાજાનો આશ્રય લે છે, તેવી રીતે કવિત્વશક્તિની ઉન્નતિ માટે કવિઓ આ મહાભારતનો આશ્રય લે છે."

સંસ્કૃત સાહિત્યના વિવિધ કવિઓએ વિવિધલક્ષી ઉપાયો દ્વારા પોતાની રચનાને સમૃદ્ધ કરી છે. કોઈએ અલંકાર, તો કોઈએ વિશિષ્ટ પદરચના, કોઈએ અર્થગૌરવ, તો કોઈએ કથનની વિશેષતાને અગ્રસ્થાને સ્થાપી, જ્યારે વ્યાસજી તો આ બધાં સોપાન એકસાથે સર કરી કીર્તિશિખરે બિરાજે છે.

વાલ્મીકિએ વૈદર્ભી રીતિની કવિતાને જન્મ આપ્યો. વ્યાસજીએ તેને લીલાવતી તો બનાવી, પણ સાથેસાથે તેના લાલિત્યને પણ પૂર્ણરૂપે પ્રગટાવ્યું.

અને આ વૈદર્ભી શૈલી એટલે કેવી શૈલી ? તેમાં તો મધુરતાવ્યંજક અક્ષરો હોય. અત્યંત સરલ એવી આ શૈલીમાં મોટા ભાગે સમાસો નથી હોતા અને હોય તોપણ તે ક્લિષ્ટ એટલે કે સમજવામાં કઠિન હોતા નથી.

"આવડું મોટું મહાકાવ્ય રચ્યું, પણ આંખે ઊડીને બાઝે તે તો વ્યાસજીની શૈલી. સરળ, સ્વાભાવિક, પ્રસાદયુક્ત અને અત્યંત ત્રેવડભરી શૈલી એટલે વ્યાસજીની શબ્દસૃષ્ટિ. તેમાં પ્રવાહિતા છે અને રસમાધુર્ય છે. વર્ણવિન્યાસ, અલંકાર, છંદ- હિલ્લોળ અને કથયિતત્વનું આલેખન ઉત્તમ કાવ્યસર્જન સર્જે છે. તેમની ભાવવાહી શૈલીમાં ઓજસ્વિતાનો પરિચય પ્રાપ્ત થાય છે. ભાષાની પારદર્શકતા અને સોંસરવાપણું ભાવકને સ્પર્શી જાય છે."

વ્યાસજી એટલે શબ્દશૈલીના સ્વામી. એમની શૈલી સંયમિત, શુદ્ધ, સુંદર

અને સૂત્રાત્મક છે. સાહિત્યિક સ્પર્શ પૂરેપૂરો છે, પણ ભાષાવિવેક પણ ભરપૂર જાળવ્યો છે. યોગ્ય સ્થાને, યોગ્ય શબ્દોને, યથોચિત અલંકારોને, યોગ્ય અનુસંધાનમાં ગૂંથવાનો જાદુ એમને હસ્તગત છે. ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના મૂલાધાર એવા આ ગ્રંથની મનોહારી શૈલી ગૂઢ તત્ત્વોને સરળતાથી પ્રસ્તુત કરવાનું અપૂર્વ કૌશલ દાખવે છે. સાહિત્યશાસ્ત્રની દૃષ્ટિએ તેમાં ઉપમા, રૂપક, કરણમાલા જેવા અલંકારો જોવા મળે છે. અતિશયોક્તિ અલંકારની ક્યારેક અતિશયોક્તિ પણ લાગે છે. ભાષાશાસ્ત્રની રીતે જોઈએ તો 'ગીતા'માં આર્ષપ્રયોગો પણ જોવા મળે છે. અધ્યાત્મજ્ઞાનની દૃઢભૂમિ પર તેઓ અવસ્થિત છે.

કોઈએ નોંધ્યું છે કે વ્યાસજીએ શબ્દોને મૂલવનારી વાણીનો વેપાર કર્યો છે. થોડામાં ઘણું કહેવાની અને તેથી પણ વધુ તો સમજુ વાચકને સૂચવવાની તેમની રીતિ અદ્દ્ભુત છે. વ્યાસજી તો વાગર્થના સમર્થ સ્વામી, શબ્દના નાદમાધુર્ય, અર્થો આપવાની ગુંજાઈશ અને સાથે તેમની શૈલીની સરળતા - આ સૌ ચકાસી-ચકાસીને વ્યાસજીએ હૃદયપૂર્વક આલેખન કર્યું છે. સામાન્ય શબ્દો પાસેથી પણ તેમણે અસામાન્ય કામ લીધું છે. એમની શબ્દપસંદગી જ એવી કે લખાણના સંદર્ભને હાનિ નથી પહોંચતી. એમણે પ્રયોજેલા શબ્દને ઠેકાણે ભાગ્યે જ બીજો શબ્દ મૂકી શકીએ.

ક્યાંય કટુતા દર્શાવતી વાણી નહીં. અલંકારોથી ભરપૂર તેમની રચના હોવા છતાં તેમનાં રસપૂર્ણ વર્ણનોના આલેખનમાં શબ્દભંડોળની પંડિતાઈ બતાવવાનો ક્યાંય ડોળ દેખાય નહીં અને તેથી જ રસપ્રદ શૈલી દ્વારા સ્પષ્ટ અર્થનો નિર્દેશ તેઓ કરી શક્યા છે. લય, પ્રવાહિતા, સરળતા અને પ્રચલિત શબ્દો દ્વારા અખૂટ માધુર્ય એમણે ભરી દીધું છે.

જ્યાંજ્યાં મોટા સમાસો વપરાયા છે ત્યાં પણ કાવ્યમાધુર્ય સાચવતો સ્પષ્ટ અર્થ એમની વાણીમાં તાદૃશ થાય છે. અર્થ સમજતાં પહેલાં જ માત્ર અનુરણનથી જ મનમાં રમી રહે એવું અનુપમ રવમાધુર્ય શ્લોકેશ્લોકે આપોઆપ ગોઠવાઈ જાય છે.

વ્યાસજીની શૈલીનું એક આકર્ષક પાસું તે તેની મધુરતા. યુદ્ધવર્ણનમાં પણ મીઠાશભર્યા, વિસ્મય પમાડે તેવા અલંકારો પ્રયોજાયા છે, તેથી કોઈએ યોગ્ય જ કહ્યું છે : "સંસ્કૃત સાહિત્યના આંબાવાડિયામાં વ્યાસજી નરકોયલ છે અને તેનો મધુર સ્વર રસિક હૃદયોને ગાળી નાખે છે."

અભિધા, લક્ષણા અને વ્યંજના - શબ્દની આ ત્રણ વિશિષ્ટ શક્તિઓ પાસેથી

કવિએ કુશળતાપૂર્વક કાર્ય સાધ્યું છે અને તેથી જ તેમની શૈલી રોચક અને રસભરી બની છે. પંડિત જગન્નાથે આદર્શ કાવ્યની જે વ્યાખ્યા બાંધી છે તેને ધ્યાનમાં લેતાં નિઃશંક જણાય છે કે વ્યાસજીની કાવ્યશૈલી ''દોષરહિત, ગુણવતી, રસ અને ભાવથી સંપૂર્ણ અલંકારથી ઓપતી અને કર્ણપ્રિય પદરચનાથી ભરપૂર તેમ જ રસપ્રદ છે.''

'લોકોત્તર વર્ણન કરવામાં નિપુણ કવિનું કર્મ તે કાવ્ય.' વ્યાસજીનું મુખ્ય ધ્યેય સૂક્તિરત્નોનું સર્જન અને પ્રદર્શન અને ધર્મ તેમ જ સત્યમાં અવગાહન કરવાનું છે. તેને લક્ષમાં રાખી કવિએ કંઠાભરણ બને તેવાં સૂક્તિરત્નો આપ્યાં છે.

કવિની વર્ણનકલાની સૂક્ષ્મ સૂઝથી કૃતિ સરસતાપૂર્ણ બને છે. હૃદયંગમ વર્ણનો વાચકને મંત્રમુગ્ધ કરે છે. 'મહાભારત'નાં વિવિધ પાત્રો, પ્રસંગો, અસ્ત્રોશસ્ત્રો, હાથી, ઘોડા, રણભૂમિ, પ્રકૃતિના નિરૂપણ વગેરેનાં વર્ણનોમાં ક્યાંય રસક્ષતિ થતી નથી. કોઈ વર્ણન કંટાળાજનક નથી બનતું. ઊલટાનું કલ્પનાતીત વર્ણનો આશ્ચર્ય પમાડે છે, આનંદ આપે છે, વર્ણનોની વનરાજિમાં કથાતંતુ જળવાઈ રહે છે, ખોરવાઈ નથી જતો. એકંદરે સુદીર્ઘ વર્ણનો અને કથોપકથનનું બાહુલ્ય આકર્ષક છે.

વ્યાસજીએ કાવ્યકલા અને કથાસંયોજનનું ઉત્તમ નિરૂપણ કર્યું છે.

ગ્રંથકારનું ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, કૃષિવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણી-પક્ષી-શાસ્ત્ર, તેમાંય ખાસ અશ્વ અને હાથીઓની પ્રકૃતિ, સ્વભાવાલેખન, ઋતુઓ વિશેનું જ્ઞાન આશ્ચર્ય પમાડે તેવું છે. પ્રકૃતિનાં મૂળ તત્ત્વોની જાણે કે તેઓ સતત આરાધના કરે છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, આકાશ, વાદળ, મેઘ, વીજળી, પર્વત, વન-ઉપવન, પશુ-પક્ષી, વૃક્ષો, પુષ્પો, નદી, સરોવર, સમુદ્ર, પૃથ્વી, અગ્નિ, દાવાનળ, સૂર્યોદય, ચંદ્રોદય, પ્રાતઃકાળ, સંધ્યા, રાત્રિ, વિવિધ ઋતુઓ વગેરેને લગતું અદ્ભુત સૂક્ષ્મ નિરીક્ષણ અને તેમનું આકર્ષક ભાષામાં વર્ણન એટલે 'ન ભૂતો ન ભવિષ્યતિ'.

વ્યાસજીનું આ મહાકાવ્ય એટલે વાગ્દેવીના વ્યક્તિત્વનો આદિ અને અંત. ખુદ સરસ્વતી પણ વ્યાસજી જેવું શબ્દકૌશલ દર્શાવવા સમર્થ નથી.

'મહાભારત'માં પ્રસંગો, સંવાદો, સ્તુતિઓ, વર્ણનો, સત્ય, ધર્મ અને નીતિને સમજાવતી રત્નકણિકાઓ, પ્રારબ્ધ અને પુરુષાર્થની ચર્ચાઓ વગેરેના પ્રવાહને લીધે 'મહાભારત' બહુપ્રતિભાયુક્ત રોમાંચક કથા તરીકે ઊપસી આવે છે.

ભાષાની દૃષ્ટિએ પણ કેટલાક સંવાદોની ચમત્કૃતિ જોવા મળે છે. જેવા કે સંજય-ધૃતરાષ્ટ્ર, શ્રીકૃષ્ણ-અર્જુન, ભીષ્મ-કર્ણ, કર્ણ-શલ્ય વગેરે સંવાદો નોંધપાત્ર અને અવિસ્મરણીય છે.

અલંકારની સહજ હથોટી કવિની કલમમાં ઊભરાય છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, વ્યતિરેક અને અતિશયોક્તિ અલંકારોથી આ ગ્રંથ છવાયેલો છે. આમ જુઓ તો બધા જ સંસ્કૃત સાહિત્યકારો પોતાની કૃતિઓમાં ઉપમા અલંકારનો અવારનવાર ઉપયોગ કરવાનો મોહ જતો કરી શક્યા નથી. ઉપમા સૌનો પ્રિય અલંકાર છે. "ઉપમા કાલિદાસસ્ય' એ શબ્દપ્રયોગ ભલે વ્યાપક બન્યો, પણ કાલિદાસ તો પછી થયા. વાલ્મીકિ અને વ્યાસજીની રચનાઓનો અભૂતપૂર્વ પ્રભાવ કાલિદાસ ઉપર હતો અને તેથી ઉપમા અલંકાર યોજવાનું કૌશલ્ય પ્રાપ્ત કરવામાં કાલિદાસે આ પૂર્વકવિઓને જ શ્રેય આપવું ઘટે.

વ્યાસજીની રચનામાં યોજાયેલા અલંકારો રચનાના અંગભૂત હોય તેવા સુંદર રીતે સંકળાયેલા છે, ક્યાંય આગંતુક લાગતા નથી. ઍરિસ્ટોટલે કહ્યું છે તેમ : "કવિતાની મુખ્ય શક્તિ ઉપમા યોજવાની આવડત - કુનેહ છે."

વ્યાસજીની ઉપમાઓમાં યોગ્યતા છે, રમ્યતા છે, વિવિધતા છે. જે પદાર્થની તુલના કરવાની હોય, સામ્ય દર્શાવવાનું હોય, તેને એવા સુયોગ્ય ઉપમાન સાથે મૂકે છે કે અલંકાર તરત જ વાચકને પ્રસન્ન કરી દે છે, કારણ, ઉપમાઓની યથાર્થતા ભરપૂર હોય છે. અદ્‌ભુત અવલોકનશક્તિ અને વિશાળ અનુભવક્ષેત્રને લીધે જીવનની નિરવધિ વિવિધતામાંથી ઉપમા યોજવા માટે વ્યાસજીને પૂરતી સામગ્રી મળી રહે છે.

"જેની દાંડીઓ ભાંગી ગઈ છે અને જે રણભૂમિ પર ઊંધાં પડેલાં છે એવાં છત્રો પ્રૌઢ ચંદ્રની જેવી કાન્તિવાળાં હોવાથી જાણે કે યમરાજને આહાર આપવા માટે રૂપાનાં વાસણ મૂકેલાં હોય એમ શોભવા લાગ્યાં."

તાદૃશ ચિત્રો રજૂ કરવામાં વ્યાસજી માહેર છે. તેમાં પણ વ્યાસજીની લાક્ષણિકતા હોય તો તે સ્થિર કરતાં ચલ - static કરતાં પણ dynamic ચિત્રો સ્પષ્ટ કરવાની કુશળતા છે.

"પુષ્કળ કમલ, ઉત્પલ, માછલી, કાચબા વગેરેથી ભરેલા પક્ષીસમુદાયના અવાજથી યુક્ત બે મોટાં સરોવરો વાયુથી ખળભળી ઊઠીને એકબીજાને મળે તેમ બંને સામસામા ધસ્યા."

મનને વિચાર કરતું કરી મૂકે, વિસ્મય પમાડે તેવી રમ્યતા વ્યાસજીની ઉપમાઓને યાદગાર બનાવે છે અને ઉપમાઓની વિવિધતા કેવી અને કેટલી ? વ્યાસજીની કલાનું આ આગવું પાસું છે. ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, પર્વત, મેઘ, પુષ્પો વગેરેને ઉપમાનો તરીકે પ્રયોજીને વ્યાસજીએ ભવ્ય, કલ્પનાસમૃદ્ધ, પ્રભાવશાળી અને આકર્ષક ઉપમાઓ આપેલી છે. સાહિત્યના વિવિધ રસોને ઘૂંટતા અલંકારો આ મહાકાવ્યમાં પાતાળઝરાની જેમ અવિરત ફૂટી નીકળે છે.

''યદુકુળના એ બે શ્રેષ્ઠ પુરુષો - શ્યામવર્ણ કૃષ્ણ અને શ્વેતવર્ણ બલરામ કેવા શોભતા હતા ? જેવા સંધ્યાસમયે નભોમંડળમાં રહેલા સૂર્ય ને ચંદ્ર શોભે તેવા.''

કવિને મન આયુષ્ય એ ક્ષણોનું બાંધી આપેલું સાલિયાણું છે. ક્ષણની લાક્ષણિક ક્ષણભંગુરતા કેટલી બધી કરુણ છે ! વિવિધ અલંકારો, દૃષ્ટાંતો દ્વારા કવિ મૃત્યુનો મહિમા આલેખવાનું ચૂકતા નથી.

દ્રોણવધ થયો ત્યારે દ્રોણાચાર્યના પવિત્ર આત્માની ઊર્ધ્વગતિનું તાદૃશ વર્ણન છે : ''યોગ દ્વારા મુક્ત થયેલા દ્રોણાચાર્યના શરીરમાંથી જ્યોતિપુંજ સમગ્ર નભોમંડળને પ્રકાશી રહ્યો. ધુમાડા વિનાની ઝળહળતી ઉલ્કા આકાશમાંથી આગળ વધી નક્ષત્રમંડળમાં પ્રવેશી ગઈ. તેઓ સ્વર્ગમાર્ગે જઈ રહ્યા હતા ત્યારે આકાશમાં એકસાથે જાણે કે બે સૂર્યો ઊગ્યા હોય તેવું લાગતું હતું.''

દિનકર જોષીએ સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ ધરાવતા એવા અન્ય સાત વિદ્વાનો સાથે 'મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત'નું ૭૩,૮૩૬ મૂળ સંસ્કૃત શ્લોકો સાથેનું અઢારેય પર્વોનું સંપાદન કરેલું છે. તેમાંથી યુદ્ધવર્ણનના ('ભીષ્મપર્વ' ૧૧૭ અધ્યાય, ૫૮૮૪ શ્લોકો, 'દ્રોણપર્વ' ૧૭૦ અધ્યાય, ૮૯૦૯ શ્લોકો, 'કર્ણપર્વ' ૬૯ અધ્યાય, ૪૯૬૪ શ્લોકો, 'શલ્યપર્વ' ૫૯ અધ્યાય, ૩૨૨૦ શ્લોકો) તેમ જ યુદ્ધને અનુલક્ષીને તાજેતરમાં બનેલા પ્રસંગોને આવરી લેતાં એવાં 'સૌપ્તિક પર્વ' ૧૮ અધ્યાય, ૮૭૦ શ્લોકો અને 'સ્ત્રીપર્વ' ૨૭ અધ્યાય, ૭૭૫ શ્લોકો - એમ બધું થઈને ૨૨,૯૭૭ શ્લોકોનું આલેખન થયું છે.

અધ્યાયના ઘણાખરા શ્લોકો એક છંદમાં છે. આખા અધ્યાયમાં બે-ત્રણ શ્લોકોમાં છંદ કદાચ બદલાય, મહદંશે શ્લોકો અનુષ્ટુપ છંદમાં રચાયા છે, પરંતુ ઉપજાતિ, ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા, માલિની, વિપરીતપૂર્વા વગેરેનો પણ કુશળતાથી સમાવેશ થયો છે. છંદને અનુરૂપ ભાષાને કોમલ પદાવલિનો સહકાર મળે છે. શબ્દ અને અર્થનો સુમેળ છે.

મહાભારત યુદ્ધનું વર્ણન અલંકારપ્રચુર હોવાથી રસપોષક છે. કવિ એક રસમાંથી બીજા રસમાં સહજભાવે પ્રવેશ કરે છે. નવ રસના વર્તુળમાં કવિએ શાન્તરસ અને વીરરસને વધુ ઘેરો બનાવ્યો છે. પાત્રોની બહુલતા હોવા છતાં દરેક પાત્રને કવિ ન્યાય આપી શક્યા છે. પાત્રને અનુરૂપ ભાષાની સાહજિકતા ગમે તેવી છે. સરળ, મનોહર, મનોરમ, લાલિત્યપૂર્ણ અને પ્રાસાદિક શૈલી કૃતિને રસપોષક બનાવે છે.

શાંતરસ, વીરરસ અને કરુણરસને પ્રાધાન્ય આપી કાવ્યને રસનિષ્પત્તિપૂર્ણ બનાવ્યું છે. વીરરસને તો કવિએ સાક્ષાત્ ખડો કર્યો છે. અભિમન્યુવધ, દુઃશાસનવધ વગેરે ઘટનાઓમાં વીરરસપ્રચુર શૈલીમાં નવોન્મેષશાલિની પ્રજ્ઞાનો પરિચય થાય છે. ભીષ્મ અને અર્જુન, અર્જુન અને કર્ણ, કર્ણ અને ભીમ, ભીમ અને દુર્યોધનનાં દ્વંદ્વયુદ્ધોમાં વીરરસને સારો ઉઠાવ મળ્યો છે. ભીમ રૌદ્રરસ ફેલાવવા પ્રયત્નશીલ છે. એક જ કરુણરસ છે. કૌતુકરસ સર્વત્ર છે. કીચકવધના પ્રસંગમાં હાસ્યરસનો થોડો પ્રયત્ન છે, બાકી યુદ્ધવર્ણનમાં તો ઠીક, પરંતુ સમગ્ર મહાભારતમાં હાસ્યરસ નહીંવત્ છે. ભીમે કરેલા દુઃશાસનના રુધિરપાનની ઘટનામાં બીભત્સરસ વહ્યો છે. ઘટોત્કચના રાક્ષસી માયાવી રૂપે કરેલા સંહારમાં ભયાનક રસ છે. પતિવિહોણી સ્ત્રીઓ વિશેના ગાંધારીના વિલાપમાં, દ્રૌપદીના સૌંદર્યના આલેખનમાં તેમ જ રણભૂમિ પર વેરાઈને પડેલા વિનાશનાં વર્ણનોમાં શૃંગારરસ છે. શ્રીકૃષ્ણની બધી જ ઊથલપાથલમાં રહેલી પ્રસન્નતા તો ખરેખર તેમની ધીરતા છે, એટલે કે સર્વત્ર શાંતરસ છવાયેલો છે. એ સ્વસ્થ શાંતિ છે. મહાભારત સમગ્ર રીતે સરસ મહાકાવ્ય છે.

આ મહાકાવ્યના આસ્વાદનમાં, તેની અનુભૂતિ કરવામાં આપણને જણાય છે કે આ રચનાના મૂળમાં તો કવિની સ્વાનુભૂતિ જ પડેલી છે અને તે ખૂબ ખીલી ઊઠી છે. આપણે તે અનુભૂતિના સૌંદર્યનો, રસનો સંસ્પર્શ પામી મુગ્ધતા માણવાની છે, વ્યાસજીની સ્વાનુભૂતિને આત્મસાત્ કરવાની છે. કુટુંબક્લેશ અને કુસંપની આ કથામાં 'મહાભારત'કારનો શોક શ્લોક બનીને વહેવા લાગ્યો છે. મહાકવિએ માનવજીવનની અનાવિલ સુંદરતા અને મહિમાનું જ ગૌરવ કર્યું છે.

આમ તો કોઈ પણ સર્જકનું સર્જન એના શીલપ્રભાવથી મુક્ત ન રહી શકે. આથી જ વ્યાસજીના લખાણમાં સચ્ચાઈનાં - સત્યનાં દર્શન થાય છે, કારણ, વ્યાસજી સત્ય અને ધર્મના પરમ આરાધક છે. જે લાગણી કે અનુભવ સર્જકે

જાતે નથી અનુભવ્યાં તેમાં સચ્ચાઈનો રણકો બોદો હોય છે. વ્યાસજીના અંતરમાં સ્પષ્ટતા છે, તેથી તેમની શૈલી તેમના આંતરજીવનની સાક્ષી બનીને અવતરી છે. સત્યની છાપ સ્પષ્ટ થાય છે. સમગ્ર કથાને આત્મીય સ્પર્શ સાંપડ્યો છે, એટલે સર્જક-નાયક-ભાવક કથાપ્રવાહમાં અનાયાસ વહેતા હોય એમ અનુભવાય છે.

સ્વાભાવિક છે કે વ્યાસજીનું સર્જન અસરકારક અને આસ્વાદ્ય બન્યું છે, કલાની પરમ કોટિએ પહોંચ્યું છે. અર્થગંભીર અભિવ્યક્તિ અને અંતર્મુખી કાવ્યપ્રતિભા તેમની કવિતાને વિશિષ્ટતા અર્પે છે. 'મહાભારત' મહાકાવ્યની ભાષા સંસ્કૃતિનું ચરણામૃત થઈ રહી છે. એમની વાણી ઔષધિ સમી નીવડેલી છે. કાવ્યની અભિવ્યક્તિની ભાષામાં સંતર્પક, શીતલ, સુવાસિત જળની મધુરિમા જળવાઈ રહી છે.

प्रसन्नगंभीरपदा सरस्वती તો જે પુણ્યશાળી હોય તેની જ હોઈ શકે. કોઈકની વાણી મનમાં રહેલા ભાવ સમજાવે, કોઈ ગંભીર અર્થ પ્રગટ કરે, કોઈ ઉક્તિની શુદ્ધતા દર્શાવે, પણ सुदुर्लभा सर्वमनोरमा गिरः - સહુનાં મનનું રમણ કરે, આનંદ કરે તેવી વાણી અત્યંત દુર્લભ છે.

વિદ્યાસંપન્ન, સર્વ શાસ્ત્રોના જ્ઞાતા એવા 'મહાભારત'કાર મહર્ષિ વેદવ્યાસજીને તો આપણે કેવળ વંદન જ કરી શકીએ.

□

13

પ્રશિષ્ટ પ્રકૃતિનિરૂપણ



સંસ્કૃત સાહિત્યમાં પ્રકૃતિનાં સુંદર વર્ણનો આલેખાયાં છે. પ્રારંભે 'ઋગ્વેદ'માં પર્જન્યસૂક્તોમાં, ઉષઃસૂક્તોમાં, મરુત્સૂક્તોમાં, અરણ્યાની સૂક્તોમાં, તે પછીથી 'રામાયણ', 'મહાભારત' અને પુરાણોમાં તેમ જ ત્યારબાદ પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યગ્રંથોમાંથી આવાં વર્ણનો પ્રાપ્ત થાય છે. ભારતીય સાહિત્ય આ બાબતે ખૂબ નસીબવંતું છે.

કવિ વેદવ્યાસ આવા પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યકારોમાં આગવું સ્થાન ભોગવે છે. તેમણે જીવનનું અખિલાઈપૂર્વક દર્શન કર્યું અને તેઓ વિશ્વકવિતાના ઉદ્ગાતા બની રહ્યા. તેઓ વિશ્વદર્શી કવિ છે. 'મહાભારત'માં તેમણે પ્રકૃતિનું ભવ્ય અને સુંદર આલેખન કર્યું છે. માનવી અને નિસર્ગનું મિલન તેમનાં વર્ણનોમાં ઊડીને આંખે વળગે તેવું છે.

વ્યાસજીની રચનામાં પ્રકૃતિસૌંદર્યની કાવ્યમય અભિવ્યક્તિ થઈ છે. જીવનનો રસ માણવો હોય તો તપ કરવું પડે અને તપથી પામેલું સર્વોત્તમ જ હોય તેવો વ્યાસજીનો સંદેશો છે. પ્રકૃતિનું ભવ્ય દર્શન આલેખતા ઉપરાઉપરી શ્લોકોમાં ઉપમા, રૂપક, અતિશયોક્તિ જેવા અલંકારોની મહેક લઈને વ્યાસજી આપણને મળે છે અને આપણાં મનની મહેકને બહાર લાવી ખીલવવાની ક્રિયામાં સફળ થાય છે.

"રાફડામાં ઘૂસી જતો સર્પ", "કેસૂડાનાં પુષ્પો જેવો સુશોભિત", "કપાયેલા પર્વતો જેવા મહારથીઓ", "સરોવરની કમલિનીઓને છૂંદી નાખતા હાથી જેવો" વગેરેથી ઉલ્લેખાયેલી તેમની ઉપમાઓમાં પુનરાવર્તન પામવા છતાં અભિવ્યક્તિની તાજગી અને રસળતી શૈલીને કારણે નૂતનતા પ્રાપ્ત થાય છે. સૃષ્ટિના રોમેરોમમાં જે અદ્ભુતતા છે તેને ઇશારે જાણે વ્યાસજી નર્તન કરે છે. વ્યાસજીના અવાજમાં એક પ્રકારનો વિસ્મયાનંદ અને વિસ્મયબોધ વારંવાર વર્તાય છે. તેમની ભાષાની સચોટતા, ભાવની સુરેખતા અને રચનાની સહજ છટા અનેરી ભાત પાડે છે.

કવિવર વ્યાસજીની કાવ્ય અને જીવનની સાધનામાં તે સમયના દેશની સંસ્કૃતિનો ફાળો આગળપડતો છે. ભારતીય તત્ત્વોની તેમને ઊંડી સૂઝ હશે, તેથી જ તેમના મર્મો એમની કાવ્યદૃષ્ટિને સુગમ થતા રહ્યા છે. આર્ય સંસ્કૃતિની ભાવનાઓ સાથે તેમના હૃદયનું જીવંત જોડાણ હતું, તેથી જ તેમનાં પ્રકૃતિવર્ણનોમાં ભારતીયતા નીતરે છે અને એ જ આ કવિશ્રીની વિશિષ્ટતા છે.

પ્રકૃતિના કવિ તરીકે વ્યાસજીએ સંસ્કૃત સાહિત્યમાં જ નહીં, પણ વિશ્વસાહિત્યમાં ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે પ્રકૃતિના સૌંદર્યનું મન ભરીને પાન કર્યું છે. અતિશયોક્તિ વિના કહી શકાય કે તેમનાં વર્ણનોમાંથી પ્રકૃતિના સઘળા સંદર્ભો દૂર કરીએ તો કદાચ તેમની કૃતિઓ વાંચવાયોગ્ય ન પણ રહે. તેમનું પ્રકૃતિવર્ણન જ કાવ્યને અર્થસભર બનાવે છે, તેથી જ તે યથાર્થ અને સુંદર લાગે છે. તેઓ મનોહર શૈલીમાં નયનરમ્ય ચિત્ર રજૂ કરવાની શક્તિ ધરાવે છે, કારણ, વ્યાસજીએ પ્રકૃતિને રસિક હૃદયથી અવલોકી છે. આપણે પણ આપણાં હૃદયની શુષ્કતા ત્યજી તેમનાં પ્રકૃતિવર્ણનોમાં રહેલા અમૃતનું પાન કરવું ઘટે.

વ્યાસજીની શૈલી કેવી ? તો કહેવાય કે વહેતી નદી જેવી. નદી વહે છે માટે જીવંત છે, માટે જ નૈસર્ગિકતા અનુભવાય છે. પ્રકૃતિના બદલાતા રંગોને અનુભવવા બુદ્ધિની જરૂર નથી. બુદ્ધિ તો ચેતના અને સમજદારીની સહચરી છે. વ્યાસજી જેવા પ્રતિભાશાળી સર્જકો હંમેશાં ચેતનાના સંવાહકો રહ્યા છે. તેમાં બુદ્ધિનું ગણિત નથી હોતું.

આપણને જાણે ઘેરી નીંદરમાંથી જગાડતા હોય તેમ તેઓ કહે છે, કુદરતની કરામત તો જુઓ ! અવનિની કાયા પર અવનવા રંગોની માટીથી જાણે એમણે સજાવી છે રંગોળી.

"પુષ્પોથી છવાયેલી ભૂમિ", "વનમાં દાવાનળ", "રુધિર, માંસ, મજ્જાથી કાદવરૂપી બનેલી રણભૂમિ", "શરદઋતુનું નિરભ્ર આકાશ", "તૂટી પડતો પર્વત", "બાલસૂર્ય સમાન કાન્તિ ધરાવવી" - આ સર્વનો બંધ આંખે નિહાળી અનુભવી કરવા જેવો છે.

પ્રકૃતિ અને તેનાં અનેકવિધ તત્ત્વોનું વર્ણન કવિના કાવ્યને ચરમ સીમાએ પહોંચાડે છે. પ્રકૃતિનાં પાત્રો જેવાં કે સૂર્યોદય, ચંદ્રોદય, આકાશ, વાદળ, મેઘ, વીજળી, પવન, ઝરણાં, નદી, સમુદ્ર, ધરતી, વન-ઉપવન, વૃક્ષો, પુષ્પો, પશુ-પક્ષી વગેરે તેમનાં વર્ણનોમાં જાણે કે માનવસૃષ્ટિનાં અવિભાજ્ય અંગ હોય તેટલાં બધાં જીવંત લાગે છે. પ્રકૃતિતત્ત્વોના ઇન્દ્રિયગમ્ય રસાળ વર્ણન દ્વારા જે અપૂર્વ સૌંદર્યદર્શન તેમણે કરાવ્યું છે તે જ તેમની કાવ્યશક્તિનું વિશેષત્વ છે. નિસર્ગતત્ત્વોને પ્રત્યક્ષ કરાવવાની કલા તો બસ વ્યાસજીની જ - એમ બોલ્યા વિના રહેવાય જ નહીં ને ! તેમની વૈભવશાળી કલ્પનાશક્તિ કેટલી બધી હૃદયસ્પર્શી ! તાદૃશ ચિત્ર રજૂ કરતાં તેમનાં શબ્દલાલિત્ય અને કલાગૂંથણી પર વારી જવાય છે અને પૂર્ણ પ્રસન્નતા અનુભવાય છે.

પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોમાં વિલસતા ચૈતન્યનો કવિ આપણને જાણે સાક્ષાત્કાર કરાવે છે, જેમ કે -

"હાથીઓના ઝુંડમાં સૂતેલો આ વિકર્ણ શરદઋતુના કાળમાં વાદળોની વચ્ચે રહેલા સૂર્યની જેમ શોભે છે."

"કામિનીના કપોલ જેવા ગૌર વર્ણનો કુમુદનાથ ચંદ્રમા નેત્રોને આનંદ આપતો, ઉદય પામી પૂર્વ દિશાને શણગારી રહ્યો."

"રક્તચંદન જેવી પરમ દારુણ સંધ્યા", "સેંકડો મુકુટો વડે આચ્છાદિત ધરતી નવવધૂની જેમ શોભતી", "વસંતઋતુમાં રંગબેરંગી ફૂલોથી છવાઈ ગયેલી હોય તેવી યુદ્ધભૂમિ", "મેઘવૃષ્ટિ પર્વત પર પ્રહાર કરે તેમ" વગેરે.

થોડાં આડાં ઊતરીએ, પણ 'વનપર્વ'માં ભીમની આંખે હિમાલયનો પ્રદેશ કેટલો સુંદર દેખાયો તેનું 'મહાભારત'કારે કાવ્યથી ભરપૂર એવા શ્લોકો દ્વારા મનોરમ ચિત્ર રજૂ કર્યું છે :

"પડખાં પર પડેલાં વાદળોને કારણે તે પાંખાળો હોય અને નાચતો હોય તેમ લાગતું હતું. વહેતાં ઝરણાંનાં ઝીણાંઝીણાં મોતીની સેરો જેવા પ્રવાહોને કારણે તેણે જાણે મોતીની માળાઓ પહેરી હોય એવું લાગતું હતું અને

જાહ્નવીનાં શાન્ત જળ નીચે વહી રહ્યાં છે તેના કારણે એ જાણે ધીરેધીરે પોતાનું વસ્ત્ર ઉતારી રહ્યો હોય એવો દેખાતો હતો."

આ જ કવિવર ભીમનું કેવું વર્ણન કરે છે ! "મોઢામાં ઘાસનો કોળિયો લઈને નજીકમાં જ ઊભેલાં મૃગો તેને ડોકાં ફેરવીને નિરાંતે નિર્ભયપણે કુતૂહલથી નીરખી રહ્યાં હતાં." (વસિષ્ઠમુનિના આશ્રમમાં જતા દિલીપનું વર્ણન તદ્દન આ જ પ્રમાણે કાલિદાસે 'રઘુવંશ'માં કર્યું છે.)

પ્રકૃતિનાં ગાન ગાતાં-ગાતાં કવિએ વિવિધ ઋતુઓ અને તેમની અસરો વગેરેનાં આબેહૂબ વર્ણનો આપ્યાં છે. ગ્રીષ્મથી આરંભ કરીને એક પછી એક છયે છ ઋતુઓને તેમણે આવરી લીધી છે. મનોરમ્ય વર્ણનો સાથે તેમની લાક્ષણિકતાઓ પણ ખૂબીથી ગૂંથી લીધી છે. કુદરત અને આબોહવાની વિવિધ છટાઓ જાણે તેમણે પ્રત્યક્ષ અનુભવી ન હોય તેવું તેમના શ્લોકોમાં, અમૃતમય કાવ્યવાણીમાં વર્તાય છે- એટલી હદ સુધી કે તેમણે કરેલાં ઋતુવર્ણનોમાં રંગબેરંગી પાંદડાંઓમાં આપણે જાણે ખોવાઈ જઈએ છીએ.

"વસંતઋતુમાં વનભૂમિ પર ઢળી પડેલા આંબાઓ આમ્રમંજરીથી શોભે તેમ..."

"શિશિરઋતુમાં પ્રગટેલો અગ્નિ જંગલને બાળે તેમ અર્જુને કૌરવસેનાને બાળી..."

"વર્ષાકાળે બગલાની હાર, આગિયાઓની પંક્તિ, ઐરાવત અને વીજળીઓથી યુક્ત મેઘપંક્તિ જેવી શોભી રહેલી બંને પક્ષની સેનાઓ..."

"રૂપરમ્યા નવવધૂ જેવી શરદઋતુ..."

"વર્ષાઋતુ વીત્યા પછી શરદઋતુમાં સૂર્ય ક્રમશઃ પ્રચંડ બની જાય તેમ..."

"ગ્રીષ્મઋતુમાં બપોરે સૂર્ય અત્યંત તપે, તેમ સુવર્ણકવચધારી ભીમસેન કૌરવસેનાને તપાવતો હતો..." વગેરે.

આર્યોના જીવન સાથે વૃક્ષો ઓતપ્રોત થઈ ગયેલાં. તે ઉદાત્ત ગુરુતુલ્ય વૃક્ષોને વંદન. આપણી સંસ્કૃતિના તાણાવાણામાં વનસ્પતિ કેવી સુભગ રીતે વણાઈ ગઈ છે તેનું વ્યાસજીની કૃતિમાં દર્શન થાય છે. તેમના શ્લોકોમાં અરણ્યો સાથેના સૌહાર્દનાં દર્શન થાય છે. એટલું તો ચોક્કસ કે માનવચિત્ત સાથે સામંજસ્ય તેમના દ્વારા સધાયું છે. અરણ્યને અળગું નહીં રાખનારા વ્યાસજી પોતાના લાડકડા એવા અભિમન્યુને બિરદાવતાં કહે છે :

"મૃત્યુ પામેલો અભિમન્યુ અત્યારે અરણ્ય બાળીને શાંત થયેલા અગ્નિ જેવો દેખાતો હતો."

વનસ્પતિ હોય કે પશુ-પક્ષીઓ, માનવીનો સંબંધ તે બધા સાથે અતૂટ છે તે દૃઢપણે ઠસાવવા છેક વેદકાળના સમયથી પ્રકૃતિતત્ત્વોનો ભવ્ય આદર્શ આપણી સમક્ષ રજૂ થયો છે. 'રામાયણ'માં પણ સીતાજી વારંવાર ઝાડપાનનાં નામો પૂછે છે. વ્યાસજીએ આ ચીલો ચાલુ રાખ્યો છે. વ્યાસજી તો કહે છે : "આ ઉપવનના સરોવરમાં ખીલેલાં કમળપુષ્પો ભમરાઓનું ઉત્સવસ્થાન બને છે."

કવિ કાલિદાસ ભલે તેમની ઉપમાઓ માટે પ્રખ્યાત હોય, પરંતુ તેમની રચના તો પછી આવી. વ્યાસજીના આલેખનમાં ઉપમા વગેરે અલંકારોની વિશેષતા નોંધનીય છે. વનસ્પતિના અનંત અને ગહન જ્ઞાન વિના, વન-ઉપવનનાં વિવિધ વૃક્ષ-વેલીઓના પૂર્ણ અભ્યાસ વિના આવી ઉપમાઓ આપવાનું શક્ય જ ન બને.

"ખીલેલા કમળ જેવા મુખવાળા", "કમલપત્ર સમાં નેત્રવાળા અને કમળગુચ્છ સમા આકારવાળા અશ્વત્થામાને નીલરાજે વીંધી નાખ્યો."

"રુધિરથી ખરડાયેલા તે બંને વીરો વનમાં ખીલી ઊઠેલા કેસૂડા અને શાલ્મલિનાં વૃક્ષો જેવા શોભતા", "ઝંઝાવાતથી ભાંગી ગયેલા સુપુષ્પિત કરેણનાં વૃક્ષો"...

નૈસર્ગિક તત્ત્વોમાં માનવભાવો અને હર્ષ, શોક, ભય, પ્રેમ વગેરે જેવાં લક્ષણો જોવા મળે છે.

"અશોકવૃક્ષનાં લાલચોળ પુષ્પો એટલે જાણે સ્ત્રીના ચહેરા પરનો ચાંદલો."

દ્રોણવધ પછીની કૌરવસેના 'ચીમળાયેલાં પાંદડાં જેવી'...

વ્યાસજીએ કેવી કુશળથાથી મનોભાવ રજૂ કર્યા છે ! પ્રકૃતિનાં રુદ્ર, કરાલ કે બીભત્સ પાસાંઓનું દર્શન પણ કવિ કરાવે છે. યુદ્ધભૂમિ અને યુદ્ધનદીઓનાં કંપારી છૂટે તેવાં ભયાનક, પિશાચી અને બીભત્સ વર્ણનો વારંવાર આલેખાયાં છે.

અશ્વત્થામાએ છોડેલાં નારાયણાસ્ત્ર અને આગ્નેયાસ્ત્ર દ્વારા સર્જાયેલો પ્રકૃતિસંહાર આપણને હિરોશીમા-નાગાસાકીની યાદ દેવરાવે છે.

"તીડોને ઝડપી લેતી સમડીઓની જેમ, પતંગિયાને પકડી લેતા કાગડાની જેમ, બાજને વીંધી નાખતા પારધીની જેમ મહારથીઓ એકબીજાને પકડી પાડતા હતા."

"જેમની હથેળીઓ અને આંગળીઓ લાલ રંગની હતી તેવા અગરુ-ચંદન લગાવેલા તરફડતા હાથથી તે ભૂમિ ગરુડે મારેલા પાંચ મુખવાળા સર્પની માફક શોભતી હતી."

"આખી ધરતીને સસલાના રુધિર જેવા લાલ રંગે રંગી દીધી."

આમ, યુદ્ધવર્ણનના ચિત્રદર્શન પ્રસંગે ઠેરઠેર પ્રકૃતિકવિતાના ફુવારા ઊડતા જોવા મળે છે. તે ક્યાંક ધસમસતા ધોધરૂપે પ્રતીત થાય છે, તો ક્યાંક સ્થિર-ગંભીર કાસારસ્વરૂપે દેખાય છે !

દુ:ખાર્ત માનવજગત પ્રત્યે પ્રકૃતિને સહાનુભૂતિ દર્શાવતી પણ કવિ બતાવે છે.

"ઠંડીથી ધ્રૂજતી ગાયોને બચાવનારું કોઈ ન હોય, તેમ ભયભીત પાંડવસેનાને રક્ષણ આપનારું કોઈ ન હતું."

"પશુપાલક લાકડી વડે પશુઓનાં ટોળાંને વશમાં રાખે તેમ..."

"કાદવમાં ખૂંપી ગયેલા ઊંટની જેમ કૌરવસેના દુ:ખી-દુ:ખી થઈ ગઈ."

"બંને પક્ષની સેનાઓ રાત્રિકાળે પાંદડાં સંકોચી જાણે કે સુષુપ્ત હોય તેવી પુષ્પભરેલી વનરાજિની જેમ સ્થિર થઈ ગઈ."

પ્રકૃતિની વિચિત્રરૂપતા અને ઊર્જિતતા પણ રેખાન્વિત બને છે.

"જ્વાળાઓ શાંત થયા પછીના અગ્નિથી યજ્ઞભૂમિ ભાસે તેવી આ રણભૂમિ, હિંસક પશુઓ દ્વારા અડધું ખવાઈ ગયેલું તે મુખ વદ સાતમના ચંદ્ર જેવું, ઘટોત્કચના સિંહનાદથી કૌરવસેના વનરાજથી ભયભીત બનેલા ગજરાજની જેવી બની, સર્પની જેમ વળ ખાવા લાગી, આકાશમાં ઊડતાં પંખીઓનાં ટોળાં જેવાં ફેંકાયેલાં બાણોનો સમૂહ, અગ્નિમાં પડીને ચામડું સંકોચાઈ જાય તેમ આ હાથીના ક્રોધાગ્નિમાં મસળાતું પાંડવસૈન્ય સંકોચાઈને ક્ષીણ થઈ ગયું. ઘૂમતાં ભયંકર હિંસક શ્વાપદોનાં ટોળાં, ગિરિકુહરો ગજાવતી નદીઓના ગદ્‌ગદ અવાજો, કલ્લોલ-કોલાહલે એકમેકથી અથડાતા સરિત્સંગમો, ભુજંગોના શ્વાસોથી અગ્નિ પ્રજ્વળી ઊઠે તેવી રણભૂમિ, વગેરે."

પ્રકૃતિનાં આ બધાં ભયાનક અને અદ્‌ભુત પાસાંઓમાં રહેલી ઊર્જિતતાનો આપણને અનુભવ થાય છે.

એકંદરે વીરરસ, શાંતરસ, કરુણરસ, શૃંગારરસના આલેખનમાં વ્યાસજીની પ્રકૃતિકવિતાના તાર સતત ગુંજ્યા કરે છે. ઉપરાંત ઊજળું પાસું ધ્યાનમાં લેતાં પ્રકૃતિવર્ણનોમાં સૂક્ષ્મ અવલોકન અને હકીકતની ચોકસાઈ જોવા મળે છે. જેમ કે -

"રોતી, કકળતી, દાંત કચકચાવતી, પોતાના જ કેશ ખેંચતી વ્યાકુળ કુરુસ્ત્રીઓ 'કુરરીરિવ' કલ્પાંત કરી રહી છે." અહીં તીક્ષ્ણ અવાજને કવિ ટીટોડીના તીક્ષ્ણ અવાજ સાથે સરખાવે છે. બીજું એક અવલોકન માણીએ :

"કપાયેલી સૂંઢ અને છેદાયેલા પગવાળા ગજરાજો ભયભીત થઈ ભૂમિ પર ઢળી પડી કુંજપક્ષીની જેમ કકળાટ કરવા લાગ્યા."

પ્રસિદ્ધ સાહિત્યકાર ગુણવંત શાહે તેમના પુસ્તક 'કૃષ્ણં શરણં ગચ્છામિ'માં સુંદર વાત લખી છે :

"દુનિયામાં બે 'ભગવદ્‌ગીતા' વાંચવા મળે છે : એક 'ભગવદ્‌ગીતા' ગ્રંથનાં પાનાં પર વાંચવી પડે અને બીજી 'ભગવદ્‌ગીતા' આપણી આસપાસ પથરાયેલી પ્રકૃતિમાં વાંચવી પડે. પ્રકૃતિમાં અત્ર-તત્ર-સર્વત્ર પથરાયેલી 'ભગવદ્‌ગીતા' વાંચવા માટે વિસ્મયનાં ચક્ષુ જોઈએ. એ ચક્ષુ વડે જ આપણે અર્જુનની માફક વિશ્વરૂપદર્શન પામી શકીએ. વિસ્મયચક્ષુ એ જ દિવ્યચક્ષુ ! વૃક્ષને પાંદડેપાંદડે કોના ઇશારા ? જવાબ ભલે ન જડે, પણ શોધ તો ચાલુ જ રહેવી જોઈએ. એ શોધમાં મળેલી નિષ્ફળતા પણ પવિત્ર છે."

પશુપંખી, પુષ્પો, વૃક્ષો, નદી, પર્વત, જળ વગેરે પ્રકૃતિનો ભવ્ય નજારો વ્યાસજીને હાથવગો છે. આપણે પણ આવી પ્રકૃતિના ભાગરૂપ જ રહીએ તો ? વારંવારના પ્રકૃતિવર્ણન દ્વારા વ્યાસજી પણ કદાચ આપણને આવું જ સૂચવે છે, પરંતુ પ્રકૃતિમાં દટાયેલી સંસ્કૃતિ વિશે આપણે તો વિચારવાનું જ બંધ કરી દીધું છે, એટલે જ સંસ્કૃતિમાં ગોપાયેલી રંગલીલાઓનું આપણને વિસ્મરણ થઈ ગયું છે, પરિણામે પ્રકૃતિ સાથેનું આપણું આત્મીય સખ્ય તૂટ્યું છે.

વ્યાસજીનું પ્રકૃતિવર્ણન સાહિત્યમાં આકર્ષણરૂપ બની રહ્યું છે. તેઓ પ્રકૃતિનાં ઘણાં સત્યો ઉજાગર કરે છે, કારણ એક જ : વ્યાસજી પ્રકૃતિ સાથે એકરાગ થઈને જીવ્યા છે, એકરૂપ બની ગયા છે.

'મહાભારત'કથામાં તેમણે સનાતન યા ચિરંતન એવાં તત્ત્વોને કુશળતાથી વર્ણ્યાં છે. મનુષ્યજીવન કેવું હોવું જોઈએ, તેના વિકાસમાં કેટલાંય તત્ત્વો અનિવાર્ય છે તે આર્ષદૃષ્ટિએ અદ્ભુત રીતે વ્યાસજીએ ચિત્રિત કર્યું છે.

વ્યાસજીનો હેતુ જ જીવનમાં આનંદની વસંત ખીલવવાનો છે. તે માટે આપણને તેઓ ઋષિચાવી બતાવે છે - પ્રકૃતિદર્શનમાં રસ લેવાની.

પ્રકૃતિને ઈશ્વરની દેણ સમજી, આંતરિક શુચિતા કેળવવાની છે. બાહ્ય આડંબરોથી છુટકારો મેળવવાનો આ જ છે રાજમાર્ગ !

વ્યાસજીનું મહાભારત-કાવ્ય એટલે વિશ્વપ્રકૃતિનું સંમેલન !

અદ્વિતીયતા, તારું બીજું નામ છે વેદવ્યાસજી !

□

14

વ્યાસવાણીમાં ગૂંથાયેલાં પશુપક્ષી, વનસ્પતિ



પ્રાચીનકાળના ઋષિઓએ પંચમહાભૂતમાં પાર્થિવ તત્ત્વને પ્રાધાન્ય આપ્યું છે, કારણ, તેના ઉપર જ સમગ્ર સૃષ્ટિનો આધાર છે. પાર્થિવ તત્ત્વ એવી પૃથ્વી જ ઉત્તમ ભોગ આપનાર અને ચેતનાને જગાડનાર છે. તે ધૈર્ય ધારણ કરી સૌને જાળવે છે, વસુધા બનીને ધનસંપત્તિ વડે સમૃદ્ધ બનાવે છે, અન્નપૂર્ણા બનીને આપણા જઠરાગ્નિને શાંત કરે છે. પૃથ્વીના હૈયામાં વહેતી અમૃતધારા જલરાશિરૂપે આપણી તૃષા છિપાવે છે. પૃથ્વીના વચલા પેટાળમાં ઓજ છે અને ઉપર જે તેજ છે તેના થકી માનવ સત્ત્વશીલ બને છે. પૃથ્વીનો એક છેડો એટલે માટી અને બીજો છેડો એટલે માનવ.

અને મનુષ્ય એટલે ? ઈશ્વરનો પ્રથમ વિચાર તે 'દેવદૂત' છે, તો ઈશ્વરનો પ્રથમ ઉચ્ચાર તે 'માનવ' છે.

પૃથ્વીની રંગભૂમિ ઉપર માનવ દેખાયો તેનાં કરોડો વર્ષો પહેલાં વનસ્પતિઓએ ધરતી પર રહીને જે સાધના કરી છે તેના પરિપાકરૂપે જ માનવવસવાટ માટે અનુકૂળ ભૂમિકા તૈયાર થઈ છે.

વનસ્પતિ ભૂમિમાંથી પ્રાણ વહન કરતી હોવાથી જ વનસ્પતિને પૃથ્વીમાતાનાં

સ્તનરૂપે વર્ણવી છે. જે કાર્ય કાળા માથાનો માનવી કરી નથી શકતો કે અન્ય શક્તિશાળી પ્રાણીઓ નથી કરી શકતાં એ કાર્ય વનસ્પતિ કરે છે, કારણ, વનસ્પતિ ધરતીનાં ધૈર્ય-ધાવણ ધાવીને ઊછરેલું પૃથ્વીતળનું સંતાન છે.

વનસ્પતિ એટલે પૃથ્વી અને પ્રાણીઓ વચ્ચેનો સેતુ.

મહાકવિ વેદવ્યાસજી સંપૂર્ણપણે પ્રકૃતિપ્રેમી છે, એટલું જ નહીં, તેઓ પ્રકૃતિના પૂજારી છે, પ્રકૃતિના રંગે રંગાયેલા અપાર્થિવ મહાઘેરૈયા છે, તેથી જ પ્રકૃતિનાં અનેકવિધ તત્ત્વોને વ્યાસજીએ 'મહાભારત'માં આલેખ્યાં છે. પ્રકૃતિ સાથે માનવચિત્તની એકાકારતા જણાવતી વ્યાસજીની વાણી એટલી ગાઢ સંબંધથી ભરેલી છે કે આટલી ગાઢ આત્મીયતા એક વાલ્મીકિમાં દેખાય છે, બીજી મહાકવિ વ્યાસજીના 'મહાભારત'- કથાનકમાં.

પ્રકૃતિ સાથેનું સંપૂર્ણ મિલન મનુષ્યને બૃહદ્ બનાવતું હોય છે. તે માનવજીવનને ભવ્યતા અર્પે છે, તેવું વ્યાસજી મધુર શબ્દોથી 'મહાભારત' કાવ્યમાં સ્પષ્ટ કરે છે.

વેદકાળના સમયથી વન, ઉપવન, તપોવનનો ભવ્ય આદર્શ આપણી સમક્ષ રજૂ થયો છે. 'રામાયણ'માં ઋતુઓનાં વર્ણનોમાં વાલ્મીકિએ કમાલ કરી છે. ચારેય તરફ વનરાજિ ફળફૂલથી મહેકી રહી છે. ખૂશબુ ફેલાયેલી છે. ભૂમિ ખરેલાં પુષ્પોથી છવાયેલી છે. પ્રચુર મન્મથકાળ ચાલી રહ્યો છે. વિવિધ પક્ષીઓના કલરવથી આખું વન ગુંજે છે. લંકાના વર્ણનમાં પણ દૃષ્ટિરમ્ય ઉપવનોનાં વર્ણનો છે.

दृष्टि रम्याणि उपवनानि । ('रामायण' : ६-३१-२)

આવાં સુંદર સોહામણાં ઉપવનોમાં ચંપક, અશોક, બકુલ, શાલ, તાલ વગેરે વૃક્ષો છે.

વાલ્મીકિ કરતાંય વ્યાસજીને તો વન-ઉપવનનું અતિશય વળગણ છે. ઘમાસાણ યુદ્ધ દરમિયાનની ભીષણતા વર્ણવવામાં પણ તેમને વન-ઉપવન, પુષ્પો અને તેમની રંગછટાઓ યાદ આવે છે. વ્યાસજી એક ઘડી માટે પણ પ્રકૃતિને વિસારે પાડી શકે તેમ નથી.

માનવીની ભાવનાઓને વાચા આપવા તેમણે પ્રકૃતિનો આશરો લીધો છે, કારણ, કવિને મન કુદરતનું કોઈ તત્ત્વ જડ નથી. સઘળે ચૈતન્ય જ ઊભરાય છે. આથી એમનાં વર્ણનોમાં સાગર, સરિતા, વન-ઉપવન, પર્વત કે પાણી - સર્વકાંઈ જીવંત હોય તે રીતે જ આલેખાયાં છે.

હર્ષ-શોક, રાગ-દ્વેષ, મોહમાયા, ઈર્ષા-અદેખાઈ, સ્નેહ-સૌંદર્ય, ઉદારતા, કૃપણતા વગેરે જેવી માનવમનમાં છલકાતી ભાવોર્મિને કલાત્મક રીતે વ્યક્ત કરવા આ મહાકવિએ પ્રકૃતિતત્ત્વોનો આશરો લીધો છે અને પ્રકૃતિતત્ત્વોનાં દષ્ટાંતોને કારણે જ વર્ણનમાં આટલી બધી તાદશતા અનુભવાય છે.

પ્રકૃતિ સાથેનું આટલું બધું ઐક્ય ભાગ્યે જ ક્યાંય જોવા મળે. સાગરને છોડી મહાનદી બીજે ક્યાં જવાની ? પ્રકૃતિ જ જેમનું સ્વજન છે એવા વ્યાસજી 'મહાભારત' કૃતિને સજાવવા પ્રકૃતિ સિવાય બીજા કોનો આશરો લે ? કોના આધારે પોતાંની વર્ણનકલાને અદ્વિતીય રીતે કલાત્મક બનાવે ?

સહજ છે કે વ્યાસજીની કલ્પના કમળ, કેસૂડો, કરેણ, અશોક, પારિજાત અને ચંપક જેવાં કમનીય પુષ્પવૃક્ષો તરફ જ નજર રાખીને દોટ મૂકવાની. મહાકવિનો હેતુ જ જીવનમાં આનંદની વસંત ખીલવવાનો છે, જીવનને શૈત્યપાવનત્વની ખુશબૂથી મઘમઘતું બનાવવાનો છે અને આપણને પણ તેઓ એક ઋષિચાવી તરફ આંગળી ચીંધે છે : 'પ્રકૃતિદર્શનમાં રસ રાખવાની.'

પ્રકૃતિમાં રસ લેવો એટલે ઈશ્વરીય દેણને ઓળખી આપણે આપણી આંતરિક શુચિતા કેળવવી. બાહ્ય આડંબરોથી છુટકારો મેળવવાનો આ જ એક રાજમાર્ગ છે.

સંસ્કૃત સાહિત્યના કવિઓની પ્રતિભા વનસ્પતિને કારણે કેટલી બધી સ્ફુરિત થઈ છે ! વૃક્ષ-વેલી, ફળ-ફૂલ વગેરે તેમના રસસર્જનનાં ઉદ્દીપક બન્યાં છે.

'મહાભારત'કારના મનથી પ્રકૃતિનાં અન્ય તત્ત્વો અને માનવી મૂળભૂત રીતે અલગ છે જ નહીં અને હોઈ શકે પણ નહીં.

વળી જે પ્રાણી જે જાતિમાં જન્મે તે જાતિની ખાસિયત, લાક્ષણિકતા, ગુણ-દોષ, સ્વભાવ વગેરે એ પ્રાણીમાં રહેલાં હોય જ છે. સંભવ છે કે આપણા જેવાં સામાન્ય માનવીને એ વિશે પૂરતો ખ્યાલ ન હોય, પરંતુ સંસ્કૃત સાહિત્યના કવિઓ તથા પ્રાકૃત ભાષાના કવિજનો - બધાએ તેનો પૂરેપૂરો લાભ લીધો છે. તેમણે ખાસ ચાતુરીથી પશુ-પક્ષીઓને આલેખતા શ્લોકો અને કાવ્યો વડે સમાજને મનોરંજન પીરસ્યું છે અને સાથે શિક્ષણ પણ આપ્યું છે. કબૂલ કરવું જ પડશે કે દરેકેદરેક પ્રકારનાં પ્રાણી, પક્ષી - પછી તે સ્થળચર હોય કે જળચર હોય કે પછી વ્યોમચર હોય તેમ જ વનસ્પતિ - આ બધાં સાથે માનવીનો પ્રત્યક્ષ કે પરોક્ષ, પણ અતૂટ સંબંધ છે જ.

'મહાભારત'માં જોઈએ તો આ કવિએ સૌંદર્ય અને આનંદ નિહાળ્યાં છે

અને વ્યક્ત કર્યાં છે, પ્રકૃતિની કોમળતા વર્ણવી છે, પરંતુ અખિલાઈ સાથેની આત્મીયતાને ગાનારા આ મહાકવિએ પ્રાણીઓની વિકરાળતા, હિંસક વૃત્તિ, ઝેરી સર્પોના લપકારા, ઘુવડના કર્કશ અવાજો, શિયાળવાંની ગમગીન લાગતી લાળીઓ વગેરેને વર્ણવવામાં પણ ઓછપ નથી રાખી.

તે જ પ્રમાણે ઘોર અંધારી રાત, ભયાનક યુદ્ધ, ભીષણતાભર્યું વાતાવરણ, કંપારી છૂટે ને જુગુપ્સા પ્રેરે તેવાં વર્ણનો કરવામાં પણ તેઓ પાછા પડ્યા નથી.

પ્રકૃતિનાં સૌમ્ય, રૌદ્ર, કરાલ, કોમલ જેવા એક પણ તત્ત્વને - વ્યક્તિત્વને વ્યાસજી ભૂલ્યા નથી. શીમળો હોય કે તાડવૃક્ષ હોય, કમલપુષ્પ હોય કે કેસૂડો, હિંસક સિંહ-વાઘ હોય કે ભોળાં હરણાં હોય, મારકણો સાંઢ હોય કે ગરીબડી ગાય હોય, સર્પ-ઘો જેવાં સરિસૃપ હોય કે ગગનગામી ગરુડ ને ગીધ હોય, વ્યોમચરો હોય કે મગર, માછલી અને કાચબા જેવાં જળચરો હોય - એ બધાંને આ મહાકવિએ યુદ્ધગાથામાં વણી લીધાં છે.

અવિચલ કુદરતના અફર નિયમોનું આ મહાકાવ્ય હોય ત્યારે કુદરતના કયા તત્ત્વને વિસારે પાડી શકાય ?

આ મહાકાવ્યમાં યુદ્ધ દરમિયાન કુલ મળીને ૨૮ પ્રકારની વનસ્પતિનો, ૩૨ જાતનાં સ્થળચર પ્રાણીનો, ૨૫ વિવિધ વ્યોમચરોનો અને ૩ પ્રકારનાં જળચરોનો ઉલ્લેખ થયો છે.

હાથી અને અશ્વો એ બંને તો યુદ્ધનાં અગ્રગણ્ય પ્રાણીઓ. તેઓનું તો સ્થાન જ મોખરાનું. તેઓનું તો પ્રદાન જ એટલું મોટું કે એમના વિના તો તત્કાલીન યુદ્ધ જ અશક્ય. આથી તેઓનો અહીં ઉલ્લેખ ન કરીએ અને અલગ વિશિષ્ટ સ્થાન આપીએ તે જ યોગ્ય.

અહીં વનસ્પતિ, પ્રાણીઓ વગેરેમાંથી કોનો કેટલી વખત ઉલ્લેખ થયો છે તે કૌંસમાં દર્શાવી 'મહાભારત'કારની ઉપમા આદિ અલંકારોની બહુલતા દર્શાવવા યત્ન કર્યો છે.

વૃક્ષો અને પુષ્પો

કમલ (૬૦), ચંદન (૩૨), કેસૂડો (૨૫), તાડ (૧૩), શાલવૃક્ષ (૯), વાંસ (૮), કરેણ (૮), અગર (૭), અશોક (૬), ચંપક (૬), કમલિની (૬), તલ (૬), આંબો (૪), દાડમ (૪), મંદાર (૩), શીમળો, કેળ, પીલુ, મોગરો - એ બધાંનો (૨) વખત ઉલ્લેખ થયો છે. શિરીષ, શમી, પારિજાત, ઇન્દ્રગોપ, કડુ, વડ, પાટલ

એટલે કે ગુલાબ, કલાય એટલે કે વટાણા, અડદ - એ બધાંનો ઉલ્લેખ એક વખત કરાયો છે, જ્યારે સમગ્ર વન-ઉપવનનો ઉલ્લેખ (૧૯) વાર થયો છે.

સ્થળચર :

સિંહ (૧૩૩), વાઘ (૪૧), ચિત્તો-દીપડો (૧-૧), વરુ (૧૦), શિયાળ (૩૧), રીંછ (૫), જરખ (૧), રોઝ (૧), ગેંડો (૨), શરભ (૨) વખત વર્ણવાયાં છે.

વનસ્પતિનો આહાર કરનારાં પ્રાણીઓમાં હરણ (૫૨), ગાય (૩૮), વૃષભ (૩૫), સાંઢ - ધણખૂંટ (૨૩), આખલો (૮), ઊંટ (૮), પાડો (૭), ગધેડો (૭), બોકડો (૪), સસલું (૪), વાંદરો (૧), ખચ્ચર (૧) વખત વર્ણવાયાં છે.

કૂતરાનો (૧૧) અને બિલાડીનો (૩) વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વળી કીડી (૨), ઉંદર (૧), વીંછી(૧)ને પણ કવિ ભૂલ્યા નથી.

સરિસૃપ :

સર્પ (૧૮૧), ફણાધર નાગ (૩૧), ઘો (૧) વખત વર્ણવાયા છે.

વ્યોમચર :

ગરુડ (૫૦), કંક (૩૨), ગીધ (૩૧), હંસ (૨૪), બાજ (૨૩), કાગડા (૨૦), પતંગિયું (૧૯), તીડ (૧૨), ભ્રમર (૧૧), બગલા (૯), મોર (૬), આગિયા (૫), કુંજ (૪), ઘુવડ (૩), ક્રૌંચ (૨), શાહુડી (૨), ટીટોડી (૨) ઉપરાંત નીલકંઠ, સારસ, ચાષ (બપૈયા), કૂકડો, તેતર, કોયલ, પોપટ દરેકને (૧-૧) વખત યાદ કર્યાં છે.

વૃક્ષો અને પુષ્પો :

વૃક્ષ નક્કર દેખાય છે, પરંતુ તેમાં નિત્ય પાન, ફૂલ, ફળની ઉત્પત્તિ થાય છે. ભીષણ અવાજ થાય ત્યારે ફળફૂલ ખરી પડે છે, તેથી તેઓનું શબ્દગ્રહણ પણ સિદ્ધ થાય છે. લતાઓ ઉપર ચડવાનો, આધાર શોધી લેવાનો માર્ગ મેળવી લે છે, તેથી તે જુએ છે. ધૂપ-સુગંધથી વૃક્ષો નીરોગી રહે છે તે તેઓની ગંધશક્તિના કારણે. મૂળ વડે તે પાણી પીએ છે, તે વૃક્ષની રચના છે. આ બધા કરતાં અગત્યની વાત એ છે કે વૃક્ષ કાપવાથી તે ફરીથી ઊગે છે, એટલે કે તેઓમાં જીવ છે અને જમીનમાંથી પોષણ મેળવે છે એ તેનો આહાર છે.

આવી સજીવ સૃષ્ટિને 'મહાભારત'કાર યુદ્ધવર્ણન દરમિયાન પોતાના કાવ્યમાં સમાવે છે. તેનાં દૃષ્ટાંતો આ રહ્યાં. (કૌંસમાં ઉલ્લેખાયેલી સંખ્યા આપી છે.)

કમળ (૬૦) :

"ભીમના બાણથી કપાયેલું સત્યસેનનું ચંદ્ર જેવા મુખવાળું મસ્તક જાણે દાંડીથી તૂટેલું કમળ જમીન પર શોભે તેમ શોભતું હતું." ('કર્ણપર્વ' : ૮-૩૨-૫૦)

ચંદન (૩૨) :

"જેવી રીતે સોળ વર્ષની શ્યામા યુવતી સફેદ વસ્ત્રને લાલ ચંદનથી રંગીને પછી પહેરે ત્યારે જેવી લાગે તેવી યુદ્ધભૂમિ લાગતી હતી." ('કર્ણપર્વ' : ૮-૩૬-૧૨)

કેસૂડો (૨૫) :

"તેઓનાં અંગેઅંગ લોહીથી લથબથ હતાં. હાથમાં ગદાઓ ઉપાડીને લડતા એ બે મનસ્વી અને મહાન યોદ્ધાઓ (ભીમ અને દુર્યોધન) એવા દેખાતા હતા, જાણે ફૂલોથી ખીલી ઊઠેલાં કેસૂડાનાં વૃક્ષો." ('શલ્યપર્વ' : ૯-૫૬-૧૧)

તાડ (૧૩) :

"લોકવિનાશક એ યુદ્ધમાં તલવારોથી કપાઈને નીચે પડતાં મસ્તકો તાડના ઝાડ ઉપરથી પડતાં તાડફળો જેવો ભયંકર અવાજ કરતાં હતાં." ('શલ્યપર્વ' : ૯-૨૨-૬૫)

શાલવૃક્ષ (૯) :

"હે મહારાજ ! જેમ મહાવનમાં વાયુના વેગથી ઝંઝેડાઈને કંપી ઊઠેલ, ખીલેલાં પાનવાળું વિશાળ શાલવૃક્ષ ઢળી પડે તે રીતે ભીમસેનના પ્રહારથી કંપી ઊઠેલાં શરીરના સાંધાવાળો આપનો પુત્ર દુર્યોધન ઢળી પડ્યો." ('શલ્યપર્વ' : ૯-૫૬-૬૧)

વાંસ (૮) :

"હે મહારાજ ! જેવી રીતે બળતા વાંસવનમાં વાંસ ફૂટવાનો અવાજ થાય તેવી રીતે ટંકાર કરતાં ધનુષ્યોનો ભયંકર અવાજ ચારેય તરફ સંભળાતો હતો." ('ભીષ્મપર્વ' : ૬-૮૮-૨૬)

કરેણ (૮) :

"પર્વતશિખર પર ઊગેલા, મોટી શાખાઓવાળા, દૃઢતાથી ઊભેલા, પણ ઉનાળામાં વાયુના ઝપાટાથી ભાંગી પડેલા શોભાયમાન કરેણવૃક્ષની જેમ તે સુદક્ષિણ ભાંગી પડ્યો હતો." ('દ્રોણપર્વ' : ૬૭-૭૧-૬૯)

અગર (૭) :

"ચંદન અને અગરના લેપથી ખરડાયેલી ભયાનક ગદાઓને ઘુમાવતા એ બંને શૂરવીર શ્રેષ્ઠ પુરુષો (ભીમ અને દુર્યોધન) ક્રોધે ભરાયેલા યમરાજની જેમ યુદ્ધમેદાનમાં વેરનો અંત લાવવા તત્પર હતા." ('શલ્યપર્વ' : ૯-૫૭-૨૨)

અશોક (૬) :

"સમગ્ર સૈન્ય સળગતું હોય તેવું લાગતું હતું. જેવી રીતે વસંતઋતુમાં ખીલેલાં અશોકનાં પુષ્પથી વન શોભે, એવી રીતે લોહીથી ભીંજાયેલી, વ્યાકુળ, તૂટેલા કવચવાળી કૌરવસેના દેખાવા લાગી." ('કર્ણપર્વ' : ૮-૫૯-૩૨)

ચંપક (૬) :

"કારીગરોએ સાફ કરેલા દુર્યોધનના તે બાણથી ધૃષ્ટદ્યુમ્નનું મુખ રસના લોભી ભમરાથી યુક્ત ખીલેલા ચંપકના ફૂલ જેવું શોભવા લાગ્યું."

કમળનાળ (૬) :

"આપની સેનાને ખળભળાવી નાખતો અને રાજને ભય પમાડતો તે અર્જુન કમળનાળને ઉખેડી નાખતા કુંજર જેવો ભાસતો હતો." ('શલ્યપર્વ' : ૯-૩-૨૪)

તલ (૬) :

"તે મહાપરાક્રમી અશ્વત્થામા કેટલાક વીરોને વચ્ચેથી જ ચીરી નાખીને ધરતી પર પાડી નાખતો હતો અને તલવારથી તલના છોડની જેમ પાડી નાખતો હતો." ('સૌપ્તિકપર્વ' : ૧૦-૮-૧૦૬)

આંબો (૪) :

"આપના એ સાત પુત્રો (દુર્યોધનના સાત ભાઈઓ) જ્યારે રણભૂમિમાં ઢળી પડ્યા ત્યારે એવી રીતે શોભતા હતા, જેવી રીતે વસંતઋતુમાં વનભૂમિ પર ઢળી પડેલા આંબાઓ આમ્રમંજરીથી શોભે." ('ભીષ્મપર્વ' : ૬-૯૨-૨૭)

દાડમ (૪) :

"જેવી રીતે ખૂલેલું દાડમ હોય તેવી રીતે કેટલાકના લોહીથી રંગાયેલા દાંત દેખાતા હતા અને જાણે કે જીવંત હોય તેવી રીતે અનેક મૃત્યુ પામેલા માનવી લોહીથી ભીંજાયેલા અને અસ્ત્રશસ્ત્રથી વ્યાપ્ત પડ્યા હતા." ('કર્ણપર્વ' : ૮-૧૬-૨૮)

મન્દાર (૩) :

"આ એ ગદા હતી, જેના વડે મહાબલી, ક્રોધિત ભીમસેને દ્રૌપદીનું પ્રિય કરવાના આશયથી મન્દાર લેવા માટે ઘણા લોકોએ ના પાડવા છતાં કુબેરભવનમાં

જઈને માયાવી અને અભિમાની ગુહ્યકોને મારી નાખ્યા હતા.'' ('શલ્યપર્વ' : ૯-૧૦-૪૯)

શીમળો (૨) :

''પ્રાણની દરકાર કર્યા વિના યુદ્ધ કરવા મદમત્ત બનેલા તે બંને તેજસ્વી મહારથીઓ (શલ્ય, યુધિષ્ઠિર) વનમાં ખીલી ઊઠેલા શીમળા અને કેસૂડાનાં વૃક્ષો જેવા શોભતા હતા.'' ('શલ્યપર્વ' : ૯-૧૫-૫૭)

કેળ (૨) :

''વાયુવેગે કાંપતી કેળની જેમ રાજા યુધિષ્ઠિર પાસે પહોંચીને શોકાકુળ એવી તે દ્રૌપદી પૃથ્વી પર પડી ગઈ.'' ('સૌપ્તિકપર્વ' : ૧૦-૧૧-૬)

પીલુ (૨), શમી (૧) :

''સુખદાયક માર્ગવાળા પીલુ, શમી અને કરેણના વનમાં ક્યારે જઈશ ? અમે લોકો માર્ગમાં પૂડલા, સાથવો અને મઠ્ઠો ખાતા-ખાતા જઈશું.'' ('કર્ણપર્વ' : ૮-૩૦-૨૪)

શિરીષ (૧) :

''શિરીષનાં ફૂલ જેવા શ્વેત અને સોનાની જેમ ચળકતાં સુવાસિત અને મૂલ્યવાન ચંદનથી એ દુર્યોધનના શરીર ઉપર લેપ કર્યો હતો.'' ('ભીષ્મપર્વ' : ૬-૯૩-૨૧)

કડુ (૧) :

''જેવી રીતે પવનથી ભાંગી ગયેલું કૂટજ(કડુ)વૃક્ષ પર્વતના શિખર ઉપરથી પડે તે રીતે મહારથીઓમાં શ્રેષ્ઠ એવો તે દુર્વિમોચન ભૂમિ ઉપર પડ્યો.''

વડ (૧) :

''હે મહારાજ ! તે મનુષ્યોમાં શ્રેષ્ઠ એવા મહારથીઓ(અશ્વત્થામા, કૃપાચાર્ય, કૃતવર્મા)એ શ્રેષ્ઠ વનસ્પતિરૂપ વડના ઝાડનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું.'' ('સૌપ્તિક પર્વ' : ૧૦-૧-૨૨)

જીવસૃષ્ટિના તમામ જીવનને વર્ણવતા વ્યાસજી માનવ સાથે પશુ-પક્ષીઓને વર્ણવીને સુંદર ફૂલવેલ ગૂંથે છે. વૃક્ષોની જેમ પ્રાણીઓની ઉપમા આદિ અલંકૃત ભાષા દ્વારા એમને સત્યદોહન કરવું છે અને એમાંથી જ જીવન અંગેના ચિંતનનો ફાલ લણવો છે. વ્યાસજીને તો પશુ-પક્ષીઓ પણ હૃદયસ્થ છે, તેથી તો યુદ્ધ દરમિયાન પ્રાણીઓ પણ હૈયે અને હોઠે ચડ્યાં છે. સિંહ જેવાં હિંસક

વન્ય પશુઓ હોય કે અન્ય પ્રાણીઓ હોય, સૌકોઈને આ સહૃદય મહાકવિ યાદ કરતા રહે છે.

સિંહ (૧૩૩) :

"જેમ બે સિંહો પરસ્પર માંસની ઇચ્છાથી લડે, તેમ આ બે નરસિંહો (યુધિષ્ઠિર અને શલ્ય) યુદ્ધમાં એકબીજા ઉપર વિવિધ બાણોથી અરસપરસને ઘાયલ કરતા હતા." ('શલ્યપર્વ' : ૯-૧૫-૩૫)

વાઘ (૪૧) :

"મુખના ખૂણા સુધી જેની ભ્રૂકુટિ ખેંચાયેલી હતી, ક્રોધથી જેની આંખો ઊંચી ચડી ગઈ હતી, વાઘના જેવો એ વીર દુર્યોધન ક્રોધે ભરાઈને શિકારીએ ઢાળી દીધેલા વાઘની જેમ પડ્યો હતો." ('શલ્યપર્વ' : ૯-૬૪-૮)

શિયાળ (૩૧) :

"ભયંકર અવાજો કરતાં શિયાળો ભયાનક લાળી કરવા લાગ્યાં. હે મહારાજ ! મહાવિનાશ આવી પડવાની એ આ રીતે સૂચના આપી રહ્યાં હતાં." ('ભીષ્મપર્વ' : ૬-૯૫-૪૬)

વરુ (૧૦) :

"જેવી રીતે પશુઓના ટોળામાં ઘૂસેલું વરુ પશુઓને નસાડી મૂકે, તેવી રીતે રણભૂમિમાં ભીમસેન આપના પુત્રોને નસાડી રહ્યા છે." ('ભીષ્મપર્વ' : ૬-૯૨-૩૪)

રીંછ (૫) :

"ભીમ જ્યારે રીંછ જેવા વર્ણવાળા ઘોડા જોડેલા રથ પર બેસીને દ્રોણ તરફ જઈ રહ્યો હતો ત્યારે તેને જોઈને રૂપેરી રંગના ઘોડા જોડેલા રથમાં બેસીને શૂરવીર સાત્યકિ પણ યુદ્ધ કરવા પાછો ફર્યો." ('દ્રોણપર્વ' : ૧-૨૨-૬)

ગેંડો (૨) :

"જેવી રીતે ઉન્મત્ત ગેંડો વનમાં શિંગડું ધારણ કરે, તેવી રીતે ભીમે તે હાથમાં વાગેલા બાણને ધારણ કર્યું." (જે અશ્વત્થામાએ માર્યું હતું.) ('કર્ણપર્વ' : ૮-૧૧-૬)

શરભ (૨) :

"જેવી રીતે વનમાં મત્ત હાથીને શરભ નામનું પ્રાણી અટકાવે, તેવી રીતે ધૃષ્ટદ્યુમ્નને શકુનિ સાથે યુદ્ધ કરતો કૃપાચાર્યે રોક્યો." ('કર્ણપર્વ' : ૮-૧૮-૪૧)

સુવ્વર :

"જે લોકો સુવ્વર, મરઘાં, ગાય, ગધેડાં, ઊંટ અને બોકડાનું માંસ ખાતા નથી તેમનો જન્મ નિરર્થક છે." ('કર્ણપર્વ' : ૮-૩૦-૩૨) (તેવું ગીત બાહ્‌લિક પ્રદેશની સ્ત્રીઓ ગાય છે.)

હરણ (૫૨) :

"હે રાજન્ ! જેવી રીતે વનમાં ભૂખ્યો થયેલો સિંહ હરણને પકડીને દબાવી દે, તે રીતે બધા યોદ્ધાઓ જોતા રહ્યા અને અર્જુને સત્યેષુને દબાવી દીધો." ('શલ્યપર્વ' : ૯-૨૬-૩૮)

ગાય (૩૮) :

"કાદવમાં પડેલી દૂબળી ગાયની જેમ દુઃખી થતી આપની સેનાને જોઈને શલ્ય તેને બહાર કાઢવા માટે પાંડવોની સેના ઉપર ધસી ગયો." ('શલ્યપર્વ' : ૯-૧૦-૧૦)

વૃષભ (૩૫) :

"ધનુષ્ય તૂટી જવાથી કૃતવર્મા કપાઈ ગયેલાં શિંગડાવાળાં બળદ જેવો બની ગયો ત્યારે શિખંડીએ ગુસ્સે થઈ તેના બંને હાથ અને છાતીમાં એંશી (૮૦) બાણ માર્યાં." ('કર્ણપર્વ' : ૮-૧૮-૬૭)

સાંઢ (ધણખૂંટ) (૨૩) :

"સાંઢની જેમ અવાજ કરતા તે બંને મહારથીઓ શલ્ય અને ભીમસેન હાથમાં ગદા લઈને એકબીજા ઉપર હુમલો કરવા ગોળાકારે ઘૂમતા હતા." ('શલ્યપર્વ' : ૯-૧૧-૮)

આખલો (૮) :

"ધર્મપુત્ર યુધિષ્ઠિર દ્વારા જિતાયેલા બધા લોકો શિંગડાં ભાંગેલા આખલા જેવા અને દાંત તૂટેલા હાથીઓ જેવા બપોરના વખતે રણભૂમિમાંથી ભાગવા લાગ્યા." ('શલ્યપર્વ' : ૯-૧૮-૪)

પાડો (૭) :

"હે નિષ્પાપ ભીમ ! ભયાનક યુદ્ધ કરીને જેમ સિંહ માતેલા પાડાનું લોહી પીએ, તેમ તમે ભાગ્યાનુસાર દુઃશાસનના રુધિરનું પાન કર્યું છે." ('શલ્યપર્વ' : ૯-૬૦-૧૨)

ઊંટ (૮) :

"જે દેશની નિર્લજ્જ, અધર્મી, લજ્જાહીન સ્ત્રીઓ ગધેડી સમાન અને

ઊંટડી સમાન ઊભીઊભી લઘુશંકા કરે છે તે નિર્લજ્જ મદ્રનિવાસી સ્ત્રીનો પુત્ર થઈ મને અહીં ધર્મ સમજાવે છે ?" ('કર્ણપર્વ' : ૮-૨૭-૮૬)

ગધેડો (૭) :

"હાથીઓને, રથને, ગધેડા તથા ઊંટોને અને વાનરોને પણ તીર્થયાત્રામાં ઉપયોગમાં લેવા માટે જલદી લઈ આવો." (બલરામે સેવકોને કહ્યું છે.) ('શલ્યપર્વ' : ૯-૩૪-૧૬)

સસલું (૪) :

"હે કર્ણ ! જેવી રીતે સિંહને જોયા સિવાય વનમાં સસલા સાથે રહેતું શિયાળ પોતાને સિંહ માને તેવી રીતે તું કૌરવોની વચ્ચે ગર્જના કરે છે." ('કર્ણપર્વ' : ૮-૨૭-૪૫)

ખચ્ચર (૧) :

"તે સ્ત્રીઓ મૃદંગ, શંખ, આનક અને મર્દલ આદિ વાદ્યો વગાડતી, તેના તાલમાં ગીત ગાતી હશે. તે મદમત્ત સ્ત્રીઓ પાસે ગધેડા, ખચ્ચર અને ઊંટ ઉપર બેસીને જઈશું." ('કર્ણપર્વ' : ૮-૩૦-૨૩)

કૂતરા (શ્વાન) (૧૧) :

"દુશ્મનોને હણી નાખનાર તે ભીમસેને કૃતવર્માને અનેક પ્રકારનાં બાણો મારી એવી રીતે વીંધ્યો કે એનાં અંગેઅંગના ટુકડા થઈ ગયા અને જાણે શ્વાને એને કરડી ખાધો હોય તેવો તે દેખાતો હતો." ('ભીષ્મપર્વ' : ૬-૭૯-૫૫)

બિલાડી (૩) :

"જેવી રીતે બે બિલાડા શિકારના ભક્ષણ માટે વારંવાર એકબીજા ઉપર હુમલા કરે, તેમ આ બંને યોદ્ધાઓ (ભીમ અને દુર્યોધન) પોતપોતાના રક્ષણ માટે એકબીજાની સામે આવી લડતા હતા." ('શલ્યપર્વ' : ૯-૫૬-૧૬)

કીડી (૨) :

"રણભૂમિમાં મહાબળવાન એવા ભીષ્મ પિતામહે આ નિર્બળ યોદ્ધાઓને કીડીઓની જેમ કચડી નાખ્યા અને કાદવમાં ખૂંચી ગયેલા બળદોની જેમ કોઈ તેઓને બચાવનાર ન આવ્યા." ('ભીષ્મપર્વ' : ૬-૧૦૨-૭૬)

ઉંદર (૧) :

"જેવી રીતે ઉંદર અને બિલાડી, કૂતરો અને વાઘ, શિયાળ અને સિંહ, સસલું અને ઉન્મત્ત હાથી પોતાની નિર્બળતા અને બળ માટે પ્રસિદ્ધ છે, તેવી રીતે તું અને અર્જુન પ્રસિદ્ધ છો." ('કર્ણપર્વ' : ૮-૨૭-૫૧)

વીંછી (૧) :

"હે શલ્ય ! વીંછી કરડતાં તેના ઝેરથી પીડિત પુરુષને ઝેરથી મુક્ત કરવા માટે જ્ઞાની લોકો ઉપચાર કરે છે. તેમનું આ કથન સત્ય દેખાય છે. હે શલ્ય ! તે સમજીને તું ચૂપ રહે અને હું જે કહું તે તું સાંભળ." ('કર્ણપર્વ' : ૮-૨૭-૮૪)

સરીસૃપો

સર્પ (૧૮૧) :

"ત્યાં રણભૂમિમાં, હે રાજન્ ! સોનાની પૂંખવાળાં ઝળહળતાં અને કાંચળી ઉતારી તેજસ્વી બનેલા સર્પો જેવાં શલ્યનાં વછૂટેલાં બાણો વડે બધી દિશાઓ શોભવા લાગી." ('શલ્યપર્વ' : ૯-૧૪-૩૮)

ફણાધર નાગ (૩૧) :

"પછી સમરભૂમિમાં લાકડી વાગવાથી છંછેડાયેલા ફણાધર જેવો અશ્વત્થામા સામે ધસી આવતા ક્રોધભર્યા મહારથી સુરથ ઉપર ગુસ્સે થયો." ('શલ્યપર્વ' : ૯-૧૩-૩૭)

ઘો (૧) :

વ્યોમચર

ગરુડ (૫૦) :

"જ્યારે અશ્વોનાં ટોળાં અરસપરસ અથડાઈને નીચે પડતાં હતાં ત્યારે એમાંથી જેવો અવાજ ગરુડ પૃથ્વી પર ઊતરે ત્યારે થાય, તેવો ભયાનક અવાજ થતો હતો." ('ભીષ્મપર્વ' : ૬-૮૬-૧૮)

કંક (૩૨) :

"દુર્યોધને કંકનાં પીછાંના અત્યંત તેજસ્વી અર્ધચંદ્રાકાર બાણનું સંધાન કરીને ભીમસેનના ધનુષ્યને છેદી નાખ્યું." ('ભીષ્મપર્વ' : ૬-૯૦-૩)

ગીધ (૩૧) :

"જેમ મહાવત અંકુશથી હાથીને પીડે, તેમ તે સહદેવ શકુનિ સામે જોઈને ગીધનાં પીંછાંની પૂંખવાળાં અને શિલા પર ઘસીને ધારદાર કરેલાં બાણો મારીને તેને પીડવા લાગ્યો." ('શલ્યપર્વ' : ૯-૨૭-૪૫)

હંસ (૨૪) :

"જેવી રીતે હંસો સરોવરમાં આવીને ઊતરે, એવી રીતે (અર્જુનનાં) એ

બાણો પણ દુઃશાસનની કાયામાં આવીને ઊતરી ગયાં.'' ('ભીષ્મપર્વ' : ૬-૧૦૬-૪૨)

બાજ (૨૩) :

''જેવી રીતે એક બાજપક્ષીને બીજા બાજપક્ષી સાથે માંસના ટુકડા માટે યુદ્ધ થાય, તેવી રીતે ભીષ્મને માટે કૌરવોનું પાંડવ સામે આ મહાયુદ્ધ થયું.'' ('ભીષ્મપર્વ' : ૬-૧૧૨-૪)

કાગડા (૨૦) :

''જેવી રીતે વણિકકુળમાં બધાનું ઉચ્છિષ્ટ ખાઈ કાગડો મોટો થયો હતો, તેવી રીતે ધૃતરાષ્ટ્રના પુત્રોએ તને એઠું ખવરાવી પાળ્યો તેમાં શક નથી. હે કર્ણ! આથી તું તારા જેવા અને તારાથી મહાનનું અપમાન કરે છે.'' ('કર્ણપર્વ' : ૮-૨૮-૫૫)

પતંગિયું (૧૯) :

''જેવી રીતે પ્રજ્વલિત અગ્નિમાં પતંગિયું બળીને મરે છે, તેવી રીતે ભીષ્મની તરફ જઈને હું (યુધિષ્ઠિર) મૃત્યુ જ પામવાનો છું.'' ('ભીષ્મપર્વ' ૬-૧૦૩-૨૦)

તીડ (૧૨) :

''શલ્ય દ્વારા વરસાવાતી, આકાશમાંથી પડતી, સોનાના પૂંખવાળી શરવૃષ્ટિને અમે તીડનાં ટોળાંની ધસી આવતી હાર જેવી નીરખી રહ્યા.'' ('શલ્યપર્વ' : ૯-૧૨-૩૮)

ભ્રમર (૧૧) :

''જેમ ભમરાઓના સમૂહો અને તીડોનાં ટોળાં ઊતરી પડે તથા જેમ વાદળમાંથી વીજળીઓ પડે, તેમ શલ્યનાં બાણો છૂટવા લાગ્યાં.'' ('શલ્યપર્વ' : ૯-૧૦-૨૨)

બગલા (૯) :

''ત્યાં શિયાળ, બગલા અને કાગડા ચારેય તરફથી આવી રહ્યાં હતાં અને કૂતરાઓ વિવિધ પ્રકારના વિચિત્ર અવાજો કરીને ભસી રહ્યા હતા.'' ('ભીષ્મપર્વ' : ૬-૯૬-૫૦)

મોર (૬) :

''મદ્રરાજ શલ્યના હાથમાંથી છૂટેલાં કાગડાનાં અને મોરનાં પીંછાંવાળાં, સુસવાટા કરતાં અને વેગથી પડતાં ભયાનક બાણોથી આખી ધરતી છવાઈ ગઈ.'' ('શલ્યપર્વ' : ૯-૧૫-૪૦)

આગિયા (૫) :

"તેઓનું (ભીમ, દુર્યોધન) આ અતિ ભયાનક મહાયુદ્ધ જ્યારે ચાલતું હતું ત્યારે આકાશ આગિયાના ઝુંડના ચમકારાથી જાણે શોભી ઊઠ્યું હતું." ('શલ્યપર્વ' : ૯-૫૬-૫)

કુંજ (૪) :

"ત્યાં જેની સૂંઢો કપાઈ ગઈ હતી તેવા અને જેના પગ છેદાઈ ગયા હતા તેવા હાથીઓ ભયભીત થઈને ભૂમિ પર ઢળી જઈને કુંજપક્ષીની જેમ કકળાટ કરવા લાગ્યા." ('ભીષ્મપર્વ' : ૬-૮૫-૨૯)

ઘુવડ (૩) :

"કાગડાઓનો વિનાશ કરનારા આ ઘુવડે વડની ઝાડની ડાળીઓને ભેટીને સૂઈ રહેલા અનેક કાગડાઓને સુપ્તાવસ્થામાં જ મોતને ઘાટ ઉતાર્યા." ('સૌપ્તિકપર્વ' : ૧૦-૧-૩૯)

ક્રૌંચ (૨) :

"હે રાજેન્દ્ર ! તે બંનેનાં (કર્ણ-સાત્યકિનાં) બાણની જાળ આકાશમાં ક્રૌંચ-પક્ષીની પીઠ જેવી લાલ રંગની ભયંકર દેખાવા લાગી." ('કર્ણપર્વ' : ૮-૩૫-૪૫)

ટીટોડી (૨) :

"હે રાજન્ ! ત્યાં આ બધી કુરુસ્ત્રીઓ, જે વારંવાર રુદન અને ક્રંદન કરતી હતી તેઓના કુરરી(ટીટોડી)ના જેવા વિલાપથી ધરતી ગાજવા લાગી." ('શલ્યપર્વ' : ૯-૨૮-૬૫)

શાહુડી (૨) :

નીલકંઠ (૧) સારસ (૧) :

"હે રાજન્ ! અર્જુનને જતો જોઈને બધી દિશાઓ નિર્મળ બની ગઈ. નીલકંઠ, સારસ, ક્રૌંચ વગેરે માંગલિક પક્ષીઓ પાંડુપુત્ર અર્જુનની જમણી બાજુ ઊડવા લાગ્યાં." ('કર્ણપર્વ' : ૮-૫૦-૪૩)

તેતર (૧) :

"સુંદર વનાયુ અશ્વો તેમ જ પર્વતીય પ્રદેશમાં રહેતા અશ્વો તથા બીજા વાયુના તેમ જ તેતરપંખી જેવા વેગવાળા એવા તિતિર અશ્વો ત્યાં હતા." ('ભીષ્મપર્વ' : ૬-૮૬-૪)

ઇન્દ્રગોપ (૧) :

"હે નિષ્પાપ ! તે (કર્ણના) બાણથી ધૃષ્ટદ્યુમ્નનું સોનાથી વિભૂષિત કવચ છેદાઈ ગયું ત્યારે લોહીથી ભીંજાયેલો તે ધૃષ્ટદ્યુમ્ન ઇન્દ્રગોપ કીડા જેવો શોભવા લાગ્યો." ('કર્ણપર્વ' : ૮-૪૨-૯)

જળચર

મગર (૩૭) :

"પાંડવો દ્વારા ચારેય બાજુથી ઘેરાયેલ કૌરવસેનાને એ મહાવીરોએ (ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, સોમકો, પાંચાલો, યુધિષ્ઠિર) એવી રીતે ખળભળાવી મૂકી, જેવી રીતે મગરો મહાસાગરને ખળભળાવી મૂકે." ('શલ્યપર્વ' : ૯-૧૭-૯)

માછલી (૩૦) :

"રથરૂપ ધરાવાળા, બાણોની વૃષ્ટિરૂપ તરંગોવાળા, રત્નોથી સુશોભિત, વાહનયુક્ત, જેમાં શક્તિ અને ઋષ્ટિરૂપ માછલીઓ હતી, ધ્વજરૂપ હાથીઓ અને મગરો હતા તથા ધનુષ્યની હલનચલનરૂપી ફીણ જેમાં હતાં." ('સૌપ્તિકપર્વ' : ૧૦-૧૦-૧૭)

કાચબા (૧૦) :

"જેવી રીતે પુષ્કળ કમળ, ઉત્પલ, માછલી, કાચબા, વગેરેથી ભરેલા પક્ષી સમુદાયના અવાજથી યુક્ત બે મોટાં સરોવરો વાયુથી ખળભળી ઊઠીને એકબીજાને મળે તેવી રીતે ધ્વજાયુક્ત રથ સાથે થઈ ગયા." ('કર્ણપર્વ' : ૮-૬૫-૬)

□

15
વ્યાસજીને વહાલો '૧૮'નો અંક



'મહાભારત' એટલે કલ્પવૃક્ષ, જેની શાખાઓ વેદઋચાઓનું સ્થાન પામી છે. નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર કે કામશાસ્ત્ર, કર્તવ્યશાસ્ત્ર કે પછી મોક્ષશાસ્ત્ર - એ બધાં કલ્પવૃક્ષનાં વિવિધ રંગબેરંગી પુષ્પો છે, જેમનો મઘમઘાટ યુગોથી સર્વત્ર પ્રસરેલો છે અને વિદ્વાનોરૂપી ભ્રમરો આ કલ્પવૃક્ષની ફરતે ગુંજારવ કરતા રહ્યા છે. આવા આ ગ્રંથને મહાકાવ્ય કહીએ તે કરતાં વિરાટકાવ્ય કહીએ તો તે વધુ ન્યાયસંગત લાગે.

વિરાટના હીંડોળે હીંચકતાં અવકાશને આંબવું જેટલું દુષ્કર છે, તેટલું જ 'મહાભારત'ની અનેક વિશિષ્ટતાઓને ઓળખવાનું પણ દુષ્કર છે.

'મહાભારત'માં કયો વિષય ચર્ચવો બાકી રહી ગયો છે ? કદાચ એક પણ નહીં. વૈવિધ્યપૂર્ણ વિષયો, અનેક ઘટનાઓ, જગતની તમામ વ્યવહારવાતો અને માનવીનું આખરે થતું મહાપ્રસ્થાન - આ બધું જ 'મહાભારત'માં સમાયું છે. અનેક વિશેષતાઓથી ભરેલા આ મહાકાવ્યમાં એક અલગ જ પ્રકારની વિશેષતા આપણું ધ્યાન ખેંચે છે અને તે છે '૧૮'નો અંક. 'મહાભારત'કારને '૧૮'નો અંક અતિ પ્રિય હશે. '૯' અંક બધે જ બંધબેસતો થઈ જાય તેવો વિશિષ્ટ અંક છે, તેથી ૧ + ૮ = ૯ પ્રમાણે '૧૮'નો અંક પસંદ કર્યો હશે ? આ તો ખાલી

આપણો તર્ક છે, પરંતુ એટલું ચોક્કસ કે 'મહાભારત'માં '૧૮'નો અંક ખાસું મહત્ત્વ ધરાવે છે.

૧. વ્યાસજીએ પોતાના આ ગ્રંથનું નામ તો 'જય' રાખેલું, પછી પાછળથી 'ભારત' અને 'મહાભારત' નામકરણ થયું. આ 'જય' શબ્દ જોઈએ તો સંસ્કૃતમાં શ્લોક છે :

कादयोंकाष्टादयोंका पाद्याः पंच प्रकीर्तिता ।
पादयोष्टौझनौ पूर्णे विज्ञेयाः स्वरशास्त्रके ।।

'ક'થી 'જ' સુધીના અક્ષરો અનુક્રમે ૧થી ૯ સંખ્યાના વાચક છે. 'ટ'થી 'ધ' સુધીના અક્ષરો પણ અનુક્રમે ૧થી ૯ સંખ્યાના વાચક છે. 'પ'થી 'મ' સુધીના અક્ષરો ૧થી ૫ સુધીની સંખ્યાના વાચક છે. 'ય'થી 'હ' સુધીના આઠ અક્ષરો ૧થી ૮ સુધીની સંખ્યાના વાચક છે. 'ઝ' અને 'ન' એ બે પૂર્ણ વાચક છે.

આ અનુસાર અંકગણતરી કરીએ તો જ = ૮ અને ય = ૧, એટલે કે 'જય' = ૮૧ થાય.

પરંતુ સંસ્કૃતમાં અંકોને ઊલટા ક્રમથી બોલવામાં આવે છે. જેમ કે ૧૧થી ૧૯ સંખ્યા માટે એકાદશ, દ્વાદશ, ત્રયોદશ વગેરે. આમ પહેલાં 'એક' બોલાય પછી 'દસ' બોલાય છે. તેથી જય = ૮૧ ને ઊલટા ક્રમથી ગોઠવતાં '૧૮' અંક આવે, અર્થાત્ 'જય' શબ્દ પોતે જ '૧૮'નો અંક સૂચવે છે.

જેમાં અધ્યાત્મવાદ વર્ણવાયો છે તેવાં વેદ, ઉપનિષદ, મહાભારત વગેરેની ફિલસૂફી પણ '૧૮' અંક સાથે વણાયેલી છે. જાણે '૧૮' અંકને વિજય, સફળતા અને સત્ત્વશીલતા સાથે ગાઢ સંબંધ ન હોય !

૨. "ધર્મ અને અધ્યાત્મ બાબતે ભારત લક્ષાધિપતિ છે, કારણ, ભારત એવી ભૂમિ છે, જેને જોવા જગતઆખાના સઘળા મનુષ્યો ઇચ્છા ધરાવે છે." માર્ક ટ્વેઈનના આ શબ્દો યાદ કરીએ ત્યારે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું સ્મરણ થઈ આવે. પંદરમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સર્વ શાસ્ત્રોનો સાર વર્ણવતાં કહે છે : "માનવીના જીવનને ત્રિકોણની ત્રણ બાજુઓ સાથે સરખાવી શકાય. ત્રિકોણની એક બાજુ તે 'ક્ષર' એટલે કે ૧૫ તત્ત્વો. બીજી બાજુ તે 'અક્ષર' એટલે પ્રકૃતિ અને ત્રીજી બાજુ તે અંતિમ ધ્યેયરૂપ પરમાત્મા."

આ પંદર તત્ત્વો એટલે શ્રદ્ધા, ઇન્દ્રિય, મન, અન્ન, વીર્ય, મંત્ર, કર્મ, તપ, લોક, નામ તથા પાંચ પ્રકૃતિતત્ત્વો. સોળમું તત્ત્વ તે જીવ, જે સત્તરમા તત્ત્વ

એટલે કે પ્રકૃતિથી, અગાઉ વર્ણવેલાં પંદર તત્ત્વોના બંધનમાં છે. આ બંધનો - આવરણો પાર કરી જીવ અંતિમ એવા અઢારમા તત્ત્વ પરમાત્માને પામે છે અને એ અઢારમા તત્ત્વની પેલે પાર કશું જ નથી.

વ્યાસજીએ પોતે જ કહ્યું છે : "આ એક ગૂઢ રહસ્ય તમને કહું છું કે આ સમગ્ર બ્રહ્માંડમાં મનુષ્યથી અધિક બીજું કશું જ નથી."

૩. આ મનુષ્ય એટલે પાંચ સૂક્ષ્મ મહાભૂતો (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી), પાંચ વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) સહિતની પાંચ જ્ઞાનેન્દ્રિયો (ક્ષોત્ર, ત્વચા, રસના, નેત્ર અને ઘ્રાણ), પાંચ કર્મેન્દ્રિયો (વાક્, હસ્ત, પાદ, ઉપસ્થ અને ગુદા) તેમ જ ત્રણ અંતઃકરણો(મન, બુદ્ધિ અને અહંકાર)નો સમૂહ. આમ, પંચમહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને ત્રણ અંતઃકરણો મળી કુલ અઢારનો સમૂહ તે માનવ, જે રહસ્ય વ્યાસજીના ઉદ્ગારરૂપે આપણને જાણવા મળ્યું છે.

૪. ભારતીય તત્ત્વજ્ઞાનનું અંતિમ ગૂઢ રહસ્ય પામવા માટેનાં શાસ્ત્રોની સંખ્યા પણ અઢારની છે.

'ઋગ્વેદ', 'સામવેદ', 'યજુર્વેદ' અને 'અથર્વવેદ' એમ ચાર અપૌરુષેય વેદગ્રંથો; 'રામાયણ', 'મહાભારત', 'પંચરાત્ર' અને પુરાણો એમ ચાર ઇતિહાસગ્રંથો; શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ એટલે કે ખગોળશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રો એટલે કે સ્મૃતિગ્રંથો - એમ સાત વેદાંગો અને કર્મ, બ્રહ્મ અને દેવ એ ત્રણ મીમાંસા એમ કુલ ૧૮ શાસ્ત્રો પ્રમાણિત ગણાયાં છે.

૫. ધર્મ તો જગતનો કર્ણધાર છે. બ્રહ્માએ જેનું સર્જન કર્યું છે એવો વેદ એટલે આપણો ધાર્મિક-આધ્યાત્મિક વારસો. આ વેદનાં ૧૮ પ્રકરણ છે.

૬. વ્યાસજીને '૧૮' અંક માટે કંઈક વિશેષ લગાવ હોવાની વાત કરી અને તેમાં વેદ અને અધ્યાત્મજ્ઞાન વિશે વાત ઉમેરી છે, કારણ, અપૌરુષેય - બ્રહ્મારચિત વેદો સમજવા અતિ કઠિન હતા, તેથી એ વેદને ચાર વિભાગમાં વર્ગીકૃત કરવાનું ભગીરથ સંપાદનકાર્ય વ્યાસજીએ કર્યું છે. 'ઋગ્વેદ', 'સામવેદ', 'યજુર્વેદ' અને 'અથર્વવેદ'ને વિષયવસ્તુ અનુસાર વિભાજિત કર્યા છે. આ દરેક વેદનાં ૧૮-૧૮ પ્રકરણ છે.

૭. ભય અને ભાવથી પ્રેરાઈને આદિમાનવથી સાહજિક રીતે બોલાયેલા શબ્દો તે જ વેદની ઋચાઓ. જ્ઞાનગંગાનું આદિમ સ્થાન જેમ હિમાલય છે, તેમ

વેદ આપણી આર્ષવાણી છે, પરંતુ વેદને સમજવા કઠિન હતા અને છે. આથી સૌને સમજાય તેવી સરળ ભાષામાં રચના થવી જોઈએ એમ વિચારી વ્યાસજીએ ઉપનિષદોની રચના કરી. આ મુખ્ય-મુખ્ય ઉપનિષદોની સંખ્યા પણ ૧૮ની છે.

૮. સઘળાં ઉપનિષદોમાં પણ 'ઈશાવાસ્યોપનિષદ' વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેના કુલ ૧૮ મંત્રો છે.

૯. ઉપનિષદની રચના કર્યા પછી પણ વ્યાસજીને લાગ્યું કે વૈદિક જ્ઞાનને વધુ ને વધુ લોકભોગ્ય બનાવવું હોય, વ્યવહારજીવન સાથે વણી લેવું હોય તો હજી વધુ સરળ ગ્રંથો હોવા જરૂરી છે, તેથી તેઓએ પુરાણોની રચના કરી. આમ તો ઘણાં પુરાણો છે, પરંતુ આપણાં મુખ્ય પુરાણોની સંખ્યા ૧૮ની છે, જેમાં 'અગ્નિપુરાણ', 'કૂર્મપુરાણ', 'ગરુડપુરાણ', 'પદ્મપુરાણ', 'બ્રહ્મપુરાણ', 'બ્રહ્માંડપુરાણ', 'બ્રહ્મવૈવર્તપુરાણ', 'વામનપુરાણ', 'વિષ્ણુપુરાણ', 'વરાહપુરાણ', 'વાયુપુરાણ' ('શિવપુરાણ'), 'ભાગવતપુરાણ', 'ભવિષ્યપુરાણ', 'મત્સ્યપુરાણ', 'માર્કંડેયપુરાણ', 'લિંગપુરાણ', 'સ્કંદપુરાણ' અને 'નારદપુરાણ'નો સમાવેશ થાય છે.

૧૦. પુરાણોમાં 'શ્રીમદ્ ભાગવતપુરાણ' આપણને સૌથી વધુ પરિચિત છે, લોકભોગ્ય છે. 'ભાગવત' સપ્તાહ બેસાડવાનો એક રિવાજ થઈ ગયો છે. આ 'ભાગવત'પુરાણમાં ૧૮,૦૦૦ શ્લોકો છે.

૧૧. પ્રાચીન ભારતમાં તત્ત્વજ્ઞાન કરાવી આપે તેવી ૧૮ પ્રકારની મુખ્ય વિદ્યાઓ શીખવવામાં આવતી. તેમાં પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત અને જ્યોતિષ ઉપરાંત 'ઋગ્વેદ', 'યજુર્વેદ', 'સામવેદ' અને 'અથર્વવેદ' જેવા ચાર વેદો અને 'આયુર્વેદ', 'ધનુર્વેદ', 'ગંધર્વવેદ' અને 'અર્થવેદ' જેવા ચાર ઉપવેદો મળીને વિદ્યાનાં કુલ ૧૮ પ્રસ્થાનો હોવાનું શાસ્ત્રમાં પ્રમાણ છે.

૧૨. આ બધા ઉપરાંત ક્ષણેક્ષણે અવનવા રંગો ધારણ કરતી, માનવમનના તમામ ખૂણાઓને સ્પર્શીને પ્રગટ કરતી, વચનમંત્ર જેવું કામ કરતી કથા તે મહામૂલા ગ્રંથ 'મહાભારત'ની ચિરાયુષી કથા. વ્યાસજીનું અભૂતપૂર્વ, અદ્વિતીય અને અણમૂલું પ્રદાન. આ 'મહાભારત'માં પણ '૧૮'નો અંક આપણું ધ્યાન ખેંચે છે.

સૌપ્રથમ તો 'મહાભારત'નું પૂર્ણ કલેવર જ ૧૮ પર્વનું બંધાયેલું છે.

૧૩. ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી જ્યેષ્ઠ હોવા છતાં રાજગાદીના અધિકારી બની ન શક્યા અને પાંડુને રાજગાદી મળી. પાંડુ ઘણા મહત્ત્વાકાંક્ષી હતા. રાજ્યવિસ્તાર કરવાની ઇચ્છાથી તેમણે ઘણાં યુદ્ધો પણ ખેલ્યાં, પરંતુ કહે છે ને કે પવન કાયમ એક દિશામાં વાતો નથી, દરિયો એક કિનારે જંપીને સ્થિર થતો નથી, નદી, ઝરણાં, ક્યારેય કોઈના રોકાયાં રોકાતાં નથી, તો પછી સતત વહ્યા કરતો સમય કેવી રીતે એકસરખો વહેતો રહે ?' ભાગ્યસંજોગે પાંડુ શાપના શિકાર બન્યા. આથી કુંતી અને માદ્રી સાથે તેમણે વનગમન કર્યું. શાપનો સમય પાક્યો હશે તે કામવિવશ પાંડુ વનમાં વસંતશોભા માણતાં-માણતાં મૃત્યુ પામ્યા. માદ્રીએ સતી થઈને સહગમન કર્યું. કુંતી પાંચેય પુત્રોને લઈને હસ્તિનાપુર આવી અને ત્યારે પાંડુના અવસાનનો ૧૮મો દિવસ હતો અને એ દિવસથી પાંડવોના જીવનનો નવો તબક્કો શરૂ થયો.

૧૪. ભાગ્યરૂપી મેઘમાં ઘડીક વીજળી ડોકાય, તેમ 'મહાભારત'ના આખા ઘટનાચક્રમાં વચ્ચેવચ્ચે ૧૮નો અંક ડોકાયા જ કરે છે.

બાળવયમાં બાળકસહજ હુંસાતુંસી, પછી તેજોદ્વેષ અને ધીરેધીરે વેરભાવ કૌરવ-પાંડવો વચ્ચે વધતાં ગયાં. સંબંધોની ખીણ વધુ ને વધુ ઊંડી ઊતરવા માંડી અને આખરે વૈરાગ્નિની જ્વાળાઓ લબકારા લેવા લાગી. પાંડવોએ વનવાસ ભોગવ્યો. પાંચ ગામો મેળવીને સમાધાન થાય તો યુદ્ધ નથી જોઈતું એવી પાંડવોની ઇચ્છા પણ ફળીભૂત ન થઈ. યુદ્ધ ટાળવા શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા હસ્તિનાપુર પહોંચ્યા, પણ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. યુદ્ધનું નિર્માણ હતું જ. દુર્યોધને શ્રીકૃષ્ણની નારાયણી સેના મેળવી, અર્જુને એકલા શ્રીકૃષ્ણને માગીને મેળવ્યા, બંને પક્ષે ભારતભરના અનેક રાજવીઓ પોતપોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યા ત્યારે આ સેના કેવી હતી ? કેટલી હતી ?

કૌરવોની ૧૧ અક્ષૌહિણી અને પાંડવોની ૭ અક્ષૌહિણી કુલ ૧૮ અક્ષૌહિણી સેનાથી વાત પૂરી નથી થતી.

ચતુરંગી સેનાની વિગતો પણ જાણવા જેવી છે (દરેક અક્ષૌહિણીમાં) :

રથોની સંખ્યા - ૨૧,૮૭૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ = ૧૮)

હાથીઓની સંખ્યા - ૨૧,૮૭૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ = ૧૮)

અશ્વોની સંખ્યા - ૬૫,૬૧૦ (૬ + ૫ + ૬ +૧ + ૦ = ૧૮)

પદાતિઓની સંખ્યા - ૧,૦૯,૩૫૦ (૧ + ૦ + ૯ + ૩ + ૫ + ૦ = ૧૮)

કુલ સંખ્યા - ૨,૧૮,૭૦૦ (૨ + ૧ + ૮ + ૭ + ૦ + ૦ = ૧૮)

કેવો જોગાનુજોગ ! કે પછી વ્યાસજીની '૧૮' અંકની પ્રીતિ ?

૧૫. ફળની દરેક પેશીમાં એકસરખો સ્વાદિષ્ટ રસ ભર્યો હોય છે, તેમ 'મહાભારત'ના દરેકેદરેક પર્વમાં કાંઈક ને કાંઈક ખૂબીને કારણે રસ જળવાઈ રહ્યો છે.

યુદ્ધનાં પડઘમ વાગ્યાં. કૌરવ-પાંડવ-સેના સામસામી ગોઠવાઈ ગઈ. સૈન્ય આખું 'આક્રમણ'ના આદેશને સાંભળવા આતુર હતું. ત્યાં તો પાંડવોનો જેના ઉપર મુખ્ય મદાર હતો એવો અર્જુન પાણીમાં બેસી ગયો. કૌરવસેનામાં સેનાપતિપદે ભીષ્મદાદા, સાથે વત્સલ આચાર્ય દ્રોણ, ગુરુ કૃપાચાર્ય અને અન્ય સ્નેહીઓને, સ્વજનોને જોતાં જ ઋજુહૃદય અર્જુન લાગણીના પ્રવાહમાં ખેંચાવા લાગ્યો. ગાત્રો શિથિલ થઈ ગયાં. વ્યામોહ છવાઈ ગયો. ''સ્વજનો સાથે યુદ્ધ કરવા કરતાં તો જંગલ-જંગલ ભટકવું સારું અથવા મૃત્યુને બહેતર ગણવું સારું'' એમ કહેતા અર્જુને હથિયાર હેઠાં મેલ્યાં ત્યારે અર્જુનના સારથિ બનીને ઊભેલા શ્રીકૃષ્ણે સેનામધ્યે અર્જુનને જે જ્ઞાન આપ્યું તે 'ગીતા'જ્ઞાન - 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના ૧૮ અધ્યાયો છે.

૧૬. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવતા, સૌથી મહત્ત્વના કહી શકાય તેવા ૫૫થી ૭૨ ક્રમના ૧૮ શ્લોકો છે.

૧૭. સામાન્ય રીતે આપણે ફક્ત એક જ 'ગીતા'થી પરિચિત છીએ - 'શ્રીમદ્ ભગવદ્ગીતા'થી અને એ જ આપણે માટે મુખ્ય અને મહત્ત્વની છે, તેથી જ કહ્યું છે :

જન્મ્યો તું અંધકાર-પક્ષે, તેમાંયે મધ્યરાત્રિએ,
પ્રગટાવ્યો તેં ગીતા-દીવો, ટાળવા અંધારું સર્વનું.

પરંતુ યાદ રહે, 'મહાભારત'માં કુલ ૪૨ જેટલી 'ગીતા'ઓ છે અને તેમાં પણ મુખ્ય કે મહત્ત્વની ૧૮ 'ગીતા'ઓ છે. જેવી કે 'અનુગીતા', 'અષ્ટાવક્રગીતા', 'કપિલગીતા', 'વિચખ્નુગીતા', 'ષડ્જગીતા', 'પરાશરગીતા', 'હારિતગીતા', 'હંસગીતા', 'જ્ઞાનસત્રગીતા', 'યાજ્ઞવલ્ક્યગીતા', 'વામદેવગીતા', 'ઉત્તથ્યગીતા', 'ઋષભગીતા', 'પિંગલાગીતા', 'શંપાકગીતા', 'મંકિગીતા', 'બોધ્યગીતા' અને 'ઉદ્ધવગીતા'.

શ્રીકૃષ્ણે મહાભારત યુદ્ધ શરૂ થયું ત્યારે પ્રિય સખા અને શિષ્ય અર્જુનને 'શ્રીમદ્ ભગવદ્ગીતા' સંભળાવેલી છે. યાદવાસ્થળીને અંતે શ્રીકૃષ્ણના દેહોત્સર્ગે

કૃષ્ણજીવનની લીલા સંકેલાતી હતી તે આખરી વેળાએ શ્રીકૃષ્ણે પોતાના બીજા પ્રિય સખા, બંધુ અને ભક્ત એવા ઉદ્ધવને 'ઉદ્ધવગીતા' સંભળાવી.

૧૮. પંચમવેદ સમા આ સંસ્કૃતિકાવ્યમાં મુખ્ય 'ગીતા' તો 'શ્રીમદ્ ભગવદ્ગીતા'. આપણા સૌની માનીતી, સૌની લાડલી એવી આ 'ગીતા'નાં પણ કેટલાં નામ ? પૂરાં ૧૮. જેમ કે 'ગીતા', 'ગંગા', 'ગાયત્રી', 'સીતા', 'સતી', 'સરસ્વતી', 'બ્રહ્મવિદ્યા', 'બ્રહ્મવલ્લી', 'ત્રિસંધ્યા', 'મુક્તિગેહિની', 'અર્ધમાત્રા', 'ચિદાનંદા', 'ભવઘ્ની', 'ભયનાશિની', 'વેદત્રયી', 'પરા', 'અનન્તા' અને 'તત્ત્વાર્થમંજરી'.

गीता, गंगा च गायत्री, सीता सत्या, सरस्वती ।
ब्रह्मविद्या, ब्रह्मवल्ली, त्रिसंध्या, मुक्तिगेहिनी ।।

अर्धमात्रा, चिदानन्दा, भवघ्नी, भयनाशिनी ।
वेदत्रयी पराऽनन्ता तत्त्वार्थज्ञानमंजरी ।।

इत्येतानि जपेन्नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानसिद्धिं लभेच्छीघ्रं तथान्ते परमं पदम् ।।

૧૯. યુદ્ધ આરંભાયું ત્યારે રથ પર ઊભેલા અર્જુનના હાથમાં ગાંડીવ ધનુષ્ય શોભતું હતું. ગાંડીવ ધનુષ્યની લંબાઈ ૨૮૨.૬ સે.મી. મનાય છે. (૨ + ૮ + ૨ + ૬ = ૧૮) આ ધનુષ્ય દ્વારા અર્જુન અંજલિક બાણ છોડતો. અંજલિક બાણ સૌથી લાંબું અને સૌથી વેગવંતું બાણ ગણાતું. અંજલિક બાણની લંબાઈ ૧૮૦ સે.મી. જેટલી હતી. અર્જુન જ્યારે અંજલિક બાણ પૂરેપૂરું ખેંચતો ત્યારે ગાંડીવ ધનુષ્ય પૂર્ણ વર્તુળાકાર બની જતું અને એ વર્તુળની ત્રિજ્યા ૯૦ સે.મી. જેટલી બનતી.

સાથેસાથે ઉલ્લેખ કરીએ કે ઘટોત્કચના ધનુષ્યની લંબાઈ ૧૮ ફૂટ જેટલી હતી.

૨૦. કહે છે કે સાપ કે શત્રુને છંછેડવો નહીં. જો છંછેડ્યો તો તેને પૂરો કરવો.

મહાભારતનું ભીષણ યુદ્ધ રોક્યું રોકાય તેમ નથી, કારણ, એકએકથી ચડિયાતા મહારથીઓનું આ યુદ્ધ છે. ભીષ્મ, દ્રોણ જેવા અજેય યોદ્ધાઓ ભાગ લે છે, પરંતુ યુદ્ધ પૂરું થયું ત્યારે મુખ્ય વ્યક્તિઓમાં શ્રીકૃષ્ણ, પાંચ પાંડવો, સાત્યકિ, કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા એટલી જ વ્યક્તિઓ બચી છે. બાકી સર્વનાશ થયો છે. બધાએ છંછેડેલા દુશ્મનને પૂરા કર્યા છે.

આવું મહાભારત યુદ્ધ પૂરા ૧૮ દિવસ ચાલ્યું.

૨૧. મહાભારત યુદ્ધના મહાસંહારથી અત્યંત ગ્લાનિ અનુભવતા ધૃતરાષ્ટ્રે વનગમન કરવાનો નિર્ધાર કર્યો ત્યારે યુધિષ્ઠિરને શીખ આપતાં ધૃતરાષ્ટ્રે કહ્યું : "તમારી બુદ્ધિ ધર્મમાં સ્થિર રહે, તમારું હૃદય વિશાળ હો." એમ આશિષ આપી ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતી વનમાં ચાલ્યાં ગયાં અને ભાગીરથીને તીરે શતયુપના આશ્રમમાં રહેવા લાગ્યાં.

અને જેમ હજાર ગાયોના ટોળામાં વાછરડું પોતાની માને ઓળખી લે, તેમ કરેલાં કર્મ પોતાના કર્તાને ઓળખી તેમની પાસે પહોંચી જાય છે એ ન્યાયે ત્યાં અચાનક દાવાનળ પ્રગટ થયો, જે ધૃતરાષ્ટ્ર ભણી આવતો જણાયો. ધૃતરાષ્ટ્રે સમય પારખી લીધો અને સંજયને ત્યાંથી ક્યાંક દૂર ચાલ્યા જવા કહ્યું. અનેક આનાકાની પછી સંજય ચાલ્યો ગયો અને નારદજી વગેરેને મળી હિમાલય તરફ પગ વાળ્યા.

દાવાનળ શાંત થયો ત્યારે ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીનાં બળીને ભૂંજાઈ ગયેલાં કલેવરો નારદજીએ જોયાં.

આ સમય હતો મહાયુદ્ધ પછીનાં ૧૮ વર્ષનો.

૨૨. વર્ષો વીતતાં ચાલ્યાં. હા, ચાલે છે તો માત્ર સમય જ, આપણે તો માત્ર તેનાં પગલાં છીએ એ સત્ય ઠર્યું, ધૃતરાષ્ટ્રના મૃત્યુ પછીનાં ૧૮ વર્ષે. ત્યાં સુધી યુધિષ્ઠિરે રાજ્ય કર્યું, એટલે કે બીજાં ૧૮ વર્ષ અથવા તો મહાયુદ્ધ પછીનાં ૩૬ વર્ષ (૧૮+૧૮)

અને ત્યારે દ્વારિકાની વિનાશઘડી આવી પહોંચી. શ્રીકૃષ્ણની છત્રછાયા હોવા છતાં, સાગરકાંઠાની સજ્જડ સલામતી છતાં, દ્વારિકાનગરીની અખંડિત સુરક્ષિતતા છતાં, કાળઘડીએ છીંડું શોધી કાઢ્યું. અતિ સંપત્તિ અને સત્તાથી મદાંધ બનેલા યાદવોનો મૈરેય મદિરાએ અને એરક મુશળે મળીને કચ્ચરઘાણ વાળી દીધો. યાદવાસ્થળીએ યાદવોનો સોથ વાળ્યો અને દ્વારિકા પોતે જ દરિયામાં ડૂબી ગઈ. પડે છે ત્યારે બધું જ પડે છે. દૈવ અનુકૂળ હોય ત્યાં સુધી પુરુષ અને પુરુષાર્થ સફળ થાય છે. દૈવ રૂઠ્યું એટલે બધું જ રૂઠ્યું.

૨૩. સમય ઓળખી કાળના બંધનને સ્વીકારવાનું ડહાપણ ધરાવતા બલરામ સમુદ્રતટે ચાલ્યા ગયા અને શેષનાગરૂપે સ્વધામમાં સમાઈ ગયા. ગ્લાનિ-નિર્વેદથી ભરેલા માનવદેહધારી શ્રીકૃષ્ણ, યુગકર્મ કરવા, ધર્મસંસ્થાપના

ફરવા આવનાર યોગીપુરુષ શ્રીકૃષ્ણને પોતાનું કાર્ય પૂર્ણ થયું તેવું લાગતાં તેમણે પણ દેહોત્સર્ગ સ્વીકાર્યો ત્યારે યુદ્ધનાં ગાંધારીએ આપેલા શાપનાં ૩૬ (૧૮+૧૮) વર્ષનાં વહાણાં વાયાં હતાં.

૨૪. સર્વ સ્વજનોનાં સંહાર, મૃત્યુ અને આખેઆખી દ્વારિકાનો વિનાશ યુધિષ્ઠિર સહિત સર્વ પાંડવોએ અત્યંત વેદનાથી અનુભવ્યાં. શ્રીકૃષ્ણની છત્રછાયા ગુમાવ્યાથી જાણે નોધારાપણું લાગતું હતું. યુધિષ્ઠિરના રાજ્યમાં પણ દ્વારિકાની જેમ જ જીવજંતુ, ઉંદરોનો ઉપદ્રવ વધી પડ્યો. વા-વંટોળ જેવી આપત્તિજનક એંધાણી મળતાં પાંડવોએ વિચાર્યું કે હવે સ્વેચ્છાએ શાસનનિવૃત્તિ નહીં લઈએ તો કાળ નિવૃત્તિ લેવરાવશે.

આથી ધૃતરાષ્ટ્ર-ગાંધારીના મૃત્ય પછીનાં ૧૮ વર્ષે પરીક્ષિતને રાજગાદીએ બેસાડ્યો, ધૃતરાષ્ટ્રના વૈશ્યપુત્ર યુયુત્સુને રાજધુરા સોંપી દીધી અને પ્રસન્ન ચિત્તે મુક્તિને દરવાજે પહોંચવા દ્રૌપદી સાથે પાંડવોએ મહાપ્રસ્થાન કર્યું. હિમાળો ગાળવા નીકળેલા પાંડવો ત્યારે યુદ્ધ પછીનાં ૩૬ વર્ષ (૧૮x૨), ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને કુંતીના અવસાન પછીનાં ૧૮ વર્ષનો સમયગાળો વટાવી ચૂક્યા હતા. વ્યાસજી જાણે વચનમંત્રનું કામ કરતા હોય તેમ એક પછી એક વચનો સિદ્ધ કરતા જાય છે.

૨૫. શ્રીકૃષ્ણે આતતાયી એવા મામા કંસને માર્યો. આથી કંસનો શ્વશુર જરાસંધ અત્યંત શોકપીડિત થયો. પોતાની દીકરીઓના દુઃખને જેમજેમ જોતો રહેતો તેમતેમ શ્રીકૃષ્ણ ઉપર ક્રોધ વધતો જતો હતો. સખત વેર બંધાયું.

જરાસંધ મહાબળવાન હતો. એનું સૈન્ય પણ સાગર સમું વિશાળ હતું, તેથી પોતાનો રોષ ઠાલવવા, શ્રીકૃષ્ણ પર વેર લેવા વારંવાર મથુરા પર ચડાઈ કરતો. આથી મથુરાવાસીઓ ખૂબ ઉદ્વિગ્ન રહેતા, સતત ખુવારી સહન કરતા રહેતા.

એમ કરતાં-કરતાં જરાસંધે ૧૮મી વખત મથુરા પર હુમલો કર્યો અને એ જ વખતે બીજી બાજુથી કાળયવને પણ મથુરાને ઘેરી લીધું. કાળયવન પોતાની સાથે ૩ કરોડ યવન સૈનિકો લાવ્યો હતો.

દુશ્મનની તાકાત ઓછી આંકે તો શ્રીકૃષ્ણ મુત્સદ્દી શાના ? આ વખતનો જરાસંધનો હુમલો મરણિયો હતો. તેથી દુશ્મન, દાવાનળ અને દેવું - એ ત્રણેયને ઊગતાં જ ડામવાની નીતિ જાણનારા, જગતનું હિત ઇચ્છનારા શ્રીકૃષ્ણ મથુરાના લોકોના આ ત્રસ્ત જીવનને શાંત બનાવવા મથુરા છોડી ગયા. યદુવંશનો સર્વનાશ

થતો બચી ગયો. બંને સેનાથી ઘેરાઈ ગયેલા શ્રીકૃષ્ણે યેન-કેન-પ્રકારેણ મથુરા છોડ્યું અને દ્વારિકામાં તેમણે સમુદ્રમાં કિલ્લો બનાવ્યો એમ 'શ્રીમદ્ ભાગવત' કહે છે.

આમ, ૧૮મી વખતના જરાસંધના હુમલા પછી જરાસંધે શ્રીકૃષ્ણ વિનાની મથુરા પર હુમલા કરવા બંધ કર્યા.

૨૬. 'મહાભારત' એટલે અનેક શાસ્ત્રોનો જ્ઞાનસમંદર. તેમાં રાજ્યનીતિ, રાજબંધારણ, રાજા અને તેનાં હક્ક-ફરજ પણ સારા એવા પ્રમાણમાં ચર્ચેલાં છે. એકંદરે તો આ રાજઘરાના ફરતે વીંટળાયેલી કથા ખરી ને ? એટલે રાજા વિશેની ચર્ચા ન કરે તેવું તો ક્યાંથી બને ?

રાજાના દોષ ગણાવવાનું પણ મહાકવિ ચૂક્યા નથી.

નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, મોહ, મદ, ઉન્માદ, પ્રમાદ, વિસ્મય, સંદેહ, લોભ, અસૂયા, મત્સર, કાયરતા, મિથ્યાત્વ, નાસ્તિકતા, અગમદર્શિતા અને અશિક્ષા - એવા ૧૮ દોષ પણ તેમણે વર્ણવ્યા છે.

આપણે વાતવાતમાં કહીએ જ છીએ કે 'માણસ અઢારેય અવગુણોથી ભરેલો છે' - આ ઉક્તિ આવા જ કોઈ શાસ્ત્રપ્રમાણને આધારિત હશે ને ?

૨૭. જેની ભીતર આધ્યાત્મિક અને દૈવી શક્તિનો ચિરંજીવ સ્રોત વહે છે તે મહાભારત કહે છે : "મૃત્યુને પણ આખરે એક સ્થાન મળે છે, જે ઘટના ન રહેતાં જાણે વ્યક્તિ બને છે અને તે પણ રમણીય છે, મોહક છે, શાંત અને સુંદર ઘટના છે. મૃત્યુને સ્વીકારવું આપણને જેટલું કઠિન લાગે છે તેટલી જ તીવ્ર ઝંખના હોય છે મોક્ષપ્રાપ્તિની."

આ મોક્ષપ્રાપ્તિનાં પણ ૧૮ પગથિયાં દર્શાવ્યાં છે :

કાન, નાક, આંખ, જીભ અને ત્વચા એ પાંચ ઇન્દ્રિયો,

રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર અને અસૂયા મળીને ૮; અને અવિદ્યા એ ૨,

સત્ત્વ, રજસ અને તમસ એ ૩ ગુણ.

એ બધાં મળીને કુલ ૧૮ને જે જીતે તે મોક્ષનો અધિકારી.

□

16

ઉપસંહાર



કવિ ન્હાનાલાલ કહે છે તેમ ''ત્રણેય કાળને આવરી લેતો સનાતન વારસો એટલે કુરુક્ષેત્રની મહાવાર્તા, જેને હજારો વર્ષથી ભારતની પ્રજા વાંચતી અને વિચારતી આવી છે.''

એવા 'મહાભારત'નો કાવ્યવિકાસ ત્રણ કાળઋતુઓમાંથી પસાર થયો છે. તેના જન્મસમયનું - છઠ્ઠીના દિવસે વિધાતાસ્વરૂપ વ્યાસજીએ પાડેલું નામ 'જય'. ત્યારબાદ તે 'ભારત' કહેવાયું અને ગ્રંથની પુખ્તવયે તે 'મહાભારત' તરીકે વિખ્યાત થયું, જે નામ આજ સુધી ચિરંજીવિતા પામીને આપણી જીવનપ્રણાલી સાથે સંકળાયેલું રહ્યું છે.

કોઈ પણ ભારતીયને 'મહાભારત'ની ઓળખ આપવી એટલે આર્ય કુળની અજ્ઞાનતા વ્યક્ત કરવી. 'મહાભારત' ક્ષણેક્ષણે અવનવાં રૂપ ધારણ કરતી, માનવમનના તમામ ખૂણાઓને પ્રકટ કરતી મહાકથા છે. ભલે તેમાં નિષ્ઠુર અને કરુણ વાસ્તવિકતા છે, પરંતુ ભારતની ગૌરવગાથાની પ્રચુરતા એટલી બધી છે કે તેના વડે ભારતીય સમૂહના સાંસ્કૃતિક આત્માનો પૂરેપૂરો પરિચય મળી રહે

૭. માનવસ્વભાવની સંસ્કૃતિ અને વિકૃતિ બંને ભારોભાર ભરી હોવા છતાં કોઈ અગમ્ય, અખૂટ અનેકત્વમાં અતૂટ એકત્વ અનુભવાય છે.

'મહાભારત' ગ્રંથ પ્રાચીન છે, પણ તે મહારાવ્ય હજુ સુધી પુરાણું બન્યું નથી, કારણ કે તે ધર્મરહસ્યનું સંસ્થાપક મહાકાવ્ય છે. મહાન માનવીની પણ મર્યાદા વ્યક્ત કરવા સમર્થ સત્યવાણીના પડછંદા તેમાં પડઘાય છે. વેદના, વ્યથા, વિલાપ, વલોપાતનો વેરશૃંખલા સાથેનો ગાઢ સંબંધ તેમાં વ્યક્ત થાય છે. વેરનાં વાવેતર થતાં રહ્યાં છે, છતાંય મંગલ જીવનદર્શન કરવા ભણી દૃષ્ટિ રાખીને જ આ મહાકાવ્ય લખાયેલું છે, માટે જ તે કલ્પવૃક્ષની ગરજ સારે છે. અને કલ્પવૃક્ષની ચાહના કોને ન હોય ? સાગરને, પાણીને સડક હોતી નથી, તેમ માનવજીવનનો પણ નિર્ધારિત પથ ચીતરાયેલો નથી હોતો. સમંદરમાં વહેતી નાવને પથદર્શક દીવાદાંડી છે, તેમ માનવ-મહેરામણને પથદર્શક બનતું 'મહાભારત' નામનું મહાકાવ્ય દીવાદાંડીસ્વરૂપ જ છે.

સત્ત્વશીલ ભારતભૂમિમાં ઉદ્ભવેલી પ્રત્યેક વિચારધારાનું શબ્દસ્વરૂપ તે 'મહાભારત'.

કવિ ન્હાનાલાલના મતે '''મહાભારત' એટલે જગતકવિતાનું મહાવન, માનવ-ઇતિહાસની કાળકથા.'' અહીં ''ત્રિકાળ ગજવતા પડછંદા પડે છે.'' ''આ મહાપ્રાણ કાવ્યમૂર્તિ'' એટલે ''યુગપલટાની પરાક્રમગાથા''ની જગતયાત્રા કરાવતું ''શારદસિદ્ધ'' ''કાળબ્રહ્મનું ઇતિહાસસ્તોત્ર.''

આ મહાકથાના રચયિતા છે મહર્ષિ વેદવ્યાસજી. કડવું સત્ય છે કે જગત પોતાના સમયના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી. વ્યાસજી તેમાંના એક છે.

મહર્ષિ વેદવ્યાસ એટલે સર્વજ્ઞ, દૈવજ્ઞ, શાસ્ત્રજ્ઞ અને બ્રહ્મજ્ઞ, સત્યનિષ્ઠ હોવાને કારણે દિવ્ય દૃષ્ટિ વડે ઇન્દ્રિયાતીત પદાર્થ જોઈ શકનારા, અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલા તપશુદ્ધ, યોગનિષ્ઠ, વેદવેત્તાશ્રેષ્ઠ. સ્વાભાવિક છે કે આવી સિદ્ધ વ્યક્તિ જે ગ્રંથ રચે તે શ્રેષ્ઠ જ હોય.

'મહાભારત' ગ્રંથ અનુપમ, પાપહરણકર્તા, પુણ્યદાયી, મંગલ શાસ્ત્ર છે. ભારતીય સંસ્કૃતિના સંરક્ષક એવા ભવ્યાતિભવ્ય ઋષિઓને કારણે ભારતદેશ પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે પ્રસિદ્ધ છે. ઋષિઓએ જ આપણી સાંસ્કૃતિક અસ્મિતા ટકાવી રાખી છે. 'ઋષ્' એટલે 'જાણવું' અને આ પરથી

'ઋષિ' એટલે ઇન્દ્રિયોથી જે જાણી ન શકાય તેવી બાબતો જાણી શકનાર તે ઋષિ. વેદોનું અધ્યયન તેમ જ વિવિધ શાસ્ત્રોની રચના દ્વારા વ્યાસજીએ પોતાનું જીવન લોકસમાજને અર્પણ કર્યું, આથી તેમણે લોકસમાજનું ઘણું જ કલ્યાણ કર્યું છે. ભગવતી ગાયત્રી જેટલી પુણ્યશ્લોક આર્ય કુળની ગૌરવગાથા ગાનાર સાહિત્યમહર્ષિ વેદવ્યાસ સરસ્વતીવહેણના પરખંદા બની આપણું જીવન ઉજાગર કરનાર મહાર્ષિ છે.

વેદોના ઋષિઓએ પ્રવાહિત કરેલ પતિતપાવન ગંગાનાં અમૃતપાન કરીને કવિતાના ક્ષેત્રમાં અવિસ્મરણીય કાવ્ય પ્રદાન કરનારાઓમાં વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ, માઘ, ભવભૂતિ વગેરેનો સમાવેશ કરી શકાય, જેઓના વિરાટ દર્શનને આપણે તેમનું ઋષિદર્શન - આર્ષ દર્શન કહી શકીએ. આર્ષ દર્શન બે પ્રકારે વ્યક્ત થાય : ૧. તેમના કાવ્યદર્શનમાં અને ૨. તેમના વિરાટ જીવનદર્શનમાં. વ્યાસજીનું આર્ષ દર્શન આ બંને ક્ષેત્રના ક્ષેત્રપાલ સમું જાગતું જોવા મળે છે.

યોગેશ્વરજી કહે છે તેમ : "તપશ્ચર્યાના એકધારા અનુષ્ઠાનથી અથવા આત્મવિકાસની સાધનાના સર્વોત્તમ સુમેરુ શિખરને સર કરવાથી, માનવની મૂલ્યવાન, સુષુપ્ત શક્તિઓ ખીલી ઊઠે છે."

"આવી શક્તિઓના પરિચયમાં આવતી વ્યક્તિ એમનાં શ્રવણ-સ્મરણ કે અનુભવથી આશ્ચર્યચકિત થાય છે અને 'આવું હોઈ શકે ?' એવું વિચારે છે." 'મહાભારત' તથા અન્ય ધર્મગ્રંથોમાં આવી શક્તિઓનો ચિતાર જોવા મળે છે.

આજના વિજ્ઞાનને આભારી સાધનો વડે જે સિદ્ધિ સાધી શકાય છે તે અંતરંગ સાધનાત્મક અભ્યાસ દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે. મહર્ષિ વ્યાસજી આવી સવિશેષ શક્તિથી સંપન્ન હતા, એટલું જ નહીં, બલકે તેથી પણ કશુંક વિશેષ તેઓની પાસે હતું. તેથી તેઓ બીજાને પણ વિશિષ્ટ શક્તિ પ્રદાન કરી શકતા. અર્જુનને, સંજયને, યુદ્ધ બાદ ધૃતરાષ્ટ્ર તથા ગાંધારીને દિવ્ય દૃષ્ટિ આપી છે તે વ્યાસજીની વિશિષ્ટ શક્તિની પ્રતીતિ છે.

કોઈ સિદ્ધપુરુષે સ્વયં શક્તિસંપન્ન થવું એ એક વાત છે અને અન્યને અનુગ્રહથી અથવા આશીર્વાદથી શક્તિસંપન્ન બનાવવા એ બીજી વાત છે. જેમ જીવતા હોવું એ એક વાત છે અને જીવંત હોવું એ બીજી વાત છે, બંને વચ્ચે ધુમ્મસ અને ધુમાડા જેટલો તફાવત છે. વ્યાસજી આવી અલૌકિક આત્મશક્તિથી સંપન્ન, લોકોત્તર, તત્ત્વજ્ઞાની અને સાથે માનસશાસ્ત્રજ્ઞ, પ્રખર શારદસિદ્ધ ઋષિવર છે.

પરમ સત્યનો પ્રકાશ સામાન્ય માનવીના ઉંબરા સુધી ન પહોંચે તો પ્રજાનો જયવારો થતો નથી, સંસ્કૃતિની પીઠિકા બંધાતી નથી. 'મહાભારત'નાં પાત્રોના જનક અને પાલક વ્યાસજીએ સમષ્ટિના સૂર સાથે પોતાનો સૂર મેળવી લીધો છે. જેમને કોઈ પ્રિય નથી કે કોઈ સામે દ્વેષ પણ નથી એવા કવિશ્રેષ્ઠે સચરાચર ચીજોને હૃદયસ્થ દૃષ્ટિથી નિહાળી છે. તેથી જ તેઓ સિદ્ધકક્ષાએ પહોંચી સાહિત્યના આકાશમાં પૂર્ણિમાના ચંદ્રની જેમ પ્રકાશિત થઈ શક્યા છે. માનવસંબંધોના વિશ્વકોશના વાતાવરણમાં આપણને સહેલ કરાવી શકનાર વ્યાસજીથી વધીને બીજું કોણ ?

વ્યાસજીએ 'મહાભારત' રચવું શરૂ કર્યું તે પહેલાં બ્રહ્માજીએ વ્યાસજીને આશીર્વાદ આપેલા : "આના કરતાં ચઢી જાય તેવું કાવ્ય કોઈ કવિ લખી નહીં શકે. જેમ ત્રણેય આશ્રમો ગૃહસ્થાશ્રમને આધારે રહે છે, તેમ હવે પછી બધા કવિઓ તારા આ કાવ્યને આધારે રહેશે."

વાલ્મીકિરચિત 'રામાયણ' પણ મહાકાવ્ય છે, પરંતુ વ્યાસજીરચિત 'મહાભારત' એ તો મહાકાવ્ય જ નહીં, ઇતિહાસ છે, પાંચમો વેદ છે. તેના લેખનમાં એક ખાસ તપશ્ચર્યા છે. વેદોનું રહસ્ય અને સદાય જાળવવા જેવું સત્ય તેમણે અદ્ભુત રીતે આલેખ્યું છે. સંસ્કૃત ભાષાસાહિત્ય સાથે જેવો પાણિનિના વ્યાકરણનો સંબંધ તેવો જ સંબંધ ભારતીય સંસ્કૃતિ સાથે ધર્મામૃત મહાકાવ્ય 'મહાભારત'નો છે. આ મહાકાવ્ય તો ભારતીય સંસ્કૃતિની કરોડરજ્જુ છે. ગ્રંથશિરોમણિ 'મહાભારત' માનવકુળની કથા છે, માનવસંબંધની પરમ શૃંખલા છે, સંસ્કૃતિપરંપરાનું ચીલઝડપે દર્શન કરાવી આપનાર "ડૉક્યુમેન્ટરી ફિલ્મ" છે. મહાકાળના સાગરમુખમાં વિધિ-વિવશતાથી ધકેલાઈ જતા માનવપ્રવાહની આ કથામાં ધસમસતો, ઊછળતો છતાં શીતલતાભર્યો શાંતિદાયક મહાનદનો મહાઘોષ છે. માનવસમાજ અને જીવનસંબંધોનો જાણે અહીં દરિયો ઉલેચાયો છે.

જેવી રીતે મોક્ષાર્થી વૈરાગ્યનો આશરો લે, તેવી રીતે પદો, આખ્યાનો, કથાનકોથી યુક્ત આ ગ્રંથનો આશરો વિદ્વાનો લેતા રહ્યા છે. આ ગ્રંથ વાંચ્યા પછી અન્ય ગ્રંથો ફિક્કા અને રસહીન લાગે છે અને એનું કારણ એ નથી કે 'મહાભારત'ના શબ્દો કે અક્ષરો વધારે હોવાથી, વધુ વજનદાર બન્યું હોવાથી, તેનું વધુ વજન પડે છે, પરંતુ આ કાવ્ય પોતે જ કલ્લોલતું ઝરણું છે, જે પર્વત ઉપરથી ઊતરીને જનસમાજના વસવાટ સુધી દડી આવ્યું છે, તેથી તે સર્વને સુલભ રહ્યું છે. આ ઝરણાના વિવિધ ધ્વનિ સંભળાય છે. કાવ્યમાં અનેક રસો

અને ભાવોનું નિરૂપણ થયું હોવાથી સૌકોઈને તે પોતીકું લાગે છે, આત્મીય સ્વજન લાગે છે અને તેથી તે વર્ષોનાં વહાણાં વાયા છતાં જીર્ણ થયું નથી અને જે પ્રફુલ્લિત છે, ઉલ્લસિત છે તેનો સાથ કોઈ ક્યારેય છોડી શકતું નથી.

સનાતન, નૈતિક અને આધ્યાત્મિક સત્યના પાયા ઉપર ભારતભરનું ધર્મમય સુંદર ગઠબંધન રચવાનો વ્યાસજીનો આદર્શ હતો, તેથી તેમાં સર્વ સિદ્ધાંતોની ચર્ચા થયેલી છે. તેમાંય ધર્મ, રાજનીતિ અને કુટુંબકથા જેવાં અગત્યનાં અને અનિવાર્ય પાસાંઓની છણાવટ વિસ્તારીને કરી છે. આથી 'મહાભારત' બૌદ્ધિકોને તો અવશ્ય પરિતૃપ્ત કરે જ, સાથે રસમય શૈલી, સરળતા, વિશદતા અને પ્રાસાદિકતાને કારણે આપણા જેવાં સર્વ સામાન્યજનોને પણ એ અધ્યાત્મમાર્ગનાં પ્રવાસી બનાવે છે. સંસારતરણી પાર ઊતરવા દિશાસૂઝ દેનાર દીવાદાંડીની એ ગરજ સારે છે. 'મહાભારત' તો ભવતરણીના તરવૈયા જેવું છે, જે ડૂબતાંને તારી લે છે. ગીર્વાણગિરાનો કાવ્યભંડાર ખુલ્લો મૂકનાર, સંસ્કૃત ભાષાના મહામેધાવાન કવિ-મનીષી વ્યાસજીની કલ્પના અને કલમના પ્રભાવે તો શ્રીકૃષ્ણને દેવત્વ કરતાંય વધારે દુર્લભ એવું મનુષ્યત્વ પ્રાપ્ત થયું છે. 'પાંડવો અને શ્રીકૃષ્ણનાં નામ અમરતાને પામ્યાં છે તે વ્યાસજીના કારણે જ' એમ કહીએ તો અતિશયોક્તિ નથી લાગતી. એમના આલેખનના પ્રભાવે જ 'મહાભારત'નાં પાત્રો દેવલોકમાં વસતાં કોઈ અજાણ્યાં પાત્રો ન રહેતાં, જીવતાંજાગતાં, આપણી આસપાસ જ ઘૂમરાતાં પાત્રો બની ગયાં છે. વ્યાસજીને કોઈ માટે રાગદ્વેષ નથી, કેવળ કાળપ્રવાહમાં તણાઈ જતા જગતજનો પ્રતિની કરુણા એ જ એમની કાવ્યકલમનો વહેતો પ્રવાહ.

વ્યાસવાણીમાં લોહીમાંસથી ભરેલાં આ પાત્રો બિન્ધાસ્ત રીતે રમતાં ભલે દેખાય, પણ બારીકાઈથી જોતાં જણાશે કે દરેકની પાછળ વિશ્વના સનાતન તત્ત્વનું, અફર નિયમોનું અનુસંધાન રહ્યું છે. મહાકવિના ભવ્ય સર્જનની આધારભૂમિકા આ સનાતન તત્ત્વ જ છે અને જે સનાતન છે તેના પ્રત્યે આપણો લગાવ પણ સનાતન જ રહેવાનો. ભૂતકાળનાં નામશેષ થયેલાં નરનારીઓની કથા પ્રત્યે આજે પણ આપણને લગાવ છે, કારણ, આપણાં હાડમાંસ સાથે એમનું જરીક અમથું પણ સત્ત્વ ધબકી રહ્યું છે. મહાકવિની પારગામી દૃષ્ટિથી જો એને પારખી શકવાની આપણામાં ત્રેવડ હોય તો આપણને પણ એ નિઃશંક ઊંચે લઈ જશે.

'મહાભારત'માં અનેક પ્રસંગો એવા છે, જે પોતાની સુંદરતા, ભવ્યતા અને દીપ્તિથી સૌકોઈને આકર્ષે, પણ સાથે એવા પણ ઘણા પ્રસંગ છે, જે ઉપરછલ્લી

દૃષ્ટિએ તદ્દન શુષ્ક અને ક્ષુલ્લક લાગે અને એને કોરાણે મૂકી દેવાની ઇચ્છા થાય, છીપલાંની જેમ ફગાવી દઈ આગળ વધવાનું મન થાય, પરંતુ આ પ્રસંગોનાં પડને ભેદીને ધ્યાનથી નિહાળીએ તો એમાંથી સત્યનું સુંદર, ઝગારા મારતું મોતી દૃષ્ટિગોચર થાય.

'મહાભારત' યુગસ્મૃતિસ્વરૂપ મહાકાવ્ય છે, યુગપલટાની પરાક્રમગાથા ગાતું મહાઘોષિત કાવ્ય છે, માનવ-ઇતિહાસની મહાસંધ્યાઓને આલેખતી કાળકથા છે, પુરાણપ્રસિદ્ધ એવી પરાક્રમગાથા છે એ બધું તો ખરું, પણ અંતમાં આપણે સમજવાનું કે શીખવાનું એટલું જ કે 'મહાભારત' અંતે તો માનવજીવનની શાશ્વત કરુણાંતિકા છે. માનવકલ્યાણની ભાવના સેવતું હોવાથી તે સર્વભોગ્ય છે.

વ્યાસજીએ આખરે તો વિજેતાઓ પાસે પણ રુદન જ કરાવ્યું છે. માનવજીવન વ્યર્થ છે એવો સંદેશો જ આપણને આપવો હતો તો પછી આવડું મોટું કાવ્ય લખ્યું જ શા માટે ?

વ્યાસજી કબૂલે છે કે માનવજીવન સુખ-દુઃખ, જન્મ-મૃત્યુ, આશા-નિરાશા, જય-પરાજય, સ્વજન-પરજન જેવાં દ્વંદ્વોમાં સપડાયેલું છે, પરંતુ આ બધામાં તટસ્થ રહેવું, સમતા જાળવવી, સ્થિતપ્રજ્ઞતા કેળવવી એ જ ધર્મ. આ ધર્મપાલન એ જ શાશ્વતીની નિયંત્રણરેખા. એ રેખા ઓળખાય, સમજાય; તેની મર્યાદા જળવાય, સારાસારનો વિવેક સચવાય તે માટે જ આ ગ્રંથ. જેમ અતિ તેજ આંખોને આંજી દે, તેમ ક્યારેક દૈવ પણ માણસની પ્રજ્ઞા હરી લે છે, ત્યારે વિધાતાને વશ રહી સમય પ્રમાણે સમાઈને સહી લેવાની ક્ષમતા એ જ વિવેક.

આ મહાકાવ્યના આસ્વાદનમાં, તેની અનુભૂતિ કરવામાં આપણને જણાશે કે આ રચનાના મૂળમાં તો કવિની સ્વાનુભૂતિ પડેલી છે. આપણે તે અનુભૂતિના સૌંદર્યનો, રસનો, સંસ્પર્શ પામી મુગ્ધતા માણવાની છે. વ્યાસજીની સ્વાનુભૂતિને આપણે આત્મસાત્ કરવાની છે.

ગુણવંત શાહે સાચું કહ્યું છે : ''ભારત પાસે ભૂતકાળની ભવ્યતા છે, સંસ્કૃતિનો વૈભવ છે, ઋતંભરા પ્રજ્ઞાનો વારસો છે અને અવ્યભિચારિણી ભક્તિની પરંપરા છે.'' વ્યાસજીના 'મહાભારત'માં આ પ્રણાલિકા જળવાઈ રહી છે.

યુદ્ધના પ્રથમ દિવસે જ 'ગીતા'જ્ઞાન થયું. 'ગીતા'નો ઉદ્‌બોધ ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે... ધર્મના અને કર્તવ્યના રણમેદાનમાં થયો. ન્હાનાલાલ કહે છે તેમ : '''મહાભારત'ના વિરાટ કાવ્યમાંનું નાનકડું અંગ-અણુ તે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા',

જે અણુમાં વિશ્વદર્શન કરાવવાની ક્ષમતા ધરાવનારું સમર્થ કાવ્યગાન છે.'' 'ગીતા' તો અનંતા છે, મહામૂલું, જ્યોત સમ પ્રકાશિત, તેજસ્વી મોતી છે. ભલે કુરુક્ષેત્રનું રણમેદાન પ્રારબ્ધ અને પુરુષાર્થની પટ્ટાબાજી ખેલતું, પરંતુ તેમાં યુગાંતરોને સાંકળતું અતલ જલ સમું 'ગીતા'નું કાવ્યગાન હોવાથી આખું મહાકાવ્ય શાંતરસ, સ્વસ્થ જીવનરસથી સભર બન્યું છે.

ધર્મ બાબતે દિશાહીન બનેલા મનુષ્યને 'ધર્મસંમૂઢચેતાઃ' કર્તવ્યપંથે જાગૃત કરી રસ્તો બતાવ્યો છે 'ગીતાજી'એ, તેથી તો તેની ભૂમિકા વિશ્વવ્યાપી છે. વ્યક્તિનિષ્ઠ અને સમષ્ટિનિષ્ઠ બંને છે. અર્જુન તો 'ગીતા'દર્શન કરાવવામાં કેવળ નિમિત્ત બન્યો છે. ભગવાને મનુષ્યત્વને મહત્ત્વ અને ગૌરવ આપ્યાં છે. જીવનના કોઈ કસોટીકાળે વ્યક્તિના અંતરમાં ધર્મ-અધર્મ, કર્તવ્ય-અકર્તવ્યના સંશયકાળે ઘમસાણ જાગે, મનમાં જ મહાભારત યુદ્ધ જામે ત્યારે યોગ્ય માર્ગ સુઝાડી, વિજયની વાટે વાળવાનો ધ્રુવસંદેશ 'ગીતા'માંથી મળે છે. ધૃતરાષ્ટ્રવૃત્તિનો ત્યાગ કરવાની આ વાત છે.

''કર્મ કરવું પણ ફળની અપેક્ષા ન રાખવી'' એવું 'ગીતા'માં ભલે કહ્યું, પણ આપણને આ 'ગીતા'માંથી સ્થિતપ્રજ્ઞતા, અનાસક્તિ, કર્મનો સિદ્ધાંત, સ્વધર્મ, મોહત્યાગ, અહંકાર-શૂન્યતા, ભક્તના યોગક્ષેમ સાચવવાની ભગવાને આપેલી બાંહેધરી, સમર્પણ, સહજતા જેવાં કેટલાંય મિષ્ટ ગુણદાયી ફળોરૂપી ઉપદેશ મળ્યો છે.

વ્યાસજી ધર્મના કર્ણધાર છે અને ધર્મ જગતનો કર્ણધાર છે. જો આ 'ગીતા'જ્ઞાન મળ્યું ન હોત તો પૃથ્વી વેદપાઠ વિનાની થઈ જાત.

'મહાભારત'કારે માનવસમાજના આદિ ભાવો અને મૂળ પ્રશ્નોની વિસ્તૃત છણાવટ કરી છે. સંપ, એકતા, સત્તા, ન્યાય, શાંતિ, ભોગભોગાદિ, ઐશ્વર્ય, યુદ્ધ કે અયુદ્ધ, સંધિ-વિગ્રહ, વેરઝેર અને કૂડકપટ વગેરે તો માનવક્ષેત્રે ક્યાંક્યાં ? ધર્મવૃત્તિ, સુખ, સ્વર્ગ, પાપમુક્તિ, હિંસા-અહિંસા, સ્વજનસ્નેહ, કુટુંબવત્સલતા, કૃતજ્ઞતા, વફાદારી, દાન, દયા ને દ્વેષહીનતા, અસૂયા, મૈત્રી, કરુણા, પરધનલાલસાનો ત્યાગ, પ્રારબ્ધ અને પુરુષાર્થના અફર નિયમો, પ્રતિજ્ઞાબદ્ધતા વગેરે, તેમાંથી કેટલાંક પાયાનાં નૈતિક મૂલ્યો વિશે જોઈએ.

વ્યાસજીના મનમાં ધર્મનું સ્થાન સૌથી મહત્ત્વનું છે. ધર્મથી વધીને કાંઈ

જ ન હોઈ શકે. સંસ્કૃતમાં 'ધૃ' ધાતુ એટલે ધારણ કરવું. તેના પરથી બનેલો 'ધર્મ' શબ્દ એટલે જે ધારણ કરે, જાળવી રાખે, ટકાવી રાખે, જે સંભાળે તે.

વ્યાસજીના મતે અર્થ અને કામ ધર્મ-આશ્રિત છે. 'ગીતા'માં કહ્યું છે કે જ્યાં યોગેશ્વર કૃષ્ણ અને ધનુર્ધર પાર્થ ભેગા હોય ત્યાં વિજય નિશ્ચિત હોય. શ્રીકૃષ્ણનું જીવનકાર્ય જ ધર્મસંસ્થાપનાનું. यत्र धर्मस्ततो जयः । "જ્યાં ધર્મ હોય ત્યાં વિજય હોય જ." ધર્મપુત્ર યુધિષ્ઠિર પણ આ જ કહે છે : सदैव मे धर्मरता मतिर्भवेत् । "મારી મતિ હંમેશાં ધર્મમાં રત રહો."

ધર્મ એટલે સદ્‌વર્તન, સદાચાર, સમદૃષ્ટિ અને કર્તવ્યપરાયણતા, નિષ્કપટ હૃદય અને પવિત્ર મન. માણસ નમ્ર અને નિરભિમાની બને તો જ સાચો ધર્મ પાળી શકે.

'મહાભારત'કાર અભિમાનને સર્વનાશનું મૂળ ગણે છે. કામ-ક્રોધ માણસાઈ ખોઈ નાખે તેવા છે, છતાંય અભિમાન એથી પણ વધુ ખતરનાક છે, કારણ, અહંથી માણસ અંધ થઈ જાય છે. અંધને તો હજારો વર્ષ અંધારે જ વીતી જાય. અભિમાનથી થતા અનર્થો દર્શાવવા જ 'મહાભારત' રચાયું છે. અહંકાર, પૂર્વગ્રહ, અત્યાગ્રહ અને તેમાંય પોતાના અહંકારને સદ્‌ગુણ માની લેવાની મૂર્ખતા કે અજ્ઞાનતા છોડી દેવી અતિ કઠિન છે - વિકટ છે. બાકી વ્યાસજીને મન કોઈ વાત અધર્મ્ય નથી. અધર્મ્ય તો છે કોઈ પણ બાબતમાં છુપાયેલું કપટ.

ધર્મનું અનુસરણ એટલે પીડા અને વ્યથામાંથી મુક્ત થવાનો માર્ગ. જન્મથી શરૂ કરીને સદૈવ સદાચારથી જે જીવે છે તે પરમ ગતિને પામે છે એવું વ્યાસજીનું દૃઢ મંતવ્ય છે. ધર્માચરણથી ભગવાન પ્રતિ સ્નેહ બંધાય અને એનું શરણ મળે એટલે સત્યદર્શન થાય. 'सत्यमेव जयते ' અમસ્તું કહેવાયું છે ?

વ્યાસજીના પુરોગામી વાલ્મીકિની વિચારધારા પણ વ્યાસજી જેવી જ છે. વાલ્મીકિ શુદ્ધ ચારિત્ર્યને ધર્મ માને છે. "ધર્મને જોવો હોય તો રામને જુઓ" એમ વાલ્મીકિ કહે છે.

વાલ્મીકિ પહેલાં 'ઋગ્વેદ' આદિમાં 'ધર્મ' માટે 'ઋત' શબ્દ વપરાતો. 'ઋત' એટલે બ્રહ્માંડના - સમસ્ત સૃષ્ટિના દેશકાળવ્યાપી સનાતન, અફર નિયમો. યુગાંતરે 'ઋત'નું સ્થાન 'ધર્મ' શબ્દે લીધું.

પ્રત્યેક મહાગ્રંથને એનો પોતાનો એક સાવિત્રીમંત્ર હોય છે. પાંડવોના

સ્વર્ગારોહણ પછી મહર્ષિ વ્યાસજીનો પોતાના અંતરનો ચિત્કાર પ્રગટ કરતા બે શ્લોકોમાં 'મહાભારત'નો સાર છે :

न जातु कामान्न भयान्न लोभाद् धर्म
त्यजेज्जीविस्यापि हेतो: ।
नित्यो धर्म: सुखदु:खे त्वनित्ये
जीवो नित्यो हेतुरस्य त्वनित्य: ।।

"કામ, ભય કે લોભથી, અરે, જીવવાના નિમિત્તથી પણ ધર્મનો ત્યાગ કરવો ઉચિત નથી, કારણ, ધર્મ નિત્ય છે, જ્યારે સુખદુઃખ અનિત્ય છે; જીવ નિત્ય છે, પણ જીવનના કારણરૂપ આ શરીર વગેરે બધું અનિત્ય છે."

ऊर्ध्वबाहुविरौम्येष न च कश्चिच्छृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ।।

"બંને હાથ ઊંચા કરીને હું પોકારી રહ્યો છું, પણ મને કોઈ સાંભળતું નથી. ધર્મથી જ અર્થપ્રાપ્તિ થાય છે અને બધી કામના પૂરી થાય છે, આમ છતાં લોકો ધર્મનું કેમ સેવન કરતા નથી ?"

સત્ય અને ધર્મના બે પગ ઉપર જ જેમના જીવનનું વિચાર-વ્યક્તિત્વ ઊભું રહ્યું છે તેવા વ્યાસજીને પુત્રો, પૌત્રો - કોઈ પ્રત્યે પક્ષપાત નથી. દુર્યોધનને આપણે તો અધર્મી, અવિવેકી, અભદ્ર, અભિમાની, ઈર્ષાળુ, દુષ્ટ, દુરાચારી, ઝેરીલો એવો જ જાણીએ છીએ, પરંતુ 'મહાભારત'માં કેટલેક ઠેકાણે દુર્યોધનને સુયોધન તરીકે ઓળખાવ્યો છે. શા માટે ?

દુર્યોધન પણ ધર્મને આદરથી જોતો હતો. માનવામાં આવે છે ? દ્વિધા અનુભવતા હો તો વાંચો દુર્યોધનના ઉદ્‌ગારો :

जानामि धर्मं न च मे प्रवृत्ति:
जानाम्यधर्मं न च मे निवृत्ति: ।
केनापि दैवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि ।।

"હું ધર્મ જાણું છું, પણ તેમાં પ્રવૃત્તિ થતી નથી; અધર્મ જાણું છું, પણ તેમાંથી નિવૃત્તિ થતી નથી. મારા હૃદયમાં બેઠેલ કોક દેવ જે પ્રેરણા કરે તે પ્રમાણે કરું છું."

દુર્યોધન યુદ્ધ લડ્યો ધર્મથી, પણ જીવ્યો અધર્મથી. પાંડવો વંદતા પ્રારબ્ધને, પણ પૂજતા પુરુષાર્થને.

'મહાભારત' નિશ્ચિતપણે ધર્મશાસ્ત્ર છે અને તેનો મેરુદંડ ધર્મ છે.

ધર્મરાજ યુધિષ્ઠિરનું ઉદાહરણ આપી વ્યાસજીએ ધર્મ સાથે સત્યનું પણ સમર્થન કર્યું છે.

વેદોની આજ્ઞા છે : सत्यं वद । धर्मं चर । સત્યપાલનથી યુધિષ્ઠિર કેટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા ! અને અસત્યના જરાસરખા આચરણથી કેવો દોષ લાગ્યો ! ધરતીથી વેંત અધ્ધર ચાલતો રથ અસત્યના આચરણ સાથે જ ધરતી પર ફસડાઈ પડ્યો !

બીજી તરફ વિદુર અને સંજય જુઓ. કોઈ પણ જાતના સંકોચ વિના નિર્ભયતાથી તેઓ સચ્ચાઈને વધાવે છે. વ્યાસજીએ તો સત્ય સાથે આપણા આંતરનિયોગનું સનાતન સત્યચિત્ર દોરી આપ્યું છે. બાકી તો સમાજમાં ધૃતરાષ્ટ્ર જેવા તનમનથી અંધ પણ હોવાના અને સંજય, વિદુર જેવા કર્મવીર દ્રષ્ટા પણ હોવાના જ.

વળી સત્ય એટલે શું ? સત્ય ક્યારે અને કેવી રીતે બોલવું, સત્ય પણ ક્યારેક અસત્ય થઈ જાય અને ક્યારેક અસત્ય બોલવું એ પણ ધર્માચરણ બની જાય એ બધું જ સાપેક્ષ છે. સત્ત્વશીલ ભારતભૂમિમાં ઉદ્ભવેલી પ્રત્યેક વિચારધારા વ્યક્ત કરતા 'મહાભારત'માં ક્ષણેક્ષણે અવનવાં રૂપ ધારણ કરતી કથાઓ છે.

શ્રુતિ કહે છે : सत्यं ज्ञानम् अनन्तं ब्रह्म । ઈશ્વરના સત્યસ્વરૂપ સાથે તેમનું જ્ઞાનસ્વરૂપ અને અનંતસ્વરૂપ જોડાયેલું છે.

માણસ જ્યારે વાણી, વિચાર અને વર્તન ત્રણેયમાં સત્યને પ્રતિષ્ઠિત કરે છે ત્યારે તેની સત્યમાં પ્રતિષ્ઠા થાય છે. આવું સત્ય તેને માટે અમૃતનું દ્વાર ખોલી આપે છે.

કુટુંબક્લેશ અને કુસંપથી કંટાળેલા વ્યાસજી હિંસાને અતિશય વખોડે છે - ભલે તેમણે અહીં યુદ્ધકથા આલેખી હોય.

હા, મહાભારત યુદ્ધ દરમિયાન થયેલી હિંસાને તે યુગમાં પ્રવર્તતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મૂલવવી જોઈએ. વ્યાસજી કહે છે : "શક્ય હોય ત્યાં સુધી હિંસા ટાળવી, પણ જો હિંસા આચરવી જ પડે તો શક્ય તેટલી ઓછી આચરવી.

હિંસાનો આશરો પણ ક્યારે લેવાનો ? મજબૂરી હોય ત્યારે જ; નહીંતર તો અહિંસા જ આદર્શ. આતતાયીને નાથવા હિંસાનો આશ્રય લેવો પડે ત્યારે કાંઈ હિંસા વર્જ્ય ગણાય ?''

મહાભારત યુદ્ધ ધર્મની રક્ષા માટે હતું, અધર્મનો સામનો કરવા માટે હતું. ક્ષાત્રધર્મ અનુસાર યુદ્ધ યોગ્ય જ હતું, તેથી તો આ યુદ્ધમાં આખરે પાપ હારે છે અને પુણ્ય જીતે છે.

કવિ ન્હાનાલાલ કહે છે તેમ : ''‘મહાભારત’કારે એકલો સંગ્રામ ગાયો હોત તો અન્ય મહાકાવ્યો જેવું જ આ મહાકાવ્ય બની રહેત.'' પરંતુ શસ્ત્ર સાથે શાસ્ત્રવાત પણ વણાઈ હોવાથી ‘મહાભારત’ ચિરસ્મરણીય બન્યું છે.

‘મહાભારત’ વીરવિશેષનાં વીરત્વ અને પુરુષવિશેષની પરાક્રમગાથા હોવાથી યુદ્ધમાં પણ વિશેષતા છે. દિવસ-આખો બંને પક્ષના જે યોદ્ધાઓએ ખૂનખાર જંગ ખેલ્યો છે, તેઓ જ પાછા રાત્રિએ એકબીજાંનાં દુઃખમાં ભાગીદાર થાય છે, એકબીજાની સેવાચાકરી પણ કરી લે છે. લડાઈમાં કોઈ અપ્રામાણિકતા ન હતી. આ એવો યુગ હતો, જ્યારે તેઓ સિદ્ધાંત ખાતર મિત્રતાપૂર્વક લડી શકતા હતા. આજે બિલકુલ ઊલટા ક્રમે ચાલતો યુગ છે. રજનીશજીના શબ્દોમાં કહીએ તો ''આજે આપણે શત્રુતાપૂર્ણ રીતે મિત્ર બની શકીએ છીએ. પહેલાં મિત્રતાપૂર્ણ રીતે યુદ્ધ પણ કરી શકાતું હતું. આજે તો મિત્રતા પણ શત્રુતાપૂર્ણ રીતે જ ચાલે છે. મિત્ર પણ હરીફ છે. તે યુગમાં શત્રુ પણ સાથીદાર હતો.''

આખરે વ્યાસજીએ આપેલો ફંડા એ કે હિંસામાં પાપ નથી, હિંસકતામાં પાપ છે.

‘મહાભારત’ એટલે જિંદગીની શેતરંજ. આ યુદ્ધમાં કેટલાંય સત્યો છે. મહાયુદ્ધમાં દ્રોણનો વધ થયો ત્યારે ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે : ''અર્જુન કૃષ્ણનો આત્મા છે, કૃષ્ણમાં અર્જુનનો આત્મા વસેલો છે. જ્યાં અર્જુન છે ત્યાં વિજય છે, જ્યાં કૃષ્ણ છે ત્યાં શાશ્વત કીર્તિ છે.''

આના અનુસંધાને ગુણવંત શાહે સુંદર તારણ કાઢ્યું છે : ''ધૃતરાષ્ટ્ર તે જે સમજે બધું, પણ સુધરે નહીં. દુર્યોધન તે જે ધર્મ શું છે તે જાણે, પણ આચરે નહીં. અર્જુન તે જે સમજે અને સ્વીકારે અને કૃષ્ણને પામે.''

વ્યાસજી આ દ્વારા આપણને યાદ દેવરાવે છે કે આપણી અંદર બેઠેલો ધૃતરાષ્ટ્ર અંતરમાં પ્રકટ થયેલી સમજણ પર મોહનો મારો ચલાવે છે.

'મહાભારતે' માનવના સ્વભાવમાં રહેલી નાનીમોટી ક્ષતિઓ બતાવી છે. દુર્યોધન કે દુઃશાસન, શકુનિ કે કર્ણ, ધૃતરાષ્ટ્ર કે દ્રુપદ, માન-મોહને વશ થઈ ધર્મની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે તે તો સમજી શકાય, પરંતુ ધર્મભીરુ યુધિષ્ઠિર જૂઠું બોલી, સત્ય બોલ્યાનો સંતોષ સેવે, ભીષ્મ જેવા જ્ઞાની દુર્યોધનના પક્ષે રહે, કારણ કે તેમણે કૌરવનાં અન્ન ખાધાં છે, દ્રોણાચાર્ય લોભને વશ થઈ ગુરુકુળમાં રચાતાં છળકપટને પોષણ આપે - એ પ્રકારે ધર્મનાં જુદાંજુદાં પાસાં બતાવી ધર્મની પૂરેપૂરી કસોટી કરી લીધી છે. આદિ અને અંતમાં તો સત્યધર્મના જયની જ ધજા ફરકાવી છે.

'મહાભારત'કારે કાળને ખૂબ મહત્ત્વ આપ્યું છે. કાળ જગતનો સંહાર કરે છે. કાળ જગતને ઉત્પન્ન કરે છે. ન્હાનાલાલના શબ્દ પ્રમાણે તો : "કુરુક્ષેત્ર એટલે કાળરમણા, જિંદગીની શેતરંજબાજી, યુગાંતરને સાંકળતો શબ્દસેતુ, કાળબ્રહ્મનું ઇતિહાસસ્તોત્ર."

અનાદિ કાળથી આ જગત અનંત ભવિષ્ય તરફ ગતિ કરતું રહ્યું છે. પ્રત્યેક વર્તમાનની ક્ષણ પર રહી મનુષ્ય ભૂતમાંથી ભવિષ્ય તરફ ડગ માંડતો રહ્યો છે. વ્યાસજી યુદ્ધવર્ણન દરમિયાન વારંવાર જણાવે છે કે કાળની આ અવિરત ગતિ છે, મનુષ્ય તેમાં અવશ બની વહેતો રહ્યો છે. કાળ વિનાશક છે અને વિશ્વ નાશવંત છે. કુરુક્ષેત્ર એટલે કાળનો કાળો અને કારમો પંજો, છતાંય ભીષ્મ જેવાનું ઉદાહરણ આપી સમજાવે છે કે કાળને જ સ્વામી તરીકે પારખી મનુષ્ય નિત્ય અને મુક્ત બની શકે છે.

'મહાભારત' એકલા જુવાનોનો જંગ નથી. શ્રીકૃષ્ણની વય પણ ૮૪ વર્ષની હતી. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય તથા અન્ય રાજાઓની વયને તો પૂર્ણ વૃદ્ધાવસ્થામાં જ મૂકવી પડે, છતાંય વયજૂથના બે ભાગ પાડીએ તો દુર્યોધન વગેરે કૌરવો કામપરાયણ છે અને ભીષ્મ વગેરે વૃદ્ધમંડળ ધર્મપરાયણ કરતાં અર્થપરાયણ વધુ છે. તત્ત્વાર્થી વ્યાસજીએ વૃદ્ધટોળી પાસે 'अर्थस्य पुरुषो दासः।' જેવી લાચારીભરી ઉક્તિઓ બોલાવી, સમાજમાં જે નિમ્ન કક્ષાની અસંસ્કારી, અન્યાયી અર્થવ્યવસ્થા છે તેનાથી કેવી હીન પરિસ્થિતિ ઉત્પન્ન થઈ શકે તે દર્શાવી તેને મક્કમ હાથે તોડવા પ્રેરણા આપી છે.

આ વિરાટ કાવ્યની શબ્દઘોષણા આજે પણ જગતના વાતાવરણમાં પડઘાય છે. શબ્દપડછંદાના ભણકારા વાગે છે. 'મહાભારત'કારે શબ્દશક્તિ અને શબ્દ-ઉક્તિ બંનેને પ્રમાણી છે. શબ્દને વળગી રહેવું તેમાં શક્તિ છે, પરંતુ પોતાના

શબ્દને જ વળગી રહેવું તેમાં પામરતા છે. સત્ય અને ધર્મ કેવળ શબ્દોમાં પુરાઈ રહેવા સર્જાયા નથી.

જુઓ, પાંડવો શબ્દથી જ પછડાયા છે. શબ્દથી પર જે સત્ય પ્રકાશે છે તે જોવાની તેમની દૃષ્ટિ જ નથી, તેથી મહાપરાક્રમી હોવા છતાં પાંડવો વારંવાર પછડાય છે. શ્રીકૃષ્ણ દ્વારા શબ્દાતીત સત્યની શિખામણ તેઓને મળી ન હોત, શબ્દબંધનમાંથી છુટકારો પામવામાં શ્રીકૃષ્ણની સહાય મળી ન હોત, તો આ ધર્મભીરુ પાંડવોનો અધર્મી શત્રુઓ દ્વારા નિ:શંકપણે નાશ જ થયો હોત.

મત્સ્યવેધ પછી યુધિષ્ઠિરના ઉચ્ચારણ ''મા ! ભિક્ષા લાવ્યા છીએ''ના ઉત્તરમાં કુંતીના શબ્દો છે : ''બધા ભેગા મળીને ઉપભોગ કરો.'' અને દ્રૌપદીએ પાંચેય પાંડવોને વરવું પડ્યું.

'એક ભાઈ દ્રૌપદી સાથે હોય ત્યારે બીજા કોઈ ભાઈએ ત્યાં ન જવું' એ નિયમનો ભંગ કરી, ગાયોની રક્ષા માટે ગાંડીવ લેવા અર્જુને યુધિષ્ઠિર-દ્રૌપદી હતાં તે કક્ષમાં જવું પડ્યું અને શબ્દ સાચવવા અર્જુન વનમાં ચાલ્યો ગયો.

પાર્થની પ્રતિજ્ઞા એટલે જાણે કાળની મેખ. અર્જુન પ્રતિજ્ઞાપૂર્વક બોલેલો કે પોતાના ગાંડીવની કોઈ નિંદા કરે તો તેનો વધ કરવો. ઘવાયેલા, હારેલા, થાકેલા, ઉદ્વિગ્ન યુધિષ્ઠિરે ગાંડીવને ધિક્કાર્યું, એટલે અર્જુન પોતાના માનનીય ભાઈનો પણ શિરચ્છેદ કરવા ધસ્યો. આ બધાં છે શબ્દબંધન. જે કાંઈ બોલાય છે, તેમાં નથી સરળતા કે નથી સાહજિકતા અને તે શબ્દબંધન જ તેઓને નડ્યું.

સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ કરવાની અર્જુને પ્રતિજ્ઞા લીધી. પ્રતિજ્ઞા લેતાં તો લેવાઈ ગઈ, પણ તે પૂરી પાડવા શ્રીકૃષ્ણ જેવા શ્રીકૃષ્ણને પણ મૂંઝવણ-મથામણ અનુભવવી પડી. જે શ્રીકૃષ્ણે યુદ્ધમાં શસ્ત્ર ન ઉપાડવાની પ્રતિજ્ઞા કરી હતી, તેમણે પણ અર્જુન ખાતર પ્રતિજ્ઞાભંગ કરવો પડ્યો.

મકરંદ દવે આ પ્રસંગની ખૂબ સુંદર ચર્ચા કરતાં કહે છે : ''ભગવાને ઉપાડેલું રથચક્ર એક અદ્ભુત રહસ્ય ભણી સંકેત કરે છે. અહીં પ્રકૃતિના અફર નિયમો કામ કરે છે. નિયતિનું કોઈ ચક્ર કોઈની પણ પરવા કર્યા વિના ફર્યા કરે છે. અહીં કાળ, કર્મની ગતિ અને તેનાં નિશ્ચિત થયેલાં ફળ પ્રમાણે ચક્ર ચાલતું જ લાગે છે, કારણ, પ્રકૃતિ જ સર્વસ્વ છે અને તેના નિયમો સંપૂર્ણ અને અફર છે. પ્રકૃતિથી વિશેષ કશું જ નથી, પણ અહીં ભગવાન પુરુષોત્તમનો એવો પરિચય

થાય છે, જેમના હાથમાં જ આ નિયમોનું ચક્ર છે એ ધારે ત્યારે પોતાની પ્રતિજ્ઞાની જેમ નિયમોનો ભંગ કરે છે."

સરસ વાત છે. ભગવાને આયુધ ધર્યાં અને વ્રતભંગ 'કર્યો ત્યારે ભીષ્મ કહે છે : "હે દેવાધિદેવ ! આજે હું કૃતાર્થ થયો. હવે મારું ગમે તે થાય, હું કુરુક્ષેત્ર જીત્યો છું. મને મારવા તમે વ્રતભંગ થયા છો." શ્રીકૃષ્ણ એવો જ સુંદર પ્રત્યુત્તર વાળે છે : "પિતામહ ! યુગપલટો થયો, દ્વાપર ઊતરીને કલિ બેઠો."

માણસ જ્યારે સ્વધર્મ ત્યજી પરધર્મનું અવલંબન લે છે ત્યારે કાં મહા અનર્થ થાય, કાં ક્રાંતિ સર્જાય. પરશુરામે બ્રાહ્મણધર્મ ત્યજી પૃથ્વીને નક્ષત્રિય કરવા શાસ્ત્ર છોડી શસ્ત્ર - પરશુ ધારણ કરી ત્યારે ત્રેતાયુગ પૂરો થઈને દ્વાપરયુગ આવી બેઠો. અજેય એવા આચાર્ય, મહાગુરુ દ્રોણે ધનુર્વિદ્યા શીખવવાનો બ્રાહ્મણધર્મ અળગો કરી કુરુક્ષેત્રમાં હથિયાર ધારણ કરી યુદ્ધમાં રણસંગ્રામ ખેલ્યો ત્યારે દ્વાપર ઊતરીને કલિયુગ બેઠો.

ખૂબીયુક્ત વાણીવૈભવ દર્શાવતા વ્યાસજીની દૃષ્ટિએ તો પ્રાકૃતિક નિયમો પણ જડ નથી. તેનામાં પણ કાંઈક એવું ચેતનતત્ત્વ છે, જે નિયમોને ફેરવી શકે છે.

તો વ્યાસજીનું ભાષાસૌંદર્ય કેવું ?

શબ્દ જ્યારે દૈવી સ્વરૂપે પ્રકટે છે ત્યારે તે મંત્ર બની જાય છે અને આસુરી રીતે પ્રકટે ત્યારે કલહ-કંકાસનો જન્મ થાય છે. વ્યાસજી તો ધર્મ-ઔચિત્યને વરેલા છે. વ્યાસવાણી વચનમંત્ર જેવું કામ કરે છે.

શબ્દથી સભર આ સૃષ્ટિમાં શબ્દોની શું કોઈ ન્યૂનતા છે ? અનેક શબ્દો રોજ જન્મે છે, રોજ વિરમે છે. કેટલાક ક્ષણજીવી બની રહે છે, તો કેટલાક ચિરંજીવ અને ચિરંતન બને છે. માન તો એટલા માટે કે આ ચિરંતન શબ્દો પણ નિત્યનૂતન જ હોય, કારણ, તે પ્રગટ્યા છે અનુભૂતિના ઊંડાણમાંથી.

'મહાભારત' ગ્રંથ દ્વારા વ્યાસજીએ વેદના અર્થનો જ પ્રકાશ કર્યો છે. જુદાંજુદાં કથાનકો દ્વારા વેદોમાં ગુપ્ત રીતે દર્શાવેલા અજન્મા આત્માનું જ દર્શન પ્રાપ્ત થાય છે. સામાન્યજન પણ આસાનીથી સમજી શકે તે પ્રમાણે ધર્મશાસ્ત્રનું પ્રતિપાદન સરળતાથી કર્યું છે.

'મહાભારત'ની વિદ્વત્તાભરી કથાશૈલી મનમોહક છે, આકર્ષક છે. સંસ્કૃત

સાહિત્યના અનેક મહાકવિઓએ તેમાંથી પ્રેરણા મેળવીને 'કિરાતાર્જુનીયમ્', 'શિશુપાલવધ' અને 'નૈષધકાવ્ય' જેવી અપૂર્વ રચનાઓની આપણને ભેટ ધરી છે. ઉપરાંત 'શાકુંતલ', 'સુભદ્રાહરણ', 'સાવિત્રીહરણ', 'ચંપૂભારત', 'નલચંપૂ', 'વેણીસંહાર' વગેરે કૃતિઓનું મૂળ કથાનક 'મહાભારત'માંથી જ લેવામાં આવ્યું છે.

સંજયને મહર્ષિ વેદવ્યાસ દ્વારા દિવ્ય દૃષ્ટિ મળતાં તે જે જુએ છે તેનું તાદશ વર્ણન કરતો જાય છે. વ્યાસજીનું આ રચનાકૌશલ છે. કવિના શબ્દો ઊંડાણમાંથી પ્રગટે છે અને ઊંચાણમાં લઈ જાય છે. કવિને તેજની તરસ છે. તેમનું હૃદય ઝીણીઝીણી કાળજી લેતું હોય છે, કારણ, પોતે સંવેદનશીલ છે. જીવનમાં તેમને રસ છે, તેથી જ જીવનને રસ્તે જે કોઈ મળી જાય તેને જાણે કે મીઠો આવકાર આપે છે. મહર્ષિ વ્યાસજીના ચિત્તમાંથી સૂર્ય સરખી તેજસ્વી વિદ્યા નીસરી અને કમળ સમા શ્રીકૃષ્ણના મુખમાં પ્રવેશી. અર્જુને પ્રશ્નો કર્યા અને શ્રીકૃષ્ણ ભગવાને સ્વમુખે ગાયેલી 'શ્રીમદ્ ભગવદ્ગીતા' આપણને સાંપડી. અગાધ અનંતતામાં વિસ્તરેલા એક વૃક્ષના ઊર્ધ્વમૂળને તેઓ શોધતા રહ્યા છે. આવા કવિની કવિતામાંથી પસાર થયા બાદ આપણાય શ્વાસમાં જાણે વગડાના શ્વાસ ચાલવા લાગે છે. ઋતુઓનાં, પ્રકૃતિનાં, પ્રતીકાત્મક, કાવ્યાત્મક એવાં અનેક ચિત્રો આપણને આ કવિ પાસેથી મળે છે.

કથામાં ગુણો પ્રમાણે પાત્રોનું નામાધિકરણ કરવામાં 'મહાભારત'કાર ઉત્સાહ દાખવે છે. જુઓ ને -

સૌથી ચર્ચાસ્પદ પાત્ર તે ધૃતરાષ્ટ્ર. ધૃતરાષ્ટ્ર એટલે धृतं राष्ट्रं येन सः - 'જેણે રાષ્ટ્રને પકડી રાખ્યું છે તે.' ઊલટુંસૂલટું કરીને, ખોટું કરીને, જુગાર રમાડીને તે પાંડવોનું રાજ્ય લઈને ઊભો રહ્યો છે. આવી વ્યક્તિ ભૌતિક સંપત્તિને જ શ્રેષ્ઠ માને, તેમાં વળી છતી આંખે, પતિના મોહમાં આંખે પાટા બાંધી અંધ બનેલી ગાંધારી. આ બંનેના સંતાનો કેવા થાય ?

દુર્યોધન, દુઃશાસન, દુર્મુખ, દુઃશલા વગેરે. કૌરવોનાં નામ તો જુઓ ! ઘણાંખરાં નામની આગળ 'દુસ્' પૂર્વપ્રત્યય છે અને 'દુઃ' એટલે દુષ્ટ, ખરાબ અથવા દુઃખી.

'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના પહેલા અધ્યાયમાં જ યુદ્ધ માટે થનગની રહેલી બંને સેનાઓ અને પ્રમુખ યોદ્ધાઓનું વર્ણન છે. અર્જુન મોહવશ થઈ દ્વિધા અનુભવે છે. વ્યાસજીએ તે વખતે તેના માટે 'કપિધ્વજ' વિશેષણ પ્રયોજ્યું છે.

'કપિ' એટલે 'વાનર'. અને વાનર તો ચંચળ વૃત્તિનો. અર્જુન શ્રીકૃષ્ણને 'सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ।' કહે છે. આ સ્થળે શ્રીકૃષ્ણ માટે વાપરેલો શબ્દ 'અચ્યુત' કેટલો બધો યથાર્થ છે ! 'અચ્યુત' એટલે જે નિશ્ચલ છે, જે સ્થિતપ્રજ્ઞ છે !

અને અર્જુન માટે તો ઓળઘોળ થયેલા વ્યાસજીએ કેવાં-કેવાં વિશેષણો વાપર્યાં છે ! અર્થ સમજીને ડોલી ઊઠીએ એ તો બરાબર, પણ એ બધાં નામોનું ગુણવંત શાહે કેટલું બધું સુંદર વર્ગીકરણ કર્યું છે !

અર્જુનના શરીરબળ દર્શાવતાં વિશેષણો તે ધનુર્ધર, પુરુષવ્યાઘ્ર, પુરુષર્ષભ, ક્ષિપ્રકારી, દઢહસ્ત, મહાબાહુ, સવ્યસાચી; મનોબળ દર્શાવતાં વિશેષણો તે કુરુપ્રવીર, કુરુશ્રેષ્ઠ, ધનંજય, અનઘ અને તપોબળ દર્શાવતાં વિશેષણો તે ગુડાકેશ, કપિધ્વજ, ભરતશ્રેષ્ઠ, પરંતપ !

અને આમેય 'જે ઋજુ છે તે અર્જુન !' ઋજુતા વિના અર્જુનતા પ્રાપ્ત ન થાય અને અર્જુનતા વગર શ્રીકૃષ્ણને પામવાનું શક્ય ખરું ?

'મહાભારત'ગ્રંથ ઉપર તો અનેક વિદ્વાનોએ વિવેચન કર્યું છે, તો પછી પ્રસ્તુત પુસ્તકનું પ્રયોજન શું ?

મારો મુખ્ય હેતુ તો વ્યાસજીનો વાણીવૈભવ રસજ્ઞો પાસે રજૂ કરવો તેટલો જ છે.

પણ હા, હજારો વર્ષોથી આ કથા સાંભળવાનો, વાંચવાનો આનંદ આપણે લેતાં રહ્યાં છીએ, પરંતુ કાળક્રમે જે કૂંચીઓથી આ કથાના ગહન સત્યને ખોલી શકાય તેમ હતું, તે કૂંચીઓ કદાચ ક્યાંક ખોવાઈ ગઈ છે.

પ્રસ્તુત પુસ્તકમાં ફક્ત યુદ્ધના અઢાર દિવસો દરમિયાનનું જ જે વર્ણન આલેખ્યું છે, તેનાથી શક્ય છે કે આપણને ખોવાયેલી કૂંચી ફરીથી હાથમાં આવી જાય, આપણે કશુંક 'ડિકોડ' કરી શકીએ, કોઈ કથાપ્રતીકો ખૂલી જાય, તેથી જ વ્યાસજીના ભાષાસૌંદર્યની લહાણી ઉપરાંત કાંઈક સત્ય લાધી જાય અને જો તેમ બને તો પછી આપણાં ચિત્તને માટે કોઈ નવો અર્થ ખૂલી જશે. તે આપણા માટે હિતકર બનશે, કલ્યાણકારી બનશે, મંગલદાયી હશે અને તે માટે આ દિશામાં નમ્ર પ્રયાસ કર્યો છે.

અંતમાં, આ પુસ્તકમાં વર્ણવેલી ઉપમાઓ, યુદ્ધનાં વર્ણનો એ કોઈ સંપૂર્ણ યાદી નથી. આ તો થોડી વાનગી જ છે. 'મહાભારત'નાં આશ્ચર્યો તો આથી

અધિક છે. અહીં તો ફક્ત ઉદાહરણો જ છે. ઉદાહરણોમાં પણ પુનરુક્તિઓ હશે, પરંતુ નવી-ઊગતી પેઢીને માલૂમ થાય કે 'મહાભારત'માં ફક્ત મારામારી અને કાપાકાપી જ નથી. યુદ્ધ દરમિયાન પણ ધર્મ, નીતિનિયમો, સત્ય, ફરજપરસ્તી, પ્રતિજ્ઞાપાલન, કુટુંબપ્રેમ, ગુરુજનો તેમ જ વડીલો પ્રત્યેનો આદર, સમાજદર્શન, આજીવિકાના નિભાવ માટે ધનની આવશ્યકતા, વૈભવ, પશુપ્રેમ, વનસ્પતિ પ્રત્યે સૌહાર્દ, લાગણીશીલતા, સૌજન્ય, સંવેદનશીલતા, સહનશીલતા, જતું કરવાની ભાવના વગેરે ઘણુંબધું મનનીય છે.

આ બધી વાત આદેશાત્મક વાક્યો દ્વારા, શુષ્ક ઉપદેશ દ્વારા વ્યાસજીએ કરી હોત તો તે ભલે ને સર્વોપયોગી, તારણહાર, માર્ગદર્શક અને હિતકર હોત, તોપણ લોકભોગ્ય ન બનત, તેથી જ વ્યાસજીએ સમગ્ર કથામાં વૈવિધ્યપૂર્ણ લખાણ, રસિક ઉપમા આદિ અલંકારો દ્વારા સંદેશો ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે.

દ્વંદ્વયુદ્ધો, રણભૂમિ, યુદ્ધનદીનાં રૌદ્ર, ભીષણ વર્ણનો તડકા સમાન આકરાં તો લાગશે, પણ તડકો જેમ ચાંદરણાંથી ઝીલી શકાય, તેમ વર્ણનોમાં પ્રયોજાયેલા વિવિધ અલંકારો મનભર માણી શકાશે.

મારું તો માનવું છે કે વ્યાસજીની ભાષા એટલે જાણે રંગબેરંગી ફૂલો. તેમણે પ્રયોજેલા વિવિધ અલંકારો તે તો ફૂલોની સુગંધ. ચાલો, આપણે પણ થોડો સમય પતંગિયું બનીને તેમના ભાષાવૈભવી બાગમાં ઊડાઊડ કરીએ.

રસ્કિન બોન્ડે કહ્યું છે : "સુખ-પ્રસન્નતા પતંગિયા જેવાં હોય છે. એમને પકડવા એમની પાછળ દોડવું નહીં. શાંત ચિત્તે સ્થિર બેસી રહેશો તો પતંગિયું જાતે તમારા હાથ ઉપર આવીને બેસી જશે, પરંતુ થોડી વાર પછી ઊડી જશે. એ ક્ષણોને તમારા મનમાં સાચવી રાખજો, કારણ, પતંગિયાં વારંવાર આપણા હાથ પર બેસવા આવતાં નથી."

વ્યાસજીની ઉપમાઓ આ પતંગિયાં જેવી છે. વંચાઈ જશે તો જલદી, પણ પછી લાંબો સમય તેમના શબ્દલાલિત્યને, તેમના સંદેશને મમળાવતાં .હેવું પડશે.

કહે છે કે આરસ પર કોતરાયેલું શિલ્પ સમય જતાં નાશ પામે, પિત્તળ પર કરેલી કોતરણીને પણ વખત જતાં ઘસારો લાગે, મંદિરના ઘુમ્મટો કાળક્રમે ધૂળમાં મળી જાય, પરંતુ આત્મા જે અમર છે તેના પર કોતરેલી સદ્‌ગુણોની કોતરણી અનંતકાળ સુધી પ્રકાશિત રહે છે.

બ્રહ્મવિદ્યાના અનુરાગી વ્યાસજીનું આ સાહિત્ય વિદ્વાનોના કંઠમાં નક્ષત્રમાળની જેમ અનંતકાળ શોભતું રહેશે.

બુલંદ સ્વરે, છતાં મધુર ટહુકારથી સંસ્કૃત સાહિત્યના ઉપવનને ગજાવી મૂકનાર અને યશકલગીથી દીપતા વ્યાસજીને વંદન !

જેવી રીતે માનવી નૌકા દ્વારા ખારા સમુદ્રને પાર કરે છે, તેવી રીતે વિવિધ ઉપમાઓ - અલંકારોના શબ્દલાલિત્યથી મનોરંજન મેળવંતાં વ્યાસજીનો ગંભીર અર્થવાળો ઉદ્દેશ સાર્થક કરવાની શક્તિ આપણે પ્રાપ્ત કરી ભવસાગર પાર ઊતરીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના !

□

સંદર્ભગ્રંથો

૧. 'મહર્ષિ વેદવ્યાસ વિરચિત મહાભારત', સં. દિનકર જોષી, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, પ્રથમ આવૃત્તિ, જાન્યુ. ૨૦૧૦, અનુવાદકો : પ્રો. વસંત પરીખ, પ્રો. મનસુખલાલ સાવલિયા, ડૉ. શાંતિકુમાર પંડ્યા, ડૉ. તપસ્વી નાન્દી, ડૉ. જે. કે. ભટ્ટ, પ્રો. આર. ડી. શુક્લ.

૨. 'મહાભારતકથા', લે. કરસનદાસ માણેક, ભાગ ૧-૨-૩, પ્ર. નવભારત સાહિત્ય મંદિર, ચોથી આવૃત્તિ, ૧૯૯૦

૩. 'મહાભારતનાં મોતી', લે. હિમાલયનિવાસી મહાત્મા યોગેશ્વરજી, પ્ર. ગુજરાત પુસ્તકાલય સ. સ. મં. લિ., વડોદરા, બીજી આવૃત્તિ, ૨૦૦૦

૪. 'મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારત', સં. નરેન્દ્રકુમાર મયાશંકર જોષી, પ્રવીણ પુસ્તક ભંડાર

૫. 'કૃષ્ણ અને માનવસંબંધો', લે. હરીન્દ્ર દવે, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. - રાજકોટ, ૨૦૦૫

૬. 'કૃષ્ણનું જીવનસંગીત', લે. ગુણવંત શાહ, પ્ર. આર. આર. શેઠની કં., પાંચમી આવૃત્તિ, ૨૦૧૨

૭. 'કૃષ્ણં શરણં ગચ્છામિ', લે. ગુણવંત શાહ, પ્ર. આર. આર. શેઠની કં., પુનર્મુદ્રણ, એપ્રિલ ૨૦૧૧

૮. 'સંભવામિ ક્ષણેક્ષણે', લે. ગુણવંત શાહ, પ્ર. આર. આર. શેઠની કં., પુનર્મુદ્રણ, ૨૦૧૪

૯. 'કુરુક્ષેત્ર', લે. ન્હાનાલાલ દલપતરામ કવિ, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, પહેલી આવૃત્તિ, ફેબ્રુઆરી, ૨૦૦૭

૧૦. 'મહામાનવ શ્રીકૃષ્ણ', લે. જ્યોત્સ્ના તન્ના અને નગીનદાસ સંઘવી, પ્ર. આર. આર. શેઠની કં., બીજી આવૃત્તિ, ઑક્ટોબર, ૨૦૦૨

૧૧. 'મહાભારત : જીવનદર્શન', લે. શાંતિકુમાર પંડ્યા, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯

૧૨. 'વેદવ્યાસ અને મહાભારત', લે. ઉપેન્દ્રરાય સાંડેસરા, પ્ર. ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૬

૧૩. 'મહાભારત - અદ્યતન સંદર્ભમાં', લે. ઉપેન્દ્રરાય સાંડેસરા, પ્ર. ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૬

૧૪. 'મધ્યે મહાભારતમ્', લે. મનુભાઈ પંચોળી - 'દર્શક', પ્ર. સર્વોદય પ્રકાશન સંઘ, લોકભારતી - સણોસરા, જિ. ભાવનગર, ત્રીજી આવૃત્તિ, ૨૦૦૧

૧૫. 'કુરુક્ષેત્ર', લે. મનુભાઈ પંચોળી - 'દર્શક', પ્ર. એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કં., ૧૯૯૧

૧૬. 'મહાભારતનો મર્મ', લે. મનુભાઈ પંચોળી - 'દર્શક'.

૧૭. 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે', લે. રમણીકલાલ પો. વોરા, પ્ર. સંસ્કાર સાહિત્ય મંદિર - ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯

૧૮. 'શ્રી મહાભારતનાં સુભાષિતો', સં. પ્રો. ડૉ. પી. યુ. શાસ્ત્રી, પ્ર. કુસુમ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૦

૧૯. 'મહાભારત', લે. મહેશ દવે, પ્ર. ગૂર્જર સાહિત્ય ભવન, ૨૦૧૪

૨૦. 'મહાભારત જીવનદર્શન', લે. વિઠ્ઠલભાઈ ઉકાણી, પ્ર. પ્રવીણ પુસ્તક ભંડાર, ૨૦૧૪

૨૧. 'હિન્દુ ધર્મદર્શન', લે. આચાર્ય શ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, સં. ડૉ. ગૌતમ પટેલ, પ્ર. સંસ્કૃત સાહિત્ય અકાદમી - ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૪

૨૨. 'મહાભારતનાં મૂલ્યોની શોધ', લે. ડૉ. રવીન્દ્ર શોભણે

૨૩. 'યુદ્ધસ્વ', લે. રણધીર ઉપાધ્યાય, ૧૯૮૮

૨૪. 'વિચારોને ઝરણાં બનાવો', લે. ડૉ. રસેશ જમીનદાર, 'કુમાર' પૃ. ૩૯૬-૩૯૯, જૂન ૨૦૦૫

૨૫. 'મહાકવિ કાલિદાસ', લે. કુ. ઇન્દુકલા ઝવેરી, પ્ર. ગુજરાત વિદ્યાસભા, પૃ. ૧૬૭, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૩

૨૬. 'મહાકવિ કાલિદાસ વિરચિત કુમારસંભવ', લે. ડૉ. ગૌતમ પટેલ, પ્ર. સંસ્કૃત સાહિત્ય અકાદમી - ગાંધીનગર, દ્વિતીય આવૃત્તિ, ૨૦૦૫

૨૭. "Arjun Lalbhai's Mahabharat" by Arjun Lalbhai - Ahmedabad.

□



હિમા યાજ્ઞિક

શ્રીકૃષ્ણની પૂજા કરતાં આપણે આચરણ અને અનુકરણ તો દુર્યોધનનું કરીએ છીએ - એ વિચાર આવે છે ત્યારે જીવન જીવવાની કલાને સર્વ કલાઓમાં મુખ્ય ગણતા વ્યાસજી થોડાઘણા સમજાય છે. વ્યાસજીને પૂર્ણ રીતે સમજવાનું તો આપણું ગજું ક્યાંથી ? એટલું ભાન થાય છે કે આપણે કોઈ ખોટા પથ પર ચાલી રહ્યાં છીએ અને ત્યારે ભૂતકાળ સાથે આપણને જોડી દેતો અને ભવિષ્ય માટે પથદર્શક બનતો 'મહાભારત'-ગ્રંથ કેટલો ભવ્ય, ઉત્તમ અને ઉમદા છે તે સમજાય છે.

રાગ-તૃષ્ણા-રહિત કૃષ્ણદ્વૈપાયન એટલે સર્વજ્ઞ અને સર્વ કવિજનોના વિધાતા, જેમણે બદરિકાશ્રમમાં ઘોર તપ કરી, વિષ્ણુની મર્યાદિત માનવઆકૃતિ ધારણ કરી, તેથી ભગવાન બાદરાયણ કહેવાયા. એવા વ્યાસજીરચિત 'મહાભારત' એટલે સાંસ્કૃતિક આત્માનો પરિચય કરાવતી, અનેકત્વમાં અતૂટ એકત્વની ભાવનાભરેલી ભારતની ગૌરવગાથા, જેમાં માનવસ્વભાવની સંસ્કૃતિ સાથે વિકૃતિ પણ હોઈ શકે. મહાન માનવીઓની પણ અમુક મર્યાદાઓને વ્ય કરતી સમર્થ વાણી એ 'મહાભારત'ની પ્રભુતા.



